# JAINSITE E-BOOKS LITERATURE

**JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA**

**JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY**

**And Many More Books in Gujarati, Hindi & English**

**જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી**

**શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)**

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**

Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**

Created by : nikhil sambhav NEVER STOP

**E-mail: info@jainsite.com • Tel.: 09867711171**

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



॥ ॐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય-અદ્‌ભૂત-અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું-તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર-વીર-ગંભીર-સરળ-ભક્તિ-ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક-શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી-વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ-દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ-બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪-૪-૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન-જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય-અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

# જૈન પરંપરાનો ઇતિહાસ

ભાગ-ચોથો



ત્રિપુટી મહારાજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા ગ્રં. ૬૦

# જૈન પરંપરાનો ઇતિહાસ

## [ભાગ ચોથો]

[વિક્રમ સંવત : ૧૫૦૦ થી ૧૯૦૦ સુધી]

: લેખક :

મુનિરાજશ્રી દર્શનવિજયજી

મુનિરાજશ્રી જ્ઞાનવિજયજી

મુનિરાજશ્રી ન્યાયવિજયજી

ત્રિપુટી મહારાજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ-ચોથો

: લેખક :

પૂજ્ય મુનિરાજશ્રી દર્શનવિજયજી મ.
પૂજ્ય મુનિરાજશ્રી જ્ઞાનવિજયજી મ.
પૂજ્ય મુનિરાજશ્રી ન્યાયવિજયજી મ.

: સંશોધક :

પૂજ્ય ઉપા. શ્રી ધર્મસાગરજી મ.ના શિષ્યરત્ન
પૂજ્ય પંન્યાસશ્રી અભયસાગરજી મ.

: પ્રસ્તાવના :

પૂજ્ય મુનિરાજશ્રી મિત્રાનંદસાગરજી મ.

: પ્રેરક :

પૂજ્ય મુનિરાજશ્રી ભદ્રસેનવિજયજી
(નીતિવિજયજી) મ.

: પ્રાપ્તિસ્થાન :

પંકજકુમાર એચ. શાહ
૧૬, કીર્તિકુંજ, મામલતદારવાડી,
બેંન્ક ઓફ મહારાષ્ટ્ર પાસે,
મલાડ (વેસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૬૪

: પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :

શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા
"જૈન-ધર્મલાભ" કાર્યાલય
ન્યુ દાણાપીઠ, ભાવનગર
૩૬૪૦૦૧ (ગુજરાત)

પ્રથમ આવૃત્તિ
વીર સંવત : ૨૫૦૯
વિક્રમ સંવત : ૨૦૩૯
ઈ. સને : ૧૯૮૩

કિંમત : ૩૫ રૂપિયા

: મુદ્રક :

મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
'ધર્મલાભ' પ્રિન્ટર્સ
ન્યુ દાણાપીઠ,
ભાવનગર-૩૬૪૦૦૧

जैन साईट JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# લેખક તરફથી....

અમે પૂર્વભારત અને ઉત્તરભારતમાં વિહાર કર્યો ત્યારે અનેક વિદ્વાનોનો સંપર્ક સાધ્યો હતો. પટનાના શ્રીયુત કાશીપ્રસાદ જાયસ્વાલ, મહાન વિજ્ઞાની જગદીશચંદ્ર બોઝ, કૃષ્ણનગરના ડિસ્ટ્રીકટ એંજિનિયર લેખક અને કવિ ભૂપદેવેંદ્ર સોબાકર ચેટરજી, B.A, B.E, C.E, J.E, A.M, પટનાના પરમેશ્વરજી દયાળ એડ્વોકેટ ( ચુરામણ પુરવાલા ), મથુરા મ્યુઝિયમના ક્યૂરેકટર બાબુ વાસુદેવશરણ અગ્રવાલ M. A. અને દિલ્હીના દયારામ સહાની સાથે જૈનધર્મ, દાર્શનિક તત્ત્વો, સ્યાદ્વાદ, દ્રવ્યાનુયોગ (જૈન વિજ્ઞાન ) તથા જૈન ઇતિહાસ સંબંધે ઘણી ઘણી વાતો થઈ હતી. પરિણામે તેઓ સાદરભાવે એવી ઇચ્છા વ્યક્ત કરતા કે, ઉક્ત વિષયોનું જૈન સાહિત્ય જલદી પ્રકાશિત થાય તો તે દ્વારા ભારતવર્ષને પોતાની પ્રાચીન આર્ય સંસ્કૃતિની પ્રાપ્તિ થાય. માનવ માત્ર જો જૈનધર્મના સિદ્ધાંતોને અપનાવે તો દુનિયામાં ચાલતા વેર–ઝેરના કલહો અવશ્ય ઓછા થાય. એ સિદ્ધાંતના આદર્શો આજના જગતને ઘણી શાંતિ આપી શકશે એમ હવે ખુલ્લું જણાઈ આવે છે.

અમે પણ એ પ્રેમાળ માગણીથી ઉત્સાહિત થઈને સૌ કોઈ ઇતિહાસપ્રેમીને ઉપયોગી એવા પટ્ટાવલી સમુચ્ચયના બે ભાગ પ્રકાશિત કરાવ્યા. એ પ્રકાશનોને ભારત અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભારત બહારના ઇતિહાસજ્ઞોએ અંતરના ઉમળકાથી વધાવી લીધા. આ જ કારણે આ વિષયમાં આગળ વધવા અમે વધુ ઉત્સાહિત થયા અને ઇતિહાસની સામગ્રી એકત્રિત કરવા લાગ્યા.

ઇતિહાસના અભ્યાસીઓ માને છે કે જૈન સાહિત્યમાં સ્વતંત્ર ગ્રંથરૂપે તેમ જ છૂટાછવાયા પ્રાસંગિક ઉલ્લેખરૂપે ઘણો ઇતિહાસ લખાયો છે, જેમાં ભારતના પ્રાચીન ઇતિહાસના અણઉકેલ કોયડાનો સરળ ઉકેલ મળે છે; તેમ જ ઇતિહાસની તૂટતી સાંકળના સંયોજક અંકોડાઓ પણ મળે છે. આ દરેક ઘટનાઓને વ્યવસ્થિત રૂપ આપી પ્રકાશમાં લાવવી જોઈએ. સંસ્કૃત અને પ્રાકૃતના પૂરા અભ્યાસીઓ જ આ કામ કરી શકે તેમ છે.

અમે ત્રણેએ ઉક્ત વાતને લક્ષમાં રાખીને "જૈન પરંપરાનો ઇતિહાસ" રચવો શરૂ કર્યો, જેમાં છેલ્લાં ૨૫૦૦ વર્ષમાં થયેલ જૈન આચાર્યો, મુનિઓ, રાજાઓ, મંત્રીઓ, શેઠિયા, વિદ્વાનો, શહેરો, તીર્થો, ગ્રંથો, પરંપરાઓ અને મહાસભાઓ વગેરેનો સપ્રમાણ ઇતિહાસ રજૂ કરવાનો ઇરાદો રાખ્યો છે.

આ ભાવનાથી ઉક્ત ઇતિહાસ માટે અમે નીચે મુજબ ધારણા રાખી હતી:

ભા૦ ૧—નિર્ગ્રંથગચ્છ ચંદ્રકુલ વનવાસીગચ્છ (ચૈત્યવાસીયુગ), વીર નિર્વાણ સં૦ ૧ થી વિ૦ સં૦ ૧૦૦૦ સુધીનો ઇતિહાસ, દિગંબર આચાર્ય પટ્ટાવલી.

ભા૦ ૨—વડગચ્છ, વિ૦ સં૦ ૧૦૦૦ થી વિ૦ સં૦ ૧૨૫૦નો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇતિહાસ, જેમાં વડગચ્છ, માનદેવગચ્છ, રાજગચ્છ, ધર્મઘોષગચ્છ, પૂર્ણતલગચ્છ, રુદ્રપલ્લીયગચ્છ, ખરતરગચ્છ, પૂનમિયાગચ્છ, અંચલગચ્છ, આગમિકગચ્છ, ચતુર્દશીગચ્છ, કચ્છોલીગચ્છ, વાદિદેવસૂરિગચ્છ, નાગોરીગચ્છ, આરાસણગચ્છ, પાયચંદગચ્છ વગેરેની પટ્ટાવલીઓ.

ભા૦ ૩—તપાગચ્છ, સં૦ ૧૨૫૦ થી ૧૬૦૦ સુધીનો ઇતિહાસ, તપાગચ્છના પેટાગચ્છો, કડવામત, લોંકામત, નાગપુરીય લોંકામત, સ્થાનકમાર્ગ, તેરાપંથી વગેરેની પટ્ટાવલીઓ, વિવિધ વંશાવલીઓ.

ભા૦ ૪—હીરયુગ, સં૦ ૧૬૦૦ થી ૨૦૦૦ સુધીનો ઇતિહાસ.

ભા૦ ૫—ભા૦ ૧ થી ૪ ની મોટી ઇન્ડેક્સ (Index) અકારાદિ નામાવલી.

જૈન ઓર્ગ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

ભા૦ ૬—ભા૦ ૧ થી ૪ ના વંશવૃક્ષો.

ભા૦ ૭— પ્રસ્તાવના, વિશેષ સમજૂતી વગેરે, નવા પ્રકાશનનમાં જરૂરી પ્રશ્નોત્તરી વગેરે.

પહેલો ભાગ સં૦ ૨૦૦૯ના કાર્તિક સુદિ ૧૫, તા. ૧–૧૧–૧૯૫૨માં પ્રકાશિત થયો. આથી સૌ કોઈએ માંગણી કરી કે આ ગ્રંથ જલદી તૈયાર થવો જોઈએ.

અમારી ભાવના હતી કે, ભાગ બીજો તરત પ્રકાશિત થાય તેમ કરવું. પણ ભાવિભાવના યોગે એમાં એકાએક અંતરાય આવી પડ્યો. તે આ પ્રમાણે—

મુનિશ્રી ન્યાયવિજયજી સં૦ ૨૦૦૭ના માગશર સુદિ ૪ ના દિવસે હૃદયરોગથી અમદાવાદમાં કાળધર્મ પામ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુનિ જ્ઞાનવિજયને સં૦ ૨૦૧૧ થી ડાયાબીટીસ (Diabetes) મધુપ્રમેહ શરૂ થયો.

મુનિ દર્શનવિજયને સં૦ ૨૦૧૫ના માગશર વદિ ૪ થી લો બ્લડપ્રેશર (Low Blood-Pressure)—રક્તગતિમાંદ્યનો રોગ શરૂ થયો, જેની વધુ અસર થાય તો લકવો (Pralysis) લાગુ પડે.

આ કપરા સંયોગોમાં ગ્રંથ તૈયાર થાય એ વિચિત્ર સવાલ હતો. પરંતુ ગુરુદેવની કૃપાથી સહકારી નિમિત્તો આવીમળ્યાં, તે આ પ્રમાણે—

અમો બંને તો એકબીજાના પૂરક રહ્યા. એટલે જ્યારે જેનું સ્વાસ્થ્ય સારું હોય ત્યારે તે કામ ચલાવે અને એ રીતે પણ ભાગ બીજાનું કામ જારી રાખ્યું.

जैन साईट
JAINSITE .com
जैनम् जयति शासनम्

૧. ડૉ૦ નાનાલાલ ભાઈલાલ—તેમની તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે તેવી સાધુપદની ભક્તિ છે. તેમણે અમારા સ્વાસ્થ્યના સુધારા માટે ઘણી કાળજી રાખી છે. તેમના તરફથી અમોને બોલવા, લખવા, વાંચવાની સાફ મનાઈ હતી, પણ સાથોસાથ તેમણે એટલી છૂટ આપી હતી કે આપની ખાસ ભાવના છે તો ધીમે ધીમે ઇતિહાસનું કામ કરતા રહો, સાવધાન પણ રહેવું. જરાક ખટકો દેખાય કે આરામ લેવો અને મને તરત ખબર આપવી. તેમની આ કીમતી સમ્મતિથી આ ગ્રંથના કામનો પ્રારંભ થયો.

૨. શ્રીમાન શેઠ મનુભાઈ જેસિંગભાઈ—સાધારણ રીતે મોટાં શહેરોમાં જૈન સમાજમાં સંઘના જ્ઞાનદ્રવ્યનો મોટો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંગ્રહ છે, પણ તેના વહીવટદારોમાં કોઈ કોઈ એવા હોય છે કે જે સરસ્વતીને નહીં પણ માત્ર લક્ષ્મીને જ ઓળખતા હોય છે. આથી તેમાં એ દ્રવ્યનો સદુપયોગ કરવાની આવડત જ હોતી નથી.

બીજી તરફથી જૈનસમાજમાં એવા વિવેકી જૈનો પણ છે, કે જે પોતાની જાત-મહેનતથી લક્ષ્મી મેળવી, તેને સત્પાત્રમાં વાવે છે. શ્રીમાન શેઠ મનુભાઈ જેશિંગ-ભાઈ કાલિદાસ આવા વિવેકીઓમાંના એક છે, જેમણે જૈન સાહિત્યના વિવિધ ગ્રંથો પ્રકાશિત કરાવ્યા છે. તેમણે આ ઇતિહાસનો ભા૦ ૧ વાંચીને જણાવ્યું કે, 'આપ આનો ભા૦ ૨ જો જલદી પ્રકાશિત થાય તેમ કરો. પ્રારંભિક આર્થિક રકમ રોકવાની જરૂર પડે તો મને લાભ આપવા કૃપા કરજો.' મનુભાઈની આ પ્રેરણાથી અમારા ઉત્સાહમાં ઘણો વધારો કર્યો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૩–૪. પં૦ વિકાશવિજયગણિ, મુનિ શ્રી ચંદ્રોદય-વિજય—તેઓ તો ૨૦ વર્ષના જૂના સ્નેહી મુનિવરો છે. અમો જૈન સોસાયટીમાં હતા ત્યાં પણ શ્રીયુત આશારામ-ભાઈ વગેરે સંઘ અમારી ભક્તિમાં ઉત્સુક હતો પરંતુ આગમપ્રભાકર પૂ૦ પુણ્યવિજયજી મહારાજ તથા ઉક્ત મુનિવરો અને નગરશેઠ કુટુંબના ગુરુભક્ત ભાઈઓનો આગ્રહ હતો કે અમો શહેરમાં ઊજમફઈની ધર્મશાળામાં આવીએ તો સારું. આથી અમો સં૦ ૨૦૧૫ના વૈ૦ વ૦ ૬ ના રોજ ઊજમફઈની ધર્મશાળાએ આવ્યા. પંન્યાસજી તથા ભક્તિપ્રિય મુનિ ચંદ્રોદયવિજયજીએ અમારી આજ સુધી સર્વ રીતે ભક્તિ કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. તપસ્વી સાધ્વીજી શ્રીમંજુલાશ્રીજી, સાધ્વી મધુકાન્તાશ્રીજી અને સાધ્વી મધુલતાશ્રીજીએ પણ નોંધપાત્ર ભક્તિનો લાભ લીધો છે.

ઇતિહાસ મળે છે કે, પં૦ વીરગણિએ સં૦ ૧૧૬૦માં 'પિંડનિર્યુક્તિ'ની ટીકાના નિર્માણમાં પોતાને મદદગાર મુનિવરોનાં નામ લખ્યાં છે. (જુઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૧૬)

અમો પણ માનીએ છીએ કે પૂજ્ય દાદા મૂલચંદજી મહારાજની ગાદીનો પ્રતાપ, ઉક્ત મુનિવરોની સભર ભક્તિ, ડૉ. નાનાભાઈની આદરભરી લાગણી અને શ્રાવકોની શુભ મનોકામનાથી અમારા સ્વાસ્થ્યમાં ઘણે અંશે ક્રમશઃ આરામ થતો આવ્યો છે અને આ ગ્રંથનું કામ સરલ બન્યું છે.

૬. પં૦ અંબાલાલ પ્રેમચંદ શાહ—તે વ્યાકરણતીર્થ છે. કેટલાક ગ્રંથોના સંપાદન અને લેખનથી ખ્યાતિપ્રાપ્ત છે. પુરાતત્ત્વ અને ઇતિહાસના પણ ઊંડા અભ્યાસી છે. તેમણે આ ગ્રંથની શુદ્ધ પ્રેસકોપી અને પ્રૂફ સુધારવાની સંપૂર્ણ જવાબદારી પોતાને માથે લીધી હતી. એકંદરે આ ગ્રંથના પ્રકાશનની અમારી સંપૂર્ણ જવાબદારી તેમણે અદા કરી છે.

૭–૮. આ ઉપરાંત સાક્ષરવર્ય પં૦ રતિભાઈ અને પં૦ બાલાભાઈ (જયભિખ્ખુ)—એ દેશાઈ બેલડી તો શરૂથી અંત સુધી ગ્રંથના સૌ કાર્યમાં સર્વ રીતે પ્રેરક રહે છે.

એકંદરે દેવગુરુની કૃપાથી તથા ઉપરના સહકારીઓની શુભ કાળજીથી આ ગ્રંથનું કામ સરલ બન્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


બસ, આ ગ્રંથ ભારતીય સંસ્કૃતિનું અજોડ અંગ બનો અને સૌનું કલ્યાણ હો, એ ઇચ્છાપૂર્વક અમે વિરમીએ છીએ.

લિ.

| | |
|---|---|
| જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ–૧ લો ભાગ–૨ જા માંથી સંકલિત | મુનિ દર્શનવિજય<br>મુનિ જ્ઞાનવિજય<br>મુનિ ન્યાયવિજય |

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




આપનો
મુનિ નીતિવિજય
( વર્તમાનમાં )
મુનિ ભદ્રસેનવિજય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# આનંદની પ્રથમ પળે—

'જૈન પરંપરાનો ઇતિહાસ' ગ્રંથનો આ ચોથો ભાગ વિદ્વાનો અને વાચકો સમક્ષ પ્રસ્તુત કરતાં હું ગૌરવ અનુભવું છું. બે વર્ષ પૂર્વે પાલિતાણામાં અલ્પસમયની સ્થિરતા દરમ્યાન પ૦પૂ૦ પંન્યાસ-પ્રવરશ્રી સૂર્યસાગરજી મ૦ના શિષ્યરત્ન મુનિશ્રી મિત્રાનંદસાગરજી મહારાજે મને પ્રેરણા કરી કે વર્ષોથી અપ્રકાશિત આ ગ્રંથના ચોથા ભાગનું પ્રકાશન કરવાની ખાસ જરૂર છે. ઇતિહાસપ્રેમીઓ, વિદ્વાનો અને વાચકો તરફથી પણ વારંવાર આ કાર્ય અંગે પ્રેરણા થતાં ચોથા ભાગના પ્રકાશન અંગે મેં ગંભીરતાથી વિચાર્યું અને મુંબઈ આવ્યા પછી ગ્રંથ પ્રકાશન અંગે સક્રિય રીતે પ્રયત્ન શરૂ કર્યો.

સામાન્ય રીતે ઉત્તમ ગ્રંથોના પ્રકાશન માટે દાતાઓ મળવા દુર્લભ હોય છે; પરંતુ પૂ૦ પરમોપકારી ત્રિપુટી ગુરુદેવોની કૃપાથી વાત જાહેર થતાં જ ગ્રાહકો અગાઉથી જ ઊભા થઈ ગયા. પરિણામે આ અમૂલ્ય ગ્રંથ આજ આપની સમક્ષ પ્રસ્તુત થાય છે.

આ ગ્રંથની પ્રેસકોપી પંડિત અંબાલાલ પ્રેમચંદ પાસેથી પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી 'જૈન' પત્રવાળા ગુલાબચંદ દેવચંદભાઈના સુપુત્ર ભાઈ મહેન્દ્રને સોંપાયેલ અને આ પ્રકાશનમાં તેમણે બધાને સાથે જોડી ગુરુદેવના કાર્યને સાકાર કરેલ છે.

આ ગ્રંથનું મૂળ લખાણ સાદ્યંત વાંચી જઈને પ૦પૂ૦ પંન્યાસ પ્રવરશ્રી અભયસાગરજી મ૦ સા૦એ જે લાગણી દર્શાવી છે જે વર્ણવવા મારી પાસે શબ્દો નથી.

મુનિશ્રી મિત્રાનંદસાગરજીએ પણ ગ્રંથપ્રકાશનની જવાબદારી અનેક વારની આનાકાની છતાં માથે લીધી અને આ કાર્ય સમયસર પાર પાડી આપ્યું એ બદલ એમનો પણ આભાર માનું છું. એ સિવાય પં૦ અંબાલાલ પ્રેમચંદ શાહ (અમદાવાદ), શ્રી હર્ષદભાઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંદુભાઈ ( અમદાવાદ ), શ્રી મહેન્દ્ર ગુલાબચંદ શેઠ ( ભાવનગર ), શ્રી પંકજકુમાર, શ્રી પ્રફુલકુમાર વગેરે અનેક નામી-અનામી વ્યક્તિઓનો જે સાથ અને સહકાર અને દાતાઓની સહાય આ કાર્યમાં મળ્યાં છે એ સર્વ પ્રતિ આ ક્ષણે ઋણ વ્યક્ત કરું છું.

આશા છે કે ઇતિહાસપ્રેમીઓ, વિદ્વદ્વર્ગ અને વાચકો આ ગ્રંથને આવકારશે.

છેવટમાં આ ગ્રન્થમાં રહી ગયેલી ક્ષતિઓ બદલ હું વાચકોની ક્ષમા ચાહું છું.

અક્ષયતૃતીયા
૨૦૩૯, મુંબઈ

મુનિ ભદ્રસેનવિજય.

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# કિંચિત્—

જૈન પરંપરાનો ઇતિહાસ ૧-૨ અને ૩ ભાગમાં વર્ષો પૂર્વે ૫૬ પ્રકરણોમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યો છે.

આ ગ્રન્થ પુરાતત્ત્વવિદો અને ઇતિહાસવેત્તાઓના માટે અત્યંત મહત્ત્વનો અને ઉપયોગી છે.

શ્ર. ભ. મહાવીરસ્વામીથી લઈને વિ.સં ૧૫૯૯ સુધીના કાળમાં બનેલા બનાવો, થયેલા આચાર્યો, તેમ જ આચાર્યોની પાટ પરંપરા, શ્રમણોપાસકો, જ્ઞાતિવંશ અને કુળનો પરિચય—આ બધા વિષયોનો કડીબદ્ધ ઇતિહાસ આમાં સંકલિત કરવામાં આવ્યો છે.

વિદ્વાન મુનિરાજશ્રી દર્શનવિજયજી આદિ ત્રિપુટીએ વર્ષોના પરિશ્રમ પછી અભ્યાસપૂર્વક આ ગ્રન્થ તૈયાર કર્યો છે. આ ગ્રન્થમાં કોણે કેવાં કાર્યો કર્યાં કેવા કેવા પ્રભાવક આચાર્યો થયા, તેમના દ્વારા જૈન શાસનની કેવી અદ્ભુત પ્રભાવના પ્રસરી એનો જ્વલંત ઇતિહાસ વર્તમાનમાં તેમ જ ભાવિ પેઢીને—ઠંડા થઈ ગયેલા લોહીને–તે ખમીરવંત બનાવવા માટે અત્યંત ઉપકારક બને તેમ છે. ક્યાં આપણા પૂર્વજો અને ક્યાં આપણે? કેવાં કેવાં એમણે ધર્મ અને શાસનના માટે બલિદાનો આપ્યાં છે, તેમ જ તન–મન અને ધનનો કેવો સદુપયોગ અને સદ્વ્યય કર્યો છે; પ્રાચીન ઇતિહાસની ગૌરવગાથા, યશોગાથા અને જ્વલંત કારકિર્દી આ બધું વાંચતાં હૈયું થનગની ઊઠે છે, હૈયું હર્ષથી હિલોળે ચઢે છે અને એ મહાપુરુષો પ્રતિ ભવ્ય અહોભાવ અંતરમાં જાગે છે. ત્રણ ભાગ વર્ષો પૂર્વે બહાર પડ્યા પછી, વર્ષોથી સુરક્ષિત રીતે સંગૃહીત સાહિત્યને પ્રકાશમાં લાવવા માટે મુનિશ્રી ભદ્રસેનવિજયજીએ પરિશ્રમ લઈ ચતુર્થ ભાગ રૂપે આ પુસ્તક પ્રગટ કર્યું છે. આ ગ્રન્થને પ્રકાશમાં લાવવાનો પ્રશસ્ય પ્રયત્ન કરી એમણે સાહિત્યની સુંદર સેવા બજાવી છે. વિ. સં. ૧૫૯૯ પછી ૫૭મા પ્રકરણથી—આ ચતુર્થ ભાગમાં વિશદ ચર્ચા–વિચારણા કરવામાં આવી છે.

૨. જૈન પરંપરાનો ઇતિહાસ, ભા. ૩ પ્રસ્તાવના.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાચીન પરંપરા કેવી હતી, પ્રાચીન રીતરિવાજો, જ્ઞાતિ, વંશ અને કેવા કુળો હતા એમ અનેક વિવિધ વિષયોને આ ગ્રન્થમાં સંકલિત [illegible]વામાં આવ્યા છે: [illegible] પ્રસ્તાવનાની જરૂર નથી. ગ્રન્થ જ તમારી

સંપાદનકર્તાનો શ્રમ ત્યારે જ સફળ [illegible] વાંચકો એને વાંચશે, વિચારશે અને પ્રચારશે, હેયનો ત્યાગ કરી ઉપાદેયને ગ્રહણ કરી, [illegible]ને જતી કરી, જિજ્ઞાસુવૃત્તિથી જિજ્ઞાસાથી, ક્ષીરનીર ન્યાયે હંસની જેમ ઉપયોગ કરશે, એ જ એક અભિલાષા.

મલાડ
તા. ૨૨–૫–૮૩

શ્રી લબ્ધિ–લક્ષ્મણસૂરિ શિશુકીર્તિચંદ્રસૂરિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રસ્તાવના....

'જૈન પરંપરાનો ઇતિહાસ' ચોથા વિભાગના પ્રકાશનનું કાર્ય મારા સ્નેહી મુનિવર્ય શ્રી ભદ્રસેનવિજયજી મ૦એ મને સોંપ્યું ત્યારે મેં કલ્પ્યું પણ ન હતું કે આ શુભ કાર્યમાં નિમિત્ત બનવાનું સૌભાગ્ય મારે માટે નિર્માયું હશે.

વિધિના સંકેતો પણ કંઈક અકળ હશે. લગભગ બે વર્ષ પૂર્વે હું અને મુનિવર્ય શ્રી ભદ્રસેનવિજયજી મ૦ પાલિતાણામાં મળેલા. એ સમયે મેં એમને સ્વર્ગસ્થ ત્રિપુટીજી મહારાજોનું અધૂરું કાર્ય પૂર્ણ કરવા પ્રેરણા કરેલી. બસ, એ સમયે જ આ કાર્યનું બીજ રોપાયું. પછી તો તેઓ મુંબઈ પધાર્યા અને આ ગ્રન્થના પ્રકાશન અંગે પ્રાથમિક વ્યવસ્થા અને આયોજન ગોઠવાયાં. મુનિશ્રીએ આ કાર્ય મારા હાથે થાય તો સારું; એમ પત્રો દ્વારા વારંવાર પ્રેરણા કરી, પરંતુ આવું ઐતિહાસિક વિષયનું કાર્ય એ વિષયના તજ્જ્ઞના હાથે થાય તો વધુ વ્યવસ્થિત અને સુંદર બને એ ગણતરીએ આ કાર્ય તે રીતે ગોઠવવા મેં તેમને ભારપૂર્વક વિનંતી કરવા છતાં એમણે આ કાર્ય મારા હાથે જ થાય એમ વારંવાર મિત્રભાવે જણાવતાં, છેવટે આ કાર્ય મારે સ્વીકારવું જ પડ્યું. મૈત્રી પણ ઘણીવાર અધિકાર ધરાવે છે અને એ અધિકાર ટાળી ન શકાય તેવો પણ હોય છે. એ અધિકાર સ્થાપવામાં મુનિશ્રી ભદ્રસેનવિજયજી જીતી ગયા છે એમ અવશ્ય કહી શકાય!

પ્રસ્તુત 'જૈન પરંપરાનો ઇતિહાસ' એ સ્વર્ગસ્થ ત્રિપુટીજી મ૦ દ્વારા આલેખાયેલો અને પાંચ ખંડોમાં વિભાજાયેલો એક દસ્તાવેજી ગ્રન્થ છે. આ ગ્રન્થ મહાકાય તો છે જ; પણ સાથોસાથ એ ઇતિહાસની લખમૂલી અમાનત પણ છે. આ ગ્રન્થના ત્રણ ખંડો તો વર્ષો પૂર્વે સ્વ૦ ત્રિપુટીજી મહારાજોની વિદ્યમાનતામાં જ પ્રકાશિત થઈ ગયા હતા. પરંતુ પછી તો સમયના સરવા સાથે ત્રિપુટી મહારાજોએ એક પછી એક વસમી વિદાય લીધી અને ઇતિહાસ વિષયક જાણકારોની એ હાલતીચાલતી યુનિવર્સિટી જાણે એકાએક બંધ પડી.

ત્રિપુટીની વિદાયથી આદર્યાં અધૂરાં રહે અને સોનેરી સપનાં પીંખાઈ જાય એવું બન્યું, પરંતુ કાળની અકળ ગતિને કોણ કળી શક્યું છે? મુનિ શ્રી ભદ્રસેનવિજયજી મ૦ના હસ્તે આ કાર્ય થવાનું નિર્માયું હશે તેથી ઘણા લાંબા સમય પછી પણ આ ચોથો ભાગ પ્રકાશિત થઈ રહ્યો છે. મારે કહેવું પડશે કે મુનિશ્રીએ પોતાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપકારીનું ઋણ વાળવાની અમૂલી અને સોનેરી તકને સમયસર ઝડપી લીધી છે. આ શુભ કાર્યમાં મુનિશ્રીએ મને પણ સહભાગી બનાવ્યો એ મારા સૌભાગ્યની જ કોઈ નિશાની હશે.

પ્રસ્તુત ગ્રન્થ—

આ ગ્રન્થનો વિષય છે 'ઇતિહાસ.' સામાન્ય રીતે ઇતિહાસ લખવો એ વિકટ કાર્ય છે; પરંતુ લોકભોગ્ય શૈલીમાં અને સામાન્ય જનતા પણ ઇતિહાસ જેવા નીરસ અને શુષ્ક વિષયના વાચન તરફ પ્રેમાય એવી સરળ અને સાદી ભાષામાં ઇતિહાસ આલેખવો એ તો અત્યંત વિકટતાસર્યું કાર્ય છે. કહેવું જોઈએ કે ત્રિપુટીજી મહારાજોએ આ ઇતિહાસ એવી સરળ શૈલીમાં રજૂ કર્યો છે કે એને વિદ્વદ્વર્ગમાં તો ખરું જ, પણ સામાન્ય જનતામાં પણ અપૂર્વ અને અનેરું સન્માન મળ્યું છે. અત્યાર સુધીમાં લખાયેલા જૈન ઇતિહાસોમાં ત્રિપુટીજી મ૦ લિખિત ઇતિહાસ ઘણો જ પ્રમાણભૂત, આધારભૂત અને વ્યવસ્થિત ગણાયો છે. આ ગ્રન્થમાં સ્થાને સ્થાને એમણે મૂકેલાં આધારસ્થળો અને સાક્ષી-પાઠો જોયા પછી એમ કહેવાનું મન રોકી શકાતું નથી કે એમણે આ કાર્ય પાછળ પોતાનું સમગ્ર ચેતનાતંત્ર જ નહીં, પોતાનું સમગ્ર અસ્તિત્વ પણ કામે લગાડી દીધું છે.

આ ઇતિહાસ ગ્રન્થની એક વિશેષતા તરફ પણ ધ્યાન ગયા વિના રહેતું નથી; એ છે એમની ઇતિહાસ પ્રત્યેની અવિહડ અને અડગ વફાદારી. સામાન્ય રીતે સારા સારા ગણાતા લેખકોએ પણ ઘણીવાર ઇતિહાસને પોતાની અંગત માન્યતાઓના ઢાળામાં ઢાળવાનો અને પોતાના વ્યક્તિગત પૂર્વાગ્રહોના પિંજરામાં પૂરવાનો પ્રયત્ન કર્યો હોય એવા ઘણા કમનસીબ દાખલા મળી આવે છે ત્યારે ત્રિપુટી મહારાજોએ એ દૂષણોથી પર રહી ઇતિહાસને ઇતિહાસની દૃષ્ટિએ જ આલેખીને એક ઉજ્જ્વળ દૃષ્ટાન્ત પૂરું પાડ્યું છે, એ માત્ર ધન્યવાદને જ પાત્ર નથી, સાથોસાથ ગૌરવને પાત્ર પણ છે. અવસરે ઇતિહાસવિદોનો દાવો કરીને ઇતિહાસને અભડાવતા તત્ત્વોની ઝાટકણી કાઢવાનું પણ ત્રિપુટી મહારાજો ચૂક્યા નથી, એ એમની ઇતિહાસ પ્રત્યેના પ્રેમ અને વફાદારી-ની જ અભિવ્યક્તિ છે. ઇતિહાસને થતો કોઈ પણ પ્રકારનો અન્યાય ત્રિપુટીજીની દૃષ્ટિએ ક્ષન્તવ્ય નથી. ઇતિહાસને કરાતા અન્યાય બાબતમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગમે તેવી ધુરન્ધર વ્યક્તિ સામે લાલ આંખ કરતાં ત્રિપુટજી જરાય અચકાયા નથી. આ અંગેનો એક જ દાખલો બસ થશે —

ક૦ મા૦ મુનશીએ લખેલી ખ્યાતનામ નવલકથાઓ — 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ' —માં એમણે જે વૃથા પ્રલાપો કર્યા છે, એ અંગે શ્રી ત્રિપુટીએ મુનશી સામે નિર્ભયપણે પોતાનો અવાજ રજૂ કર્યો છે.

મુનશી, રાજમાતા મીનળદેવીને વ્યભિચારિણી, રાજપિતા કરણને મીનળદેવીનો વ્યભિચાર ચલાવી લેનારો મૂર્ખ અને સિદ્ધરાજ જયસિંહને જારપુત્ર ચીતરે છે. 'ગુજરાતનો નાથ'માં મુનશીએ મહામાત્ય ઉદયન વિષે પણ યદ્વાતદ્વા બકવાસ કર્યો છે. આ બાબતમાં શ્રી ત્રિપુટીજી લખે છે કે—

> 'એકંદરે મુનશીએ ઇતિહાસનો ભયંકર દ્રોહ કર્યો છે. આમાં દોષ કોનો ? તેમની ભાર્ગવતાનો, વકીલાતી વિત્તનો, અસહિષ્ણુતાનો, કલ્પના બળનો કે કલમી લીલાનો... ?
>
> એક ભારત બહારનો મુસલમાન લેખક, સિદ્ધરાજની પ્રશંસા આપે અને એક ગુજરાતી લેખક પોતાની માતૃભૂમિના ઇતિહાસને એવડા નીવડે એ તો સૌ લેખકોને શરમાવનારી બીના છે.' [1]

આમ ત્રિપુટીજી ઐતિહાસિક બાબતોની છેડછાડને ચલાવી લેવા કે સાંખી લેવા હરગિજ તૈયાર નથી.

રાજકારણમાં કેવી ખેંચાખેંચ થાય છે, કેવા કાવાદાવા થાય છે, એ વિષય ઇતિહાસમાંથી શોધી કાઢીને એનું રસપ્રદ આલેખન કરવામાં પણ ત્રિપુટજી સફળ બન્યા છે. આ અંગે સિદ્ધરાજ જયસિંહની પોતાની પછી કુમારપાળને રાજા ન થવા દેવાની ઇચ્છા અને કુમારપાળને બદલે માળવાના રાજપૂત હસ્તિસેનાના નાયક ચાહડને ઉત્તરાધિકારી બનાવવાની ભાવના વિષેનું ત્રિપુટીજીનું લેખન રસપ્રદ છે.[2] સાધુત્વમાં પણ રાજકારણી કાવાદાવા ઓળખી કાઢવાની એમની શક્તિ વિષે માન ઉપજ્યા વિના ન રહે...

વિભિન્ન ઐતિહાસિક ગચ્છો, તેની ઉત્પત્તિ, તેનાં ગોત્રો, શાખાઓ, પેટા શાખાઓ, એમાં થયેલા આચાર્યાદિ મુનિવર્યો, શ્રાવકો, વિવિધ નગરોની સ્થાપનાના અને વિનાશના પ્રસંગો, ઐતિહાસિક યુદ્ધો, મોગલકાળના બાદશાહોની સિલસિલાબંધ ઘટનાઓ, યુવરાજો, જ્ઞાતિઓ, ઐતિહાસિક સ્થાપત્યો વગેરે અનેક ઢગલાબંધ વિગતોનો સંગ્રહ અને

1. જૈન પરંપરાનો ઇતિહાસ, ભા. ૨ પૃષ્ઠ ૬૭ / ૬૮.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંકલન કરવાની તેમની શક્તિ, ઘણી વાર તો આશ્ચર્ય થઈ આવે એટલી હદ સુધી વિકાસ પામી હોય એવું લાગ્યા વગર નથી રહેતું.

ત્રિપુટીજીના ઇતિહાસ વિષયક ગ્રંથો વાંચ્યા પછી એમ લાગે છે કે જૈનોનો ગરિમામય ઇતિહાસ વાંચ્યા વિના વિશ્વનો કોઈ પણ ઇતિહાસ અધૂરો જ છે — અપૂર્ણ જ છે.

અરીસાનું કાર્ય હૂબહૂ પ્રતિબિંબ પાડવાનું છે. ઇતિહાસને જો અરીસા સાથે સરખાવીએ તો એનું કાર્ય ભૂતકાળનું હૂબહૂ દર્શન કરાવવાનું બને છે. આ ગ્રન્થને જોયા પછી ચોક્કસ લાગે છે કે ઇતિહાસે અરીસાની ફરજ પૂરી નિષ્ઠાથી બજાવી છે.

આ ગ્રન્થના આ પૂર્વે પ્રકાશિત થયેલા પ્રથમ વિભાગમાં ભ૦ મહાવીરસ્વામીથી આરંભીને સં૦ ૧૦૦૦ સુધીનો ઇતિહાસ, બીજા વિભાગમાં સં૦ ૧૦૦૧થી સં૦ ૧૨૦૦ સુધીનો ઇતિહાસ અને ત્રીજા વિભાગમાં સં૦ ૧૨૦૧થી સં૦ ૧૬૦૦ સુધીનો ઇતિહાસ આપવામાં આવ્યો હતો.

जैन साईट JAINSITE .com जैनम् जयतिशासनम्

પ્રથમવાર જ પ્રકાશિત થતા આ ચોથા વિભાગમાં અગાઉના ત્રણ વિભાગોમાં આવેલી ઐતિહાસિક ઘટનાઓ પછીનો આનુસંધાનિક —આગળ વધતો—ઇતિહાસ સં૦ ૧૬૦૧ થી શરૂ કરીને વીસમી સદીના ઉષઃકાળ સુધીનો આપવામાં આવ્યો છે.

સુખદ આશ્ચર્યની વાત તો એ છે કે આ ગ્રન્થ જૈન ઇતિહાસની દૃષ્ટિએ જ લખાયો હોવા છતાં એ માત્ર જૈનોના ઇતિહાસને દર્શાવીને જ જતો નથી. આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મ૦ના શબ્દોમાં કહું તો—

'પ્રસ્તુત ગ્રન્થ એ મુખ્યત્વે જૈન ઇતિહાસ હોવા છતાં તેમાં જે વિવિધ અને વિશિષ્ટ સામગ્રી આપી છે, તેથી એ એક વ્યાપક દૃષ્ટિનો ઐતિહાસિક ગ્રન્થ બની ગયો છે.' ૩

અંતે મુનિશ્રી ભદ્રસેનવિજયજી મ૦ને મારું નમ્ર સૂચન છે કે એમના ઉપકારી ત્રિપુટી મુનિવર્યોનું હવે પછીનું અપ્રગટ ઐતિહાસિક સાહિત્ય અને અન્ય ઉપયોગી સાહિત્ય એઓ જલદી પ્રકાશમાં લાવે.

સં ૨૦૩૯, ગુરૂપૂર્ણિમા
શ્રી સાંડેરાવ જિનેન્દ્રભવન,
પાલિતાણા.

પ૦ પૂ૦ પંન્યાસપ્રવરશ્રી
સૂર્યસાગરગણિવર્ય પાદપદ્મસેવી
મુનિ મિત્રાનંદસાગર

---

૨. જૈન પરંપરાનો ઇતિહાસ, ભા. ૨ પૃષ્ઠ ૧૦૦.
૩. જૈન પરંપરાનો ઇતિહાસ, ભા. ૩ પ્રસ્તાવના.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ઇતિહાસનો ઇતિહાસ

'જૈનપરંપરાનો ઇતિહાસ' ભાગ ૪થો આપની સમક્ષ મૂકતાં અત્યંત આનંદની અનુભૂતિ થઈ રહી છે.

આ લબ્ધપ્રતિષ્ઠ ગ્રંથના લેખકો છે. ગચ્છાધિપપતિ પૂજ્ય મૂળચંદજી મહારાજના પ્ર૦ શિષ્ય સ્વ૦ શ્રી ચારિત્રવિજયજી ( કચ્છી ) ( ગુરૂકુળ સ્થાપક )ના શિષ્યો સ્વ૦ મુનિ શ્રી દર્શનવિજયજી મ૦ સ્વ૦ મુનિ શ્રી જ્ઞાનવિજયજી મ૦ અને સ્વ૦ મુનિ શ્રી ન્યાય વિજયજી મ૦ આ ત્રણે મુનિવર્યો જૈન જગતમાં 'ત્રિપુટી'ના નામથી વિખ્યાત હતા.

ઉત્તર હિંદુસ્તાનની વિહાર યાત્રા પછી શ્રી ત્રિપુટી મહારાજોએ આ પ્રકારના ઐતિહાસિક ગ્રંથની જરૂરિયાતથી પ્રેરાઈને 'જૈન પરંપરાનો ઇતિહાસ' એ શીર્ષક તળે આ ગ્રંથ લખવાનો પ્રારંભ કર્યો હતો. આ ગ્રંથની તૈયારી પાછળ તેઓશ્રી એટલા બધા ઓતપ્રોત થઈ ગયા હતા કે તેમણે પોતાનું સમગ્ર જીવન આ કાર્ય પાછળ સમર્પિત કરી દીધું હતું. તેઓ શ્રી રાત દિવસની પરવા કર્યા સિવાય આ ગ્રંથ તૈયાર કરવા પાછળ રચ્યા પચ્યા રહેતા હતા. જાણવા મળ્યા મુજબ આ ગ્રંથ તૈયાર કરવા પૂર્વે શ્રી ત્રિપુટી મહારાજોએ ઐતિહાસિક, ધાર્મિક, રાજકીય વગેરે વિવિધ વિષયોનાં મળીને લગભગ ૩૦૦૦૦થી વધુ પુસ્તકો, ગ્રંથોનું અવલોકન કર્યું હતું. તેઓશ્રી આ વિષયમાં જ્યાંથી જે પ્રાપ્ત થાય તે ગ્રહણ કરી લેતા. જ્યાંથી જે મળે તે વિના વિલંબે મેળવી લેતા. આ ગ્રંથ તૈયાર કરવા માટે એમને એટલી બધી ધગશ હતી કે રાત્રે કાગળ પેન્સિલ બાજુમાં મૂકીને જ આરામ કરતા...અને રાત્રે ગ્રંથ વિષયક કંઈ વાત યાદ આવે અથવા મનમાં કંઈ સ્ફુરણા થાય તો અંધારામાં પણ તરત નોંધી લેતા...અને સવારે એ કાચા-પાકા લખાણને વ્યવસ્થિત કરી લેતા. આમ ચોતરફથી લગભગ છ ખંડો ભરાય એટલી સામગ્રી એકત્રિત કરી લીધી હતી. ( જેની વિગત તેમની નોંધમાં આપેલ છે. ) આ પછી વ્યવસ્થિત લખાણ કરવાનું શરૂ કર્યું હતું.

અપૂર્વ ખંત, અપ્રતિમ અપ્રમાદ અને ધગશને પરિણામે જેમ જેમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇતિહાસ લખાતો ગયો તેમ તેમ પ્રકાશિત થતો ગયો. સં૦ ૨૦૦૯માં આ ગ્રંથનો પ્રથમ ખંડ પ્રકાશિત થયો. આ પ્રથમ ખંડના પ્રકાશન પૂર્વે જ અચાનક પૂ૦ મુનિ શ્રી ન્યાયવિજયજી મ૦ અમદાવાદમાં સ્વર્ગવાસ પામ્યા. અને એ રીતે ત્રિપુટી મહારાજની જોડે આમ અકાળે ખંડિત થઈ ગઈ. છતાં બન્ને મુનિવરોએ પોતાનું કાર્ય તો ચાલુ જ રાખ્યું. આ ગ્રંથનો બીજો ખંડ સં૦ ૨૦૧૬માં પ્રકાશિત થયો. આ સમયે પૂ. મુનિ શ્રી જ્ઞાનવિજયજી મ૦નું સ્વાસ્થ્ય પણ નાદુરસ્ત હતું. પૂ. મુ૦ શ્રી દર્શનવિજયજી મ૦ને પણ લો બ્લડ પ્રેશરની અસર થઈ. આવા વિકટ સંયોગોમાં પણ તેઓએ બીજો ખંડ પ્રકાશિત કરાવ્યો હતો, એ જાણીને આપણે સાચે જ આશ્ચર્યમાં મૂકાઈ જઈએ છીએ. આ વિષયમાં પ્રકાશ પાડતાં પૂજ્ય શ્રી ત્રિપુટી મહારાજ લખે છે :

**"આ કપરા સંયોગોમાં ગ્રંથ તૈયાર થાય એ વિચિત્ર સવાલ હતો. પરંતુ દેવગુરુની કૃપાથી સહાયક નિમિત્તો આવી મળ્યાં, તે પ્રમાણે : અમો બન્ને તો એકબીજાના પૂરક રહ્યા. એટલે જ્યારે તેનું સ્વાસ્થ્ય સારું હોય ત્યારે તે કામ ચલાવે અને એ રીતે પણ ભાગ બીજાનું કામ જારી રાખ્યું."**

આમ મુનિશ્રીએ કેવા કપરા સંયોગોમાં પણ આ ગ્રંથનું કાર્ય અવિરત ચાલુ રાખ્યું હતું તેનો ખ્યાલ ઉપર્યુક્ત હકીકતમાંથી આવે છે. તેમાં ૨૦૧૯માં ત્રિપુટી પૈકીના બીજા મુનિ મહારાજ શ્રી જ્ઞાનવિજયજી મહારાજની ચિરવિદાય થઈ અને બધી જ જવાબદારી ત્રિપુટીના એકલવીર પૂજ્ય મુનિ મહારાજશ્રી દર્શન વિજયજી ઉપર આવી પડી. સખત પરિશ્રમથી ત્રીજો ખંડ પણ સં૦ ૨૦૨૦માં પ્રકાશિત થયો. નાદુરસ્ત સ્વાસ્થ્ય હોય અને અનેક વિધ પ્રતિકૂળતાઓ હોય ત્યારે પણ જ્ઞાનયજ્ઞ અવિરત ચાલુ રાખવો એ કાંઈ નાનું સૂનું કાર્ય નથી. આજે જ્યારે આવી પ્રવૃત્તિઓ તરફ શ્રમણ ભગવંતોનું દુર્લક્ષ જોઈએ છે ત્યારે વર્તમાનના જ આવા જ્ઞાનપિપાસુ ગુરુદેવને નમવાનું મન થઈ આવે છે.

આ ગ્રંથના ત્રીજા ભાગના પ્રકાશન પછી આ કાર્ય ઉપર અંધકાર છવાઈ ગયો હોવા જેવી સ્થિતિનું નિર્માણ થયું. કારણ કે ત્રિપુટી પૈકીના બે મુનિ મહારાજોની ચિર વિદાય તથા પરમ પૂજ્ય મુનિ મહારાજશ્રી દર્શનવિજયજી મ૦ ને પણ લકવાની પૂરી અસર થઈ ગઈ. પરિણામે ઇતિહાસ લેખનની પ્રવૃત્તિ કંઈક મંદ બની, પરંતુ આપણું જૈન સંઘનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૌભાગ્ય હશે કે પૂજ્ય શ્રી લકવાની અસર ઓછી થતા, સુયોગ્ય વ્યક્તિ રોકીને પણ પૂજ્યશ્રીએ નિયમિત રીતે ચોથા ભાગનું લેખન કાર્ય કરાવતા રહ્યા. પોતે બોલતા જાય અને પંડિતશ્રી લખતા જાય. ઘણીવાર તો એવું બનતું કે લકવાને કારણે પૂજ્યશ્રીનું બોલવું પણ સમજાતું નહીં ત્યારે મુનિરાજશ્રી સ્લેટ પર, ભીંત પર અથવા જમીન પર મોટા અક્ષરોમાં જેમ તેમ લખીને પણ નોંધ કરાવતા. સાચે જ જેમને કંઈક કરવાની ધગશ હોય છે એ કોઈ પણ રીતે કાર્ય પૂરું કરે જ છે. ચોથા ભાગની દરેક હસ્ત પ્રતો, નોંધો ઉપરથી અગાઉના ભાગોનું જ પ્રેસ મેટર તૈયાર કરનાર પંડિતવર્ય શ્રી અંબાલાલ પ્રેમચંદને જ સોંપવામાં આવેલ. તેઓશ્રીએ આ બધું મેટર તૈયાર કરી રાખેલ. બાદ તો પરમ પૂજ્ય મુનિ મહારાજ શ્રી દર્શનવિજયજી મહારાજ પણ સવંત ૨૦૨૯ પાલીતાણામાં કાળધર્મ પામતા પ્રકાશનનું કાર્ય ભૂગર્ભમાં સમાઈ ગયું.

બે-ત્રણ વર્ષ પહેલા યોગાનુયોગ અમદાવાદમાં પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ૦ની પ્રેરણાથી પંડિત શ્રી અંબાલાલભાઈએ શ્રી સંઘના કંઈક સદ્‌ભાગ્યે સુરક્ષિત જાળવી રાખેલ ભાગ ચોથાનું આ મેટર આપવા કૃપા કરેલ છે. આ માટે સુરબ્બી પંડિતવર્ય શ્રી અંબાલાલભાઈના આપણે સૌ આભારી છીએ. તેમ જ આ મેટર મેળવવામાં સહભાગી—પ્રેરણામૂર્તિ બનનાર પરમ પૂજ્ય આચાર્ય દેવ શ્રી વિજય હેમચંદ્રાસૂરીશ્વરજીના ઋણી છીએ. આ મેટર મને સોંપાયુ તે તો મારા પૂજ્ય પિતાશ્રી ગુલાબચંદ દેવચંદ ( તંત્રી ' જૈન ' ) ની સદ્‌ભાવના તથા પૂજ્ય ત્રિપુટી મહારાજોના સંબંધોનું કારણ જ માત્ર હશે તેમ હું માનું છું.

' જૈન પરંપરાનો ઇતિહાસ 'ના ચોથા ભાગનું મેટર લેતી વખતે આ કાર્યની ગંભીરતાનો પણ પૂર્ણ ખ્યાલ નહોતો ત્યાં પૂજ્ય ગુરુદેવો-કૃપાથી યોગાનુયોગ પરમ પૂજ્ય ત્રિપુટીના જ મુનિ મહારાજ શ્રી ન્યાય-વિજયજી મ૦ સા૦ના શિષ્ય મુનિ શ્રી નીતિવિજયજી ( વર્તમાનમાં મુનિરાજશ્રી ભદ્રસેન વિજયજી ) મ૦ ને પાલીતાણા સાંડેરાવ જિનેન્દ્ર ભવન જૈન ધર્મશાળામાં પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મ૦ રૂબરૂ આ ચોથા ભાગની વાત કરતાં, પૂજ્ય મુનિરાજશ્રી મિત્રાનંદ સાગરજી મ. એ ભારપૂર્વક જણાવેલ કે આપના જીવનના પ્રેરણા મૂર્તિ-ઉપકારી ગુરુદેવોનું ઋણ ચૂકવવાની આ સુંદર તક મળેલ છે. વિગતે વાત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થતાં પૂજ્ય મુનિરાજ શ્રી ભદ્રસેન વિજયજી મહારાજે તેમના પ્રેરણા-મૂર્તિ ગુરુદેવોના અધૂરાં રહેલા કાર્ય માટે જરૂર સહાય રૂપ થવા અનુમતિ આપેલ. તેમ જ પૂજ્ય મુનિરાજશ્રી મિત્રાનંદસાગરજી મ૦ એ પ્રેરણા કરી કે આ મેટર પરમ પૂજ્ય પન્યાસ શ્રી અભય સાગરજી ગણીવર્યને વાંચી આપવા વિનંતી કરવી. આમ આ ચોથા ભાગના પ્રકાશનનાં ચક્રો ગતિમાન બન્યાં.

ખેદની વાત છે કે પૂજ્ય ત્રિપુટીની ચિરવિદાય પછી આ કાર્ય ખોરંભે પડ્યું, એમની સાહિત્ય પ્રવૃત્તિ આગળ વધારવામાં આવી હોત તો જૈનધર્મના દરેક પ્રકારના સાહિત્ય વિષયક ગ્રંથોનો ઇતિહાસ આજે કંઈક જુદો જ હોત. તેઓશ્રીએ વર્તમાનના દરેક પ્રકારના સાહિત્ય–લેખન પ્રકાશનનું ઊંડું ખેડાણ કરેલ છે. તેમાં પણ પૂજ્ય ત્રિપુટીએ ઇતિહાસને જે વિરાટ યોગદાન અને પ્રદાન છે કરેલ એ તરફ અત્યાર સુધી જે દુર્લક્ષ્ય સેવાયું છે એ સાચે જ એક દુઃખદ ઘટના છે. આ વાત મારા પૂજ્ય પિતાશ્રી ગુલાબચંદ દેવચંદ ('જૈન' સાપ્તાહિકના તંત્રી )ને કાયમ ખટકયા કરતી હતી. તેઓ શ્રી ત્રિપુટીના વિશેષ પરીચયમાં હોઈ તેમ જ ત્રિપુટીની ઇતિહાસ પ્રત્યેના યોગદાનની જાણકારી હોઈ જૈન ઇતિહાસની ઉપયોગીતા જણાવી, ને પ્રકાશન થાય તેવા પ્રયત્નો કરવા જણાવેલ. આથી મુરબ્બી શ્રી રતિલાલ (કાકા) દીપચંદ દેસાઈ ને મેટર જોવા જણાવેલ પરંતુ તેમણે શ્રી. આ૦ ક૦ની પેઢીનો ઇતિહાસ લખવામાં વ્યસ્ત હોઈ તેમ જ તબીયત બરાબર રહેતી ન હોઈ, બીજે વંચાવી છપાવવા જણાવેલ, ત્યારે ઘણાને વાત કરતા તેનો પ્રતિભાવ ઓછો પડેલ. પરંતુ જૈન 'ધર્મલાભ'ના કાર્ય માટે પાલીતાણા જતાં-આવતાં પૂજ્ય પન્યાસ શ્રી અભયસાગરજી મહારાજ સાહેબને આ કાર્ય માટે વિનંતી કરતા જ તેઓશ્રીએ ઘણા જ ઉત્સાહથી આવા ઇતિહાસના કાર્યની ઉપયોગિતા સમજી, ઘણા જ કાર્યોની જવાબદારી, છ-છ કલાક આગમ વાચના અને તબીયતની પ્રતિકૂળતા હોવા છતાં સંપૂર્ણ મેટર જોઈ આપવા જણાવ્યું. આથી અમારામાં વિશેષ ઉત્સાહ પ્રગટ્યો. શરૂ-આતમાં તો તેઓશ્રીએ પ્રૂફ જોઈ આપવા પણ ઉત્સાહ બતાવેલ. પરંતુ પ્રેસની અનુકૂળતા ખાતર પ્રૂફની વ્યવસ્થા અલગ ગોઠવી પડેલ. આ કારણે કોઈ અશુદ્ધિ રહી જવા પામેલ હોઈ તો મને ક્ષમા કરશો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્તમાનમાં આવા ઉપયોગી અને ઐતિહાસિક ગ્રંથમાં પણ આપણા શ્રમણ-સંઘની ઉપેક્ષા અને અરૂચી જોઈને થાય કે જે શ્રમણ-સંસ્થાના ઉપર જૈન સંઘનો ભાર છે, તે સમાજનું, ધર્મનું ભાવિમાં શું થશે? જેઓ તેની પરંપરાના ગીતો ગાયા કરે છે તે તેના ઇતિહાસને પણ જાણવા જોવા ઉત્સુક ના હોય તો તે કેવું પ્રદાન કરશે તે પ્રશ્ન છે! આવા સમયે પૂજ્ય પન્યાસજી મહારાજ શ્રી અભયસાગરજી ગણીવર્ય જેવા ગુરુ ભગવંતે મેટર જોઈને જરૂરી સુધારા કરી આપેલ છે તે માટે અમો તથા શ્રી સંઘ ઋણી બની રહેશે.

આજે આ જૈન પરંપરાનો ઇતિહાસનો ચોથો ભાગ આપની સમક્ષ પ્રસ્તુત છે. આ ભાગમાં પ્રકાશિત થતી વિગતો ઉપરાંત ત્યાર પછીનો વર્તમાન ઇતિહાસનું સાહિત્ય અમારી પાસે પડ્યું છે, તે તથા ઘટતું સાહિત્ય ઉમેરીને પાંચમા ભાગ રૂપે પ્રકાશિત કરીશું. તેમ જ પૂજ્ય ત્રિપુટી મહારાજોનો જીવન-પરિચય તેમના વિવિધ કાર્યોની માહિતી સભર, તેઓશ્રીએ રચેલી ૬૦ જેટલી સાહિત્યકૃતિના પરિચય સાથે પાંચમો ભાગ પ્રગટ કરવામાં આવશે. [ આ અંગે જાણકારો પાસેથી માહિતી—કૃતિઓ—તથા સ્વ પરિચયની. સ્વાનુભવની વિગતો આવકારીશું. ] તેમ જ પૂજ્ય ત્રિપુટી ગુરુદેવોની ભાવના મુજબ ચારે ભાગોની માહિતી સભર અકારાદિ ઈન્ડેક્ષ, અલગ અલગ, વિષયવાર બનાવીને આપવાની ભાવના હતી તે નાદુરસ્તીનાં કારણોસર બનાવેલી નહીં હોય! પાંચમાં ભાગમાં આ અકારાદિ ચારે ભાગની આપવામાં આવશે. હાલમાં એ અકારાદિ તૈયાર કરવાનું કાર્ય ચાલી રહ્યું છે, જે દરેક ઇતિહાસપ્રેમી—અભ્યાસી માટે ઉપયોગી પૂરવાર થશે.

પૂજ્ય ત્રિપુટી મહારાજોએ વિરાટ સાહિત્યસર્જના ( ૬૦ થી પણ વધારે ) કરી છે. એ એક એક ગ્રંથો અણમોલ છે. આપણે સૌ ઇચ્છીયે કે મુનિ શ્રી ભદ્રસેનવિજયજી મહારાજ તેમના ગુરુદેવોના સાહિત્યનો પુનરુદ્ધાર અને પુનઃ પ્રકાશન કરે તેમ જ તેમના દાદાગુરુ ગુરુકુળ સ્થાપક પૂજ્ય મુનિ મહારાજ શ્રી ચારિત્ર વિજયજી મ૦ સા૦ની જન્મ શતાબ્દીને કાયમ બનાવાના પ્રતીક રૂપ તેમની શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા ને જીવંત કરે. અને પૂજ્ય ત્રિપુટી મહારાજોના સંગ્રહને જૈન સંઘના હિતમાં ઉપયોગી થાય તેવું સ્મારક બનાવે તેવી સેવાભાવી મુનિરાજ શ્રીને પ્રાર્થના.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાન્તે વીસ વર્ષના લાંબા ગાળા પછી આ જૈન પરંપરાનો ઇતિહાસના ચોથા ભાગને પ્રકાશિત કરવામાં હું તો માત્ર નિમિત્ત બની રહ્યો છું. જે મારા પૂજ્ય પિતાશ્રી ગુલાબચંદ દેવચંદના આશીર્વાદ રૂપ પરમ સૌભાગ્યની નિશાની માનું છું.

આવા સાહિત્યની સેવા કરવાનું સદ્‌ભાગ્ય નામી--અનામી શ્રી સંઘના દરેક અંગોના સાથ અને સહકારને જ આભારી છે. તેમાં પણ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પરમ પૂજ્ય આચાર્ય દેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ, પરમ પૂજ્ય પન્યાસ શ્રી અભયસાગરજી મહારાજ, પરમ પૂજ્ય પન્યાસ પ્રવર શ્રી સૂર્યસાગરજી મહારાજ, પરમ પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદ સાગરજી મહારાજ, પરમ પૂજ્ય સેવાભાવિ મુનિરાજ શ્રી ભદ્રસેનવિજયજી મહારાજ આદિનો તેમજ મારા સ્વ. પૂજ્ય પિતાશ્રી ગુલાબચંદ દેવચંદ, પંડિત મુરબ્બી શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ, પંડિતવર્ય શ્રી અંબાલાલભાઈ પ્રેમચંદ શાહ, શ્રીયુત હર્ષદભાઈ ચંદુભાઈ લખુભાઈ ભાઈ શ્રી પંકજ હ. શાહ, ભાઈ શ્રી પ્રફુલભાઈ વગેરેના આશીર્વાદ, માર્ગદર્શન, તથા સહાયતા માટે આપેલ પ્રેરણાનો આ તકે આભારી છું. આવા સાહિત્યની સેવા કરવાનું સદ્‌ભાગ્ય મને પુનઃ પુનઃ મળ્યા કરે અને એ રીતે હું શુભ કાર્યોમાં નિમિત્ત બની શકું એવી શુભાભિલાષા સાથે વિરમું છું.

આ કાર્ય માટે મારાથી કોઈ પ્રત્યે અવિનય કે અસંતોષ થયો હોય, કોઈ ક્ષતિ રહી જવા પામેલ હોય તે માટે હું મિચ્છામી દુઃક્કડમ્ ઇચ્છું છું.

સુજ્ઞ વાંચકો જૈન પરંપરાના ઇતિહાસથી પરિચિત બને એ જ શુભેચ્છા.

પ્રકાશક.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

॥ શ્રી વર્ધમાન સ્વામિને નમઃ ॥

# સંપાદક તરફથી....

પરમ માંગલિક શ્રી જિનશાસનના પ્રતાપે જગતના સર્વ જીવો કલ્યાણ માર્ગના પથિક બને એવી મંગળ ભાવના વિશ્વવત્સલ મહાપુરુષોના હૈયામાં સતત રમતી હોય છે.

જેના પરિણામે ક્યારેક એવા મંગળ કાર્યોના સૂત્રપાત થઈ જાય છે જેથી કે સર્વ જીવોના હિતની ભાવનાને વધુ બળ મળે છે. આજે આવા પૂનિત કાર્યનો ટુંક પરિચય જિજ્ઞાસુઓને આપવાની મને તક મળે છે.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

જૈનસંઘમાં અગ્રગણ્ય મોભાદાર તરીકે પ્રખ્યાત અને શ્રમણ સંઘના વિરલ તેજસ્વી તારક સમા પૂજ્ય શ્રી દર્શનવિજયજી મ. ( ત્રિપુટી ) એ શ્રમણજીવનની બધી જવાબદારીઓ અદા - કરવા સાથે જૈન સંઘના ગૌરવવંતા ભૂતકાળને શ્રી સંઘ સમક્ષ યથાર્થ રૂપમાં રજુ કરવાના સત્ પ્રયત્ન રૂપે ઇતિહાસના ક્ષેત્રે ખૂબ ધાર્મિક ગહન, અધ્યયન, સંશોધન કરી જૈન સંઘના ગૌરવને કેન્દ્રમાં રાખી ઘણું ખેડાણ કર્યું.

પરિણામે જૈન સંઘને જૈન તીર્થોનો ઇતિહાસ, ક્ષત્રિયકુંડ,જૈન તીર્થનો નકશો, જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ ૧-૨-૩-૪, પટ્ટાવલી સમુચ્ચય ભાગ, ૧-૨, આર્યકાલક આલોચના, આદિ અનેક ગ્રથંરત્નો ભેટ ધર્યા છે.

જેમાં સૌથી શ્રેષ્ઠ જૈન સંઘની ઉજ્વળ કારકીર્દી ભર્યા ગૌરવને ચમકાવનાર જૈન પરંપરાનો ઇતિહાસ ( ભાગ-૧-૨-૩ ) પૂજ્ય ત્રિપુટી મહારાજની અથાગ મહેનત અને ઉંડા અન્વેષણો, સંશોધનો, તેમજ ઇતિહાસની ઘણી અપ્રસિદ્ધ માહિતીઓના સંકલનની ગજબ પ્રતિભાની શાખ પૂરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખરેખર શ્રી ત્રિપુટી મહારાજના જીવનની આ અમર યશોગાથા છે. જૈન પરંપરાનો ઇતિહાસ પુસ્તકના ત્રણે ભાગો જૈન સંઘના ખમીરભર્યા. ઉદાત્ત, કર્તવ્યોની પરંપરા પર પ્રકાશ પાથરે છે. વર્તમાન સંઘને અપૂર્વ પ્રેરણાનાં પીયૂષ પાન કરાવે તેવો છે.

મારી નાની વયથી પ્રાયઃ વિ. સં. ૨૦૦૦ના ચોમાસામાં સર્વપ્રથમ પ્રભુ મહાવીરની જન્મભૂમિ ક્ષત્રિયકુંડ શાસ્ત્રસુદ્ધ સિદ્ધ છતાં કેટલાક તથાકથિત વિદ્વાનોએ ન જાણે કેમ વર્તમાન કાળના સુધારકોની વિચાર ધારાને અનુરૂપ ' પ્રભુ મહાવીર વૈશાલીમાં જન્મ્યા હતા ' આવી વાત પર ખુબ ભાર મુકવા લાગ્યા.

એટલે મને શાસ્ત્ર–પક્ષે ચાલી આવતી વાત પર વધુ વિશ્વાસ છતા સહજ ભાવે સુધારકોની બધી દલીલો વાચ્યા બાદ આપણા પક્ષે પ્રમાણોની તપાસમાં પૂજ્ય શ્રી દર્શનવિજયજી મ. ત્રિપુટી સાથે ખુબ પત્રવ્યવહાર થયો, ઘણા પ્રમાણો તેમના તરફથી મળ્યા. કે ' ક્ષત્રિયકુંડ જ પ્રભુ મહાવીરની જન્મભૂમિ છે ' તેથી મને મારી શ્રદ્ધા નિર્મળ થઈ.

જો કે આના થોડા વર્ષો પછી તે બધા પ્રમાણો ' ક્ષત્રિયકુંડ ' એ નામની પુસ્તિકામાં સંગ્રહેલ છે. એનું પ્રકાશન વિ. સં. ૨૦૦૬માં થયેલ છે.

ત્યારથી પૂજ્ય શ્રી દર્શનવિજયજી મ. ( ત્રિપુટી ) સાથે પત્રવ્યવહારનો પરિચય વધુ થયેલ. પછી વિ. સં. ૨૦૦૭ના પાલીતાણાના શ્રમણ સંમેલ વખતે ગાઢ પરિચય થયો.

તેમજ આગમ વાચનાં અંગેની શ્રી સીમંધરસ્વામી અંગે અને શ્રી કાલકાચાર્ય અંગે તેઓની પાસેથી ઘણી ઐતિહાસિક, નક્કર, સામગ્રી મળેલ.

ત્યાર પછી મેં જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ ૧–, ૨,–૩, નું ઘણીવાર વાંચન કર્યું. જે વાચી મને મારા જીવનમાં અહોભાવ જાગ્યો, જેમાં આપણા પૂર્વ મહાપુરુષો જૈનાચાર્યો, વિશિષ્ટ શ્રમણો, વિશિષ્ટ શ્રમણીઓ રાજાઓ, મંત્રીઓ, શ્રાવકો, શ્રાવીકાઓ, વિદ્વાનોની માહિતી તેમજ ગચ્છો, શાખાઓ, કુળો, મતોનો ઇતિહાસ અને તીર્થો, ગુફાઓ, શિલાલેખો, ફરમાનો, સ્તૂપો, મંદિરો, નગરો, નગરીઓ, વાચનાઓ, ગ્રંથભંડારોની આદિ અનેક વિગતો ઐતિહાસિક પુરાવા સાથે આ ઇતિહાસમાં સંગ્રહ કરવામાં આવેલ છે.

આવું બીજુ લખાણ કેટલું છે? એમ મેં પૂજ્ય ત્રિપુટી મ. ને બે-ત્રણ વાર પૂછેલ, તો તેઓ એ જણાવેલ કે પાંચથી ૭ ભાગ થાય તેમ છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાર પછી પૂજ્ય શ્રી દર્શન વિજયજી ( ત્રિપુટી )મ. વિષમ કર્મના ઉદયથી બહુ પરવશ બન્યા હું તે ભયંકર માંદગીમાં પાંચ–૭ વાર શાતા પૂછવા ગયેલ. જ્યારે જાઉં ત્યારે પૂજ્ય શ્રી દર્શનવિજયજી મ. ત્રિપુટીમાં એકદમ મને ભેટી પડતા.

જીભના લકવાની અસરથી સ્પષ્ટ બોલી શકતા નહીં. પણ અસ્પષ્ટ બોલી મને આવકારતા મારી પિઠ થાબડતા, ક્યારે પેન લઈ સ્લેટ ઉપર મારા ઉપર ખૂબ વાત્સલ્ય વહાલ ભર્યા લખાણ લખી ઉમળકો ખૂબ વ્યક્ત કરતા.

તેમની પરવશ અવસ્થામાં પણ તેઓની મારા પ્રતિ વિશિષ્ટ ભાવનાને લીધે, જાણે તેમના વિશિષ્ટ આશીર્વાદ ન મળ્યા હોય તેમ મારામાં ઇતિહાસની ખોજ અને સંશોધન વૃત્તીનાં બીજ વિકસવા લાગ્યા,

આવા મહાપુરુષની ઇતિહાસની નવી નવી ખોજોના, વિશાળ હસ્ત લિખીત, સંગ્રહની સુવ્યવસ્થા માટે મેં પૂજ્ય શ્રી ત્રિપુટી મહારાજના કાળધર્મ પછી તે બધું એકવાર સુવ્યવસ્થીત પણે પ્રકાશિત થઈ જાય તો સારું, એ ભાવનાથી પૂજ્ય શ્રી ત્રિપુટી મહારાજના વ્યવસ્થાપકો પાસે મેં વાત મૂકી વધુમાં તેમને અપરંપાર મહેનતથી લખાયેલ નોંધો માથી જૈન પરંપરાનો ઇતિહાસનો ચોથો ભાગ પ્રકાશીત કરવાની મેં તમના બતાવી. ચાર–પાંચ વાર મેટર માટે વાત કરી, પણ કાળબળની પરિપક્વતાની ખામીથી મારી વાત અમલમાં ના આવી.

છેવટે પૂજ્ય શ્રી ત્રિપુટી મ. ના ભુતપૂર્વ શિષ્ય શ્રી ભદ્રસેનવિજયજી મ. અને મહેન્દ્રભાઈ ગુલાબચંદ ( જૈન – ધર્મલાભ ભાવનગરવાળા )ના સદ્પ્રયત્નથી તે મેટર ભંડકીયાઓમાંથી, પુણ્યયોગે પ્રાપ્ત થયું. ને પૂજ્ય શ્રી ત્રિપુટી મહારાજના ઉપકારોની સ્મૃતિથી તેઓશ્રીના મારા પરના ઋણને અદા કરવા જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ – ચોથો પ્રકાશિત કરવાની મારી ઇચ્છા પૂર્ણ કરવાની તક મુનિ શ્રી ભદ્રસેનવિજયજી મ.ના સહકારથી મહેન્દ્રભાઈ દ્વારા આ ગ્રંથનું સંશોધન કરવા તક મળી.

તે અંગે તેઓના ધર્મસ્નેહની વારંવાર અનુમોદના થાય છે.

ખરેખર પુજ્ય ત્રિપુટી મહારાજે આ ગ્રંથમાં અનેક ઝવેરાતો ભર્યા છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે અંતરની વિવેક ચક્ષુનું – ઉન્મીલન કરવા માટે સમર્થ છે.

મને આવા પુન્ય કાર્યની તક મળી તે અંગે દેવ–ગુરુની કૃપાનો પણ આભારી છું.

મારા ક્ષયોપશમ પ્રમાણે આનું સંશોધન કરેલ છે. ઇતિહાસની વાતો અને સાલવારીના આંકડા પૂજ્ય શ્રી ત્રિપુટી મહારાજની અદ્યાત વિદ્વતા હતી, ચોકસાઈ ભરેલા હોવા છતા, પ્રતિ લીપી કરનારાની કે નોંધ ઉકેલનારની શરત ચુકથી ક્યાંક શંકાસ્પદ લાગ્યા તે બધાને બનતા પ્રયત્ને બીજા ઇતિહાસના ગ્રંથો સામે રાખીને ચકાસી લીધા છે. છતા આ સંપાદન કાર્યમાં છાનસ્થતાથી ક્યાંક ઇતિહાસ–શાસ્ત્ર મર્યાદા કે પરંપરાથી વિરુદ્ધ કઈ આલેખાયું હોય તો તે બદલ શ્રી સંઘ સમક્ષ હાર્દિક ભાવ શુદ્ધિ પૂર્વક મિથ્યા દુષ્કૃત માંગું છું.

વધુમાં જૈન સંઘની ઉજવલ નિષ્કલંક અને પવિત્ર ઉદાત્ત યશોગાથાના પનોતા સંભારણા જેમાં ઠેર ઠેર સંગ્રહાયેલ છે. તેવા આ અદ્વિતીય ગ્રંથની વાંચનાથી સૌ કલ્યાણ કામી આત્માઓ પોતાના જીવનને શાસનાનુસારી પ્રભાવક બનાવે તેમજ પૂર્વના મહા પુરુષોની યશોગાથાના ભાવ ભરી અનુમોદના કરી જીવન ધન્ય બનાવે. એજ મંગલ કામના.

શ્રી વિજયહીરસૂરિ
નૂતન જૈન ઉપાશ્રય
ખોડા લીંબડા. પાલનપુર,
વીર સંવત. ૨૫૦૯
વિ. સં. ૨૦૩૯ અષાઢ વદ – ૩
તા. ૨૮/૭/૮૩ – ગુરૂવાર.

લિ.
પૂ. ઉપા. શ્રી ધર્મસાગરજી ગણી
ચરણસેવક
મુનિ અભયસાગર

જૈનમ્ જયતિ શાસનમ્
JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# વિશ્વ ગગનના તેજસ્વી તારકો

કેવો હતો ભવ્ય ભૂતકાળ આપણો અને કેવા હતા એ આપણા તપ–ત્યાગ અને સંયમની મૂર્તિ સમા પૂર્વજો.

સાચે જ વિશ્વના ચોકમાં કોઈ પણ ધર્મ કે સંપ્રદાય પાસે ન હોય તેવો અણિશુદ્ધ અને કડિબદ્ધ ઇતિહાસ જૈન શાસનનો છે,

જે કાળની અકળ ગતિએ કેટ કેટલા મતો – સંપ્રદાયો અને વ્યક્તિઓને નામ – ઠામ વગરના કરી દીધા છે એ કાળની સામે ટક્કર ઝીલીને પણ જેણે પોતાનો શ્રેણીબદ્ધ ઇતિહાસ આજ સુધી જાળવી રાખ્યો છે એ કાંઈ નાની સૂની-વાત ન ગણાય.

આ ઇતિહાસને યોગ્ય રીતે ન જાણવાના કારણે જ જૈનધર્મ – તેના સિદ્ધાન્તો અને તેના આચાર–વિચારો માટે મન ફાવે તેમ આજના લોકો બોલવા, લખવા પ્રેરાય છે. પણ આ ઇતિહાસને તટસ્થ અને ગુણ ગ્રાહક દૃષ્ટિએ જો વાંચે–વિચારે તો એનું મસ્તક ઝૂકી ગયા વગર રહે નહીં

આ અંગે સંસ્કૃત – પ્રાકૃત ગદ્ય–પદ્યમાં અનેક નાના મોટા ગ્રંથો આપણા પૂર્વ મહા પુરુષોએ રચ્યા છે.

જૈન શાસનમાં થયેલા વિદ્વાન આચાર્યો, મુનિયો અને શ્રાવકો તેમજ તેઓએ કરેલી સાહિત્ય સેવા ખરેખર અદ્ભુત છે. એને ચારે બાજુથી શોધી તપાસી એકઠી કરી એનું સંકલન કરવું એ ઘણું કપરું કામ છે.

સાગર સમા અમાપ વિસ્તારવાળા આ કામમાં આજ સુધી ઘણા ઘણા પ્રયત્નો થયા છે. છતાં તેનો તાગ મળવો મુશ્કેલ છે–

जैन सार्हट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ઇતિહાસનું પ્રદાન–

ઘણા એવું કહેતા હોય છે કે ભાઈ ! ભૂતકાળનું ગાણું ગાઈને વળી આપણે શું કરવું તે–આપણે તો આપણો વર્તમાન કાળ જ જુઓને ? પણ તેઓનું આ કથન અવિચારણીય છે કેવળ વર્તમાન કાળ જોઈને જીવન જીવનારા કઈ રીતે ઉચ્ચ અને આદર્શ જીવન જીવી શકે ?

ઇતિહાસ એ માણસની ભાવનાને બલવત્તર બનાવે છે એના દિલમાં એક પ્રકારના ગૌરવની ભાવના પ્રગટાવે છે.

મારા પૂર્વ પુરુષો આવા હતા તો મારે પણ એમના જેવું થવું જોઈએ એવી પ્રેરણા એમાંથી મેળવે છે.

વળી તેઓ જે જે પ્રકાર વડે જ્ઞાનાદિકમાં–તીર્થ પ્રભાવનામાં–આત્મ–કલ્યાણમાં અને સાહિત્ય સાર્જનમાં આગળ વધતા તે તે પ્રકારને જાણી પોતે પણ તેને અપનાવવા ઉત્સુક બને છે એક નહિ પણ અનેક દૃષ્ટાન્તો આપણને જાણવા મળે છે કે–કોઈકના જીવન પ્રસંગો જાણ્યા પછી પોતે પોતાનો જીવન માર્ગ સાવ બદલી નાંખ્યો હોય.

JAINSITE .com
जैनम् जयति शासनम्

દરિયામાં મુસાફરી કરનાર નાવિકને જેમ દીવાદાંડી કે ધ્રુવ તારક સન્માર્ગે જવા પ્રેરે છે તેમ મહાપુરુષોના જીવન પ્રસંગો જીવવનમાં ભમતા જીવોને સન્માર્ગ લાવે છે.

ઇતિહાસના વર્ણનની સાથે સાથે તેની સાથે સંકળાયેલા અનેક વસ્તુઓની સુંદર માહિતિ આપણને સાંપડે છે.

## પ્રસ્તુત પ્રકાશન–

'જૈન પરંપરાનો ઇતિહાસ'ના ત્રણ ભાગ આ અગાઉ પ્રકાશિત કરવામાં આવ્યા છે શ્રી ત્રિપુટી મહારાજે આના સંકલનમાં સારી જહેમત ઊઠાવી છે. ઇતિહાસ લખવાનું અને એની ચોક્કસ માહિતિ મેળવવાનું કામ કેટલું કપરું છે એ તો તે વિષયના જાણકારો સારી રીતે સમજી શકે છે.

વિ. સં. ૨૦૨૬માં નાગજી ભૂધરની પોળ–જૈન ઉપાશ્રમમાં પૂજ્ય ગુરુમહારાજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ. શ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ચાતુર્માસ હતા તે સમયે શા. હર્ષદભાઈ ચંદુલાલ લખુભાઈની સાથે 'જૈન પરંપરાનો ઇતિહાસ, ચોથા ભાગના મેટર માટે વાત થઈ અને તેઓએ આ મેટર વ્યવસ્થિતકરીને કોઈ જ્પાવી દેતું હોય તો અમે ખુશીથી તેમને આપી દઈએ એમ તેમણે કહ્યું.

ત્યાર પછી ભાઈ મહેન્દ્ર ગુલાબચંદ ભાવનગરથી અમદાવાદ આવ્યા તે વખતે સાથે વાતચીતમાં આ અંગે પણ વાત થઈ અને તેમણે એ માટેની તૈયારી દર્શાવી—જેમણે જેમણે ઘણા ભાગ જોયા-વાંચ્યા હતા તે બધાની ચોથા ભાગ માટેની માંગ તો ચાલુ હતી જ પણ આવા વિશાળકાય ગ્રંથની કોઈ જવાબદારી ઊપાડે તો કામ થાય ને? ત્યાર બાદ તો વિચારને વિચારમાં તેમજ મેટરને વ્યવસ્થિત કરવામાં ખાસ્સો એવો સમય ગયો. તે દરમ્યાનમાં મુનિ શ્રી ભદ્રસેન વિજયજીએ આ અંગે ઉપદેશ આપી પ્રેરણા દેવાનું સ્વીકાર્યું અને પરિણામે આ ગ્રન્થ અત્યારે સૌના સહકારથી સૌના કર કમલમાં આવ્યો.

પં. અંબાલાલ પ્રેમચંદ શાહે પણ આમાં સારો પ્રયત્ન કર્યો છે. ઇતિહાસનો વિષય જ એવો છે કે એમાં ઘણી બધી ચોકસાઈ કરવા છતાં પણ ભૂલ થવાનો સંભવ ન કાઢી શકાતો નથી. એટલો જાણકારોએ એને ગુણ ગ્રાહક દૃષ્ટિએ વાંચવો – વિચારવો જોઈએ.

અમુક અમુક પુરુષો ક્યારે થયા તેના માટે એના સંવતમાં પણ મત ભેદો પ્રવર્તતા હોય છે, અને કેટલાક પ્રસંગોમાં અમુક કિંવદંતીઓ પણ સમાયેલી હોય છે પણ એ બધામાંથી સારભૂત તત્ત્વને ગ્રહણ કરી આપણા ભવ્યભૂતકાળને પુન સજીવન કરવા માટે આપણે આપણી સમસ્ત તાકાત લગાવી દઈએ એ જ મંગલ કામના.

શ્રી વિજયનેમિસૂરિ જ્ઞાનશાળા
પાંજરાપોળ – અમદાવાદ–૧

પૂજ્ય આચાર્યશ્રી વિજયદેવસૂરીશ્વરજીમ.
ચરણસેવી
વિજયહેમચન્દ્રસૂરિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જૈન પરંપરાનો ઈતિહાસ

## [ ભાગ ચોથો ]

### વિષય – અનુક્રમણિકા

| ઘટના | પાનું |
|---|---|
| **પ્રકરણ ૫૭** | |
| **ભટ્ટારક શ્રી વિજયદાનસૂરિ** | ૧ |
| ટૂંકો પરિચય | ૧ |
| ક્રિયોદ્ધાર | ૩ |
| બીજા સહયોગીઓ | ૩ |
| ગચ્છનાયકની પદવી | ૪ |
| બે પટ્ટધરો | ૪ |
| આગમવાચના | ૫ |
| પટ્ટક | ૫ |
| પ્રતિષ્ઠાઓ | ૬ |
| મુક્તાઘાટ | ૭ |
| પ્રતિષ્ઠાઓ | ૮ |
| મહેસાણામાં જિનપ્રતિષ્ઠા | ૧૨ |
| ગુરુ નામ–મંત્રપ્રભાવ | ૧૩ |
| સ્વર્ગગમન | ૧૩ |
| છઠ્ઠી તપા રત્નાશાખા પરં૦ | ૧૫ |
| પહેલી તપા રત્નાશાખા પરં૦ | ૧૯ |
| બીજી તપા રત્નાશાખા પરં૦ | ૨૨ |
| ત્રીજી તપા રત્નાશાખા પરં૦ | ૨૪ |
| પં૦ દેવવિજય ગણિવરો. | ૨૫ |
| ચોથી તપા રત્નાશાખા–પરંપરા | ૨૭ |
| પાંચમી તપા રત્નાશાખાની પરંપરા | ૩૦ |
| પૂ. આ. શ્રી વિજયદાનસૂરિ શિષ્ય પરંપરા | ૩૭ |
| સમકાલીનગ્રંથકારો | ૪૦ |
| ગ્રંથસમાપ્તિ | ૪૪ |
| સાધ્વીસંઘ | ૪૬ |
| પ્રભાવક જૈનો, જૈનધર્મ પ્રેમીઓ, | ૪૭ |
| નગર સ્થાપના | ૫૩ |
| સમી | ૫૪ |
| મેડતા | ૫૪ |
| કિસનગઢ | ૫૪ |
| રૂપનગર | ૫૭ |
| જામનગર | ૫૭ |
| આગરા | ૫૭ |
| ફત્તેપુર સિક્રી | ૫૯ |
| જેસલમેર | ૬૪ |
| આમેર | ૬૫ |
| સાંગાનેર | ૬૫ |
| જયપુર | ૬૬ |
| સુરત | ૬૮ |
| સંઘપતિ પ્રેમજી પારેખ | ૭૪ |
| કપૂરચંદ ભણશાળી | ૮૦ |
| અનૂપસિંહ ભંડારી | ૮૦ |
| સંઘપતિ કચરા કીકા | ૮૨ |
| સંઘપતિ તારાચંદ | ૮૫ |
| સંઘપતિ પ્રેમચંદ મોદી | ૮૮ |
| ઇચ્છા કુંડ | ૯૫ |
| સંઘપતિ શેઠ ડાહ્યાભાઈ | ૯૫ |
| સંઘપતિ શેઠ ધરમચંદ ઉદયચંદ | ૯૫ |

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| ઘટના | પાનું |
| --- | --- |
| સંઘપતિ શેઠ અભયચંદ સ્વરૂપચંદ | ૯૫ |
| સંઘપતિ જીવણચંદ નવલચંદ | ૯૬ |
| સુરતનાં જૈન મંદિરો | ૯૮ |
| સુરતની વિશેષ ઘટનાઓ | ૧૦૩ |
| સુરતના મહાજનો | ૧૧૧ |
| શેઠાણી સુભદ્રા | ૧૧૧ |
| **પ્રકરણ ૫૮** | |
| **રાજનગરના નગરશેઠ વંશ** | **૧૧૫** |
| શિસોદિયા રાજવંશ | ૧૧૫ |
| વીર દયાલ શાહ | ૧૧૭ |
| ભૂલાનગર | ૧૧૯ |
| અમદાવાદના નગરશેઠનો વંશ | ૧૨૧ |
| પદ્મા શાહ | ૧૨૧ |
| વત્સા શાહ | ૧૨૧ |
| સહસ્રકિરણ ( શેષકરણ ) | ૧૨૨ |
| વર્ધમાન શેઠ | ૧૨૪ |
| નગરશેઠ શાંતિદાસ | ૧૨૪ |
| ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા | ૧૩૨ |
| સ્થાનાન્તર | ૧૩૬ |
| નગરશેઠ ખુશાલચંદ | ૧૪૫ |
| શેઠ નથુશાહ | ૧૫૦ |
| શેઠ જેઠમલ | ૧૫૨ |
| નગરશેઠ વખતચંદ | ૧૫૨ |
| શેઠશ્રી દલપતભાઈ | ૧૫૬ |
| ગંગામા | ૧૫૭ |
| સરદાર લાલભાઈ | ૧૫૭ |
| શેઠ સારાભાઈ | ૧૫૮ |
| શેઠ સૂરજમલ | ૧૬૦ |
| ઊજમ( બાઈ ) ફોઈ | ૧૬૦ |
| નગરશેઠ હેમાભાઈ | ૧૬૧ |

| ઘટના | પાનું |
| --- | --- |
| હિમાવસહી | ૧૬૩ |
| નગરશેઠ પ્રેમાભાઈ | ૧૬૯ |
| શેઠ લાલભાઈ | ૧૭૦ |
| શેઠ મણિભાઈ પ્રેમાભાઈ | ૧૭૦ |
| શેઠ વિમળભાઈ | ૧૭૧ |
| શેઠ સારાભાઈ | ૧૭૧ |
| શેઠ ચીમનલાલ લાલભાઈ | ૧૭૨ |
| શેઠ કસ્તુરભાઈ મણિભાઈ | ૧૭૩ |
| જગત શેઠનો વંશ | ૧૭૪ |
| શેઠ હીરાચંદ | ૧૭૪ |
| શેઠ માણેકચંદ | ૧૭૫ |
| શેઠ ફતેહચંદ | ૧૭૬ |
| શેઠ મહતાબચંદ | ૧૭૭ |
| બાબુ મેઘરાજ | ૧૮૦ |
| જગતશેઠ ખુશાલચંદ | ૧૮૩ |
| જગતશેઠ હરખચંદજી | ૧૮૭ |
| જગતશેઠ ઈન્દ્રચંદજી | ૧૮૭ |
| શેઠ ગોવિંદચંદ્ર | ૧૮૮ |
| શેઠ ગોપાલચંદ્રજી | ૧૮૮ |
| શેઠ ગુલાબચંદજી | ૧૮૮ |
| શેઠ ફતેહચંદજી | ૧૮૯ |
| શેઠ ઉદયચંદજી | ૧૮૯ |
| શેઠ સૌભાગ્યચંદજી | ૧૮૯ |
| રાણપુરા નગરશેઠનો વંશ | ૧૮૯ |
| ભારતના કેટલાએક સંવતો | ૧૮૯ |
| મૌર્ય પડિહારવંશ | ૧૯૨ |
| ગુજરાતના સૂબાઓ | ૧૯૩ |
| સૌરાષ્ટ્રનો ગોહેલવંશ | ૧૯૪ |
| પાલનપુર | ૧૯૫ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| ઘટના | પાનું |
|---|---|
| પાટણ | ૧૯૫ |
| રાણપુર | ૧૯૬ |
| પછેગામ | ૧૯૬ |
| દડવા | ૧૯૬ |
| શેઠ કુંઅરજી (દડવા–રાંદલના) | ૨૦૧ |
| શેઠ નાનજી વડોદવાળા | ૨૦૩ |
| વાલજી શેઠ, અલંપર | ૨૦૪ |
| મોનજી શેઠ, વડોદ | ૨૦૬ |
| ભૂરાલાલ શેઠ, માંડવા | ૨૦૮ |
| દોશી મનિયા શ્રીમાલીનો વંશ ૧. | ૨૦૯ |
| દોશી મનિયા શ્રીમાલીનો વંશ ૨. | ૨૧૩ |
| દોશી મનિયા શ્રીમાલીનો વંશ ૩. | ૨૧૪ |
| દોશી મનિયા શ્રીમાલીનો વંશ ૪. | ૨૧૫ |
| **પ્રકરણ ૫૯** | |
| **ભટ્ટારક વિજયસેનસૂરિજી** | ૨૧૬ |
| ખંભાતમાં પ્રતિષ્ઠા | ૨૨૧ |
| બાદશાહી રાજસભામાં | ૨૨૨ |
| સવાઈ હીર | ૨૨૪ |
| આ૦ વિજયદેવસૂરિ | ૨૨૭ |
| શેઠ મેઘજી–લાડકીબાઈ | ૨૩૦ |
| દીવબેટ | ૨૩૦ |
| સેન પ્રશ્નોત્તર (ઉલ્લાસ) | ૨૩૬ |
| શ્રમણ પરંપરાઓ | ૨૩૮ |
| મહો૦ કમલવિજયજી ગણી | ૨૩૯ |
| નવા ભટ્ટારકો | ૨૪૦ |
| પં૦ સત્યવિજય ગણી | ૨૪૨ |
| પં૦ સૌભાગ્યવિજય ગણી | ૨૪૨ |
| પં૦ મેરુવિજય ગણી | ૨૪૨ |
| મુનિ માણેકવિજયજી | ૨૪૩ |
| શેઠ મનિયા | ૨૪૪ |

| ઘટના | પાનું |
|---|---|
| મહો૦ નયવિજય ગણી | ૨૪૪ |
| શ્રીપૂજ ઋષિ મેઘજી | ૨૪૪ |
| પં૦ હંસવિજય ગણી | ૨૪૫ |
| પં૦ વિજયસુંદર ગણી | ૨૪૬ |
| પં૦ વિનયસુંદર ગણી | ૨૪૬ |
| પં૦ કીર્તિકુશલ ગણી | ૨૪૬ |
| પં૦ ઉદયરુચિ ગણી | ૨૪૭ |
| પં૦ દયારુચિ ગણી | ૨૪૮ |
| પં૦ માણેકરુચિ | ૨૪૮ |
| પં૦ દોલતરુચિ | ૨૪૮ |
| પં૦ ગુણહર્ષ ગણી | ૨૪૮ |
| પં૦ સોમકુશળ ગણી | ૨૪૮ |
| પં૦ કનકકુશલ ગણી | ૨૪૮ |
| ગ્રંથકારો | ૨૫૦ |
| તીર્થસ્થાપના | ૨૫૧ |
| નગરસ્થાપના | ૨૬૬ |
| જૈન ધર્મપ્રેમી રાજાઓ | ૨૬૯ |
| પ્રભાવક જૈનો | ૨૭૦ |
| શેઠ કલ્યાણમલ | ૨૭૦ |
| મંત્રી ગલરાજ | ૨૭૦ |
| સંઘપતિ સહજપાલ | ૨૭૧ |
| સંઘપતિ કુંઅરજી ઓશવાલ | ૨૭૧ |
| શેઠ વિમલદાસ | ૨૭૨ |
| શેઠ રામજી ગંધારિયો | ૨૭૨ |
| શા૦ વર્ધમાન | ૨૭૪ |
| શેઠ મૂલાશાહ | ૨૭૪ |
| જસુ ઠક્કર | ૨૭૪ |
| સોની તેજપાલ ઓશવાલ | ૨૭૫ |
| શેઠ વજિયા-રજિયા શ્રીમાલી | ૨૭૫ |
| સંઘવી ઉદયકરણ | ૨૭૫ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| ઘટના | પાનું |
|---|---|
| ચંપામા રાજમલજી | ૨૭૬ |
| શેઠ થાનમલજી | ૨૭૬ |
| શા૦ ભાનુમલ, કલ્યાણમલ | ૨૭૭ |
| મહો૦ ભાનુચંદ્ર ગણી | ૨૭૭ |
| પં૦ કુશલવિજય ગણી | ૨૭૮ |
| મંત્રી સંગ્રામસિંહ | ૨૭૯ |
| મંત્રી કર્મચંદ્ર બચ્છાવત | ૨૭૯ |
| આ૦ જિનચંદ્રસૂરિ | ૨૮૧ |
| સંઘવી દુર્જન શલ્ય જડિયો જૈન | ૨૮૨ |
| સંઘવી હીરાનંદ | ૨૮૨ |
| સંઘવી નાનુ | ૨૮૨ |
| સંઘવી દુર્જનશલ્ય | ૨૮૨ |
| કવિ કૃષ્ણદાસ | ૨૮૨ |
| શાહ સદારંગ | ૨૮૨ |
| શ્રીમાલી શકચાનો વંશ | ૨૮૪ |
| સંઘવી ઇંદ્રરાજ | ૨૮૪ |
| થિરશાહ ભણશાલી | ૨૮૪ |
| સંઘવી અરૂ ફિરોજશાહ | ૨૮૫ |
| ચંદુ સંઘવી | ૨૮૫ |
| શેઠ મેઘજી | ૨૮૭ |
| શ્રી લાડકીબાઈ | ૨૮૭ |
| કવિ સારંગ શેઠ | ૨૮૮ |
| **પ્રકરણ ૬૦** | |
| આ. વિજયદેવસૂરિ | ૨૮૯ |
| પ્રતિષ્ઠાઓ | ૨૯૧ |
| ભટ્ટારક વિજયપ્રભસૂરિ | ૩૦૫ |
| ગચ્છભેદો–શાખા | ૩૧૨ |
| જૈનતીર્થો | ૩૧૩ |
| કાપરડા તીર્થ | ૩૧૩ |
| વરકાણા તીર્થ | ૩૧૬ |
| જૈન ધર્મના પ્રભાવકો–ધર્મપ્રેમીઓ | ૩૧૬ |
| ઓશવાલનાં વિવિધ ગોત્રો અને શાખાઓ | ૩૨૨ |
| દુકાળો | ૩૨૮ |
| વિવિધ કલામય વસ્તુઓનું નિર્માણ | ૩૨૯ |
| ગ્રંથભંડાર | ૩૩૧ |
| સહસ્રકૂટો | ૩૩૨ |
| **પ્રકરણ ૬૧** | |
| આચાર્ય વિજયસિંહસૂરિ | ૩૩૫ |
| મહો૦ કીર્તિવિજય ગણી | ૩૩૬ |
| મહો૦ વિનયવિજય ગણી | ૩૩૭ |
| ઉપા૦ કાંતિવિજય ગણી | ૩૩૭ |
| ઉપા૦ કનકવિજયજી (સિંહસૂરિ) | ૩૩૭ |
| મુનિ કૃષ્ણવિજય | ૩૩૭ |
| ભ૦ વિજયતિલકસૂરિ | ૩૩૮ |
| મુનિ સંમેલન | ૩૩૯ |
| ક્રિયોદ્ધાર | ૩૪૨ |
| જિન પ્રતિષ્ઠાઓ | ૩૪૩ |
| શિષ્યો અને શિષ્ય પરંપરા | ૩૪૫ |
| **પ્રકરણ ૬૨** | |
| પં૦ સત્યવિજય ગણિવર | ૩૬૫ |
| ક્રિયોદ્ધાર | ૩૬૬ |
| પટ્ટક | ૩૬૬ |
| વ્યવસ્થા | ૩૬૬ |
| યોજના | ૩૬૭ |
| વસ્ત્ર : | ૩૬૮ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| ઘટના | પાનું |
|---|---|
| મર્યાદા | ૩૬૯ |
| પ્રભાવકો | ૩૭૨ |
| જૂનાગઢનો ગ્રંથભંડાર | ૩૭૩ |
| **પ્રકરણ ૬૩** | |
| પં૦ કર્પૂરવિજયજી ગણી | ૩૭૪ |
| પં૦ વૃદ્ધિવિજય ગણી | ૩૭૫ |
| પં૦ મણિવિજય ગણી | ૩૭૫ |
| શેઠ નાગજી ભૂધર | ૩૭૬ |
| **પ્રકરણ ૬૪** | |
| પં૦ ક્ષમાવિજય ગણી | ૩૭૭ |
| રતનસિંહ ભંડારી | ૩૭૯ |
| સુરતના સંઘપતિ પ્રેમજી | ૩૭૯ |
| પં૦ વીરવિજયજી | ૩૮૦ |
| **પ્રકરણ ૬૫** | |
| પં૦ જિનવિજયગણી | ૩૮૧ |
| **પ્રકરણ ૬૬** | |
| પં૦ ઉત્તમવિજય ગણી | ૩૮૪ |
| પં૦ દેવચંદજી ગણી | ૩૮૪ |
| યતિવર્ય સુવિધિવિજય | ૩૮૫ |
| ભટ્ટારક ભાવપ્રભસૂરિ | ૩૮૬ |
| તલકશી શ્રેષ્ઠી જામનગરના મંત્રી | ૩૮૭ |
| ડહેલાનો ઉપાશ્રય | ૩૮૭ |
| ભટ્ટા૦ ઉદયસાગર ગણી | ૩૮૮ |
| ભટ્ટા૦ વિજયધર્મસૂરિ | ૩૮૯ |
| ભંડારી રતનસિંહ | ૩૮૯ |
| પં૦ નેમવિજય ગણી | ૩૯૦ |
| પં૦ ખુશાલવિજયજી ગણી | ૩૯૧ |
| નંદીશ્વર દ્વીપની પૂજાની રચના | ૩૯૧ |
| નવપદ પૂજાની રચના | ૩૯૧ |

| ઘટના | પાનું |
|---|---|
| સુરતમાં ચરણપાદુકા | ૩૯૧ |
| ૪૫ આગમની પૂજાની રચના | ૩૯૧ |
| મહાવીરજી તીર્થ | ૩૯૨ |
| તેરાપંથ-મત | ૩૯૫ |
| ગિરનારતીર્થ | ૩૯૫ |
| શેઠ જગમાલ | ૩૯૫ |
| દેવચંદ લક્ષ્મીચંદની પેઢી | ૩૯૫ |
| વડનગરના શેઠ દેવચંદ | ૩૯૫ |
| સંઘપતિ વોરા ડોસાનો પરિવાર | ૩૯૬ |
| **પ્રકરણ ૬૭** | |
| પં૦ પદ્મવિજયજી ગણી | ૩૯૯ |
| સંઘયાત્રા | ૪૦૦ |
| પ્રતિષ્ઠા | ૪૦૦ |
| સં૦ ૧૮૩૯ લીંબડીમાં ૧૦૯ માસક્ષમણ | ૪૦૧ |
| અમદાવાદમાં સહસ્રફણાની પ્રતિષ્ઠા | ૪૦૨ |
| અમદાવાદમાં ૧૮૬૨માં કાળધર્મ | ૪૦૨ |
| બિકાનેરનો સુરાણાવંશ | ૪૦૩ |
| સાહિત્ય | ૪૦૩ |
| વડોદરાનું અમારિપાલન | ૪૦૪ |
| તેલની ઘાણી બંધ રાખવાનો દસ્તાવેજ | ૪૦૫ |
| બાંદનવાડામાં પાખી | ૪૦૬ |
| કચ્છના રાવે હરણાં, મોર–સોનૈયા કીડા મારવાનો મૂકેલ પ્રતિબંધ | ૪૦૬ |
| લાકડિયામાં અમારિ પ્રવર્તાવી | ૪૦૭ |
| માલિયામાં અમારિ પ્રવર્તાવી | ૪૦૭ |
| અંગિયામાં અમારિ પ્રવર્તાવી | ૪૦૭ |


जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| ઘટના | પાનું |
|---|---|
| સૈલાનામાં અમારિ પ્રવર્તાવી | ૪૦૭ |
| સરધનામાં અહિંસાનું પાલન | ૪૦૭ |
| **પ્રકરણ ૬૮** | |
| પં૦ રૂપવિજયજી ગણી | ૪૦૯ |
| સાહિત્ય | ૪૦૯ |
| અંચલગચ્છના ગ્રંથકારો | ૪૦૯ |
| મોટા કવિઓ અને પ્રભાવકો | ૪૧૧ |
| શિષ્ય પરંપરા | ૪૧૧ |
| શિહોરમાં મરૂદેવા ટૂંક | ૪૧૨ |
| સમ્મેતશિખરનો ૨૧મો જીર્ણોદ્ધાર | ૪૧૨ |
| પ્રભાવિક મહાજનો | ૪૧૩ |
| શેઠ મોતીશાહ | ૪૧૩ |
| શેઠ કલ્યાણજી કાનજી | ૪૧૭ |
| નગરશેઠ વખતચંદ | ૪૧૭ |
| શેઠ હઠીસિંહ કેશરીસિંહ | ૪૧૮ |
| શેઠાણી હરકોરબાઈ | ૪૨૦ |
| શેઠ જેસિંગભાઈ | ૪૨૦ |
| શેઠ ઉમાભાઈ | ૪૨૧ |
| વિક્રમશી ભાવસાર | ૪૨૧ |
| **પ્રકરણ ૬૯** | |
| પં૦ કીર્તિવિજયજી ગણી | ૪૨૩ |
| મુનિવરો | ૪૨૩ |
| શિષ્યો | ૪૨૩ |
| **પ્રકરણ ૭૦** | |
| પં૦ કસ્તુરવિજયજી ગણી | ૪૨૪ |
| મુનિ ચિદાનંદજી મહારાજ | ૪૨૪ |
| ધાકડી ગામે લક્ષ્મીચંદભાઈ | ૪૨૫ |
| **પ્રકરણ ૭૧** | |
| પં૦ મણિવિજયજી દાદા | ૪૨૬ |
| વિહારયાત્રા | ૪૨૬ |
| શિષ્ય પરિવાર | ૪૨૭ |
| આ૦ વિજયસિદ્ધિસૂરિદાદા | ૪૨૮ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# લેખકની કૃતિઓ...

પરમ પૂજ્ય મુનિરાજશ્રી દર્શનવિજયજી મહારાજ, પરમ પૂજ્ય શ્રી જ્ઞાનવિજયજી મહારાજ તથા પરમ પૂજ્ય મુનિરાજશ્રી ન્યાયવિજયજી મહારાજ સાહેબ દ્વારા લિખિત, સંપાદિત, પ્રેરિત, સંકલિત, પ્રકાશનો જે મુખ્યત્વે શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળાના નામે પ્રગટ થયેલ, તે સંવત ૧૯૮૦ થી ૨૦૨૫

## પુસ્તકોની યાદી

શ્રી આદિનાથ શકુનાવલી.
શ્રી મહાવીર જન્મોત્સવ.
રમલ પ્રશ્ન
લગ્ન પ્રશ્ન
પૂજાસંગ્રહ ( બે આવૃત્તિ )
વિવિધ પૂજાસંગ્રહ
દિવાળી પૂજન
પુરાણ વૈભવ
જૈન સમાજનો સિતારો
જૈનાચાર્યો
પ્રાકૃત લક્ષણ ( સંસ્કૃત )
વિશ્વરચના પ્રબંધ
દિનશુદ્ધિ–દીપિકા ( વિશ્વપ્રભા )
શ્રી મહાવીર જયંતિ પૂજા ( હિન્દી )
શ્રી અષ્ટપ્રકારી પૂજા પદ સંગ્રહ
શ્રી બૃહદ્ તીર્થપૂજા
શ્રી બૃહદ્ ધારણા યંત્ર
જૈન તીર્થોનો નકશો.
( ટૂંકી માહિતી સાથે )
શ્રી વિહાર દર્શન – ખંડ ૧–૨.
શ્રી વિહાર દર્શન – ખંડ ૩–૪
શ્રી જૈન તીર્થોનો ઇતિહાસ.
શ્રી પટ્ટાવલી સમુચ્ચય (પ્રથમો ભાગ)
શ્રી પટ્ટાવલી સમુચ્ચય (ભાગ બીજો)
શ્રી પટ્ટાવલી સમુચ્ચય (ભાગ ત્રીજો)
( જેનું મેટર લખાયેલ પ્રાપ્ય નથી )
શ્રી તપગચ્છ શ્રમણ વંશ–વૃક્ષ
( બે આવૃત્તિ )
શ્રી ચારિત્રવિજયજી–જીવન
શ્રી ચારિત્ર સ્તવનાવલિ
શ્રી ચારિત્ર પદ્માવલી–ગહૂંલી–સંગ્રહ.
શ્રી ચારિત્રવિજયજીનું હિન્દી ચરિત્ર.
ઐક્ય મનનીય પુસ્તિકા
શ્રી ચારિત્ર મંજરી
શ્વેતાંબર–દિગંબર ભાગ ૧–૨
જગદ્ગુરુશ્રી હીરવિજયસૂરિજીની
પૂજા સ્તવનાદિ સંગ્રહ
આર્યકાલક આલોચના
આદર્શ ગચ્છાધિરાજ
પર્વાધિરાજ પર્યુષણાહ્નિકા વ્યાખ્યાન
( સંસ્કૃત )
પર્વકથા સંગ્રહ ( સંસ્કૃત )
જૈન પર્વ તિથિનો ઇતિહાસ
વિ. સં. ૨૦૨૦નાં જૈન પર્વો
જિનગુણવાટિકા
સમય દર્શન ( વિવિધ વિધિઓ )
બારવ્રત ( ત્રણ આવૃત્તિ )
સિદ્ધચક્ર આરાધનાવિધિ

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધચક્ર મહાત્મ્ય
ક્ષત્રિય કુંડ
શ્રી જિન સ્તવનમાલા
શ્રી શ્રીધરચરિત્ર-મહાકાવ્યમ્ (સંસ્કૃત)
જિનવાણી (હિન્દી)
સામાયિક સૂત્ર (હિન્દી)
શ્રી સ્નાત્રપૂજા તથા શ્રી પાર્શ્વનાથ પૂજા (હિન્દી)
આદર્શ સાધુ (હિન્દી)
(શ્રીમદ્ ચારિત્રવિજયજી મ.નો પરિચય)
ઉત્તરાધ્યાન સૂત્ર
ધર્મ સંગ્રહ ભાષાન્તર.
જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ ૧
જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ ૨
જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ ૩
જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ ૪

卐 તેમજ તેઓશ્રીના લેખો, જૈન ધર્મ પ્રકાશ, જૈન આત્માનંદ પ્રકાશ, જૈન, જૈન સત્યપ્રકાશ, આદિ અનેક માસિકોમાં પ્રગટ થયેલ છે, જેનો સંગ્રહ જ ૨૭૦૦ થી ૩૦૦૦ પાના હશે.

卐 પૂજ્ય ત્રિપુટી મહારાજ દ્વારા સંગૃહીત પુસ્તકો તેમ જ વિશેષ સામગ્રી અમદાવાદમાં જૈન સોસાયટીમાં, શ્રી પ્રાચ્યવિદ્યા ભંડારમાં. પૂજ્ય ગુરુદેવશ્રી ચારિત્રવિજયજી મહારાજના નામે જ્ઞાનભંડાર સ્થાપેલ સં. ૨૦૦૨માં જે આજે બહુ જ મૂલ્યવાન સામગ્રીથી સભર છે. તેમ જ અમદાવાદ એલ. ડી.માં ને પાલિતાણે ગુરુકુલમાં પણ સંગ્રહ પડેલ છે. તે સર્વે એકત્ર કરવાથી ઉપયોગી પુરવાર થશે.

સ્વ. ત્રિપુટીજીએ પ્રથમ ભાગનો અકારાદિ અનુક્રમ (Index) તૈયાર કરેલ, અને બાકીના ભાગોનો તૈયાર કરવા ધારેલ. પણ તબિયતની પ્રતિકૂળતાના કારણસર કરી શક્યા ન હતા. તે પાંચે ભાગોની સંયુક્ત અકારાદિ ઇન્ડેક્સ એમની ભાવનાનુસાર તૈયાર કરીને જૈન પરંપરાનો ઇતિહાસના પાંચમા ભાગમાં આપવામાં આવશે. આ ઇન્ડેક્સમાં નીચે મુજબ વિભાગો પાડવામાં આવશે.

૧. તીર્થંકરો, તીર્થો, ગુફા, પવિત્ર ભૂમિ વગેરે સ્થળોનો નિર્દેશ, ૨. દેવ–દેવીઓ, ગણધરો, પટ્ટધરો, આચાર્યો, ૩. શ્રમણ–શ્રમણીઓ, શ્રાવક–શ્રાવિકાઓ, ૪. પંડિતો, કવિઓ, રાજાઓ, મંત્રીઓ શ્રેષ્ઠીવર્યો. ૫. અન્ય સંપ્રદાયના આચાર્યો–સંતો ૬. પરદેશીય મહાનુભાવો – અજૈન શ્રાવકો, ૭. વિવિધ વંશો, ગચ્છો, કુલો, ગણો, ગોત્રો, જ્ઞાતિઓ, પંથો. ૮. બિરુદો, ઉપનામો, ઓળખાણો. ૯. દેશો, નગરો, ગામો, પહાડો, નદીઓ, વનો, ઉપવનો. ૧૦. જૈન–અજૈન ગ્રંથો, આગમો, શાસ્ત્રો, પ્રકરણો, પુસ્તકો, લેખો, સામયિકો. ૧૧ સંવતો...વગેરે બાબતોની વિસ્તૃત યાદી તૈયાર કરવામાં આવશે અને તે પાંચમા ભાગમાં દાખલ કરવામાં આવશે. આ અંગેનું કાર્ય અત્યારે નિષ્ણાતો કરી રહ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

— ॥ वन्दे वीरं श्रीचारित्रम् ॥ —

# જૈન-પરંપરાનો ઇતિહાસ

## [ ભાગ ચોથો ]

### પ્રકરણ સત્તાવનમું

### ભટ્ટારક શ્રી વિજયદાનસૂરિ ( સં. ૧૫૯૬ થી ૧૬૨૨ )

❊

दुर्मनस्कमृगत्रासमृगारिर्मुनिपुङ्गवम् ।
श्रीमद् विजयदानाह्वं नत्वा सूरीश्वरं पुनः ॥

વિ. સં. ૧૬૧૭માં મહો. શ્રી ધર્મસાગર ગણી કૃત
' ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા ' મંગલાચરણ.

तस्स पक्के पुण अहिणवसूरो दूरट्ठिआण बहुलाबी ।
सिरिविजयदाणसूरी णामेण वि कुमयतममहणो ॥

— સં. ૧૬૨૯માં મહો. શ્રી ધર્મસાગર ગણી કૃત
' કુપક્ષકૌશિક સહસ્રકિરણ – પ્રવચન પરીક્ષા, ગા. ૪

तदनु विजयदानसूरिरासीदसीमोज्ज्वलमहिमनिधानम् ।
पयोधेर्वहनविलग्नां श्राविकामुद्दधार ॥

— સં. ૧૬૬૦માં મહો. શ્રી કીર્તિવિજય ગણી કૃત
' વિચારરત્નાકર-પ્રશસ્તિ ' શ્લો. ૮

તાસ પટ્ટોધર સુરતરુ એ મા૦, ગોયમ સમ અવતાર;
શ્રી વિજયદાનસૂરીસર એ મા૦, જિનશાસન શણગાર. સુણો૦

— સં. ૧૬૭૬માં આ. વિજયદેવસૂરિ આજ્ઞાવર્તી
પં. ધર્મદાસગણી કૃત ' સૂરત હીર વિહાર સ્તવન '

## ટૂંકો પરિચય

સં. ૧૫૫૩માં જામલાનગરમાં કરમિયાગોત્રના શા. જગમાલ ( ભામોશા ) વીશા ઓશવાલનાં પત્ની સૂર્યાદેવી ( ભ્રમાદે )ની કુક્ષીએ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમનો જન્મ૦, સં. ૧૫૬૨માં દીક્ષા, નામ મુનિ ઉદયધર્મ. સં. ૧૫...માં ઉપાધ્યાયપદ. સં. ૧૫૮૭માં શિરોહીમાં આચાર્યપદ, તથા ગચ્છનાયકપદ. નામ આ૦ વિજયદાનસૂરિ.

સં. ૧૫૯૯માં ભટ્ટારકપદ. સં. ૧૬૨૧-૨૨માં પાટણ પાસે વડાલી ગામમાં આરાધનાપૂર્વક સ્વર્ગગમન થયા હતા.

આ૦ વિજયદાનસૂરિને ગૃહસ્થપણામાં બીજા ૩ ભાઈઓ અને ૧ બહેન હતાં. તથા (૧) વિજય અને (૨) લક્ષ્મણ નામે બે ભાણેજો હતા.

તે ગણધર **ગૌતમસ્વામી** જેવા રૂપાળા, વિદ્વાન, ત્યાગી, તપસ્વી, મોટા વાદી, સિદ્ધાંતના પારગામી, તપાગચ્છમાં સૂર્યસમા, સમતાના સાગર, વૈરાગ્યના ભંડાર, અપ્રમાદી, જેમની સૌ કોઈ આજ્ઞા પાળે એવા અખંડ પ્રતાપી, નવકલ્પ વિહારી, તીર્થંકર ભગવાનની જેમ હિતોપદેશ દેનારા તેમ જ પરોપકારી હતા.

## વિકાસ-ઘટકો

### ગુરુદેવની મનોભાવનાનું પાલન

વૃદ્ધો જણાવે છે કે, આ૦ વિજયદાનસૂરિ ગુરુદેવની આજ્ઞાના પાલનમાં સદા તૈયાર રહેતા હતા. તે માટે કહેવાય છે કે—

“એક દિવસે સમુદાયની ગોચરી સમયે સૌ મુનિવરો ગોચરી લઈ આવ્યા. સૌએ આહાર કરી લીધો, પણ સૌની ગોચરી થઈ રહ્યા પછી ત્રણ મુનિઓ પણ મહામહેનતે વાપરી શકે એટલો આહાર વધ્યો. આ આહાર પતાવવો કેવી રીતે? આથી ગુરુદેવે સૌ મુનિવરોને જણાવ્યું કે, “આ આહાર પરઠવવો નથી, તેથી જે મુનિ એકલો જ આ આહાર વાપરી જાય તેને હું મનપસંદ કાંબળી આપીશ.”

પં. ઉદયધર્મ (પં. દાનવિજય ગણી) ગુરુદેવની ઇચ્છા પ્રમાણે એકલા જ એ આહાર વાપરી ગયા. પછી બીજે દિવસે સવારે તેમણે ગુરુદેવ પાસે આવી ત્રણ ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું.

ગુરુદેવે ચોથે દિવસે તેમને પારણું કરાવી કહ્યું: “બોલ; તારે કેવી કાંબળી જોઈએ?”

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પં૦ ઉદયધર્મ બે હાથ જોડી બોલ્યા, "ગુરુદેવ ! આપની કૃપા છે, તે જ મારે મન બધું છે. આ આહાર કાંબળી માટે વાપર્યો નથી. આપની ઇચ્છા હતી કે આ આહાર પરઠવવો નથી, આથી જ મેં આપની એ ઇચ્છા જાણીને જ આહાર વાપર્યો છે. બાકી કપડાં, કાંબળી, પુસ્તક કે પાનાંપોથી અને આહાર એ સૌ આપની કૃપામાં જ રહેલાં છે, મારે કાંબલીની જરૂર નથી."

## પદવીઓ —

ગુરુદેવે પ્રસંગ આવતાં તેમને ગણી–પંન્યાસ બનાવ્યા, તેમજ ઉપાધ્યાય ઉદયધર્મગણિ પણ બનાવ્યા.

## ક્રિયોદ્ધાર –

તપાગચ્છના આ૦ આણંદવિમલસૂરિવરે પોતાની સાથેના ઋષિ-મુનિવરો સાથે સં. ૧૫૮૨ના વૈ૦સુ૦ ૩ ના રોજ વડાલીમાં ક્રિયોદ્ધાર કરી, સંવેગીમાર્ગનો સ્વીકાર કર્યો. ઉપા૦ ઉદયધર્મ ગણિવરે પણ તે સમયે ગુરુદેવની સાથે જ ક્રિયોદ્ધાર કરી સંવેગી માર્ગ આદર્યો હતો.

ઉપા૦ ઉદયધર્મગણીએ જાવજ્જીવ સુધી દૂધ, દહીં, ઘી, તેલ, મીઠાઈ ( ગળપણ ), તેલની વસ્તુઓ કડા–વિગઈ ( તળેલી ) વસ્તુઓ વગેરેનો ત્યાગ કર્યો હતો.

## બીજા સહયોગીઓ –

તપાગચ્છની સોમશાખાના ભટ્ટારક સૌભાગ્યહર્ષસૂરિ વીસ-નગરથી અને ઉપકેશગચ્છની દ્વિવંદનીક–શાખાના ઉમરેઠની ગાદીના ભટ્ટારક આ૦ કક્કસૂરિ બારેજાથી આ ક્રિયોદ્ધારમાં જોડાવા માટે વડાલી આવ્યા હતા, પણ તેઓ પોતપોતાની ગાદીએ પાછા ચાલ્યા ગયા. આ પૈકીના આ૦ કક્કસૂરિ ક્રિયોદ્ધાર કરવાની તીવ્ર ભાવના-વાળા હતા. તેમણે ઉમરેઠ જઈ જેમ બને તેમ વહેલા ગાદી છોડી, ક્રિયોદ્ધાર કરી, સંવેગી બની શકાય એવી યોજના ઘડી.

આ૦ આણંદવિમલસૂરિ અને ઉપા૦ ઉદયધર્મગણી વગેરે ક્રિયોદ્ધાર કરી, વડાલીથી વિહાર કરી ચિત્તોડ પધાર્યા. તેમણે ત્યાં દોશી કર્માશાહ ઓશવાલને ભાવવાહી ઉપદેશ આપી શત્રુંજય-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તીર્થનો મોટો ઉદ્ધાર કરવા માટે વધુ ઉત્સાહિત કર્યો. ઉપા૦ ઉદય-ધર્મગણિ ચિત્તોડથી વિહાર કરી, મગશી પાર્શ્વનાથની યાત્રા કરી, માંડવગઢમાં સં૦ ૧૫૮૩નું ચાતુર્માસ કરી, ગોધરા વગેરે પ્રદેશોમાં થઈ ગુજરાતના ઉમરેઠ ગામ પધાર્યા. તેમણે અહીં ભટ્ટારક કક્કસૂરિને ક્રિયોદ્ધાર કરી આત્મકલ્યાણ માટે ઉપદેશ આપ્યો. આથી ભટ્ટા૦ કક્કસૂરિએ ઉપા૦ ઉદયધર્મગણિના ઉપદેશથી સંવેગ પામી, ઉમરેઠની ગાદી છોડી, ઉપા૦ ઉદયધર્મગણિવરની ઉપસંપદા સ્વીકારી, ક્રિયોદ્ધાર કરી, સંવેગીપણું અંગીકાર કર્યું. ઉપાધ્યાયજીએ તેમને પોતાના શિષ્ય બનાવી તેમનું નામ મુનિરાજવિજય રાખ્યું.

## ગચ્છનાયકની પદવી —

ભટ્ટા૦ આણંદવિમલસૂરિએ સં૦ ૧૫૮૭માં શિરોહીમાં ઉપા૦ ઉદયધર્મગણીને આચાર્યપદ આપ્યું. સાથોસાથ શાસનદેવે ભટ્ટા૦ હેમવિમલસૂરિને આપેલા સંકેત મુજબ દ+આ+ન અક્ષરો જોડી તેની પાછળ વિજય શબ્દ જોડી આ૦ વિજયદાનસૂરિ નામ રાખી પોતાની પાટે તપાગચ્છના નાયક તરીકે સ્થાપન કર્યા. તે આજથી ગચ્છનાયક આ૦ વિજયદાનસૂરિ બન્યા. ત્યાંથી વિહાર કરી તેઓ શત્રુંજય તીર્થની યાત્રાએ પધાર્યા અને સં. ૧૫૮૭ના વૈ૦ વ૦ ૬ના રોજ દોશી કર્માશાહે શત્રુંજય મહાતીર્થનો સોળમો ઉદ્ધાર કર્યો, તેમાં હાજર રહ્યા.

## બે પટ્ટધરો —

(૧) ભટ્ટા૦ આણંદવિમલસૂરિએ સં૦ ૧૫૯૧માં ગુજરાત–પાટણના મણિયાતીપાડાના જૈન ઉપાશ્રયમાં પં૦ રાજવિજયગણીને આચાર્યપદ આપી, વિજયરાજસૂરિ નામ રાખી, ૫૭મા ગચ્છનાયક આ૦ વિજયદાનસૂરિની પાટે ૫૮મા ગચ્છનાયક તરીકે સ્થાપિત કર્યા.

(૨) આ૦ વિજયદાનસૂરિએ સં૦ ૧૫૯૬ના કાર્તિક વદિ ૨ ના રોજ પાટણમાં ગુરુદેવની વિદ્યમાનતામાં પાલનપુરના શા૦ હીરજી ઓશવાલને દીક્ષા આપી મુનિ હીરહર્ષ નામ રાખી પોતાના શિષ્ય બનાવ્યા.

ભટ્ટા૦ આણંદવિમલસૂરિનું તે પછી સં૦ ૧૫૯૬ના ચૈત્ર સુદિ ૭

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

ને રોજ અમદાવાદમાં સ્વર્ગગમન થયું. આ૦ વિજયદાનસૂરિએ ગચ્છનાયક તરીકેની બધી જવાબદારી સંભાળી લીધી.

તેમણે મુનિ હીરહર્ષને બધી રીતે યોગ્ય જાણી સં. ૧૬૦૭માં નાડલાઈમાં ગણી–પંન્યાસપદ તથા સં. ૧૬૦૮ના મહા સુદિ ૫ ને રોજ નાડલાઈમાં ઉપાધ્યાય બનાવ્યા. તે પછી તપાગચ્છના ગીતાર્થ મુનિવરો અને શ્રમણસંઘની વિનંતિથી ઉપા૦ હીરહર્ષ ગણીને આચાર્ય બનાવી આ૦ હીરવિજયસૂરિ નામ રાખી, પોતાની પાટે બીજા ૫૮મા ગચ્છનાયક તરીકે સ્થાપન કર્યા.

આ રીતે ભટ્ટા૦ વિજયદાનસૂરિની પાટે (૧) આ૦ વિજયરાજ-સૂરિ અને (૨) વિજયહીરસૂરિ – એમ બે ગચ્છનાયક બન્યા.

આગમવાચના –

આ૦ વિજયદાનસૂરિ વિદ્વાન હતા. તેમજ મોટા વાદી હતા. મોટા મોટા વાદીઓ પણ તેમનું નામ સાંભળી ચુપ થઈ જતા.

તેઓ પોતાના પરિવારના બધા મુનિઓને ભણાવતા હતા. જિનાગમની વાચના દેતા હતા. મહો૦ ધર્મસાગર ગણી, મહો૦ રાજ-વિમલગણી, આ૦ વિજયહીરસૂરિ વગેરે સૌ તેમની પાસે જિનાગમો ભણ્યા હતા. આ૦ વિજયદાનસૂરિ વાચનામાં આગમોના પાઠ શુદ્ધ કરતા હતા. તેમણે આ રીતે અગિયાર–અંગોને ઘણીવાર શુદ્ધ કર્યાં હતા.

તેમણે ગુજરાત, સૌરાષ્ટ્ર, ગોલવાડ, મારવાડ, માળવા, મેવાડ અને કોંકણ વગેરે દેશોમાં વિહાર કર્યો હતો, તેમ જ ખંભાત, ગંધાર પાટણ, સિદ્ધપુર, વિજાપુર, દેવકી પાટણ અને નાગોર વગેરે સ્થાનોમાં આગમોની વાચના આપી ગીતાર્થો પાસે ૪૫ આગમો શોધાવ્યાં હતાં.

પટ્ટક –

(૧) આ૦ વિજયદાનસૂરિએ શ્રમણસંઘ – જૈનશાસનનું મજબૂત એકમ બનાવી રાખવા માટે સાત બોલનો પટ્ટક બનાવ્યો અને તેનો પૂરો અમલ કરાવ્યો.

(૨) જગદ્‌ગુરુ આ૦ વિજયહીરસૂરિએ આ પટ્ટકની પૂરી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમજૂતી માટે ૧૨ બોલનો પટ્ટક બનાવી તેનો અમલ કરાવ્યો.

(૩) પં૦ સત્યવિજયગણીએ સં૦ ૧૭...માં સંવેગી સાધુ-સાધ્વી યોગ્ય પટ્ટકમાં લખ્યું છે કે – "આ૦ વિજયદાનસૂરિએ સાત બોલનો પટ્ટક બનાવ્યો હતો."

## પ્રતિષ્ઠાઓ –

આ અરસામાં મુસલમાનોએ ધર્માન્ધતાથી ઘણાં હિંદુ તીર્થો, જૈન તીર્થો, હિંદુ દેવળો, જિનાલયો તથા શૈવ–વૈષ્ણવ પ્રતિમાઓ અને જૈન પ્રતિમાઓને ખંડિત કર્યાં હતાં.

આ૦ વિજયદાનસૂરિના ઉપદેશથી ઉપર્યુક્ત ક્ષતિને પહોંચી વળવા ઠેર ઠેર જૈન તીર્થો, જિનાલયોના જીર્ણોદ્ધારો થયા. નવાં જિનાલયો બન્યાં તેમ જ ઘણી જિનપ્રતિમાઓની અંજનશલાકા (પ્રાણપ્રતિષ્ઠા), ગાદી પ્રતિષ્ઠા વગેરે થયાં હતાં.

તેમણે હાડોતી દેશ, ઢુંઢાર પ્રદેશ, કચ્છ દેશ, માળવા દેશ, સૌરાષ્ટ્ર તથા લાટ (ગુજરાત) પ્રદેશના નગરોમાં ઘણી જિન-પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી. એ રીતે શત્રુંજય મહાતીર્થ, ખંભાત, અમદાવાદ, પાટણ, મહેસાણા, ગંધાર બંદર વગેરે સ્થળે મોટા ઉત્સવો સાથે ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.

શ્રી શત્રુંજય મહાતીર્થમાં મુક્તાઘાટ, યાત્રાસંઘો, ચાતુર્માસ તથા જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ સં૦ ૧૫૮૭ના વૈ૦ વ૦ ૬ ને રવિવારે ધન લગ્નમાં, શુદ્ધ નવાંશમાં સવારે બ્રાહ્મ મુહૂર્તમાં ચિત્તોડના દોશી કર્માશાહ ઓશવાલે કરાવી શત્રુંજય મહાતીર્થનો સોળમો મોટો ઉદ્ધાર કરાવ્યો. તપાગચ્છની વડી પોષાળના આ૦ વિજયધર્મસૂરિના શિષ્ય આ૦ વિદ્યામંડનસૂરિના હાથે ભ૦ આદીશ્વરની પ્રતિષ્ઠા કરાવી ત્યારે આ૦ આનંદવિમલસૂરિ વિદ્યમાન હતા અને આ૦ વિજયદાન-સૂરિ પણ તે તીર્થમાં હાજર હતા.

એ પછી આ૦ વિજયદાનસૂરિ અને આ૦ વિજયહીરસૂરિએ સં. ૧૬૧૫ થી ૧૬૨૦ના ગાળામાં શત્રુંજય તીર્થમાં ઘણાં જિનાલયો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી, જેની ટૂંકી નોંધ આ પ્રમાણે છે —

અમદાવાદના શાહ દેધર શ્રીમાલીના વંશમાં સંઘપતિ સુહિજપાલ (ભાર્યા મંગુ)ને સં૦ કુંઅરજી નામે પુત્ર હતો, જેને પદ્મા નામે પત્ની અને વિમલદાસ નામે પુત્ર હતો, એ સૌ ધર્મપ્રેમી હતાં.

(– પ્રક૦ ૪૫, પૃ૦ ૩૪૪, ૩૪૫)

સં૦ કુંઅરજીએ સં૦ ૧૬૧૫ ના શ્રા૦ સુ૦ ૨ ને રોજ શત્રુંજય-તીર્થમાં મોટી ટૂંકમાં મુખ્ય તીર્થપ્રાસાદની જમણી બાજુએ મોટો જિનપ્રાસાદ બનાવ્યો અને સં૦ ૧૬૧૯–૨૦માં ભટ્ટા૦ વિજયદાનસૂરિ તથા આ૦ વિજયહીરસૂરિ વગેરેની અધ્યક્ષતામાં છ'રી પાળતો મોટો શત્રુંજયનો યાત્રાસંઘ લઈ જઈ એ નવા જિનપ્રાસાદની તેમના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી.

આ પ્રતિષ્ઠા–ઉત્સવમાં સં૦ કુંઅરજી, તેની પતિવ્રતા સતી સૌભાગ્યવતી ભાર્યા પદ્મા, પુત્ર વિમલદાસ, સંઘવણ પદ્માના ભાઈઓ – (૧) મેઘો, (૨) શુભરાજ, (૩) લખરાજ વગેરે, સં૦ કુંઅરજીના મોસાળના સં૦ સેનો, તેની ભાર્યા ખીમી (અમરી), સં૦ કુંઅરજીની માસી વશી વગેરે સૌ પરિવાર હાજર હતો. આ સૌ તપાગચ્છના ઉપાસકો હતા.

(–શત્રુંજય તીર્થનું હસ્તલિખિત વર્ણન, પ્રક૦ ૪૫, પૃ૦ ૩૪૪)

મુક્તાઘાટ —

અમદાવાદનો (૧૧ મો) બાદશાહ મહમ્મદખાન, (૧૨ મો) અહમ્મદ અને (૧૩ મો) મુજફ્ફર ત્રીજો (સં૦ ૧૫૯૪ થી ૧૬૨૮) – એ ત્રણેના મંત્રી ગલરાજે ભટ્ટા૦ વિજયદાનસૂરિના ઉપદેશથી સં૦ ૧૬૧૯–૨૦માં શત્રુંજયતીર્થનો મુક્તાઘાટ કરાવ્યો હતો. એટલે અમુક કાળ સુધી રાજ્ય તરફના લાગા, મુંડકાવેરો, જકાત, લગાન વગેરે માફ કરાવ્યા હતા.

(પ્રક૦ ૪૪, પૃ૦ ૨૧૬)

તેણે ભારતનાં દરેક સ્થાનોમાં આમંત્રણ પત્રિકાઓ મોકલી, બધા ય જૈન સંઘોને એકત્ર કરી, સંઘપતિ બની શત્રુંજય મહા-

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

તીર્થનો 'છ'રી પાળતો સંઘ' કાઢ્યો. આ સંઘ ભટ્ટા૦ વિજયદાનસૂરિ, આ૦ વિજયહીરસૂરિ, બાલમુનિ જયસિંહ વિમલજી વગેરે ચતુર્વિધ સંઘ સાથે હતો. તેણે શત્રુંજયતીર્થને મોતીઓના ફળથી અને અક્ષતોથી વધાવ્યો હતો અને સાથેના સૌ નાના સંઘો તથા યાત્રાળુઓને યાત્રા કરાવી હતી.

(—તપાગચ્છ પટ્ટાવલી ગાથા ૧૯ની સંસ્કૃત ટીકા, હીર–સૌભાગ્ય મહાકાવ્ય સર્ગ ૪, શ્લો૦ ૧૪૭ ની સ્વોપજ્ઞ ટીકા)

અમદાવાદના સં૦ કુંઅરજી શ્રીમાલી, ગંધારના શા૦ રામજી, ગંધારીઓ વગેરે ઘણા સંઘવીઓ પોતપોતાના નાના સંઘો લઈ અમદાવાદ, ઘોલેરા કે પાલિતાણા આવી આ સંઘ સાથે મળી ગયા હતા. સંભવ છે કે આ યાત્રિકસંઘ પાલિતાણામાં એક વર્ષથી વધુ કાળ સુધી રહ્યો હોય. તે દરમિયાન અહીં ઘણી નવી દેરીઓ બની અને ઘણી જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા થઈ.

## પ્રતિષ્ઠાઓ —

સં૦ ૧૬૧૯–૨૦ ની સાલમાં તપાગચ્છના ભટ્ટા૦ વિજયદાનસૂરિ અને આ૦ વિજયહીરસૂરિના હાથે શત્રુંજયતીર્થમાં ઘણી નવી દેરીઓ બની, જૂની દેરીઓનો જીર્ણોદ્ધાર થયો અને જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ થઈ તે આ પ્રમાણે છે.—

(૧) સં૦ ૧૬૨૦ ના વૈ૦ સુ૦ ૨ ના દિવસે ગંધારના શેઠ આભૂ પોરવાડના વંશના ગંધારના વ્યવ૦ પરવતના પુત્ર વ્ય૦ કોકા શાહના પુત્ર વ્ય૦ પોઈઆ (વોઈઆ)ની દેરીની પ્રતિષ્ઠા. (—પ્રક૦ ૪૫, પૃ૦ ૩૫૬)

(૨) સં૦ ૧૬૨૦ ના વૈ૦ સુ૦ ૫ ને ગુરુવારે અમદાવાદના દીશાવાલ જ્ઞાતિના મહં વણાઈગના પુત્ર મહં ગલા (ગલરાજ) મહેતા, તેની પત્ની મંગુ અને પુત્ર વીરદાસ વગેરે કુટુંબ પરિવારની ભ૦ આદીશ્વરની દેરીની પ્રતિષ્ઠા. (પ્રક૦ ૪૪, પૃ૦ ૨૧૬)

(૩) સં૦ ૧૬૨૦ના વૈ૦ સુ૦ ૫ ને ગુરુવારે ગંધારના વ્ય૦ સમરિયા (સમરા શાહ) પોરવાડની ભ૦ શાંતિનાથની દેરીની પ્રતિષ્ઠા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) સં૦ ૧૬૨૦ ના વૈ૦ સુ૦ ૫ ને ગુરુવારે ગંધારના પરીખ દેવા શ્રીમાલીના પુત્ર સુથા શ્રીમાલી તથા ગંધારના ગુર્જર શ્રીમાલી દોશી શ્રીકરણની ભાર્યા અમરી અને પુત્ર દોશી હંસરાજની ભ૦ આદીશ્વરની દેરીની પ્રતિષ્ઠા.

(૫) અમદાવાદના સં૦ કુંઅરજી શ્રીમાલીએ સં૦ ૧૬૧૫માં બનાવેલા જિનપ્રાસાદની સં૦ ૧૬૨૦માં પ્રતિષ્ઠા. (–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૪૪–૩૪૫)

(૬) સં૦ ૧૬૨૦ના વૈ૦ સુ૦ ૫ ને ગુરુવારે ગંધારના સંઘવી શા૦ જાવડશાહ પોરવાડના પુત્ર સીપા (શ્રીપાલ) તેની ભાર્યા ગીસુના પુત્રો (૧) જીવંત, (૨) કાઉજી અને (૩) સં૦ આદૂ વગેરે પરિવારની ભ૦ પાર્શ્વનાથની દેરીની પ્રતિષ્ઠા.

(૭) સં૦ ૧૬૨૦ના અષાડ સુદિ ૨ ને રવિવારે ગંધારના દોશી ગોઈયાના પુત્ર દો૦ તેજપાલની ભાર્યા ભોટકીના પુત્રો દો૦ પંચાણ, દો૦ ભીમજી, દો૦ નાનજી અને દો૦ દેવરાજની ભ૦ મહાવીરસ્વામીની દેરીની પ્રતિષ્ઠા.

(૮) સં૦ ૧૬૨૦ના આસો વદિ ૯ ને શનિવારે અમદાવાદના દોશી રાજપાલ શ્રીમાલીની શત્રુંજયતીર્થમાં મોટી ટૂંકની ભમતીમાં છેલ્લી ભ૦ મુનિસુવ્રતસ્વામીની દેરીની પ્રતિષ્ઠા. (–શત્રુંજયતીર્થનું હસ્તલિખિત મોટું વર્ણન)

(૯) સં૦ ૧૬૨૦ના કા૦ સુ૦ ૨ ના દિવસે ગંધારના શા૦ પાસવીર શ્રીમાલીના પુત્ર વર્ધમાન શ્રીમાલીના પુત્રો (૧) રામજી ગંધારીઓ, (૨) હંસરાજ અને (૩) મનજી વગેરેના શત્રુંજય તીર્થમાં ભંડારની ઓરડી પાસે બનાવેલ ભ૦ શાંતિનાથ ચતુર્મુખ જિનાલયની પ્રતિષ્ઠા.

(–એપિગ્રાફિકા ઈંડિકા ભા. ૨ જો, પૃ૦ ૪૭ થી ૫૦; શ્રી જિનવિજયજી સંપાદિત "પ્રાચીન જૈન લેખસંગ્રહ" ભા૦ ૨, લેખ નં૦ ૪ થી ૧૦;
નગરશેઠ નગીનદાસ હેમાભાઈ અને શેઠ મયાભાઈ પ્રેમાભાઈની વિનંતીથી કોઈ મુનિશ્રીએ તૈયાર કરેલ શત્રુંજયતીર્થનું હસ્તલિખિત મોટું વર્ણન ફોર્મ; અરવિંદ બી.એ.નો "પ્રાગ્વાટ ઇતિહાસ" ખંડ ૩, પૃ૦ ૨૯૪)


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વિશેષ નોંધ—

ઉપરના શિલાલેખોને ગંભીરતાથી વિચારીએ તો નીચેની બાબતો વિશેષ જાણવા મળે છે.—

(૧) ભટ્ટા૦ વિજયદાનસૂરિ અને આ૦ વિજયહીરસૂરિ વગેરે સં૦ ૧૬૨૦ના શેષ કાળમાં તેમ જ ચોમાસામાં પાલિતાણામાં વિરાજમાન હતા.

(૨) ત્યારે હિંદમાં મોગલ રાજ્ય હતું. તેના ફરમાનોમાં મુખ્યતાએ ચૈત્રાદિ વિક્રમ સંવતની નોંધ મળે છે. તો સંભવ છે કે, ઉક્ત શિલાલેખોમાં એ જ રીતે ચૈત્રાદિ (હિંદી) વિક્રમસંવત લખાયો હોય અર્થાત્ આ શિલાલેખોમાં જે સંવત છે તે ચૈત્રાદિ વિક્રમસંવત છે.

(૩) શત્રુંજયતીર્થમાં સં૦ ૧૬૨૦ના વૈશાખ, આષાઢ, શ્રાવણ, આસો અને કાર્તિક મહિનાઓમાં દેરીઓ તથા જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા થઈ છે.

(૪) સંભવ છે કે, "કાર્તિક મહિનામાં પણ શત્રુંજયતીર્થની ઉપર જવાની પ્રવૃત્તિ હોય."

(૫) કદાચ આપત્તિકાળના કારણે આ બધું અપવાદરૂપે પણ હોય.

---

### સંપાદકની ખાસ નોંધ.

પૂ. શ્રી ત્રિપુટી મહારાજે ઉપરની નોંધમાં ૩જી કલમમાં શ્રાવણ આસો કાર્તિક મહિનાના શિલાલેખો હોવાની વાત જણાવી છે.

તે પરથી જુગજૂની ચાલી આવતી ચોમાસામાં ગિરિરાજની યાત્રા કે ગિરિરાજ પર ચઢવાના નિષેધ સાથે વ્યાઘાત ઊભો થવાની શંકાથી ૪ થી અને ૫ મી કલમ લખી છે.

પણ હાલમાં તાજેતરમાં પૂ. આગમોદ્ધારક આ૦ શ્રી આનંદસાગરસૂરિના શિષ્યરત્ન પૂ૦ આ૦ શ્રી કંચનસાગરસૂરિ મ૦શ્રીએ વર્ષોની ખંતભરી મહેનત ઉઠાવી તનતોડ શ્રમ કરી શ્રી સિદ્ધાચલમહાતીર્થપર કલાકો ગાળી ખૂણે-ખાંચરે ફરી ફરીને એક એક જિન પ્રતિમાઓ, શ્રી સિદ્ધચક્રજી, દેરીઓ અને ભીંત કે થાંભલાના નાનામોટા બધા લેખો ઉતારી વ્યવસ્થિત કરી શ્રી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શત્રુંજય તીર્થ દર્શન – ( પ્રકા૦ શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા, કપડવંજ )માં પરિશિષ્ટ ૧માં પા૦ ૧ થી ૧૧૦માં ૫૦૦ શિલાલેખો સંસ્કૃત મોટા શિલાલેખોના ગુજ૦ ભાષાંતર સાથે આપ્યા છે.

તે બધાનો અભ્યાસ કરતાં એક પણ પાષાણની જિન—પ્રતિમાજી પર અષાડ સુ૦ ૧૪ થી કા૦ સુ૦ ૧૪ દરમ્યાન પ્રતિષ્ઠાનો લેખ નથી.

ફક્ત વિરલ અપવાદ તરીકે બે-ચાર ધાતુમૂર્તિ અને શ્રી સિદ્ધચક્રજી ગટ્ટા પર શ્રાવણ, આસો અને કારતક સુદના લેખો છે.

તે માટે જ્ઞાની મહાપુરુષોનાં ચરણોમાં બેસી વિચારતાં સમજાય છે કે ચોમાસા દરમ્યાન પોતાના ગામમાં અંજનશલાકા કરાવી અહીં પધરાવ્યા હોય.

વળી તે લેખોમાં સિદ્ધગિરિનો ઉલ્લેખ પણ નથી, તે પરથી તે પ્રતિષ્ઠા ચોમાસામાં ગિરિરાજ પર જઈને કરી હોય તેવું માની શકાય તેમ નથી.

વળી શ્રાવણ, આસોના બે ત્રણ લેખો દેરી પર મળે છે. તેનો સંબંધ ગિરિરાજની ચોમાસાની યાત્રા સાથે સંભવિત નથી.

એ તો જીર્ણોદ્ધાર.નું કામ ચાલતું હોય ને કો'ક પુણ્યવાનને પોતાના તરફથી લાભ લેવા ભાવના જાગી હોય તે નામ લખાવે.

તેથી ચોમાસામાં ગિરિરાજની યાત્રાનું સમર્થન થતું નથી.

એટલે પૂ૦ ત્રિપુટી મહારાજ સામે બધા શિલાલેખો ન હોઈ તેમણે આપવાદિક કે મુગલકાળની વિષમતાની કલ્પના આગળ કરી કદાચ કાર્તિકમાં શત્રુંજયની યાત્રા અગર આપવાદિક રીતે ચોમાસામાં પ્રતિષ્ઠાની વાત રજૂ કરી છે.

પણ હકીકતે ઉપર લખ્યા મુજબ અષાડ સુદ ૧૪ થી કા૦ સુ૦ ૧૪ સુધીમાં એકપણ પાષાણની જિનપ્રતિમાની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ શિલાલેખોમાં નથી જ.

એટલે ચોમાસામાં ગિરિરાજની યાત્રા ન થાય એ ચાલી આવતી જુગજૂની પરંપરા પર હાલમાં કેટલાક ત્યાગી વર્ગ તરફથી પણ ચોમાસામાં ગિરિરાજ પર પ્રતિષ્ઠાના શિલાલેખોના નામે ભ્રમ ફેલાવાય છે તે વાજબી નથી.

તા૦ ક૦ શિલાલેખોમાં અષાડ વદના કેટલાક શિલાલેખો પાષાણના પ્રતિમાજી પર મળે છે. પણ તે પ્રતિષ્ઠા કરાવનાર આચાર્ય–ગૃહસ્થો મારવાડ તરફના છે એટલે મારવાડી રીત પ્રમાણે અષાડ વદ–જેઠ વદ જાણવી.

તેથી અષાડવદના શિલાલેખોથી અષાડ સુદ ૧૫ પછી ગિરિરાજ પર પ્રતિષ્ઠા થયાના ભ્રમમાં કોઈ ન પડે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## મહેસાણામાં જિનપ્રતિષ્ઠા —

ભટ્ટા૦ વિજયદાનસૂરિના શિષ્ય મહો૦ વિમલહર્ષ ગણીના શિષ્ય મુનિ વિમલજીએ સં૦ ૧૬૧૯માં મહેસાણામંડન ભ૦ ઋષભદેવ-સ્વામીનું સ્તવન ( કડી ૩૩ ) બનાવ્યું છે તેમાં લખે છે કે —

" સંઘપતિ ભોજાએ મહેસાણામાં ભ૦ શ્રી. ઋષભદેવનો જિન-પ્રાસાદ બનાવ્યો, જેમાં ચાર ગભારા બનાવ્યા હતા. ભટ્ટા૦ વિજય-દાનસૂરિએ સં૦ ૧૬૧૯ના વૈ૦ સુ૦ ૨ ને દિવસે તે જિનપ્રાસાદની તથા તેના તે ચાર ગભારામાં અનુક્રમે (૧) મૂળ ગભારામાં સં૦ ભોજાએ ભરાવેલ ભ૦ શ્રેયાંસનાથની પ્રતિમા 'ની ( ૨–૩ ) સં૦ ભોજાએ ભરાવેલ. ' ભ૦ શાંતિનાથની બે પ્રતિમા 'ની અને (૪) સં૦ વેગોડે ભરાવેલ ' ભ૦ શ્રેયાંસનાથની પ્રતિમા 'ની તથા શિખરવાળી ૨૪ દેરીઓની અને બીજી ૪૨૯ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.

( – જૈન સત્ય પ્રકાશ, ક્ર૦ ૮૭. )

(૧) ભટ્ટા૦ વિજયસેનસૂરિના આજ્ઞાધારી મુનિ શ્રી. વિમલે ' શ્રીપાલ રાજાની સજ્ઝાય ' કડી ૧૨ પણ બનાવી.

( સજ્ઝાયમાલા )

## મહાપ્રતિષ્ઠા —

તપાગચ્છના વિજયદાનસૂરિશાખાના ૬૬મા ભ૦ વિજયલક્ષ્મી-સૂરિ જણાવે છે કે —

કલશ – ૧ " " એમ વીર જિનવર પ્રમુખ કેરા અઢી લાખ ઉદાર એ;
જિન બિંબ સ્થાપી સુજસ લીધો દાનસૂરિ સુખકાર એ.

---

૧. ભટ્ટા૦ વિજયલક્ષ્મીસૂરિએ સં. ૧૯૨૭ના સુદિ ૮ ને દિવસે શ્રી૦ ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદનસ્વામી, સુમતિ-નાથ, મુનિસુવ્રતસ્વામી, નમિનાથ, નેમનાથ અને શ્રી૦ પાર્શ્વનાથએ ૧૦ તીર્થંકરોના ૧૧ કલ્યાણકોના દિવસે જ્ઞાન-દર્શન-ચારિત્રસંવાદ ગર્ભિત ભ૦ મહાવીરસ્વામીનું સ્તવન ઢાળ : ૮ બનાવ્યું છે, તેનો આ ' કલશ ' છે.

૨. નાગેન્દ્રગચ્છના આ૦ મલ્લિષેણસૂરિએ પોતાના " ગુરુદેવ આ૦ ઉદયપ્રભસૂરિ "ના નામને જ મહામંત્ર બતાવ્યો છે.

જૈન પરંપરાનો ઇતિહાસ પ્રક૦ ૩૫ પૃ. ૭

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

તાસ પાટ પરંપર તપાગચ્છે સૌભાગ્યસૂરિ ગણધાર એ;
તાસ શિષ્ય લક્ષ્મીસૂરિ પભણે સંઘને જય જયકાર એ. [૧]

એટલે કે ભટ્ટા૦ વિજયદાનસૂરિએ ભ૦ મહાવીરસ્વામી વગેરે તીર્થંકરોની લગભગ અઢી લાખ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.

## ગુરુનામ—મંત્રપ્રભાવ –

યક્ષરાજ મણિભદ્ર મહાવીર ભટ્ટા૦ વિજયદાનસૂરિ ઉપર પ્રસન્ન હતા. તેણે ભટ્ટારકજીને જણાવ્યું કે, "આપ પોતાની પાટે વિજય-શાખાવાળા આચાર્ય બનાવજો." આથી જ તેમણે પોતાની પાટે (૧) વિજયરાજસૂરિ અને (૨) વિજયહીરસૂરિ – એમ બે આચાર્યો બનાવ્યા હતા.

એક જૈન બાલિકા એક દિવસે અકસ્માત સમુદ્રમાં પડી. તેણે પડતી વખતે શબ્દો ઉચ્ચાર્યા કે, "મને ગુરુદેવ વિજયદાનસૂરિનું શરણ હજો." બસ, ક્ષણવારમાં તે બાલિકા પાણી ઉપર તરી આવી. શાસનદેવે તે બાલિકાને આબાદ બચાવી લીધી. આ રીતે "વિજય-દાનસૂરિ" એ નામ 'મહામંત્ર' જેવું મનાતું હતું. [૨]

जैन साइट JAINSITE

મહો૦ કીર્તિવિજય ગણિવર સ્વાનુભવ જણાવે છે કે —

तदनु विजयदानः सूरिरीसीदसीमो —
उज्ज्वल—महिमनिधीनं सर्वसाधुप्रधानम् ।
त्रिदश इह यदंघ्रिद्वन्द्वभक्तां पयोधे —
र्वहनविलय विलग्नां श्री चिमामुद्दधार ॥

(– સં૦ ૧૬૯૦ મહો૦ કીર્તિવિજયગણીકૃત 'વિચારરત્નાકર પ્રશસ્તિ' શ્લો૦ ૮, – પ્રક૦ ૫૫, )

## સ્વર્ગગમન

ભટ્ટા૦ વિજયદાનસૂરીશ્વરજી સં૦ ૧૬૨૧–૨૨માં ગુજરાતના પાટણ પાસેના વડલી ગામમાં અંતિમ આરાધના કરી કાળધર્મ પામી સ્વર્ગે ગયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાટણ પાસે સહસ્રલિંગ તળાવ છે. તેની પાસે જ વડનાં વૃક્ષોવાળું વડલી ગામ હતું. આજે એ તળાવ નથી, માત્ર તેનાં સ્મૃતિચિહ્ન છે, વડલી ગામ પણ નથી.

ત્યાંની જનતાએ પાટણથી ૧૫ માઈલ દૂર વડાવલી ગામ વસાવ્યું છે, જે અર્વાચીન ને વિદ્યમાન છે. અહીં શ્વેતાંબર જૈનોનાં ઘરો છે, જિનાલય અને ઉપાશ્રય છે.

વડોદરા રાજ્યે પાટણના સહસ્રલિંગ તળાવનું ખોદકામ કર્યું ત્યારે આ વડલીના સ્થાનમાંથી એક ચરણપાદુકાવાળી શિલા મળી છે, જે હાલ પાટણના કુંભારિયાપાડાના સાગરગચ્છના શ્વે૦ જૈન ઉપાશ્રયમાં સુરક્ષિત છે, તેમાં નીચે પ્રમાણે પાદુકાલેખ છે —

**"संवत् १६२१ वैशाख शुदि १२ गुरु वडलीमध्ये भट्टारक–श्री विजयदानसूरि निरवाण हुवुं तथा वांद (चरि) कमलपूजा करी तथा निरवाण आवी तेहनी श्री विजयदानसूरि वादानि आखडी मूकावी। श्री विजयदानसूरि गुरूभ्यो नमः ॥"**

નોંધ – તેમના સ્વર્ગગમનની સાલ માટે ભિન્નભિન્ન ઉલ્લેખો મળે છે –

(૧) આ પાદુકાલેખમાં ભટ્ટા૦ વિજયદાનસૂરિનો સ્વર્ગસંવત્ ૧૬૨૧ લખ્યો છે.

(૨) મહો૦ ધર્મસાગર ગણિવર આ૦ વિજયદાનસૂરિનું સ્વર્ગગમન વિ૦ સં૦ ૧૬૨૨માં વડલીમાં બતાવે છે.

–(તપાગચ્છ પટ્ટાવલી ગા૦ ૧૯ ની ટીકા, વીરવંશાવલી, વિવિધગચ્છ પટ્ટાવલી પૃ૦ ૨૨૨)

(૩) આશુમહાકવિ પં૦ શ્રી હેમવિજયગણી નોંધે છે કે, આ૦ વિજયદાનસૂરિનું સં૦ ૧૬૨૧ ના વૈશાખ સુદિ ૧૨ ના રોજ વડલીમાં સ્વર્ગગમન થયું, અને જૈનસંઘે ત્યાં ભટ્ટા૦ વિજયદાનસૂરિ અને આ૦ વિજયહીરસૂરિના સ્તૂપો બનાવ્યા.

(– વિજય પ્રશસ્તિ મહાકાવ્ય, શ્લો.)

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

## વિશેષ નોંધ –

સંભવ છે કે કાર્તિકાદિ ગુજરાતી વિક્રમસંવત્ અને ચૈત્રાદિ હિંદી વિક્રમસંવત્‌ના હિસાબે આ વિભિન્ન ઉલ્લેખો હોય.

### છઠ્ઠી તપારત્નશાખા પટ્ટાવલી

૫૭. ભટ્ટા૦ વિજયદાનસૂરિ, સ્વ૦ સં૦ ૧૬૨૧–૨૨

૫૮. ભટ્ટા૦ વિજયરાજસૂરિ

ભગવાન પાર્શ્વનાથની શ્રમણ–પરંપરાના ઉપકેશગચ્છના કોરંટ-ગચ્છની[1] દ્વિવંદનીકશાખામાં ક્રમશઃ ઘણા આચાર્યો થયા, જેમાં છેલ્લા ૬૮મા આ૦ દેવગુપ્તસૂરિ થયા. ( પ્રક૦ ૧, પૃ૦ ૩૬ )

આ૦ દેવગુપ્તસૂરિ સોળમી શતાબ્દીના ઉત્તરાર્ધમાં વિદ્યમાન હતા, જે ગુજરાતના બાદશાહ બહાદુર શાહ ( સને ૧૫૨૬ થી ૧૫૩૭ )ના માનીતા ગુરુ હતા.

બાદશાહે ચમત્કાર દેખી તેમને ઇનામમાં ગામો આપ્યાં પણ આચાર્યશ્રીએ તે ન લીધાં, આથી બાદશાહે તેમને ' બારેજામાં મોટી પોષાળ ' બંધાવી આપી અને તેના ખર્ચ માટે કૂવા તથા બાગવાળી જમીન આપી.

વળી એક ઘણી કીમતી કાંબલ–શાલ ઓઢાડી. સંભવ છે કે આથી જ ઉપદેશગચ્છનું બીજું નામ કંબલગચ્છ ( કંવલાગચ્છ ) જાહેર થયું હોય.

તેમણે બારેજામાં મણિભદ્ર મહાવીરની સ્થાપના કરી ગામનો ઉપદ્રવ ટાળ્યો હતો.

તેમની પાટે ૬૯મા ભટ્ટારક કક્કસૂરિ થયા, તે જ ક્રિયોદ્ધાર કરી ભટ્ટા૦ વિજયરાજસૂરિ થયા.

---

૧. આ શાખાના ભટ્ટારકો ભ૦ મહાવીરની પરંપરાના શ્રમણો તથા ભ૦ પાર્શ્વનાથની પરંપરાના શ્રમણો એ બંનેને માનતા હતા, આથી તે દ્વિવંદનીક કહેવાતા હોય.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

## પરિચય –

કાકરદેશના તીરવાડા ( તેરવાડા ) ગામમાં શેઠ દેવદત્ત શ્રીમાળીની પત્ની દેવતદેએ સં૦ ૧૫૬૪માં એક બાળકને જન્મ આપ્યો. તેનું નામ રામકુમાર રાખ્યું.

દ્વિવંદનીકશાખાના ભટ્ટારક (૧) દેવગુપ્તસૂરિએ તેને સં૦ ૧૫૧૭માં દીક્ષા આપી મુનિ જીવકલશ નામે પોતાનો શિષ્ય બનાવ્યો તેમજ તેને સં૦ ૧૫૭૪માં ઉમરેઠમાં આચાર્ય બનાવી ભટ્ટા૦ કક્કસૂરિ નામ આપી પોતાની પાટે ભટ્ટારક બનાવી સ્થાપન કર્યો. તેમનાં બીજાં નામો કેકોજી અને ભટ્ટા૦ સર્વદેવસૂરિ પણ મળે છે.

ભટ્ટા૦ કક્કસૂરિ ઉમરેઠની ગાદીએ બેઠા હતા. તેઓ ઉમરેઠ અને બારેજામાં રહેતા હતા.

તેઓ બાલદીક્ષિત હોવાથી બુદ્ધિમાન, વિદ્વાન, બોલવામાં ચતુર, સંવેગી, વાદી અને ચમત્કારી હતા. બાલ બ્રહ્મચારી હતા. સર્વ જાતના સચિત્તના ત્યાગી હતા. હમેશાં રાતના ચઉવિહાર કરતા હતા અને બરાબર એકાંતરે ઉપવાસ કરતા હતા. બારેજામાં વધુ સમય રહેતા. તેમણે ચઉદશ–પૂનમના શાસ્રાર્થમાં ચૌદશની પાખી સ્થાપી હતી.

પોતે ત્યાગી હતા અને ત્યાગી પ્રતિ પ્રેમવાળા હતા. મોટા વૈરાગી અને તપસ્વી હતા. જ્યોતિષ, વૈદ્યક અને મંત્ર-તંત્રના જાણકાર હતા. અમોઘ વ્યાખ્યાતા હતા.

કવિબહાદુર દીપવિજયજી લખે છે કે, "તેઓ હમેશાં નિરંતર સૂરિમંત્રનો જાપ કરતા હતા, આથી તેમની તરપણીમાં કામધેનુ પ્રગટી હતી."

( – સોહમકુલપટ્ટાવલી ઉલ્લાસ ૪, ઢાળ ૪૪, કડી ૧૩ )

ગુજરાતનો બાદશાહ મહમ્મદખાન ( સં૦ ૧૫૯૪થી ૧૬૧૦ ) ચમત્કાર દેખી તેમને બહુ માનતો હતો. આથી જ બાદશાહે તેમને 'રાજવલ્લભસૂરિ' એવું માનવંતું બિરુદ અર્પણ કર્યું હતું.

અગાઉ જણાવ્યા મુજબ કક્કસૂરિ—રાજવલ્લભસૂરિ આ૦ વિજયદાનસૂરિના ઉપદેશથી સં૦ ૧૫૮૪માં સંવેગી દીક્ષા લઈ આ૦ વિજયરાજસૂરિ બન્યા હતા અને તપાગચ્છના ૫૮મા ભટ્ટારક થયા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા. એ વિજયરાજસૂરિએ સં૦ ૧૫૯૫માં દિગંબર વાદી ભટ્ટારક જીવાજીને હરાવ્યો હતો.

એક પ્રતિમાલેખ મળે છે કે, "આ૦ વિજયરાજસૂરિવરે સં૦ ૧૬૦૧માં જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી."

તેઓ સં૦ ૧૬૦૦ પછી મોટે ભાગે ગુજરાતમાં વિચર્યા હતા. છતાં બારેજામાં વધુ સ્થિરતા કરતા.

ગુજરાતના બાદશાહો, શાહજાદાઓ, રાજ્યના અમલદારો, ધનાઢ્યો અને જનતા સૌ કોઈ તેમનું સન્માન–બહુમાન કરતા હતા. આથી તેઓ શાતા–ગૌરવમાં ફસાયા અને ધીમે ધીમે ફરીવાર શિથિલાચારી બની ગયા.

તપાગચ્છના તે સમયના ગીતાર્થો, મુનિવરોએ નવા ગચ્છનાયકની આ શિથિલતા જોઈ ને ગચ્છનાયક ભટ્ટા૦ વિજયદાનસૂરિને આગ્રહ-ભરી વિનંતી કરી કે આપ વિજયરાજસૂરિના સ્થાને બીજો ત્યાગી, સંયમી, વિદ્વાનને ગચ્છનાયક ભટ્ટારક બનાવો.

ભટ્ટા૦ વિજયદાનસૂરિએ તેમની આ વાજબી વિનતિને માન આપી વિ૦ સં૦ ૧૬૧૦માં શિરોહી નગરમાં ઉપા૦ હીરહર્ષગણીને આચાર્યપદવી આપી તેમનું આ૦ હીરવિજયસૂરિ નામ રાખી તેમને પોતાની પાટે તપાગચ્છના ૫૮મા ભટ્ટારક તરીકે સ્થાપન કર્યા.

( – પ્રક૦ ૪૪, પૃ૦, પ્રક૦ ૫૮, પૃ૦ )

તપાગચ્છના ૫૮મા આચાર્યો (૧) ભટ્ટા૦ વિજયહીરસૂરિ અને (૨) આ૦ વિજયરાજસૂરિ – એ બંને વચ્ચે પ્રેમ – સદ્ભાવ વિશેષ હતો, આથી એ બંને એકબીજા સાથે મળીને જિનશાસનની પ્રભા-વનાનું કામ કરતા હતા. એવામાં એક ક્લેશજનક પ્રસંગ બન્યો.

વિજયરાજસૂરિ ભરડુઆનગરમાં વિરાજમાન હતા ત્યારે તપા-ગચ્છની રુચિશાખાના એક ગીતાર્થે શ્રીમાલનગર ( ભિન્નમાલ ) વગેરે ક્ષેત્રોમાં ક્ષેત્રાદેશની મર્યાદા તોડી ચાતુર્માસના ક્ષેત્રની અદલાબદલી કરી ગરબડ ઊભી કરી.

આથી ભટ્ટા૦ રાજવિજયસૂરિએ પોતાના શિષ્યપરિવાર અને પોતાનાં ક્ષેત્રોને સ્વતંત્ર બનાવી રાખવાનો નિર્ધાર કર્યો અને સં૦

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

૧૬૧૩માં મોરબીનગરમાં પોતાના અલગ સ્વતંત્ર ગચ્છની સ્થાપના કરી.

( —વીરવંશાવલી, વિવિધ ગચ્છપટ્ટાવલી સંગ્રહ, પૃ૦ ૨૨૨ )

તે પછી આ૦ વિજયરાજસૂરિ અને બીજા ગચ્છનાયક આ૦ વિજયહીરસૂરિ બનવાથી અને પોતાની એ પ્રકારની મહત્તા ઘટવાથી સં૦ ૧૬૧૩માં ગુરુદેવ ભટ્ટા૦ વિજયદાનસૂરિ પાસે ગયા.

તેમણે બારેજાની ગાદી વગેરેનો પરિગ્રહ અને શિથિલાચાર વગેરેનો ત્યાગ કરી, ગુરુદેવની પાસે પ્રાયશ્ચિત્ત સ્વીકારી શુદ્ધ જીવન બનાવ્યું.

આથી ભટ્ટા૦ વિજયદાનસૂરિએ તેમને આચાર્યપદે તો કાયમ રાખ્યા પણ ગચ્છનાયક તરીકે તેમને સ્થાપન ન કર્યા.

વિજયરાજસૂરિ મોટા હતા અને આ૦ વિજયહીરસૂરિ નાના હતા, છતાં તેઓ આ૦ વિજયહીરસૂરિ પ્રતિ ઘણો સદ્‌ભાવ રાખતા હતા.

જો કે તેમની ભટ્ટારક પરંપરા તપારત્નશાખા તરીકે ચાલુ રહી હતી; પરંતુ ગ્રંથપ્રશસ્તિઓથી જાણવા મળે છે કે—

તેમના શિષ્યો અને શિષ્યપરંપરાના ઉપા૦ રામવિજય ગણી, ઉપા૦ દેવવિજયગણી વગેરે ગીતાર્થો તપાગચ્છના આ૦ વિજયહીર-સૂરિ, આ૦ વિજયસેનસૂરિ અને આ૦ વિજયદેવસૂરિ વગેરેની આજ્ઞા માનતા હતા.

( —શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા. ૨, પ્ર૦નં૦ ૪૯૯, ૫૦૦, ૫૫૭, ૬૨૬, ૬૯૪ )

સ્વર્ગવાસ — ભટ્ટા૦ વિજયરાજસૂરિ સં૦ ૧૬૧૪માં ઝીંઝુ-વાડામાં કાળધર્મ પામી સ્વર્ગે ગયા. તેમનાથી તપાગચ્છમાં છઠ્ઠી તપારત્નશાખા નીકળી હતી.

( જુઓ પ્રક૦ ૧, પૃ૦ ૩૬ થી ૩૮ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પહેલી તપારત્નશાખા પરંપરા

૫૮ ભટ્ટા૦ વિજયરાજસૂરિ

૫૯ ભટ્ટા૦ વિજયરત્નસૂરિ — તેમનો સં૦ ૧૫૯૪માં જન્મ, સં૦ ૧૬૧૩માં દીક્ષા, સં૦ ૧૬૨૪માં ઝીંઝુવાડામાં આચાર્યપદ, તથા ગચ્છનાયકપદ અને સં૦ ૧૬૭૫માં સ્વર્ગગમન ઝીંઝુવાડામાં થયાં.

મુક્તાઘાટ — તેમણે સં૦ ૧૬૧૬માં લુંકામતને પરાસ્ત કર્યો. તેમજ સં૦ ૧૬૨૪માં શાહજાદા જહાંગીરને પ્રતિબોધ આપી શત્રુંજયનો મુક્તાઘાટ કરાવ્યો.

(—મો૦ દ૦ દેસાઈની રત્નશાખા પટ્ટાવલી, જૈનયુગ પ્રક૦ ૩ અંક ૧૧,૧૨)

ચિત્તોડનો ૬૦ મો રાણો અમરસિંહ (સ્વ૦ સં૦ ૧૭૭૭) અને શેઠ ભામાશાહ તેમના ભક્ત હતા (પ્રક૦ ૪૪, પૃ૦ ૩૬, ૩૭)

આ૦ વિજયરાજસૂરિની પાટે (૫૯) ભટ્ટા૦ વિજયરત્નસૂરિના સમયમાં ગચ્છભેદ થવાથી તેમના અનુયાયીઓએ વિજયને બદલે રત્નશાખા ચલાવી.

ભટ્ટા૦ વિજયરત્નસૂરિ અને પં૦ માણેકવિજયગણી વગેરે સં૦ ૧૬૩૯માં ઉનામાં ચાતુર્માસ હતા. (—શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨, પ્ર૦ નં૦ ૪૮૯)

૬૦ ભટ્ટા૦ હીરરત્નસૂરિ — ભટ્ટા૦ વિજયરત્નસૂરિએ પોતાના શિષ્ય મહો૦ હીરરત્નગણીને સં૦ ૧૬૭૧ માં આચાર્ય પદવી આપી અને સં૦ ૧૬૭૫માં ભટ્ટારક પદવી આપી પોતાની પાટે સ્થાપન કર્યા. સં૦ ૧૭૧૫ના શ્રા૦ સુ૦ ૧૪ ને રોજ તેમનો સ્વર્ગવાસ થયો.

તેઓ પ્રભાવક હતા. એટલે તેમનાથી તપારત્નશાખા ચાલી અને ઘણી શિષ્યપરંપરાઓ ચાલી હતી તે આ પ્રમાણે —

[૧] (૬૦) ભટ્ટા૦ હીરરત્નસૂરિ (૬૧) પં૦ ધનરત્નગણી, (૬૨) પં૦ તેજરત્નગણી (જુઓ, તપારત્ન પંડિત પટ્ટાવલી બીજી)

[૨] (૬૦) ભટ્ટા૦ હીરરત્નસૂરિ (૬૧) તેમના શિષ્યો નયરત્નગણી ભ્રાતા વિવેકરત્નગણી (૬૨) પં૦ લક્ષ્મીરત્નગણીએ

Jain Site .com જૈનમ્ જયતિ શાસનમ્

સં૦ ૧૬૭૬ના આ૦ સુ૦ ૫ ને રોજ ઉંઝામાં પં૦ વિવેક-રત્ન માટે 'આઠ કર્મનો રાસ' રચ્યો.

[૩] (૬૦) ભટ્ટા૦ હીરરત્નસૂરિ (૬૧) તેમના શિષ્ય ઋષિ રૂપ-ચંદજીએ સં૦ ૧૭૩૮ ના મા૦ સુ૦ ૧૧ ને રવિવારે વિજયમુહૂર્તમાં 'પાશાકેવલી–શકુનાવલી'ની પ્રતિ લખી.

[૪] (૬૦) ભટ્ટા. હીરરત્નસૂરિ (૬૧) ભટ્ટા૦ જયરત્નસૂરિ – તેમનો સં૦ ૧૬૬૬માં જન્મ, સં૦ ૧૬૯૯માં દીક્ષા, સં૦ ૧૭૧૫માં ભટ્ટારકપદ, સં૦ ૧૭૩૪માં સ્વર્ગગમન થયાં. (૬૨) ભટ્ટા૦ દાનરત્નસૂરિ – તેઓ ભટ્ટા૦ હીરરત્નસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય હતા અને પં૦ તેજવિજયગણીના દીક્ષા-શિષ્ય હતા. તેમનું મુનિદાનવિજય નામ હતું.

પં૦ દાનવિજય વિદ્વાન્ હતા. કવિ હતા. તેઓ સં૦ ૧૭૧૬માં આ૦ વ૦ ૫ ના દિવસે સાદડીમાં વિરાજમાન હતા.

તેમણે સૂરતમાં મહોપા૦ વિનયવિજયગણીએ સં૦ ૧૭૨૫ના ચૈ૦ વ૦ ૫ના રોજ રચેલા 'પાંચ કારણ સ્તવન'ની બે બે પાનાંની પાંચ નકલ લખાવી હતી.

સં૦ ૧૭૩૦માં 'પ્રતિક્રમણ ચતુષ્પદી' અને સં૦ ૧૭૬૧માં જંબૂસરમાં 'લલિતાંગરાસ' રચ્યો છે.

સં૦ ૧૭૬૨માં સુરતમાં શેખ ફત્તેહમિયાંના મોટા પુત્ર બડેમિયાંને સંસ્કૃતનો અભ્યાસ કરવા માટે પદ્યમાં સંસ્કૃત વ્યાકરણ રચ્યું.[૧]

તથા સં૦ ૧૭૭૦માં પોતાના શિષ્ય મુનિ દર્શન-વિજયને વાંચવા માટે 'કલ્પસૂત્ર'ની સંસ્કૃત ટીકા 'દાન-પ્રદીપિકા' બનાવી.

તેમજ સં૦ ૧૭૭૧ના બીજા આષાઢ વદિ ૪ ના દિવસે આઈજ ગામમાં 'તપારત્ન પટ્ટાવલી' બનાવી.

---

૧ આ પ્રતિ ઈડરમાં આત્મકમલસૂરિ શાસ્ત્રસંગ્રહ પ્ર૦ નં૦ ૩૩૩ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓ ભટ્ટારક બન્યા તે પહેલાંના શિષ્યો મુનિ દર્શનવિજય, મુનિ વૃદ્ધિવિજય વગેરે વિજયપદથી ઓળખાતા હતા. આથી અનુમાન થાય છે કે—

"રત્નશાખાના મુનિઓમાં સાધારણ રીતે વિજય શબ્દ રહેતો હોય અને માત્ર ભટ્ટારકને જ રત્ન શબ્દ જોડાતો હોય."

ભટ્ટા૦ દાનરત્નસૂરિની પાટે (૬૩) પં૦ કીર્તિરત્ન બેઠા હતા. પં૦ જ્ઞાનરત્ન પણ ભટ્ટા૦ દાનરત્નસૂરિના શિષ્ય હતા. તેઓ ઉપાધ્યાય પદસ્થ હતા.

( –જુઓ પટ્ટાવલી બીજી પટ્ટ ૬૪ મી )

પં૦ વૃદ્ધિવિજયે 'અઢાર નાતરાની સજ્ઝાય' રચેલી છે.

(૬૩) ભટ્ટા૦ કીર્તિરત્નસૂરિ, (૬૪) ભટ્ટા૦ મુક્તિરત્નસૂરિ (૬૫) ભટ્ટા૦ પુણ્યોદયરત્નસૂરિ, (૬૬) ભટ્ટા૦ અમૃતરત્નસૂરિ, (૬૭) ભટ્ટા૦ ચંદ્રોદયરત્નસૂરિ.

(૬૮) ભટ્ટા૦ સુમતિરત્નસૂરિ – આ સુમતિરત્નસૂરિના ભાઈ મુનિ ગંગવિજય હતા. તેઓ સં૦ ૧૭૭૨ના શ્રા૦ સુ૦ ૪ ના દિવસે વર્ધમાનપુર (વઢવાણ)માં હતા.

ભટ્ટા૦ સુમતિરત્નસૂરિ તથા પં૦ માણિક્યરત્નગણી વગેરે સં૦ ૧૭૮૦માં 'વજીરપુર'માં ચાતુર્માસ હતા.

તેમજ પં૦ હસ્તિરત્નગણીના શિષ્ય પં૦ અમરવિજયે સં૦ ૧૭૮૦માં ખેડામાં ચાતુર્માસ કર્યું હતું.

ખેડાના જૈન સંઘે ખેડામાં 'સુમતિરત્ન લાઇબ્રેરી' બનાવી છે, જે સારી રીતે ચાલ્યા કરે છે.

(૬૯) ભટ્ટા૦ ભાગ્યરત્નસૂરિ – તેઓ તપારત્નશાખાના ભટ્ટારક હતા. તેમનો સ્વર્ગવાસ ખેડામાં થયો હતો.

( –પટ્ટાવલી સમુચ્ચય ભા. ૨, પુરવણી પૃ૦ ૨૪૯ )

**નોંધ** – તપારત્નશાખાની પરંપરાના ભટ્ટા૦......ના શિષ્ય પં૦ ઋદ્ધિરત્નગણી અને પં૦ રૂપરત્નગણીના શિષ્ય પં૦ જિતેન્દ્રરત્નગણી સં૦ ૧૮૭૭ના ચૈ૦ વ૦ ૩ ના રોજ વિદ્યમાન હતા. તેમણે પં૦ દીપવિજયની પટ્ટાવલીમાં પોતાની સમ્મતિના હસ્તાક્ષર આપ્યા છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

## બીજી તપારત્નશાખા પંડિત પટ્ટાવલી

(૫૭) ભટ્ટા૦ વિજયદાનસૂરિ, (૫૮) ભટ્ટા૦ વિજયરાજસૂરિ, (૫૯) ભટ્ટા૦ વિજયરત્નસૂરિ, (૬૦) ભટ્ટા૦ હીરરત્નસૂરિ. (૬૧) પં૦ ધનરત્નગણી – તેમનાં બીજાં નામો પં૦ વિશાલવિજય અને પં૦ વિશાલરત્નગણી પણ મળે છે. સં૦ ૧૭૨૬.

(૬૨) પં૦ તેજરત્નગણી – તેઓ ભ૦ હીરરત્નસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય હતા, અને પં૦ ધનરત્નગણીના દીક્ષાશિષ્ય હતા. નૈષ્ઠિક બ્રહ્મચારી હતા.

તેઓ સં૦ ૧૭૭૩ ના આ૦ વ૦ ૮ ના દિવસે 'બારેજા'માં અને સં૦ ૧૭૮૦માં 'અમદાવાદ'માં વિરાજમાન હતા.

(૬૩) પં૦ દાનવિજયગણી – તેઓ તપારત્નશાખાના ૬૩મા ભટ્ટારક દાનરત્નસૂરિ થયા. તેમનાં બે નામ મળે છે –

(૧) પં૦ દાનવિજયગણિ અને (૨) પં૦ દાનરત્નગણી (ભટ્ટા૦ દાનરત્નસૂરિ) તેમના પંન્યાસપદના શિષ્યોમાં પં૦ વૃદ્ધિવિજય અને મુનિ દર્શનવિજયનાં નામો ઇતિહાસમાં મળે છે.

જૈન સાઇટ JAINSITE .com જયતિ શાસનમ્

(૬૪) પં૦ જ્ઞાનરત્નગણી – તેઓ ભટ્ટા૦ દાનરત્નસૂરિના ઉપાધ્યાય હતા.

સુરતના સંઘવી પ્રેમચંદ પારેખે સં૦ ૧૭૭૦ના ચૈ૦ સુ૦ ૧૦ ના રોજ સુરતથી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો.

તેમાં તપાગચ્છની રત્નશાખાના પં૦ દાનરત્નના પં૦ જ્ઞાનરત્ન ગણિવર અને પં૦ (ઉપા૦) ઉદયરત્નગણી વગેરે ૭ ઠાણાં સાથે હતાં.　　　　(પ્રક૦ સુરતના સંઘવીઓ)

નોંધ – જગદ્‌ગુરુ આ૦ હીરવિજયસૂરિના શિષ્ય (૫૯) મહો૦ સોમવિજય ગણિવરની પરંપરાના ૬૨મા પં૦ લાલવિજય ગણી અને તેમના શિષ્ય ૬૩મા પં૦ સૌભાગ્યવિજય ગણી થયા હતા.

તેમણે સં૦ ૧૭૪૭ થી ૧૭૭૨ સુધી ભારતના પૂર્વ અને ઉત્તર પ્રદેશના વિવિધ જૈન તીર્થોની યાત્રા કરી, સં૦ ૧૭૫૦માં આગરામાં

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

બાદશાહ ઔરંગઝેબ પાસેથી નિરાબાધ વિહારનું ફરમાન મેળવ્યું હતું.

( પ્રક૦ ૪૪, પૃ૦ ૧૦૪, ૧૬૧ ફરમાન ૧૯ મું )

તેમણે સં૦ ૧૭૫૦માં ભટ્ટા૦ વિજયદેવસૂરિ સંઘના ભટ્ટા૦ વિજયરત્નસૂરિના શાસનકાળમાં "તીર્થમાળા" બનાવી.

( ઇતિ૦ પ્રક૦ ૫૮ મહો૦ સોમવિજયગણીની પરંપરા )

પં૦ જ્ઞાનરત્નગણીવર આ તીર્થોની યાત્રામાં તેમની સાથે હતા.

( —પ્રક૦ ૫૯, પૃ૦ ૩૯ )

( ૬૫ ) પં૦ ન્યાયરત્નગણી—તેઓ તપાગચ્છના વિજયદેવસૂરિ સંઘના ૬૨મા ભટ્ટા૦ વિજયપ્રભસૂરિની આજ્ઞામાં હતા. તેમણે તેમની આજ્ઞાથી સં૦ ૧૭૨૩માં 'સીવેરા (?)'માં ચાતુર્માસ કર્યું અને પં૦ ચારિત્રરત્નગણી, પં૦ ચારિત્રશેખરગણી, પં૦ ન્યાયરત્નગણી તથા પં૦ ગજરાજ( રત્ન )ગણી વગેરેએ ભટ્ટા૦ વિજયપ્રભસૂરિની આજ્ઞાથી સાંડેરાવ વગેરે જુદાં જુદાં ગામોમાં ચાતુર્માસ કર્યું હતું.

તેમના શિષ્ય ઉપા૦ હર્ષરત્નગણી થયા.

( જુઓ, પટ્ટાવલી ચોથી )

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ત્રીજી તપારત્નશાખા પટ્ટાવલી

નોંધ —નૈષધકાવ્ય પૃ૦ ૨૨૦ની પુષ્પિકામાં નીચે પ્રમાણે પરંપરા મળે છે.

(૫૮) તપાગચ્છના શિરોમણિ ભટ્ટા૦ વિજયરાજસૂરિ.

(૫૯) મહો૦ રામવિજય ગણી – તેઓ ભ૦ રાજવિજયસૂરિના શિષ્ય હતા.

(૬૦) મહો૦ દેવવિજયગણી — તેઓ ભટ્ટા૦ વિજયરાજસૂરિના

હસ્ત–દીક્ષિત શિષ્ય હતા અને મહો૦ રામવિજયગણીના શિષ્ય હતા છતાં તેઓ ભટ્ટા૦ વિજયરાજસૂરિના જ શિષ્ય લેખાતા હતા. તેમણે 'સજ્ઝાય' રચી છે.

ગ્રંથપ્રશસ્તિઓ ઉપરથી જાણવા મળે છે કે–

ઉપા૦ રામવિજય ગણી અને ઉપા૦ દેવવિજયગણી વગેરે તપાગચ્છના ભટ્ટારક વિજયહીરસૂરિ, ભ૦ વિજયસેનસૂરિ અને વિજયદેવસૂરિની આજ્ઞા માનતા હતા.

(પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ નં. ૪૯૯, ૫૦૦, ૫૫૭, ૬૨૬, ૬૯૪)

ભટ્ટારક વિજયદાનસૂરિની પાટે ભટ્ટા૦ વિજયરાજસૂરિના શિષ્ય પં૦ દેવવિજયગણીનાં શિષ્યા સાધ્વી સહજશ્રી માટે માળવાની નુતાહિપુરીમાં સં૦ ૧૬૧૯ના આ૦ વ૦ ૧૨ ને ગુરુવારે 'રાયપસેણી-સુત્ત' લખાવ્યું.

ગ્રંથો—મહો૦ દેવવિજય ગણિવરે ઘણા ગ્રંથો રચ્યા છે.

(૧) પં૦ દેવવિજયે સં. ૧૬૫૨ના આ૦ વ૦ ૧૦ ને ગુરુવારે પુષ્ય નક્ષત્રમાં મારવાડના શ્રીમાલનગરમાં કલિ૦ સ૦ આ૦ હેમચંદ્ર-સૂરિના 'ત્રિષષ્ટિ–શલાકા પુરુષચરિત' પર્વ ૭— રામાયણના આધારે 'ગદ્ય–રામાયણ' સર્ગ ૧૦, ગ્રં૦ ૫૦૦૦ રચ્યું છે.

તેની પ્રશસ્તિ આ પ્રકારે મળે છે—

"इति तपागच्छ भट्टारक श्रीहीरविजयसूरिराज्ये आ० विजयसेनसूरि यौवराज्ये पं० देवविजयगणि विरचिते गद्यबन्धे श्रीरामचरित्रे रामनिर्वाणगमनो नाम दशमः सर्गः।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રીવાચકાગ્રેસર ધર્મસાગર ક્રમાબ્જ મૃ ઙ્ગૈ: બુધશ્રસાગરૈ: પતત્ ચરિત્રં સ્વધિયા સુશોભિતં વર્યસ્વ વાચ્યં ભવતુ શ્રિયાં પદમ્ ॥ "

( ૨ ) પદ્મચરિત્ર. શ્લો૦ ૨૨૦૦

( ૩ ) પાંડવચરિત્ર. શ્લો૦ ૯૫૦૦, વિ૦ સં૦ ૧૬૦૦

( ૪ ) વીશલનગરમંડન ભ૦ આદિનાથનું સંસ્કૃત સ્તોત્ર શ્લો૦ ૩૦.

## પં૦ દેવવિજય ગણિવરો—

વિક્રમની ૧૭–૧૮મી સદીમાં પં૦ દેવવિજય ગણિવરો નામના ઘણા વિદ્વાનો થયા છે. તે આ પ્રમાણે—

( ૧ ) તપારત્નશાખાના મહો૦ રામવિજયગણીના શિષ્ય સં૦ ૧૬૨૯. સં૦ ૧૬૬૦

( ૨ ) તપાગચ્છની પરંપરામાં અનુક્રમે—

( ૫૭ ) ભટ્ટા૦ વિજયદાનસૂરિ,

( ૫૮ ) મહો૦ વિમલહર્ષગણી

( ૫૯ ) મહો૦ મુનિ વિમલગણી,

( ૬૦ ) મહો૦ દેવવિજય ગણિવર ( સં૦ ૧૬૨૦ થી ૧૬૯૧ )

તેઓ સં૦ ૧૬૭૩માં શિરોહીમાં ૫૧ શિષ્યો સાથે લઈ નવા વિજયાનંદસૂરિગચ્છમાં દાખલ થયા અને...માં ભટ્ટા૦ વિજયતિલકસૂરિએ તેમને ઉપાધ્યાય બનાવ્યા. (—પ્રક૦ ૫૮, પૃ૦ ૩૧૪)

( ૩ ) ભટ્ટા૦ વિજયદેવસૂરિસંઘના ( ૬૩ ) ભ૦ વિજયરત્નસૂરિના આજ્ઞાધારી પં૦ નીતિવિજય ગણીના શિષ્ય પં૦ દેવવિજય ગણી થયા.

અસલમાં મુસલમાનોએ સં૦...માં પીરમબેટ ઉપર ગોહેલ મોખડાજીના રાજકાળે હલ્લો કર્યો ત્યારે ત્યાંના જૈનોએ બેટની જિનપ્રતિમાઓને સમુદ્રરસ્તે જ ઘોઘાબંદર પહોંચાડી દીધી હતી.

આ પ્રતિમા ઘોઘામાં ભગ૦ પાર્શ્વનાથના જિન પ્રાસાદમા છૂટી બેસાડી રાખી હતી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘોઘાના સંઘે સં૦ ૧૭૮૧ના કા૦ સુ૦ ૧૩ના દિવસે શેઠ મીઠા સુંદરજીની શેઠાઈમાં ઘોઘાના ભગ૦ પાર્શ્વનાથના જિનપ્રાસાદના ભોંયરામાં ભગ૦ સુમતિનાથની જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

( પ્રક૦ ૩૮ પૃ૦ ૪૧૪ )

અને બીજી જિનપ્રતિમાઓને ભોંયરું સુધરાવી, તેની દીવાલમાં બે ગોખ કરાવી, તેમાં 'ભોંયરામાં દાખલ' કરી પધરાવી હતી.

જીર્ણોદ્ધાર ઘોઘાના સંઘે કર્યો. આથી સં૦ ૨૦૧૭ના રોજ તે પ્રતિમાઓ નીકળી છે

( પ્રક૦ ૫૮, પૃ૦ ૨૨ )

( ૬૦ ) મહો. દેવવિજય ગણિવર શિષ્ય ( ૬૧ ) ખીમાવિજય ગણી, ( ૬૨ ) પં. તેજ વિજયગણી શિષ્ય ( ૬૩ )પં. સૂરવિજયગણી, ( ૬૪ ) પં૦ સુખ વિજયગણી, શિષ્ય ( ૬૫ ) પં૦ સદાનંદ વિજયગણી, ( ૬૬ ) પં૦ રૂપ વિજયગણી, ( ૬૭ ) પં૦ પદ્મવિજયગણી. તેઓ સં૦ ૧૮૬૯માં વિદ્યમાન હતા.

તેમના શિષ્ય ( ૬૮ ) ગુલાલ વિજયગણી—તેમણે પોતાના ચિરંજીવી મુનિ ભાગ્યવિજયને ભણવા માટે શાકે ૧૭૩૫ ( વિ. સં. ૧૮૬૯ )ના જેઠ સુદિ ૧૫ ને રવિવારે સૂર્યપુર ( સુરત )માં 'નૈષધ કાવ્ય' લખ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ચોથી તપારત્ન શાખા – પરંપરા

૬૦ ભટ્ટા. હીરરત્નસૂરિ

૬૧ ઉપા૦ લબ્ધિરત્નગણિ

૬૨ ઉપા૦ મેઘરત્નગણી

૬૩ ઉપા૦ શિવરત્નગણી – તેઓ ૬૨મા ભટ્ટા. દાનરત્નસૂરિના ઉપાધ્યાય હતા.

૬૪ મહો૦ સિદ્ધિરત્નગણીવર – તેઓ પણ ભટ્ટા. દાનરત્નસૂરિના ઉપાધ્યાય હતા.

૬૫ ઉપા૦ હર્ષરત્નગણી – મહો૦ ઉદયરત્નગણી

આ બંને મૂળે ખેડાના વતનીઓ હતા.

શેઠ વર્ધમાન તથા તેની ભાર્યા માનબાઈના પુત્રો હતા. તેમનાં નામ ક્રમશઃ (૧) હરખચંદ, (૨) ઉત્તમચંદ

૬૪મા પં૦ જ્ઞાનરત્નગણીએ હરખચંદને દીક્ષા આપી પોતાના શિષ્ય ૬૫મા પં૦ ન્યાયરત્નગણીના શિષ્ય મુનિ હર્ષરત્ન બનાવ્યા.

(પટ્ટાવલી બીજી, પ્રક૦૫૭ પૃ૦)

મહો૦ સિદ્ધિરત્નગણીવરે ઉત્તમચંદને દીક્ષા આપી મહો૦ સિદ્ધિરત્નગણીવરના શિષ્ય મુનિ ઉદયરત્ન બનાવ્યા. મહો૦ સિદ્ધિરત્ને તેમને ભણાવ્યા. આથી તે તેમની પાટે મહોપાધ્યાય ઉદયરત્ન ગણી બન્યા.

(– પટ્ટાવલી પાંચમી)

ઉપા૦ હર્ષરત્ન મોટા ત્યાગી, તપસ્વી, શુદ્ધ સંયમી તેમ જ ગીતાર્થ હતા. આથી ભટ્ટા. દયારત્નસૂરિએ મહો૦ સિદ્ધિરત્નગણીના સ્વર્ગગમન પછી તેમને ઉપાધ્યાય બનાવ્યા હતા.

તેમનાં સાધુપણાનાં (૧) પં૦ હર્ષરત્નગણી અને (૨) હંસરત્ન ગણી એમ બે નામો મળે છે.

### ગ્રંથો

પં૦ હર્ષરત્નગણીવર વિદ્વાન તથા મોટા ગ્રંથકાર હતા. તેમણે બનાવેલા ગ્રંથોની નોંધ આ પ્રમાણે મળે છે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) સં૦ ૧૭૫૫ના મ૦ શુ૦ ૩ મંગળવારે 'જિનસ્તવન ચોવીશી,
(૨) સં૦ ૧૭૮૬ ના ફા૦ વ૦ ૫ ને ગુરુવારે ઉંઝામાં 'શિક્ષાદોહા' (દોહાશતક)
(૩) સં૦ ૧૭૮૯ (અથવા ૧૭૯૯)માં 'નેમિરાસ વસંતવિલાસ' તથા 'વાસુપૂજ્ય સ્વામી સ્તવન, 'શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન, 'શંખેશ્વર પાર્શ્વનાથ છંદ' વગરે રચ્યાં છે.
(૪) વિદ્વાનો એમ પણ માને છે કે, તેમણે સં૦ ૧૭૮૧માં 'ગદ્ય-શત્રુંજય માહાત્મ્ય' સર્ગ ૧૫ રચ્યું છે.
(૫) સં૦ ૧૭૯૮માં 'અધ્યાત્મકલ્પદ્રુમ—બાલાવબોધ' રચ્યો છે.

નોંધ—અમને લાગે છે કે તેમની જ પરંપરાના ૬૭મા ઉપા૦ માનરત્નગણીના શિષ્ય ૬૮મા પં૦ હંસરત્નગણીવરે છેલ્લા બંને ગ્રંથો રચ્યા હોય.

ઉપા૦ હર્ષરત્નગણીએ સં૦ ૧૭૯૭ના ચોમાસામાં મિયાગામમાં 'ભગવતીસૂત્ર'નું વ્યાખ્યાન આપ્યું અને તેમનું સં૦ ૧૭૯૮ના ચૈત્ર સુદિ ૧૦ દિવસે મિયાગામમાં સ્વર્ગગમન થયું.

મિયાગામના જૈન સંઘે તેમના નિર્વાણ દિવસની પાખી દર સાલ પાળવા નક્કી કર્યું. તેમ જ તેમના અગ્નિસંસ્કારના સ્થાને સમાધિસ્તૂપ બનાવ્યો, જે આજે પણ ત્યાં વિદ્યમાન છે.

(—સુરતના શેઠ નગીનદાસ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ તરફથી પ્રકાશન "જૈન સાહિત્યરત્નો" ભા-૧, પૃ૦ ૨૩૦)

ઉપા૦ હર્ષરત્નગણી પરંપરા આ પ્રમાણે મળે છે—

(૬૬) ઉપા૦ લક્ષ્મીરત્નગણી
(૬૭) ઉપા૦ માનરત્નગણી—તેઓ તપારત્નશાખાના ૬૨મા ભાવરત્નસૂરિના શિષ્ય હતા અને ૬૩મા ભટ્ટા. દાનરત્નસૂરિના ઉપાધ્યાય હતા.

તેમણે સં૦ ૧૭૫૧ના ચૈત્ર માસમાં સુરતમાં કડવામતના સંવરી આણંદે બનાવેલ 'અર્હન્નકરાસ'ની પાંચ પ્રતિઓ લખી.

પં૦ માનરત્ન સં૦ ૧૭૫૩માં વઢવાણમાં ચોમાસું હતા. તેઓ ત્યાંથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિહાર કરતા કરતા 'ભોઈકા ગામ' ગયા તેમણે સં૦ ૧૭૫૪માં ભોઈકામાં 'રત્નસંચય' ગ્રંથ લખ્યો.

ઉપા૦ માનરત્નગણી સં૦ ૧૭૫૮ સુધી વિદ્યામાન હતા.
(૬૮) પં૦ હંસરત્નગણી–તેઓ મોટા વિદ્વાન હતા. ગ્રંથકાર હતા. તેમણે સં૦ ૧૭૮૨ના વૈ૦ સુ૦૩ના રોજ રાજદ્રંગ (અમદાવાદ, માં આ૦ ધનેશ્વરસૂરિના પદ્ય સંસ્કૃત સરળશત્રુંજય 'માહાત્મ્ય'ના આધારે 'ગદ્ય. સંસ્કૃતમાં સરળ 'શત્રુંજય માહાત્મ્ય' રચ્યું તેમજ સં૦ ૧૭૯૮માં 'અધ્યાત્મકલ્પદ્રુમનો બાળાવબોધ' રચ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## તપારત્નશાખાની પાંચમી વાચક-પરંપરા

(૬૦) ભટ્ટા૦ હીરરત્નસૂરિ

(૬૪) મહો૦ સિદ્ધિરત્નગણી—તેઓ ભટ્ટા૦ દાનરત્નસૂરિના ઉપાધ્યાય હતા.

(૬૫) ઉપા૦ હર્ષરત્નગણી–મહો૦ ઉદયરત્નગણી—

આ બંને ખેડાના શેઠ વર્ધમાન અને શેઠાણી માનબાઈના પુત્રો હતા. (૧) હરખચંદ અને (૨) ઉત્તમચંદ નામે સહોદર–ભાઈ હતા. હરખચંદ પં૦ ન્યાયરત્ન ગણીના શિષ્ય મુનિ હર્ષરત્ન નામે થયા. તેમનો પરિચય પટ્ટાવલી ચોથીના પટ્ટાંક ૬૫માં આપ્યા છે.

ઉત્તમચંદને ઉપા૦ શિવરત્નગણીએ દીક્ષા આપી. શ્રીઉદયરત્નજી નામ સ્થાપ્યું મહો૦ સિદ્ધિરત્નગણીવરે તેમને ભણાવ્યા. અને ભટ્ટારકે તેમને મહોપાધ્યાય બનાવ્યા.

ઉપા૦ ઉદયરત્નજી સિદ્ધ કવિ હતા. જૈન અને જૈનેતરમાં પ્રસિદ્ધ હતા અને ઉપા૦ હર્ષરત્ન ગણીના સહોદર હતા.

મહો૦ ઉદયરત્ન રંગીલા રતન તરીકે પણ પ્રસિદ્ધ હતા. ઉપા૦ શિવરત્નના હસ્તદીક્ષિત શિષ્ય હતા.

તેઓ સં૦ ૧૭૫૦માં ખેડાના સંઘ સાથે શંખેશ્વરતીર્થની યાત્રાએ ગયા.

તેમણે પહેલેથી જ પ્રતિજ્ઞા કરી હતી—

"શંખેશ્વરમાં ગયા. પછી શંખેશ્વર પાર્શ્વનાથનાં પ્રત્યક્ષ દર્શન કર્યા પછી જ અન્ન–જલ લેવાં."

શ્રી સંઘ ત્યાં પહોંચ્યો ત્યારે જિનાલયના દરવાજા 'માંગલિક' થઈ ગયા હતા. આથી પૂજારીએ દરવાજો ખોલવાની ના કહી. ઉપાધ્યાયજીએ ભક્તિભર્યું 'પાર્શ્વનાથનું પ્રભાતિયું' રચ્યું અને પ્રભુને જલદી દર્શન દેવા આજીજી કરી.

એવામાં આકાશમાં વીજળીનો કડાકો થયો અને જિનાલયના દરવાજા એકાએક ઊઘડી ગયા. તેમણે તથા શ્રીસંઘે તરત જ શંખે-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્વર પાર્શ્વનાથનાં દર્શન કર્યાં. આ ચમત્કારી ઘટના બનવાથી ઉપાધ્યાયજીની ખૂબ પ્રશંસા થવા લાગી.

ચમત્કાર—ખેડા પાસે (૧) મેશવો. (૨) વાત્રક અને (૩) ખારી એમ ત્રણ નદીઓનું 'સંગમ સ્થાન' છે. ઉપાધ્યાયજીએ તે સંગમ સ્થાનમાં ચાર મહિના સુધી રહીને ધ્યાન ધર્યું. તેમના ધ્યાનના પ્રભાવથી એ સ્થાન ટાપુ બની ગયો. આથી લોકોમાં આ ચમત્કારની વાત ફેલાઈ ગઈ.

ખેડાનાં ભાવસારોનાં ૫૦૦ ઘર ઉપાધ્યાયજીના ચમત્કારથી જૈન બની ગયા.

સં૦ ૧૭૫૮માં તેઓ ઉનામાં ચાતુર્માસ રહ્યા હતા.

ત્યાં તેમણે સં૦ ૧૭૫૯ના માગશર વદિ ૧૧ ના દિવસે 'સ્થૂલિભદ્રનવરસો' કાવ્ય રચ્યું. તેમાં શૃંગારરસ હતો. મર્યાદિત હતો, છતાં ભટ્ટારકને તે ઉચિત ન લાગવાથી તેમને બોલાવીને સમજાવ્યા કે—

"મહાનુભાવ! આપણે ત્યાગી સાધુ છીએ, તેથી આપણે એવું બોલવું, લખવું કે કામ કરવું જોઈએ, જેથી બીજાને બોધદાયક બને. કોઈ મનુષ્ય આપણા વ્યાખ્યાનથી કે કાવ્ય વાંચવાથી સ્વચ્છંદી બની ન જાય તેનું પૂરેપૂરું ધ્યાન રાખવું જોઈએ. આપણા કાર્યથી લોકોને સદાચાર અને નીતિનો માર્ગ મળે એવું કરવું જોઈએ. સરસ્વતી દેવી તારા ઉપર પ્રસન્ન થયાં છે, તો હવે ઉપરની વાત ધ્યાનમાં રાખી એવાં કાવ્યો બનાવ કે જેથી લોકોપકાર થાય."

ઉપાધ્યાયજીએ ગુરુદેવની આજ્ઞાને શિરોધાર્ય માની પોતાની કાવ્ય-સ્ફુરણાની દિશા બદલી નાખી અને ત્યારથી જ 'લોકોપકારક ઉત્તમ કાવ્યો' બનાવવાનો આરંભ કર્યો. તેમણે સં૦ ૧૭૬૩ના શ્રા૦ વ૦ ૧૦ ના દિવસે ખંભાતમાં ખાસ કરીને 'બ્રહ્મચર્યની નવ વાડની સજ્ઝાય' ઢાળ-૧૦ રચી.

સુરતના સંઘપતિ પ્રેમજી પારેખે સં૦ ૧૭૭૦માં સુરતથી શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. રનશા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખાના ભટ્ટા૦ દાનરત્નના પં૦ જ્ઞાનરત્નગણી તથા પં૦ ઉદયરત્નગણી વગેરે સાત ઠાણાં આ સંઘમાં સાથે હતાં.

( પ્રક૦ ૫૭, સુરતના સંઘપતિઓ )

ઉપાધ્યાયજીએ ત્યારે અને તે પછી પણ પ્રસંગોપાત્ત શત્રુંજય તીર્થનાં ઘણાં સ્તવનો રચ્યાં હતાં.

ગ્રંથો — મહો૦ ઉદયરત્નગણીએ વિક્રમની ૧૮ મી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતી ભાષામાં વિશાળ પદ્ય-સાહિત્ય રચ્યું છે. તેની વિગત આ પ્રમાણે.

સં૦ ૧૭૪૯ના બીજી ભા૦ સુ૦ ૧૩ – હરિયાલા ( ખેડા ) ગામમાં 'શ્રી જંબૂસ્વામી – રાસ' ઢાળ : ૬.

સં૦ ૧૭૫૫ના પો૦ સુ૦ ૧૦ – ગુજરાત – પાટણમાં 'અષ્ટ-પ્રકારી પૂજા.'

સં૦ ૧૭૫૯ના માગ૦ સુ૦ ૧૧ – ઉના બંદરમાં 'સ્થૂલિભદ્રરાસ – નવરસ.'

સં૦ ૧૭૫૯ના વૈ૦ વ૦ ૬ – શંખેશ્વરમાં 'શંખેશ્વર પાર્શ્વનાથ સલોકો.'

સં૦ ૧૭૬૧ના ફા૦ વ૦ ૧૧ ને શુક્ર – પાટણમાં 'રાજસિંહ-રાસ ( નવકાર )'

સં૦ ૧૭૬૩ના શ્રા૦ વ૦ ૧૦ – ખંભાતમાં 'બ્રહ્મચર્યની નવવાડ સજ્ઝાય' ઢાળ : ૧૦

સં૦ ૧૭૬૫માં 'બાર વ્રતનો રાસ.'

સં૦ ૧૭૬૬ના મા૦ વ૦ ૮ – હરિયાળા ખેડા ગામમાં 'મલયા-સુંદરી રાસ' ( વિનોદવિલાસ ) ઢાળ : ૧૩.

સં૦ ૧૭૬૭ના પો૦ સુ૦ ૫ તે ગુરુવાર – ઉનાવામાં 'યશોધર-રાસ' ઢાળ : ૮૧.

સં૦ ૧૭૬૭ના આ૦ વ૦ ૬ ને રવિવાર – ઉનાવામાં 'લીલાવતી સુમતિવિલાસરાસ' ઢાળ : ૨૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૰ ૧૭૬૮ના મા૰ સુ૰ ૧૦ ને રવિવાર – પાટણમાં ‘ ધર્મબુદ્ધિ – પાપબુદ્ધિરાસ. ’

સં૰ ૧૭૬૯ના પો૰ સુ૰ ૧૩ ને મંગળવાર – ઉનાવામાં ‘ ભુવન-ભાનુકેવલી – રાસ ’ ઢાળ : ૯૭ ( રસલહરી રાસ )

સં૰ ૧૭૬૯ના શ્રા૰ સુ૰ ૭ ને મંગળવાર – ભટ્ટા૰ હીરરત્નની આજ્ઞામાં થળમાં ‘ સુવિધિનાથ સ્તવન ’ કડી : ૩૦.

સં૰ ૧૭૭૦ના મા૰ સુ૰ ૧૩ – આદરજમાં ‘ નેમિનાથ સલોકો. ’

સં૰ ૧૭૭૦ના મા૰ સુ૰ ૧૩ – આર્દ્રજમાં ‘ શાલિભદ્ર સલોકો. ’

સં૰ ૧૭૭૦ના મા૰ સુ૰ ૧૩ – આદરજમાં ‘ ભરત – બાહુબલી સલોકો ’

સં૰ ૧૭૭૦મા – પાલિતાણામાં ‘ શત્રુંજ્યમંડન ભ૰ ઋષભદેવ સ્તવન ’ ઢાળ : ૧૦

સં૰ ૧૭૭૦માં – ખેડામાં ‘ ભટ્ટારક ભાવરત્નસૂરિ પરંપરારાસ ’

સં૰ ૧૭૭૨ના ભાદરવા સુ૰ ૧૩ ને બુધવારે – અમદાવાદમાં ‘ સ્તવન ચોવીશી. ’

સં૰ ૧૭૭૨ના ભા૰ સુ૰ ૧૩ ને બુધવારે – અમદાવાદમાં ‘ ઢંઢણમુનિની સજ્ઝાય. ’

સં૰ ૧૭૭૯ના ભા૰ સુ૰ ૧૫ – પાટણમાં ‘ ભાભા પાર્શ્વનાથ સ્તવન. ’

સં૰ ૧૭૮૨માં – અમદાવાદમાં ‘ રાજાસૂર્યયશા ( ભરતપુત્ર )નો રાસ. ’

સં૰ ૧૭૮૨ના મા૰ સુ૰ ૧૫ ને બુધવાર – અમદાવાદમાં ‘ વરદત્ત – ગુણમંજરી રાસ. ’

સં૰ ૧૭૮૨ના આ૰ સુ૰ ૧૫ ને બુધવાર – અમદાવાદમાં ‘ દામન્નકરાસ ’ અને ‘ રાજા મહીપતિ મંત્રી મતિસાગર રાસ. ’

સં૰ ૧૭૮૫ના ભા૰ વ૰ ૫ ને ગુરુવાર – ભાલેજમાં ‘ સુદર્શન શેઠનો રાસ. ’

સં૰ ૧૭૯૦માં – ‘ ગંધારમંડન મહાવીર સ્તવન ’

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૭૯૫ના જેઠ સુ૦ ૮ – હરિયાળા ( ખેડા ) ગામમાં ' વિમલ મહેતાનો સલોકો.'

સં૦ ૧૭૯૫ના શ્રા૦ સુ૦ ૧૫ ને સોમવાર – ઉનાવામાં ' નેમિનાથ – રાજીમતી – બારમાસા.'

સં૦ ૧૭૯૯ના ચૈ૦ સુ૦ ૯ ને ગુરુવાર – ઉમરેઠમાં ' હરિવંશ-રાસ – ( રાસ રત્નાકર ).'

સં૦ ૧૭૯૯ના ચૈ૦ સુ૦ ૧૦ – મિયાગામમાં ' પં૦ હર્ષરત્ન-ગણી સજ્ઝાય ' કડી : ૯૨,

( – શેઠ નગીનદાસ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ સૂરત તરફથી પ્રકાશિત ' શ્રી જૈન ગુર્જરસાહિત્યરત્નો ' ભા૦ ૧, પૃ૦ ૨૭૨ થી ૨૮૬,

શ્રી. દૌલતસિંહ લોઢા – ' પ્રાગ્વાટ ઇતિહાસ ' ખંડ : ૩, પૃ૦ ૩૫૦ થી ૩૫૨ )

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

નોંધ –

આ ઉપરાંત તેમણે છૂટક રાસો, પ્રભાતિયાં, શત્રુંજયતીર્થનાં સ્તવનો, સ્તવનચોવીશી, છૂટક સ્તવનો, છંદો, મૌન એકાદશી સજ્ઝાય, છૂટક સજ્ઝાયો એમ વિવિધ પ્રકારનું સાહિત્ય રચ્યું છે.

તેમણે સં૦ ૧૭૯૦માં ખંભાત, જંબૂસરના જૈન સંઘની સાથે યાત્રા કરી. ' ગંધારમંડન મહાવીર સ્તવન ' અને ' જગવલ્લભ સ્તવન ' રચ્યાં.

તેમણે ' સ્તવન ચોવીશી ' મોટે ભાગે તે યુગમાં ગવાતી ગરબી-ઓના રાગમાં બનાવી હતી.

તેમનાં રાસો, સ્તવનો, સજ્ઝાયો વગેરે સુંદર, બોધક, ભાવવાહી અને લોકપ્રિય છે.

તેમની રચનામાં નવે રસો હૂબહુ ઉપસેલા મળે છે.

આથી તેમની રચનામાં વાસ્તવિકતા તરવરે છે અને લોકપ્રિયતા બની રહે છે. જેમકે –

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" ભણુશાલી કપૂરે ભલી પરે, સંઘની સાનીધ કીધી;
કાઠી લોકોને લાગો કરડો, સખર શાબાશી લીધી.":

(—સં૦ ૧૭૭૦ 'સિદ્ધાચલમંડન ઋષભદેવ સ્તવન' ઢાળ : ૯)

" ચાલ ચાલ રે કુંવર ચાલ, તારી ચાલ ગમે રે. તારી૦
તુજ દીઠડા વિના મીઠડા મારા પ્રાણ ભમે રે. મા૦ ચા૦ ૧
ખોળા માંહી પડતું મૂકે, રીસે દમે રે, રીસે૦
માવડી વિના આવડ ખુંધું; કોણ ખમેરે. ખુ૦ મા૦ ૨"

(—ભ૦ પાર્શ્વનાથનું સ્તવન)

" આગ ઊઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે,
જલનો જોગ જો નવી મળે, તો પાસેનું પરજાળે.
કડવાં ફળ છે ક્રોધનાં૦"

(—ક્રોધની સજ્ઝાય)

" સૂકાં લાકડાં સારીખો, દુઃખદાયી એ ખોટો રે;
ઉદયરત્ન કહે માનને, દેજો દેશવટો રે." ૫.

(—માનની સજ્ઝાય)

" મુખ મીઠો જૂઠો મનેજી, કૂડ કપટનો રે કોટ;
જીભે તો જી જી કરે જી, ચિત્તમાં તાકે ચોટ રે,
પ્રાણી મ કરીશ માયા લગાર. ૨.
" આપ ગરજે આઘો પડેજી, પણ ન ધરે વિશ્વાસ;
મન શું રાખે આંતરોજી, એ માયાનો પાસરે. પ્રાણી૦." ૩

(માયાની સજ્ઝાય)

" તે તો દામ તણા લોભે કરી, ઉપર મણિધર થાયે મરી.
તમે૦" ૫

(—લોભની સજ્ઝાય)

" વહાલાં તે વહાલાં શું કરો, વહાલાં વોળાવી વળશે,
વહાલાં તે વનકેરાં લાકડાં, તે તો સાથે જ બળશે.
એક રે દિવસ એવો આવશે."

(વૈરાગ્ય સજ્ઝાય)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" એક ઊઠંતી આળસ મરડે, બીજી ઊંઘે બેઠી,
નદીઓ માંથી કોઈ નિસરતી, જઈ દરિયામાં પેઠી." આજ૦ ૧૦

(– મૌન એકાદશી સજ્ઝાય. કડી ૧૨)

૬૫ મહો૦ ઉદયરત્નગણી ૬૬ ઉપા૦ ઉત્તમરત્નગણી.

૬૭ ઉપા૦ જિનરત્નગણી, ૬૮ ઉપા૦ ક્ષમારત્નગણી.

૬૯ ઉપા૦ રાજરત્નગણી – સં૦ ૧૬૯૩માં થયા.

તપાગચ્છના ૫૩મા ભટ્ટા૦ લક્ષ્મીસાગરસૂરિની વાચક પરંપરામાં મહો૦ ચંદ્રરત્નગણી ( સં૦ ૧૬૯૩ )ના વિદ્યા શિષ્ય ૬૧મા ઉપા૦ રાજરત્નગણી થયા હતા.

( પ્રક૦ ૫૩, પૃ૦ ૫૪૩ )

તેમણે 'નવ તિથિઓ અને સાતવારની સજ્ઝાય' રચી છે.

૭૦ ઉપા૦ અનોપચંદ્રગણી

૭૧ ઉપા૦ તેજરત્નગણી

૭૨ ઉપા૦ ગુણરત્નગણી – તેઓ શાંત, મળતાવડા, ખુશમિજાજ વૈદ્યકમાં નિષ્ણાત, પરગજુ અને જૈનધર્મમાં અત્યંત રાગી હતા. સાધુ–સાધ્વીઓ પ્રત્યે પૂજ્યબુદ્ધિ ધરાવતા હતા. તેમનું ખાળેલામાં સ્વર્ગગમન થયું.

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

## પૂ. આ. શ્રી વિજયદાનસૂરિ
## શિષ્યપરંપરા (પરિવાર)

આ૦ વિજયદાનસૂરિએ વિદ્વાન શિષ્યપરિવાર આપ્યો છે તે આ પ્રમાણે છે —

(૧) ૫૭ પં૦ ધર્મસિંહગણી — તેઓશ્રી આણંદ વિમલસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય હતા અને પં૦ સંઘહર્ષગણીના દીક્ષા-શિષ્ય હતા. તેમણે આશરે સં૦ ૧૫૮૦માં 'વિક્રમરાસ' રચ્યો છે.

૫૮ પં૦ રત્નસિંહગણી — તેમણે સં૦ ૧૫૮૭ થી ૧૬૨૨ના ગાળામાં (૧) 'નેમિભક્તામર – પ્રાણપ્રિયકાવ્ય' શ્લો૦ ૪૫ અને 'પાર્શ્વકલ્યાણમંદિર' સ્તોત્ર રચ્યાં છે.

સંભવ છે કે તેમણે જ "સાત અર્થવાળું — "શ્રી નાભિનન્દન જનેષુ" સ્તોત્ર તેમજ સં૦ ૧૬૧૯માં "છ અર્થવાળું — શ્રી વર્ધમાન જિનસ્તોત્ર" રચ્યું હોય.

(પ્રક૦ ૪૩, પૃ૦ ૭૪૯ 'અનેકાર્થસાહિત્ય' પ્રક૦ ૫૫, પૃ૦ ૫૧૦, ૫૫૩)

૫૯ પં૦ પ્રીતિવિમલગણી –

(૨) ૫૭ ભટ્ટા૦ વિજયદાનસૂરિ

૫૮ ઉપા૦ શ્રીકરણગણી – તેમનું બીજું નામ ઉપા૦ શ્રી કરણ-કુશલગણી પણ મળે છે.

વાસ્તવમાં ભટ્ટા૦ હેમવિમલસૂરિની પરંપરાના કુશલ-શાખાના મહો૦ હાનર્ષિગણીની પરંપરાના ૫૦...ના શિષ્ય હતા. અને ભટ્ટા૦ વિજયદાનસૂરિના ઉપાધ્યાય હતા.

સંવેગી, ત્યાગી અને વિદ્વાન હતા. તેમણે 'સમય ગોયમ મ કર પ્રમાદ' વાળી 'ગૌતમસ્વામી સજ્ઝાય' છે, જે લોકપ્રિય છે.

૫૯ ઋષિ જગમાલ — તેઓ પ્રથમ ઉગ્ર સ્વભાવી હતા. તેમણે સં૦ ૧૬૩૦ માં બોરસદમાં પેટલાદના હાકેમને સમજાવી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાની ‘ ગ્રંથપોથી ’ લેવા આ૦ હીરવિજયસૂરિને કષ્ટમાં નાખ્યા હતા. તે પછી તેમણે માફી માગી આ૦ હીરવિજયસૂરિની આજ્ઞામાં આવી ભળ્યા હતા.

ઉંઝાના વૃદ્ધો કહે છે કે—

“ આ૦ હીરવિજયસૂરિ સં૦ ૧૬૩૯માં ફત્તેપુરસિક્રીમાં બાદશાહ અકબરને મળ્યા હતા, ત્યારે ઋષિ જગમાલજી હારીજ થઈ તેમની સાથે જોડાઈને ફત્તેપુરસિક્રી ગયા હતા. તેઓ ચમત્કારી હતા. તેમની ગાદી ઉંઝા અને હારીજમાં હતી.”

૫૯ પં૦ તેજમાલજી – તેઓ ઉપા૦ શ્રીકરણના શિષ્ય હતા. તેમણે ‘ જિનપ્રતિમા – પાઠ ગર્ભિત ભ૦ ‘ પાર્શ્વનાથ સ્તવન ’ રચ્યું છે.

( – પટ્ટાવલી સમુચ્ચય, ભા૦ ૨, પુરવણી પૃ૦ ૧૫૧ )

નોંધ — તપાગચ્છની કુશળશાખા માટે જુઓ જૈન પરંપરાનો ઇતિહાસ ભા. ૩ પ્રક૦ ૫૫, મહો૦ હાનર્ષિગણીની ૧ થી ૯ પરંપરા ( પૃ. ૭૭૦ થી ૮૦૮ )

(૩) ૫૭ આ. વિજયદાનસૂરિ.

૫૮ શ્રી. વાસણ – તેમણે સં૦ ૧૭૯૭માં ‘ આણંદવિમલસૂરિ રાસ ’ રચ્યો છે.

પં૦ શુભવર્ધનગણી, પં૦ ઉદયવર્ધનગણી

તેઓ તપાગચ્છના (૫૧) આ૦ જયચંદ્રસૂરિ, (૫૨) પં૦ જિનહર્ષગણી (૫૩) પં૦ સાધુવિજયગણી શિષ્ય (૫૪) પં૦ શુભવર્ધનગણી, (૫૫) પં૦ ઉદયવર્ધનગણી થયા.

( – જૈન પરંપરાનો ઇતિ. પ્રક૦ ૫૮, ૫૯ તપાગચ્છ – નગવર્ધનશાખા )

૫૪ પં૦ શુભવર્ધનગણી – તેમનું બીજું નામ શુભ વિજયગણી પણ મળે છે. તેઓ મહો૦ ગજસાગરગણીના વિદ્યાશિષ્ય પં૦ ભાવવર્ધનગણી ( ભાવ હર્ષગણી )ના વિદ્યાશિષ્ય હતા.

તેઓ સં૦ ૧૬૦૪ના જેઠ સુદિ ૮ ના રોજ ભ૦ વિજયદાનસૂરિના શાસનકાળ સુધી વિદ્યમાન હતા.

તેમણે સં૦ ૧૫૫૨માં ૫૫મા ભટ્ટા૦ હેમવિમલસૂરિના રાજ્યમાં ‘ ઋષિમંડલવૃત્તિ ’ અને ‘ દશશ્રાવકચરિત્ર ’ રચ્યાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૫ પં૦ ઉદયવર્ધનગણી.

૫૬ પં૦ સૌભાગ્યવર્ધનગણી.

**शीलोपदेशमाला – पुष्पिका –**

**“संवत् १६०९ वर्षे वैशाख बुधवारे श्री गूर्जरसत्कशहीशानक – नगरतटलिखितं। प्रारभ्य श्री अणहिल्लवाटकाह्वयश्रीपत्तनगच्छा० श्रीश्री विश्वलनगरे प्रत्यावृत्य मारवाडा–मोढेरादि–मालवणादि–नांदिआ–वीर वाडादि–शीवरो–माळणसू–नाणादिषु मुछा (भ्रान्त्वा) लहिडाग्राम-स्ताने श्रीबालीसाजि श्रीतेजमालाह्वय भूपतौ विजयराज्ये तपागच्छा-धिराज श्रीविजयदानसूरि शिरोमणौ तत्रावसरे नारदीपुरीनगरे पादा-वधारिते आचारमहास्थाने चतुर्मासीकृत्य पण्डितश्रीउदयवर्धन शिष्य–पं०सौभाग्यवर्धनगणिभिरलिखि फ० सु० ३ तः प्रारभ्य वैशाखवदि ७ दिने संपूर्ण एतावन्तं विहारं कुर्वाणैः १०५ गव्यूत-प्रमाणः श्रेयोऽस्तु श्रीसंघाय।”**

( – શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા. ૨, પ્ર૦ નં૦ ૪૦૩ પિષ્પુકા ) ‘શીલોપદેશમાલા ’ની

ભાવાર્થ–” તેમણે સં૦ ૧૬૦૮ના ફા૦ સુ૦ ૩ મહેસાણાથી વિહાર કરી ગુજરાત પાટણ, વીસનગર, મગરવાડા, મોઢેરા વગેરે તથા માલવણ આદિ તથા સિરોહી નાંદિયાતીર્થ, વીરવાડા આદિ તથા સીવેરા, માલસુ, નાણા, મુચ્છા, લહિડા, રાજા તેજમાલનું બાલી પરગણું થઈ નાડોલ, નાડલાઈમાં ભટ્ટા૦ વિજયદાનસૂરિને વંદન કરી ૧૦૭ ગાઉના વિહાર કરી આહડ મહાનગર જઈ ત્યાં સં૦ ૧૬૦૮નું ચાતુર્માસ કર્યું. પછી વિહાર કરી સં૦ ૧૬૦૯ના વૈ૦ વ૦ ૭ ના રોજ મહેસાણા આવી સ્થિરતા કરી.”

તેમણે આ રીતે સં૦ ૧૬૦૭ના વિહારમાં ( જવા–આવવામાં ) ‘શીલોપદેશમાલા ’ લખી.

( – શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભા. ૨, પૃ૦ ૪૦૩ પ્રક૦ ૫૧, પૃ૦ ૨૪૯ B. )

(૫૭) ઉપા૦ કુશલવર્ધનગણી – ( સં૦ ૧૬૫૮ થી સં૦ ૧૭૧૧ )

( – પ્રક૦ ૫૮–૫૯ નગવર્ધનશાખા )

(૫૭) પં૦ કમલવિજયગણી – ( સં૦ ૧૬૧૦ થી ૧૬૬૧ )

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

(૫૮) પં૦ શ્રીવિજયગણી.

(૫૯) પં૦ રત્નવિજયગણી – સં૦ ૧૬૪૪ના ભાદરવા સુદિ પાંચમ ને શુક્રવારે 'પ્રિયંકર નૃપકથા' લખી.

(– શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા. ૨; પ્ર૦ નં૦ ૫૩૯, પૃ૦ ૧૩૯)

(૪) (૫૭) આ૦ વિજયદાનસૂરિ

(૫૮) પં. જયહર્ષગણી.

(૫૯) મુનિ પદ્મવિજય

નોંધ — હંસશાખામાં (૧) પં૦ વિવેકહંસ, (૨) પં૦ વિચારહંસ, (૩) પં૦ બુદ્ધિહંસ,

(૫૭) આ૦ વિજયદાનસૂરિ

(૫) (૫૮) પં૦ વેલામુનિ – બીજું નામ મનસત્ય. તે સં૦ ૧૬૨૨ માં વિદ્યમાન હતા.

(૫૭) આ૦ વિજયદાનસૂરિ

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(૬) (૫૮) પં૦ સાંગાગણી.

(૫૯) પં૦ હમીરગણી.

(૬૦) મુનિ માણેકવિજય સં૦ ૧૬૫૩

મહાહડાગચ્છમાં (૧૬) આ૦ કમલપ્રભસૂરિ સં૦ ૧૫૨૦ (૧૭) આ૦ ગુણકીર્તિસૂરિ (૧૮) આ૦ ધર્મપ્રભસૂરિ સં૦ ૧૫૨૦ (૧૮) આ૦ ધ્યાનંદસૂરિ (૧૯) આ૦ ભાવચંદ્રસૂરિ (૨૦) આ૦ કર્મસાગરસૂરિ પં૦ મનકચંદ્ર, (૨૧) આ૦ જ્ઞાનસાગરસૂરિ થયા.

(– પ્રક૦ ૩૭, પૃ૦ ૬૮)

## સમકાલીન ગ્રંથકારો —

નાગેંદ્રના ભટ્ટા૦ ગુણસાગરસૂરિ સં૦ ૧૫૨૨ સુધી વિદ્યમાન હતા. તેમની પાટે સં૦ ૧૫૧૨માં આ૦ ગુણભદ્ર થયા.

(પ્રક૦ ૩૫, પૃ૦ ૯)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૦ બ્રહ્માણગચ્છના ભટ્ટા૦ ગુણસાગરસૂરિ અને પં૦ નયકુંજર ગણી સં૦ ૧૬૧૦ના ફા૦ વ૦ ૫ ને શુક્રવારે મોહન ગામમાં હતા.

( – શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા. ૨, પ્ર૦ નં૦ ૪૦૮ )

૦ પિપ્પલક ગચ્છના આ૦ ધર્મસાગરસૂરિ રાજમાન્ય હતા. તેમની પાટે આ૦ ધર્મવલ્લભસૂરિ થયા.

૦ પુનમિયા ગચ્છમાં આ૦ મુનિચંદ્રના પટ્ટધર આ૦ વિદ્યારત્ન, આ૦ વિનયચંદ્રસૂરિ સં૦ ૧૫૯૮માં હતા.

( – પ્રક૦ ૪૦, પૃ૦ ૫૦૩ )

૦ ખરતર ગચ્છના ૫૫મા આ૦ જિનમાણિક્યસૂરિ સં૦ ૧૬૧૨ ના અ૦ સુ૦ ૫ ના રોજ થલી પ્રદેશમાં સ્વર્ગે ગયા.

તેમણે પોતાના શિષ્યોને ક્રિયોદ્ધાર માટે તૈયાર કર્યા. તેમના પરિવારના ઉપા૦ સાધુરંગગણીએ સં૦ ૧૫૯૯માં ‘સૂયગડાંગસુત્ત–દીપિકા’ ( ગ્રં૦ ૧૩૪૧૬ ) રચી,

તથા ઉપા૦ રત્નાકરગણીએ સં૦ ૧૬૧૦ ના શ્રા૦ વ૦ ના દિવસે ‘જીવવિચાર’ની પ્રાકૃતવૃત્તિના આધારે સંસ્કૃત ટીકા રચી.

ખરતર ગચ્છના ૫૬મા પટ્ટધર આ૦ જિનચંદ્રસૂરિ સં૦ ૧૬૧૨ ના ભા૦ સુ૦ ૯ ના રોજ જેસલમેરમાં આચાર્ય થયા.

તેમણે તથા ઉપા૦ તિલકગણી વગેરેએ સં૦ ૧૬૧૩ના ચૈ૦ સુ૦ ૭ ના રોજ ક્રિયોદ્ધાર કર્યો.

( – પ્રક૦ ૪૦, પૃ૦ ૪૮૦, ૪૮૧ )

૦ અંચલગચ્છના ૫૬માં આ૦ ગુણનિધાનસૂરિ સં૦ ૧૬૦૨માં અમદાવાદમાં સ્વર્ગે ગયા.

તેમના પટ્ટધર ૫૭મા ધર્મમૂર્તિસૂરિ સં૦ ૧૬૦૨માં અમદાવાદમાં આચાર્ય થયા.

તેમણે સંમેતશિખર તીર્થની ત્રણ વાર યાત્રા કરી. તેમણે સં૦ ૧૬૧૭માં આ૦ મેરુતુંગસૂરિએ રચેલી અંચલગચ્છની પટ્ટાવલીમાં વધારાનો ઇતિહાસ જોડી ‘અનુપૂર્તિ’ કરી.

( – પ્રક૦ ૪૦, પૃ૦ ૫૩૨ )

જે ૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૦ આગમિકગચ્છના આ૦ વિવેકરત્નસૂરિના ઉપદેશથી ગંધારના વ્ય૦ પર્વત–કાન્હાએ જૈન સિદ્ધાંતગ્રંથો લખાવ્યા.

(–પ્રક૦ ૪૦, પૃ૦ ૫૪૭)

તેમની પાટે આ૦ સંયમરત્ન થયા. તેમના સમયમાં આગમિક ગચ્છની લઘુશાખામાં આ૦ ધર્મરત્નસૂરિ થયા. તેમના શિષ્ય પં૦ જયસુંદરે ગ્રંથો લખાવ્યા.

(–પ્રક૦ ૪૦, પૃ૦ ૫૪૩)

૦ પાયચંદગચ્છના આ૦ પાર્શ્વચંદ્રસૂરિએ ઘણા ગ્રંથો રચ્યા છે. સં૦ ૧૬૧૨માં જોધપુરમાં તેઓ સ્વર્ગસ્થ થયા.

(–પ્રક૦ ૪૦, પૃ૦ ૫૯૫)

૦ આ૦ શ્રી. કંઠસૂરિ: વડોદરાના વૈદ્ય દુર્ગાશંકર અંબાશંકર દલસુખરામે પ્રકાશિત કરેલ જૈન પંડિતવર્ય શ્રી. કંઠસૂરિ વિરચિત મૂળ વૈદ્યકનો ગ્રંથ 'હિતોપદેશ' નામે સંસ્કૃત પદ્યમાં રચ્યો છે.

તેનું વૈદ્યરાજ છોટાલાલ નરભેરામે ગુજરાતી ભાષાંતર વિ. સં. ૧૮૫૪ (ઈ. સ. ૧૮૨૭)માં વડોદરાના લક્ષ્મીવિલાસ પ્રેસ તથા નૂતનવિલાસ પ્રેસમાં છપાવી પ્રકાશિત કર્યું છે. પ્રકાશક તેની પ્રસ્તાવનામાં લખે છે —

"આ વિદ્યાના સંસ્કૃત ભાષામાં અનેક ગ્રંથો છે. પણ તે સર્વ કોઈને સમજવા જેવા સુલભ નથી. વળી, તેમાં બતાવેલ ઉપચારમાંથી પણ ઘણા ઉપચારો એવા છે કે વૈદ્યની મદદ વિના રોગી તેનો ઉપયોગ કરી શકે નહીં. એવા હેતુથી અમે શ્રી કંઠસૂરિ જૈન વિદ્વાન્ વૈદ્યના રચેલા આ 'હિતોપદેશ' નામે ગ્રંથનું ભાષાંતર કરાવી પ્રગટ કર્યો છે.

જૈન પંડિતોએ વૈદ્યક, જ્યોતિષ વગેરે વિષયોમાં અનેક ગ્રંથો રચેલા છે, પણ પઠન-પાઠનના અભાવે તે ગ્રંથોમાંથી ઘણા દુર્મિલ (દુર્લભ) થયા છે.

અમારા પિતામહ શ્રી. દલસુખરામ વૈદ્ય, જેઓ તે સમયે વડોદરામાં પ્રખ્યાત વિદ્વાન હતા અને જેમનો શ્રીમંત મહારાજા ખંડેરાવ ગાયકવાડ સરકાર તરફથી સારો સત્કાર થતો હતો.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

તેમની પાસે કેટલાક જૈન પંડિતો વૈદ્યકવિદ્યાનો અભ્યાસ કરતા હતા. તેમના પુસ્તકસંગ્રહમાંથી આ ગ્રંથ મને ઉપલબ્ધ થયો. અને તે કેટલાક વિદ્વાન વૈદ્યોને બતાવતાં ઘણો ઉપયુક્ત છે એવો તેમણે અભિપ્રાય આપ્યો. મારા કેટલાક વિદ્વાન મિત્રોએ તે છપાવી પ્રસિદ્ધ કરવા મને આગ્રહ કર્યો.

આ ઉપરથી વાગ્ભટ્ટ તથા હારીતસંહિતા વગેરે વૈદ્યકના મોટા ગ્રંથોના પ્રસિદ્ધ ભાષાંતરકાર રા૦ છોટાલાલ નરભેરામને આ ગ્રંથની અસલ પ્રત આપી, તેનું ગુજરાતી ભાષાંતર કરવા વિનંતી કરી, જે તેમણે સ્વીકારી અને આ ગ્રંથ હું આજ તેના ગ્રાહકોના હાથમાં આપવાને શક્તિમાન થયો.

"આ ગ્રંથમાં બધા મળીને દશ સમુદ્દેશ છે. જ્વર વગેરે અને કેટલાક રોગોનાં સંક્ષિપ્ત લક્ષણો તથા વિસ્તારથી પ્રતીકાર છે. તેમાંના બહુધા બધા જ ઉપાયો અનુભવસિદ્ધ હોય એમ લાગે છે; કેમકે આમાંના કેટલાક ઉપાયો અમે રોગીઓ ઉપર અજમાવી જોયા તો રામબાણ નીવડ્યા છે. કેટલાક સામાન્ય વાળો, રાંઝણ, વગેરે રોગોના ઉપાયો, જે વૈદ્યકના મોટા ગ્રંથોમાંથી મળી આવતા નથી તે પણ આમાં બતાવેલા છે.

"વિશેષ ખૂબી એમાં એ છે કે, રોગોના ઉપાય સહજ બની શકે એવા જ એમાં બતાવેલા છે, જેથી હરકોઈ માણસ હરકોઈ સ્થળમાં જોઈતાં ઔષધ મેળવી રોગનો પ્રતીકાર કરી શકે. તથાપિ અમારી સલાહ એવી છે કે, બનતા સુધી વૈદ્યની સલાહ લઈ ઉપાય કરવા એ જ ઠીક છે."

"લખેલી અસલ સંસ્કૃત પ્રત ઘણી જૂની તથા અશુદ્ધ લખાયેલી હોવાને લીધે ભાષાંતર કરતાં મુદ્દત બહુ વીતી છે. તે બાબત અમે અમારા અગાઉથી થયેલા ગ્રાહકોની ક્ષમા યાચીએ છીએ."

આ પ્રકાશિત ગ્રંથ અમદાવાદના બાલાભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના ગ્રંથાલયમાં નં. ૧૮૮, નં. ૧૯૩માં છે.

ગ્રંથનું નામ છે "વૈદ્યકસાર સંગ્રહ હિતોપદેશ". કર્તાનું નામ છે આ૦ શ્રી કંઠસૂરિ. આ ગ્રંથમાં ૧૦ સમુદ્દેશ છે. અનુષ્ટુપ્ વગેરે વિવિધ વૃત્તોમાં શ્લોક ૯૭૫ છે. ગ્રં૦ ૧૦૦૦ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રંથકાર પોતાનો પરિચય નીચે પ્રમાણેના શબ્દોમાં આપે છે—

"नत्वा मुनीनामृषभं दयालुं तीर्थङ्करं श्रीवृषभं गुणाढ्यम्।
हिताय रुग्भिः परिपीडितानां हितोपदेशं कथयामि किञ्चित् ॥ १
रोगाक्रान्त शरीरस्य स्थानान्यष्टौ निरीक्षयेत् ।
नाडीं मूत्रं मलं जिह्वां शब्दः स्पर्शः स्वरूपकम् ॥ २

(સમુદ્દેશ, ૧, પૃ૦ ૧)

इति श्रीपरम जैनाचार्य श्रीकण्ठविरचिते वैद्यक सारसंग्रहे हितोप-देशनाम्नि नाडी-नेत्र-मुख-जिह्वा परीक्षा प्रथमः समुद्देशः ॥

(સમુ૦ ૧, પૃ૦ ૩૧)

एनांसि रोगा वपुषस्तमांसि यद्दर्शनाद् दूरत एव यान्ति ।
वन्दे तमेकं जगतामधीशं तेजोमयं सूरमदूरविश्वम् ॥

(–સમુ૦ ૬, શ્લો૦ ૧, પૃ૦ ૧૫૮)

माहिषं नवनीतं सिन्दूरं मरिचान्वितम् ।
पामां हन्ति प्रलेपेन पापं वीरो यथा स्मृतः ॥

જૈનમ્ જયતિ શાસનમ્

(સમુ૦ ૯, શ્લો૦ ૪૯, પૃ૦ ૧૬૬)

इति परमजैनाचार्य-श्रीउमास्वातिवाचक शिष्य श्रीकण्ठ विरचिते हितोपदेशनाम्नि कुष्ठ – पामा – सिध्म–वातरोग प्रतिकारो नवमः समुद्देशः ॥

(–સમુ૦ ૯, પૃ૦ ૧૭૫)

ગ્રંથસમાપ્તિ—

मुक्ताफलैरिव घनैः शुचिभिः सुवृत्तै-
रापूरिता विमलकाव्यगुणैश्च युक्ता ।
श्री कण्ठपण्डितकृतिर्बुधकण्ठधराऽस्तु
मुक्तावलीयतु सतां रुचिरा चिराय ॥ २२

इति परमजैनाचार्य श्रीकण्ठविरचिते उमास्वातिशिष्य शोधिते हितोपदेशनाम्नि बाल – स्त्रीरोग – शस्त्रघात – नाडीविसर्प – कण्डु–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**दश्रू-रक्त – पित्ता – पीमार – पाण्डुरोगत्रह्निना दीपनवह्नि – दग्ध श्वेत – पित्त – सर्पविष – कन्दविष – वृश्चिकविषप्रतीकारनामा दशमः समुद्देशः ।**

(— સમુદ્દેશ ૧૦, પૃ૦ ૧૯૬)

આમાં આ૦ શ્રીકંઠનું નામ મળે છે. તેમને ઉમાસ્વાતિ વાચકના શિષ્ય અને સમકાલીન બતાવ્યા છે એ વિચારણીય છે. કેમકે વા૦ ઉમાસ્વાતિના શિષ્યો બાબત તેમ જ શ્રી. કંઠસૂરિ બાબત આ ગ્રંથ સિવાયનો બીજો કોઈ વ્યવસ્થિત આધાર મળતો નથી.

આમાં જે સમુદ્દેશ શબ્દ વપરાયો છે તે જૈન પરિભાષાનો શબ્દ છે અને ભ૦ ઋષભદેવ તથા ભ૦ મહાવીરસ્વામીને વંદન કર્યું છે. તે ગ્રંથકાર જૈન હોવાનું પુરવાર કરે છે. સૂર્યને નમસ્કાર કરવાનું બતાવ્યું છે તે વ્યવહારસમ્મત વસ્તુ છે. ઉમાસ્વાતિને વાચક બતાવ્યા છે તેથી ગ્રંથકાર શ્વેતાંબર હોવાનો સંભવ છે.

પ્રકાશકે આ ગ્રંથની ઉપલબ્ધ પ્રતિને જૂની અને અશુદ્ધ બતાવી છે, તો સંભવ છે કે જૈન યતિઓના હાથે લખાતી પડિમાત્રા કે મરોડદાર લિપિમાં તે લખાઈ હોય. આવી લિપિમાં ठ, ष ज्ञ અને क्क ને ઓળખવામાં ઘણી મુશ્કેલી પડે છે.

અમને તો એમ લાગે છે કે આ ગ્રંથકારનું મૂળ નામ (૧) શ્રી. કંઠસૂરિ, (૨) શ્રી. કૃષ્ણસૂરિ, અથવા (૩) શ્રી. કક્કસૂરિ હોય.

આ વિષયના ગ્રંથો મોટે ભાગે વિક્રમની તેરમી સદી પછી બન્યા છે તો આ ગ્રંથકાર પણ વિક્રમની બારમી–તેરમી સદી પછી થયા હોય અને જો તે વાત સાચી હોય તો –

(૧) શ્રી. કંઠસૂરિ – છેલ્લી સદીઓમાં આ નામના હોવાનો આ રીતે ઉલ્લેખ મળતો નથી.

(૨) આ૦ કૃષ્ણસૂરિ – કૃષ્ણર્ષિગચ્છ વગેરેમાં આ નામના ઘણા આચાર્યો થયા છે.

(– પ્રક૦ ૩૨, પૃ૦ ૫૨૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) આ૦ કક્કસૂરિ – ઉપકેશગચ્છની કોરંટ શાખામાં તેમ જ દ્વિવંદનિક શાખામાં આ નામના ઘણા આચાર્યો થયા હતા.

( પ્રક૦ ૧, પૃ૦ ૩૬, ૩૭)

તેમાંના છેલ્લા ભટ્ટા૦ દેવગુપ્તસૂરિ અને ભટ્ટા૦ કક્કસૂરિ વિક્રમની સોળમી સદીમાં થયા હતા, જે વિદ્વાન્ વિજ્ઞાનમાં, કળામાં સમર્થ અને યંત્ર–કલામાં નિષ્ણાત તથા બાદશાહોને પણ માનીતા હતા.

ભટ્ટા૦ કક્કસૂરિનું બીજું નામ ભટ્ટા૦ રાજવલ્લભસૂરિ તથા ભટ્ટા૦ રાજવિજયસૂરિ પણ મળે છે.

( પ્રક૦ ૧, ૦૩૭, પ્રક૦ ૫૭ તપાગચ્છરત્ન શાખા)

સાધ્વીસંઘ ––

આ સમયે અને તે પછીના કાળની ગ્રંથપ્રશસ્તિઓ–પુષ્પિકાઓમાં સાધ્વીઓનાં ઘણાં નામો મળે છે. તે આ પ્રમાણે––

૦ સં૦ ૧૬૧૯ના વૈ૦સુ૦૧૩ના રોજ હંસાતપુરમાં પં૦ અમરવિજયગણીએ પૂ૦ આ૦ શ્રી. વિજયરુચિગણીની શિષ્યાને ભણવા માટે 'વાગ્ભટાલંકાર' પરિ૦ ૪ લખાવ્યો.

(–શ્રી. પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ નં-૪૩૫)

૦ અંચલગચ્છના ૫૭ મા ભટ્ટા૦ ધર્મમૂર્તિના મહો૦ પુણ્યલક્ષ્મીગણીના શિષ્ય ઉપા૦ ભાનુલબ્ધિગણીની શિષ્યા સાધ્વી શ્રી. ચંદ્રલક્ષ્મીની શિષ્યા સાધ્વી પ્રતાપશ્રીએ ધારીને ભણાવવા માટે 'જ્ઞાનપંચમીકથા' લખાવી.

(–શ્રી. પ્રશસ્તિસંગ્રહ, ભા–૨, પૃ૦ નં. ૪૩૭)

૦ આગમિક ગચ્છની લઘુશાખાના આ૦ ધર્મરત્નસૂરિના શિષ્ય પં૦ જયસુંદરગણીએ પ્રવર્તિની સાધ્વી હેમશ્રીની શિષ્યા સાધ્વી મહિમાશ્રી માટે સં૦ ૧૬૪૦ના આસો સુદિ ૩ ને રોજ ગ્રંથ લખાવ્યો.

(–શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા. ૨, પૃ૦ નં. ૬૨૩, ૬૩૩, પ્રક૦ ૪૦, પૃ૦ ૫૪૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૦ તપાગચ્છના ૫૭મા ભટ્ટા૦ આ૦ વિજયદાનસૂરિના પટ્ટધર, તપારત્ન—શાખાના આદ્ય આ૦ ભટ્ટા૦ વિજયરાજસૂરિના શિષ્ય પં૦ દેવવિજયગણીની શિષ્યા સાધ્વી સહજશ્રીજી માટે નુતાહિપુરી (માળવા)માં સં૦ ૧૬૨૯ના આ૦ વ૦ ૧૨ ને ગુરુવારે 'રાય-પસેણી સુત્ત' લખાવ્યું.[1]

૦ તપાગચ્છના ૬૦મા આ૦ વિજયદેવસૂરિના મહો૦ લાવણ્યવિજય ગણીના શિષ્ય નિત્યવિજય ગણીએ સં૦ ૧૭૨૭ના દ્વિ૦ વૈ૦ વ૦ ૨ ને ભોમવારે સિરોહીમાં 'નવસ્મરણ'નો ટબો લખાવ્યો.

(શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨, પ્ર૦ નં. ૮૯૬)

૦ પં૦ ભોજવિમલ ગણીના શિષ્ય પં૦ મેઘવિમલગણીએ સં૦ ૧૭૯૬ના વૈ૦ સુ૦ ૫ ને બુધવારે સુરતમાં પશાગરીજી લક્ષ્મીશ્રીજીને ભણવા માટે 'દંડક પ્રકરણ'નો ટબો લખ્યો.

(—શ્રી સૂર્યપુરનો સુવર્ણયુગ—પ્રસ્તાવના પૃ૦ ૮૨)

## પૂ. આ. શ્રી વિજયદાનસૂરીશ્વર મ૦ ના સમયના પ્રભાવક જૈનો, જૈનધર્મ પ્રેમીઓ

૦ બાદશાહ બહાદુરશાહ — તે ગુજરાતનો છેલ્લો બાદશાહ હતો. સં૦ ૧૫૮૨ થી સં૦ ૧૫૯૩ (ઈ.સ. ૧૫૨૬ થી ૧૫૩૭). તે આદ્ય ઉપકેશની દ્વિવંદનિકશાખાના ભટ્ટા૦ શ્રી દેવગુપ્તસૂરિ તથા તપાગચ્છ-ની તપારત્નશાખાના આદ્ય ભટ્ટા૦ શ્રી વિજયરાજસૂરિનો ભક્ત હતો.

(પ્રક૦ ૪૪, પૃ૦ ૨૧)

૦ દોશી કર્માશાહ—તેમણે સં૦ ૧૫૮૭ના વૈ૦ વ૦ ૬ના રોજ શત્રુંજયતીર્થનો ૧૬ મો મોટો ઉદ્ધાર કરાવ્યો.

(પ્રક૦ ૩૫, પૃ૦ ૨૦૪, પ્રક૦ ૪૪, પૃ૦ ૨૧-૨૩)

૦ શેઠ ભેરોદાનજી રામજી — તે અલવરનો માંડવિયો વ્યાપારી હતો. આ૦ વિજયહીરસૂરિનો શ્રાવક હતો. તેણે મારવાડ,

---

૧. ભટ્ટા૦ વિજયદાનસૂરિનાં બહેને સં. ૧૬૫૧માં દીક્ષા લીધી હતી, જેમનું નામ પણ સાધ્વી સહજશ્રી હતું.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ગુજરાત, અને મેવાડના બાદશાહ હુમાયુએ પકડી રાખેલા લાખો બાનોને છોડાવ્યા હતા.

(—પ્રક૦ ૪૪, પૃ૦ ૫૩)

બાદશાહ હેમૂ વિક્રમાદિત્ય—તે જોનપુરનો રહીશ હતો. જૈન વણિક હતો. બાદશાહ હુમાયુનો દીવાન હતો.

હેમૂ દિલ્હીના અકબરના હાકેમ તરાદિ બેગખાનને હરાવી, તેને પંજાબ તરફ ભગાડી સં. ૧૬૧૧ના અષાડ વદિ ૭ ના રોજ દિલ્હીની ગાદીએ બેઠો.

તે પછી તે ૧ વર્ષ, ૫ મહિના અને ૨૩ દિવસ જીવીને મરણ પામ્યો.

બીજા પ્રમાણથી જણાય છે કે તે ૭ મહિના સુધી દિલ્હીનો બાદશાહ બની શક્યો; કેમકે બાદશાહ અકબરે વિ. સં. ૧૬૧૩ના ફાગણ વદિ ૨ ના દિવસે પાણીપતના મેદાનમાં હેમૂ વિક્રમાદિત્યને મારીને દિલ્હીનો બાદશાહ બન્યો હતો.

(પ્રક૦ ૪૪, પૃ૦ ૫૬ થી ૬૦)

**સંગ્રામસિંહ બચ્છાવત—તે બીકાનેરનો દીવાન હતો.**

તેણે સં૦ ૧૫૮૩માં બીકાનેરમાં ભગ૦ શ્રીનેમિનાથના જિનાલયની આ૦ શ્રી જિનમાણિક્યસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. આચાર્યશ્રીએ તેની વિનંતીથી પોતાના મુનિપરિવારને ક્રિયોદ્ધાર કરવા ઉત્સાહિત કર્યો હતો. પરિણામે આ૦ શ્રી જિનચંદ્રસૂરિ તથા આ૦ કનકતિલક વગેરેએ સં૦ ૧૬૧૩ના ચૈ૦ સુ૦ ૭ ના દિવસે બીકાનેરમાં ક્રિયોદ્ધાર કર્યો હતો.

(—પ્રક૦ ૪૦, પૃ૦ ૪૮, ૫૧)

મંત્રી ગલરાજ મહેતો—તે અમદાવાદનો વતની હતો. દિશાવાલ જ્ઞાતિના મંત્રી દોશી વણાઈગનો પુત્ર હતો. તેને મંગૂ નામે પત્ની હતી અને વીરદાસ નામે પુત્ર હતો, જે મંત્રી બન્યો હતો.

મંત્રી ગલરાજ અમદાવાદના ૧૧ મા બાદશાહ મહમ્મદ (ચોથો) સં૦ ૧૫૯૪ થી ૧૬૧૦નો માનીતો મંત્રી હતો. બાદશાહે તેને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મલિક નગદલનું બિરુદ આપ્યું હતું. એક મોટા વજીર લેખે તેના હાથ નીચે ૫૦૦ ઘોડેસ્વાર હબસીઓની સેના હતી.

તેણે સં૦ ૧૬૫૮માં મહો૦ ધર્મસાગરને મોટું સામૈયું કરી પધરાવ્યા. મંત્રીએ તેમના પ્રવેશ–ઉત્સવમાં બે હજાર પ્રભાવના કરી હતી. તેમને અમદાવાદમાં ચાતુર્માસ કરાવી વ્યાખ્યાનમાં જુદી જુદી વસ્તુઓની પ્રભાવના કરાવી હતી; ત્યારે ત્યાં વ્યાખ્યાનમાં ૫૦૦ થી વધુ વ્યક્તિઓ આવતી હતી.

( —પ્રક૦ ૫૫, પૃ૦ ૪૮ )

મંત્રી ગલરાજે ભટ્ટા૦ શ્રી વિજયદાનસૂરિના ઉપદેશથી સં૦ ૧૬૧૫–૨૦ માં બાદશાહને સમજાવી ૬ મહિના સુધી મુક્તાઘાટ કરાવ્યો હતો. એટલે રાજ્ય તરફનાં લાગત, જકાત, વેઠ, વેરો મુંડકાવેરો યાત્રાકર વગેરે માફ કરાવ્યા હતા.

તેમણે ભારતમાં સર્વસ્થાને આમંત્રણ પત્રિકા મોકલી બધા જૈન સંઘોને બોલાવી સંઘપતિ બની શ્રી શત્રુંજય તીર્થનો છ’રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. શ્રી શત્રુંજયતીર્થને મોતીફૂલ અને અક્ષતો વડે વધાવ્યો હતો અને સૌને યાત્રા કરાવી હતી.

( – ‘તપાગચ્છપટ્ટાવળી’ ગા. ૧૬ ની સંસ્કૃત ટીકા, ‘હીર સૌભાગ્ય કાવ્ય’ સર્ગ ૪, શ્લો૦ ૪૭ની ટીકા )

મંત્રી ગલરાજે સં. ૧૬૨૦ના વૈ૦ સુ૦ ૫ને ગુરુવારે શ્રી શત્રુંજય-તીર્થમાં ભ૦ આદીશ્વરની દેવકુલિકા બનાવી, તેની ભટ્ટા૦ શ્રીવિજય-દાનસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી.

પાટણનો વીશો શેઠ શિવજી સં૦ ૧૬૧૮માં અમદાવાદમાં ચાતુ-ર્માસમાં મહો૦ શ્રી ધર્મસાગરજીને વાંદવા આવ્યો હતો ત્યારે મંત્રી ગલરાજ અને શેઠ શિવજી ગાઢ મિત્રો બન્યા હતા.

આ૦ શ્રી વિજયદાનસૂરિએ સં૦ ૧૬૧૯માં મહો૦ શ્રી ધર્મસાગર ગણીના ‘કુમતિકુદ્દાલ’ ગ્રંથને અપ્રામાણિક જાહેર કર્યો હતો. પછી મહો૦ ધર્મસાગરજી ગણી અમદાવાદ પધાર્યા હતા ત્યારે મંત્રી ગલરાજ મહેતાએ તેમની નવી પ્રરૂપણાને ટેકો આપ્યો તેમ જ તેણે એ નવી પ્રરૂપણાના પક્ષકાર તરીકે ઉપા૦ રાજવિમલગણીવર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરેને ત્રાસ આપ્યો. પરિણામે મહો૦ ધર્મસાગરજી ગણી સંઘ બહાર મુકાયા હતા.

( પ્રક૦ ૫૫, પૃ૦ ૫૪)

ગલા મહેતો પ્રભાવક જૈન હતો. પણ ઉપર જણાવ્યું તેમ તે ઘટનામાં પક્ષકાર બનવાથી તેની મહત્તા સહાયને માટે ઘટી ગઈ હતી. એ રાજમાન્ય હતો તેના પુરાવા રૂપે અમદાવાદમાં આજે પણ ગલા મનજીની પોળ વિદ્યમાન છે.

(– પ્રક૦ ૫૯, પૃ૦ ૭૪, ૭૫)

૦ ૫'૦ દેવીદાસ – તેણે સં. ૧૬૧૧ના આ૦ સુ૦ ૧૫ને રવિવારે રાધનપુરમાં ભગ૦ મહાવીરસ્વામીની કૃપાથી ‘ ૭ આરાના સ્વરૂપ-વાળું–વીરસ્તવન ’ ઢાળ : ૫ કલશ ૧— બનાવ્યું છે તેમાં તે પોતાનો પરિચય આ રીતે આપે છે. ઢાળ : ૫

“ઇમ હર્ષ ધરીને સ્તવીયો વીર જિણંદ;
રાધનપુરમંડન પાય પ્રણમે સુર-નર વૃંદ.　　૧

મેં પુણ્ય પસાયે પામ્યા જિનવર પાય;
મુજ પાપપડલ સવિ દુષ્કૃત દૂરે જાય.　　૨

શ્રી તપગચ્છનાયક વિજયદાનસૂરીંદ;
તસ પાય પ્રણમીને સેવે સુર-નર વૃંદ　　૩

તસ નામે મુજને ટળિયો મુજ મિથ્યાત;
સેવંતા પામ્યો જિનધર્મ જગત વિખ્યાત.　　૪

સંવત સય સોલહ ઇગ્યારોત્તર (૧૬૧૧) માન;
આસો સુદ પૂનમ રવિવાર શુભ ધ્યાન　　૫

કળશ—　દ્વિજ ભણે દેવીદાસ સેવક
　　　સકલ સંઘ મંગલ કરો.

(એ. એમ. એન્ડ કું. પાલિતાણા, વિ.સં. ૧૯૮૬માં પ્રકાશિત ‘પ્રકરણાદિ વિચારગર્ભિત–સ્તવન–સજઝાય સંગ્રહ ’)

૦ આ૦ વિજયદાનસૂરિની પરંપરાના (૫૮) આ૦ વિજયાનંદસૂરિ-ની પરંપરાના ૬૬મા આ૦ વિજયસૌભાગ્યસૂરિના શિષ્ય ૬૭મા

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

વિજયલક્ષ્મીસૂરિએ વિ૦ સં. ૧૯૨૭ના...સુદિ ૮ ના દિવસે શ્રી ઋષભ, શ્રી અજિત, શ્રી સંભવ, શ્રી અભિનંદન, શ્રી સુમતિ, શ્રી મુનિસુવ્રત, શ્રી નમિ, શ્રી નેમિ, શ્રી પાર્શ્વ ૧૦ તીર્થંકરોનાં ૧૧ કલ્યાણકોના દિવસે એટલે ૩૦ ચોવીશીના કલ્યાણક દિવસે 'જ્ઞાન–દર્શન–ચરિત્ર સંવાદ ગર્ભિત–વીર જીનેંદ્રસ્તવન' ઢાળઃ ૮ રચ્યું.

તે તેના કળશમાં લખે છે કે—

**"એમ વીર જિનવર પ્રમુખ કેરા, અઢી લાખ ઉદ્ધાર એ,**
**જિનબિંબ સ્થાપી સુજસ લીધો, દાનસૂરિ સુખકાર એ;**
**તસ પાટપરંપર તપાગચ્છે, સૌભાગ્યસૂરિ ગણધાર,**
**તાસ શિષ્ય લક્ષ્મીસૂરિ પભણે, સંઘને જય જયકાર એ ૧"**

૦ ૫૭મા આ૦ હીરરત્નસૂરિના આજ્ઞાધારી ઉદયરત્ને સં. ૧૭૬૯ના શ્રા૦ સુ૦ ૭ને મંગળવારે ૧૯માં 'સુવિધિનાથ સ્તવન' ગાથા–૩૦ રચ્યું છે.

૦ સંઘપતિ સહજપાલ – તે મોટો પુણ્યશાળી હતો. તેમના પુત્ર સં૦ કુંઅરજી[1] તેમના પુત્ર સં૦ વિમલદાસ તે શા. દેઘર શ્રીમાલીના વંશના હતા.

આ૦ વિજયદાનસૂરિ, આ૦ વિજયહીરસૂરિ અને મહો. ધર્મ-સાગરજી ગણીના ભક્તો હતા.

(–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૪૪)

(૧) સં૦ કુંઅરજી શ્રીમાલી–સં. ૧૬૧૦

(પ્ર૦ ૪૫, પૃ૦ ૩૪૪)

(૨) સોની આભૂ ઓસવાલના વંશનો સં૦ કુંઅરજી તે શા. વાછિયા અને ભા. પદ્માનો નાનો પુત્ર હતો.

તેણે સં૦ ૧૬૫૦માં શ્રી શત્રુંજય ઉપર જિનાલય બંધાવ્યું. (–વિશેષ માટે જુઓ–પ્રક૦ ૫૯ 'કુંઅરજી' પ્રક૦ ૪૫, પૃ૦ ૩૪૦)

(૩) ગાંધી કુંઅરજી નાગર જૈન—તેણે સં૦ ૧૬૫૪–૫૫માં કાવીમાં રત્નતિલક પ્રાસાદ બંધાવ્યો.

(–પ્રક૦ ૪૨, પૃ. ૭૧૪)

૧. આ સમયે શા કુંઅરજી નામના શ્રેષ્ઠીઓ ઘણા થયા છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૦ આબૂ પોરવાડના વંશના તથા આગમિક ગચ્છના આ૦ શ્રી જયાનંદસૂરિ અને આ૦ શ્રી વિવેકરત્નસૂરિના શ્રાવકો ગંધારના વ્યવહારી પર્વત; વ્ય૦ કાનજી, વ્ય૦ પોઇયા વગેરે થયા હતા. તેઓએ ઘણાં ધર્મકાર્યો કર્યાં હતાં.

(—પ્રક૦ ૪૦, પૃ૦ ૫૪૩ પ્રક૦ ૪૫, પૃ૦ ૩૫૨ આબૂવંશ)

૦ રામજી ગંધારીઓ—ગંધાર બંદરમાં પાસવીર નામે શ્રીમાલી જૈન રહેતો હતો. તેને વર્ધમાન નામે પુત્ર હતો. શા. વર્ધમાનને (૧) રામજી, (૨) હંસરાજ અને (૩) મનરાજ—એ ત્રણ પુત્રો હતા.

આ સૌ તપાગચ્છના આ૦ શ્રી વિજયદાનસૂરિ અને આ૦ શ્રી વિજયહીરસૂરિ, આ૦ શ્રી વિજયસેનસૂરિ વગેરેના ભક્ત–શ્રાવકો હતા.

શા. વર્ધમાને પોતાના પુત્રો સાથે તે આચાર્યોના ઉપદેશથી સં. ૧૬૧૯–૨૦માં શ્રી શેત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. અને સં. ૧૬૨૦ના કા૦ સુ૦ ૨ને રોજ શ્રી શત્રુંજય-તીર્થમાં ભંડાર પાસેની ઓરડી પાસેના ભગ૦ શ્રી શાંતિનાથના ચૌમુખ જિનપ્રાસાદની ભટ્ટા૦ શ્રી વિજયદાનસૂરિ અને ભટ્ટા૦ શ્રી વિજયહીરસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી.

(—શત્રુંજયતીર્થનું હસ્તલિખિત મોટું વર્ણન.)

તે સૌએ બંને આચાર્યો વગેરે મુનિવરોને ગંધાર બંદર પધારવા આગ્રહભરી વિનંતી કરી હતી.

આ૦ શ્રી વિજયહીરસૂરિએ સં૦ ૧૬૩૭માં ખંભાતમાં ચોમાસુ કર્યું. સં૦ ૧૬૩૮ના મા૦ સુ૦ ૧૩ને દિવસે ખંભાતમાં સં૦ ઉદયકરણે આચાર્યશ્રી પાસે ભગ૦ શ્રી ચંદ્રપ્રભ જિનાલયની પ્રતિષ્ઠા કરાવી.

શેઠ રામજી શ્રીમાલીએ આ ઉત્સવમાં આવી આચાર્યશ્રીને ગંધારમાં પધારવા વિનંતી કરી; પરંતુ તેને ગચ્છનાયક ગંધાર પધારે એવી આશા નહોતી. પણ ગચ્છનાયકે તે પછી પોતાના મુનિ-પરિવાર સાથે ખંભાતથી ગંધાર તરફ વિહાર કર્યો.

સંઘપતિ ઉદયકરણે ગંધારમાં શેઠ રામજીને ગચ્છનાયકના ગંધાર તરફના વિહારના સમાચાર એક સાધારણ માણસ પાસે કહેવડાવ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શેઠ રામજી ગુરુદેવના ગંધાર પધારવાના સમાચાર સાંભળી ઘણો ખુશ થયો.

તેણે એ ખુશાલીમાં જ આ સમાચાર લાવનાર માણસને પ્રીતિદાન ઇનામ આપવાનો નિર્ણય કર્યો. શેઠે તે માણસની આગળ વખારોની દુકાનોની ચાવીઓ જૂડો મૂકી કહ્યું : "ભાઈ! આ ચાવીના જૂડામાંથી તને પસંદ પડે તે ચાવી લે, તેમાંથી જે વખાર કે પેઢીની તે ચાવી હશે તેમાંનો બધો માલ–સામાન તને ઇનામમાં મળશે."

ખબર લાવનાર માણસ ભોળો હતો. તેણે ચાવીના જૂડામાંથી મોટામાં મોટી ચાવી લીધી. તે ચાવીવાળી વખારમાં વહાણ માટે વપરાતાં દોરડાં હતાં. શેઠે તે માણસને આ દોરડાં વેચવાથી લાખોની રકમ ઇનામમાં આપી.

(– જૈન સત્યપ્રકાશ વર્ષ : ૧૪, અંક ૧૦ ક્રમાંક : ૧૬૬)

શેઠ રામજી ગંધારીઆએ સં. ૧૬૫૦માં ચૌમુખજીનો મોટો જિનપ્રાસાદ બંધાવી તેની આચાર્યશ્રીના હાથે પ્રતિષ્ઠા કરાવી. તેમ જ તળાજા અને શ્રી ગિરનાર તીર્થમાં મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો.

જૈનમ્ જયતિ શાસનમ્

(– પ્રક૦ ૫૭, )

આ૦ શ્રી વિજયહીરસૂરિએ પોતાના પરિવાર સાથે સં. ૧૬૩૮માં ગંધારમાં ચોમાસું કર્યું.

દિલ્હીના બાદશાહ અકબરે આ ચોમાસામાં ગંધારમાં આ૦ શ્રી વિજયહીરસૂરિને ફત્તેપુરસિક્રી પધારવા માનભર્યું આમંત્રણ મોકલ્યું.

આચાર્યશ્રીએ સં૦ ૧૬૩૯ના માગશર વદિ ૭ ના રોજ ગંધારથી ફત્તેપુરસિક્રી જવા માટે વિહાર કર્યો.

(– પ્રક૦ ૫૮, પૃ૦ ૩૪)

**પૂ. આ. શ્રી વિજયદાનસૂરીશ્વર મ૦ ના સમયે થયેલ નગરસ્થાપના–**

જોધપુરના રાઠોડવંશમાં અનુક્રમે (૧૪) રાવ જોધાજી, (૧૫) રાવ સૂરજમલજી (૧૬) રાવ ગંગદેવજી થયા.

આ અરસામાં તથા તે પહેલાં ઘણાં નવાં નગરો વસ્યાં તેની વિગત આ પ્રમાણે છે—

સમી— સં. ૧૫૧૫માં સમી ગામ વસ્યું.

મેડતા— સં. ૧૫૫૭–૧૫૯૬ કે ૧૫૯૯માં રાવ વિંહે મેડતા ફરી વસાવ્યું.

કિસનગઢ— (૧૫) રાવ માલદેવજી, (૧૮) રાવ ઉદેસિંહજી, (૧૯) રાવ કિસનસિંહ થયા.

રાજા કિસનસિંહ રાઠોડે સં. ૧૬૬૯માં કિસનગઢ વસાવ્યું. કિસનગઢમાં સં. ૧૭૦૦ લગભગમાં રૂપસિંહ રાઠોડ રાજા હતો.

તેને રાયચંદ નામે જૈન મહામાત્ય હતો. તપાગચ્છના આ૦ શ્રી વિજયસિંહસૂરિએ સં. ૧૭૦૧માં મંત્રી રાયચંદની વિનંતીથી કિસનગઢમાં ચાતુર્માસ કર્યું.

મંત્રી રાયચંદે તેમના ઉપદેશથી એક મોટું જિનાલય બંધાવ્યું. આ૦ શ્રી વિજયસિંહસૂરિએ સં. ૧૭૦૨ના માગશર મહિનામાં મંત્રી રાયચંદે બંધાવેલા જિનપ્રાસાદમાં શામળીયા પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી, તેમ જ તેમાં માણિભદ્રની પણ પ્રતિષ્ઠા કરી.

આ પ્રતિષ્ઠાઉત્સવમાં આહલણપુરના રાજા મહેશદાસના મંત્રી સુગુણે ભાગ લીધો હતો.

અહીં તપાગચ્છાચાર્ય આ૦ શ્રી વિજયસિંહસૂરિએ પ્રતિષ્ઠિત કરેલા શામળિયા પાર્શ્વનાથ જિનાલય ઉપરાંત બીજાં ચાર જિનાલયો વિદ્યમાન છે.

કિસનગઢ એ તપાગચ્છના ભટ્ટારક કોટવાલની ગાદીનું ગામ છે. ગામમાં તપાગચ્છનો જૂનો વિશાળ ઉપાશ્રય છે, એમાં હસ્તલિખિત પ્રાચીન જૈન ભંડાર છે.

આ૦ શ્રી વિજયસિંહસૂરિના શિષ્ય પં૦ શ્રી ઉદયવિજયગણીએ સં. ૧૭૨૮માં અહીં ચાતુર્માસ કરી સં૦ ૧૭૨૮ના દિવાળીના દિવસે કિસનગઢમાં 'શ્રીપાલરાજાનો રાસ' રચ્યો છે. તેમણે ગ્રંથની પ્રશસ્તિમાં સમકાલીન ઐતિહાસિક ઘણી વિગતોનો નિર્દેશ કર્યો છે.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

તેઓ ભટ્ટા૦ આ૦ શ્રી વિજયપ્રભસૂરિની આજ્ઞામાં હતા. તે પછી સં૦ ૧૭૨૯માં સોજતમાં પંન્યાસ બન્યા. પછી યોગ્ય સમયે ઉપાધ્યાય બન્યા. મહો૦ શ્રી ઉદયવિજય ગણીએ કિસનગઢના શામળિયા પાર્શ્વનાથના જિનાલયમાં આ૦ શ્રી વિજયસિંહસૂરિની ચરણ–પાદુકાઓની સ્થાપના કરી હતી.

કિસનગઢમાં સોની પન્નાલાલજી સિરેમલજી ઓશવાલ જૈન તપાગચ્છનો વિવેકી શ્રાવક હતો. તે શામળિયા પાર્શ્વનાથ વગેરે ત્રણ જિન પ્રાસાદોનો વહીવટ કરતો હતો.

તેણે અમને એક વાર જણાવેલું કે—

"અહીં એક ગચ્છદ્વેષી – ગુરુદ્રોહી જૈને એક રાતે ત્રણ વાગે પરોઢિયે આ જિનાલય ઉઘાડી સલાટને બોલાવી જણાવ્યું કે 'આ ચરણપાદુકાને ઉખાડી ફેંકી આવ' પરંતુ તે જ સમયે મને (સોની પન્નાલાલજીને) શ્રી માણિભદ્રે બાળક–રૂપે સ્વપ્નમાં પ્રત્યક્ષ થઈ અવાજ આપ્યો કે, 'ઊઠ, ઊઠ, ઊઠીને તરત શામળિયા જિનપ્રાસાદમાં પહોંચી જા. ઢીલ કરીશ તો મોટો અનર્થ થશે.' હું ઊઠીને તરત જિનપ્રાસાદની ચાવીઓ લઈ ત્યાં પહોંચી ગયો.

મને આવતો જોતાં જ તે ગુરુદ્રોહી શ્રાવક ખસિયાણો પડી ગયો ને જિન પ્રાસાદમાંથી ચાલ્યો ગયો. મેં સલાટને ધમકાવીને પણ કાઢી મૂક્યો. પછી મેં તે દિવસે જૈન સંઘને એકત્ર કરી આ હકીકતની રજૂઆત કરી ત્યારે ફરીથી આવું કાર્ય ન થાય તે માટેની પાકી વ્યવસ્થા કરી."

ખરતર ગચ્છના શ્રી કાંતિસાગરજી એક લેખમાં જણાવે છે કે "કિસનગઢના નરેશના ચિત્રસંગ્રહમાં જૈનશ્રિત ચિત્રકળાનાં ઘણાં ચિત્રો છે."

એમાં આ૦ શ્રી વિજયહીરસૂરિ આ૦ શ્રી વિજયદેવસૂરિ, આ૦ શ્રી વિજયપ્રભસૂરિ, આ૦ શ્રી વિજયદયાસૂરિ, મહા મહોપાધ્યાયશ્રી મેઘવિજયજીના પ્રવેશોત્સવ, સાંવત્સરિક શોભાયાત્રા રાજમિલન અને તત્ત્વચર્ચાનાં ચિત્રો છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

એ સમયે કિસનગઢમાં પં. નયવિજય પં. હસ્તિવિજય, શ્રી ઋદ્ધિવિજય, શ્રી ઉદયવિજય, શ્રીમુક્તિવિજય વગેરે મુનિરાજો ચાતુર્માસ રહ્યા હતા.

તેમણે તથા સંઘે ચાતુર્માસ પછી કાર્તિક સુદિ ૩ ના રોજ બુરહાનપુર પત્ર મોકલ્યો હતો, જેમાં શામળિયા પાર્શ્વનાથનું જિનાલય, કિસનગઢનો કિલ્લો, વિષ્ણુ–મંદિર, રાજદરબાર, વેપારી બજાર, દાનશાલા, પાઠશાળા, ધર્મશાળા, ઉપરાંત દર્શનીય સ્થાનો વગેરેનું ચિત્રમય વર્ણન છે.

તેમજ વિભિન્ન ભાષાઓમાં ભટ્ટારકનું ગુણવર્ણન છે. નીચે ૧૩૪ જણની સહી છે, જેમાં શ્વેતાંબર–દિગંબર બંને સામેલ છે. હસ્તાક્ષરોમાં હરિસિંહ રાઠોડની સહી છે. સંભવતઃ તે કિસનગઢ વસાવનાર રાજા કિસનસિંહના પુત્ર–રાજવીની સહી હોય.

કિસનગઢનો રાજા રાઠોડ છે, વૈષ્ણવ ધર્મ પાળે છે. તેના પૂર્વજોએ અહીં કૃષ્ણની પ્રાચીન પ્રતિમા કરાવેલી છે. વૈષ્ણવ ધામોની યાત્રા કરનારા વૈષ્ણવ યાત્રાળુઓ એમ માને છે કે – “ કિસનગઢની વૈષ્ણવ મૂર્તિનાં દર્શન કરીએ તો જ વિષ્ણુધામોની યાત્રા સફળ મનાય.”

જગદ્‌ગુરુ આ૦ શ્રી વિજયહીરસૂરિના મહો૦ શ્રી સોમવિજય ગણીની પરંપરાના પં૦ ભીમવિજયગણી થયા હતા, જેઓ વિદ્વાન્ અને ચમત્કારી મહાત્મા હતા.

તેમને બાદશાહ ઔરંગઝેબ, નવાબો, રાજાઓ વગેરે બહુ માનતા હતા જે શ્રી વિજયદેવસૂર સંઘના ભટ્ટા૦ શ્રી વિજયરત્નસૂરિ ( સં૦ ૧૭૩૨ થી સં૦ ૧૭૭૩ )ની આજ્ઞામાં હતા.

( – પ્રક૦ – ૪૪ પૃ૦ ૧૦૫)

એ ભીમવિજય ગણીએ સં૦ ૧૭૭૧માં કિશનગઢમાં ચોમાસું કર્યું અને સં૦ ૧૭૭૧ના ભાદરવા વદિ અમાસને રવિવારે મધ્ય રાત્રિએ કિશનગઢમાં કાળધર્મ પામ્યા. જૈન સંઘે કિશનગઢની બહાર એક સ્થાનમાં તેમનો અગ્નિસંસ્કાર કરી એ સ્થળે દેરી બનાવી, અને જગદ્‌ગુરુની વિશાળ દાદાવાડી પણ બનાવી. તેની ચારે બાજુએ મોટો કોટ ચણાવ્યો હતો.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

કિશનગઢના નવાબને આ શોભાભર્યું સ્થાન જોઈ તેને પોતાના અધિકારમાં લઈ લેવાનો લોભ લાગ્યો; પરંતુ પં૦ ભીમવિજયના મોટા શિષ્ય પં૦ મુક્તિવિજયગણીએ નવાબને મળી, ઉપદેશથી સમજાવી આ સ્થાન હંમેશ માટે પોતાના અને જૈન સંઘના હાથમાં રહે તેનો પાકો બંદોબસ્ત કર્યો. અને એ સ્થળ કિશનગઢના તપાગચ્છીય શ્રી જૈન સંઘને અપાવ્યું.

(– જૈન સત્યપ્રકાશ, ક. ૧૫૦)

આ સ્થાન આજે નિર્જન પ્રદેશમાં છે અને શ્રી હીરવિજયસૂરિની દાદાવાડી તરીકે પ્રસિદ્ધ છે. શ્રી પૂજ કે યતિઓ અહીં ન હોવાથી આ સ્થાનની કોઈ ભાળ-સંભાળ રાખતું નથી.

રૂપનગર — સં૦ ૧૫૯૯માં પાટણ પાસે રૂપનગર (અત્યારે રૂપપુર કહેવાય છે) વસ્યું.

જામનગર — રાવ જામે સં૦ ૧૫૯૬માં જામનગર – નવાનગર વસાવ્યું.

આગરા — બાદશાહ અકબરે સં૦ ૧૬૧૨ કે સં૦ ૧૬૧૯માં યમુના નદીના ઉત્તર કિનારે આગરા નગર વસાવ્યું.

સંભવ છે કે નદીના બંને કાંઠે આગરા વસ્યું હોય, કેમકે બાદશાહ જહાંગીરના સમયે આ૦ શ્રી વિજયસેનસૂરિએ ચાતુર્માસના ક્ષેત્રાદેશના પટ્ટામાં બંને સ્થાને જુદા જુદા ગીતાર્થ મુનિઓને ચાતુર્માસ કરવાની આજ્ઞા આપેલી છે.

નદીના ઉત્તર કિનારે આગરામાં બે મોટાં જિનાલયો બન્યાં હતાં. તે પછી જૈનોનો ત્યાં વસવાટ ઘટી જતાં અથવા નદીના પાણીના કારણે જિનાલયોને ઘસારો લાગતાં તેમાંની જિનપ્રતિમાઓને દક્ષિણ આગરામાં આવેલા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રાસાદ પાસેના ચોકમાં દેરીઓ બનાવી તેમાં પધરાવી હતી.

આગરામાં જૈનોનાં ઘર ઘણાં છે, જિનાલયો અને ઉપાશ્રયો પણ છે. અહીં શ્વેતાંબર જૈન દેરાસરો નીચે પ્રમાણે છે. —

(૧) રોશન મહોલ્લામાં શ્વેતાંબર જૈનોનું શ્રી. ચિંતામણિ



www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

પાર્શ્વનાથનું મોટું જિનાલય છે. તેની જગ૦ આ૦ શ્રી હીરવિજયસૂરિએ સં૦ ૧૬૪૦માં પ્રતિષ્ઠા કરી હતી.

મહો૦ શ્રી ભાનુચંદ્રગણીના ઉપદેશથી શ્રીસંઘે તેને વિશાળ બનાવ્યું હતું. આ મંદિરના ખર્ચ માટે બાદશાહે રોશન મહોલ્લો ભેટ આપ્યો હતો, જે પછીથી ધીમે ધીમે શ્રીસંઘના હાથમાંથી છૂટી ગયો.

(૨) બાદશાહ જહાંગીરના માનીતા સંઘવી ચંદ્રપાલે બંધાવેલું ભગ૦ શ્રી શાંતિનાથનું ચૌમુખજીનું મંદિર તથા શ્રી અષ્ટાપદજીનું મંદિર, જેની પ્રતિષ્ઠા મહો૦ શ્રી વિવેકહર્ષગણીએ કરી હતી.

આ મંદિરના ચોકમાં શ્વેતાંબર આચાર્ય પ્રતિષ્ઠિત ભગ૦ શ્રી શિતળનાથની શ્યામરંગી પ્રાચીન ભવ્ય પ્રતિમા છે – પં૦ શ્રી કુશળવિજયગણીએ સં૦ ૧૮૧૦માં આ પ્રતિમાને અહીં સ્થાપન કરી છે. તેનો શિલાલેખ ચોકની દીવાલમાં ચોડેલો છે. જૈન–જૈનેતર સૌ આ પ્રતિમાનાં દર્શન કરે છે. તેની પૂજા કરવાનો હક માત્ર શ્વેતાંબર જૈનોનો છે.

બહાર ચોકમાં ભગ૦ શ્રી પાર્શ્વનાથની પ્રતિમા તથા જગદ્‌ગુરુ શ્રી. વિજયહીરસૂરિની પ્રતિમા બિરાજમાન છે.

(૩) શ્રી. હીરાનંદ મૂકીમે બંધાવેલ શ્રી. સિમંધરસ્વામીનું મંદિર છે. તેમાં મૂળનાયક તરીકે શ્રી ચંદ્રાનન ભગવાનની પ્રતિમા છે.

(૪) તગા બજારમાં શ્રી ભીડભંજન પાર્શ્વનાથનું મંદિર છે.

(૫) મોતી કટરામાં શ્રી વાસુપૂજ્ય ભ૦ નું મંદિર છે, જે સં૦ ૧૭૫૦ પહેલાં બંધાયેલું છે.

(૬) નમક મંડીમાં ભગ૦ શ્રી. શાંતિનાથનું મંદિર છે.

(૭) મોતી કટરામાં ભગ૦ ગોડી પાર્શ્વનાથનું વિશાળ મંદિર છે, જે શ્રી વેદ બંધાવ્યું છે.

(૮) શ્રી ચંદ્રપ્રભ ભગવાનનું મંદિર.

(૯) શ્રી સુવિધિનાથનું મંદિર.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

(૧૦) શ્રી નેમિનાથનું મંદિર.

(૧૧) શ્રી વાસુપૂજ્યસ્વામીનું મંદિર.

(૧૨) શ્રી મહાવીરસ્વામીનું મંદિર.

(૧૩) બેલનગંજમાં શ્રી સુપાર્શ્વનાથ ભ૦નું મંદિર છે. આ મંદિર શ્રી. લક્ષ્મીચંદ વેદે બંધાવ્યું છે.

(૧૪) શાહગંજમાં શેઠ હીરાચંદ નીલચંદના બાગમાં 'શેઠજીકા મંદિર'થી ઓળખાતું મંદિર છે, જેમાં ભોંયરામાં મૂળનાયક તરીકે ભગ૦ શ્રી. પાર્શ્વનાથની પ્રતિમા છે.

વળી, એ જ ભોંયરામાં શ્રી માણિભદ્ર યક્ષેંદ્રની ચમત્કારી પ્રતિમા છે.

બાગમાં શ્રી. હીરવિજયસૂરિનો સ્તૂપ તથા જગદ્ગુરુની ચરણ-પાદુકાવાળી દેરી છે, તેથી જૈનો આ સ્થાનને 'શ્રી જગદ્ગુરુની દાદાવાડી' નામથી ઓળખે છે.

બાગની બહાર દેરીમાં આ૦ જિનદત્તસૂરિની પાદુકા છે.

## ફત્તેપુર સિક્રી—

આગરાથી દક્ષિણમાં ૧૯ માઈલ દૂર ફત્તેપુર નામે ગામ છે. ફત્તેપુર અને સિકરી બંને જોડિયાં ગામો છે, વચ્ચે એક નાની પહાડી છે. તેની ઉપર બાદશાહ અકબરે પોતાના ધર્મગુરુનું સ્થાન બનાવ્યું હતું. તથા શિખર ઉપર કિલ્લામાં રાજમહેલ બનાવ્યો હતો. ત્યાં બાદશાહ વધુ રહેતો હતો. બંને તરફથી કિલ્લા ઉપર આવવાના માર્ગો છે. રાજમહેલમાં વચ્ચે બાદશાહની કચેરી છે. ચારે બાજુએ સૌને રહેવાના કમરાઓ છે. બધા કમરાઓને જુદા જુદા રસ્તાઓથી કચેરી સાથે જોડી દીધા છે.

કિલ્લામાં એક ખૂણે આ૦ શ્રી વિજયહીરસૂરિનો ઉપાશ્રય છે. તેમાં સિકરી તરફનો ભાગ ખુલ્લો છે. ઉપાશ્રયમાં ગ્રંથો રાખવાનાં ભંડકિયાં છે. ઉપાશ્રયના એક સ્તંભ ઉપર છ લેશ્યાનું ચિત્ર કંડારેલું છે. વળી, માંગલિક સાથિયા, છ લેશ્યા, મધુબિંદુ વૃક્ષ વગેરે જૈન

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

સ્થાપત્યનાં આલેખનો છે. આથી આ સ્થાન જૈન ઉપાશ્રય હોવાનું નક્કી થાય છે.

સામાન્ય જનતા આ સ્થાનને હિંદુઓની ધર્મશાળાના નામથી ઓળખે છે. અહીં શેઠ થાનમલજીની માતા ચંપાબહેને તપ દ્વારા બાદશાહ ઉપર સારી અસર ઉપજાવી હતી.

આ૦ શ્રી વિજયહીરસૂરિએ સં. ૧૬૩૯માં બાદશાહને ધર્મોપદેશ આપ્યો હતો. ધર્મોપદેશથી પ્રભાવિત થયેલા બાદશાહે તેમને સં. ૧૬૪૦માં ફત્તેપુરમાં 'જગદ્ગુરુ'નું બિરુદ આપ્યું હતું અને પોતાના સમગ્ર રાજ્યમાં અમારિપટહ વગડાવ્યો હતો.

( હીરસૌભાગ્ય સર્ગ : ૧૪, શ્લો૦ ૨૦૫. )

તે પછી જગદ્ગુરુએ સં. ૧૬૪૦માં ફતેપુરમાં શેઠ થાનમલના જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી હતી અને સં. ૧૬૪૦નું ચાતુર્માસ પણ ત્યાં જ કર્યું.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

આજે અહીં એકે જૈનનું ઘર નથી. જૈન મંદિર પણ નથી. માત્ર બાદશાહી મહેલ ભૂતકાળની ગૌરવગાથા ગાતો ટેકરી ઉપર ઊભો છે.

ઉદયપુર— રાણા ઉદયસિંહે સં.૧૬૨૫માં ઉદયપુર વસાવ્યું.

માલપુરા— રાજા માલદેવે સં. ૧૬૧૬ અથવા સં. ૧૬૧૯માં માલપુરા વસાવ્યું હતું.

બીજા ઉલ્લેખ મુજબ માલખાને માલપુરા વસાવ્યું. વસ્તુતઃ માલખાનેએ વિશેષ આબાદ બનાવ્યું હોય એવો વિશેષ સંભવ છે કેમ કે માલખાને એને વસાવ્યું હોત તો માલખાનાબાદ કે એવું બીજું મુસલમાની નામ રાખ્યું હોત; પણ હિંદુ રાજાએ વસાવેલું હોવાથી માલપુરા નામ છે.

જૈન મુનિઓના પાદુકાલેખોમાં એનું બીજું નામ દ્રવ્યપુરનગર જણાવેલું છે.

બાદશાહ જહાંગીરે સં. ૧૬૭૨માં પં૦ શ્રી સિદ્ધિચંદ્ર ગણીને ઘરબારી બનાવવા બળજબરીથી હુકમ કર્યો હતો. ત્યારે પં૦ શ્રી

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

સિદ્ધિચંદ્ર આગરાથી નીકળી માલપુરા આવ્યા હતા અને ત્યાં ચાતુર્માસ કર્યું હતું.

બાદશાહ જહાંગીરે પં૦ સિદ્ધિચંદ્રને આગરા બોલાવ્યા તેથી ચાતુર્માસ પૂર્ણ થતાં તેઓ ફરીથી ત્યાં ગયા હતા.

મહો૦ શ્રી ભાનુચંદ્રગણી અને પં૦ સિદ્ધિચંદ્ર ગણીના ઉપદેશથી શેઠ બાગલાલ વગેરે શ્રીસંઘે માલપુરામાં શ્રી ચંદ્રપ્રભુનો મોટો જિનપ્રાસાદ બંધાવેલો અને જગદ્ગુરુની દાદાવાડી બનાવવા માટેની પણ વ્યવસ્થા રાખી હતી. મહોપાધ્યાયજી આગ્રાથી ગુજરાત જતા માલપુરા આવ્યા ત્યારે તેમના હાથે જિનાલયની પ્રતિષ્ઠા થઈ અને મંદિરના શિખરે સ્વર્ણકળશ ચડાવવામાં આવ્યો.

તપાગચ્છના ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિના આજ્ઞાવર્તી પં૦ શ્રી જયસાગર ગણીના ઉપદેશથી માલપુરાના શ્રીસંઘે સં. ૧૬૭૮માં ત્યાં ભ૦ શ્રી ચંદ્રપ્રભ જિનેશ્વરની પ્રતિમાનું પરિકર બનાવી તેમની પાસે પ્રતિષ્ઠા કરાવી હતી. ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિના હસ્તક સં. ૧૬૯૦ના જેઠ વદિ ૧૧ના રોજ જગદ્ગુરુ આ૦ શ્રી વિજયહીરસૂરિની પ્રતિમાની શ્રીસંઘે પ્રતિષ્ઠા કરાવી હતી.

આ ગુરુપ્રતિમા આજે અહીં જિનમંદિરમાં વિદ્યમાન છે. વિજયગચ્છના જૈનોએ વિજયગચ્છના ભટ્ટા૦ શ્રી કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી ભગ૦ શ્રી મુનિસુવ્રતસ્વામીનો મોટો જિનપ્રાસાદ બનાવ્યો હતો. તેમાં સં. ૧૬૯૧ના વૈ૦ સુ૦ ૧૨ને ગુરુવારે ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિના આજ્ઞાવર્તી પં૦ શ્રી લબ્ધિચંદ્રગણીના હાથે શ્રીસંઘે મૂળનાયકની પ્રતિષ્ઠા કરાવી.[1]

આ૦ શ્રી વિજયસિંહસૂરિ સં. ૧૭૦૦ થી ૧૭૦૫માં કિસનગઢ, માલપુર, બુંદી, ચવલેશ્વર વગેરે સ્થળોમાં વિચર્યા હતા.

અમે જયપુરથી વિહાર કરી સં. ૧૯૮૦ (?) માલપુરા ગયા હતા ત્યારે ત્યાં જિનાલયો વિદ્યમાન હતાં. (૧) તપાગચ્છનો ભગ૦ શ્રી

(૧) ૬૨— મહો૦ દેવચંદ્રગણી, ૬૨—ઉપા૦ હીરચંદ્રગણી
૬૩—પં૦ જિનચંદ્રગણી, ૬૪ પં૦ લબ્ધિચંદ્રગણી
(જૈનસત્ય પ્રકાશ ક્રમાંક : ૫૮—(૬૦, ૬૫)

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

સુમતિનાથનો જિનપ્રાસાદ, (૨) વિજયગચ્છનો ભગ૦ શ્રી આદીશ્વરનો જિનપ્રાસાદ.

(૧) ભગ૦ શ્રી સુમતિનાથ જિનપ્રાસાદ— આમાં ચોવીશ દેરીઓ છે. તે ખાલી છે પણ તેમાં બિરાજમાન કરવાની ચોવીશ જિનપ્રતિમાઓ મૂળ ગભારામાં વિરાજિત છે.

આ પ્રતિમાઓ ઉપર ભટ્ટા૦ શ્રી વિજયસોમસૂરિ વગેરે જૈનાચાર્યોના લેખો ઉત્કીર્ણ છે. મંદિરમાં વિવિધ ગચ્છના આચાર્યોએ પ્રતિષ્ઠિત કરેલી ધાતુની પંચતીર્થી પ્રતિમાઓ ઘણી છે. તેમાં કેટલાક પ્રતિમાલેખોમાં આ પ્રકારે ઐતિહાસિક વિશેષતા જાણવા મળે છે—

(૧) મલ્લવાદી ગચ્છના આચાર્ય પ્રતિષ્ઠિત ભગ૦ શ્રી પાર્શ્વનાથની બે પ્રતિમાઓ.

(૨) કિસનગઢના પોરવાડ સેમાકે તપાગચ્છીય આ૦ શ્રી હેમવિમલસૂરિ (સં. ૧૫૪૮–૧૫૮૩) દ્વારા પ્રતિષ્ઠિત કરેલ ભગ૦ શ્રી ધર્મનાથની પ્રતિમા

(૩) ડીસાના શ્રાવકે ભરાવેલ અને તપાગચ્છના આ૦ શ્રી જયચંદ્રસૂરિએ પ્રતિષ્ઠા કરેલી ભગ૦ શ્રી શાંતિનાથની પ્રતિમા

(૪) ડીડીલાવાલા પોરવાડ વ્યવ૦ દેદાએ ભરાવેલ સં. ૧૪૯૩ ના વૈ૦ સુ૦ ૯ ના રોજ પ્રતિષ્ઠિત શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા.

આ મંદિરમાં એક સ્તૂપ ઉપર પાદુકાપટ્ટ છે, જેના ઉપર અર્ધા ભાગમાં છ જિનપાદુકાઓ છે. અને નીચેના અર્ધા ભાગમાં આઠ માંગલિકો છે; જેની સં. ૧૯૯૫ના વૈ૦ સુ૦ ૧૫ને રવિવારે પુષ્યનક્ષત્રમાં પં૦ શ્રી તેજસાગર ગણીએ પ્રતિષ્ઠા કરેલી છે.

આ મંદિરમાં પાયચંદગચ્છના મુનિ સુખાનંદની પણ ચરણપાદુકા છે.

(૨) ભગ૦ આદિનાથનો જિનપ્રાસાદ— આ મંદિર 'છોટામંદિર' અથવા 'વિજયગચ્છનું મંદિર' એ નામોથી ઓળખાય છે. મંદિરમાં પાંચ જિનપ્રતિમાઓ છે. તેના ઉપરના લેખો વંચાતા નથી.

આ મંદિરમાં ખરતરગચ્છીય ભટ્ટા૦ શ્રી જિનસાગરસૂરિએ પ્રતિષ્ઠિત કરેલી સં. ૧૪×× ના મહા સુ૦ ૫ના આ૦ શ્રી જિનદત્તસૂરિની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુરુ પ્રતિમા છે. સં૦ ૧૪૮૯ની આ૦ શ્રી જિનકુશલસૂરિની પ્રતિમા પણ છે તથા સં. ૧૬૮૪ના વૈ૦ વ૦ ૭ને ગુરુવારે સ્થાપન કરેલી વિજયગચ્છના ભટ્ટા૦ શ્રી જ્ઞાનસાગરસૂરિની કે તેમના શિષ્યની ચરણ-પાદુકા છે.

મંદિરની નીચે ઊતરતાં નિસરણીની સામે માણિભદ્રનું સ્થાન છે. મંદિરની પાસે જૈનધર્મશાળા છે. ધર્મશાળાની બહાર મંદિરના નીચેના ભાગમાં સડક ઉપર ભૈરુજીની દેરી છે.

જયપુરના નાજીમ ગુલાબચંદજી ઢઢ્ઢાની માતા શેઠાણી રાજકુંવર-બાઈએ સં૦ ૧૯૬૨ના કા૦ સુ૦ ૫ ના રોજ આ મંદિરનો જીર્ણો-દ્ધાર કરાવ્યો હતો તથા ગાદી બનાવી હતી અને પૂ૦ આત્મારામજી મહારાજની પ્રતિમા પધરાવી હતી.

શાસનદેવીની મૂર્તિ— સં. ૧૬૬૭ની આ૦ શ્રી જિનકુશળસૂરિની તથા સં.૧૯૫૧ની શ્રી. રુઘનાથસાગરજી આદિની ચરણપાદુકાઓ છે. તેમ જ શાસનદેવીની મૂર્તિ પણ છે.

મંદિરમાં વિવિધ ગચ્છના આચાર્યોએ પ્રતિષ્ઠિત કરેલી ધાતુ-પ્રતિમાઓ ઘણી છે.

JAINSITE जैन साईट
જૈનમ્ જયતિ શાસનમ્

( ૩ ) તપગચ્છના યતિઓનું સમાધિસ્થાન—માલપુરા ગામની બહાર એક વિશાળ મેદાનમાં આ સ્થાન આવેલું છે. તેમાં જગદ્ગુરુ આ૦ શ્રી હીરવિજયસૂરિની ચરણપાદુકા સ્થાપન કરી દેરી બનાવી હતી. તે પછી તપગચ્છના શ્રી વિજયદેવસૂરિસંઘની સાગરશાખાના ગીતાર્થોની ચરણપાદુકાઓ સ્થાપન કરવામાં આવી છે. એટલે ત્યાંના જૈનો આ સ્થાનને 'તપગચ્છની દાદાવાડી'ના નામથી ઓળખે છે. તેમાં આવેલાં સ્થાનો આ પ્રકારે છે.—

૧. જગદ્ગુરુ આ૦ વિજયહીરસૂરિની ચરણપાદુકા – તે એક મોટી દેરીમાં સ્થાપન કરેલી છે પણ આજે આ સ્થાન 'દાદુપંથીઓ'ના કબજામાં છે.

૨. ચરણપાદુકા પટ—આમાં ( ૧ ) પં. શ્રી સુવિધિસાગર પાદુકા, ( ૨ ) પં૦ શ્રી જિનરંગસાગર પાદુકા, ( ૩ ) લેખ, ( ૪ ) શ્રી આદિનાથ પાદુકા, ( ૫ ) પં૦ શ્રી પ્રતાપસાગર પાદુકા, ( ૬ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પં૦ શ્રી નિત્યસાગર પાદુકા વિરાજમાન છે. અને તેમાં અષ્ટ માંગલિક કંડારેલાં છે. તેની સં. ૧૮૪૨ના વૈ૦ વ૦ ૫ ને શુક્રવારે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

— પ્રકરણ ૫૫, પૃ. ૧૧૯ ( ૩ )

૩. ચરણપાદુકાની ચોકી – આમાં તપગચ્છના શ્રી વિજયદેવસૂરિ-સંઘના સાગરશાખાના ( ૧ ) પં૦ શ્રી ચારિત્રસાગર, ( ૨ ) પં૦ શ્રી સુજાણસાગર, ( ૩ ) પં૦ શ્રી કલ્યાણસાગર, ( ૪ ) પં૦ શ્રી ખેમસાગરની પાદુકાઓ છે. તેની સં૦ ૧૭૭૧ના જે૦ સુ૦ ૧૧ ને રવિવારે પ્રતિષ્ઠા થઈ હતી.

૪. પં૦ શ્રી દયાસાગરગણીની પાદુકા – આ પાદુકાની તેમના શિષ્યો મુનિ શ્રી જ્ઞાનસાગર અને શ્રી ઘાસીસાગરજીએ સં૦ ૧૮૮૭-ના ફા૦ સુ૦ ૫ ને ગુરુવારે પ્રતિષ્ઠા કરી હતી.

૫. પં૦ શ્રી વીરસાગરગણીની પાદુકા—આ પાદુકાની સં૦ ૧૮૮૭ના ફા૦ સુ૦ ૫ ને ગુરુવારે પ્રતિષ્ઠા થઈ હતી.

૬. પં૦ શ્રી ઘાસીસાગરગણીની પાદુકા—આ પાદુકાની તેમના ચેલા શ્રી રુઘનાથજીએ સં૦ ૧૯૬૦ ના જે૦ સુ૦ ૫ ને ગુરુવારે પ્રતિષ્ઠા કરી હતી. ( ૪ ) ખરતર ગચ્છની દાદાવાડી—આ સ્થાન ગામથી ૨ ફર્લાંગ દૂર છે.

તેમાં સં૦ ૧૯૬૪ના જે૦ સુ૦ ૧૧ ના રોજ આ૦ શ્રી જિન-કુશલસૂરિની પાદુકા વિરાજમાન કરી છે.

( જૈન સત્ય પ્રકાશ, ક૦ ૫૮,–)૬૦, ૬૫, ૬૭ ૭૦.

## જેસલમેર—

લોદ્રવાનો રાજા જેસલ નામે હતો. તેણે એક પહાડી બાવાની સૂચનાથી સં. ૧૨૧૨ના શ્રા૦ સુ૦ ૭ ને રવિવારે ત્રિકૂટગિરિના સ્થાન પાસે જેસલમેર વસાવી જેસલમેર કિલ્લાનો પાયો નાખ્યો. લોદ્રવાની જનતાએ ત્યાં આવીને વાસ કર્યો. ધીમે ધીમે જેસલમેર મોટું અને સમૃદ્ધ નગર બન્યું. રાજા જેસલ સં. ૧૨૨૪માં મરણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પામ્યો. તે પછી (૨) શાલિવાહન, (૩) કેતૂન, (૪) ચાચિગ-દેવ અને (૫) કર્ણ વગેરે રાજાઓ થયા.

(—'ટૉડ રાજસ્થાન' ભા. ૨, જેસલમેર અ૦ ૨, પૃ. ૭૨૬થી ૭૯૯)

આમેર—

આંબા કચ્છવાહે સં. ૧૧૧૪માં આમેર નગર એક પહાડી પર વસાવ્યું. તેની આસપાસ કિલ્લો પણ બાંધ્યો. જયપુર રાજ્યની પ્રાચીન રાજધાનીનું નગર આમેર બન્યું હતું.

અહીં જૈન શ્વે૦ સંઘે મોટું જિનાલય બંધાવ્યું છે અને શ્વે૦ જૈન ધર્મશાળા પણ છે. આમેરના કિલ્લામાં ઘણાં ગુપ્ત સ્થળો હોવાનું કહેવાય છે અને તે પૈકી એક ગુપ્ત સ્થળે રાજ્યનો મોટો ખજાનો ભંડારેલો છે એમ સંભળાય છે.

સાંગાનેર—

સાંગાનેર નગર સં. ૧૪૦૩માં વસ્યું. અહીં તપાગચ્છીય શ્વે૦ જૈન સંઘનું મોટું જિનાલય છે, જેમાં જગદ્‌ગુરુ આ૦ હીરવિજય-સૂરિની ચરણપાદુકા બિરાજમાન છે.

જગ૦ આ૦ હીરવિજયસૂરિ સં. ૧૬૩૯માં ફતેપુર સિક્રી ગયા ત્યારે આ નગરમાં પધાર્યા હતા. બાદશાહ અકબરે તેમને ફતેપુર સિક્રી જલદી આવવાની વિનંતી કરવા માટે મહો૦ વિમલહર્ષગણી, પં૦ સિંહવિમલગણી વગેરે મુનિવરો અને આગરાના શેઠ થાનમલ વગેરે જૈનોને આ નગરમાં મોકલ્યા હતા. આચાર્યશ્રી તેમની સાથે વિહાર કરતા કરતા ફતેપુર સિક્રી પધાર્યા હતા.

આ૦ વિજયસેનસૂરિ સં૦ ૧૬૪૯માં ગુજરાતથી લાહોર જતાં આ સાંગાનેર નગર થઈને ગયા હતા.

પં૦ ઉદયસૌભાગ્યગણીએ સં૦ ૧૬૫૩ના કા૦ સુ૦ ૭ ને રવિવાર-ના રોજ સાંગાનેરમાં 'નારચંદ્ર જ્યોતિષ' નામક ગ્રંથની પ્રતિલિપિ પૂરી કરી હતી.

**पण्डितचक्रचूडामणि पण्डितश्रीशंकरसौभाग्य–तच्छिष्यग० पुण्य–सौभाग्य – मुनिउदयसौभाग्येन लिखितम्, उदयसौभाग्यमुनिना संवत्**

જૈ. ૬

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

१६८३ वर्षे कार्तिक सुदि सप्तमी रविवारे सांगानेरनगरे लिखितमिदं शास्त्रम् ।

(— श्री प्रशस्तिसंग्रह, भा० २, प्र० नं० ५१४)

જયપુર —

રાજા વિશ્નુસિંહના પુત્ર સવાઈ જયસિંહ વિ. સં. ૧૭૫૫ (સને ૧૬૯૯)માં અંબરની ગાદીએ બેઠો હતો. તે બંગાળી મહાત્મા વિદ્યાધરનો ભક્ત હતો. વિદ્યાધર પાસે જ્યોતિષ વિદ્યાનું અધ્યયન કરી તે મોટો વિદ્વાન થયો હતો. તેણે વિદ્યાધરની સલાહથી આમેર પહાડીની ખીણમાં વિ૦ સં૦ ૧૭૮૩ કે ૧૭૮૭માં જયપુર નગર વસાવ્યું.

આ નગરની રચના દુનિયાનાં બધાં નગરોના મુકાબલામાં અદ્ભુત લેખાય છે. દિલ્હીના બાદશાહ મહમ્મદે જયસિંહ રાજાને બહુ મોટો જ્યોતિષી જાણીને તે સમયે તેની પાસે પંચાંગ – ગ્રહ, નક્ષત્ર વગેરેનાં ગણિત શોધાવ્યાં.

સવાઈ જયસિંહે જયપુર, દિલ્હી, કાશી, મથુરામાં મોટી વેધશાળાઓ બંધાવી અને 'જીયાજી મહમ્મદશાહી' નામનો જ્યોતિષ ગ્રંથ રચી દિલ્હીના બાદશાહને અર્પણ કર્યો હતો.

(—'ટોડ રાજસ્થાન' ભા. ૨, પૃ૦ ૭૬૮, ૭૬૯)

જયપુરમાં શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી અને તેરાપંથી વગેરે જૈનોનાં ઘણાં ઘર છે.

અહીં શ્વેતાંબર જૈનોનાં ઘણાં જિનાલયો છે. —

૧. ઘીવાલોંકા રાસ્તા ઉપર ચોરાશી ગચ્છનું પંચાયતનું શ્રી. સુપાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે.

૨. ઘીવાલોંકા રાસ્તા ઉપર તપાગચ્છનું શ્રી. સુમતિનાથ ભ૦નું મંદિર છે.

૩. ઘીવાલોંકા રાસ્તા ઉપર શ્રીમાલોનું શ્રી. પાર્શ્વનાથ ભ૦નું મંદિર છે.

www.jainsite.com                    For Private & Personal Use Only                    info@jainsite.com

૪. મારુતીના ચોકમાં આગરાવાળા શેઠ વીરચંદ નાહટાનું તપાગચ્છનું ભ૦ ઋષભદેવનું મંદિર છે.

૫. કુંદીગરોં કે ભેરુ પાસે વિજયમતનું ભગ૦ કેસરિયાજીનું મંદિર છે.

૬. સૂરજપોળના દરવાજા બહાર તપાગચ્છની મોહનવાડીમાં શ્રી. કેસરિયાજીનું મંદિર છે.

૭. ઘાટની ગુણી નીચે ઉતારમાં તપાગચ્છના વહીવટનું ભગ૦ પદ્મપ્રભુનું મંદિર છે.

૮. મોતી ડુંગરીની સડક ઉપર ખરતર ગચ્છની દાદાવાડીમાં શ્રીસંઘનું ભગ૦ પાર્શ્વનાથનું મંદિર છે.

૯. સ્ટેશન પાસે હજૂર સાહેબની કોઠી સામે પુગલિયાજીનું ભગ૦ ઋષભદેવનું મંદિર છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

આ પ્રમાણે ૯ મોટાં શ્વેતાંબર જિન પ્રાસાદો છે.

આ ઉપરાંત લીલાધરનો ઉપાશ્રય, યતિ શામલાલજીનો ઉપાશ્રય, શેઠ પ્રતાપચંદજી ઢઠ્ઠાનું મકાન વગેરે સ્થાનોમાં ઘરદેરાસરો વગેરે છે.

જયપુરથી —

૮ાા માઈલ દૂર આમેરનો કિલ્લો,

૬ા માઈલ દૂર સાંગાનેર,

૬ા માઈલ દૂર ખોગાંવ,

૧૭ા માઈલ દૂર વરખેડા,

૨૪ા માઈલ દૂર ચાડસૂ અને

૫૦ા માઈલ દૂર માલપુરા

વગેરે ગામ–નગરો છે, જેમાં શ્વેતાંબર સંઘનાં જિનાલયો વિદ્યમાન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સૂરત

સૂરત ગુજરાતનું રંગીલું નગર ગણાય છે. બંદર પણ છે. તેના સ્થાપક, સ્થાપનાકાળ અને નામકરણ બાબતમાં મોટો વિસંવાદ પ્રવર્તે છે.

કેશરીચંદ હીરાચંદ ઝવેરીના ઉલ્લેખ પ્રમાણે તો સૂરત શહેર વિક્રમની દસમી સદીનું હોય એમ લાગે છે.

(—'સૂર્યપુરનો સુવર્ણયુગ' પ્રક૦ ૨, પૃ૦ ૯)

વિક્રમની સોળમી શતાબ્દીના તપાગચ્છના (૫૨) બાવનમાં ભટ્ટા૦ શ્રી રત્નશેખરસૂરિ, (૫૩) ત્રેપનમા ભટ્ટા૦ શ્રી લક્ષ્મીસાગરસૂરિ, તપાગચ્છની વૃદ્ધ પોષાળગચ્છના ભટ્ટા૦ શ્રી ઉદયવલ્લભસૂરિ અને અંચલગચ્છના ભટ્ટા૦ શ્રી જયકેશરસૂરિ વગેરેએ સૂરતમાં પ્રતિષ્ઠિત કરેલી જિનપ્રતિમાઓ ઉપરના પ્રતિમાલેખો મળે છે,

જૈનમ્ સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

જેમાં સૂરતનાં સૂર્યપુર અને સૂરત નામો ઉલ્લેખેલાં પ્રાપ્ત થાય છે.

તે પછીના વિવિધ પ્રતિમાલેખો, ગ્રંથપ્રશસ્તિઓમાં તપાગચ્છ, વૃદ્ધ તપાગચ્છ, અંચલગચ્છ, ખરતરગચ્છ અને પાયચંદગચ્છના તેમ જ છૂટક વર્ણનોમાં લોંકાગચ્છ, ઢુંઢિયા અને તેરાપંથીઓનાં નામો પણ જડી આવે છે.

## નામકરણ —

સૂરત નામ કેમ પડ્યું? એ વિશે આ પ્રમાણે વિવિધ અટકળો જાણવામાં આવી છે —

૧. રાંદેરના નવાબની રખાત સૂરજ.

૨. તુર્કી સુલતાનની બેગમ સૂરતા.

૩. રૂમીખાન સોદાગરની રખાત સૂરતા.

૪. કંચની સૂરજ કે જેણે જમીનદારની વિધવા કન્યાના પુત્ર ગોપીને પોતાનાં ધન–દોલતનો વારસદાર બનાવ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. વડનગરનો નાગર અને દિલ્હીના બાદશાહ અકબરનો કારભારી ગોપીના પ્રયાસથી અને સૂરજના નામથી સૂરત વસ્યું.

૬. બાદશાહ જહાંગીરની વેશ્યા સૂરજ.

૭. સં૦ ૧૫૨૧ની રામજાણી સૂરજ.

( નર્મ૦ ગદ્ય, પૃ૦ ૭૦ )

૮. સૂરતના નામની વાડી.

ઉપર બતાવેલી વ્યક્તિઓનાં નામથી સૂરત વસ્યું છે.

ઇતિહાસ કહે છે કે, ધારા નામની વેશ્યાના નામ ઉપરથી જેમ ધારા નગરી વસી હતી તેમ સૂરજ નામથી વેશ્યાના નામ ઉપરથી સૂરત વસ્યું હોય એવો સંભવ છે, માત્ર સૂરજના જ ને બદલે ત અક્ષર ગોઠવવામાં આવ્યો છે.

સૂરતના વસાવનાર અને વસવાટકાળ વિશે છૂટા છૂટા ઉલ્લેખોમાં જુદા જુદા બાદશાહોનાં નામો આ પ્રકારે મળે છે.

૧. બાદશાહ મહમ્મદ બેગડો. ( વિ. સં. ૧૫૧૬ થી ૧૫૭૦ ) ( પ્રક૦ ૪૪. પૃ. ૨૦૯ )

૨. બા૦ મુજફ્ફર બીજો ( સં૦ ૧૫૬૭ થી ૧૫૮૩ ) – ( પ્રક૦ ૪૪, પૃ૦ ૨૧૨ )

૩. બા૦ મહમ્મદ ચોથો ( સં૦ ૧૫૯૪ થી ૧૬૧૦ )

૪. બા૦ મુજફ્ફર ત્રીજો ( સં૦ ૧૬૧૬ થી ૧૬૨૮ )

૫. દિલ્હીનો બા૦ અકબર ( વિ૦ સં૦ ૧૬૧૨ થી ૧૬૨૨, કા૦ સુ૦ ૧૪ )

( — પ્રક૦ ૪૪, પૃ૦ ૬૦ )

૬ દિલ્હીનો બા૦ જહાંગીર ( વિ. સં. ૧૬૬૩ થી ૧૬૮૪ કા૦ વ૦ અમાવાસ્યા )

( પ્રક૦ ૪૪, પૃ૦ ૮૫ )

ઉપરની અટકળોના આધારે વિચારીએ તો બા૦ મહામ્મદ અને બા૦ મુજફ્ફરના સમયે ગોપી થયો હતો.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વડનગરનો મલેક ગોપી બ્રાહ્મણ હતો, જે બા૦ મહમ્મદ બેગડાની કૃપાથી અધિકારી બન્યો હતો. ગોપી, મલેક ગોપી કિંવા ઉલ્મુલ્ક રાજા સારંગદેવની મદદથી શાહજાદો મુજફ્ફર ગુજરતનો બાદશાહ બન્યો હતો.

( –પ્રક૦ ૪૬, પૃ. ૨૧૨ )

ગોપીનો મિત્ર ઇડરનો રાજા ભીમ બાદશાહના ગુનહામાં આવ્યો હતો; પરંતુ ગોપીના વચ્ચે પડવાથી તે બચી ગયો હતો. મલેક ગોપીએ સને ૧૪૬૮ ( વિ. સં. ૧૫૩૦–૪૦ )ના દુકાળમાં જગતને મોટી મદદ કરી હતી.

મલેક ગોપી બહુ વિષયી હતો. તેણે એક ધારા નામની નર્તકીને રખાત તરીકે રાખી હતી. બા૦ મુજફ્ફરે સને ૧૫૧૪માં તેને મારી નાખ્યો.

સંભવ છે કે, દિલ્હીના બાદશાહ અકબર અને બા૦ જહાંગીરના સમયે તેમના ગુજરાતના સૂબાઓના હાથ નીચે સૂરતનો મંત્રી ગોપી નાગર હોય. એટલે વડનગરનો મલેક ગોપી અથવા મંત્રી ગોપી નાગર તે જ ગોપી હોય.

કવિબહાદુર પં૦ દીપવિજયજી ગણી સં. ૧૮૭૭માં લખે છે—

" ફિરંગીઓએ સં૦ ૧૫૦૦માં સૂરતનો કિલ્લો બંધાવ્યો. શાહજાદો જહાંગીર સં૦ ૧૬૨૪માં રાનેર આવ્યો હતો ત્યારે રાનેરમાં કરોડપતિ નાખુદો રહેતો હતો ને શાહજાદા જહાંગીરને ૨ ગાઉ દૂર રાનેરમાં પોતાને ઘેર લઈ ગયો હતો. તેણે શાહજાદાના સમ્માનમાં વરીયાવથી પોતાના ઘર સુધી રસ્તામાં કિનખાબ વસ્ત્ર પથરાવ્યું હતું. શાહજાદાએ તેના ઉપર ખુશ થઈ તેને કહ્યું : ‘ માગ, માગ, જે જોઈએ તે માગી લે.’ જવાબમાં તેણે કહ્યું : ‘ મારે હાથી અને હાથણીનો સંભોગ જોવો છે.’ શાહજાદાએ તેને સમજાવતાં કહ્યું : ‘ એ જોવામાં લાભ નથી. એ જોવાથી માણસ નિર્ધન થઈ જાય છે એમ કહેવાય છે.’ છતાં તે ન માન્યો. શાહજાદાએ તેને હાથી–હાથણીનો સંભોગ બતાવ્યો. છેવટે તેનું ધન નાશ પામ્યું. તે દરિદ્ર બની ગયો.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

શાહજાદા જહાંગીરે ત્યાં જ જહાંગીરપરું વસાવ્યું.

શાહજાદા જહાંગીરે સૂરજ નામની વેશ્યાને રાખી હતી. તેણે સં૦ ૧૬૧૫માં શાહજાદાની રજા મેળવી ત્યાં સૂરત નામે

નગર વસાવ્યું. તે સમયે ત્યાં ગોપી શાહ નામે જૈન ઓશવાલ રહેતો હતો. તેણે સૂરતમાં ગોપીપરું અને ગોપી તળાવ બનાવ્યાં અને ચૌમુખી વાવ પણ બંધાવી.

( —સોહમકુલ પટ્ટાવલી પૃ૦ ૫૯, સં૦ ૧૮૭૯ના આ૦ સુ૦ ૫ના રોજ રચેલી સૂરત ગઝલ, કડી ૭૮, ગ્રં૦ ૮૩; કેશરીચંદ હીરાચંદ ઝવેરી સંગૃહીત સૂરતનો ઇતિહાસ. પૃ૦ ૪ )

સમજી શકાય એમ છે કે સૂરતનું ગોપીપરું, ગોપીતળાવ વગેરે સ્થળો ગોપી નામની સાથે સંબંધ બતાવે છે, તે પૈકીના ગોપીશાહ ઓશવાલનું નામ પણ આપણે ઉપર જોઈ ગયા છીએ.

બીજો વડનગરનો મંત્રી ગોપી થયો છે, જેનો ઇતિહાસ આ પ્રકારે જાણવા મળે છે.

સદ્‌ગત સાક્ષર શ્રી, ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલે ગોપીના પૂર્વજો વિશે સંસ્કૃતમાં શ્લોકબદ્ધ વર્ણન મેળવ્યું હતું. અને તે ‘ ધિ લાઇબ્રેરી મિસેલેનિયસ ’ નામક અંગ્રેજી ત્રૈમાસિકના સને ૧૯૧૪ના ફેબ્રુઆરી માસથી મે સુધીના વર્ષ ૨—૩ ના અંકોમાં પસિદ્ધ કરવા સાથે ‘ ગોપી કોણ ? ’ એ શીર્ષક હેઠળ લેખ આપ્યો હતો. એના આધારે માનવું પડે છે કે—

“ મંત્રી ગોપીનો પૂર્વજ (૧) મંત્રી રામજી વડનગરનો નાગર હતો. તેની પરંપરામાં અનુક્રમે (૨) મંત્રી ભાલણ (૩) મંત્રી દામોદર (૪) મંત્રી ગોવિંદ, (૫) મંત્રી માધવ. (૬) મંત્રી કીકરાજ અને (૭) મંત્રી ગોપીનાથ થયા.

મંત્રીઓની વિશેષ હકીકતમાં જણાવ્યું છે કે (૧) મંત્રી રામજીએ તાપી નદી જ્યાં સમુદ્રમાં જઈને મળે છે ત્યાં સંગમસ્થાને સમુદ્ર કિનારે સૂર્યપુર નગર વસાવ્યું. (૬) મંત્રી કીકરાજે સમુદ્ર અને તાપી નદીના સંગમસ્થાને સૂર્યપુરમાં નીલકંઠનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંદિર બંધાવ્યું તથા પુલ બંધાવ્યો. મંત્રી કીકરાજને રેણુ નામે ભાર્યા હતી. તેનાથી (૧) ગોપીનાથ અને (૨) મુકુંદ એમ બે પુત્રો હતા. ગોપીનાથનું બીજું નામ ગોપીશ્વર પણ મળે છે. તેને (૧) નાગલા અને (૨) ગોરી નામે બે પત્નીઓ હતી. ગોપી મંત્રી હતો. સંગીતકલામાં બહુ નિષ્ણાત હતો. તેણે વિષ્ણુ, શંકર, સૂર્ય, પાર્વતી અને લક્ષ્મી માટે સિંહાસનો બનાવ્યાં હતાં, તેણે દુકાળમાં જનતાને અનાજ વગેરે દાન આપ્યું અને સૌનું દુઃખ દૂર કર્યું.

આ વર્ણનમાં બાદશાહ મહમ્મદનું નામ પણ મળે છે.

( – કેશરીચંદ હીરાચંદ ઝવેરી સંગૃહીત 'સૂર્યપુરનો સુવર્ણયુગ' પુસ્તકના આધારે )

તારવણી—

આપણે ઉપર્યુક્ત ઉલ્લેખોનો સમન્વય સાધતાં વિચારીએ તો આ પ્રકારે તારવણી થાય—

મંત્રી રામજી વડનગરનો હતો. તે ઓશવાલ કે બ્રાહ્મણ નહીં પણ નાગર વાણિયો હતો. મંત્રી રામજીએ સૂરત નહીં પણ રામનગર–રાનેર વસાવ્યું હોય અને સાથોસાથે સૂર્યપુરમંદિર પણ બંધાવ્યું હોય. પોતાની નમ્રતા અને સૂર્યની મહત્તા બતાવવા એ મંદિરને રામનગર ન બતાવતાં સૂર્યપુરના નામથી ઓળખાવતો હોય. તે પછી તેના વંશજ કીકરાજે ત્યાં પુલ અને નીલકંઠનું મંદિર બનાવ્યાં હોય.

કીકરાજનો પુત્ર ગોપી નિર્ધન બની ગયો હશે. તે સંગીતનિષ્ણાત અને ઈમાનદાર હશે તેથી જ શાહજાદાની ગાયિકા સૂરજે પોતાની મૂડી તેને ત્યાં મૂકી હશે અને સંગીતથી તેણે કરેલા સત્કાર સન્માન અને ભક્તિથી ખુશ થઈ ગાયિકાએ પોતાની બધી મિલકત તેને આપી દીધી હોય અને ધન મળતાં ધનિક બની ગયો હોય. તેને પોતાની ધનદાત્રીનું નામ અમર કરવા ભાવના થાય એ સ્વાભાવિક છે.

શાહજાદાની વેશ્યાનું નામ પણ સૂરજ હતું. મંત્રી ગોપીએ શાહજાદાની વેશ્યા અને પોતાની ધનદાત્રી સૂરજને અમર કરવા સૂરતનો વિકાસ કર્યો હોય, સૂરતને જળમાર્ગ અને સ્થળમાર્ગનું વેપારી કેન્દ્ર બનાવ્યું હોય.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

વેશ્યાની જાતિમાં વડી હોય તે અક્કા કહેવાય છે. તો બનવા જોગ છે કે અક્કાનગર, અઠ્ઠનગર અને સુરત એમ નામ પડ્યાં હોય.

બાદશાહ અકબરે સુરતને જીતી લઈ ગોપીને જ સુરતનો મંત્રી બનાવ્યો હોય. અને તે બાદશાહ જહાંગીરના સમયમાં પણ મંત્રી રૂપે ચાલુ હોય.

મંત્રી ગોપી નાગરે સુરતમાં સં. ૧૬૮૭ના મોટા દુકાળમાં જનતાને ભારે મદદ કરી હતી. તેણે વિવિધ લોકોપયોગી સ્થાનો તેમ જ ધર્મસ્થાનો બનાવ્યાં હશે. મંત્રી ગોપીએ પોતે અગર તેની પ્રેરણાથી જૈનસંઘે સુરતમાં સૂર્યપુરમંડળ પાર્શ્વનાથનું જિનાલય બંધાવવું શરૂ કર્યું હતું. મંત્રી ગોપીએ અથવા તેના પરિવારે વિ.સં. ૧૬૭૮ના કા૦ વ૦ ૫ના રોજ ભટ્ટા૦ શ્રી વિજયસેનસૂરિ અથવા તેમની આજ્ઞાના ગીતાર્થ મુનિવરના હાથે જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરાવી હશે.

ઇતિહાસ કહે છે, સુરતના નાગરે વાણિયા જૈન હતા. કેમકે સુરતના નાગર વાણિયા શેઠ સુંદરજી નાગરે વિ૦સં૦ ૧૭૩૯માં વીશસ્થાનક વ્રતતપ શરૂ કર્યું. તપાગચ્છની વિમલશાખાના ભટ્ટા૦ શ્રી. જ્ઞાનવિમલસૂરિએ સં૦ ૧૭૬૬ના પો૦વ૦ ૮ને બુધવારે શેઠ સુંદરજી માટે વીશસ્થાનકનું નવું સ્તવન બનાવ્યું.

વળી, શેઠ સુંદરજી નાગરની ભાર્યા અમૃતબાઈએ સં૦ ૧૭૬૬ કે સં૦ ૧૭૭૬ના મહા સુદિ ૧૧ને બુધવારે આ૦ શ્રી જ્ઞાનવિમલ. સૂરિના હાથે ભગ૦ શ્રી શાંતિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. આચાર્યશ્રીએ પણ તે જ દિવસે ભગ૦ શ્રી શાંતિનાથનું સ્તવન રચ્યું.

( –'સૂર્યપુરનો સુવર્ણયુગ' પૃ ૫૪, ૫૫)

આ રીતે સમન્વય સાધતાં સુરતનો ઇતિહાસ વ્યવસ્થિત બને છે.

તે પછી સને ૧૬૮૧ ( સં૦ ૧૭૩૭ )માં સુરતનો કોટ બન્યો. સને ૧૬૮૪માં સુરતમાં મરકીનો રોગચાળો ફાટી નીકળ્યો, જેમાં રોજના લગભગ ૩૦૦ માણસોનાં મરણ થતાં હતાં.

સને ૧૭૯૨માં સુરતમાં હિંદુ-મુસલમાનનું હુલ્લડ થયું. સને ૧૮૬૪માં સુરતમાં રેલવે આવી, ને સ્ટેશન બંધાયું ત્યારથી સુરત અને મુંબઈ વચ્ચે વ્યવહાર જોડાયો. સને ૧૮૬૮માં મોટું સૂર્યગ્રહણ થયું.



જૈનં જયતિ શાસનમ્ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુરતના સંઘપતિઓ –

સુરતના ઘણા જૈનોએ સંઘપતિ બની વિવિધ જૈન તીર્થોના છ'રી પાળતા યાત્રાસંઘો કાઢયા હતા; જેમાં અનેક ઐતિહાસિક પ્રસંગો બન્યા હતા.

સંઘપતિ પ્રેમજી પારેખ –

તેઓ સુરતના વતની શેઠ રાવજી અને તેમનાં પત્ની ગમતાદેના પુત્ર હતા. તેમને ( ૧ )... અને ( ૨ ) નવીબાઈ નામે બે પત્નીઓ હતી.

સંઘપતિ પ્રેમજી પારેખ સં૦ ૧૭૭૦માં તપાગચ્છની વિમલ-શાખાના આ૦ શ્રી જ્ઞાનવિમલસૂરિના ઉપદેશથી સુરતથી શ્રી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો – પગપાળા યાત્રાસંઘ કાઢ્યો હતો.

આ સંઘમાં ચાર શ્વેતાંબાર જૈનાચાર્યો અને બીજા મુનિવરો વગેરે આ પ્રમાણે હતા :—

( ૧ ) આ૦ શ્રી જ્ઞાનવિમલસૂરિ.

( ૨ ) તપાગચ્છીય આ૦ શ્રી વિજયદેવસૂરિ સંઘના સાગર શાખા-ના તપાગચ્છીય વડી પોષાળમાં રહેલા ભટ્ટા૦ શ્રી લક્ષ્મીસાગરસૂરિ. તેઓ સંઘમાંથી પાછા વળી અમદાવાદમાં ચાતુર્માસ રહ્યા હતા.

( ૩ ) તપાગચ્છીય ભટ્ટા૦ શ્રી વિજયરત્નસૂરિ અથવા ભટ્ટા૦ શ્રી ઋદ્ધિસાગરસૂરિ અથવા અંચલગચ્છીય આ૦ શ્રી અમરસાગરસૂરિ. આમાંના કોઈ આચાર્ય સંઘમાં સાથે હતા.

તપાગચ્છના ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિના શિષ્ય ( ૬૨ ) મહો૦ શ્રી લાવણ્યવિજય ગણીવરની પરંપરાના ( ૬૩ ) પં૦ શ્રી લક્ષ્મી-વિજય ગણી અને તેમના શિષ્ય ( ૬૪ ) પં૦ શ્રી અમરવિજય ગણી વગેરે આ સંઘમાં સાથે હતા.

આ બધા સંઘમાંથી પાછા વળી સં૦ ૧૭૭૦માં નડિયાદમાં ચાતુર્માસ કર્યું હતું. પં૦ શ્રી અમરવિજય ગણીએ સં૦ ૧૭૭૦ના ચાતુર્માસમાં નડિયાદમાં 'સં૦ પ્રેમજીનો સલોકો'– શ્લો૦ ૧૬૧, ગ્રં૦ ૨૪૧ રચ્યો.

( ૪ ) તપાગચ્છની રત્નશાખાના ( ૬૦ ) શ્રી હીરરત્નસૂરિની પરંપરાના ( ૬૩ ) ભટ્ટા૦ શ્રી દાનરત્નસૂરિના શિષ્ય ( ૬૪ ) પં૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્ઞાનરત્ન ગણી, શીઘ્રકવિ ઉદયરત્ન ગણી ઠા૦ ૭ આ સંઘમાં સાથે હતા.

પં૦ ઉદયરત્ન ગણીએ સં૦ ૧૭૭૦ના......વદિ ૭ ને ગુરુવારે શ્રી સિદ્ધાચલમંડન ભગ૦ ઋષભદેવ સ્તવન ( ઢાળ – ૭ ) બનાવ્યું છે, તેમાં તેમણે ચોથી ઢાળમાં પોપટ, વાદળી, વરસાદ, માળી અને સંઘપતિને ઉદ્દેશીને આલંકારિક વર્ણન કર્યું છે. તેમાં તેઓશ્રી શત્રુંજયની યાત્રા કરવા પોપટની પાંખ માગે છે. વૈશાખ–જેઠની વાદળીને સંઘ ઉપર છાયા નાખવા વીનવે છે. પવનને વાદળી લાવવા વિનંતી કરે છે. વરસાદને ઝીણી ઝીણી બુંદ છાંટવા પ્રાર્થના કરે છે. આઠ માળીને વિવિધ જાતિનાં પુષ્પો લાવવા પ્રેરણા કરે છે.

સંઘપતિ પ્રેમજી પારેખ અને કપૂરચંદ ભણશાળીને સંઘના ટૂંકા ટૂંકા પડાવો નાખવા વિનંતી કરે છે ને ભગ૦ શ્રી આદિનાથ દાદાને દર્શન દેવા વીનવે છે.

(જૈનયુગ, વર્ષ : ૩, પૃ૦ ૩૪૯ થી ૩૫૧)

(૫) અધ્યાત્મયોગી પં૦ દેવચંદ્રજી ગણીના શિષ્ય પં૦ મતિરત્ન ગણી—તેમણે સં૦ ૧૮૦૪માં પોતાની શ્રી સિદ્ધાચલ તીર્થમાલામાં આ સંઘનું વર્ણન કર્યું છે.

સં૦ પ્રેમજી પારેખના આ સંઘમાં આચાર્યો, પંન્યાસો, મુનિવરો, સાધ્વીઓ, શ્રાવકો, શ્રાવિકાઓ મોટી સંખ્યામાં સાથે હતાં. અમદાવાદ, પાટણ, ખંભાત વગેરે સ્થળોના નાના–નાના સંઘો આવી સાથે ભળ્યા હતા. તેનું વિગતવાર વર્ણન કંઈક આ પ્રકારે છે—

વિ૦ સં૦ ૧૭૭૦માં દિલ્હીમાં બાદશાહ ફરુખશેઅર ( સં૦ ૧૭૬૯ મહા વ૦ ૧૦ થી સં૦ ૧૭૭૫ ફા૦ સુ૦ ૯ ) હતો, ત્યારે અમદાવાદનો કપૂરચંદ ભણશાળી ઓશવાલ જૈન તેમનો માનીતો શ્રેષ્ઠી હતો. સૂબાઓ પણ તેમને માન આપતા હતા. એ સમયે ગુજરાતમાં ભણશાળીનો મધ્યાહ્ન તપતો હતો – તેનો ભારે પ્રભાવ હતો.

સં૦ પ્રેમજી પારેખે તેમની મદદ માગી હતી અને તેમની સહાયથી સં૦ ૧૭૭૦ના ચૈ૦ સુ૦ ૧૦ ના રોજ તેમણે સુરતથી સંઘ કાઢ્યો હતો. તે સંઘ ભરૂચ, સોજીત્રાના રસ્તે થઈ ધોળકા આવ્યો ત્યારે અહીં નાના ત્રણ સંઘો આવી તેમાં ભળ્યા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) અમદાવાદથી કપૂરચંદ ભણુશાળીએ સંઘ કાઢ્યો. તેમાં નગરશેઠ શાંતિદાસ ઝવેરીના વંશના શેઠ હીરજી ઝવેરી, શેઠ રતનાસૂરા, શા૦ વર્ધમાન, શા૦ નિહાલચંદ સોની, શા૦ હરખચંદજી વગેરે તથા પાટણના અને ખંભાતના જૈનોને પણ સાથે લીધા હતા.

(૨) ખંભાતથી જૈનોની ટોળી.

(૩) પાટણથી જૈનોની ટોળી.

ધોળકાથી પાલિતાણા જવાનો રસ્તો ભયભરેલો હતો. કારણ કે કાઠીઓ ધાડ પાડી સંઘને અને યાત્રાળુઓને લૂંટી લેતા હતા. આથી સંઘોને અહીંથી સંઘરક્ષાની પાકી વ્યવસ્થા કરવી પડતી હતી.

કપૂરચંદ ભણુશાળીએ આ સંઘની રક્ષા માટે પાકો બંદોબસ્ત કર્યો હતો. સંઘની સાથે બંદૂકધારી આરબોની બાદશાહી ફોજ હતી; જેમાં ૪૦૦ ઘોડેસવારો અને ૫૦૦ પગપાળા સૈનિકો હતા. કપૂરચંદ ભણુશાળી રસ્તાનાં ગામોમાં જે જે રાજાની સરહદમાં જાય તે તે રાજાને જ સંઘના વળાવા તરીકે સાથે લઈ લેતા અને તેમની સરહદ પૂરી થતાં તે તે ઠાકોરને શિરપાવ આપી વિદાય કરવામાં આવતા.

કપૂરચંદ ભણુશાલીએ સૈનિકો તથા યાત્રાળુઓને સૂચવી દીધું હતું કે કાઠીઓ આવે તો તેમનો જોરદાર સામનો કરવો. સામનો કરનારને ઇનામ, પગાર કે આજીવન સવલતો આપવાની બાંહેધરી પણ આપી હતી.

આ સૂચનાઓ સાથે મક્કમ પગલે સંઘ ધોળકાથી નીકળ્યો. સંઘે (૧) ધોળકા, (૨) ગાંગડ, (૩) બરોલ, (૪) ધંધુકા, (૫) નાવલ વાઢેલા, (૬) લોલિયાણા, (૭) ધારુકા, (૮) સુસરા-સણોસરા, (૯) ઢુંઢણુ—બદરગામ, અને (૧૦) પાલિતાણા.

આ દિવસો દરમિયાન સંઘને લૂંટવા માટે કાઠીઓએ ધાડ પાડી હતી પરંતુ ભણુશાલીની રક્ષણ વ્યવસ્થાના કારણે તેઓ ફાવ્યા નહીં.

ધંધુકા પછીના પડાવથી સંઘ જ્યારે ઊપડ્યો અને નાવલ વાઢેલા જવાનો હતો ત્યાં રસ્તામાં ધાડપાડુઓ ત્રાટક્યા. મારામારી

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

શરૂ થઈ. સામસામી બંદૂકો છૂટી. આ ધમાલમાં હાથી કાઠીની ઘોડી મારી ગઈ. ધાડપાડુઓ ત્યાં નાઠા અને સંઘ ક્ષેમકુશળ નાવલ–વાઢેલા પહોંચી ગયો.

કાઠીઓએ નાવલ–વાઢેલા અને લોલિયાણા વચ્ચે રસ્તામાં ધાડું મોકલ્યું. અહીં એક વાણિયો યાત્રાળુ બરછી લઈ કાઠીઓની સામે લડચો ત્યારે કાઠીઓ નાહિંમત બની નાસી ગયા. સંઘ લોલિયાણા પહોંચી ગયો. ભણુશાલીએ આ બહાદુર વાણિયાને ભારે રકમનું ઇનામ આપ્યું. સંઘ લોલિયાણામાં ત્રણ દિવસ રોકાયો.

તે પછી દ્વારકા ગયો. તે ભાવનગરની સરહદનું ગામ હતું. ભાવનગરના રાજવી ભાવસિંહજીએ દ્વારકામાં આવી સંઘ પાસે દાણ માગ્યું. ભણુશાલીએ દાણ આપવાની સાફ ના પાડી. પરિણામે મામલો બગડચો. આથી સંઘને અહીં સાત દિવસ સુધી રોકાવું પડ્યું અને સંઘપતિ પ્રેમજી પારેખે રાજા મલસિંહને સીધા મળી શાંત પાડી, મનાવી વોળાવા તરીકે પોતાની સાથે લીધો. તેની સરહદ પૂરી થતાં સંઘવીએ તેને શિરપાવ આપી ખુશ કરી રવાના કર્યો.

ગારિયાધારની ગોહેલ ગાદીએ અનુક્રમે (૧૬) ઠા૦ શત્રોજી, (૧૭) ઠા૦ સરતાનજી, (૧૮) ઠા૦ કાંધાજી અને (૧૯) ઠા૦ પૃથ્વીરાજજી થયા હતા.

(– પ્રક૦ ૪૪, પૃ૦ ૧૬૧)

પાલિતાણાના (૨૦) ઠાકોર કાંધાજીનો પુત્ર (૨૧) ઠા૦ પૃથ્વી-રાજજી ઢોલ–વાજાં સાથે લઈને ઢુંઢણ બંદર ગામ સુધી સામે આવ્યો હતો.

સંઘે સં૦ ૧૭૭૦ના વૈ૦ વ૦ ૫ના રોજ પાલીતાણામાં લલિતા સરોવરના કિનારે પડાવ નાખ્યો. સંઘ બીજે દિવસે શત્રુંજય તીર્થ ઉપર ચડવા લાગ્યો. સંઘે માર્ગ વચ્ચે આવતી ધોળી પરબ, નીલ પરબ, કુમાર કુંડ, સુંદર પરબ, ભવાનીવાળો, હીંગળાજનો હડો, સાલા કુંડ અને હીરાબાઈની પરબ (અધૂરો કુંડ) વગેરે સ્થાને વિસામો લીધો અને આગળ વધ્યો, દાદાનાં દર્શન કર્યાં.

સંઘ વૈ૦ વ૦ ૬ થી અમાસ સુધી હમેશાં શત્રુંજય તીર્થ ઉપર ચડી શ્રી આદીશ્વર દાદાની યાત્રા કરી દાદાનાં દર્શન કરતા. તે જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમયે ત્યાં વરસાદ થયો. ઉપા૦ શ્રી ઉદયરત્ને પોતાના "શત્રુંજય ભેટ્યો રે" સ્તવનમાં આ ઘટનાની નોંધ લીધી છે.

આ સંઘમાં ૪ જૈનાચાર્યો, ૩૦૦ મુનિવરો, ૪૦૦ ગવૈયા-ભોજકો અને ૧૭૦૦ ગાડાંઓ હતાં.

શત્રુંજય ઉપર હમેશાં સ્નાત્રપૂજા, સત્તર ભેદી પૂજા, વાજિંત્રો-ગીત અને દાંડિયારાસની રમઝટ સાથે ભણાતી હતી. દાદાને નિત આંગી ચડાવાતી. સંઘનો પડાવ નીચે લલિતા સરોવરના કિનારે હતો પણ ઘણા યાત્રાળુઓ હમેશાં ઉપર ચડતા હતા અને સાંજે નીચે આવી જતા હતા.

પાલિતાણા નગરમાં પણ ભગ૦ શ્રી આદીશ્વરના જિનાલયમાં નિત્ય પૂજા, આંગી અને રાત્રિજગો–ભાવના બેસતી અને પ્રભાવનાઓ થતી રહેતી. મુનિઓનાં રોજ વ્યાખ્યાન પણ ચાલુ હતાં.

સંઘમાં સાથે ત્રણ–ચાર નાના સંઘો ભળેલા હતા તેમ બીજા લગભગ ૩૬૦ ગામોના જૈનો હતા.

પાલિતાણાના ઠાકોર કાંધાજીએ સં૦ ૧૭૦૭માં શેઠ શાંતિદાસ, શેઠ રતના સૂરા અને તપાગચ્છની પેઢી સાથે તીર્થના રખોપાનો કરાર કર્યો હતો.

( પ્રક૦ ૪૪, )

સંઘપતિ પાલિતાણાના ઠાકોરને કરાર મુજબ રકમ આપવા તૈયાર હતા પણ તેમાં ગરબડ ઊભી થઈ. પાલિતાણાના યુવરાજ પૃથ્વીરાજને સુરતી લાલાનો માતબર સંઘ જોઈને લોભ લાગ્યો અને કરારનો ભંગ કરી વધુ રકમ લેવાની ઇચ્છા દર્શાવી.

યુવરાજ પૃથ્વીરાજે વૈશાખી અમાવાસ્યાના દિવસે સંઘપતિ પાસે જઈ મુંડકાના રૂા. ૧૬૦૦૦ સોળ હજાર માગ્યા. કપૂરચંદ ભણશાળીએ સાફ સંભળાવી દીધું કે એક પાઈ પણ નહીં મળે. આ રકમ માટે ભાંજગડ ચાલી.

પાલિતાણાના વેપારી વાણિયા અને બારોટો વચ્ચે પડ્યા. રકમ ઘટતાં ઘટતાં રૂા. ૬૦૦૦ છ હજાર અને છેવટે ત્રણ હજાર સુધી આવીને અટકી પરંતુ મામલો સુધર્યો જ નહીં. આ ભાંજગડમાં છ દિવસો પસાર થઈ ગયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કપૂરચંદ ભણુશાળીએ જેઠ સુદિ આઠમના રોજ સંઘને અહીંથી નીકળી જવાની ગોઠવણ કરી પણ વેપારી અને બારોટોએ આવી ભણુશાલીને સમજાવ્યા કે સંઘપતિ માળા પહેરે નહીં ત્યાં સુધી જવાય નહીં. માટે એક દિવસ રહી જાઓ. મામલો સુધરી જશે. માળા પહેરીને જજો.

ભણુશાળીએ કરડાકીમાં રોકડું પરખાવી દીધું.—"અમે માન્યા તો દેવ નહીં તો પાષાણુ." ( –કડી : ૧૩૨ )

આઠમે મામલો કંઈ સુધર્યો નહીં. સંઘે નોમની સવારે પ્રયાણ કર્યું. ઠાકોરે લલિતા સરોવરના કિનારે પોતાના ભાયતો; ઠાકરડાઓ, કોળીઓ વગેરેને બોલાવી આડા ઊભા રાખ્યા અને સંઘને રોકી રાખવા સામસામી મારામારી ચાલી. ઠાકોરના માણસોએ સંઘ ઉપર ભાલાં, તીર, પથ્થરગોળા વગેરે ફેંક્યા.

સંઘના રક્ષકોએ વળતાં તેમની ઉપર બંદૂકની ગોળીઓ છોડી. આ મારામારીમાં ઠા૦ પૃથ્વીસિંહનો ભાઈ અને બીજા વીશ માણસો મરાયા. નગરશેઠ શાંતિદાસ ઝવેરીના વંશના શેઠ હીરજી ઝવેરીએ વચમાં પડી સંઘના રક્ષકોને ભગ૦ શ્રી આદીશ્વરની આણ આપી આ મારામારીથી રોક્યા અને મામલો શાંત પડ્યો.

શેઠ હીરજી ઝવેરીને થયું કે સંઘને અપયશ મળશે, માટે માંડવાલ કરી કામ લેવું ઠીક છે. તેમણે સંઘવી પાસેથી ઠાકોરને સંતોષ થાય તેટલી રકમ અપાવી મામલો સુધારી લીધો.

પછી જેઠ સુદિ ૧૦ ના રોજ સંઘવી અને તેમની બે પત્નીઓએ આ૦ શ્રી જ્ઞાનવિમલસૂરિના હાથે તીર્થ ઉપર સંઘમાળા પહેરી. તે પ્રસંગે તેઓએ તથા યાત્રાળુઓએ વ્રત–પચ્ચક્ખાણ સ્વીકાર્યાં.

સંઘપતિની શરૂઆતથી જ ભાવના હતી કે શ્રી શત્રુંજય અને શ્રી ગિરનારની યાત્રા કર્યા પછી સંઘને પાછો સુરત લાવવો; પરંતુ કાઠીઓનું તોફાન અને મુંડકાની રકઝકમાં ઘણા દિવસો પસાર થઈ ગયા તેથી સૌના મન ઉદાસ બની ગયાં હતાં અને સૌ જલદી પાછા જવા માટે ઉતાવળા થઈ ગયા હતા. વળી ચોમાસું નજીક આવતું હતું. આથી સંઘે અહીંથી પાછા વળી જવાનો નિર્ણય કર્યો.

સંઘે પાલિતાણાથી નીકળી મોટાં મોટાં મુકામોએ પડાવ નાખ્યો.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઢુંઢણબંદર ગામ, મોતલી, થાણા, લોલિયાણા, પીપળિયું, નાવલિયા-ઢેલી અને ધંધુકા થઈ ધોળકા પહોંચી ગયો. અમદાવાદ, પાટણ અને ખંભાતના નાના સંઘો અહીંથી છૂટા પડ્યા. સંઘવી પ્રેમજી પારેખનો સંઘ સીધા રસ્તે થઈ સુરત જઈ પહોંચ્યો.

આ સંઘનું વર્ણન નીચેના ગ્રંથોમાં આલેખાયેલું મળે છે.—

(૧) પં૦ સુખસાગર ગણી કૃત 'પ્રેમવિલાસરાસ' કડી : ૪૫.

(૨) પં૦ અમરવિજય ગણી કૃત 'સંઘપતિ પ્રેમજીનો સલોકો' શ્લો૦ ૧૬૧ થી ૨૪૧.

(૩) શીઘ્રકવિ મહો૦ ઉદયરત્ન ગણીકૃત 'સિદ્ધાચલમંડન ઋષભદેવ સ્તવન' ઢાળ : ૯

(૪) ઉપા૦ દેવચંદ્ર ગણી શિષ્ય પં૦ મતિરત્ન ગણીકૃત 'સિદ્ધાચલ તીર્થમાળા' સં૦ ૧૮૦૪

એક લેખ મળે છે.—

"શા. પ્રેમજી ચૂલી અટકનાવી વીશા શ્રીમાળીએ સં૦ ૧૭૮૮ના મહાસુદિ ૬ ને શુક્રવારે શત્રુંજય તીર્થમાં તપાગચ્છના ભટ્ટા૦ શ્રી સુમતિસૂરિના હાથે ભ૦ શ્રી ચંદ્રપ્રભની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી.'

(–એપીગ્રાફિયા ઈંડિકા ભા. ૨, પ્રક૦ ૬ લેખ નં૦ ૩૭)

## કપૂરચંદ ભણશાળી તથા અનૂપસિંહ ભંડારી—

કપૂરચંદ ભણશાલી અમદાવાદનો ઓશવાલ જૈન હતો. મોટો ધનાઢ્ય અને જૈન સંઘનો અગ્રણી હતો. દિલ્હીના બાદશાહ ફરુખશેઅર (સં૦ ૧૭૭૦ ના મહાવદિ ૧૦થી સં૦ ૧૭૭૫ના ફા૦ સુ૦ ૯)નો તે માનીતો મહાજન હતો. ખોજા હજીર (હમીર) સૂબાનો દીવાન હતો. શૂરો અને વીર હતો. કોઈ માનવી તેની આજ્ઞા ઓળંગી શકતો નહોતો. જે તેનો વિરોધ કરે તેનો 'જગદીશ રુઠ્યો' એમ સમજવું. જે નમતો આવે તેની તે કદર કરતો–ભેટ, ઇનામ પણ આપતો. પ્રજા ઉપર કોઈ જુલમ થાય તો જુલમ કરનારની સામે તે ઝૂઝતો હતો; છતાં તે ધર્મપ્રેમી શ્રાવક હતો. વળી, વટનો કટકો હતો તેથી તે પોતાનું ધાર્યું કરતો હતો. રાજ્યના અમલદારો પણ તેનાથી ડરતા. આથી તે સૌને આંખના

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કણા માફક ખટકતો હતો. અમલદારો તો ઇચ્છતા હતા કે પ્રસંગ આવે ભણુશાલીને ઉખેડી નાખવો. એવા બે પ્રસંગો ઉપસ્થિત થયા.

(૧) મદન ગોપાલ – એ ઉત્તર ભારતનો મોટો શરીફ હતો. આજે તેના નામનો દિલ્હીમાં મહોલ્લો છે અને અમદાવાદમાં એની હવેલી પ્રસિદ્ધ છે. તે ફિરોજ ગિઝની સાથે અમદાવાદમાં ખજાનચી તરીકે આવ્યો હતો. તેના માણુસ હરિરામે સં૦ ૧૭૭૧ (ઈ. સ. ૧૭૧૪)ની હોળીમાં અમદાવાદમાં એક મુસલમાનની છેડતી કરી, આથી મુસલમાનો એકત્ર થઈ મદનગોપાલની હવેલી બાળવા માટે ઊપડયા. તે ટોળું ઝવેરીવાડમાં આવ્યું કે તરત કપૂરચંદ ભણુશાલીએ ઝવેરીવાડના દરવાજા બંધ કરી પોતાના સૈનિકોને મુસલમાન ટોળા ઉપર બંદૂકની ગોળીઓ છોડવા હુકમ કર્યો. સૂબાએ નગરના મોટા આગેવાનોને સાથે રાખી વચ્ચે પડી રમખાણુ શાંત પાડયું.

આ મામલાની હકીકત દિલ્હીના બાદશાહ પાસે પહોંચી. બાદશાહે કપૂરચંદ ભણુશાલીને પકડાવી કેદમાં પૂર્યો. મુસ્લિમ મુલ્લાએ લાગવગ વાપરી તેને છોડાવ્યો. છૂટીને અમદાવાદ આવ્યો ત્યારે લોકોએ એને પ્રશંસાનાં પુષ્પોથી વધાવ્યો. આ પ્રસંગને ઉદ્દેશીને એ વખતે અમદાવાદમાં રાસડો જોડાયો હતો કે – "હાર્યો હાર્યો મદનગોપાલ, જીત્યો જીત્યો કપૂરશા ઓશવાલ."

વિ. સં૦ ૧૭૭૧ (ઈ. સ. ૧૭૧૪-૧૫)માં સાબરમતી નદીમાં પૂર આવ્યું તેથી અમદાવાદને ઘણું વેઠવું પડયું.

(૨) અનૂપસિંહ ભંડારી – દિલ્હીનો બાદશાહ ફરુખશેઅર સં. ૧૭૭૬ (ઈ. સ. ૧૭૧૯)માં સૈયદોના હાથે મરાયો. પછી ગુજરાતના સૂબાઓ પણુ બદલાયા. રાજા અજિતસિંહ સને ૧૭૨૦માં અમદાવાદનો સૂબો બન્યો. તેણે ગુજરાતની વ્યવસ્થા માટે અનૂપસિંહ ભંડારીને પોતાના વતી અમદાવાદ મોકલ્યો. અનૂપસિંહ ભંડારી ઓશવાલ જૈન હતો. રાજવ્યવસ્થામાં અતિકુશળ હતો. પોતાના કાર્યની આડે આવનારની સામે કડક હાથે કામ લેતાં તે પાછી પાની કરે એવો નહોતો. અમદાવાદના જૂના અમલદારોએ 'કાંટાથી કાંટો નીકળે' એ કહેવત અનુસાર કપૂરચંદ ભણુશાલી વિરુદ્ધમાં અનૂપસિંહના કાન ભંભેર્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કપૂરચંદ ભણુશાલી પોતે જે પગારદાર પાસવાનોને રાખતો હતો તે બધા શસ્ત્રધારી હતા. ભંડારી કોઈને અન્યાય થતાં ગુનેગારને જેલમાં પૂરે તો આ પાસવાનો તેને બળજબરીથી છોડાવી દેતા હતા. આથી ભંડારીએ ગુસ્સે થઈ સં૦ ૧૭૭૬–૭૭માં ભણુશાલીનું હિચકારું ખૂન કરાવ્યું.

( – મુંબઈ ગેઝેટિયરના પૃ. ૨૯૮માં અંગ્રેજીમાં ગુજરાતનો ઇતિહાસ, નર્મદાશંકરે પોતાના ' ગુજરાત સર્વસંગ્રહ ' પૃ. ૩૨માં તે અંગ્રેજીનું કરેલું ભાષાંતર; ' સૂર્યપુરનો સુવર્ણયુગ-પ્રસ્તાવના ' પૃ. ૭૧ થી ૭૩ )

કપૂરચંદ ભણુશાલીનું ખૂન થવાથી તેના વંશજો સુરત જઈ વસ્યા. થોડાં વર્ષો પહેલાં સુરતમાં શા૦ માણેકચંદ રૂપચંદ ભણુશાલીની પેઢી પ્રસિદ્ધ હતી. તેના ઘરની આસપાસનો વિભાગ આજે પણ ભણુશાલીનો મહોલ્લો કહેવાય છે. ભણુશાલી વંશના એક ભાઈએ ' ગુજરાત સમાચાર ' અને ' દાંડિયો ' નામનાં સમાચારપત્રો કાઢયાં હતાં, જે ખૂબ લોકપ્રિય હતાં.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## ૨ સંઘપતિ કચરા કીકા —

એ શા૦ રવજી શ્રીમાલીના વંશનો હતો. તેને બે ભાઈઓ હતા. એ ત્રણે ભાઈઓ પાટણથી સુરતમાં આવી વસ્યા. તેણે બે તીર્થસંઘો કાઢયા હતા. (૧) શ્રી સમ્મેતશિખર મહાતીર્થનો સંઘ સં૦ ૧૭૯૪ અને (૨) શ્રી શત્રુંજય મહાતીર્થનો સંઘ સં૦ ૧૮૦૪.

(૧) સંઘવી કચરા કીકા પટણીએ અધ્યાત્મયોગી શ્રી. દેવચંદ્રજી મહારાજના ઉપદેશથી સં૦ ૧૭૯૪માં શ્રી ' સંમેતશિખર મહાતીર્થનો યાત્રાસંઘ ' કાઢયો હતો. તેમાં સાધુ-સાધ્વી સાથે નહોતાં. માત્ર શ્રાવક અને શ્રાવિકાઓ જ હતાં. શ્રી. દેવચંદજી મહારાજે પોતાની પાસે ભણતા અમદાવાદના શા૦ લાલચંદના પુત્ર પૂંજાશાહ વિદ્યાર્થીને ધર્મક્રિયા કરાવવા માટે આ સંઘમાં સાથે મોકલ્યો હતો. સંઘ સુરતથી વહાણમાં નીકળી કલીકોટ ( કલકત્તા ) પહોંચ્યો. ત્યાં ભગ૦ શ્રી પાર્શ્વનાથની સેવા-પૂજા કરી.

ત્યાંથી નીકળી મક્ષુદાબાદ થઈ મધુવન ( શિખરજી ) પહોંચ્યો. તે સમયે ત્યાં પાલગંજ રાજાએ જોહુકમીથી સંઘને યાત્રા કરવા મનાઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી; પરંતુ તે જ રાત્રે ભોમિયાદેવે ખુશાલચંદનું રૂપ બનાવી પૂજા શાહને સ્વપ્નમાં દર્શન દીધાં.[1] તેણે પૂજાશાહના મુખથી યાત્રાના અંતરાયની વાત જાણી. પૂજાશાહને સાથે લઈ શ્રી નંદીશ્વર તીર્થ તરફ ભગ૦ શ્રી સીમંધર સ્વામીનું સમવસરણ વગેરે યાત્રાએ કરાવી ને સાથોસાથ શ્રી સમ્મેતશિખર મહાતીર્થની યાત્રા ખુલ્લી મુકાવી. સંઘને યાત્રા કરવાની અનુકૂળતા કરી આપી.

પછી સંઘ શિખરજી મહાતીર્થથી નીકળી રાજગૃહી, ચંપાપુરી, બ્રાહ્મણકુંડ, ક્ષત્રિયકુંડ, પાવાપુરી, મથુરા, આગરા વગેરે તીર્થોની યાત્રા કરી ગુજરાતના પાટણ થઈ સુરત આવ્યો.

પૂજાશાહ આ યાત્રાઓ કરી પૂજ્ય શ્રી દેવચંદજી મહારાજની આજ્ઞા લઈ સુરતથી અમદાવાદ આવ્યો, તેણે સં૦ ૧૭૯૬ના વૈ૦ સુ૦ ૬ ના રોજ અમદાવાદમાં પરમ સંવેગી શ્રી સત્યવિજયજી ગણીની પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી. ગુરુજીએ તેનું નામ ઉત્તમવિજય રાખ્યું. ભણીગણીને તેઓ પંન્યાસ પદવીધારી બન્યા. સં૦ ૧૮૨૭ના મહા સુદિ ૮ ના રોજ અમદાવાદમાં તેઓ કાળધર્મ પામ્યા. તેમના શિષ્ય ઉપા૦ પદ્મવિજય ગણીએ સં૦ ૧૮૨૮માં ‘ પં૦ ઉત્તમવિજય ગણીરાસ ’ રચ્યો છે, તેમાંથી એમના જીવનની ઝાંખી મળે છે.

( — પૃ૦ ૪૩ )

( ૨ ) સં૦ કચરા કીકાએ સં૦ ૧૮૦૪ના કા૦ સુ૦ ૧૩ને મંગળવારના રોજ સુરતથી શત્રુંજયની યાત્રા કરવા માટે જલ-સ્થળ માર્ગનો યાત્રાસંઘ કાઢ્યો હતો. શા૦ રૂપચંદ કચરા પણ આ સંઘમાં ભાગીદાર બન્યા હતા. સંઘ સુરતથી નીકળી વહાણ દ્વારા ડુમસ થઈ ભાવનગર આવ્યો. ભાવનગરથી કા૦ વ૦ ૧૩ના રોજ નીકળી પગરસ્તે વરતેજ, કનાડ, તથા ગારિયાધારના રસ્તે થઈ પાલિતાણા પહોંચ્યો. સંઘે લલિતાસરોવરના કાંઠે પડાવ નાખ્યો.

સં૦ કચરા કીકા તથા સં૦ રૂપચંદ કચરા એ બંને સંઘપતિઓએ

---

૧. આ સદીમાં ઘણા ખુશાલચંદ થયા છે. ( ૧ ) સુરતના સંઘપતિ કપૂરચંદનો પુત્ર, ( ૨ ) જગતશેઠ ખુશાલચંદ સ્વ૦ સં૦ ૧૮૪૦, ( ૩ ) નગરશેઠ ખુશાલચંદ સ્વ૦ સં. ૧૮૦૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહા સુદિ ૩ ના દિવસે શ્રી શત્રુંજય તીર્થમાં ‘ તીર્થમાળા ’ પહેરી હતી.

શ્રી અંચલગચ્છના ભટ્ટા૦ શ્રી ઉદયસાગર સૂરિ, અધ્યાત્મયોગી પં૦ દેવચંદજી ગણી તેમના શિષ્ય મુનિ શ્રી મતિરત્નજી તથા તપાગચ્છના મહો૦ શ્રી યશોવિજયજી ગણીની યતિપરંપરામાં થયેલા ઉપા૦ શ્રી સુમતિવિજયજી વગેરે સંઘ સાથે સુરતથી આવ્યા હતા. અને તપાગચ્છની સંવેગી શાખાના પં૦ શ્રી સત્યવિજયજી ગણીની પરંપરાના પં૦ શ્રી જિનવિજયજી ગણીના શિષ્ય પં૦ શ્રી ઉત્તમવિજયજી ગણી તથા અંચલગચ્છના ભટ્ટા૦ શ્રી ઉદયસાગરસૂરિના શિષ્ય ત્યાગી, વૈરાગી અને તપસ્વી પં૦ યોગવિમલ ગણી વગેરે ભાવનગરથી સંઘ સાથે જોડાયા હતા.

શેઠ કચરા કીકાના પુત્ર ( ૧ ) તારાચંદ તથા ( ૨ ) રૂપચંદ અને પૌત્રો ( ૧ ) બાલચંદ તથા ( ૨ ) મીઠાચંદ વગેરે સંઘમાં સાથે હતા.

આ સંઘ પાલિતાણા પહોંચ્યો ત્યારે ખંભાત, ઘોઘા, ભાવનગર, પાટણ, વેરાવલ તેમ જ દક્ષિણ તરફનાં ઘણાં શહેર-ગામોના યાત્રાસંઘો અહીં આવી મળ્યા હતા.

ભટ્ટા૦ શ્રી ઉદયસાગરજીએ સં૦ ૧૮૦૪ના પોષ સુદિ ૧૫ને સોમવારે શ્રી શત્રુંજયતીર્થમાં ‘ સ્નાત્રપંચાશિકા ’ રચી. પં૦ શ્રી દેવચંદ્ર ગણીએ શ્રી ‘ સિદ્ધાચલનું સ્તવન ’ રચ્યું અને તેમના શિષ્ય શ્રી મતિરત્નજીએ શ્રી ‘ સિદ્ધાચલતીર્થનો રાસ ’ રચ્યો.

સં૦ કચરા કીકાએ સં૦ ૧૮૧૦ના મહા સુદિ ૧૩ને મંગળવાર ( શનિવાર )ના રોજ પં૦ શ્રી દેવચંદ્રજી ગણીના ઉપદેશથી શ્રી શત્રુંજયતીર્થ ઉપર ૬૦૦૦ છ હજાર રૂપિયા ખરચીને ભગ૦ શ્રી સુમતિનાથ વગેરે જિન પ્રતિમાઓનો પ્રતિષ્ઠા ઉત્સવ કરાવ્યો અને તેમાં સાથેના સર્વ આચાર્યભગવંતોના હાથે વિવિધ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી.

સં૦ તારાચંદ સં૦ કચરા કીકાનો પુત્ર હતો. તારાચંદને ધરમચંદ નામે પુત્ર હતો. ફતેચંદ નામે કાકા હતા અને ફતેચંદને ઝવેરચંદ નામે પુત્ર હતો.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

## ( ૩ ) સંઘપતિ તારાચંદ —

તપાગચ્છના સંવેગી ગીતાર્થ મુનિરાજ પં૦ ઉત્તમવિજયજી ગણી અને પં૦ પદ્મવિજયજી ગણીએ સં૦ ૧૮૦૫થી ૧૮૧૦ સુધી સુરતમાં રહીને યતિવર શ્રી સુવિધિ વિજયજી પાસે વિદ્યાભ્યાસ કર્યો હતો. તેનો ખરચ સં૦ તારાચંદે આપ્યો હતો. સં૦ ૧૮૧૩–૧૪માં તેમની પાસે ઉપધાન વહન કર્યાં હતાં અને માલારોપણનો મોટો ઉત્સવ ઊજવ્યો હતો. સં૦ તારાચંદે બે છ'રી પાળતા યાત્રાસંઘો કાઢ્યા હતા.

## (૧) મોરવાડાનો ગોડી પાર્શ્વનાથનો યાત્રાસંઘ—

સં૦ કચરા કીકાએ સં૦ ૧૮૦૪માં શ્રી શત્રુંજય મહાતીર્થનો યાત્રાસંઘ કાઢ્યો હતો, એ આપણે ઉપર જોઈ ગયા. હવે તેના પુત્ર સં૦ તારાચંદે શ્રી ગોડીજી પાર્શ્વનાથનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢવાનો નિર્ધાર કર્યો.

તેણે કાકા ફતેચંદની સંમતિથી શ્રી ગોડી પાર્શ્વનાથના જિનાલયમાં અષ્ટોત્તરી સ્નાત્રપૂજા ભણાવી. સં૦ ૧૮૨૧ના માગશર સુદિ ૭ ને સોમવારે કાકા ફતેચંદની આજ્ઞા મેળવી સુરતના જૈન સંઘને એકત્ર કરી તેની પાસે ગોડીજીનો યાત્રાસંઘ કાઢવાની રજા માગી અને સંઘમાં પધારવા સૌને આમંત્રણ આપ્યું.

સંઘે તેને રજા આપી. સં૦ તારાચંદે સુરતનાં સમસ્ત જિનાલયોમાં અઠ્ઠાઈ મહોત્સવ શરૂ કરાવ્યો અને સં૦ ૧૮૨૧ના માગશર વદિ ૨ ને ગુરુવારે સુરતથી ગોડી પાર્શ્વનાથનો યાત્રાસંઘ કાઢ્યો.

આ સંઘની મુખ્ય દોરવણી આપનાર સંઘપતિનો મહેતો હતો. તે બાલબ્રહ્મચારી દયાળુ જૈન હતો.

તેણે અંચલગચ્છના ભટ્ટા૦ શ્રી ઉદયસાગરસૂરિ, તેમના શિષ્ય ઉપા૦ શ્રી જ્ઞાનસાગર ગણી, તપાગચ્છની સાગરશાખાના ભટ્ટા૦ શ્રી પુણ્યસાગર ગણી, તપાગચ્છના સંવેગી ગીતાર્થ પં૦ ખુશાલવિજય ગણી, આગમિક ગચ્છના ભટ્ટા૦ શ્રી રત્નસૂરિ, તેમના શિષ્ય પં૦ હેમચંદ્ર ગણી વગેરે યતિવરો–મુનિવરોને સુરતથી આ સંઘમાં સાથે લીધા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે પૈકીના ભટ્ટા૦ શ્રી પુણ્યસાગરસૂરિ અને ઉપા૦ શ્રી જ્ઞાનસાગર ગણી પાલનપુરથી પાછા વળ્યા હતા.

જ્યારે પંન્યાસ શ્રી અમૃતાનંદગણીના મુનિશ્રી યોગવિમલજી આબૂ આવીને સંઘની સાથે ચાલ્યા હતા.

વળી, તપાગચ્છની સંવેગી શાખાના મુનિવર પં૦ શ્રી ઉત્તમવિજયજી ગણી વગેરે મુનિવરો રાધનપુરથી સંઘની સાથે થયા હતા.

આ સંઘમાં સુરત, પાટણ, દમણ, દીવ, વ્યારા, સોનગઢ, રાનેર, વરિયાવ, જંબૂસર, પાદરા, દશપરા, કોરાબ, આછોદ, આમોદ, ચાંપાનેર, ખંભાત, બોરસિદ્ધ, પેટલાદ, મહુધા, કપડવણજ, સોઝંતરુ, નડિયાદ, વૈરાટનગર, કટોસણ, સાણંદ, બહિયેલ, કડી, ભાવનગર, ઘોઘા, પાલિતાણા, જૂનાગઢ, વાવ, થિરા, સાથલપુર (સાંતલપુર), વગેરે ગામોના નાના-મોટા જૈન સંઘો તથા છૂટક જૈનો વગેરે આવીને જોડાયા હતા.

આ સંઘે વિવિધ જૈન તીર્થો અને મોટાં નગરોની યાત્રા કરી હતી. સંઘ સં૦ ૧૮૨૧ના માગ૦ વ૦ ૨ ના દિવસે સુરતથી નીકળી અનુક્રમે કતારગામ, કઠોર, ચોકી, પાનોલી, અંકલેશ્વર, રેવાતટ, ભરુઅચ્છ (દેરાસર૦ ૨૭), છાણી (દેરા૦ ૫), અડાસ, કરમસદ (શાંતિ જિનમંદિર ૧), ખેડા (દેરા૦ ૧), ઉપપુર (વાસ) (દે૦ ૧), વટુઆ, સરલપુરા (શ્રી મુનિસુવ્રત સ્વામિ દેરા૦ ૧), પોષ વદ ૧ અગર ૧૦ રાજનગર – શ્રીનગર – રાજદ્રંગ – અમદાવાદ (મોટાં દેરા૦ ૬૮, કુલદેરા ૩૦૧), નરુડુ (શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દે૦ ૧), વળાદ, પેથાપુર (દે૦ ૧), માણસા (દે૦ ૧) કુકરવાડા (દે૦ ૧), કડી દે૦ ૨) વીસનગર (દે૦ ૬), ગૂંજા (દે૦ ૧), વડનગર (દે૦ ૧૦), સિંહપુર (દે૦ ૨), તારંગાતીર્થ, ખેરાલુ (દે૦ ૧), વડગામ (દે૦ ૧) વગદા સમૌ (દે૦ ૧), આણંદપુર (દે૦ ૧), મગરવાડા (શ્રી માણિભદ્ર યક્ષેક મંદિર ૧), પાલનપુર (દે૦ ૨૩), ભૂતેડી, દાંતીવાડા (દે૦ ૧), હણાદ્રા (દે૦ ૧) ફા૦ સુ૦ ૭ શનિવારથી ફા૦ સુ૦ ૧૫ આબુતીર્થ (દે૦ ૫), ફા૦ વ૦ ૧ ઢકાપુર (દે૦ ૧), ધવલી (દે૦ ૧), ભટાણા (દે૦ ૧), પાલનપુર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધપુર ( દે૦ ૧૭ ), પાટણ , રૂપપર , ( દે૦ ૧ ), ચાણસ્મા ( દે૦ ૧ ), પાટણ, કુણગર, ( દે૦ ૩ ), શંખેશ્વર તીર્થ, ભીલોટા, કેરડા, જજામ, સોઈગામ ( શ્રી આદિનાથ દે૦ ૧ ), બેણપ ( દે૦ ૧ ), ઊચોસણ ( દે૦ ૧ ) થઈને વૃષડી – વરખડી આવ્યો હતો. અહીં ગોડી પાર્શ્વનાથની યાત્રા કરી.

અહીં સંઘપતિ તારાચંદ, સં૦ રત્નકુમારી, પુત્ર ધરમચંદ, પુત્રવધૂ, કુરડીબેન કુલબાઈ, તેના પુત્રની વહુ તથા સંઘપતિનો ભાણેજ શ્રી ગોડીદાસ એમ સાત જણાને સંઘપતિની માળા પહેરાવવામાં આવી.

સંઘ અહીંથી પાછો વળી, મોટાં મોટાં મુકામો કરી સુઈગામ, રાધનપુર, કુણસર, વિસલપુર, ખેડાવાસુ, છાણી, મીરક્ષેત્ર, ઈટોણુ અને અંકલેશ્વર થઈને સુરત પહોંચી ગયો.

અંચલગચ્છના ઉપા૦ શ્રી જ્ઞાનસાગર ગણીએ (૬૩) ભટ્ટા૦ શ્રી પુણ્યસાગરસૂરિની પ્રેરણાથી સં૦ ૧૮૨૧માં સુરતમાં ‘ તીર્થમાલા ’ ( ઢાળ–૧૨ ) રચી છે.

ઉપાધ્યાયજીએ આ તીર્થમાળામાં સંઘે યાત્રા કરેલ અને ઉપર બતાવેલાં દરેક તીર્થો તથા નગરોનું ઐતિહાસિક વર્ણન આપ્યું છે.

( – જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : ૯૪ થી ૯૮, જૈન પરંપરાનો ઇતિહાસ, પ્રક૦ ૪૦, પૃ૦ ૫૩૬–પૃ૦ ૬૬ )

## (૨) શત્રુંજય તીર્થનો યાત્રાસંઘ–

સંઘવી તારાચંદ કચરા કીકા સુરતીએ સં૦ ૧૮૨૯માં સુરતથી શત્રુંજય મહાતીર્થનો છ’રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો.

આ સંઘમાં ભટ્ટા૦ શ્રી ઉદયસાગર ગણીના શિષ્ય પં૦ શ્રી તિલકચંદજી ગણી વગેરે યતિવરો તથા તપાગચ્છના સંવેગી પં૦ શ્રી જિનવિજય ગણી અને પં૦ શ્રી ઉત્તમવિજય ગણી વગેરે મુનિવરો સાથે હતા.

આ સંઘ અમદાવાદ થઈને પાલિતાણા ગયો હતો.

( સં૦ ૧૮૭ માં ક્ષેમવર્ધન ગણીકૃત ‘ શાંતિદાસ શેઠનો રાસ ’ )

પં૦ શ્રી ઉત્તમવિજયજી ગણીએ સં૦ ૧૮૨૭ના પોષ સુ૦ ૧૪ના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રોજ 'શ્રી શત્રુંજય સ્તવન' રચ્યું છે. તેમણે તેમાં આ સંઘનું ઐતિહાસિક વર્ણન આપ્યું છે.

( જૈનયુગ પુ૦ ૧, પૃ૦ ૨૫૯ )

( પં૦ ઉત્તમવિજયજીગણી માટે જુઓ પ્રક૦ ૬૬ )

## ૪ સંઘપતિ મોદી પ્રેમચંદ લવજી–

અમદાવાદમાં કાશ્યપગોત્રીય પરમાર વંશનો શેઠ લવજી મોદી નામે દશાશ્રીમાલી જૈન હતો.

તેને (૧) પ્રેમચંદ, (૨) હેમચંદ અને (૩) જયચંદ એમ ત્રણ પુત્રો હતા તથા (૪) તેજકુંઅર નામે પુત્રી હતી.

તેજકુંઅર બચપણથી જ ધર્મપ્રેમી હતી. કહેવાય છે કે તે મરીને દેવલોકમાં ઉત્પન્ન થઈ અને પોતાના ભાઈઓને ધર્મમાં જોડી રાખી ધાર્મિક કાર્યોમાં મદદ કરતી રહેતી.

શેઠ પ્રેમચંદ વગેરે ત્રણ ભાઈઓ સુરત આવી વસ્યા. આથી તેઓ સુરતી તરીકે ખ્યાતિ પામ્યા. શેઠ પ્રેમચંદને વીજળી નામે પત્ની હતી. તેની પાસે અઢળક લક્ષ્મી હતી.

( —શેઠ કૃત વર્ણન )

### (૧–૨) શ્રી શત્રુંજયતીર્થના યાત્રાસંઘો–

સં૦ પ્રેમચંદ મોદી વિ૦ સં૦ ૧૮૩૦માં શ્રી શત્રુંજયતીર્થની યાત્રાએ ગયો હતો. તેણે સં૦ ૧૮૩૬માં તપાગચ્છના ભટ્ટા૦ શ્રી વિજયધર્મસૂરિ ( સં૦ ૧૮૦૯ થી ૧૮૪૧ )ની અધ્યક્ષતામાં છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો.

તેણે સં૦ ૧૮૩૬ના ચૈ૦ સુ૦ ૧૩ ને શુક્રવારે ભટ્ટા૦ શ્રી વિજયધર્મસૂરિના ઉપદેશથી શત્રુંજય તીર્થમાં ખોડિયારના કુંડના ઉપરના ભાગમાં મોટું જિનાલય બંધાવવાનો નિર્ણય કર્યો. એટલું જ નહિ, એનું પણ શરૂ કરાવી દીધું. સં૦ ૧૮૩૭માં જિનાલય તૈયાર થઈ ગયું.

### ( ૩ ) શ્રી શત્રુંજય તીર્થનો યાત્રાસંઘ –

સં૦ પ્રેમચંદ મોદીએ સં૦ ૧૮૩૭ના પો૦ સુ૦ ૨ ના રોજ સુરતથી શ્રી શત્રુંજય તીર્થનો જલ–સ્થલમાર્ગનો નાનકડો યાત્રાસંઘ

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાઢયો હતો. તેમણે આ સંઘમાં તપાગચ્છની સાગરશાખાના ભટ્ટા૦ શ્રી ઉદયસાગરસૂરિ, પૂ૦ આ૦ શ્રી વિજયપ્રભસૂરિની પરંપરાના ભટ્ટા૦ શ્રી વિજયદયાસૂરિ, ભટ્ટા૦ શ્રી વિજયધર્મસૂરિ (સં૦ ૧૮૦૯ થી ૧૮૮૧), ભટ્ટા૦ શ્રી વિજય જિનેન્દ્રસૂરિના મહોપાધ્યાય (૬૫) પં૦ શ્રી ખુશાલવિજય ગણીના શિષ્ય (૬૬) પં૦ શ્રી ઉત્તમવિજય ગણીની પરંપરાના (૬૫) મહો૦ શ્રી સુમતિવિજય ગણીના શિષ્ય (૬૬) પં૦ શ્રી ઉત્તમવિજય ગણી વગેરે પરિવારને, પોતાના કુટુંબને અને બીજા થોડા જૈનોને સાથે લીધા હતા.

સંઘ પો૦ સુ૦ ૨ ના રોજ નીકળી વહાણમાર્ગે ભાવનગર જઈ ગાડા રસ્તે સં૦ ૧૮૩૭ના પોષ સુ૦ ૫ ને મંગળવારે પાલિતાણા પહોંચ્યો. ત્યાં લલિતા સરોવરના કિનારે પડાવ નાખ્યો. સં૦ પ્રેમચંદ મોદીએ ઠા૦ ઉનડજીને રખોપાની મોટી રકમ આપી સૌનો રખોપા કરાર માફ કરાવ્યો.

સંઘ ડેરા–તંબૂ લઈ ઉપર ચડયો. રસ્તામાં આંબડવાવ, ભૂખણની વાવ, તળેટી, નીલી પરબ, ધોળી પરબ, કુમારકુંડ, હીંગલાજનો હડો, માનમોડિયો, કોટનો દરવાજો, સૂરજપોળ, વાઘણપોળ, ચક્રેશ્વરી દેવીના મંદિરે થઈ શ્રી આદીશ્વર દાદાનાં દર્શન કરી મોદીએ બંધાવેલા જિનાલય પાસે ગયો. સૌ નવા જિનપ્રાસાદને જોઈને ખુશ થયા. મોદીએ તેની ચારે બાજુએ બીજાં મંદિરો બંધાવવાનો હુકમ આપ્યો અને મહો૦ શ્રી ખુશાલવિજય ગણીના શિષ્ય પં૦ શ્રી ઉત્તમવિજય ગણીને વિનંતી કરી કે, 'આપ હવે ભટ્ટારકજીને અહીં બોલાવો. તેઓ જલદી આવે એટલે પ્રતિષ્ઠા તરત કરાવવી છે.'

સંઘ અહીંની યાત્રા કરી ભાવનગર, ઘોઘા થઈ વહાણદ્વારા સુરત પહોંચી ગયો.

## (૪) શ્રી શત્રુંજય તીર્થનો યાત્રાસંઘ – પ્રતિષ્ઠા

સુરતના સંઘવી પ્રેમચંદ લવજીએ શ્રી શત્રુંજયતીર્થમાં તૈયાર કરેલ પ્રેમચંદ મોદીની ટૂક વગેરે તથા ત્યાંનાં બધાંયે જિનમંદિરોની પ્રતિષ્ઠા કરાવવા માટે મુહૂર્ત જોવરાવ્યું. અને વિ૦ સં૦ ૧૮૪૩ના મહાસુદિ ૧૧ ને સોમવારનો દિવસ પ્રતિષ્ઠા માટે નક્કી કરવામાં આવ્યો.



www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

તેણે તપાગચ્છના ( ૬૬ ) ભટ્ટા૦ શ્રી વિજયધર્મસૂરિને આ દિવસે શ્રી શત્રુંજયતીર્થમાં પધારી પ્રતિષ્ઠા કરવા વિનંતી કરી; પરંતુ ભટ્ટા૦ શ્રી વિજયધર્મસૂરિ વિ૦ સં૦ ૧૮૪૧માં મારવાડના બુલંદનગરમાં કાળધર્મ પામી ગયા. આથી તેમની પાટે વિ૦ સં૦ ૧૮૪૧ના મહાસુદિ ૧૦ ના દિવસે નવા ભટ્ટારક આ૦ શ્રી વિજય જિનેન્દ્રસૂરિને સ્થાપન કરવામાં આવ્યા.

સંઘવીએ તેમને મારવાડના સિરોહી નગરમાં આમંત્રણ મોકલી શ્રી શત્રુંજયતીર્થમાં પધારી મોદીની ટૂકની પ્રતિષ્ઠા કરવા વિનંતી લખી મોકલી. જુદા જુદા નગરોમાં જૈન સંઘોને કંકોત્રી મોકલી. આ પ્રસંગે શ્રી શત્રુંજય તીર્થમાં પ્રતિષ્ઠા–ઉત્સવમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું.

સંઘવી મોદીએ સુરતના જૈન સંઘને એકઠા કરી સૌને સંઘમાં અને પ્રતિષ્ઠામાં પધારવા વિનંતી કરી. સાથોસાથ સંઘ કાઢવા તથા પ્રતિષ્ઠા કરાવવાની રજા માગી.

ત્યાં વસતા શેઠ ઓઘાશાહ જૈનને શ્રી શત્રુંજય તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ લઈ જવાની ભાવના હતી. તેણે સંઘવી મોદીને વિનંતી કરી કે : 'આ સંઘમાં મારી ભાગીદારી રાખો.' મોદીએ તેની વિનંતી સ્વીકાર કર્યો.

સુરતના સંઘે તે સૌને સંઘ કાઢવાની રજા આપી તથા ( ૧ ) પ્રેમચંદ મોદી અને (૨) હેમચંદ મોદી, ( ૩ ) જેચંદ મોદી અને ( ૪ ) શેઠ ઓઘાશાહને સંઘપતિનાં તિલક કરવામાં આવ્યાં.

સંઘે સં૦ ૧૮૪૩ના મા૦ સુ૦ ૨ ને સોમવારે સુરતથી પ્રયાણ કર્યું. તેણે અમદાવાદના નગરશેઠ વખતચંદને અમદાવાદથી પોતાના સંઘમાં સાથે લીધા.

સંઘે પાલિતાણા જઈ લલિતા સરોવરના કિનારે પડાવ નાખ્યો. ત્યાંના ઠા. ઉન્નડજીને બોલાવી રખોપાની મોટી રકમ આપી સૌ યાત્રિકોનો રખોપા કર માફ કરાવ્યો.

શ્રી શત્રુંજય ઉપર મોદીની ટૂકનાં બધાં જિનાલયો માટેની નવી જિન પ્રતિમાઓ તૈયાર થઈ ગયેલી હતી, તેમનાં શ્રીસંઘે દર્શન કર્યાં.

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

આ સંઘમાં અંચલગચ્છના ભટ્ટા૦ શ્રી ઉદયસાગરસૂરિ, અને મહો૦ શ્રી ખુશાલવિજય ગણીના શિષ્ય પં૦ ઉત્તમવિજય ગણી વગેરે સાથે હતા.

તપાગચ્છના ભટ્ટા૦ શ્રી વિજય જિનેન્દ્રસૂરિ સંઘપતિની વિનંતી આવતાં ભટ્ટા૦ શ્રી વિજયજિનેન્દ્રસૂરિ, મહો૦ શ્રી ખુશાલ વિજય ગણી વગેરે સં૦ ૧૮૪૨માં સિરોહીમાં ચાતુર્માસ રહ્યા. તેઓએ ત્યાંથી પાલિતાણા આવવા માટે વિહાર કર્યો.

તેઓ રોહાઈ દેશ, બ્રાહ્મણવાડા તીર્થ, રાજા નંદિવર્ધને ભરાવેલ જીવિતસ્વામીનું નાંદિયા તીર્થ, લોટાણામાં શ્રી આદિનાથ; વસંતગઢમાં ભગ૦ શ્રી શાંતિનાથ, હમીરપુરને કોટવાળો જિનપ્રાસાદ વગેરેનાં દર્શન કરતાં કરતાં આવી રહ્યા હતા ત્યાં સંઘવી મોદીની. શ્રી શત્રુંજય જલદી પધારવા માટે વિનંતી આવી.

પોતે નવા ભટ્ટારક બન્યા હતા. તપાગચ્છની વિજયશાખાની મર્યાદા મુજબ મગરવાડામાં શ્રી મણિભદ્રજીની યાત્રા કરવી જરૂરી હતી. આથી તેઓ મગરવાડું શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થ વગેરેની યાત્રા કરી સૌરાષ્ટ્રના લીંબડી શહેરમાં પધાર્યા.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

અહીં તેમને સંઘવી મોદીના મુનિમે શ્રી શત્રુંજય જલદી પધારવા ફરી વિનંતી કરી. આથી તેઓ મહાસુદિ ૮ ના રોજ ત્યાંથી વિહાર કરી મહા શુદિ ૧૦ના રોજ પાલિતાણા લલિતા સરોવરના કાંઠે પહોંચ્યા. સંઘપતિએ તેમનો પ્રવેશમહોત્સવ કર્યો.

બીજા જ દિવસે શ્રી શત્રુંજય ઉપર મોદીની ટૂકની તેમના વરદ હસ્તે પ્રતિષ્ઠા કરાવવાની હતી. એ દિવસે સૌ શ્રી શત્રુંજય ઉપર ગયા. સં૦ પ્રેમચંદ મોદી વગેરે ત્રણ ભાઈઓ અને શેઠ ઓધાશાહ ઇદ્રો બન્યા. પ્રેમચંદ મોદીની પત્ની વીજળી અને શેઠ ઓધાશાહની પત્ની શેઠાણી ગુલાબબાઈ ઇદ્રાણી બન્યાં. પાલિતાણા શહેરમાં મોટા જિનાલયમાં નિત પૂજા, આંગી, રાત્રિજગો, પ્રભાવના વગેરે ચાલુ હતાં. શ્રી શત્રુંજય તીર્થ ઉપર પણ રોજે રોજનો ઉત્સવ ચાલુ હતો.

તપાગચ્છના ભટ્ટા૦ શ્રી વિજયજિનેન્દ્રસૂરિએ વિ૦ સં૦ ૧૮૪૩ ના મહા સુદિ ૧૧ ને સોમવારે શુભ મહૂર્તમાં સંઘવી પ્રેમચંદ મોદીના જિનપ્રાસાદની ટૂકનાં બધાં મંદિરોની તથા તેમાં બિરાજમાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવાના મૂળનાયક ભ૦ શ્રી આદિનાથ વગેરે બધી પ્રતિમાઓની અંજનશાલાકા–પ્રાણ પ્રતિષ્ઠા કરી.

(–એપિગ્રાફિયા ઇન્ડિકા, ભા૦ ૨, લે૦ નં. ૪૪)

એ જ આચાર્યશ્રીએ વિ૦ સં૦ ૧૮૪૩ના મહા વદિ ૫ ને બુધવારે મોદીની ટૂકના મોટા જિનાલયમાં તથા નાની–મોટી દેરીઓમાં મૂળનાયક ભગ૦ શ્રી આદિનાથ વગેરે જિનપ્રતિમાઓનો પ્રવેશ કરાવી ગાદીની પ્રતિષ્ઠા--સ્થાપના કરી. આચાર્યશ્રીએ પ્રેમચંદ મોદીના જિનાલયનું નામ સર્વતોભદ્રપ્રાસાદ રાખ્યું. પ્રેમચંદ મોદીની ટૂકના મૂળનાયક ભગ૦ શ્રી આદિનાથની ગાદીમાં લેખ આ પ્રકારે છે–

"સંવત્ ૧૮૪૩ શાકે ૧૭૦૮ મહા સુદિ ૧૧ સોમવારે કાશ્યપ ગોત્રના, પરમાર વંશના દશા શ્રીમાલી અસલમાં રાજનગરના વતની પ્રેમચંદે ભગવાન શ્રી આદિનાથની જિનપ્રતિમા ભરાવી અને તપગચ્છના ભ૦ શ્રી વિજયજિનેન્દ્રસૂરિએ તેની પ્રતિષ્ઠા કરી."

(–ડૉ૦ બુલ્હરના લીટ્સના આધારે શ્રી. જિનવિજયજીનો "પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભા૦ ૨," અવલોકન પૃ૦ ૫૩)

## વિઘ્ન અને શાંતિ–

નોંધપાત્ર ઘટના એ છે કે, મહા સુદિ ૧૦ ને રવિવારે શ્રી શત્રુંજયતીર્થના પહાડ ઉપર જોરથી હવા ફૂંકાવા લાગી, કડકડતી વીજળી ચમકવા લાગી. વરસાદનો ગર્જારવ થયો. ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડ્યો.

સૌ કોઈ મૂંઝાયા કે આવતી કાલે ભગ૦ શ્રી આદિનાથ વગેરે જિનપ્રતિમાઓની અંજનશલાકા થશે કે નહીં ? પરંતુ મહા સુદિ ૧૦ ની રાત પૂરી થતાં જ આ બધું તોફાન શાંત થઈ ગયું. અને મહા સુદિ ૧૧ ને સોમવારે ભટ્ટા૦ શ્રી વિજયજિનેન્દ્રસૂરિએ ઘણા આનંદથી ભગ૦ શ્રી આદિનાથ વગેરે જિનપ્રતિમાઓની પ્રાણપ્રતિષ્ઠા કરી. સંઘમાં ઘણો આનંદ વર્તી રહ્યો.

પછી તો સંઘ અહીં વધુ રોકાયો. સાધુ, સાધ્વી, શ્રાવક અને

JAINSITE જૈન સાઈટ .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

શ્રાવિકા એ ચારે સંઘે જુદી જુદી પગપાળા શ્રી આદિનાથની યાત્રા કરી અને છ કોશની પ્રદક્ષિણા વગેરેથી પણ યાત્રા પૂરી કરી.

ભટ્ટારકજી અને સંઘ યાત્રા કરી નીચે શ્રી શત્રુંજયની તળેટીએ આવ્યા. અહીં સંઘવી પ્રેમચંદ મોદીએ ભટ્ટા૦ શ્રી વિજયજિનેન્દ્રસૂરિને પોતાના સ્થાને પધરાવી સ્નાત્ર પૂજા કરી એ શાલ ઓઢાડી. બીજા ભટ્ટા૦ શ્રી ઉદયસાગરસૂરિ વગેરે અને ઉપાધ્યાયોને પણ સ્નાત્ર પૂજા કરી એકેક શાલ ઓઢાડી. યતિવર્યો પણ આવ્યા હતા તે સૌનું બહુમાન કર્યું હતું અને શ્રાવક, શ્રાવિકાઓને પોતાને ત્યાં પધરાવી સ્વામિવાત્સલ્ય કરી જમાડયા.

સં૦ પ્રેમચંદ મોદીની ટૂકના પ્રતિષ્ઠાના ઉત્સવમાં સુરત, અમદાવાદ, પાટણ, ખંભાત, કપડવંજ, પાલનપુર, મારવાડ, કાંકરેજી વિભાગ, ઔરંગાબાદ, આગરા, બુરહાનપુર, હૈદ્રાબાદ, ભાવનગર, ભરૂચ, ઘોઘા, નવાનગર, કંઠાલનો પ્રદેશ, ડભોઈ, વડોદરા, પેટલાદ, મિયાગામ, જંબૂસર, કાવલી વગેરે અને ઝાલાવાડથી મોટી સંખ્યામાં જૈનો આવ્યા હતા. સંઘપતિએ તે સૌને બોલાવી આદર સાથે જમાડયા અને ફોફલ–પાન આપ્યાં.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સંઘે ભટ્ટારકને આ ચાતુર્માસ સુરતમાં કરવા વિનંતી કરી, જય બોલાવી.

સંઘે પાલિતાણાથી પ્રયાણ કર્યું. પહેલા મુકામે શા૦ કેશરીચંદ લાધાએ આવી ભટ્ટારકજીને વિનંતી કરી કે આપ મારી જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી પછી પધારો. ભટ્ટારકજીએ તેમની વિનંતીને માન આપી પ્રતિષ્ઠા કરાવવા માટે ઉપા૦ શ્રી દયાલવિજયજીને પાલિતાણે પાછા મોકલ્યા.

સંઘ પાલિતાણાથી નીકળી શિહોર, ભાવનગર, ઘોઘા થઈને ભાવનગર ગયો. સુરતના ઘણા યાત્રાળુઓ ભાવનગરથી વહાણદ્વારા સુરત ગયા. ભટ્ટારકજી, સંઘવી અને બાકી રહેલા સંઘે ભાવનગરથી પગપાળા વરતેજ, પીપલી થઈ આરો વટાવી ફા૦ સુ૦ ૧૩ ના રોજ ખંભાત પહોંચ્યા. ત્યાંથી પેટલાદ, જંબૂસર, ગંધાર, ભરૂચ, અંકલેશ્વર, વરિયાવ, કતારગામ અને શેઠની વાડીના રસ્તે થઈ સુરત શહેરમાં પહોંચ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સંઘમાં ભટ્ટા૦ શ્રી વિજયજિનેન્દ્રસૂરિ અને મહો૦ શ્રી ખુશાલવિજયજી વગેરે સુરતમાં સં૦ ૧૮૪૩માં ચાતુર્માસ રહ્યા. પં૦ શ્રી ઋદ્ધિસાગરગણીના શિષ્ય પં૦ શ્રી ઋષભસાગર ગણી, જેઓ કવિ હતા, તે પણ સાથે રહ્યા. તેમણે સં૦ ૧૮૪૩ના જેઠ વદિ ૩ ને સોમવારે સુરતમાં 'મોદી પ્રેમચંદના શત્રુંજયસંઘનો રાસ' (ઢાળ–૨૧, ગ્રં૦ ૭૩૫) રચ્યો અને સં૦ ૧૮૪૩ના બીજા શ્રાવણ વદિ ૫ ના રોજ સુરતમાં પોતાના હાથે લખ્યો.

આ રચના ઉપરાંત તેમણે 'વિદ્યાવિલાસરાસ', સં૦ ૧૮૪૮માં 'ગુણમંજરી – વરદત્તચોપાઇ' રચ્યાં, આગરામાં ગુજરાતી, મારવાડી ભાષામાં તેમજ સુરતમાં 'જિનસ્તવન ચોવીશી' રચ્યાં.

## જીર્ણોદ્ધાર —

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ સં૦ ૧૯૯૨માં અમદાવાદની નાગજી ભૂધરની પોળના નિવાસી શેઠ પૂંજાભાઈ નગીનદાસના નામે, તેમનાં પત્ની સુશ્રાવિકા ભૂરીબહેને રૂા. ૧૧૨૧૫૧ની આપેલ મદદ સ્વીકારી શેઠ પ્રેમચંદ મોદીની ટૂકના મુખ્ય જિનાલય, ગૌતમ-સ્વામીની દેરી, બીજી દેરીઓ તથા વડોદરાવાળાના નામથી ઓળખાતા જિનાલય અને આખા ચોકનો જીર્ણોદ્ધાર કર્યો.

## મોરવાડાનો ગોડી પાર્શ્વનાથનો સંઘ —

(૧) સંઘવી પ્રેમચંદ લવજી મોદી સુરતી, (૨) શા૦ ગોવિંદજી મસાલિયા રાધનપુરી અને (૩) શેઠ ઉદયરામજી લીંબડીના દીવાન એ ત્રણેએ મળીને સંઘપતિ બની વિ૦ સં૦ ૧૮૫૨માં તપાગચ્છના ભટ્ટારક શ્રી વિજય જિનેન્દ્રસૂરિની અધ્યક્ષતામાં ગુજરાતના મોર-વાડાનો ગોડી પાર્શ્વનાથનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો અને સં૦ ૧૮૫૨ના ચૈ૦ વ૦ ૨ના રોજ યાત્રા કરી.

આ સંઘમાં પં૦ શ્રી પદ્મવિજયજી ગણી અને મુનિ રંગવિજયજી સાથે હતા. તેમણે તે જ દિવસે 'ગોડી પાર્શ્વનાથનું સ્તવન' (કડી : ૯) રચ્યું. અને તેમણે અગર મુનિ રંગવિજયજીએ સં૦ ૧૮૫૪ના શ્રા૦ સુ૦ ૧૩ ના રોજ તેની બીજી પ્રતિલિપિ કરી.

(– 'શેઠ શાંતિદાસનો રાસ' પૃ૦ ૮૪, જૈન સત્ય પ્રકાશ, ક્ર૦ ૧૬૧, પૃ૦ ૭૩, 'શ્રી મોદીજી સ્મારક ગ્રંથ, મુંબઈ; પૃ૦ ૬૧),

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભટ્ટા૦ શ્રી વિજયજિનેન્દ્રસૂરિએ વિ૦ સં૦ ૧૮૬૦ ના વૈ૦ સુ૦ ૫ ને સોમવારે સુરતમાં શા૦ પ્રેમચંદ ઝવેરચંદ સુરતી ઓશવાલ વગેરેની જિનપ્રતિમાઓની તથા સુરતમાં બીજા ઘણા જૈનોની ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી.

( —એપિગ્રાફિયા ઇંડિકા, ભા૦ ૨, લે૦ નં૦ ૪૬ )

## ૫. ઇચ્છાકુંડ —

સુરતના ઇચ્છાભાઈ નિહાલચંદ શ્રીમાલીએ સં૦ ૧૮૬૧ના માગશર સુદિ ૩ ને બુધવારે ઠા૦ ઉન્નડજી ગોહિલના સમયે શ્રી શત્રુંજય તીર્થ ઉપર અંચલગચ્છના ભટ્ટા૦ શ્રી ઉદયસાગરસૂરિના પટ્ટધર, ભટ્ટા૦ શ્રી કીર્તિસાગરસૂરિના પટ્ટધર ભટ્ટા૦ શ્રી પુણ્યસાગરસૂરિના ઉપદેશથી ઇચ્છાકુંડ બનાવ્યો.

## ૬. સંઘપતિ શેઠ ડાહ્યાભાઈનો ગોડીજીનો સંઘ—સં૦ ૧૮૯૨

સુરતના સંઘપતિ શેઠ ડાહ્યાભાઈએ સં૦ ૧૮૯૨માં સુરતથી મારવાડ ગોડીજી પાર્શ્વનાથનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. તેઓ અમદાવાદમાં નગરશેઠ વખતચંદને મળ્યા હતા. તેમણે સંઘમાંથી પાછા સુરત આવી વડાચૌટામાં નગરશેઠની પોળમાં શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાનનું મોટું જિનાલય બંધાવ્યું.

## ૭. સંઘપતિ શેઠ ધરમચંદ ઉદયચંદ

સુરતના સંઘપતિ શેઠ ધરમચંદ ઉદયચંદે છ'રી પાળતા બે યાત્રાસંઘો કાઢ્યા હતા.

(૧) સં૦ ૧૯૪૫માં શાંતમૂર્તિ મુનિરાજ શ્રી મોહનલાલજી મ૦ ના ઉપદેશથી શ્રી કેસરિયાજી તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો, જેમાં લગભગ ૧૫૦ સાધુ-સાધ્વીઓ સાથે હતાં અને લગભગ ૧૪૪૦ શ્રાવક-શ્રાવિકાઓ હતાં.

(૨) સં૦ ૧૯૪૯માં સુરતથી શ્રી શત્રુંજય તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો.

## ૮. શેઠ અભયચંદ સ્વરૂપચંદ

આગમપ્રજ્ઞ આગમોદ્ધારક પૂ૦ આ૦ શ્રી આનંદસાગરસૂરિના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપદેશથી શેઠ અભયચંદ સ્વરૂપચંદે સુરતથી શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢયો હતો.

આ સંઘમાં સાથે જિનપ્રતિમા હતી. સંઘપતિએ તેને લઈને શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથની ગાદી ઉપર રાખી; પરંતુ બે-ચાર દિગંબરભાઈઓએ આવીને તે મૂર્તિને દૂર ફેંકી દીધી. આથી આચાર્યદેવ, સૌ મુનિવરો અને ચતુર્વિધ શ્રીસંઘને ઘણું દુઃખ લાગ્યું. પરિણામે આશાતના કરનાર ઉપર હુમલો થયો. ભારે ઝઘડો ઉપસ્થિત થયો અને બાસીમ તેમ જ નાગરપુરની કોર્ટમાં ફોજદારી કેસ ચાલ્યો.

નાગપુરની કોર્ટમાં આ કેસ ચલાવનાર બે ન્યાયાધીશો હતા. દિગંબરોએ તેમને ફોડવા ઘણા પ્રયત્નો કર્યા પરંતુ કિસનચંદજીભાઈ પફણી તથા કેશવજીભાઈએ પ્રચારેલ ચાંદીના જુત્તાના મોરના ખુલાસાથી તે પ્રયત્નો નિષ્ફળ ગયા. વિદ્વાન ન્યાયાધીશોએ આચાર્યદેવની જુબાનીમાંથી તારવ્યું કે, આ કેસમાં માત્ર મુનિરાજ જ સત્ય-વાદી છે, બીજા સૌ જૂઠા છે. તો હું આ૦ શ્રી આનંદસાગરસૂરિને નિર્દોષ જાહેર કરું છું અને બીજાઓને ગુના પ્રમાણે શિક્ષા કરું છું.

આ પ્રમાણે ત્યાં શ્વેતાંબરોનો વિજય થયો હતો અને પછીના ઝગડાઓમાં અદાલત તરફથી વારંવાર જાહેર કરવામાં આવ્યું છે કે

> 'આ તીર્થ શ્વેતાંબરોનું છે અને આ પ્રતિમા પણ શ્વેતાંબરોની છે. શ્વેતાંબરોએ ભાઈચારો રાખી દિગંબરોને જે હક આપ્યો છે તેથી તેમના માટે નુકસાનકારક તત્ત્વ ઊભું થયું છે.'

## ૯. સંઘપતિ જીવણચંદ નવલચંદ ઝવેરી—સં૦ ૧૯૭૬

સંઘપતિ જીવણચંદ નવલચંદ ઝવેરીએ આગમવાચનાદાતા પૂ૦ આ૦ શ્રી આનંદસાગરસૂરિના ઉપદેશથી સં૦ ૧૯૭૬માં સુરતથી શ્રી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢયો. સંઘ સુરતથી ખંભાત, ધોલેરા બંદરના રસ્તે થઈ પાલિતાણા પહોંચ્યો.

આ સંઘમાં પૂ૦ શ્રી આ૦ સાગરાનંદસૂરીશ્વરજી, પં૦ વિજયસાગર ગણી, પં૦ માણેકસાગર ગણી વગેરે, પં૦ મણિવિજયજી ગણી મુનિ કુમુદવિજયજી, મુનિ સુમતિવિજયજી વગેરે સાધુઓ સાથે હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ગ્રંથના લેખકો મુનિ દર્શનવિજયજી, મુનિ જ્ઞાનવિજયજી અને મુનિ ન્યાયવિજયજી ત્યારે ધોલેરા બંદરમાં હતા. અમદાવાદના ધર્મપ્રેમી શ્રાવક વીરચંદ ભગત આ સંઘના પડાવની અગાઉથી વ્યવસ્થા કરતા હતા. તેમણે આ ત્રિપુટી મહારાજને સંઘમાં પધારવા વિનંતી કરી. તથા પૂ૦ શાંતમુર્તિ સિદ્ધિવિજયજીના શિષ્ય મુનિ કલ્યાણવિજયજીએ પણ સંઘમાં સાથે આવવા આગ્રહ કર્યો. અને અમે સૌ ધોલેરા બંદરથી સંઘમાં સાથે જોડાયા.

આગમપ્રજ્ઞ આ૦ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી વગેરે મુનિવરો અને સંઘપતિ વગેરે શ્રાવકો ચાતુર્માસ પાલિતાણામાં રહ્યા. આ વર્ષે પાલિતાણામાં પૂ૦ મુનિ કાંતિવિજયજી, પૂ૦ મુનિ પુણ્યવિજયજી વગેરે મુનિવરો પણ પાલિતાણામાં ચાતુર્માસ રહ્યા હતા. આથી સંઘમાં ઘણો આનંદ વર્તી રહ્યો.

પૂ૦ આ૦ સાગરાનંદસૂરિએ સં૦ ૧૯૭૨માં પાટણના ચાતુર્માસથી મુનિરાજોને આગમનું જ્ઞાન આપવા માટે આગમવાચના ચાલુ કરી હતી તે સં૦ ૧૯૭૬ના પાલિતાણાના ચાતુર્માસમાં પણ આગમવાચના આપવાના હતા.

તેથી ઘણા મુનિવરો, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ આગમનું પઠન અને શ્રવણ કરવા માટે અહીં ચોમાસું રહ્યાં હતાં. આ૦ શ્રી સાગરાનંદસૂરિજીએ પાલીતાણાના આ ચાતુર્માસમાં (૧) શ્રી ઓઘ નિર્યુક્તિ, (૨) પિંડનિર્યુક્તિ, (૩) સામાચારીગ્રંથ, (૪) ભગવતીશતક ૧ થી ૮, (૬) શ્રી પન્નવણા સૂત્ર પદ ૧ થી ૩૩ વગેરે આગમોની વાચના આપી. આ ગ્રંથના લેખક શ્રી ત્રિપુટી મહારાજે પણ આ આગમવાચનાનો લાભ લીધો હતો.

સંઘપતિના પુત્ર તથા તેની ધર્મપત્નીએ ભાગવતી દીક્ષા અંગીકાર કરી છે. તેમનાં નામ અનુક્રમે જિતેન્દ્રવિજયજી તથા સાધ્વીજી જયપ્રભાશ્રીજી છે.

મુનિ શ્રી, જિતેન્દ્રવિજયજીએ પૂનામાં 'જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ' નામની સંસ્થા સ્થાપના કરી છે. સાધ્વીજી જયપ્રભાશ્રીજીના ઉપદેશ, થી સં૦ ૨૦– વૈ શુ૦ ૧૩ના રોજ મેરઠ સહરમાં મહાપ્રતિષ્ઠામાં ભગ૦શ્રી મહાવીરસ્વામીની જિનપ્રતિમા પધરાવવામાં આવી છે. આ પ્રતિમા આજે સંઘના મોટા જિનાલયમાં બિરાજમાન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સુરતનાં જૈન મંદિરો —

### ૧. ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર —

સુરતમાં પ્રાચીન શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ હતો. સંભવ છે કે મંત્રી ગોપીએ અથવા અમદાવાદના શેઠ શાંતિદાસ ઝવેરીએ (પોતાનો ને સુરતનો અભ્યુદય થયો તે કારણે) શ્રી ચિંતામણિ પર્શ્વનાથ જિનપ્રાસાદ બંધાવ્યો હોય.

> ઇતિહાસ કહે છે કે, “ સં૦ ૧૬૯૪માં બાદશાહ શાહજહાંના રાજ્યમાં શાહજાદો ઔરંગઝેબ ગુજરાતનો સૂબો બન્યો હતો. તેણે સં૦ ૧૬૯૪માં અમદાવાદમાં શ્રી. ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનનો જિનપ્રાસાદ તોડી તેની મસ્જિદ બનાવી હતી; પરંતુ શેઠ શાંતિદાસ ઝવેરીની વિનંતીથી બાદશાહ શાહજહાંએ તે જિનપ્રાસાદ રાજ્યના ખરચે ફરી બનાવી આપ્યો હતો. ”

ઔરંગઝેબના વખતમાં મુસલમાનોએ સુરતના શ્રી. ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રાસાદ તોડી તેની મસ્જિદ બનાવી હતી, જે સુરતમાં મીરજાસ્વામીનો ચકલો અને વરીયાવ ગેટની વચ્ચે રસ્તામાં જમણી બાજુએ મીરઝાસાંઈની મસ્જિદના નામથી છે.

દંતકથા મળે છે કે, શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની જિનપ્રતિમા મસ્જિદ પાસેની ભૂમિમાં હતી. તપાગચ્છની વડી પોષાળના એક જૈનને તે પ્રતિમાને ત્યાં હોવાનું સ્વપ્ન આવ્યું. તેણે તે સ્વપ્ન એક યતિવરને જણાવી તે પ્રતિમાને બહાર કાઢી. ત્યાં જ મોટો જિનપ્રાસાદ બંધાવવાનું નક્કી કર્યું. યતિવરે તે શેઠને એ વીશાયંત્રો, ૧ સોપારી, ૮ કોડી તથા ૧ મંતરેલી ધનની કોથળી આપી. શેઠે તે કોથળીમાંથી ધન કાઢીને ૭૨ દેવકુલિકાવાળો જિનપ્રસાદ બંધાવ્યો, તેમાં વિવિધ કોરણી કરી સોનેરી રંગો પુરાવ્યા, પણ એક દિવસે તેણે તે કોથળી ભૂલથી ઊંધી કરી ઝાટકી નાખી, એટલે તે કોથળી ખાલી થઈ ગઈ. તે કદી ભરાઈ નહીં. તે પછી તેમાંથી કંઈ ધન મળ્યું નહીં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શેઠે મોટો ઉત્સવ કરી ભટ્ટા૦ શ્રી રાજસાગરસૂરિ (સં૦ ૧૭૨૧) તથા ભટ્ટા૦ શ્રી વૃદ્ધિસાગરસૂરિના હાથે તે નવા જિનપ્રસાદમાં ભગ૦ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની મૂળ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

વૃદ્ધો કહે છે કે, આ પ્રતિષ્ઠા પછી કશો સુધારો–વધારો કરાતો નથી.

આ જિનપ્રસાદમાં સુંદર કોતરણીનું કામ કરેલું હતું. એમ કહેવાય છે કે, સંઘે આ મંદિરના નમૂનાનું સુખડનું મોડલ ( નકશો ) તૈયાર કરાવી લંડનના મ્યુઝિયમમાં મોકલ્યું હતું; જેની કીમત ૩૬૦૦૦ રૂા. થઈ હતી.

એક ચંત્રલેખ મળે છે કે–"સંવત્ ૧૭૫૬ ચૈત્ર સુદિ ૫ દિને ગુરુવાસરે પાદશાહ શ્રી અવરંગને શ્રી પૂ૦ વિદ્યામાન વૃદ્ધિસાગરસૂરિ"

સમય જતાં આ મંદિર જૂનું થયું. ભમતીની ૨૮ દેરીઓ તૂટી ગઈ. કોતરકામ અને રંગકામ બગડી ગયાં. અંતે હીરુમામા જૈને સને ૧૯૦૬–૧૯૦૭માં તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

સંઘે કોતરણીવાળી લાકડાની છત તથા લાકડાં નજીવી કીમતે વેચી નાખી ભમતીની ૨૪ દેરીઓના સોનાનું રંગકામ કરાવ્યું.

( શ્રી. દિનેશ નર્મદાશંકર ત્રિવેદી, સેનેટરી ઇન્સ્પેક્ટર, પીતાંબર ફળી, સોનાફળિયા—નો 'પ્રતાપ' નામના છાપામાં આવેલો લેખ — "સુરતનું એક કલામંદિર–ચિંતામણિ જૈન દેરાસર," 'સૂર્યપુરનો સુવર્ણયુગ' પૃ૦ ૬૨–૬૫ )

## ૨. હીરવિહાર —

સં૦ ૧૬૭૩ના પોષ વદિ ૫ ને ગુરુવારે સુરતના નિઝામપરામાં જ૦ ગુ૦ આ૦ વિજયહીરસૂરિ પધાર્યા હતા. ઉપા૦ શ્રી નેમિસાગરગણીના ઉપદેશથી શરૂ થયેલા હીરવિહારની તથા તેમાં જ૦ ગુ૦ હીરવિજયસૂરિની ચરણ પાદુકાની પ્રતિષ્ઠા પં૦ લાભસાગર ગણીએ કરી હતી.

સં૦ ૧૯૭૫–૭૬માં ઉપા૦ શ્રી રત્નચંદ્રગણીએ સુરતના એ હીરવિહારમાં ભગ૦ શ્રી ઋષભદેવની પ્રતિમા, જ૦ ગુ૦ આ૦ શ્રી હીર-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિજયસૂરિ, આ૦ શ્રી વિજયસેનસૂરિની ચરણપાદુકાઓ, ૭૨ જિન-પ્રતિમાઓ, તપાગચ્છના ૭ નાયકોની પ્રતિમાઓ, તપાગચ્છના ૪ ઉપાધ્યાયોની ચરણપાદુકાઓની પ્રતિષ્ઠા કરી હતી.

( –પ્રક૦ ૫૮ )

તપા–સાગર ભટ્ટા૦ શ્રી કલ્યાણસાગરસૂરિએ સં૦ ૧૭૮૮ના આ૦ વ૦ ૭ના રોજ સુરતમાં સ્વર્ગસ્થ થયેલા ભટ્ટા૦ શ્રી લક્ષ્મીસાગરસૂરિ-ની ચરણપાદુકાઓ હીરવિહારમાં સ્થાપન કરી હતી.

૩. સુરતના સૈયદપરાના શ્રી ચંદ્રપ્રભનું દેરાસર છે. તેની બહાર નાની દેરીમાં શ્રી હીરવિજયયસૂરિની ચરણપાદુકા પ્રતિષ્ઠિત કરેલી છે.

## ૪. સૂર્યપુરમંડન પાર્શ્વનાથ જિનપ્રાસાદ–

સં૦ ૧૬૭૮ના કા૦ વ૦ ૫ને ગુરુવારે પુનર્વસુનક્ષત્રમાં સુરતમાં ઉપા૦ શ્રી રત્નચંદ્રગણીએ સૂર્યપૂરમંડન પાર્શ્વનાથ જિનપ્રાસાદની તથા જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી.

મહો૦ શ્રી યશોવિજયજી ગણીવરે ' સૂર્યપુરમંડન પાર્શ્વનાથનું સ્તવન ' ( કડી ૧૪ ) રચ્યું છે.

૫. સં૦ ૧૬૮૯માં સુરતમાં (૧) શ્રી ઋષભદેવ, (૨) શ્રી અજિત-નાથ (૩) શ્રી સંભવનાથ, (૪) શ્રી અભિનંદન (૫–૬) શ્રીધર્મનાથ, (૭) શ્રી શાંતિનાથ (૮) શ્રી કુંથુનાથ. (૯) શ્રી ચિંતામણિ પાર્શ્વ-નાથ, (૧૦) શ્રી સૂરજમંડન પાર્શ્વનાથ અને (૧૧) ઉપરવાડીમાં શ્રી જીરાવલા પાર્શ્વનાથ–એમ ૧૧ જિનપ્રાસાદો હતા.

( – મહો૦ વિનયવિજયકૃત ' સૂર્યપુર ચૈત્યપરિપાટી ' કડી : ૧૪ )

૬. સં૦ ૧૭૫૫માં સુરતમાં (૧) શ્રી ઋષભદેવ, (૨) શ્રી ધર્મનાથ; (૩) શ્રી શાંતિનાથ, (૪) શ્રી કુંથુનાથ, (૫) શ્રી નમિનાથ (૬) શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ વગેરે જિનપ્રાસાદો પ્રસિદ્ધ હતા.

( – આ૦ જ્ઞાનવિમલસૂરિકૃત ' તીર્થમાલા ' )

૭. આ૦ શ્રી જ્ઞાનવિમલસૂરિએ સં૦ ૧૭૭૬ના ચૈ૦ સુ૦ ૧૧ ને બુધવારે, સં૦ ૧૭૭૦ના મહા સુદિ ૧૧ ને બુધવારે, સં૦ ૧૭૮૦ના વૈ૦ સુ૦ ૯ ના રોજ સુરતના જિનપ્રાસાદોમાં જુદી જુદી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.

JAINSITE.com જૈન સાઇટ જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વળી, સં૦ ૧૭૭૭ ના મહા સુદિ ૧૧ને બુધવારે સુરતના શા૦ સુંદરદાસ નાગરની પત્ની અમૃતબાઈએ ભરાવેલી શ્રી શાંતિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી અને તે ભગવાનનું સ્તવન રચ્યું તેમણે સં૦ ૧૭૮૨ના આ૦ વ૦ ૪ને ગુરુવારે ભટ્ટા૦ શ્રી સૌભાગ્યવિમલસૂરિની ચરણપાદુકાઓની પ્રતિષ્ઠા કરી.

('સૂર્યપુરનો સુવર્ણયુગ' પૃ૦ ૫૮-૭૪)

૮. તપાગચ્છના શ્રી વિજયદેવસૂરિસંઘના સાગરશાખાના ભટ્ટા૦ શ્રી લક્ષ્મીસાગરસૂરિએ સં૦ ૧૭૮૭-૮૮માં સુરતમાં ચાતુર્માસો કર્યા.

સં૦ ૧૭૮૮ના આ૦ સુ૦ ૧૦ ના રોજ સુરતમાં ઉપા૦ શ્રી પ્રમોદસાગર ગણીને આચાર્યપદવી આપી. ભટ્ટા૦ શ્રી કલ્યાણસાગરસૂરિ નામ રાખી પોતાની પાટે સ્થાપન કર્યા અને ગચ્છનાયક બનાવ્યા. તેમજ તેમણે સં૦ ૧૭૮૮ના આ૦ વ૦ ૭ની રાતે સુરતમાં સ્વર્ગગમન કર્યું. ભટ્ટા૦ શ્રી કલ્યાણસાગરસૂરિએ હીરવિહારમાં તેમની ચરણપાદુકાની તથા સ્તૂપની પ્રતિષ્ઠા કરી.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્ જૈન સાઈટ

૯. સં૦ ૧૭૯૭ના માગશર વદિ ૧૦ ને ગુરુવારે સુરતમાં ૧૦ મોટા જિનપ્રાસાદો, ૨૩૫ ઘર દેરાસરો, ૩ ભોંયરાવાળા દેરાસરોમાં ૩૯૭૨ જિનપ્રતિમાઓ, ૫ ધાતુની પંચતીર્થીઓ, ૨૪ ચોવીશ જિનવટા એમ બધી મળીને હજારોની સંખ્યામાં જિનપ્રતિમાઓ હતી.

(–કડવાગચ્છના સંવરી શાહ લાધાશાહકૃત "સુરત ચૈત્ય પરિપાટી સ્તવન")

૧૦ શા૦ ભાઈદાસે સં૦ ૧૮૨૭ના વૈ૦ સુ૦ ૧૨ને ગુરુવારે (૧) શ્રી શીતલનાથ, (૨) શ્રી અજિતનાથ, વગેરે નવા જિનપ્રાસાદો બનાવ્યા હતા અને ખરતરગચ્છના આ૦ ભટ્ટા૦ શ્રી જિનલાભસૂરિ પાસે ૧૮૩ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. તથા (૧) શ્રી શીતલનાથ (૨) શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ અને (૩) શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાનને મૂળનાયક તરીકે સ્થાપન કર્યા હતા.

પં૦ ઉત્તમવિજય ગણીએ સં૦ ૧૮૩૩ના મહા સુદિ ૫ ને બુધવારે સુરતમાં તપાગચ્છના પં૦ વિનીતવિજય ગણી તથા પં૦ દેવવિજય અને મહો૦ સુમતિવિજયગણીની ચરણપાદુકાઓની પ્રતિષ્ઠા કરી.

(–સુરત જૈન પ્રતિમા લેખ સંગ્રહ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૧. સુરતના ભાઈદાસ નેમિદાસે સં૦ ૧૮૩૯ના વૈ૦ સુ૦ ૬ ને બુધવારે શ્રી અજિતનાથ, શ્રી અનંતનાથ, વગેરે જિનપ્રતિમાઓની ભટ્ટા૦ શ્રી જિનલાભસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી હતી.

૧૨. સં૦ સમરાશાહ ઓશવાલના વંશજ ઝવેરશાના પૌત્ર શા૦ રતનચંદે સં૦ ૧૮૪૩ના વૈ૦ સુ૦ ૨ ના રોજ સુરતમાં શ્રી વાસુપૂજ્યસ્વામીની ભટ્ટા૦ શ્રી વિજયલક્ષ્મીસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી હતી.

૧૩. તપાગચ્છના ભટ્ટા૦ શ્રી વિજયાનંદસૂરિસંઘના શ્રાવક શા૦ પ્રેમચંદ ઝવેરી વગેરે ઓશવાલોએ સં૦ ૧૮૬૦ના વૈ૦સુ૦ ૫ ને સોમવારે સુરતમાં જુદી જુદી જિનપ્રતિમાઓ ભરાવી અને તેની તપાગચ્છના શ્રી વિજયદેવસૂરિશાખાના ભટ્ટા૦ શ્રી વિજય જિનેન્દ્ર-સૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી.

( –પ્રે૦ મોટી ગોડી પાર્શ્વનાથ પ્રતિષ્ઠા )

૧૪. સં૦ ૧૮૭૭ના મહા વદિ ૨ ના રોજ સુરતમાં વીશા નેમા જૈનોએ જુદી જુદી જિનપ્રતિમાઓ ભરાવી અને તપાગચ્છીય શ્રી વિજયાનંદસૂરિશાખાના ભટ્ટા૦ શ્રી વિજયસમુદ્રસૂરિ તથા તપા-ગચ્છની સોમશાખાના ભટ્ટા૦ શ્રી આણંદસોમસૂરિ પાસે તેની પ્રતિષ્ઠા કરાવી.

૧૫. સં૦ ૧૮૭૭ના વૈ૦ સુ૦ ૩ ને રવિવારે ભટ્ટા૦ શ્રી આણંદ-સોમસૂરિએ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.

૧૬. સં૦ ૧૯૩૬માં શેઠ ધરમચંદ ઉદયચંદે ઉજમણું કર્યું અને શ્રી મોહનલાલજી મ૦ ના ઉપાશ્રયની બાજુમાં શ્રી વિમલનાથપ્રભુનું ત્રિગડું પધરાવ્યું.

સુરતમાં જ૦ આ૦ શ્રી વિજયહીરસૂરિ, કલિકાલસર્વજ્ઞ આ૦ શ્રી હેમચંદ્રસૂરિ, ભટ્ટા૦ શ્રી વિજયાનંદસૂરિ ( પૂ. આત્મારામજી મ૦ ), આ૦ શ્રી જિનદત્તસૂરિ, પૂ૦ મુનિશ્રી મોહનલાલજી, આ૦ શ્રી સિદ્ધસેનસૂરિ, આ૦ શ્રી વિજયસેનસૂરિ; આ૦ શ્રી કુશલચંદજી, શ્રી હુકમમુનિજી, મુનિશ્રી નીતિવિજય વગેરેની પ્રતિમા, ચરણપાદુકાઓ વિવિધ સ્થાનોમાં વિદ્યમાન છે.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

## સુરતની વિશેષ ઘટનાઓ —

સં૦ ૧૬૦૯ અંચલગચ્છના પં૦ કમલશેખરે 'નવતત્ત્વ ચોપાઈ' રચી.

સં૦ ૧૬૧૩ આ૦ શ્રી વિજયસેનસૂરિની દીક્ષા.

સં૦ ૧૬૧૪ આ૦ શ્રી વિજયદાનસૂરિનું ચાતુર્માસ.

સં૦ ૧૬૨૧ ભટ્ટા૦ શ્રી વિજયદાનસૂરિ અને આ૦ શ્રી વિજયહીરસૂરિ પધાર્યા.

સં૦ ૧૬૩૨ ભટ્ટા૦ શ્રી વિજયસેનસૂરિનું ચાતુર્માસ. તેમણે આ ચાતુર્માસમાં શ્રી ચિંતામણિ વગેરે મોટા મોટા વિદ્વાનોની સભામાં દિગંબર ભટ્ટારક ભૂષણને હરાવ્યો.

સં૦ ૧૬૪૫ ખરતરગચ્છીય ભટ્ટા૦ આ૦ શ્રી જિનચંદ્રસૂરિનું ચાતુર્માસ.

સં૦ ૧૬૬૪ તપાગચ્છના પં૦ શ્રી મુનિવિજયગણીના શિષ્ય પં૦ શ્રી દર્શનવિજયે વિવિધ રાગ–રાગિણીઓવાળું સ્તવન રચ્યું.

જૈનસાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સં૦ ૧૬૭૩ મહો૦ શ્રી રત્નચંદ્રગણીએ પો૦ વ૦ ૫ ના રોજ નિઝામપરામાં ઉપા૦ શ્રી નેમિસાગરગણીના ઉપદેશથી શરૂ થયેલ હીરવિહારની પ્રતિષ્ઠા કરી.

(– પ્રક૦ ૫૫, પૃ૦ ૧૩૭)

સં૦ ૧૬૭૪ આ૦ શ્રી મુનિસુંદરસૂરિએ રચેલા 'અધ્યાત્મ કલ્પદ્રુમ' ગ્રંથ ઉપર 'કલ્પલતા' નામની સંસ્કૃત ટીકા રચાઈ.

સં૦ ૧૬૭૬ પો૦ સુ૦ ૧૩ ના રોજ 'સમ્યક્ત્વ સિત્તરી'નો ગુજરાતી ગદ્ય બાલાવબોધ – 'સમ્યક્ત્વરત્ન પ્રકાશ' રચાયો.

સં૦ ૧૬૭૬ પો૦ સુ૦ ૧૫ ના રોજ હીરવિહારની પ્રતિષ્ઠા થઈ.

સં૦ ૧૬૭૮ કા૦ વ૦ ૫ ને ગુરુવારે પુનર્વસુ નક્ષત્રમાં સૂરજમંડન ભગ૦ શ્રી પાર્શ્વનાથની પ્રતિષ્ઠા થઈ.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

સં૦ ૧૬૭૮ પો૦ સુ૦ ૨ ના રોજ સમ્યક્ત્વ ઉપર પદ્યમાં ગુજરાતી 'સંગ્રામસૂરકથા' રચાઈ અને પં૦ શ્રી દેવચંદ્રગણીને ભણવા માટે કર્તાએ પોતાના હાથે લખી.

સં૦ ૧૬૮૧ પ્ર૦ ચૈ૦ સુ૦ ૯ ના રોજ અમદાવાદમાં આ૦ શ્રી વિજયદેવસૂરિ અને આ૦ શ્રી વિજયાનંદસૂરિ એક થયા હતા ત્યારે 'સટીક–સર્વજ્ઞશતક' ગ્રંથ બંનેની સમ્મતિથી અપ્રામાણિક તરીકે જાહેર થયો હતો તે અપ્રામાણિક જ રહ્યો.

(– પ્રક૦ ૫૫, પૃ૦ ૭૩૬)

ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિ કાન્હડદેશના વિજાપુરમાં જિનપ્રાસાદની પ્રતિષ્ઠા માટે જવાના હતા અને સુરત પધાર્યા ત્યારે ભટ્ટા૦ રાજસાગરસૂરિની પ્રેરણાથી શેઠ શાંતિદાસ ઝવેરીએ સુરતના નવાબ મીરઝા મલેકની રાજસભામાં નવાબ તથા જૈનેતર વિદ્વાનોની અધ્યક્ષતામાં 'સર્વજ્ઞશતક' પ્રામાણિક છે કે નહીં એ નક્કી કરવા માટે શાસ્ત્રાર્થ ગોઠવ્યો.

ત્યારે ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિ તરફથી ઉપા૦ કુશળસાગર ગણી તથા પં૦ લાલકુશળ ગણી અને ભટ્ટા૦ શ્રી રાજસાગરસૂરિ તરફથી પં૦ સત્યસૌભાગ્યગણી શાસ્ત્રાર્થ કરવા માટે નિપુણ થયા હતા. શાસ્ત્રાર્થ ચાલ્યો, જેમાં પં૦ સત્યસૌભાગ્યગણી નિરુત્તર બન્યા. આથી સભાએ જાહેર કર્યું કે પં૦ સત્યસૌભાગ્યગણી હાર્યા છે અને ઉપા૦ કુશલસાગરગણી સાચા છે એટલે ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિનો પક્ષ જીત્યો છે અને ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિ સં૦ ૧૬૮૬–૮૭ ના ચૈ૦ સુ૦ ૮ ના રોજ સુરતથી વિહાર કરી કુંભારિયા પધાર્યા અને પછી ધીમે ધીમે દક્ષિણમાં વિજાપુર તરફ ગયા.

(પ્રક૦ ૫૫, પૃ૦ ૭૩૬ થી ૭૩૮)

સં૦ ૧૬૮૯ મહો૦ શ્રી વિનયવિજયગણીએ ચાતુર્માસ કરી ભટ્ટા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| | શ્રી વિજયપ્રભસૂરિના રાજ્યમાં 'સૂર્યપુર ચૈત્યપરિપાટી' બનાવી. |
| સં૦ ૧૭૦૯ | જેઠ સુદિ ૧૩ ના રોજ મહો૦ શ્રી વિજયદેવ ગણી શિષ્ય મુનિ દયાવિજયે મુનિ જયવિજયને ભણવા માટે 'ચંપક શ્રેષ્ઠીકથા' લખી, |
| સં૦ ૧૭૧૦ | ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિએ ચાંપાનેરમાં ભટ્ટા૦ શ્રી વિજયપ્રભસૂરિને પોતાની પાટે ભટ્ટારક બનાવી તે બંનેએ સુરતમાં સાથે ચાતુર્માસ કર્યું. |
| સં૦ ૧૭૧૫ | ખરતરગચ્છીય વેગડશાખાના ભટ્ટા૦ શ્રી જિનસમુદ્ર-સૂરિ પધાર્યા. |
| સં૦ ૧૭૧૬ | મહો૦ શ્રી વિનયવિજય ગણીએ ચાતુર્માસ કર્યું. |
| સં૦ ૧૭૧૮ | ભટ્ટા૦ શ્રી વિજયપ્રભસૂરિએ ચાતુર્માસ કર્યું, એ સમયે મહો૦ શ્રી વિનયવિજયગણીએ જોધપુરથી તેમની ઉપર 'ઇંદુદૂત' નામે વિજ્ઞપ્તિપત્ર શ્લો૦ ૧૩૧ લખી મોકલ્યો. |
| સં૦ ૧૭૨૨ | મહો૦ શ્રી યશોવિજયગણીએ ચાતુર્માસ કર્યું અને એ સમયે 'પ્રતિક્રમણ હેતુગર્ભિત સજ્ઝાય,' 'અગિયાર અંગની સજ્ઝાય', તથા 'સૂરજમંડન પાર્શ્વનાથ સ્તવન' વગેરે રચ્યાં. |
| સં૦ ૧૭૨૮ | મહો૦ શ્રી વિનયવિજય ગણીએ રાનેરમાં 'નેમિનાથનો બારમાસો' શીર્ષક સ્તવન રચ્યું. |
| સં૦ ૧૭૩૦ | ખરતરગચ્છના પં૦ શ્રી કનકોદય ગણીએ ચાતુર્માસ કર્યું. |
| સં૦ ૧૭૩૨ | પં૦ શ્રી જયસાગર ગણીએ 'અનિરુદ્ધાહરણરાસ' રચ્યો. |
| સં૦ ૧૭૩૮ | મહો૦ શ્રી વિનયવિજય ગણીએ 'ભગવતીસૂત્ર'ની સજ્ઝાય રચી. |
| સં૦ ૧૭૪૭ | ખરતરગચ્છના પં૦ શ્રી રત્નચંદ્ર ગણી અને શ્રી સમુદ્ર-વિજય ગણીએ ચાતુર્માસ કર્યું. ત્યારે બે વર્ષ સુધી સુરતમાં મરકીનો રોગ ચાલ્યો. |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૭૫૧ આ૦ સુ૦ ૧૦ ના રોજ શ્રી જિનવિજય ગણીએ ‘ ગુણાવલી રાસ ’ ( ઢાળ–૨૭ ) રચ્યો અને ‘ વિચાર છત્તીસી ’નો ટબો ભર્યો.

સં૦ ૧૭૬૧–૭૧ ખરતરગચ્છના પં૦ શ્રી રાજસુંદર ગણીએ ચાતુર્માસ કર્યું.

સં૦ ૧૭૬૩ ખરતરગચ્છીય ભટ્ટા૦ શ્રી જિનચંદ્રસૂરિ કાળધર્મ પામ્યા. અને તેમની પાટે અષાડ સુદિ ૧૧ ના રોજ ભટ્ટા૦ શ્રી જિનસૌખ્યસૂરિ આવ્યા.

સં૦ ૧૭૭૧ ખરતરગચ્છના શ્રી દયાવિજયજીએ ચાતુર્માસ કર્યું.

સં૦ ૧૭૭૩ અષાડ સુદિ ૫ ના રોજ પં૦ શ્રી રામવિજય ગણીએ ‘ કલ્યાણક સ્તવન ’ રચ્યું.

સં૦ ૧૭૭૪ મા૦ સુ૦ ૫ના રોજ સૈયદપરામાં ભટ્ટા૦ શ્રી જ્ઞાનવિમલસૂરિએ ‘ અશોકચંદ્રરોહિણીનો રાસ ’ રચ્યો.

સં૦ ૧૭૮૦ પં૦ શ્રી જયાવિજય ગણીએ ચાતુર્માસ કર્યું.

સં૦ ૧૭૮૧ ભટ્ટા૦ શ્રી વિજયદયાસૂરિના શિષ્ય પં૦ શ્રી સત્યસાગર–ગણીએ ‘ વચ્છરાજ રાસ ’ રચ્યો.

સં૦ ૧૭૮૧–૮૨ ખરતરગચ્છના ઉપા૦ શ્રી નિત્યલાભે ‘ સ્તવન ચોવીશી ’ અને ‘ સદેવંત–સાવલિંગા ’નો રાસ રચ્યો.

સં૦ ૧૭૮૨ અષાડ વદિ ૪ ના રોજ ભટ્ટા૦ શ્રી સૌભાગ્યવિમલસૂરિની ચરણપાદુકાની ભટ્ટા૦ શ્રી જ્ઞાનવિમલસૂરિએ કરી.

સં૦ ૧૭૮૪ અધ્યાત્મયોગી શાંતમૂર્તિ પં૦ શ્રી દેવવિજયજી ગણીએ ચાતુર્માસ કર્યું.

સં૦ ૧૭૮૭ પં૦ શ્રી ક્ષમાવિજય ગણી તથા પં૦ શ્રી જિનવિજય ગણીએ ચાતુર્માસ કર્યું. આ સમયે અમારિપાલન વગેરે ઘણાં ધર્મકાર્યો થયાં હતાં.

સં૦ ૧૭૮૭–૮૮ તપાગચ્છીય શ્રી વિજયદેવસૂરિ સંઘની સાગર શાખાના (૬૩) ભટ્ટા૦ શ્રી લક્ષ્મીસાગરસૂરિનું ચાતુર્માસ થયું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે સં૦ ૧૭૮૮ના આ૦ સુ૦ ૧૦ના રોજ ઉપા૦ શ્રી પ્રમોદસાગરને આચાર્યપદવી આપી ભટ્ટા૦ શ્રી કલ્યાણસાગરસૂરિ નામ આપ્યું ને પોતાની પાટે તેમને સ્થાપન કર્યા. પોતે આ૦ વ૦ ૭ના રોજ કાળધર્મ પામ્યા.

તેમની ચરણપાદુકાની ભટ્ટા૦ શ્રી કલ્યાણ સાગરસૂરિએ હીરવિહારમાં સ્થાપના કરી. ભટ્ટા૦ શ્રી કલ્યાણ સાગર સૂરિ વિ૦ સં૦ ૧૮૧૧માં કાળધર્મ પામ્યા હતા.

ભટ્ટા૦ શ્રી લક્ષ્મીસાગરના શિષ્ય ઉપા૦ શ્રી સુમતિવિજય હતા.

ઉપા૦ શ્રી રામવિજય ગણીએ રાજપરામાં 'લક્ષ્મીસાગરસૂરિ– રાસ' રચ્યો.

સં૦ ૧૭૯૭ અષાઢ સુદિ ૨ ના રોજ અંચલગચ્છીય ઉપા૦ શ્રી જ્ઞાનસાગર ગણીએ 'ગુણ–પર્યાયરાસ' રચ્યો.

સં૦ ૧૭૯૯ તપાગચ્છીય ભટ્ટા૦ શ્રી વિજયદયાસૂરિએ ( સં૦ ૧૭૮૪ થી ૧૮૦૯ ) સુરતમાં નવ અથવા ચૌદ ચાતુર્માસ ગાળ્યાં.

સં૦ ૧૭૯૯ શ્રા૦ સુ૦ ૧૦ના રોજ "ધન્ના–શાલિભદ્રરાસ" રચાયો.

સં૦ ૧૮૦૫ થી ૧૮૧૦ સંવેગી પં૦ શ્રી ઉત્તમવિજય ગણી અને પં૦ પદ્મવિજય ગણીએ ચાતુર્માસો ગાળ્યાં.

સં૦ ૧૮૧૩–૧૪ પં૦ શ્રી ઉત્તમ વિજયગણીએ ઉપધાન વહન કરાવ્યાં.

સં૦ ૧૮૨૭ વૈ૦ સુ૦ ૧૨ ના રોજ શા૦ ભાઈદાસે શ્રી શીતલનાથ, શ્રી અજિતનાથનાં જિનાલયો બંધાવી ભટ્ટા૦ શ્રી જિનલાભસૂરિના હાથે ૨૦૦ થી વધુ જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી અને તે વર્ષે ભટ્ટા૦ શ્રી જિનલાભસૂરિ, અધ્યાત્મી મુનિ જ્ઞાનસાગર વગેરે મુનિવરોનું ચાતુર્માસ થયું.

સં૦ ૧૮૩૭ પોષ સુદિ ૧૦ ના રોજ તપાગચ્છીય ભટ્ટા૦ શ્રી વિજયાનંદસૂરિ શાખાના ભટ્ટા૦ શ્રી વિજયોદયસૂરિ કાળધર્મ પામ્યા. સં૦ ૧૮૫૫–૫૬ ખરતર ગચ્છના ભટ્ટા૦ શ્રી જિનચંદ્રસૂરિ, ઉપા૦ શ્રી ક્ષમાકલ્યાણ ગણી વગેરે ઠા૦ ૩૫ ચાતુર્માસ કર્યું.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

સં૦ ૧૮૫૬ જે૦ સુ૦ ૧૫ ના રોજ ભટ્ટા૦ શ્રી જિનચંદ્રસૂરિની પાટે આ૦ શ્રી જિનહર્ષસૂરિ ભટ્ટારક બન્યા. તેમણે જૈન સંઘે બંધાવેલ જિન ચૈત્યની પ્રતિષ્ઠા કરી.

સં૦ ૧૮૫૭ (ઈ. સ. ૧૮૦૦)માં સુરતમાં (૧) અમદાવાદના શેઠ લક્ષ્મીચંદની (૨) ભણશાલીની—એમ બે જૈન પેઢીઓ વિદ્યમાન હતી.

સં૦ ૧૮૫૭ તપાગચ્છીય શ્રી વિજયાનંદસૂરિ શાખાના ભટ્ટા૦ શ્રી વિજયસૌભાગ્યસૂરિના ભટ્ટા૦શ્રી વિજયલક્ષ્મીસૂરિ ૭ વર્ષની ઉંમરે અહીં આવીને અભ્યાસ કર્યો હતો. તેમણે એ જ વર્ષમાં વડોદરામાં સુરતના શ્રીમાલી આ૦ શ્રી વિજયદેવેન્દ્રસૂરિને ભટ્ટારક બનાવી પોતાની પાટે સ્થાપન કર્યા હતા અને પોતે સં૦ ૧૮૫૮ના પોષ વદિ ૧૩ (મેરુ ત્રયોદશી)ના રોજ સુરતમાં ૬૪ વર્ષની ઉંમરે કાળધર્મ પામ્યા.

સં૦ ૧૮૬૦ ગુજરાતમાં મોટો સાઠિયો દુકાળ પડ્યો તેમાં જૈનોએ પ્રજાને ભારે મદદ કરી હતી.

સં૦ ૧૮૭૧ શ્રાવણ માસમાં પં૦ શ્રી વીરવિજય ગણીએ 'અક્ષય-નિધિ-સ્તવન' (ઢાળ—૫) રચ્યું.

સં૦ ૧૮૭૭ સુરતના શ્રીસંઘે પોરબંદરમાં બિરાજમાન ભટ્ટા૦ શ્રી વિજયજિનેન્દ્રરિનેસૂરિને સચિત્ર વિજ્ઞપ્તિ' લખ્યો.

સં૦ ૧૮૭૭ કવિ બહાદુર પં૦ શ્રી દીપવિજય ગણીએ 'સુરતની ગજજલ' અને 'સોહમકુલ પટ્ટાવલી રાસ' રચ્યાં.

સં૦ ૧૮૮૯ કવિબહાદુર પં૦ શ્રી દીપવિજય ગણીએ મુનિ શ્રી ભક્તિસાગરના કહેવાથી શ્રી નંદીશ્વર દ્વીપના મહોત્સવમાં 'શ્રી નંદીશ્વરદ્વીપની પૂજા' રચી.

સં૦ ૧૮૯૨ આ૦ વ૦ ૧૩ ના રોજ કવિબહાદુર પં૦ શ્રી દીપ-વિજય ગણીના શિષ્ય મુનિ શ્રી ક્ષેમે (સોમે) 'પ્રતિમા-પૂજાનો રાસ' રચ્યો.

સં૦ ૧૯૧૯ પૂ૦ શ્રી બુટેરાયજી ૫૦ ના શિષ્ય શ્રી નિત્યવિજયજીએ 'વીશ વિહરમાન જિનપૂજા' રચી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૯૩૬ ત્રિસ્તુતિક આ૦ શ્રી વિજયરાજેન્દ્રસૂરિ પધાર્યા.

શ્રી. રત્નસાગરજીએ નેમુભાઈની વાડીમાં ચાતુર્માસ કર્યું. સમવસરણની રચના થઈ અને નાણાવટની પોળમાં આરસનું સમવસરણ બનાવ્યું. તેમના નામની માધ્યમિક શાળા અહીં ચાલે છે.

સં૦ ૧૯૩૮ ખરતરગચ્છીય કાશીવાળા યતિવર્ય આ૦ શ્રી બાલચંદ્રજી પધાર્યા.

સં૦ ૧૯૪૬ પૂ૦ શ્રી આત્મારામજી મ૦ અહીં પધાર્યા.

સં૦ ૧૯૪૯ વડાચૌટામાં શ્રી સીમંધરસ્વામીના દેરાસરની પ્રતિષ્ઠા થઈ.

સં૦ ૧૯૫૦ શ્રી અષ્ટાપદજીના દેરાસરની પ્રતિષ્ઠા થઈ.

સં૦ ૧૯૫૦ જૈન ભોજનશાળાની સ્થાપના થઈ.

સં૦ ૧૯૫૧ ઉમરવાડીમાં ભગ૦ શ્રી પાર્શ્વનાથના દેરાસરની પ્રતિષ્ઠા થઈ.

સં૦ ૧૯૫૪ શ્રી. હીરાચંદ રાજાના શ્રી સમેતશિખરજીની રચનાની પ્રતિષ્ઠા થઈ.

શ્રી. જગાવીરના દેરાસરની પ્રતિષ્ઠા થઈ.

શ્રી. કુંથુનાથજીના દેરાસરની પ્રતિષ્ઠા થઈ.

સં૦ ૧૦૫૬ શાંતમૂર્તિ મુનિરાજ શ્રી મોહનલાલજી મ૦ના ઉપદેશથી શેઠ જીવણચંદ ધરમચંદ ઝવેરી તથા શેઠ બાબુભાઈ મૂળચંદે શ્રી સૂર્યપુરમંડન પાર્શ્વનાથ મંદિરની ફરીથી પ્રતિષ્ઠા કરાવી તથા કતારગામના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેમાં શેઠ રૂપચંદ લલ્લુભાઈએ મૂળનાયકજીને સ્થાપન કર્યા.

સં૦ ૧૯૫૭ શેઠ નગીનદાસ ઝવેરચંદે એક લાખ રૂપિયા ખરચીને કરેલ પદવી–ઉત્સવમાં મુનિરાજ શ્રી. સિદ્ધિવિજયજીને પંન્યાસપદવી આપવામાં આવી; (જે પછીથી આ૦ શ્રી વિજયસિદ્ધિસૂરિ નામથી પ્રસિદ્ધ થયા.)

સં૦ ૧૯૫૮ મુનિ શ્રી હર્ષમુનિને ગણિપદ આપવામાં આવ્યું.

સં૦ ૧૯૬૧ મુનિરાજ શ્રી. નીતિવિજયજીને પંન્યાસ પદવી આપવામાં

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

આવી ( જે પછીથી પૂ૦ પા૦ વિજયનીતિસૂરિ નામથી ખ્યાતિ પામ્યા. )

સં૦ ૧૯૬૧ લાઈન્સ દેરાસરની પ્રતિષ્ઠા.

સં૦ ૧૯૬૨ શ્રી. આદીશ્વર ભગવાનના દેરાસરની પ્રતિષ્ઠા થઈ.

શેઠ નગીનદાસ કપૂરચંદે શ્રી. મોહનલાલજી જ્ઞાન-ભંડાર બનાવ્યો. અને શ્રી. મોહનલાલજી જૈનપાઠ-શાળાની સ્થાપના કરી.

સં૦ ૧૯૬૩ના ચાતુર્માસમાં આગમપ્રજ્ઞ આ૦ શ્રી આનંદસાગર-સૂરિના ઉપદેશથી શહેરની પરિપાટિ તીર્થયાત્રા

સં૦ ૧૯૭૩ શ્રી. મોહનલાલજી મહારાજ કાળધર્મ પામ્યા.

સં૦ ૧૯૭૪ વૈ૦ સુ૦ ૧૦ ના રોજ તપાગચ્છાધિરાજ પૂ૦ મૂલ-ચંદજી ( મુક્તિવિજયજી ) મ૦ના પટ્ટધર આ૦ શ્રી વિજયકમલસૂરિ મ૦ના હાથે શ્રીસંઘે મેરુ પર્વ વગેરે તીર્થની રચનાનું ઉજમણું તથા પદવી—ઉત્સવમાં આગમપ્રજ્ઞ પં૦ આનંદસાગરજીને આચાર્યપદ. વળી, દશ વર્ષથી ચાલતા ઝગડાની પતાવટ.

સં૦ ૧૯૮૧ આ૦ શ્રી વિજયકમલસૂરિ, આ૦ શ્રી વિજયદાનસૂરિ, તથા આ૦ વિજયલબ્ધિસૂરિ વગેરેનું ચાતુર્માસ તથા ‘ વિજયકમલસૂરિ પ્રાચીન પુસ્તકોદ્ધાર ફંડ ’ અને ‘ જૈન સહાયક ફંડ’ની સ્થાપના.

સં૦ ૧૯૮૬ આ૦ શ્રી સાગરાનંદસૂરિ પધાર્યા. ‘ નવપદ આરાધક સમાજ ’, ‘ દેશવિરતિ આરાધક સમાજ ’ અને ‘ યંગ મેન્સ જૈન સોસાયટીનું સંમેલન.

નગીનદાસ મંછુભાઈ ઝવેરી સાહિત્યોદ્ધાર ફંડની સ્થાપના.

સં૦ ૨૦૦૨ વૈ૦ સુ૦ ૧૧ ના રોજ શ્રી ‘ વર્ધમાન જૈન તામ્રાગમ સંસ્થા’ની સ્થાપના.

સં૦ ૨૦૦૪ મહા સુ૦ ૩ ને શુક્રવારે ‘ તામ્રાગમ મંદિર મંદિર ’

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

(ક૦ ૯, મિ૦ ૨૯)ની પ્રતિષ્ઠા. શ્રી મહાવીરસ્વામી વગેરે જિનબિંબોની પ્રતિષ્ઠા.

સં૦ ૨૦૦૬ વૈ૦ સુ૦ ૫ ને શનિવારે આગમપ્રજ્ઞ આ૦ શ્રી સાગરાનંદસૂરિજી બપોરે કલાક ૪, મિનિટ ૩૨ ના સમયે ૭૫ વર્ષની ઉંમરે અર્ધપદ્માસનસ્થ કાઉસગ્ગની સ્થિતિમાં સમાધિપૂર્વક લીંબડીવાળા ઉપાશ્રયમા કાળધર્મ પામ્યા.

સુરતમાં અત્યારે ૫૫૦૦ની જૈન વસ્તી છે. લગભગ ૭૪-૭૫ નાનાં-મોટાં દેરાસરો છે. ૨૧ જૈન ઉપાશ્રયો અને ૩ જૈન ધર્મશાળાઓ છે. જૈનોનું કેંદ્ર ગણાય છે.

## સુરતના મહાજનો—

૧. શેઠાણી સુભદ્રા—સુરતના એક શેઠને પ્રમોદ નામે પુત્ર હતો. પ્રમોદને સુભદ્રા નામે પત્ની હતી. પ્રમોદરાયનો વેપાર ધમધોકાર ચાલતો હતો. એની પેઢી ઉપર પચીસેક ગુમાસ્તા કામ કરતા હતા. મોટા મુનીમનું નામ મણિલાલ. મુનીમ અનુભવી અને પ્રૌઢ હતો.

પિતાએ પ્રમોદરાયને શિખામણ આપેલી કે,

"નીતિ છોડીશ નહીં",

"સાધુસંતોનો સંગ તજીશ નહીં",

"પરસ્ત્રીગમન કરીશ નહીં" અને

"જીભની મીઠાશ મૂકીશ નહીં."

"આપણી પાસે કુલ વીશ લાખની માલમતા છે એટલે વેપારમાં વીશ લાખથી વધુ જોખમ ખેડીશ નહીં."

આ શિખામણો પિતાએ ચોપડાના પહેલા પાના ઉપર નોંધાવી.

પ્રમોદરાય આ બધી શિખામણોને પાળતો હતો અને એ મુજબ વેપાર ચલાવતો હતો. પ્રમોદરાય એક પ્રસંગે કારણવશ બહારગામ ગયા. પાછળથી એક સાંજે એક વહાણના માલિકે ત્રીશ લાખના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માલવાળા વહાણનો વીમો ઉતારવા વિનંતિ કરી અને મુનીમે વહાણના ટંડેલનું નામ લખી તેના માલની આંકણી કરી વીમો ઉતાર્યો. પૈસા લઈ, જમાડી તેને રવાના કર્યો.

પ્રમોદરાય ત્રીજે દિવસે આવ્યા. આવીને જોયું તો મુનીમે વીશ લાખથી વધુ જોખમ ખેડયું છે એવી ભૂલ જણાતાં તે મૂર્છિત થઈ ગયા. મણિલાલ મુનીમ પણ ખરી વાત સમજ્યો ત્યારે મૂંઝાઈ ગયો. જો પૈસા ભરવા પડે તો ત્રીશ લાખ લાવીશું ક્યાંથી? પણ મુનીમે મનને મનાવી લીધું કે મોસમ સારી છે. પવન અનુકૂળ છે માટે વાંધો નહીં આવે. સમયે સૌ સારાં વાનાં થશે. અને એ રીતે શેઠને પણ સમજાવ્યા.

આ પરિસ્થિતિની સુભદ્રાને ખબર પડી. તેણે પણ શેઠને શાંત પાડવા બધા પ્રયત્નો કર્યા. રાતે બંને સૂઈ ગયાં.

મધ્ય રાત્રિએ પુષ્કળ પવન ફૂંકાવા લાગ્યો. ચારે તરફ આંધી ફેલાઈ ગઈ હતી. ઘણાં ઝાડો તૂટી પડયાં હતાં, થાંભલા પણ વળી ગયા, કેટલાંક મકાનો પડી ગયાં. શેઠ રાત્રે જાગ્યા ને પરિસ્થિતિ પામી ગયા. મનમાં બબડવા લાગ્યા કે ખેલ ખલાસ!

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

સવાર થતાં વાતાવરણ શાંત થયું. બપોરે શેઠ ઉપર તાર આવ્યો કે "વહાણનો પત્તો નથી. ત્રીશ લાખ રૂપિયા તૈયાર રાખો. સવારે આવીએ છીએ." શેઠ આ સાંભળી ગાંડા જેવા થઈ ગયા. તે ઘેર આવ્યા અને અફીણ ઘોળી પીવાનો નિર્ણય કર્યો. શેઠના હુકમ મુજબ સુભદ્રાએ સાંજ થતાં અફીણની બે પ્યાલી તૈયાર રાખી. એક પોતાને માટે અને બીજી શેઠને માટે.

સુભદ્રાએ શેઠ પાસે આવીને કહ્યું: "મરવું છે જ પણ મને એક વચન આપો." શેઠે તે કેવલીની સાક્ષીએ પાળવાનો કોલ આપ્યો. 'આ અફીણ આ માટે નહીં પણ એવો સમય આવે ત્યારે આપણે બંને પીશું.' શેઠે તેનું વચન કબૂલ રાખ્યું.

પછી સુભદ્રાએ સ્નાન કરી નવાં વસ્ત્રો ધારણ કર્યાં. શણગાર પણ સજ્યો. અને ઘીનો દીવો લઈ પુસ્તકમાંથી સ્તવન ગાવા લાગી. શેઠ એ સાંભળતાં સાંભળતાં ઊંઘી ગયા. શેઠાણીએ પ્રભુભક્તિ ચાલુ રાખી.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

પોતે કરેલાં ધર્મકાર્યોને યાદ કર્યાં. ચોથો પહોર થયો. તે જાગતી જ હતી એવામાં નીચેથી સાંકળનો ખખડાટ થયો. શેઠાણીએ નીચે આવી બારણાં ખોલ્યાં.

એક બુકાનીધારી માનવી હાથમાં મોટી કોથળી લઈને આવી ઊભો હતો. તેણે શેઠાણીને જોઈ બુકાની કાઢી નાખી વિનંતી કરતાં કહ્યું :

"ભવાનીપુરના બાપુ ગઈ કાલે દેવલોક પામી ગયા છે. સરકારનો સૂબો ત્યાં આવી જપ્તી બેસાડશે અને કંઈ લેવા નહીં દે. હું ત્યાંનો ફટાયો છું. પિતાજીએ હું લાડકો હોવાથી મારા ભાગની રોકડ અને જરજવેરાત મને આપી દીધેલાં છે તે લઈ હું રાતોરાત ભાગ્યો છું. મોટો ભાઈ તો બાપુની ગાદીએ આવશે પણ મારું કોણ? તો આ મારી મૂડી છે. વ્યાજ વિના રાખવાની છે. તો તમે રાખી લો. ના ન પાડતાં. તમારી મોટપની મને જાણ છે. મારે વ્યાજ નથી જોઈતું. મારે પારેવાં જેવાં બાલુડાં છે તેના પર દયા લાવી આ મૂડી રાખી લો."

આમ કહી તે મોટી કોથળી મૂકીને ઘોડે બેસી ચાલ્યો ગયો.

સુભદ્રાએ એ મિલકતની નોંધ કરી લીધી. ઝેરની પ્યાલીઓ ઢોળી દીધી. સવાર થતાં શેઠે જાગી શેઠાણીને બોલાવી કહ્યું કે, 'હવે પ્યાલી પી લઈએ.' શેઠાણીએ ચોથા પ્રહરની બધી ઘટના કહી સંભળાવી. શેઠ ખૂબ ખુશ થયા. નાહી-ધોઈ, જમી-પરવારીને દુકાને ગયા. મુનીમ મણિલાલ પણ એ જ અવસરે હસતે મોંએ આવી કહેવા લાગ્યો : "શેઠ! વધામણી. વહાણ સહીસલામત છે. બીજા બંદરે એ ખેંચાઈ ગયાં હતાં. તે હવે તેઓને મળી ગયાં છે."

શેઠે આનંદના સમાચારથી આંખ મીંચીને પોતાની સતી-શિરોમણિ સુભદ્રાને યાદ કરી ને સુભદ્રાને મનથી ધન્યવાદ આપવા લાગ્યા.

૨. શેઠ મોતીશાહ ( જુઓ પ્ર૦ ૪, ૫૩૭, ૭૭૫ )

૩. શેઠ પ્રેમચંદ રાયચંદ — રાજબાઈ ટાવર વગેરે.
કીકાભાઈ માણેકલાલ.



JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪ શેઠ ધરમચંદ ઉદયચંદ
૫ મુનિ જિતેન્દ્ર વિજયજી
૬ શેઠ જીવણલાલ ધરમચંદ – મુનિ જિનપ્રભવિજય.
૭ સાધ્વી જયપ્રભાશ્રીજી
૮ શેઠ દેવચંદ બાલાભાઈ
૯ શેઠ જીવણલાલ સાકરલાલ
૧૦ શેઠ નગીનદાસ મંછુભાઈ
૧૧ શ્રી. સુરચંદ પી. બદામી.
૧૨ પ્રો૦ હીરાલાલ રસિકદાસ કાપડીઆ.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ અઠ્ઠાવનમું

*

## રાજનગરનો નગરશેઠ વંશ

## શિસોદિયા ઓશવાલ જૈન, શાખા કાકોલ—

### શિસોદિયા રાજવંશ—

વહીવંચા અને કુલગુરુઓ સ્પષ્ટ કહે છે કે—

"શિસોદિયા સાંડેસરા, ચૌદસિયા ચૌહાણ,
ચૈત્યવાસિયા ચાવડા, કુલગુરુ એહ પ્રમાણ."

સાંડેરકગચ્છના ભટ્ટારક શ્રી યશોભદ્રસૂરિ, ભટ્ટા૦ શ્રી શાલિસૂરિ અને ભટ્ટા૦ શ્રી બલભદ્રસૂરિ વગેરે આચાર્યો મેવાડ શિસોદિયા રાવ-રાણાઓના રાજગુરુ હતા.

(—પ્રક૦ ૩૪, પૃ૦ ૫૮૧ થી ૫૭૮)

વલભીનગરના રાજા શિલાદિત્ય ભટ્ટાર્ક અથવા બાપ્પા રાવલની વંશ પરંપરામાં મેવાડના ચિત્તોડ, નાગદા અને ઉદેપુરની ગાદીએ ઘણા રાવ-રાણાઓ થયા છે. તે પૈકી (૩૫) રાવ રાણો રણસિંહ, (૩૬) રાણા ક્ષેમસિંહ અને (૩૭) રાણો સામંતસિંહ થયા.

(—પ્રક૦ ૨૩ પૃ૦ ૩૮૬ થી ૩૮૯)

રાણો રણસિંહનાં બીજાં નામો સમરસિંહ અને સંગ્રામસિંહ પણ મળે છે.

### શિસોદિયા જૈન—

શિસોદિયા ઓશવાલ જૈનોની બાબતોમાં જે પ્રમાણભૂત આધારો મળે છે તે આ પ્રકારે જાણવા મળે છે.—

૧ કવિ બહાદુર શ્રી દીપવિજયજી ગણી લખે છે કે—

સવળ રાજા સમરસિંહ દિલ્હીની રાજકુમારીને પરણ્યો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેને ચાર સંતાન થયાં. તે પૈકી મોટા બે પુત્રો નેપાળ ગયા અને ત્યાંના રાજા બન્યા, જેના વંશજો ગુરખા ( ગોરક્ષક-ગોરખા ) તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

ચોથો પુત્ર રાવ કરણસિંહ (ક્ષેમસિંહ) ચિત્તોડની ગાદીએ બેઠો. તેને (૧) માહપ, (૩) રાહપ, અને (૩) ધીરજી એમ ત્રણ પુત્રો થયા.

રાજકુમાર ધીરજીના શરીરમાં કોઢ રોગ નીકળ્યો અને સાંડેરક ગચ્છના ભટ્ટારકના પ્રયત્નથી તેનો કોઢ રોગ મટી ગયો. રાણાએ 'ધીરજને કોઢ રોગ મટશે તો તે રાજકુમાર તમને આપીશ.' એમ વચન આપેલું. આથી રાણાએ તે કુમાર ભટ્ટારકજીને સોંપ્યો. ભટ્ટારકજીએ તેને જૈન બનાવી તેનું શિસોદિયાગોત્ર સ્થાપ્યું અને તેને ઓશવાળ જૈન જ્ઞાતિમાં દાખલ કર્યો. રાણાએ તેને ગામ-ગરાસ આપ્યાં.

રાણા કરણસિંહના મરણ પછી મોટો કુમાર માહપ (સામંતસિંહ) મેવાડની ગાદીએ બેઠો.

રાજકુમાર ધીરજના શિસોદિયા ઓશવાલ જૈન વંશમાં શેઠ શાંતિદાસ થયા, જેને બાદશાહ જહાંગીર ' મામા ' કહી બોલાવતો હતો.

શેઠ શાંતિદાસ અમદાવાદના નગરશેઠ બન્યા, જે શિસોદિયા ગોત્રના વીશા ઓશવાલ જૈન હતા. તેના વંશમાં આજે દીપાશાહ, ખુશાલશાહ, વગેરે વિદ્યમાન છે.

( —' સોહમકુલરત્ન પટ્ટાવલી ' ઉલ્લાસ ૨, ઢાળ : ૧૫, કડી: ૧ થી ૧૯, ' પટ્ટાવલી સમુચ્ચય ભા–૨, પૃ૦ ૨૯–૩૦ )

## ૨. શિલાલેખ ( વિ૦ સં૦ ૧૯૦૫ )

શ્રી શત્રુંજયતીર્થમાં અમદાવાદના નગરશેઠ હેમાભાઈ વખતચંદે સં૦ ૧૮૮૬ના મહા સુદિ ૫ ના રોજ બંધાવેલી હેમાભાઈની ટૂંક છે. તેમાં નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈએ ભગવાન શ્રી અજિતનાથનો જિનપ્રાસાદ બંધાવ્યો છે, તેની દક્ષિણ દીવાલમાં શિલાલેખ છે કે—

" અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઈના વંશ અને દાનની વિગત "

તેનો વંશ શિસોદિયા, ગોત્ર–કુંકમસોલ

જ્ઞાતિ–ઓશવાલ, શાખા–આદિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે કુળદેવી આશાપુરી અને ક્ષેત્રપાલ બરડાને પૂજતા હતા. તેની વંશાવલી આ પ્રમાણે છે.—

(૧) કુલોત્પત્તિ–રાજ સામંતસિંહ રાણા.

(૩) પુત્ર કૌરપાલ – આ૦ ધર્મઘોષસૂરિએ તેને જૈન બનાવ્યો.

(૪) પુત્ર હરપતિ, (૪) શા૦ વાછા

(૫) શા૦ સહસ્રકિરણ (૬) શેઠ શાંતિદાસ.

(૭) શેઠ લક્ષ્મીચંદ, (૮) શેઠ ખુશાલચંદ, ભાર્યા–ઝમકુ

(૯) શેઠ વખતચંદ, (૧૦) શેઠ હેમાભાઈ, (૧૧)શેઠ પ્રેમાભાઈ.

તપાગચ્છની સાગરશાખાના ભટ્ટારકો (૧) શ્રી રાજસાગર-સૂરિ (૨) શ્રી વૃદ્ધિસાગરજી (૩) શ્રી લક્ષ્મીસાગરજી (૪) શ્રી કલ્યાણસાગરજી (૫) શ્રી પુણ્યસાગરજી, (૬) શ્રી ઉદયસાગરજી, (૮) શ્રી આનંદસાગરજી (૮) શ્રી શાંતિસાગરજી સં૦ ૧૯૦૫

(– શ્રી જિનવિજયજી સંપાદિત–" પ્રાચીન જૈન લેખસંગ્રહ " ભા–૨, લેખ અને પર્યાલોચન લેખાંક : ૧ )

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## ૩. વીર દયાલશાહ ( સં૦ ૧૭૩૨ના વૈ૦ વ૦ ૭ ને ગુરુવાર )

ઇતિહાસથી જાણવા મળે છે કે, સંઘવી તેજરાજ વીશા ઓશવાલ શિસોદિયા વંશનો સરૂવર્યાગોત્રનો જૈન હતો.

તે મારવાડમાં ( ગોલવાડમાં ) રહેતો હતો, તેના વંશમાં વીર-દયાલશાહ ઓશવાલ શિસોદિયાવંશનો જૈન થયો, જે ઉદયપુરના રાણા રાજસિંહનો દીવાન હતો.

નોંધ – અમે પહેલાં ( પ્રક૦ ૪૪, પૃ૦ ૩૯ થી ૪૧ અને પ્રક૦ ૫૩ પૃ૦ ૬૧૧–૬૧૪માં ) તેનો પરિચય આપ્યો છે.

વિશેષ– ક્ષેમસિંહ મો૦ રાઠોડ પોતાના સં૦ ૨૦૦૪ના ઓશવાલ કોમના ઇતિહાસ પુસ્તકમાં ( પ્રકરણ ત્રીજું ઓશવાલ વિશેનો વિભાગ પૃ૦ ૧૯૩ થી ૨૦૭માં) વધુ પરિચય આપે છે તે આ પ્રમાણે છે. —

" વીર દયાલશાહ ઓસવાલ બચપણથી દેશાભિમાની, કુલા-ભિમાની, ધર્માભિમાની, સાહસી, બહાદુર, નરવીર હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે વીશ વર્ષની ઉંમરે પોતાનું ક્ષાત્રવટ બતાવવા પિતાથી રિસાઈ ને મારવાડ છોડી મેવાડના ઉદયપુરમાં આવી એક મુસાફર-ખાનામાં રહ્યો ને રાજ્યની ઘોડાહારમાં નોકર બન્યો. પોતાની હોંશિયારીથી ઉદયપુરના રાજપુરોહિતના આગ્રહથી તેના ગુપ્ત મંત્રણા વિભાગના દફતરમાં મહેતો બની રહ્યો, પણ આ પુરોહિત દેશદ્રોહી હતો કેમકે તે ઔરંગઝેબ સાથે ભળી ગયો હતો.

વીર દયાલશાહે તે બંનેનાં કાવતરાંનાં ગુપ્ત પત્રોનો ખટલો રાણા રાજસિંહના હાથમાં લાવી મૂક્યો અને વિનંતી કરી કે, 'બાપુ! પુરોહિતથી ચેતતા રહેજો.' રાણાએ પુરોહિતના કાવતરાથી ચેતી જઈ મેવાડને બચાવી લીધો અને વીર દયાલશાહને ધીમે ધીમે ઊંચા અધિકાર આપી છેવટે રાજ્યના મહામાત્યપદે પ્રતિષ્ઠિત કર્યો.

ઉદયપુરના શેઠ સોહનલાલે તેની સાથે પોતાની બહાદુર, ચતુર, દેશપ્રેમી અને ધર્મપ્રેમી પાટમદે નામની પુત્રી પરણાવી.

વીર દયાલશાહે ઘણાં યુદ્ધ ખેડયાં. શત્રુઓને હંફાવી પોતાની વીરતાનો પરિચય કરાવ્યો. મહં૦ પાટમદેવી પણ પુરુષના વેશમાં સૈનિકનો ગણવેશ પહેરી, ગુપ્ત નામ રાખી મેવાડી સેનામાં દાખલ થઈ ને લડાઈના મેદાનમાં ઊતરતી હતી. લડાઈમાં તેના પતિ દયાલ-શાહ ઓચિંતા શત્રુઓના ઘાનો ભોગ ન બને તેનું ધ્યાન રાખી તેમનું પૂરું રક્ષણ કરતી.

મંત્રી દયાલશાહને આ નવા સૈનિક વિશે જાણવા ઇચ્છા થઈ ત્યારે તપાસ કરતાં વીરાંગના પાટમદે હોવાનું માલૂમ પડ્યું.

દયાલશાહે શત્રુઓના બધા દાવપેચો તોડીફોડી દગાબાજીને ફાવવા ન દીધી. યુદ્ધમાં આજમખાંને પણ હરાવી દીધો હતો.

આ રીતે દયાલશાહ મંત્રીએ મેવાડનું પૂરી તકેદારીથી રક્ષણ કર્યું હતું.

આ ઉપરાંત નીચેના ગ્રંથોમાં શિસોદિયા રાજવંશના ઉલ્લેખો મળે છે.

૪. કવિવર શ્રી ક્ષેમવર્ધન ગણીકૃત 'પુણ્યપ્રકાશરાસ.'

૫. પં૦ શ્રી કૃપાસાગર ગણીકૃત 'ભટ્ટારક રાજસાગરસૂરિરાસ'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬. પં૦ કૃપાસાગર ગણી શિષ્ય પં૦ તિલકસાગર ગણીકૃત 'નેમિસાગર નિર્વાણરાસ.'

૭, ૮, ૯. વિવિધ શિલાલેખો, જિનપ્રતિમાલેખો, ગ્રંથપ્રશસ્તિઓ – પુષ્પિકાઓ.

## વંશ, ગોત્ર, શાખા–

શિસોદિયાવંશના ઓશવાલ જૈનોનાં વિવિધ ગોત્રો બન્યાં.

અમદાવાદના નગરશેઠના વંશજોનું કુંકુમરોલા ગોત્ર હતું. કોઈ કોઈ સ્થાને તેની કાકોલા શાખા બતાવી છે. આ ગોત્ર અને શાખામાં નહીંવત્ ભેદ છે. સંભવ છે કે, આ વંશનો વૈષ્ણવતીર્થ-ધામ કાંકરોલી, અથવા કામીકાંકર ગામ સાથે સંબંધ હોય.

(– પ્રક૦ ૪૪, પ્રક૦ ૫૦, પૃ૦ ૪૯)

વીર દયાલદાસનું ગોત્ર સવર્યા હતું,

નોંધ – નવા નવા પ્રતિમાલેખો, ગ્રંથપ્રશસ્તિઓ વગેરે મળશે તો તેમના પૂર્વજો, ગોત્ર, શાખા વગેરે વિશે વિશેષ જાણવા મળશે. અમને વિશ્વાસ છે કે, સં૦ ૧૬૫૪ની જિનપ્રતિમાના લેખમાં શા૦ સહસ્રકિરણના પૂર્વજો. તથા પુત્ર–પૌત્રોનાં નામ આપ્યાં હશે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ભૂલાનગર–

એમ માનવામાં આવે છે કે, અમદાવાદના નગરશેઠના પૂર્વજો વાસ્તવમાં ભૂલાનગરના વતની હતા, જે મેવાડમાંથી નીકળી મેવાડના નૈઋત્યમાં આવેલા ભૂલાનગરમાં આવીને વસ્યા હોય.

## ભૂલાનગરનું સ્વરૂપ–

આ નગર સિરોહી રાજ્યમાં પેરિસસમા ગણાતા રોહિડા નગરની પાસે હતું. રોહિડાથી મોટા પોસીના સુધીનો પાકો રસ્તો મોટર રોડ છે. રસ્તામાં સનવાડા, નાનું ભૂલા, મોટું ભૂલા વગેરે ગામો છે.

(– પ્રક૦ ૫૦, પૃ૦ ૪૬૦)

એવો સંભવ જણાય છે કે, મેવાડના પ્રતાપી રાણા પ્રતાપે દિલ્હીના બા૦ અકબર સાથેની અથડામણ વખતે આ ભૂલાનગરમાં વસવાટ કરી શાંતિ મેળવી હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભૂલાનગર પાસેના પ્રદેશમાં એવો વહેમ પ્રચલિત છે કે–'પાંચમના કામમાં પંચા પડે.' અમદાવાદના નગરશેઠના કુટુંબમાં પણ "સારાં કામ માટે પાંચમનો દિવસ અશુભ મનાય છે."

આ વિશે એવી દંતકથા સંભળાય છે કે–

"એક કુમારી કન્યા પોતાના ગામથી પાંચમના દિવસે કોઈ શુભ કામ માટે નીકળી હતી પણ રસ્તામાં તે ઘણી હેરાન થઈ ગઈ. છેવટે મરણ પામી. ત્યારથી પાંચમ અશુભ મનાય છે."

આ કહેવત ભૂલાનગર અને નગરશેઠના કુટુંબ વચ્ચે પ્રાચીન સંબંધ હોવાનું પૂરવાર કરે છે.

ઉદયપુરના શિસોદિયા રાજવંશ અને અમદાવાદના નગરશેઠવંશ વચ્ચે છેલ્લાં વર્ષો સુધી ભાઈચારા જેવો સંબંધ હતો. એકબીજાના શુભ પ્રસંગે એકબીજાને આમંત્રણ આપી બોલાવતા હતા. તેમ જ વિવાહ વગેરેમાં ચાંદલો આપવો, જન્મ પ્રસંગે સેટણું આપવું વગેરે મર્યાદા જાળવતા હતા.

કોઈ મોગલસેનાએ આ ભૂલાનગરને ભાંગી-તોડી ખેદાન-મેદાન કર્યું, જે ગામ આજે દટ્ટણપટ્ટણ છે.

સિરોહી રાજ્યે ભૂલાનગરની પુરાણી જમીનને ખોદાવી ત્યારે તેમાંથી જિનપ્રતિમાઓ વગેરે નીકળ્યાં હતાં. જે રોહિડા જૈન સંઘને આપવામાં આવ્યાં હતાં, આ બધી પ્રતિમાઓ રોહિડાના જૈન દેરાસરમાં બિરાજમાન છે.

આટલી પ્રાસંગિક હકીકતો નોંધી હવે આપણે નગરશેઠના કુટુંબની વંશાવલી જોઈએ.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

## અમદાવાદના નગરશેઠનો વંશ અને વંશાવલી

૧. પદ્માશાહ – સંભવ છે કે એમનું બીજું નામ હરપતિ હોય અને ઉદયપુરના રાણા સામંતસિંહના......હોય.

૨. વત્સાશાહ – તેમનું બીજું નામ શા૦ વાછો પણ જાણવા મળે છે. તેમને ગુરુદે નામની પત્ની હતી. તેમનું કુટુંબ તપાગચ્છીય ભટ્ટા૦ આ૦ શ્રી વિજયહીરસૂરિ અને આ૦ શ્રી વિજયસેનસૂરિનું ભક્ત અને ઉપાસક હતું.

આશુકવિ પં૦ શ્રી હેમવિજય ગણી જણાવે છે કે,

ભટ્ટા૦ શ્રી વિજયસેનસૂરિએ સં ૧૬૫૪ના મહા સુદિ ૫ ના રોજ અમદાવાદના અકમીપુરમાં ધનકુબેર શેઠ ભોટાશાહના જિનાલયની પ્રતિષ્ઠા કરી અને તે જ ઉત્સવમાં, તે જ દિવસે મહો૦ શ્રી ધર્મસાગર ગણીના શિષ્ય શ્રી લબ્ધિસાગરને ઉપાધ્યાયપદવી આપી.

વળી, તે જ દિવસે અમદાવાદના શેઠ વત્સા (વાછા) ઝવેરીના ઘર દેરાસરની પ્રતિષ્ઠા કરી. સં૦ ૧૬૫૪ના એ જ વર્ષનું ચાતુર્માસ અમદાવાદના અકમીપુરમાં કર્યું.

સં૦ ૧૬૫૫માં અમદાવાદના ઢીંકવાપાડાની જમીન ખોદતાં ત્યાંથી શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની ભવ્ય પ્રતિમા નીકળી આવી. તે પ્રતિમાનું આચાર્યશ્રીએ વિજયચિંતામણિ પાર્શ્વનાથ નામ રાખી તેને અમદાવાદના સીકંદરપુરના એક જિનાલયમાં પધરાવી અને સં૦ ૧૬૫૫નું ચાતુર્માસ સીકંદરપુરમાં કર્યું. સં૦ ૧૬૫૬ના મહા સુદિ ૫ ના રોજ સીકંદરપુર (બીબીપુર)માં શ્રીસંઘે બંધાવેલા જિનાલયમાં એ વિજયચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી. સાથોસાથ અમદાવાદના વીશા શ્રીમાલી શેઠ બહુઆના શ્રી શાંતિનાથના ઘર દેરાસરની પ્રતિમાની અને કાવીના શેઠ ગાંધી કુંઅરજી નાગર જૈનના ભ૦ ધર્મનાથની પ્રતિમાની અંજનશલાકા કરી.

(– વિજયપ્રશસ્તિ કાવ્ય સર્ગ, શ્લો૦ જૈન પરં૦ ઇતિહાસ, પ્રક૦૫૯ પ્રતિષ્ઠા વિભાગ.)

બાદશાહ અહમ્મદશાહે સં૦ ૧૪૬૮માં અમદાવાદ નગર વસાવ્યું. શહેરને આબાદ કરવા માટે બહારથી મોટા મોટા વેપારી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈનોને આમંત્રણ આપી વસાવ્યા. જૈનો અમદાવાદ નગરને જિનાલયો, ગ્રંથભંડારો, હવેલીઓ અને વેપાર વગેરે વિકાસ કરતા રહ્યા.

શા૦ વત્સાએ પણ ભવ્ય ઘર દેરાસર બનાવ્યું. તેમની ભાવના હતી કે હવે ઘરમાં મોટો ગ્રંથભંડાર પણ બનાવવો. એમના પુત્ર સહસ્રકિરણે તેમની એ ભાવના પૂરી કરી.

સંભવ છે કે એ સમયે શા૦ વર્ધમાન અને શા૦ શાંતિદાસ બાળકરૂપે હોય.

૩. શા૦ સહસ્રકિરણ—તેમનાં બીજાં નામો સહસકિરણ, સહસ-કરણ, શેષકરણ પણ મળે છે. તેમને (૧) કુંઅરબાઈ અને (૨) સૌભાગ્યદે એમ બે ભાર્યાઓ હતી. તેમને કુંઅરબાઈથી શા૦ વર્ધમાન અને સૌભાગ્યદેથી શા૦ શાંતિદાસ એમ બે પુત્રો થયા.

શેઠ સહસ્રકિરણ જેવા ધર્મપ્રેમી હતા તેવા વિદ્યાપ્રેમી પણ હતા. શા૦ વત્સાએ અમદાવાદમાં પોતાનું સ્વતંત્ર ઘર–દેરાસર બંધાવ્યું હતું, જ્યારે પુત્ર સહસ્રકિરણે સં૦ ૧૬૫૪–૫૫માં જૂના ગ્રંથો વેચાણ ખરીદીને તેમ જ નવા નવા ગ્રંથો લખાવી ઘરમાં પોતાનો જ નવો ગ્રંથભંડાર બનાવ્યો.

આ જૂના ગ્રંથોની પ્રશસ્તિઓ અને પુષ્પિકાઓ હતી તેમની તેમ રહેવા દઈને તેની નીચે પોતાની નવી પુષ્પિકાઓ લખાવી. સાધારણ રીતે પોતાના દરેક ગ્રંથમાં નીચે પ્રમાણે એકસરખી નોંધ મળે છે.

**"साह श्रीवच्छ, भार्या बाई गुरदे, सुत सहस्रकिरणेन भंडारे गृहीत्वा सुत वर्धमान–शांतिदासपालनार्थम् ।"**

તેમણે આ રીતે ગ્રંથોમાં પોતાના પિતા, માતા, પોતે અને બંને પુત્રોનાં નામો લખાવ્યાં છે.

આથી સ્પષ્ટ થાય છે કે, તેમણે પોતાના બંને પુત્રોના જન્મ પછી ગ્રંથભંડાર સ્થાપન કર્યો હતો. એ પણ નક્કી છે કે, નગરશેઠ શાંતિદાસનો સત્તાસમય સં૦ ૧૬૪૫ થી ૧૭૧૫ છે. એ ગામમાં ઘણા ગ્રંથો ખરીદાયા અને લખાયા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે આ ગ્રંથો અધ્યયન કરતા મુનિવરોને આપતા અને અભ્યાસ કરી લીધા પછી પાછા ગ્રંથભંડારમાં મૂકી દેતા.

(-શ્રી. પ્રશસ્તિસંગ્રહ, ભા-૨ ની પ્ર૦ નં૦ ૧૩૫—નેમિનાથચરિત્ર પુષ્પિકા.)

નોંધ – જુદા જુદા ગ્રંથભંડારોનાં છપાયેલાં સૂચીપત્રો અને નોંધની ચોપડીઓ (લિસ્ટો) જોવાથી જાણવા મળે છે કે,

આ નગરશેઠના વંશજોએ જુદા જુદા પ્રસંગે આ ભંડારના ઘણા ગ્રંથો (૧) આગરાના બાદશાહ અકબરનો ગ્રંથભંડાર, (૨) લીંબડી– શ્રી સંઘનો જ્ઞાનભંડાર, (૩) પૂના – ભાંડારકર ઇન્સ્ટીટ્યૂટનો ગ્રંથસંગ્રહ, (૪) અમદાવાદ – શ્રી મુક્તિવિજયનો ગ્રંથભંડાર અને (૫) અમદાવાદ – આ૦ શ્રી વિજયનેમિસૂરિ ગ્રંથ-ભંડાર વગેરેને આપ્યા છે.

છેવટે નગરશેઠે પોતાના ઘરમાં બાકી રહેલો ગ્રંથસંગ્રહ અને શ્રી મુક્તિવિજયજી ગણીનો ગ્રંથભંડાર અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરને તેમના નામે રાખવાની શરતે આપ્યો છે.

કારણકે, લીંબડીના ગ્રંથભંડારની 'અંગચૂલિયા પઈન્નય'ની પ્રતિમાં આ ગ્રંથભંડારની ઉપર પ્રમાણેની નોંધ છે. તેમજ પૂનાના ભાંડારકર ઇન્સ્ટીટ્યૂટના જૈન પ્રશસ્તિ સંગ્રહ ભા. ૨ ની નં૦ ૪૫૭, ૪૬૮, ૪૭૬, ૪૮૮, અને ૫૬૮ વગેરે પ્રતિઓમાં આ ગ્રંથ-ભંડારની ઉપર દર્શાવેલી નોંધ છે.

વિ૦ સં૦ ૧૯૯૦ના ફાગણ-ચૈત્ર માસમાં અમદાવાદના નગર-શેઠના વંડામાં નગરશેઠ કસ્તૂરભાઈ મણિભાઈએ વિનંતિ કરી અખિલ ભારતવર્ષીય શ્વેતાંબર શ્રમણનું સંમેલન કરાવ્યું હતું.

અમે પણ તેમના પ્રતિનિધિ શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ દિલ્હીમાં અમને વિંનતિ કરવા આવવાથી દિલ્હી પ્રદેશમાંથી વિહાર કરી અમ-દાવાદ આવ્યા અને તેમની વિનંતિથી નગરશેઠના વંડામાં તેમના જ બંગલામાં ઘણો કાળ રહ્યા હતા, ત્યારે શેઠ કસ્તૂરભાઈ મણિભાઈ, શેઠાણી માણેકબેન તથા પુત્રો અરુણભાઈ અને જગદીશભાઈએ પોતાના ઘરમાં રહેલો પ્રાચીન ગ્રંથ ભંડાર બતાવ્યો અને વ્યવસ્થિત કરાવ્યો

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતો. અમે તે વખતે કેટલાક ગ્રંથોની પ્રશસ્તિઓ, પુષ્પિકાઓ અને ઉક્ત નોંધોની નકલ કરી લીધી હતી.

ખુશી થવા જેવું છે કે, અમદાવાદના જૈન સાહિત્યપ્રદર્શને શ્રી. પ્રશસ્તિસંગ્રહના ગ્રંથો છપાવ્યા છે. તેના બીજા ભાગમાં પ્રશસ્તિ નં૦ ૨૫, ૧૦૭, ૧૩૫, ૨૪૭ અને ૮૩૨ વગેરેની નીચે ઉક્ત ગ્રંથભંડારની નોંધ છે.

હવે આ ગ્રંથભંડારનો મોટો સંગ્રહ અમદાવાદના શેઠ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે. તેના વ્યવસ્થાપકો આ ગ્રંથોની પ્રશસ્તિઓ છપાવે તો તેમાંથી ઘણો ઉપયોગી જૈન ઇતિહાસ પ્રાપ્ત થશે. અને નગરશેઠના વંશની બાબતમાં પણ જરૂરી પ્રકાશ પડશે.

૪. શા૦ વર્ધમાન — શા. વર્ધમાન શેઠ સહસ્રકિરણ અને તેમની ભાર્યા કુંઅરબાઈનો મોટો પુત્ર હતો. તેમનો વિશેષ ઇતિહાસ મળતો નથી.

ઉલ્લેખ મળે છે કે, શેઠ વર્ધમાન અને તેમના ભાઈ શાંતિદાસ અમદાવાદમાં સરસપુર (બીબીપુર)ના શ્રી વિજયચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો જીર્ણોદ્ધાર કરી મોટો જિનપ્રાસાદ બનાવ્યો અને તેમાં સં૦ ૧૬૮૨ના જેઠ વદિ ૯ ને ગુરુવારે મોટી જિનપ્રતિષ્ઠા કરાવી હતી.

આ મંદિરનાં દરેક કામ શેઠ વર્ધમાનની દેખરેખ નીચે થયાં હતાં. ત્યારે તેમની માતા કુંઅરબાઈ વિદ્યમાન હતાં અને તેમણે આ જિનાલયમાં શ્રી મુનિસુવ્રતસ્વામીની જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી.

## ૫. નગરશેઠ શાંતિદાસ ( સં૦ ૧૬૪૫ થી ૧૭૧૫ )

શા. સહસ્રકિરણનો નાનો પુત્ર હતો. તેની માતાનું નામ સૌભાગ્યદે હતું. તેનો જન્મ સં૦ ૧૬૪૫માં થયાનું મનાય છે.

તેઓ બાળપણથી તીવ્ર બુદ્ધિશાળી હતા. પુણ્યશાળી હતા. તેમણે શરૂઆતથી જ ઝવેરાતનો ધંધો શરૂ કર્યો. તે ધીમે ધીમે અનુભવથી મોટા ઝવેરી બન્યા. અમદાવાદ, સુરત, ખંભાત વગેરે સ્થળે ફરીને ઝવેરાત વેચતા હતા.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

શેઠ શાંતિદાસ જ્યાં જાય ત્યાં સવારે ઊઠી દેવદર્શન, ગુરુદર્શન વગેરે નિત્યવિધિ કરી ઘેર આવી ખાઈ-પી પોતાના કામે જતા. એ એમનો દૈનિક કાર્યક્રમ હતો.

તપાગચ્છના ૫૩મા ભટ્ટા૦ આ૦ શ્રી લક્ષ્મીસાગરસૂરિના શિષ્ય મહો૦ શ્રી વિદ્યાસાગર ગણીની પરંપરામાં મહો૦ શ્રી ધર્મસાગર ગણીના શિષ્ય સં૦ ૧૬૫૩માં ઉપા૦ શ્રી લબ્ધિસાગર ગણી થયા.

તેમને (૧) પં૦ શ્રી નેમસાગર ગણી અને (૨) મુનિ શ્રી મુક્તિ-સાગર ગણી એ બે શિષ્યો હતા. તે બંને ગૃહસ્થપણામાં સગા ભાઈ-ઓ હતા. સાધુપણામાં પણ ગુરુભાઈ ઓ હતા. બંને બુદ્ધિમાન, વિદ્વાન અને મોટા વાદી હતા.

આથી સં૦ ૧૬૫૫માં ભટ્ટા૦ વિજયસેનસૂરિના હાથે પન્યાસ બન્યા. બંને બાલબ્રહ્મચારી હતા. પં૦ મુક્તિસાગર ગણીને પદ્માવતી દેવીનું ઇષ્ટ હતું.

કવિવર પં૦ ક્ષેમવર્ધન ગણી લખે છે કે—

આ બંને પન્યાસો સુરતમાં ચાતુર્માસ હતા ત્યારે સુરતમાં મોટો શાંતિદાસ ઝવેરી રહેતો હતો. તે ધનકુબેર હતો પણ તેને પુત્ર-પુત્રી કંઈ સંતાન નહોતું. એક દિવસ તે શેઠે બંને પન્યાસો પાસે આવી વાંદી કરગરીને અરજ કરી—

"ગુરુદેવ! ગુરુદેવની કૃપાથી આ આપના સેવક પાસે અનર્ગલ ધન છે; પણ એવું કોઈ અંતરાયકર્મ નડે છે કે અમારા પછી આ ધનને વાપરનાર—દાનપુણ્ય કરનાર એવો કોઈ જીવ નથી (અમને કોઈ સંતાન નથી.) ગુરુદેવો કૃપા કરે તો આ અંતરાયકર્મ તૂટે અને આ શ્રાવકનું ઘર આબાદ બને.

આ સાંભળી બંને પંન્યાસોએ સં૦ ૧૬૬૦ના ચૈત્ર માસમાં ઉપાશ્રયમાં નીચે ભોંયરામાં બેસી સર્વકાર્યસાધક શ્રી ચિંતામણિ મંત્રનો જાપવિધિ શરૂ કર્યો.

---

૧. આ સમયે સુરતના શેઠ શાંતિદાસ ઝવેરી, (૨) અમદાવાદના શેઠ સહસ્રકિરણનો પુત્ર શાંતિદાસ ઝવેરી અને અમદાવાદના શેઠ લહુઆ શ્રીમાળીવંશના શેઠ શાંતિદાસ મનિયા એમ ત્રણ શાંતિદાસો થયા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ મંત્રનો નિયમ એવો હતો કે, આ મંત્ર નિરંતર બલિ-બાકુલા અને આરતી વગેરે વિધિ સાથે જાપ કરવાથી ૬ મહિને સિદ્ધ થાય. જાપની સમાપ્તિ સમયે ધરણેન્દ્ર નાગરૂપે આવી સામે ઊભો રહે ત્યારે સાધક નીડર બની રહે અને તેની જીભ સાથે જીભ મેળવે તો ધરણેંદ્ર પ્રત્યક્ષ થઈ શ્રાવકને વરદાન આપે.

બંને પંન્યાસોએ સુરતના શેઠ શાંતિદાસને કહી રાખ્યું કે, 'અમારી જાપવિધિને છ મહિના પૂરા થાય તેના બરાબર બીજે દિવસે સવારે તમે જાતે જ આવીને હાજર થજો.

પંન્યાસોએ છ મહિના સુધી વિધિપૂર્વક જાપ કર્યો. છ મહિના પૂરા થયા. બીજે દિવસે સવારે સુરતના શેઠ શાંતિદાસ આવ્યા નહીં. હાજર થયા નહીં ત્યારે ભાગ્યયોગે એવું બન્યું કે, અમદાવાદનો શેઠ શાંતિદાસ ઝવેરી તે જ દિવસે તે જ અવસરે બ્રાહ્મ મુહૂર્તમાં જિનાલયમાં દર્શન કરી બંને પંન્યાસોને વાંદવા ઉપાશ્રયમાં આવ્યા. પં૰ મુક્તિસાગર ગણી સમજ્યા કે સુરતના શેઠ આવ્યા છે એટલે તેમણે તેમને ભોંયરામાં લઈ જઈ પોતાની સામેના આસને બેસાડી જણાવ્યું કે,

"શેઠ શાંતિદાસ! ડરશો નહિ. હિંમત રાખજો. ધરણેન્દ્ર નાગરૂપે આવી તમારા શરીર ઉપર ચડે, માથા ઉપરથી આગળ ઊતરી જીભના લબકારા મારશે ત્યારે તમે તે નાગરાજની જીભ સાથે પોતાની જીભ અડાડી દેજો. એટલે ધરણેંદ્ર પ્રસન્ન થઈ તમને વરદાન આપશે. પરિણામે રાજ્ય મળશે, રાજ્યનું માન, ધન, યશ અને પુત્રપરિવાર વધશે."

અમદાવાદના શેઠ શાંતિદાસ તો કંઈ સમજ્યા વિના ચુપચાપ ભોંયરામાં જઈ ગુરુદેવની કૃપા સમજી આસન ઉપર બેસી ગયા. પંન્યાસજીએ જાપ શરૂ કર્યો. ધરણેંદ્ર નાગરૂપે આવી શરીર ઉપર ચડ્યો. જીભના લબકારા મારવા લાગ્યો. પણ આ શાંતિદાસે બીક-થી પોતાની જીભ બહાર કાઢી નહીં. ધરણેંદ્ર તરત નીચે ઊતરી અદૃશ્ય થઈ ગયો.

પં૰ મુક્તિસાગર ગણીએ કહ્યું, 'શાંતિદાસ! તમે જીભ કાઢી નાગની જીભ સાથે મેળવી હોત તો અહીંના રાજા બનત. પણ તમે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ડરી ગયા ને જીભ મેળવી નહીં. છતાં તમે મોટા રાજમાન્ય બનશો.

(–શેઠ શાંતિદાસનો રાસ, જૈન૦ પ૦ ઈ૦ પ્રક૦ ૫૫, પૃ૦ ૧૦૮ થી ૧૧૦)

શેઠ શાંતિદાસ ઝવેરી સં૦ ૧૬૬૧માં ખુશી થતો થતો સુરતથી અમદાવાદ ગયો અને ત્યાંથી આગરા ગયો ત્યારે બાદશાહ અકબરે પોતાના રાજદરબારમાં સૌ ઝવેરીઓને બોલાવ્યા હતા.

શેઠ શાંતિદાસ ઝવેરી પણ સૌ ઝવેરીઓ સાથે રાજદરબારમાં ગયા. તેમણે ત્યાં મોતીની સાચી પરીક્ષા કરી બતાવી અને તેની વાજબી કિંમત પણ જણાવી મોટી નામના પ્રાપ્ત કરી. તેમને મોગલ દરબારમાં મોટાં માન-સમ્માન મળ્યાં અને બાદશાહ અકબરે તેમને પણ ઝવેરીની પદવીથી નવાજ્યા.

એક વાર બાદશાહ અકબરની એક બેગમ અમદાવાદમાં કોઈ ખાસ કામે આવી હતી. શ્રી શાંતિદાસ ઝવેરીએ તેની ખૂબ ખાતર-બરદાસ્ત કરી. બેગમે પ્રસન્ન થઈ તેમને ધર્મભાઈ બનાવ્યો.

બાદશાહ અકબરના મરણ પછી તેનો મોટો પુત્ર જહાંગીર (સં૦ ૧૬૬૭ થી ૧૬૮૪ ફાગણ વદ અમાસ, સને ૧૬૦૬ થી તા-૧૮-૧૦-૧૬૨૭ સુધી) હિંદનો બાદશાહ બન્યો.

(–પ્રક૦ ૪૪, પૃ૦ ૨૨૨)

તેણે અમદાવાદથી શાંતિદાસ ઝવેરીને બોલાવ્યા અને તેમને 'મામા' કહી તેમનું ઘણું માન-સમ્માન કર્યું. પછી તો શેઠ શાંતિદાસને અમદાવાદના 'નગરશેઠ'ની પદવી આપી અને ગુજરાતના સૂબાનો હોદ્દો આપ્યો.

શેઠ શાંતિદાસ સમજી ગયા કે આ બધું ગુરુદેવની કૃપાનું ફળ છે. તેમણે પં૦ શ્રી નેમિસાગર ગણી અને પં૦ મુક્તિસાગર ગણીને વિનંતી કરી અમદાવાદમાં પધરાવ્યા. તેમણે પોતાના મનથી પં૦ શ્રી મુક્તિસાગરનું પં૦ રાજસાગર ગણી નામ રાખ્યું અને તેમને વિનંતી કરી કે, 'ગુરુદેવ! આપની કૃપાથી મને ગુજરાતની સૂબાગીરી મળી છે. એટલે આ રાજ્ય આપનું જ છે. આપ ગુરુદક્ષિણામાં મારું આ દાન સ્વીકારી મને ઋણમુક્ત કરો.'

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

પંન્યાસજી હસીને બોલ્યા, “ શેઠ ! અમે પાંચ મહાવ્રત ધારણ કરેલાં છે. અમે માતા, પિતા, ઘર, માલમિલકત, કુટુંબપરિવાર છોડીને નીકળ્યા છીએ — સાધુ બન્યા છીએ એટલે અમે રાજ્યને શું કરીએ ? છતાં તમારે ગુરુભક્તિનો લાભ જ લેવો હોય તો ભટ્ટા૦ શ્રી વિજય-સેનસૂરિને આમંત્રણ આપી અમદાવાદમાં પધરાવો. તેમને પ્રસન્ન કરી અમને બંનેને તેમના વરદ હસ્તે ઉપાધ્યાયપદ અપાવો. આથી તમને મોટો લાભ થશે. ”

નગરશેઠ શાંતિદાસે સંવેગીગચ્છના ૫૮મા ભટ્ટા૦ શ્રી વિજય-સેનસૂરિને વિનંતી કરી ભારે માન—સમ્માનથી અમદાવાદમાં પધ-રાવ્યા અને અવસર જોઈ વિનંતી કરી કે, “ આપશ્રી કૃપા કરીને પં૦ નેમિસાગર ગણી અને પં૦ મુક્તિસાગર ગણીને ઉપાધ્યાય બનાવો.”

ગચ્છનાયકે શેઠ શાંતિદાસની વિનંતીથી સં૦ ૧૬૬૫માં અમદા-વાદમાં માત્ર પં૦ નેમિસાગર ગણીને જ ઉપાધ્યાયપદ આપ્યું પણ પં૦ શ્રી મુક્તિસાગર ગણીને ઉપાધ્યાય પદવી ન આપી.

શેઠ ખુશ થયા અને ગચ્છનાયકને પાઘડી ઉતારી વિનંતી કરી કે, “ હવે પં૦ મુક્તિસાગર ગણીને ઉપાધ્યાયપદ આપો. ”

ગચ્છનાયકે ઠંડો જવાબ આપતાં જણાવ્યું કે, “ મહાનુ-ભાવ ! હું તમારી લાગણી સમજુ છું, પરંતુ તમે સમજી શકો એમ છો કે, પદવી એ જેને તેને લહાણી કરવાની કે ઘેર ઘેર વહેંચવાની વસ્તુ નથી. તે કોને આપવી, કોને ન આપવી, ક્યારે આપવી અને ક્યારે ન આપવી તેનો વિચાર કરવો પડે છે. ”

ગચ્છનાયકે આટલો ખુલાસો કરી મૌન પકડ્યું. નગરશેઠને આ ખુલાસાથી ખોટું લાગ્યું પણ તેમણે “ જેવી આપની મરજી ” કહી તે વખતે મનમાં જ નક્કી કર્યું કે,

“ હવે હું શ્રી નેમિસાગરને ભટ્ટારક બનાવી, પં૦ શ્રી મુક્તિસાગર ગણીને તેમના હાથે જ ઉપાધ્યાય બનાવી, પછી આચાર્યપદવી અપાવી ઉપા૦ શ્રી રાજસાગર ગણી અને પછી આ૦ રાજસાગરસૂરિ બનાવીશ. ”

ભટ્ટા૦ શ્રી વિજયસેનસૂરિએ પં૦ શ્રી મુક્તિસાગરને ઉપાધ્યાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન બનાવ્યા તેથી જ આ૦ શ્રી વિજયદેવસૂરિએ પણ પં૦ શ્રી મુક્તિસાગરને ઉપાધ્યાય પદવી ન આપી.

ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિ સં૦ ૧૬૭૯માં ખંભાતમાં ચાતુર્માસ સ્થિત હતા. અને ખંભાતના નગરશેઠ વ્યવહારી કામ માટે ચોમાસામાં અમદાવાદ આવ્યા. શેઠ શાંતિદાસે અવસર જોઈ સૂબાની સત્તા હાથમાં લઈ ખંભાતના શેઠને પોતાને ત્યાં અતિથિ તરીકે રાખી નજર કેદી બનાવ્યા અને તેને રુઆબથી જણાવ્યું કે, "શેઠ! તમારે ખંભાતનાં ઝાડ જોવાં છે કે નહીં? જો એ જોવાની ઇચ્છા હોય તો ખંભાતમાં રહેલા આ૦ શ્રી વિજયદેવસૂરિ પોતાની જાતે જ પં૦ શ્રી રાજસાગર ગણીને ઉપાધ્યાયપદ આપી આચાર્ય બનાવવાની કબૂલાત આપે એવો પ્રબંધ કરો તો જ તમે અહીંથી છૂટીને ખંભાત જઈ શકશો."

ખંભાતમાં શેઠાણીએ આ વાત જાણી, તે તરત જ ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિ પાસે જઈ આંખમાં આંસુ લાવી ગચ્છનાયક પાસે પોતાના સૌભાગ્યની ભિક્ષા માગી અને અમદાવાદમાં શેઠના સકલ સમાચાર કહી સંભળાવ્યા.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિએ પં૦ રાજસાગર ગણીને ઉપાધ્યાયપદવી આપવાની મૂક સમ્મતિના પ્રતીકરૂપે એક પત્રમાં પોતાના હસ્તાક્ષરથી 'શ્રી **जिनाय नमः**' લખી તેમાં વાસક્ષેપ નાખી તે પત્ર શેઠાણીને આપ્યો.

શેઠ શાંતિદાસે સં૦ ૧૬૭૯માં અમદાવાદમાં પં૦ મુક્તિસાગર ગણીને ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિનો વાસક્ષેપ નાખી ઉપાધ્યાય પદવી આપી એટલે તેઓ હવેથી ઉપા૦ રાજસાગર ગણી નામથી ઓળખાવા લાગ્યા.

પછી શેઠ શાંતિદાસે સં૦ ૧૬૮૬ના જેઠ સુદિ ૧૪ના રોજ અમદાવાદમાં ભગ૦ શ્રી મહાવીરસ્વામીના જિનપ્રાસાદમાં મહોત્સવ કરી ઉપા૦ રાજસાગર ગણીને આચાર્યપદવી આપી, તેમ જ બીજા મુનિરાજોને ઉપાધ્યાય, પંન્યાસ વગેરે બનાવી, તપાગચ્છના સાગરગચ્છનો ચતુર્વિધ સંઘ સ્થાપન કર્યો. તે સંઘમાં સાગર, વર્ધન, સૌભાગ્ય



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરે શાખાના મુનિવરો પણ ભળ્યા હતા. તે વખતે ઉપા૦ શ્રી રાજસાગરને આ૦ શ્રી રાજસાગરસૂરિ તરીકે સ્થાપન કર્યા.

ગચ્છવૃદ્ધિ—

શેઠ શાંતિદાસે સાગરગચ્છના ચારે સંઘોને વિસ્તૃત બનાવવા સામ, દામ, દંડ અને ભેદ એ ચારે નીતિથી કામ લીધું.

કડુઆમતના શાહ કલ્યાણજી સં૦ ૧૯૮૫માં રચેલી પટ્ટાવલીમાં જણાવે છે કે,

વિ.સં૦ ૧૬૭૯માં થરાદમાં કડુઆમત અને તપાગચ્છના શ્રાવકો વચ્ચે ઝગડો પડ્યો. આથી રાધનપુરના તપાગચ્છના યુવાન શ્રાવકોએ તોફાન કરી રાધનપુરના કડુઆમતનો ઉપાશ્રય તોડી નાખ્યો. કડુઆમતના જૈનોએ બાદશાહ જહાંગીર પાસે આની ફરિયાદ કરી દાદ માગી.

કદાચ બહુ તપાસણી થાય તો આ ઘટનામાં રાધનપુરના તપાગચ્છના જૈનોનો દંડ થાય એવી પરિસ્થિતિ હતી. આથી અમદાવાદના નગરશેઠ શાંતિદાસે રાધનપુરના તપાગચ્છના યુવાનોને જણાવ્યું કે, “ જો તમે અમારા સાગરગચ્છમાં દાખલ થાઓ તો તમને સૌને બચાવી લઈશ ” એ રીતે સૌને સાગરગચ્છમાં દાખલ થવાનાં વચન લીધાં.

પછી શેઠ શાંતિદાસે કડુઆમતના જૈનોને ખાતરી આપી જણાવ્યું કે, “ તમે આ કેસ પાછો ખેંચી લો. હું રાધનપુરમાં તમારો નવો ઉપાશ્રય બંધાવી દઈશ. ”

પરિણામે કડુઆમતવાળાએ કેસ પાછો ખેંચી લીધો. પછી રાધનપુરના તપાગચ્છના જુવાનો સાગરગચ્છમાં ભળ્યા અને શેઠ શાંતિદાસે રાધનપુરમાં કડુઆમતનો નવો ઉપાશ્રય બનાવી આપ્યો.

બીજી તરફ તપાગચ્છના યુવાનો સાગરગચ્છમાં ભળ્યા હતા. તેમણે ઉપાશ્રયને પોતાના અધિકાર નીચે લેવા ધાર્યું. આ રીતે રાધનપુરમાં તપાગચ્છમાં સં૦ ૧૬૮૦માં બે પક્ષો પડ્યા. સાથોસાથ ઉપાશ્રયના બે ભાગ પડ્યા.

( —કડુઆમતની મોટી પટ્ટાવલી, વિવિધ ગચ્છીય પટ્ટાવલી સંગ્રહ, પૃ૦ ૧૫૩ )

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ઇતિહાસ કહે છે કે, દિલ્હીના બાદશાહ શાહજહાં (સં૦ ૧૬૮૪થી ૧૭૧૫)ના રાજકાળમાં વિ૦સં૦ (૧૭૦૧માં અમદાવાદમાં શ્વેતાંબર તપાગચ્છ અને લોંકાગચ્છના જૈનો વચ્ચે જ્ઞાતિ વ્યવહારનો ઝઘડો પડ્યો હતો ત્યારે મહાજનોએ લોંકાગચ્છના જૈનો સાથે રોટી-બેટી વ્યવહાર બંધ કર્યો હતો.

આથી લોંકાગચ્છના જૈનોએ ગુજરાતના સૂબેદાર દારા શિકોહને અરજી કરી હતી કે, મહાજને અમારી સાથે રોટી–બેટીનો વ્યવહાર બંધ કર્યો છે. તે અંગે તમે મનાઈ હુકમ આપો અને હુકમ કરો કે અમારી સાથે બેસી રોટી–બેટીનો વ્યવહાર શરૂ કરે.

સૂબા મહમ્મદ દારા શિકોહે સં૦ ૧૭૦૧ના ભાદરવા સુદિ ૧-ના રોજ એક ફરમાન બહાર પાડી જાહેર કર્યું કે પરસ્પરમાં રોટી-બેટીનો વ્યવહાર કરવો કે ન કરવો એ તેઓની સ્વતંત્રતાનો વિષય છે. તેમની સ્વતંત્રતામાં રાજ્ય દખલ કરી ન શકે. અમારી ભાવના છે કે, કોઈએ એક-બીજાને હેરાન કરવા નહીં છતાં કોઈ કોઈને હેરાન કરશે તો અમારે વચમાં પડીને દખલ કરવી પડશે.

(જૈ૦ ૫૦ ઈ૦ પ્રક૦ ૪૪, પૃ૦ ૧૪૮થી ૧૫૧, ફરમાન નં૦ ૧૫)

## નગરશેઠના મનોરથો—

નગરશેઠ શાંતિદાસની ભાવના હતી કે હું દેવ, ગુરુ અને ધર્મના પ્રતાપે જ સારી સ્થિતિએ પહોંચ્યો છું. એટલે દેવ, ગુરુ અને ધર્મનો જ મારા ઉપર ઉપકાર છે તો હવે મારે પણ દેવ, ગુરુ અને ધર્મની ભક્તિ–ઉપાસના કરવી જોઈએ અને લાભ લેવો જોઈએ.

(૧) સિકંદરપુરમાં બિરાજમાન ભગ૦ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો મારા ઉપર મોટો ઉપકાર છે. મારી ફરજ છે કે, તે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો મોટો જીર્ણોદ્ધાર કરી તેમાં ત્રણ શિખરો, ત્રણ ગભારા, ત્રણ રંગમંડપો અને ત્રણ બેલામંડપો એમ છ મંડપો અને ત્રણ શૃંગારચોકીવાળો અને ચારે બાજુએ કોટથી સુશોભિત ભવ્ય અને વિશાળ જિનપ્રાસાદ–તીર્થધામ બનાવવું.

(૨) પં૦ રાજસાગર ગણીને આચાર્ય બનાવી તેમના ભક્તોની સંખ્યા વધારવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) આ જિનાલયના પ્રતિષ્ઠા-ઉત્સવમાં ધામધૂમથી સાધર્મિક વાત્સલ્ય વગેરે કરી જૈનધર્મની પ્રભાવના કરવી.

શેઠ શાંતિદાસે આ મનોરથોને સફળ કરવા પ્રયત્ન શરૂ કર્યો.

(૧) સં. ૧૬૭૮માં સિંકદરપુરના ભગ૦ ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયના જીર્ણોદ્ધારનું કામ શરૂ કર્યું. સાથોસાથ મહાપ્રતિષ્ઠા ઉત્સવ કરવા માટે નાની-મોટી જિનપ્રતિમાઓ તૈયાર કરવાનું કામ ધમધોકાર શરૂ કર્યું.

(૨) ઉપા૦ શ્રી રાજસાગર ગણીને ભટ્ટારક બનાવવાના પ્રયત્નો શરૂ કર્યા; પરંતુ ત્યારે તપાગચ્છમાં ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિસંઘ અને ભટ્ટા૦ શ્રી વિજયાનંદસૂરિસંઘ એમ બે પક્ષો હતા. હવે જો કોઈ નવા ભટ્ટારક બને તો ત્રીજો પક્ષ ઊભો થાય. એવી સ્થિતિ કોઈને પસંદ નહોતી. આથી તે બંને પક્ષોના જોડાણનું વાતાવરણ ફેલાયું.

બંને પક્ષોએ સં૦ ૧૭૮૧ના ચૈત્ર સુદિ ૯ના રોજ પુનર્વસુ નક્ષત્રમાં અમદાવાદના કાળુપુરના ઉપાશ્રયમાં મોટું સંમેલન મેળવી બંને પક્ષોને એક કરવાની યોજના ઘડી, પણ તે નિષ્ફળ ગઈ. સાથોસાથ ઉપા૦ શ્રી રાજસાગર ગણીને આચાર્ય ભટ્ટારક બનાવવાની વાત વિસારે પડી.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

## ભગ૦ ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા—

શેઠ શાંતિદાસની ધારણા હતી કે ઉપા૦ શ્રી મુક્તિસાગર (રાજસાગર) ગણીને આ૦ ભટ્ટારક બનાવી તેમના હાથે અમદાવાદના ભગ૦ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનપ્રાસાદમાં મહાપ્રતિષ્ઠા કરાવવી; પરંતુ તપાગચ્છના બે પક્ષોની એકતાની યોજનામાં એ વાત બંધ પડી. હવે તરતમાં કે વિલંબે પણ તેમને ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિના હાથે આચાર્ય-ભટ્ટારક બનાવી શકાય એ શક્ય જ નહોતું.

શેઠે વિચાર્યું કે તેઓ ભટ્ટારક ક્યારે બનશે તે અચોક્કસ છે. બીજી તરફ જિનપ્રાસાદ તૈયાર થઈ ગયો છે. શાસ્ત્રોની આજ્ઞા મુજબ તેને ખાલી રાખી શકાય એમ નથી. વળી, ઘણી જિનપ્રતિમાઓ તૈયાર થઈ ગઈ છે તેને પણ અંજન શલાકા કે પ્રતિષ્ઠા કર્યા વિના રાખવી તે પાલવે તેમ નથી, તો હવે ઉપા૦ શ્રી રાજસાગર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગણીવરના હાથે જ ઉપાધ્યાય પદમાં જ આ મહાપ્રતિષ્ઠા કરાવી લેવી એ વધુ હિતાવહ છે.

શેઠે સં. ૧૬૮૨ના જેઠ વદિ ૯ ને ગુરુવારનો પ્રતિષ્ઠા દિવસ નક્કી કર્યો. શ્રી જૈન સંઘને પ્રતિષ્ઠા–ઉત્સવમાં પધારવા આમંત્રણો મોકલવામાં આવ્યાં. સિકંદરપુરમાં–બીબીપુરમાં ઉત્સવ શરૂ કર્યો અને સં૦ ૧૬૮૨ના જેઠ વદિ ૯ ના રોજ મહો૦ શ્રી વિવેકહર્ષ ગણીવરની અધ્યક્ષતામાં મહો૦ શ્રી મુક્તિસાગર ગણીવરના હાથે ભગ૦ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો નવો જિનપ્રાસાદ, તેની પરકમ્મા-ભમતીના પરિવારની નાની-મોટી દેરીઓની અને ભગ૦ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ વગેરે જૂની અને નવી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી આ. સમયે તે પ્રતિમાનું શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથ નામ હતું તેને બદલે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ નામ રાખવામાં આવ્યું.

આ જિનપ્રાસાદની ઘણી જિન પ્રતિમાઓ અત્યારે વાઘણપોળનાં ચાર જિનાલયોમાં વિરાજમાન છે.

(– પ્રક૦ ૫૫, પૃ૦ ૧૮૭ થી ૨૦૦ )

આ જિનપ્રાસાદ સરસપુરના બીબીપુરમાં ઉત્તરાભિમુખ હતો. ત્યારે તેમાં મૂળનાયક તરીકે પ્રાચીન નાની શ્યામરંગની ચિંતામણિ શ્રી૦ પાર્શ્વનાથની પ્રતિમા હતી.

તેમાં બાવન દેરીઓમાં નાની–મોટી જિન પ્રતિમાઓ હતી અને મોટી ચાર જિન પ્રતિમાઓ સ્થાપન કરી હતી.

શેઠ શાંતિદાસ જાણતા હતા કે, મુસલમાની અંધાધૂંધીનો કાળ છે, ક્યારે આસમાની–સુલતાની થાય તેની ખબર ન પડે. એ મુજબ મન હોવા છતાં એવું બને તો આ સમસ્ત જિન પ્રતિમાઓને સુરક્ષિત સ્થાને લઈ જવાની વ્યવસ્થા કરાવી શકાય તેવી ગોઠવણ કરી રાખવી જોઈએ.

આ વિચારથી આ જિન પ્રાસાદથી પોતાની હવેલી સુધી ચાર મોટા રથ એકી સાથે ચાલી શકે એવી મોટી સુરંગ તેમણે બનાવી હતી જેથી બધી પ્રતિમાઓને રથ કે ગાડાં દ્વારા આ રસ્તે થઈ સીધા પોતાની હવેલીએ પહોંચાડી શકાય.

શેઠ શાંતિદાસે આ જિનપ્રાસાદ, સુરંગો અને પ્રતિષ્ઠા-ઉત્સવમાં

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

નવ લાખ રૂપિયા ખરચ્યા હતા. તેમજ પ્રતિષ્ઠા–ઉત્સવમાં વેતિય (સોનાની વીંટી) વગેરેની પ્રભાવના વગેરેમાં અગિયાર લાખ ખરચ્યા હતા.

બાદશાહ જહાંગીરના મૃત્યુ પછી શાહજહાં (સં૦ ૧૬૮૪ થી ૧૭૧૫ સુધી) દિલ્હીનો બાદશાહ બન્યો. તેણે પોતાના તરફથી અમલ ચલાવવા ગુજરાતમાં તેર સૂબાઓની નિમણૂક કરી હતી.

આ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિન પ્રાસાદનાં ખંડેરો આજે સરસપુરની વાયવ્ય દિશામાં વિદ્યમાન છે.

સં૦ ૧૬૭૮માં તેનું શિલાસ્થાપન થયું. સં૦ ૧૬૮૨ના જેઠ વદિ ૯ ને ગુરુવારે તેની પ્રતિષ્ઠા થઈ, સં૦ ૧૬૯૭માં તેની પ્રશસ્તિ બની.

પ્રશસ્તિ પ્રારંભ શ્લોક—

प्रसीद वर्धमान! सद्भुजतुरतुल शान्तिदासस्य शुभ्रं
भास्वद्श्रीविपुरे सत्तपगणतरणिः पार्श्वचिन्तामणिर्यः।
श्रीमद् जहांगीरराज्ये युवतिनृपयुते तस्य कुर्मः प्रशस्तिम् ॥ ३ ॥

સં૦ ૧૬૯૭ની આ પ્રશસ્તિમાં સ્ત્રીઓનાં નામ (૧)..., (૨) કપૂરા, (૩) ફૂલા, (૪) વાછી.

પુત્રો– (૧) મનજી, (૨) રતનજી, (૩) કપૂરચંદ, (૪) લક્ષ્મીચંદ

પ્રતિમાલેખ – શેઠ શાંતિદાસે સં૦ ૧૬૮૨માં ઉપા૦ શ્રી મુક્તિસાગરગણીના હાથે અંજનશલાકા કરાવી તેમાં જિન પ્રતિમાઓ ઉપર ગાદીની નીચે આ પ્રમાણે લેખ છે.—

"संवत १६८२ वर्षे ज्ये० व० १ गुरुवासरे अहिमदावाद वास्तव्य – श्री ओसवालज्ञातीय-वृद्धशाखीय [सिसोदिया सा० वाछा-भार्या बाई गोरदेसुत]

(–પ્રક૦ ૫૫, પૃ૦ ૫૫૦)

सा० सहस्रकिरणभार्या बाई कुंअरीबाइ – सौभाग्यदेपुत्रेण युत सा० पनजीप्रमुखकुटुम्बयुतेन [श्रीशत्रुञ्जयादितीर्थमहापुरस्सरे यात्रा-समवाय संप्रपति ललामतिलकेन] सा० श्री शान्तिदासनाम्ना स्व-श्रेयोर्थं श्री......जिनबिम्बं स्वयं कारितप्रतिष्ठायां प्रतिष्ठापितम्।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**प्रति तपागच्छे भ० श्री विजयसेनसूरि पट्टालेक भट्टारक श्री विजयदेवसूरिवारके महो० श्री विवेकहर्ष गणीनामणु शिष्य महोपाध्याय श्री मुक्तिसागरगणीभिः [ श्रियेऽस्तु ] ॥ "**

નોંધ – કોઈ કોઈ નાની નાની પ્રતિમાની ગાદીમાં [ ] કૌંસમાં આપેલા શબ્દો નથી.

બાદશાહ જહાંગીર સં૦ ૧૬૮૪માં મરણ પામ્યો. પછી બાદશાહ શાહજહાં દિલ્હીનો બાદશાહ બન્યો. તેણે ગુજરાતનું રાજ્ય ચલાવવા માટે પોતાના તરફથી તેર સૂબાઓ મોકલ્યા હતા, જે પૈકી આઠમો શાહજાદો ઔરંગઝેબ ( સને ૧૬૪૪ થી ૧૬૪૬ ), નવમો સૂબો શાયસ્તખાન ( સને ૧૬૪૬ થી ૧૬૪૮ ), દસમો સૂબો મહમ્મુદ દારાશિકોહ ( સને ૧૬૪૮ થી ૧૬૫૨ ) અને બારમો શાહજાદો મુરાદબક્ષ ( સને ૧૬૫૪ થી ૧૬૫૭ સુધી ) સૂબાઓ હતા.

શાહજાદો ઔરંગઝેબ ધર્મઝનૂની હતો. તેણે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના વિશાળ જિનપ્રાસાદ જોઈ વિચાર્યું કે, અમારા સૂર્ય જેવા તેજસ્વી જાગતા–જીવતા કટ્ટર મુસલમાની રાજકાળમાં હિંદુઓનું આવું નવું મોટું તીર્થધામ બને તે ઠીક જ નથી. તો હવે એને તોડીફોડી જમીનદોસ્ત કરવું અથવા બદલીને મુસ્લિમ ધર્મસ્થાન બનાવવું જોઈએ. તેના પાસવાનોએ આ બાબતમાં તેને ઉશ્કેર્યો.

આથી તેણે સં૦ ૧૭૦૦ ( સને ૧૬૪૪ )માં સિકંદરપુરના શ્રી ચિંતામણિ જિનપ્રાસાદને તોડી નાખ્યો અને તેમાં જરૂરી પરિવર્તન કરી તેની મસ્જિદ બનાવી દીધી.

આમ થવાથી ગુજરાતમાં મોટું બંડ થયું. શેઠ શાંતિદાસે સૂબાના આ તોફાન માટે બાદશાહ શાહજહાંને અરજી લખી મોકલી. તેમ જ અમદાવાદના મુલ્લા અબ્દુલ હકીમે પણ બાદશાહને પત્ર લખી જણાવ્યું કે, " સૂબાના હાથે આ હિચકારી ઘટના બની છે. "

બાદશાહ શાહજહાંએ સં૦ ૧૭૦૫ના શ્રાવણ માસમાં શાહજાદા મહમ્મદ દારાશિકોહના હાથે લખાયેલું ફરમાન સને ૧૬૪૮માં ગુજરાતના નવમા સૂબા શાયસ્તખાનને ફરમાન લખી મોકલી તે દ્વારા હુકમ કર્યો કે —

" શાહજાદાએ શાંતિદાસ ઝવેરીના તાબાના દેરાસરને તોડી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોટો ફેરફાર કરી મસ્જિદ બનાવી છે તેને સુધારી તે અસલી જે રૂપમાં હતો તે રૂપમાં જ નવેસર બનાવી શાંતિદાસ શેઠને તે દેરાસર સોંપવું અને તેને પહેલાંની જેમ પોતાના ધર્મના કામોમાં વાપરે તેમાં કોઈએ કશી દખલ કરવી નહીં. અને જો તેમાં ફકીરોને વસાવ્યા હોય તો તે ફકીરોને ત્યાંથી હઠાવી બીજે લઈ જવા. કોઈ મુસલમાન તેનાં ઈંટ વગેરે ચીજો લઈ ગયો હોય તો તેમની પાસેથી પાછા અપાવવા અથવા તેની કીમતની રકમ તેની પાસેથી ભરપાઈ કરાવવી.

(–પ્રક૦ ૪૪, પૃ૦૯૯, ૧૦૦, ૧૫૧ થી ૧૫૬; ફરમાન ૧૬ એમ. એમ. કોમીસરીએટનો 'ધિ જર્નલ ઑફ ધિ યુનિવરસીટી ઑફ બોંબે' માસિકમાં 'ધિ ઇમ્પિરિયલ મુગલ ફરમાન' લેખ; ફાર્બસ–'રાસમાલા'; 'જૈન ઐતિહાસિક રાસમાલા' ભા-૧, પૃ૦ ૨૯; સદ્દગત મણિલાલ બકોરભાઈ વ્યાસનો ઇતિહાસ અને યુગધર્મ.)

બાદશાહ શાહજહાંના હુકમથી શાહી ખજાનાના ખર્ચે ભગ૦ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ સં૦ ૧૬૮૨માં જેવો બન્યો હતો તેવો નવો બન્યો. અને શેઠ શાંતિદાસે તેમાં સં૦ ૧૭૦૫, ૧૭૦૬માં ભગ૦ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ વગેરે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. આ પ્રતિષ્ઠા કયા આચાર્યના હાથે કરાવી તેનો ઉલ્લેખ અગર સં૦ ૧૭૦૫, ૧૭૦૬ના પ્રતિષ્ઠા સમયનો કોઈ પ્રતિમાલેખ મળતો નથી. આથી નિર્ણય કરી શકાય તેમ નથી.

સ્થાનાન્તર—

સંભવ છે કે બાદશાહી ખરચે ફરીવાર નવો જિનપ્રાસાદ બન્યો ત્યારે કદાચ સુરંગ વગેરે બનાવ્યાં ન હોય. કારણ કે એ ગુપ્ત માર્ગની બાદશાહી અમલદારો કે મિસ્ત્રીઓને બતાવવાની જરૂર નહોતી. એ પણ બનાવાજોગ છે કે આ પ્રતિષ્ઠા કદાચ ભટ્ટા૦ શ્રી રાજસાગરસૂરિના હાથે કરાવી હોય.

આ જિનપ્રાસાદ શેઠ શાંતિદાસના પૌત્ર (૯) શેઠ ખુશાલચંદ (સ્વ૦ સને ૧૭૪૮, વિ૦સં૦ ૧૮૦૪) સુધી સુરક્ષિત હતો. તેની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૃદ્ધાવસ્થાના સમયમાં એકાએક જિનપ્રાસાદની પ્રતિમાઓને ત્યાંથી બીજે લઈ જવી પડી છે.

( – જુઓ ' ખુશાલચંદ ' )

શેઠ શાંતિદાસની પેઢી બાદશાહ શાહજહાં, તેના શાહજાદાઓ અને સૂબાઓ વગેરે માટે ધીખતી બૅંક હતી. તેઓને જ્યારે જોઈએ ત્યારે ને જેટલી જોઈએ તેટલી રકમ ત્યાંથી મળી શકતી હતી.

બીજી તરફ દાદાગીરીમાં ટેવાયેલા તોફાની મુસલમાનો હિંદુઓનાં ઘરોમાંથી ધન, માલ મિલકત, અનાજ, ઘોડા, ગાય વગેરે અને સ્ત્રીઓ–કન્યાઓ વગેરેને ઉઠાવી જતા હતા અને મકાન, બાગ, મૂડી વગેરેને દબાવી બેસતા હતા.

બાદશાહ શાહજહાંએ તોફાની મુસલમાનો નગરશેઠના પરિવાર તથા મકાનો ઉપર આવીને આફત ન ઉતારે એટલા ખાતર ખબરદારી રાખવા ગુજરાતના સૂબાઓ ઉપર એ સૌની સલામતીનું ફરમાન લખી મોકલી સૌને સાવધાન કર્યા હતા.

( – પ્રક૦ ૪૪, પૃ૦ ૧૪૭, ફરમાન ૧૪મું )

એકંદર બાદશાહ શાહજહાંએ નગરશેઠ શાંતિદાસ તથા જૈનોને નીચે પ્રમાણે ચાર ફરમાન આપ્યાં.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

( ૧૪ ) સં૦ ૧૬૯૨માં સલામતીનું.

( ૧૫ ) સં૦ ૧૭૦૧માં જ્ઞાતિવ્યવહારની સ્વતંત્રતાનું.

( ૧૬ ) સં૦ ૧૭૦૫માં શેઠ શાંતિદાસ ઝવેરી તથા જૈનોને શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ નવો બનાવી પાછો સોંપવાનું.

( ૧૭ ) સં૦ ૧૭૧૩ના કાર્તિક સુદિ ૧ ના રોજ શેઠ શાંતિદાસ ઝવેરીને શ્રી શત્રુંજય પહાડ તથા પાલિતાણા ગામ ઇનામમાં આપ્યાનું.

( – પ્રક૦ ૪૪, પૃ૦ ૧૪૭, થી ૧૬૦ ફરમાન )

## વિશેષ નોંધ —

ખાસ ઘટના એ છે કે, બાદશાહ ઔરંગઝેબે સં૦ ૧૭૧૪માં શેઠ શાંતિદાસને પાલિતાણા ઇનામમાં આપ્યાના ફરમાનને બીજું ફરમાન કાઢી સમર્થન આપ્યું હતું.

રખોપું —અમદાવાદના શેઠ શાંતિદાસ ઝવેરી અને શેઠ રતનસૂરા તપાગચ્છના કારખાનાએ સં૦ ૧૭૦૭ના કાર્તિક સુદિ ૧૩ ને મંગળવારે ગારિયાધારના જાગીરદાર ગોહેલ કાંધાજી વગેરે ગોહેલ કુટુંબને શ્રી શત્રુંજય પહાડ તથા તેના યાત્રાળુઓની રક્ષા માટે વળાવો અને ચોકી માટે રકમ મુક્ત કરી કરાર સાથે રખોપાનું કામ સોંપ્યું હતું.

(—પ્રક૦ ૪૪, પૃ૦ ૨૩૭ થી ૨૪૦)

સંઘ —શેઠ શાંતિદાસે સં૦ ૧૬૮૨ પહેલાં શ્રી શત્રુંજય અને શ્રી ગિરનાર તીર્થોના છ'રી પાળતા યાત્રા સંઘો કાઢી સંઘપતિનું તિલક પ્રાપ્ત કર્યું હતું.

હવે સં૦ ૧૭૧૩માં શ્રી શત્રુંજય પહાડ અને પાલિતાણા ભેટ મળ્યા બાદ શ્રી શત્રુંજયનો ભટ્ટા૦ શ્રી રાજસાગરસૂરિની અધ્યક્ષતામાં મોટો યાત્રાસંઘ કાઢ્યો હતો. ત્યાં તેણે ભગ૦ શ્રી ઋષભદેવના જૂના પરિકરને બદલે નવું પરિકર બનાવી ભટ્ટા૦ શ્રી રાજસાગરસૂરિના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી અને તેમાં શ્રી શત્રુંજય ભેટ મળ્યાનો ઉલ્લેખ કરાવ્યો. શ્રી શત્રુંજય તીર્થનાં મંદિરોની ચારે બાજુ 'મોટો વિશાળ કિલ્લો' બનાવ્યો. શ્રી શત્રુંજયની તળેટીમાં વાવ બંધાવી.

શેઠે આ સિવાય નવાં જિનાલયો, જીર્ણોદ્ધારો, સાધર્મિકોની ભક્તિ, ગ્રંથલેખન, દુષ્કાળમાં જનતાને અનાજ, પાણી, કપડાં વગેરેની સહાય–દાન વગેરે શુભ કાર્યો કર્યાં.

શેઠ શાંતિદાસ સં૦ ૧૭૧૫માં અમદાવાદમાં સ્વર્ગસ્થ થયા.

(—પં૦ કૃપાસાગર કૃત 'ભટ્ટા૦ રાજસાગરસૂરિ નિર્વાણ રાસ')

શેઠના પૌત્ર ખુશાલચંદે શેઠની સ્મૃતિ માટે અમદાવાદમાં ભગ૦ શ્રી આદીશ્વરનો ભોંયરાવાળો મોટો જિનપ્રાસાદ બનાવ્યો.

## પરિવાર —

શેઠ શાંતિદાસને વર્ધમાન નામે મોટા ભાઈ હતા. તેમની પત્નીઓ અને પુત્રોનાં નામ આ પ્રમાણે મળે છે.—

સં૦ ૧૬૮૨ અથવા સં૦ ૧૬૯૭ના પ્રશસ્તિલેખમાં ચાર સ્ત્રીઓનાં નામ મળે છે.—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( ૧ ) શ્રીમતી........સં૦ ૧૬૯૭ પહેલાં મરણ પામી હતી. તેનાથી મનજી નામે પુત્ર થયો.

( ૨ ) શ્રી. કપૂરાદેવી – તેને રતનજી નામે પુત્ર થયો.

( ૩ ) શ્રી. કુસાદે – તેને કપૂરચંદ નામે પુત્ર થયો.

( ૪ ) શ્રી. વાછીદેવી – તેને લક્ષ્મીચંદ નામે પુત્ર થયો.

( ૧ ) પ્રશસ્તિમાં ઉલ્લેખ છે કે, શેઠને સં૦ ૧૬૮૨ સુધી ( ૧ ) મનજી, ( ૨ ) રતનજી, ( ૩ ) કપૂરચંદ અને ( ૪ ) લક્ષ્મીચંદ નામે પુત્રો હતા.

( ૨ ) પં૦ શીલવિજયજી ગણિવરે સં૦ ૧૭૪૬માં રચેલી 'તીર્થમાલા'માં જણાવ્યું છે કે, શેઠ શાંતિદાસને ( ૧ ) રતનજી, ( ૨ ) લક્ષ્મીચંદ, ( ૩ ) માણેકચંદ અને ( ૪ ) હેમચંદ એમ ચાર પુત્રો હતા.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

( ૩ ) પં૦ ક્ષેમવર્ધન ગણી નગરશેઠ શાંતિદાસના 'પુણ્યપ્રકાશ-રાસ'મા નોંધ્યું છે કે, શાંતિદાસ શેઠને ( ૧ ) મનજી, ( ૨ ) રતનજી, ( ૩ ) લક્ષ્મીચંદ, ( ૪ ) માણેકચંદ અને ( ૫ ) હેમચંદ એમ પાંચ પુત્રો હતા.

( ૪ ) પં૦ કૃપાસાગર ગણીએ સં૦ ૧૭૨૨માં રચેલા શ્રી રાજ-સાગરસૂરિરાસ'માં શેઠને ( ૧ ) રતનજી ( ૨ ) લક્ષ્મીચંદ, ( ૩ ) માણેકચંદ, ( ૪ ) હેમચંદ એમ ચાર પુત્રો હતા એમ જણાવ્યું છે.

( ૫ ) નગરશેઠ કસ્તૂરભાઈ મણિભાઈના ઘરમાં રહેલ નગરશેઠના ગ્રંથભંડારની 'પ્રશ્નવ્યાકરણ'ની મૂળ પાઠની ૩૪ પત્રોની પોથી છે, તેમાંની પુષ્પિકામાં શેઠ શાંતિદાસને પાંચ પુત્રો હોવાની નોંધ છે. તે પુષ્પિકા આ પ્રમાણે છે.—

" **भट्टारक श्रीमन्नसूरि विजयराज्ये वाचककनकराजमुनि लाभसागर – मुनि हीरसुन्दरेण लिखितम्, स्तम्भतीर्थे।' संवत् १६१३ वर्षे शाके १४७९ प्रवर्त्तमाने स्तम्भतीर्थमहानगरे**

( પરિશિષ્ટ ગ્રંથભંડાર વિશેષ નોંધ— **साह श्री सहस्रकिरण सुततपगच्छोद्द्योतकारक – दिल्हीपतिपातशाह प्रदत्तगज–तुरङ्गादि-लक्ष्मीधारकद्विपञ्चाशत्सच्छिखरोपशोभित श्री चिन्तामणि प्रासा-**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

दकारक-श्री शत्रुञ्जयोज्जयन्ताद्यनेकतीर्थयात्रासंघपति (तिलक) ललामधारक-संघमुख्यशाह श्री शान्तिदाससुत शा० पनजीकेन स्वभ्रातृशाहरतनजी-शा० लक्ष्मीचन्द-शा० माणेकचन्द-शा० हेमजीप्रभृतीनां परिपालनार्थं श्री उग्रसेनपुरे कोशः कारितः ॥"

આ વિવિધ નોંધોમાં શા૦ પનજી અને શા૦ કપૂરચંદનાં નામો માટે વિસંવાદ નોંધાયેલો છે.

અમને લાગે છે કે, શા૦ પનજી શા૦ શાંતિદાસનો મોટો પુત્ર હતો. કદાચ તેને શાંતિદાસના મોટાભાઈ વર્ધમાને ખોળે લીધો હોય અને તે લોક વ્યવહારમાં બહુ ભાગ લેતો ન હોય. તેમજ શેઠાણી ફૂલાદેનો પુત્ર કપૂરચંદ શેઠ શાંતિદાસની વિદ્યમાનતામાં જ સં૦ ૧૬૮૨ (સને ૧૭૧૩)ની સાલ અગાઉ મરણ પામ્યો હોય. તેને કોઈ પુત્રપરિવાર નહોતો.

## શેઠ શાંતિદાસના છ પુત્રો—

(૧) પનજી — આ સૌથી મોટો પુત્ર હતો. તે લોકવ્યવહારમાં બહુ ભાગ ભાગ લેતો નહોતો. તે પિતાના ગ્રંથભંડાર માટે નવા નવા ગ્રંથો લખાવતો હતો. દાની હતો. જનતાને દુષ્કાળમાં તેમજ નિરંતર અન્ન, કપડાં અને પૈસાની મદદ કર્યા કરતો. તેને દેવકી નામે પત્ની હતી અને કલ્યાણચંદ નામે પુત્ર હતો. સંભવ છે કે, કલ્યાણચંદ અને તેની માતા સં૦ ૧૭૪૬ પહેલાં મરણ પામ્યાં હોય.

(૨) રતનજી — તેને......નામે પત્ની હતી અને ખીમચંદ નામે પુત્ર હતો (અને બીજો હીરાચંદ નામે પુત્ર હતો.)[1]

(૩) કપૂરચંદ — સંભવ છે કે તે સં૦ ૧૬૧૩ પહેલાં મરણ પામ્યો હોય.

(૪) લક્ષ્મીચંદ — તેને ખુશાલચંદ નામે પુત્ર હતો. તેના વંશમાં જ નગરશેઠ હેમાભાઈ વગેરે થયા છે.

૧ (૪) શાંતિદાસ, (૫) રતનજી, (૬) હીરાચંદ — તેના માટે સં૦ ૧૭૩૩ના ભાદરવા સુદિ ૩ ને ગુરુવારે 'વિવેકવિલાસ' લખાયો. સુરતના સંઘવી પ્રેમચંદ પારેખે અને કપૂરચંદ ભણશાલીએ શેઠ હીરાચંદને સં૦ ૧૭૨૦ના ચૈત્ર સુદિ ૧૦ ના રોજ શ્રી શત્રુંજયના સંઘમાં સાથે લીધા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( ૫ ) માણેકચંદ — તેને......નામે ભાર્યા હતી અને કેસરીચંદ નામે પુત્ર હતો. તેના વંશજો સુરતમાં જઈને વસ્યા. તેનો મોટો પરિવાર સુરતમાં છે.

( ૬ ) હેમાભાઈ

નોંધ — આ બધા ભાઈઓએ સં૦ ૧૬૨૦ અને ૧૭૧૭ના દુકાળમાં જનતાને વિવિધ પ્રકારની મદદ કરી હતી.

( – રત્નમણિરાવ, ગુજરાતનું પાટનગર ) ' શેઠ હઠીસંગ કેશરીચંદ માટે જુઓ ' ગુજ૦ પાટ૦ અમદાવાદ ' પૃ૦ ૭૪૧.

મગનલાલ કપૂરચંદ માટે જુઓ ' ગુજ૦ પાટનગર અમદાવાદ ' પૃ૦ ૭૪૫ થી ૭૫૬

## પરિવારનાં ધર્મકાર્યો—

શેઠ શાંતિદાસના પરિવાર સંબંધી વિશેષ શુભ ઘટનાઓ નીચે પ્રકારે નોંધાયેલી મળી આવે છે.—

(૧) ભટ્ટા૦ શ્રી રાજસાગરસૂરિએ સં૦ ૧૬૯૮ના પોષ સુદિ ૧૫ ને ગુરુવારે......માં પં૦ હર્ષસાગરને આચાર્યપદવી આપી. ભટ્ટા૦ શ્રી વૃદ્ધિસાગરસૂરિ નામ રાખી પોતાની પાટેસ્થાપન કર્યા.

શેઠ પનજી તથા તેમની પત્ની દેવકીએ સં૦ ૧૭૦૭ના વૈશાખ સુદિના...રોજ અમદાવાદમાં ભટ્ટા૦ શ્રી વૃદ્ધિસાગરસૂરિનો વંદના મહોત્સવ કર્યો.

(૨) ભટ્ટા૦ શ્રી વૃદ્ધિસાગરસૂરિએ સં૦ ૧૭૪૫ના વૈશાખ વદિ ૨ ને મંગળવારે......માં પં૦ શ્રી નિધિસાગરને આચાર્ય પદવી આપી. ભટ્ટા૦ શ્રી લક્ષ્મીસાગરસૂરિ નામ રાખી પોતાની પાટે સ્થાપન કર્યા. શેઠ શાંતિદાસના પુત્ર શેઠ લક્ષ્મીચંદે આચાર્યપદવીના ઉત્સવમાં દ્રવ્ય-ખરચ કર્યું.

(૩) ભટ્ટા૦ શ્રી રાજસાગરસૂરિ સં૦ ૧૭૨૧ના ભાદરવા સુદિ ૬ ના રોજ અમદાવાદમાં સ્વર્ગસ્થ થયા.

(૪) ભટ્ટા૦ શ્રી વૃદ્ધિસાગરસૂરિ સં૦ ૧૭૪૭ના આસો સુદિ ૩ ને ગુરુવારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમદાવાદના રાજપુરામાં સ્વર્ગસ્થ થયા ત્યારે શેઠ લક્ષ્મીચંદ તથા શેઠ રતનજીના પુત્ર શા૦ અમીચંદ વગેરે ત્યાં હાજર હતા. તેઓએ ભક્તિ કરી સ્વર્ગગમન-ઉત્સવ ઊજવ્યો.

(– સં૦ ૧૭૫૫માં પં૦ શ્રી દીપસૌભાગ્યકૃત ભટ્ટા૦ શ્રી વૃદ્ધિસાગરસૂરિરાસ )

૫ નગરશેઠ લક્ષ્મીચંદ–એ નગરશેઠ શાંતિદાસનો ચોથો પુત્ર હતો. તેની માતાનું નામ વાછી દેવી હતું. તેને......નામે પત્ની હતી અને શા૦ ખુશાલચંદ નામનો પુત્ર હતો. તે બુદ્ધિશાળી. વ્યવહાર પ્રવીણ અને ધર્મપ્રેમી હતો. શેઠ શાંતિદાસના સ્વર્ગવાસ પછી તે અમદાવાદનો નગરશેઠ બન્યો.

સને ૧૬૫૭–૫૮ ( વિ૦સં૦ ૧૭૧૩–૧૪ )માં શાહજાદા ઔરંગઝેબ અને શાહજાદા મુરાદબક્ષે બંનેએ મળીને લૂંટારા કાનજી કોળીને પકડવા માટે તથા ઉજ્જૈનના રાજા જસવંતસિંહને જીતવા માટે ૮૮ હજાર સૈનિકોનું સૈન્ય ઊભું કરવા માટે શેઠ શાંતિદાસ પાસે પાંચ લાખ રૂપિયાની મોટી રકમની માગણી કરી હતી.

આથી શેઠ લક્ષ્મીચંદે શાહજાદા મુરાદબક્ષને તે રકમ પૂરી પાડી હતી.

શાહજાદા મુરાદબક્ષે પોતાનું કામ પતી જતાં સુરત, ભરૂચ, ખંભાત, અને વીરમગામની ઊપજની રકમ એકઠી કરી શેઠને આપી, વળી, મીઠાની ઊપજમાંથી અમુક રકમ આપી અને પાંચ લાખ રૂપિયામાંની ઘણી રકમની ભરપાઈ કરી આપી હતી.

શાહજાદા ઔરંગઝેબે પણ પોતાની ગુજરાતની સૂબાગીરીના કામ દરમિયાન શેઠના દેવાદારો શેઠને રકમ પાછી આપતા નહોતા તે અંગે હુકમ-ફરમાન કાઢી શેઠને પૂરેપૂરી રકમ દેણદારો પાસેથી અપાવી હતી.

ગુજરાતના દરેક સૂબા–શાહજાદા ઔરંગઝેબ, શાહજાદા દારા મહમ્મદ અને શાહજાદા મુરાદબક્ષ એ સૌ નગરશેઠ શાંતિદાસ અને શેઠ લક્ષ્મીચંદને બહુમાન આપતા હતા.

શાહજાદા મુરાદબક્ષે જ બાદશાહ શાહજહાંનું સં૦ ૧૭૧૩નાં

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

કાર્તિક સુદિ ૧ નું શેઠ શાંતિદાસને શ્રી શત્રુંજય પહાડ અને પાલિતાણા ગામ ઇનામમાં આપવાનું ફરમાન આપ્યું હતું.

(– પ્રક૦ ૪૪, પૃ૦ ૧૫૬ થી ૧૬૦, ફરમાન નં૦ ૧૭)

બાદશાહ ઔરંગઝેબે પણ લડાઈના મોખરેથી જુલસી સન ૩૨, તીરકંડ મહિનાની તા. ૯ મી. હીજરી સન ૧૦૬૮ રમજાન મહિનાની ૯–૧૦ મી તારીખ, સને ૨૩–૨–૧૬૫૮, ચૈત્રાદિ વિ૦ સં૦ ૧૭૧૪ના જેઠ સુદિ ૧૦ કે ૧૧ ના દિવસે એક ફરમાન લખી ગુજરાતના દીવાન રહેમતખાન ઉપર લખી મોકલ્યું હતું.

સાથોસાથ શેઠ શાંતિદાસે હીજરી સન ૧૦૬૧ના રજબ મહિનામાં ઔરંગઝેબને જે રકમ ધીરી હતી તે પેટે રાજ્યની તિજોરીમાંથી ઉપરનું કરજ પતાવવા, વિનાવિલંબે ભરી દેવાની તાકીદ આપી હતી.

(– તા. ૨૮–૪–૧૯૬૨નું 'ગુજરાત સમાચાર')

ઔરંગઝેબે શેઠ શાંતિદાસને શ્રી શત્રુંજય પહાડ તથા પાલિતાણા ગામ ઇનામમાં આપવાનું જે ફરમાન આપ્યું હતું, તેનો અંગ્રેજી તરજુમો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના રિપોર્ટમાં પ્રકાશિત થયો છે, જે નીચે પ્રમાણે છેઃ–

જૈનમ્ જયતિ શાસનમ્

તેનો સાર આ પ્રકારે છે—

"સોરઠ પ્રાંતમાં પાલિતાણા તાલુકો છે, જે અમદાવાદના સૂબાના હાથ નીચે છે, જેની આવક (કરવેરા વગેરે) બે લાખ રૂપિયાની થાય છે.[1]

શેઠ શાંતિદાસ ઝવેરીએ વિનંતી કરી કે હીજરી સન ૧૦૬૧ના રમજાન મહિનાની ૧૯ મી તારીખે કોર્ટે હુકમ કર્યો હતો કે આ પાલિતાણા પહાડ અરજદારને ઇનામ તરીકે મંજૂર કર્યો છે, તો મારી ઇચ્છા છે કે, તમારી કોર્ટ એવું ફરમાન પણ આપે

૧. બાદશાહ અકબરે શેખ અબુલફઝલને સૌરાષ્ટ્રમાં સાત વર્ષ રાખ્યો હતો. તેણે મહેસૂલની વ્યવસ્થા માટે સૌરાષ્ટ્રના આ પ્રમાણે નવ ભાગ પાડ્યા હતા.—૧. ઝાલાવાડ, ૨ સોરઠ, ૩ શ્રી શંત્રુજયવિભાગ ૪ વાલાક, ૫–૬–૭ વાઘેલાના વિભાગો, ૮ કાઠી, ૯ નાનો કચ્છ.

(– આઈન ઈ અકબરી, જે૦ ૫૦ છતિ૦ પ્રક૦ ૪૪ પૃ૦ ૬૭, પૃ. ૨૧૯)

કે અમે અરજદારને પહેલાંની જેમ પાલિતાણા તાલુકો કાયમી ઇનામ તરીકે આપીએ છીએ.

તો ગુજરાતના સૂબાઓ અત્યારના ત્યાંના નાયબ સૂબાઓ તથા ભવિષ્યના સૂબાઓની ફરજ છે કે તેઓ અમારા આ પવિત્ર ફરમાન—હુકમને હંમેશને માટે બરાબર માનતા રહે અને પાલિતાણા શત્રુંજય વિભાગ ઉપરના અરજદારના વંશ પરંપરાના હક્કો હાથમાં રહે. તેમ જ સૂબા કે વ્યવસ્થા કરનારાઓએ તેમની પાસેથી કર લેવા નહીં, બીજી માગણી પણ કરવી નહીં, અને માગણી માટે નવા નવા પ્રશ્નો ઉઠાવવા નહીં. અને તેમની પાસે દર વર્ષે આ અંગેની સનદ પણ માગવી નહીં.

તે સૂબાઓ અને નાયબ સૂબાઓએ આ મર્યાદા પ્રમાણે જ વર્તવું. આમાં ફેરફાર કરવો નહીં. હીજરી સન ૧૦૬૮ તીરકસ મહિનાની તા. ૯ મી.

આ ફરમાનના પાછળના ભાગમાં લખાણ છે કે—નવાબનું ફરમાન—અનેક વિશેષણોવાળા પ્રખ્યાત વિજયી રાજકુમાર મહમ્મદ સુલતાન બહાદુર વિજયી મહમ્મદ ઔરંગઝેબ શાહ-બહાદુરના પુત્ર. હીજરી સન ૧૦૬૮ તીરકસ મહિનાની તા. ૯ મી.]

નોંધ—બાદશાહ શાહજહાં અને ઔરંગઝેબે નગરશેઠ શાંતિદાસ ઝવેરીને પાલિતાણા ગામ અને શ્રી શત્રુંજય પહાડ ઇનામમાં આપ્યાં હતાં, તે પછી નગરશેઠના કુટુંબે જ ગારિયાધારના ગોહેલોને વળાવો-ચોકીનું રખોપું આપી તે ગોહિલોને પાલિતાણામાં વસાવ્યા હતા. આર્થિક મદદ આપી પાલિતાણા પ્રદેશના રાજા બનાવ્યા હતા. પણ રખોપાના પ્રશ્ને રુઆબનું રૂપ લીધું ત્યારે અંગ્રેજ સરકારે વચમાં દખલ કરી રખોપામાંથી ટેક્સનું જે ધોરણ બાંધ્યું તેમાંથી નગર-શેઠના કુટુંબના સૌ મનુષ્યો માટે તા. ૨૭–૩–૧૮૮૨ના રોજ માફી જાહેર કરાવી હતી.

શેઠ લક્ષ્મીચંદે સં૦ ૧૭૪૫ના વૈશાખ વદિ ૨ ના રોજ ભટ્ટા૦ શ્રી લક્ષ્મીસાગરસૂરિનો પાટ–ઉત્સવ ઘણું દ્રવ્ય ખરચીને કરાવ્યો અને સં૦ ૧૭૪૭ના આસો સુદિ ૩ ને ગુરુવારે અમદાવાદના રાજ-

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

પુરામાં ભટ્ટા૦ શ્રી લક્ષ્મીસાગરસૂરિ બીમાર થતાં તેમની ખૂબ ભક્તિ કરી. છેવટે તેમણે સૂરિજીનો સ્વર્ગગમન–ઉત્સવ ઊજવ્યો.

૯. નગરશેઠ ખુશાલચંદ ( સ્વર્ગ૦ સને ૧૭૪૮, વિ૦ સં૦ ૧૮૦૫ )

શેઠ ખુશાલચંદે અમદાવાદમાં વાઘણપોળમાં પોતાના દાદા નગરશેઠ શાંતિદાસના પુણ્યાર્થે તેની યાદગીરીમાં ભગ૦ શ્રી આદીશ્વરનો મોટો જિનપ્રાસાદ બંધાવ્યો અને તેમાં સં૦ ૧૬૮૨માં અંજનશલાકા થયેલ જિન પ્રતિમાઓ લાવી પધરાવી.

અમદાવાદ શહેરની પ્રજાની રક્ષા ( વિ૦ સં૦ ૧૭૮૨ ) સને ૧૭૦૫ થી ૧૭૬૫ સુધીમાં મરાઠા, પઠાણ, પેશવા અને ગાયકવાડ વગેરે પક્ષો ગુજરાતમાં સૌરાષ્ટ્રમાં પોતાનું રાજ્ય સ્થાપવા મથતા હતા. આથી કોઈ પણ પક્ષનો અમદાવાદ ઉપર ઓચિંતો હલ્લો થતાં પરિણામે જનતાના જાન, ધન–માલ વગેરે નુકસાની સહન કરવી પડતી. ત્યારે ગુજરાતમાં હીજરી સનનો વ્યવહાર હતો.

હીજરીસન ૧૧૩૭, સને ૧૭૨૫ અને ચૈત્રાદિ વિ૦સં૦ ૧૭૮૨માં અમદાવાદ ઉપર એકાએક આફત આવી. તે પહેલાં અહીં કમાલુદ્દીન બાબી સૂબો હતો અને તે પછી અહીં મોમીનખાન સૂબો થયો હતો. તથા વજીર બાદશાહ કમરુદ્દીન દિલ્હીવાળો હતો.

હીજરીસન ૧૧૩૭માં દક્ષિણના લૂંટારા મરાઠાઓએ અમદાવાદને લૂંટવા અમદાવાદની જનતાને મારી નાખવા–બાન પકડવા ઘેરો ઘાલ્યો અને શહેરનો કબજો લઈ પ્રજાને લૂંટવી એવી ધાસ્તી બતાવી.

આથી શહેરના ઉદ્યમ–વેપાર બંધ થયા. શહેર બહાર જવા–આવવાનું બંધ થયું. શાહુકાર વગેરે હેરાન થયા ત્યારે નગરશેઠ ખુશાલચંદ મરાઠા સરદારને મળ્યા અને મોટી રકમ આપી, સમજાવી ફોજેનો ઘેરો ઉઠાવરાવ્યો. આથી અમદાવાદના માણસો, સ્ત્રીઓ, છોકરાં, માલમિલકત બધું બચી ગયું ને વેપાર ચાલુ થયો. નગરશેઠે શહેર ઉપર મોટો અહેસાન કર્યો. આથી શહેરના મોટા હિંદુ-મુસલમાન શાહુકારો, બીજા નાના શાહુકારો, વેપારીઓ તથા વિવિધ હુન્નર–ઉદ્યોગવાળા બધાએ મળીને નિર્ણય કર્યો કે —

"રૈયતની જમાબંધી ઉપર દર સેંકડે ચાર આના નગરશેઠ

જૈ. ૧૨

જૈન સાઈટ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખુશાલચંદ, તેનો પુત્ર નથુશા વગેરેને તથા તેઓના વંશવારસદારોને વંશપરંપરાના હક્કો આપીશું.”

આ પ્રમાણે સહી સિક્કા સાથે લખાણ કર્યું.

સૂબા કમરુદ્દીનખાનને આ લખાણ બતાવ્યું અને પાસ કરાવ્યું. તેમજ અમદાવાદના મોટા વ્યાપારી, સોદાગર હિંદુ–મુસલમાન સૌએ હીજરી સન્ ૧૧૩૭ શાઅબાન મહિનાની ૧૦મી તારીખે શેઠ ખુશાલચંદ લક્ષ્મીચંદે પ્રજાના જાન–માલ બચાવી ઉપકાર કર્યો તે બદલ કોઠીની છાપના કાપડમાંથી દર સેંકડે ચાર આના આપવાના પોતાના પૂર્વજોના કાગળને સમર્થન આપ્યું.

શેઠ નથુશાહે રઘુનાથ બાજીરાવને – સરકારને આ રકમ બરાબર મળતી રહે તે માટે અરજી કરી હતી અને એ અંગે પાકી સનદ મેળવી હતી.

મોગલ રાજકાળમાં નગરશેઠના વંશજોને આ જકાતની રકમ બરાબર મળતી હતી; પરંતુ બ્રિટિશ રાજ્યે તા. ૨૮–૯–૧૮૮૩ના પત્રો વગેરે તપાસી–મેળવી તા. ૨૫–૭–૧૯૨૦ના રોજ આ રકમને બદલે દરસાલની ઉચક રકમ રૂપિયા ૨૧૩૩ આપવાનું નક્કી કર્યું. આ રકમમાંથી નગરશેઠનાં સ્ત્રી-પુરુષો જેઠ વદિ ૯ના રોજ જમણ જમતાં હતાં.

(– પ્રક૦ ૪૪, પૃ૦ ૧૭૧ થી ૧૭ – ફરમાન ૨૭મું.)

## જિન પ્રતિમાઓનું સ્થાનાંતર (વિ૦ સં૦ ૧૭૯૯)

સદ્ગત ઇતિહાસ લેખક શ્રી. મગનલાલ વખતચંદ લખે છે કે –

“સૂબા ઔરંગઝેબે રાજ્યના ખરચે શ્રી. ચિંતામણિ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ જે પહેલાં હતો તેવો બનાવી શેઠ શાંતિદાસને સોંપ્યો પણ ફરી વાર તેના ઉપર આફત આવી પડી.

ગુજરાતમાં જોધપુરનો રાજા અભયસિંહ રાઠોડ સૂબો હતો. તેના વતી રત્નસિંહ ભંડારી ગુજરાતનો સૂબો બન્યો હતો.

(– પ્રક૦ ૪૪, પૃ૦ ૨૨૮)

તે પછીના સૂબાના સમયે એક મુસલમાન અમલદારના

जैनम् जयति शासनम् JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લેજામાં એવી ધૂન આવી કે આ દેરું ( મંદિર ) વટલાવી, તેમાં પેસી નિમાઝ પઢાવવી જોઈએ.

શેઠ ખુશાલચંદે આ વાત સાંભળી. તેમણે ત્યાંની જિન-પ્રતિમાઓને ઉઠાવી ગાડાંઓ મારફત ઝવેરીવાડમાં લઈ આવ્યા. તેમાંની ત્રણ મોટી પ્રતિમાઓને શેઠ ખુશાલચંદે શેઠ શાંતિદાસની સ્મૃતિમાં બનાવેલ ભગ૦ શ્રી આદીશ્વરના ભોંયરામાં પધરાવી અને મૂળનાયક શામળા ચિંતામણિ પાર્શ્વનાથને ઝવેરીવાડના શેઠ વખતચંદના પુત્ર સૂરજમલે બનાવેલા જિનાલયમાં પધરાવી. આ દેરાસર આજે વાઘણપોળમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસર તરીકે પ્રસિદ્ધ છે.

મુસલમાનોએ સરસપુરનો જિનપ્રાસાદ વટલાવ્યો. રંગ-મંડપ, ઘૂમટ, પૂતળીઓ વગેરેને તોડી-ફોડી વિકૃત કરી નાખ્યાં. આ જૂનું દેરાસર સરસપુરની પશ્ચિમે બિસ્માર હાલતમાં વિદ્યમાન છે.

( – અમદાવાદનો ઇતિહાસ, પૃ૦ ૧૪૨–૧૪૩ )

બીબીપુરનો આ જિનપ્રાસાદ સરસપુરમાં ખંડેર રૂપે ઊભો છે. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના દર્શન માટે ઘણા ભાઈબહેનો આવે છે. આ સ્થાન પ્રભાવશાલી મનાય છે.”

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

( – પ્રક૦ ૫૯, ચિંતામણી પાર્શ્વનાથ જિનપ્રાસાદ, પ્રક૦ ૪૪, પૃ૦ ૧૦૧ )

## વૃદ્ધવાણી –

શા૦ મગનલાલ વખતચંદે ઉપર્યુક્ત દેરાસરનો જે ઇતિહાસ આપ્યો છે તે અંગે વૃદ્ધવાણી પરંપરાથી તેવી ચાલે છે કે :—

શેઠ ખુશાલચંદ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનપ્રાસાદની પ્રતિમાઓને શેઠ શાંતિદાસે જે ત્યાંથી પોતાની હવેલી સુધી સુરંગો બનાવી હતી તે રસ્તે રથો મારફત બધી પ્રતિમાઓને ઉઠાવી લાવ્યા.

શેઠ ખુશાલચંદે શ્રી આદીશ્વરનો જિનપ્રાસાદ બંધાવ્યો હતો તેમાં શ્રી ધર્મનાથ વગેરે જિનપ્રતિમાઓ હતી તેને ઉપર લાવી પધરાવી અને ભોંયરામાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિનાલયમાંથી લાવેલી વિશાળકાય શ્રી આદિનાથની ત્રણ પ્રતિમાઓને પધરાવી. આજે એ ત્રણ પ્રતિમાઓ તેમાં બિરાજમાન છે.

આ ઉપરના ઇતિહાસમાં અને વૃદ્ધવાણીમાં ઘણું સત્ય છુપાયેલું છે પરંતુ વિશેષ તપાસને અંતે જાણવા મળે છે કે—

શેઠ ખુશાલચંદ વિ.સં૦ ૧૭૯૯માં કે ૧૮૦૦માં મુસલમાનો શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયને તોડી-ફોડી નાખશે એ ભયથી અગમચેતી વાપરી તે જિનાલયની બધી પ્રતિમાઓ ઝવેરીવાડમાં લઈ આવ્યા. તેમાંની ૩ જિનપ્રતિમાઓ શેઠ ખુશાલચંદના દેરાસરમાં, એક પ્રતિમા શ્રીપાલ ઝવેરીએ બંધાવેલા જગવલ્લભ પાર્શ્વનાથના દેરાસરમાં, અને શ્રી. ચિંતામણિ પાર્શ્વનાથની એક મૂળનાયક પ્રતિમાને શેઠ સૂરજમલે બંધાવેલા નવા દેરાસરમાં પધરાવી હોય એ હકીકત બરાબર લાગે છે.

વિશેષમાં બીબીપુર શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનાં ત્રણ શિખરોના ત્રણ ગભારા હતા. ત્રણ મૂળનાયકો હતા તે પૈકીના બે બાજુમાંની એક મૂળનાયક પ્રતિમાને પણ શ્રીપાલ ઝવેરીના દેરાસર જગવલ્લભ પાર્શ્વનાથના ઉપરના ભાગમાં પધરાવી હોય એમ લાગે છે.

એકંદર આ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની જિનપ્રાસાદની સં૦ ૧૬૮૨ની પ્રતિમાઓની ઘણી પ્રતિમાઓ આજે શેઠ ખુશાલચંદના શ્રી આદીશ્વરના જિનપ્રાસાદમાં, શેઠ શ્રીપાલ ઝવેરીના જગવલ્લભ પાર્શ્વનાથ જિનાલયમાં, શેઠ વખતચંદના છઠ્ઠા પુત્ર શેઠ સૂરજમલના જિનાલયમાં તેમજ શેઠ વખતચંદ, ધર્મપત્ની તથા પુત્રોએ સં૦ ૧૮૫૫ના ફાગણ સુદિ ૨ ના રોજ અમદાવાદની વાઘણપોળમાં બંધાવેલા શ્રી અજિતનાથના જિનાલયમાં અને સરસપુર ગામમાં બનેલા નવા જિનાલય, વગેરેમાં વિદ્યમાન છે.

વૃદ્ધો કહે છે કે,

શેઠ વખતચંદે શ્રી આદિનાથ, શ્રી પાર્શ્વનાથ, શ્રી અજિતનાથનાં જિનાલયો ઊજમબાઈની હવેલી (ઉજમફોઈની ધર્મશાળા) વચ્ચે ગુપ્ત સુરંગ બનાવી રાખી હતી કે આસમાની સુલતાનીના સમયમાં એ કામ લાગે.

ઉપર જણાવેલો શ્રી. મગનલાલ વખતચંદનો ઇતિહાસ તથા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૃદ્ધવાણી વગેરે ઉપર ગંભીર પરિશીલન કર્યા પછી અમને લાગે છે કે તે વિચારો માની તેમાં ફેરફાર કરવો જરૂરી છે.

( ૧ ) સં૦ ૧૬૮૨માં શેઠ શાંતિદાસે શ્રી ચિંતામણિ જિનપ્રાસાદથી ઝવેરીવાડ સુધી ભૂગર્ભમાં સુરંગો બનાવી હતી પણ સં૦ ૧૭૦૫માં બાદશાહી ખર્ચે જિનપ્રાસાદ ફરીથી બંધાયો ત્યારે આ સુરંગો બનાવી નહીં હોય.

( ૨ ) શેઠ ખુશાલચંદ સં૦ ૧૭૯૯માં કે ૧૮૦૦માં ત્યાંની બધી જિનપ્રતિમાઓ ઝવેરીવાડમાં લાવ્યા તે સુરંગ વાટે નહીં પણ કોઈને જાણ ન થાય તેવા રસ્તે લાવ્યા હોય.

( ૩ ) શેઠે આ દરેક જિનપ્રતિમાઓને પ્રથમ ઝવેરીવાડમાં લાવી કોઈને ખબર ન પડે તેમ ગુપ્ત સ્થાને ભંડારી રાખી હોય. પછી તેમણે અથવા તેમના પુત્રોએ નવાં નવાં જિનાલયો બંધાવી તેમાં પધરાવી હોય.

( ૪ ) વિશાલકાય જિનપ્રતિમાઓને લાવી શેઠ ખુશાલચંદના જિન-પ્રાસાદમાં બેસાડી હોય પણ પ્રતિમાઓ વિશાલકાયની હોવાથી લાવતાં લાવતાં નજીવી તૂટફૂટ થઈ હોય.

આથી તે સમયના ભટ્ટારકની આજ્ઞાથી તેમની પ્રાણપ્રતિષ્ઠા ખેંચી લઈ ઉચિત સાધનોથી સંસ્કાર આપી ફરીથી પ્રાણપ્રતિષ્ઠા કરી હોય. અથવા તે પ્રતિમાઓ રસ્તામાં વ્યંગ થઈ જતાં સં૦ ૧૮૦૦માં તેવી જ બીજી જિનપ્રતિમાઓ બનાવી તેને શ્રી આદીશ્વર-ના દેરાસરમાં પધરાવી હોય.

શ્રી આદીશ્વરના જિનાલયના ભોંયરામાં બિરાજમાન શ્રી આદી-શ્વર ભગવાનની મોટી ત્રણ પ્રતિમાઓની ગાદીમાં ઉત્કીર્ણ લેખો વાંચ્યા પછી અમે ઉપર્યુક્ત ચોથી હકીકતની કલ્પના કરી છે.

આ ત્રણે પ્રતિમાઓમાં થોડા ફેરફાર સાથે નીચે પ્રમાણે લેખ ઉત્કીર્ણ છે.—

"॥ श्री ॥ संवत् १८०० वर्षे शाके १६६६ प्रवर्तमाने ज्येष्ठ-सुदि १० गुरौ श्री अहिमदावादवास्तव्य-ओशवंशज्ञातीय-वृद्धशाखायां पु० यपवित्रश्रेष्ठि शान्दिास-सहस्रकिरण-तत्पुत्रश्रेष्ठिलक्ष्मीचन्द्र—तत्पुत्र

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**श्रेष्ठ खुशालचन्द्रेण श्री आदिनाथबिम्बं कारितं प्रतिष्ठितं सकलसंघसाहाय्येन प्रतिष्ठितं सागरगच्छे भ० श्री राजसागरसूरि-तत्पट्टे भट्टा० श्रीवृद्धिसागरसूरि–तत्पट्टेभट्टा० श्री कल्याणसागरसूरिभिः॥ संघस्य मुख्यबिरुदधारिणा शान्तिदास शुभधर्मसूरिणा भद्रं करोतु संघस्य ॥"**

સ્પષ્ટ વાત છે કે, "શેઠ ખુશાલચંદે સં૦ ૧૮૦૦માં પ્રાચીન જિનપ્રતિમાઓને સંસ્કાર આપી અથવા તેના જેવાંજ હૂબહૂ જિન-બિંબો બનાવી શ્રી કલ્યાણસાગરસૂરિના હાથે સ્થાપન કર્યાં છે."

એવો પણ ઉલ્લેખ મળે છે કે, શેઠ ખુશાલચંદ ગુજરાતના હીરા હતા. તેમને આસફઝા નિઝામ ઉલ્મુલ્ક કહેતા. તેઓ સને ૧૭૪૮ (વિ૦ સં૦ ૧૮૦૫)માં સ્વર્ગસ્થ થયા.

ગાયકવાડ સરકારે તેમના કુટુંબને દર સાલ એક હજાર રોકડા રૂપિયા આપવાનો હક્ક લખી આપ્યો હતો. અને રાજ્યના ખરચે પાલખી સોંપી હતી.

(– ફાર્બસ 'રાસમાળા' પ્રસ્તાવના, 'નગરશેઠ શાંતિદાસનો રાસ–સમાલોચના' પૃ૦ ૩૧, ૩૩; ગુજરાતનું પાટનગર અમદાવાદ )

નગરશેઠ ખુશાલચંદને ત્રણ પુત્રો હતા. ૧. શેઠ નથુશાહ, ૨. શેઠ જેઠમલ અને ૩. શેઠ વખતચંદ.

૭. શેઠ નથુશાહ — આ શેઠ ખુશાલચંદનો મોટો પુત્ર હતો. ઉદાર હતો. ગર્ભશ્રીમંત, પરગજુ અને પ્રજાવત્સલ હતો. તેણે કટો-કટીમાં અમદાવાદની પ્રજાના સંરક્ષણના કાર્યમાં પોતાનું ધન ખરચ્યું હતું.

(૧) સને ૧૭૨૫ (વિ૦ સં૦ ૧૭૮૨)માં મરાઠા સૈન્યે અમદા-વાદને ઘેરો ઘાલી અમદાવાદ તાબે કરી જનતાને લૂંટવાનું નક્કી કર્યું હતું ત્યારે શેઠ ખુશાલચંદ તથા શેઠ નથુશાહે મરાઠા સરદારને મોટી રકમ આપી, ખુશ કરીને અમદાવાદનો ઘેરો ઉઠાવડાવ્યો હતો.

અમદાવાદની પ્રજાએ આ અહેસાનના બદલામાં તેમને તથા

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

તેમના કુટુંબના વંશજોને ગામનાં કાલાંની જકાતમાંથી દર સેંકડે ચાર આના આપવાનો હક્ક–પટ્ટો કરી આપ્યો હતો. શેઠ નથુશાહે રઘુનાથ બાજીરાવને આ હક્ક પ્રમાણે હમેશાં રકમ મળતી રહે એની અરજી કરી નવી સનંદ મેળવી હતી.

( પ્રક૦ ૪૮, પૃ૦ ૧૭૦ થી ૧૭૬ )

(૨) દિલ્હીમાં ૨૧ મો બાદશાહ આલમગીર થયો. તેને ઈસ્ટ ઈંડિયા કંપનીએ રૂા. ૨૬૦૦૦૦૦–છવ્વીસ લાખનું વર્ષાસન બાંધી આપી અલાહાબાદમાં વસાવ્યો, તેમજ બંગાળના નવાબ મુબારક ઉદ્દૌલા અને જગતશેઠને વર્ષાસન બાંધી આપ્યાં.

બાદશાહ આલમગીર ( ત્રીજા ) વતી લૉર્ડ ગાર્ડન અને બંગાળના નવાબ...ઉદ્દૌલાએ વિ૦ સં૦ ૧૮૩૬ના મહા વદિ ૧૧, ૧૨, ૧૩ના દિવસોમાં અમદાવાદને ઘેરો ઘાલ્યો. જનરલ ગાર્ડને સં૦ ૧૮૩૬ મહા વદિ ૧૩ ના રોજ તા. ૧૭–૨–૧૭૮૦ના દિવસે અમદાવાદને જીતી લીધું. પછી પોતાના સૈનિકોને મરજીમાં આવે તેમ અમદાવાદને લૂંટવાનો હુકમ કર્યો.

એ સમયે આ લૂંટને રોકવા લૉર્ડ ગાર્ડનને સમજાવવા નગરશેઠ નથુશાહ, શહેર કાજી શેખ મહમ્મદસાલે અને બાદશાહી દીવાન મીયાં મિરજા અબુ એ ત્રણ જણા મળ્યા. તેને લૂંટનો હુકમ પાછો ખેંચી લેવા જણાવ્યું, ખૂબ સમજાવ્યો, ઘણી કોશિશ કરી પણ તેણે માન્યું નહીં.

શહેરકાજી અને દીવાને શેઠ નથુશાહને જણાવ્યું કે, આને મોટી રકમ આપવાથી કદાચ માની જાય અને શહેરને લૂંટવાથી રોકાય. શેઠે તરત જ જનરલ ગાર્ડનની સામે મોટી રકમની થેલી નજરાણા તરીકે મૂકી. તેથી તે ખુશ થયો. તેણે પોતાના સૈનિકોને તરત જ હુકમ કર્યો કે, અમદાવાદને લૂંટશો નહીં તેમજ શેઠના કહેવાથી તેણે તેની પાસેથી શાંતિનો ઢંઢેરો લખાવ્યો અને પિટાવ્યો કે, ‘ હવે જનતાને કોઈ લૂંટશે નહીં. સૌ નિશ્ચિંત બની પોતપોતાના રોજિંદા કામ કરે. ’ લૂંટ ફરી બંધ થઈ. નગરશેઠની રકમે કામ કર્યું. પ્રજા આનંદિત થઈ.

(સને ૧૯૨૪નો ‘ ગુજરાતી સાહિત્ય પરિષદનો

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રિપોર્ટ', 'જૈન સત્ય પ્રકાશ' ક્રમાંક ૯૮, પૃ૦ ૪૭ થી ૫૪, ગુજરાતનું પાટનગર અમદાવાદ પ્રક૦ ૧૩, ૧૪ જૈ. પ. ઈ. પ્રક૦ ૪૪, પૃ૦ ૧૧૦, ૧૧૧, ૧૮૨, ૧૮૩)

શેઠ નથુશાહના વંશમાં અનુક્રમે (૮) દીપાશાહ, (૯) હીરાશાહ, (૧૦) તલકચંદ, (૧૧) ચુનીલાલ વગેરે થયા છે.

૭. શેઠ જેઠમલ — તે નગરશેઠ ખુશાલચંદનો બીજો પુત્ર હતો.

## જેઠાશાહનો ચોતરો —

મકાખાડી (શત્રુંજય પહાડના ચડાવમાં રસ્તા ઉપર) આશરે ૭ ફૂટ ઊંચો એક ચોતરો છે. ચડતાં ચડતાં તે ચોતરા પાસે ઊભા રહીએ તો ત્યાંથી પહાડ ઉપરની નવે ટૂકનાં જિનાલયોનાં ભવ્ય શિખરોનાં દર્શન થાય છે. ત્યાંથી આગળ ચાલીએ એટલે હનુમાનના હડે જવાય છે. આ ચોતરો જેઠાશાહનો ચોતરો કહેવાય છે.[1]

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

શેઠ જેઠમલના વંશમાં મનુક્રમે (૮) રાયચંદજી, (૯) મૂળચંદ, (૧૦) હરિલાલ—

તેમણે સં૦ ૧૯૬૯ના ફાગણ સુદિ ૨ના રોજ શ્રી મહાવીર જિનપ્રાસાદમાં લાકડાનો ભંડાર બનાવીને મૂકયો.

૭. નગરશેઠ વખતચંદ — તે નગરશેઠ ખુશાલચંદનો ત્રીજો પુત્ર

---

૧. જેઠાશાહ નામની ત્રણ પ્રસિદ્ધ વ્યક્તિઓ હતી તે આ પ્રમાણે —

(૧) અમદાવાદના શાહ દેપર શ્રીમાલીના વંશના (૯) સંઘવી ઘેલાશાહનો પૌત્ર. સંભવ છે કે તેના પૌત્ર સં૦ કુંઅરજીએ વિ૦ સં૦ ૧૬૧૫ કે ૧૬૨૦માં આ ચોતરો બનાવ્યો હોય.

(— પ્રક૦ ૪૫, પૃ૦ ૩૪૪)

(૨) અમદાવાદના નગરશેઠ શાંતિદાસ ઝવેરીના પૌત્ર નગરશેઠ ખુશાલચંદનો પુત્ર. સંભવ છે કે, નગરશેઠ ખુશાલચંદના પૌત્ર નગરશેઠ હેમાભાઈએ આ ચોતરો બનાવ્યો હોય.

(— પ્રક૦ ૫૮, ૫૯ નગરશેઠ)

(૩) શત્રુંજયની મોતીશાહની ટૂકમાં સં૦ ૧૮૮૩માં બનાવેલો વીશા ઓશવાલ શેઠ જેઠાચંદે ૧૦૨૪ શિખરવાળો સહસ્રકૂટ છે. આ જેઠાચંદના નામે આ ચોતરો બન્યો હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતો, અને અમદાવાદનો નગરશેઠ હતો. બાલપણથી જ તે બુદ્ધિમાન, કાર્યદક્ષ, ચતુર, પરગજુ અને ધર્મપ્રેમી હતો.

ઇતિહાસ કહે છે કે, કર્નલ હર્ટલીએ વિ૦ સં૦ ૧૮૩૬ના મહા સુદિ ૧૧ ( તા. ૧૫–૧૧–૧૭૮૦ )ના રોજ અમદાવાદ સર કર્યું. અને અમદાવાદને લૂંટવાનો હુકમ આપ્યો ત્યારે[1] શેઠ વખતચંદ ખુશાલચંદ, (૨) શહેર કાજી શેખ મહમ્મદસાલે તથા (૩) બાદશાહી દીવાન મિયાં મિરઝા અબુ એ ત્રણે જણાએ કર્નલ હર્ટલી પાસે જઈ કરગરીને લૂંટ બંધ રાખવી હતી અને શાંતિનો ઢંઢેરો પિટાવ્યો હતો.

( – અમદાવાદનો પ્રાચીન ઇતિહાસ, ગુજરાતી પંચ સં૦ ૧૯૬૬નો દિવાળી અંક, સ્વ૦ મગનલાલ વખતચંદ કૃત અમદાવાદનો ઇતિહાસ, પૃ૦ ૮૪, ફાર્બસકૃત રાસમાળા – પ્રસ્તાવના )

નગરશેઠ વખતચંદ અને પાલિતાણાના ૧૨ મા ઠા૦ ઉન્નડજી બંને ગાઢ મિત્રો હતા. ઠા૦ ઉન્નડજીને ભાવનગરના ઠા૦ વખતસિંહજી સાથેની લડાઈમાં આરબો વગેરે સેનાનું ઘણું ખરચ થવાથી નાણાભીડ આવી. તેણે વિ૦ સં૦ ૧૮૩૯માં નગરશેઠ ખુશાલચંદને પાલિતાણા અને બીજાં ગામો ગોંડલના શુભાજીને વચ્ચે જામીન રાખી મૂળ ગરાશિયાના હક્ક સાથે ઇજારે આપ્યાં.

( – પ્રક૦ ૪૪, પૃ૦ ૨૪૪, ૨૪૫ )

અમદાવાદના સૂબાએ વિ૦ સં૦ ૧૮૬૪ ( સને ૧૮૦૮ )માં અપુત્રીયાના ધનના વારસાહક્કો માટે ગરબડ કરી. આથી શેઠ વખતચંદે સૂબાને મળી–સમજાવીને નક્કી કરાવ્યું કે " અપુત્રીયાનું ધન મરનારનાં દોહિત્ર કે પુત્રીને મળે. "

( – ગુજરાતનું પાટનગર અમદાવાદ, પ્રક૦ ૧૪, પૃ૦ ૧૫૬, પ્રક૦ ૨૦, પૃ૦, ૭૩૯ )

## શેઠ વખતચંદ અને શેઠાણી જડાવબાઈનાં ધર્મકાર્યો ––

શેઠ વખતચંદને જડાવ નામે પત્ની હતી તથા સાત પુત્રો હતા. આ જડાવબાઈ ખંભાતના શેઠ જયચંદ હીરાચંદની પુત્રી હતી.

શેઠ અને શેઠાણીએ કરેલાં ધર્મકાર્યો જાણવા જેવાં છે.––

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( ૧ ) સં૦ ૧૮૦૦માં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનપ્રાસાદની પ્રતિમા લાવી ગુપ્ત સ્થાને પધરાવી. તે પ્રતિમા રસ્તામાં કંઈ ખંડિત થતાં તેને ઉચિત ન્યાય આપ્યો હોય અગર તે જ માપની નવી પ્રતિમાઓ ભરાવી હોય. એ પ્રતિમાઓની ભટ્ટા૦ શ્રી કલ્યાણસાગરસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી.

( ૨ ) સં૦ ૧૮૫૫ના ફાગણ સુદિ ૨ ના રોજ વાઘણપોળમાં શ્રી અજિતનાથનો જિનપ્રાસાદ બનાવવો શરૂ કર્યો અને સં૦ ૧૮૬૦ના બીજા ચૈત્ર સુદિ ૧૧ના વિજયમુહૂર્તે ભટ્ટા૦ શ્રી ઉદયસાગરસૂરિના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી.

( — નગરશેઠ શાંતિદાસનો રાસ, પૃ૦ ૮૪ )

( ૩ ) સં૦ ૧૮૯૮ના વૈશાખ સુદિ ૩ને બુધવારે શેઠ ખુશાલચંદે બનાવેલ શ્રી આદીશ્વરના જિનપ્રસાદના ભોંયરામાં આદીશ્વરની ત્રણ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી અને સં૦ ૧૬૮૨ના લેખવાળી બીજી જિનપ્રતિમાઓને તે જિનાલયમાં પધરાવી.

( ૪ ) સં૦ ૧૮૯૮માં શેઠ વખતચંદના છઠ્ઠા પુત્ર સૂરજમલે બનાવેલ જિનાલયમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

( ૫ ) શ્રી ચિંતામણિ જિનપ્રાસાદમાં શ્રી સંભવનાથ અને શ્રી શાંતિનાથનાં નાનાં નાનાં જિનાલયો બનાવ્યાં.

( ૬ ) શેઠ વખતચંદની પત્ની જડાવબાઈએ શ્રી મહાવીરસ્વામીનો જિનપ્રાસાદ બનાવી તેની પ્રતિષ્ઠા કરાવી.

( ૭ ) શેઠ વખતચંદે શ્રી અજિતનાથ, શ્રી. આદીશ્વર અને શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનાં જિનાલયો તેમજ પોતાની ઊજમબાઈવાળી હવેલીની વચ્ચે એકબીજામાં જઈ શકાય તેવું ભોંયરું બનાવ્યું.

સંભવતઃ તેમના પુત્રોએ સં૦ ૧૯૦૨માં આ ત્રણે જિનપ્રાસાદોની પ્રતિષ્ઠા કરાવી ત્યારે આ ભોંયરું પૂરી દીધું.

( ૮ ) શેઠ વખતચંદે શ્રી અજિતનાથના જિનપ્રાસાદની પાછળ સાગરગચ્છની મોટી પોષાળ બનાવી.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

( ૯ ) શેઠ વખતચંદના સમયે અમદાવાદના ઝવેરીવાડમાં મોટાં ૨૭ જિનાલયો હતાં.

( ૧૦ ) શેઠ વખતચંદે ભટ્ટા૦ શ્રી આણંદસાગર અને ભટ્ટા૦ શ્રી શાંતિસાગરની અધ્યક્ષતામાં અમદાવાદથી શત્રુંજય તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો.

ઉલ્લેખ મળે છે કે તે વખતે પાલિતાણામાં ઠા૦ ઉન્નડજી હતો.

( – નગરશેઠ શાંતિદાસનો રાસ–નિવેદન, પૃ૦૭,. ૧૪ થી ૧૯ )

ગાયકવાડ સરકાર ગોવિંદરાવે શેઠ–અલદ રાજેશ્રી વખતચંદ ખુશાલચંદને દરસાલ માટે આબદાગીરી તથા મશાલ અને તે માટે બે માણસોનો ખરચ અને તેમનો ખરચ આપવાની સનદ આપી હતી. તેમજ દર સાલના રોકડા ૧૦૦૦ રૂપિયાનો હક્ક કરી આપ્યો હતો. અને સરંજામની વ્યવસ્થા કરી આપી હતી. એ જ રીતે માનાજી ગાયકવાડે પણ ગોવિંદરાવની આબદાગીરીને કાયમ રાખી હતી.

( – પ્રક૦ ૪૪, પૃ, ૧૭૪, ૧૭૫ )

JAINSITE .com जैनम् जयति शासनम्

શેઠ વખતચંદ વિ૦ સં૦ ૧૮૭૦ના ફાગણ વદિ ૪ ને રવિવારના રોજ વિજયમુહૂર્તમાં અમદાવાદમાં સ્વર્ગસ્થ થયા. તેમના પાંચમા પુત્ર નગરશેઠ હિમાભાઈએ ( ભાર્યા કંકુબેને ) પિતાજીના મરણ પાછળ અમદાવાદ અને વડોદરા એમ બંને શહેરોની જનતાને સં૦ ૧૮૭૦ના વૈશાખ સુદિ ૯ ના રોજ ઘેબરનું જમણ આપી ધુમાડાબંધ ગામો જમાડ્યાં હતાં.

ઉપા૦ શ્રી ક્ષેમવર્ધન ગણીએ સં૦ ૧૮૭૦ના અષાડ સુદિ ૯ ના રોજ અમદાવાદમાં શેઠ શાંતિદાસનો 'પુણ્યપ્રકાશરાસ' રચ્યો, તેમાં શેઠ વખતચંદ સુધીનો ઈતિહાસ આપ્યો છે.

ભટ્ટા૦ શ્રી આનંદસાગરસૂરિ ત્યારે અમદાવાદમાં અને ભટ્ટા૦ શ્રી શાંતિસાગરસૂરિ પાટણમાં ચાતુર્માસ સ્થિત હતા.

શ્રી. ઉજમબાઈએ વિ૦ સં૦ ૧૯૧૬ના શ્રાવણ સુદિ ૨ ના રોજ શા૦ જીવરાજ પાસે તેની નકલ કરાવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## નગરશેઠ વખતચંદનો પરિવાર —

નગરશેઠ વખતચંદને જડાવબેન નામે ભાર્યા હતી. તેનાથી તેમને સાત પુત્રો અને એક પુત્રી થયાં.

( ૧ ) પુત્ર શેઠ ઇચ્છાભાઈ—શત્રુંજયના ચડાવમાં ઘોળી પરબની ઉપર અનુક્રમે ઇચ્છાભાઈનો કુંડ, ફૂલવાડી, નીમી પરબ વગેરે બનાવ્યાં હતાં.

( ૨ ) પુત્ર શેઠ પનાભાઈ

( ૩ ) પુત્ર શેઠ મોતીભાઈ

( ૪-૫-૬-૭ ) નામ જાણવામાં નથી.

( ૮ ) શેઠ ફતેભાઈ, ભાર્યા ઊજળી બાઈ, બીજું નામ અચરતબાઈ.

( ૯ ) શેઠ ભગુભાઈ, ભાર્યા હરકોરબાઈ.

તેમણે હેમાભાઈની ટૂકમાં દેરી કરાવી.

( —શ્રી જિનવિજય સંપાદિત પ્રાચીન લેખસંગ્રહ ભા. ૨, લેખાંક : ૭૧ )

( ૧૦ ) શેઠ દલપતભાઈ, ભાર્યા ગંગાબેન.

( ૧૧ ) શેઠ લાલભાઈ, ભાર્યા મોહિનાબાઈ

( ૧૨ ) શેઠ કસ્તુરભાઈ, ભાર્યા શારદાબેન

( ૧૩ ) ૧ સિદ્ધાર્થભાઈ,

૨ શ્રેણિકભાઈ

( ૧૦ ) શેઠ દલપતભાઈ, ભાર્યા ગંગાબેન

( ૧૧ ) લાલભાઈ, મણિભાઈ, જગાભાઈ, ચંચળબેન, જશોદાબેન, હીરાબેન.

( ૧૧ ) જગાભાઈ, ભાર્યા કંચનબેન, પુત્ર ( ૧૨ ) અંબાલાલ.

શેઠ શ્રી દલપતભાઈ ભગુભાઈએ વિ૦ સં૦ ૧૯૨૧માં શ્રી શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. પૂ. મૂળચંદજી મહારાજ વગેરે તે સંઘમાં સાથે ગયા હતા ત્યારે પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ વગેરે ભાવનગરથી પાલિતાણા પધાર્યા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંઘમાં ગંગામા મહં૦ અનુપમાદેવીને યાદ કરાવે તેવા ગંભીર અને પરમ ઉદારમૂર્તિ જેવાં પ્રતીતિ કરાવતાં હતાં. એ ચારે પ્રકારન સંઘની ગરિમા વહન કરતાં ધર્મમાતા જેવાં હતાં. એ જ કારણે તેમની ગંગામા તરીકે પ્રસિદ્ધ હતી.

તેમણે આ૦ શ્રી વિજયધર્મસૂરિના શિષ્ય અને ગુરુદેવના સ્થાનકવાસી સહયોગી મિત્ર પરમ શાંતમૂર્તિ પરમસંવેગી ચમત્કારી ખાખી મુનિ શ્રી રત્નવિજયજી મહારાજના ઉપદેશથી સં૦ ૧૯૬૭માં કાર્તિક વદિ ૯ થી માગશર વદિ ૧૦ રવિવાર સુધી અમદાવાદના ચારે સંઘને અમદાવાદની શહેરયાત્રા કરાવી. મુનિ શ્રી રત્નવિજયજી મહારાજે તેનું સ્તવન (રાસ) ઢાળ ૧૧ રચ્યું. આ મુનિશ્રીએ વિવિધ સ્તવનો અને પદો પણ રચ્યાં છે. ને તે તા. ૧૩–૧–૧૯૧૦ના રોજ છપાવી પ્રસિદ્ધ કરાવ્યાં છે.

ગંગામા પૂ૦ શ્રી નેમિસાગરજી મ૦ અને પૂ૦ મૂલચંદજી મહારાજનાં અનુરાગી શ્રાવિકા હતાં. સાગરગચ્છના સર્વગીતાર્થ મુનિઓમાં ક્રિયાકાંડનો લોપ, કુપટક્રિયા કે પાંચ મહાવ્રતો માટેની શિથિલતા પેસી ન જાય તે માટે તકેદારી રાખતાં. કોઈમાં ઊણપ દેખે તો વાહલસોયી માતાની જેમ તેને ચેતવણી આપતાં. પોતાના પરિવારમાં ધર્મમર્યાદાનો ભંગ, અભક્ષ્ય ભક્ષણ વગેરે ન થાય તે માટે સાવચેતી રાખતાં હતાં.

૧૧. સરદાર લાલભાઈ – તેમનો જન્મ તા. ૨૫–૭–૧૮૬૩માં થયો હતો અને મરણ તા. ૫–૬–૧૯૧૨ના બુધવારે થયું હતું.

તેમના જીવનકાળમાં તેમણે ઘણાં ધર્મકાર્યો કર્યાં હતાં. સં૦ ૧૯૬૮ના ફાગણ વદિ ૮ ને સોમવારે તા. ૨૮–૧૨–૧૯૧૨ના રોજ અમદાવાદમાં નગરશેઠના વંડામાં નગરશેઠ કસ્તૂરભાઈ મણિભાઈની અધ્યક્ષતામાં ભરાયેલી શેઠ આણંદજી કલ્યાણજીની જાહેર શોકસભા મળી હતી. તેઓ તા. ૫–૬–૧૯૧૨માં મરણ પામ્યા અને તા. ૨૧–૮–૧૯૧૨ના દિવસે શેઠ ચીમનલાલ લાલભાઈ પ્રેમાભાઈ મરણ પામ્યા. તે અંગે શોકસભામાં બીજો–ત્રીજો ઠરાવ કરી દિલગીરી દર્શાવી હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૪. પુત્ર શેઠ અનોપભાઈ

(૮) શેઠ અનોપભાઈ

(૯) શેઠ ડાહ્યાભાઈ, ભાર્યા ઊજળીબાઈ.

(૧૦) શેઠ સારાભાઈ—તેઓ વિચક્ષણ, બુદ્ધિશાળી, સાહસી અને બહાદુર જૈન હતા. કુશળ વેપારી હતા. રાજા—મહારાજાઓના મિત્ર હોવાથી રાજતંત્રના અચ્છા ખેલાડી હતા. તેમનું સૂત્ર હતું કે, નગરશેઠના કુટુંબમાં આપસમાં કલેશ થાય તેવી કોઈ ઘટનાને વજન આપવું નહીં અને નગરશેઠના કુટુંબની પ્રત્યેક વ્યક્તિના ઊંડાણમાં ઊતરવા પ્રયત્ન કરવો. તેમના પ્રયત્નથી જ શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ ઊંચે દરજ્જે ચડયા છે.

આ૦ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ કહેતા હતા કે અમદાવાદમાં (૧) શેઠ કસ્તૂરભાઈ મણિભાઈ, (૨) શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ અને (૩) પ્રતાપસિંહ મોહનલાલ બુદ્ધિશાળી વ્યક્તિઓ છે, તેઓ જે ધારે તે કરી શકે તેવા છે. શેઠ સારાભાઈ આ૦ શ્રી વિજયકમલસૂરિ મ૦ તથા આ૦ શ્રી વિજયનેમિસૂરિ મહારાજના ભક્ત હતા.

એક વાર તેઓ વ્યાપારી મૂંઝવણમાં સપડાયા. આપઘાત કરવાની તૈયારીમાં હતા પણ આ૦ શ્રી વિજયકમલસૂરિ મહારાજનો વાસક્ષેપ માથે પડતાં તેમને માર્ગ સૂઝી આવ્યો અને બચી ગયા.

તેમણે સેરિસાતીર્થનું ભવ્ય જિનાલય બંધાવ્યું. સંઘ કાઢ્યો. તેઓ દેશી રજવાડાઓના માનીતા હતા. લેડી ઇરવિન તેમને ધર્મબંધુ માનતી હતી. તેમના કહેવાથી તે જનતાને મોટી રાહત આપતી રહેતી. તેઓ સવારે ઊઠી, નિત્યવિધિથી પરવારી બ્રાહ્મમુહૂર્તમાં ઊજમફોઈની ધર્મશાળામાં ગુરુવંદન કરી મોટી શાંતિનો પાઠ સાંભળતા.

(૧૧) પુત્ર રમણભાઈ, ભાર્યા વસુબેન.

## શેઠ વખતચંદનો પરિવાર—

(૭) શેઠ વખતચંદ
(૮) શેઠ હેમાભાઈ; ભાર્યા કંકુબાઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૯) મોટો પુત્ર શેઠ નગીનદાસ, ભાર્યા ઇચ્છાકુમારી.

(૯) શેઠ પ્રેમાભાઈ, ભાર્યા જીવકોરબહેન, ભાર્યા સાંકલી. હેમાભાઈની પુત્રીઓ–(૯) રુકિમણી, પ્રસન્ન, મોતીકુંઅર

(– શ્રી શત્રુંજય ફરમો, પૃ૦ ૯૦)

(૧૦) શેઠ મયાભાઈ, ભાર્યા જેકોર મુક્તાબાઈ

(૧૧) શેઠ વિમલભાઈ, ભાર્યા લલિતાબેન

(૧૨) શેઠ અરવિંદભાઈ, ભાર્યા પદ્માબેન

(૧૩) પુત્રી રૂપા.

(૧૪) શેઠ વિમલભાઈ, ભાર્યા લલિતાબેન

(૧૨) વિનોદભાઈ, ભાર્યા વંદનાબેન

(૧૩) શેઠ આનંદભાઈ

(૧૩) પુત્રી સ્મિતાબેન

(૧૦) શેઠ મયાભાઈ, ભાર્યા જેકોર મુક્તાબાઈ

(૧૧) શેઠ સારાભાઈ, ભાર્યા મધુબેન.

(૧૨) શેઠ દીપકકુમાર

(૧૨) શેઠ બ્રહ્મકુમાર.

(૧૦) શેઠ લાલભાઈ, ભાર્યા શણગારદેવી.

(૧૧) શેઠ ચીમનભાઈ ઉર્ફે બાપાભાઈ, ભાર્યા મહાલક્ષ્મી.

(૧૧) શેઠ સાહેબસિંહ, ભાર્યા પ્રભાદેવી.

(૧૨) શેઠ બિપીનભાઈ, ભાર્યા ભાનુબેન.

(૧૩) શેઠ ગૌતમકુમાર

(૧૨) શેઠ સૂર્યકાંતભાઈ, ભાર્યા સૂર્યબાળા

(૧૨) શેઠ મંગલદાસ

(૧૦) શેઠ મણિભાઈ, ભાર્યા મોહિનીબાઈ

(૧૧) શેઠ કસ્તૂરભાઈ, ભાર્યા માણેકબેન

(૧૧) શેઠ ઉમાભાઈ

(૧૨) શેઠ ઉમાભાઈની પુત્રી બબીબેન

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

(૧૨) શેઠ જગદીશભાઈ, ભાર્યા સુનીતાબેન
(૧૩) પુત્રી દક્ષા
(૧૪) પુત્ર ધીમંત
(૧૧) કસ્તૂરભાઈ
(૧૨) પ્રિયમિત્ર
(૧૨) અરુણકુમાર
(૧૨) જગદીશ
(૧૨) પ્રિયંવદા
(૧૨) પ્રમીલા
(૧૨) ઈલા.

## છઠ્ઠા પુત્ર શેઠ સૂરજમલ, ભાર્યા પ્રધાનબાઈ—

આ શેઠ સૂરજમલે સંભવતઃ વાઘણપોળમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ બંધાવ્યો. તેમાં પ્રાયઃ સં૦ ૧૮૬૮ના વૈશાખ સુદિ ૩ ના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની મૂર્તિની પ્રતિષ્ઠા કરી તેમજ બીજી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા સં૦ ૧૮૮૨માં કરાવી. એ જ સમયે શ્રી સંભવનાથ, શ્રી શાંતિનાથ વગેરેનાં દેરાસર બન્યાં અને પ્રતિષ્ઠા થઈ. તેણે શ્રી શત્રુંજયમાં હેમાભાઈની ટૂકમાં દેરી બનાવી.

શેઠ સૂરજમલ બહાદુર અને ધર્મપ્રેમી હતો. અમદાવાદની રતનપોળમાં 'સૂરજમલનું ડેલું' નામથી પ્રસિદ્ધ સ્થળ એનું નિવાસ-સ્થાન હતું.

શેઠ વખતચંદના સાતમા પુત્ર મનસુખભાઈ હતા. તેમને ખીમચંદ, છગનભાઈ, મેના અને રૂપા નામે સંતાનો હતાં.

ઊજમબાઈ— આ શેઠ વખતચંદની પુત્રી હતી. શેઠ હેમાભાઈની બહેન હતી. શેઠ પ્રેમચંદભાઈ તેમને ફોઈ કહેતા હતા આથી તેમનું નામ ઊજમફોઈ તરીકે પ્રસિદ્ધ છે. તેમનું લગ્ન શેઠ મોહનલાલ મણિલાલ ઝવેરીના પિત્રાઈ ભાઈ સાથે અગર એ કુટુંબમાં થયું હતું. તે નાનપણથી વિધવા બન્યાં, ત્યારથી તે ભાઈઓની સાથે રહી ધર્મધ્યાન કરતાં રહેતાં.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

તે ભટ્ટા૦ શ્રી શાંતિસાગરસૂરિ અને તપાગચ્છાધિરાજ શ્રી મૂલચંદજી મહારાજનાં શ્રાવિકા હતાં. સાત ભાઈઓની વચ્ચે આ એક જ બહેન હતાં.

આથી શેઠ વખતચંદે પોતાના વારસામાં ૭ ભાઈઓની પુત્રીને પણ ૮ મો પુત્ર માની વાઘણપોળની હવેલી, બીજાં મકાનો, મોટી મૂડી, દરદાગીના આપ્યા હતા.

શ્રી. ઊજમબાઈએ ધર્મશાળામાં જ જીવન ગાળ્યું, તેમણે ભટ્ટા૦ શ્રી શાંતિસાગરસૂરિના હાથે ઘણી જિનપ્રતિમાઓની અંજનશલાકા કરાવી છે. શ્રી શત્રુંજયતીર્થમાં ઊજમબાઈની ટૂંક કરાવી છે. શ્રી નંદીશ્વર દ્વીપનો મોટો જિનપ્રાસાદ તથા અમદાવાદના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનપ્રાસાદમાં સં૦ ૧૯૦...માં શ્રી શાંતિનાથનો ચૌમુખ જિનપ્રાસાદ વગેરે કરાવ્યાં છે.

તેમણે પૂ૦ શ્રી મૂલચંદજી ગણિવરના ઉપદેશથી પોતાની હવેલીને યોગ્ય ફેરફાર કરી સં૦ ૧૯૨૮ના રોજ શ્રીસંઘને ધર્મધ્યાન કરવા માટે ધર્મશાળા બનાવી અને તપાગચ્છાધિરાજ પૂ૦ શ્રી મૂલચંદજી મહારાજ વગેરે જે દલપતભાઈ ભગુભાઈના વંડાની મેડી ઉપર હતા તે સૌને ત્યાંથી અહીં પધરાવી હવેલીનું શ્રીસંઘને દાન કર્યું, તેનું તામ્રપત્ર બનાવ્યું. તેમણે પોતાના વસિયાતનામામાં ધર્મશાળામાં બિરાજમાન મુનિવરોની ભક્તિ, પઠન-પાઠનની વ્યવસ્થા, ચાતુર્માસની વ્યવસ્થા તેમજ ધર્મશાળામાં તપ કરનારા છઠ્ઠ-અઠ્ઠમ વગેરેની ભક્તિ માટે વ્યવસ્થા કરી હતી.

૮. શેઠ હેમાભાઈ—તે નગરશેઠ વખતચંદની પરંપરાના પુત્ર હતા. તેમનો સં૦ ૧૮૪૦માં જન્મ થયો અને ૭૩ વર્ષની ઉંમરે સં૦ ૧૯૧૪ના મહા વદિ ૧૧ના રોજ મરણ થયું હતું.

શેઠ હેમાભાઈ, તેમના ભાઈઓ, બહેનો, પુત્રો વગેરે પરિવાર પૂ૦ મૂલચંદજી મહારાજના ત્યાગ, તપ, જ્ઞાન અને ધર્મધગશ તથા ઉપદેશથી અત્યંત પ્રભાવિત હતો.

પાલિતાણાના ૧૨મા ઠાકોર ઉન્નડજીએ સને ૧૭૬૫માં પેશકશી ઉઘરાવનાર શિવરામ ગારદાને આશરો આપ્યો. આથી ભાવનગરના ઠા૦ ભાવસિંહજી સાથે વેર બંધાયું. શ્રી શત્રુંજયની ગાળીમાં બંને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઠાકોરો લડ્યા. ઠાકોર ઉન્નડજી નાસીને શ્રી શત્રુંજયની ગાળીમાં છુપાયો. પરિણામે પાલિતાણામાં ગામો ઉજ્જડ બન્યાં. ઊપજ ઘટી. ઉડાઉ ખર્ચ ચાલુ રહ્યો. રાજ્યને માથે ખરચ વધી ગયું. યુદ્ધ માટે આરબોને રોકયા હતા તેનું મોટું દેવું થઈ ગયું. આથી નાણાંભીડ થઈ.

છેવટે ઠા૦ ઉન્નડજીએ નગરશેઠ વખતચંદ ખુશાલચંદને ત્યાં ગોંડલના ઠાકોર શુભાજીને વચ્ચે રાખી પાલિતાણા તથા બીજાં ગામો ઇજારે રાખી તેની મોટી રકમ ઉપાડી કરજ ચૂકવ્યું.

ઇજારો — આમાં એવી વ્યવસ્થા હતી કે શેઠ મૂળ ગરાસિયાના હક્કો ભોગવે. પોતાના નેક કામદારો રાખી પાલિતાણા વગેરેની આવક લે અને દરસાલ ઠાકોરને રૂા. ૪૭૦૦૦ આપે. ઠાકોર અગર તેના વંશજો આ કરજ પેટે ઉપાડેલી મૂળ રકમ પાછી ન વાળે ત્યાં સુધી આ પ્રમાણે ચાલે.

આ ઇજારો વિ૦ સં૦ ૧૮૩૬ થી ૧૯૦૦ (સને ૧૭૮૦ થી ૧૮૪૩) સુધી — એમ ૬૩ વર્ષ ચાલુ રહ્યો. આ ઇજારાના કાળમાં પાલિતાણાની પ્રજા આબાદ બની હતી. જૈનોએ પણ રાજ્યના કરવેરા, બહારની બ્રાહ્મણ–બાવાઓની જમીન વેચાણ રાખી, શહેરમાં જૈન ધર્મશાળાઓ બનાવી અને શ્રી શત્રુંજયતીર્થમાં ઘણી નવી નવી ટૂકો બનાવી હતી. ૨૫મા ઠા૦ પ્રતાપસિંહ સુધી સને ૧૮૪૪ સુધી આ ઇજારો ચાલુ રહ્યો.

(– પ્રક૦ ૪૪, પૃ૦ ૨૪૪, ૨૪૫, ૨૪૮)

નગરશેઠ હેમાભાઈ તપાગચ્છાધિરાજ શ્રી મૂલચંદજી મહારાજના ઉપાસક હતા.

જૈન સંઘે આ ઇજારાના રાજકાળમાં સને ૧૭૮૧માં વિ૦ સં૦ ૧૮૩૭ના ચૈત્ર સુદિ ૧૫ના દિવસે શ્રી શત્રુંજયતીર્થમાં વિમલવસહીના હાથીપોળ પાસેના ચોકમાં સંઘનું એકમ બની રહે એ ઉદ્દેશથી નવાં જિનાલયો બનાવવાની મનાઈ કરી.

(—એપિગ્રાફિયા ઇંડિકા ભા–૨ જો બુહ્લર, પ્રક૦ ૬ શિલા પર મો, જૈ૦પ્ર૦ ઇ. પ્ર૦ ૪૪, પૃ૦ ૨૪૫)

ખુરશી — આ હિસાબે શેઠ હેમાભાઈ પાલિતાણા રાજ્યના આરામદાર હતા. આથી રાજકોટની હાઈ કોર્ટમાં સૌરાષ્ટ્રના જિલ્લા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓના વકીલોની ખુરશીઓ હતી. તેમાં નગરશેઠ હેમાભાઈની વકીલની પણ એક સ્વતંત્ર ખુરશી હતી. તેમજ રાજકોટની એજન્સીમાં શેઠ હેમાભાઈની પાલિતાણાના ઇજારદાર તરીકે અને શેઠ આણંદજી કલ્યાણજીના અધ્યક્ષ તરીકે એક સ્વતંત્ર ખુરશી હતી.

નોંધ — શેઠ કસ્તૂરભાઈ મણિભાઈએ અમને એકવાર કહ્યું હતું કે, આ સ્વતંત્ર ખુરશીઓના વકીલનો મોટો ખરચ આવતો હતો તેથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને જનરલ સભાના જૈનોએ આ ખર્ચ નકામો માની ખુરશી બંધ કરવાની સૂચના કરી. ત્યારથી આપણો વકીલ ત્યાં રહેતો નથી. તેથી જ આપણને ઠાકોરો સાથેના કજિયામાં જુદા જુદા વકીલો રોકવા પડે છે.

ગામ —

એજન્સીએ સને ૧૮૬૧ (વિ૦ સં૦ ૧૯૧૮)માં ગાયકવાડ સરકારનું રાંચરડા ગામ ઇનામમાં અપાવ્યું હતું, જે તેમના વંશજોના હાથમાં છે.

(– પ્રક૦ ૪૪, પૃ૦ ૨૫૮)

શેઠ હેમાભાઈએ વિ૦ સં૦ ૧૮૯૩માં શ્રી શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો અને અમદાવાદથી પાલિતાણા સુધી દરેક પડાવે ધર્મશાળાઓ બંધાવી.

(– ફાર્બસ, રાસમાળા, જૈન ઐતિહાસિક રાસમાળા,
ભા૦ ૧,—નિવેદન – સામાલોચના પૃ૦ ૧૭, ૨૦)

હિમાવસહી —

તેમણે સં૦ ૧૮૮૬ના મહા સુદિ ૫ ના રોજ શ્રી શત્રુંજયતીર્થમાં હેમાભાઈની નવી ટૂક બંધાવી.

( શ્રી જિનવિજય સંપા૦ પ્રાચીન લેખસંગ્રહ ભા૦ ૨, લે. નં૦ ૫૮ )

તે ટૂકમાં તેના વંશજોએ ઘણી જિનપ્રતિમાઓ ભરાવી છે.—

( ૧ ) નગરશેઠ હેમાભાઈના પુત્ર નગીનદાસભાઈની ભાર્યા ઇચ્છાવહુએ પોતાના પતિના શ્રેય માટે હિમાવસહી ટૂકમાં ભગ૦ શ્રી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંદ્રપ્રભની દેરી બનાવી. તેની ભટ્ટા૦ શ્રી શાંતિસાગરસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી.

( ડૉ૦ બુલ્હર, એપિગ્રાફિયા ઇંડિકા. ભા૦ ૨, પ્રક૦ ૬, લે૦ નં૦ ૫૯, જિન૦ સંપા૦ પ્રાચીન લેખ સંગ્રહ ભા. ૨, લે૦ નં૦ ૫૯ )

( ૨ ) અમદાવાદના વીશા ઓશવાલ શા૦ મોતીચંદ મલુકચંદે હેમાભાઈની ટૂકમાં શ્રી ચતુર્વિંશતિ જિનપટ્ટની પ્રતિષ્ઠા કરાવી.

( – જિન૦ સંપા૦ પ્રાચીન લેખસંગ્રહ ભા ૨, લે૦ નં. ૫૭ )

( ૩ ) સં૦ ૧૮૮૯ના વૈશાખ સુદિ ૧૩ને બુધવારે શેઠ વખતચંદની પુત્રી ઊજમબાઈએ ભગ૦ શ્રી ધર્મનાથની દેરી બનાવી. તેની ભટ્ટા૦ શ્રી શાંતિસાગરસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી. આ નાની દેરી પાંચ ભાયાના દેરાસર પાસે છે.

( – જિન૦ સંપા૦ પ્રા૦ લે૦ સં૦ ભા૦ ૨, લે૦ નં૦ ૬૨)

( ૪ ) સં૦ ૧૮૮૯ના વૈશાખ સુદિ ૧૨ (૧૩)ને બુધવારે ઊજમબાઈએ હેમાભાઈની ટૂકમાં હ્રીંકારવાળો શ્રી ચતુર્વિંશતિ-જિનપટ્ટ બનાવી તેની પ્રતિષ્ઠા કરાવી.

( – જિન૦ સંપા૦ પ્રા૦ જૈ૦ લે૦ નં૦ ૬૨ અથવા ૬૭ )

( ૫ ) શેઠ વખતચંદના પુત્ર શા૦ સૂર્યમલ, ભાર્યા પ્રધાનદેવી,

( – પ્રા૦ લે૦ સં૦ ભા–૨, લે. નં, ૬૩ )

( ૬ ) શેઠ હેમાભાઈના મોટા પુત્ર નગીનદાસ, તેની ભાર્યા ઇચ્છાવહુ. નગીનદાસનો નાનોભાઈ શા૦ પ્રેમાભાઈ, ભાર્યા સાંકલીવહુ તથા નગીનદાસની બહેનો રુકિમણી, પ્રસન્ન, મોતીકુંઅર, અને શેઠ હેમાભાઈની ભાર્યા કંકુવહુ તે સૌએ શેઠ હેમાભાઈ, તેના પિતા વખતચંદ, માતા જડાવબાઈ અને દાદા ખુશાલચંદ એ સૌના શ્રેય માટે સં૦ ૧૮૮૯ના વૈશાખ સુદિ ૩ ને બુધવારે શ્રી શત્રુંજયતીર્થમાં શેઠ હેમાભાઈની ટૂકમાં તેમના શ્રેય માટે ચૌમુખજી બનાવી તેની ભટ્ટા૦ શ્રી શાંતિસાગરસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી.

( – પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨, લે. નં. ૬૫ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૭) શેઠ વખતચંદના પુત્ર શેઠ મોતીભાઈ, તેમના પુત્ર ફતેહભાઈની ભાર્યા ઉજળીબાઈ ( અપરનામ – અચરતબાઈ ) ના પુત્ર શેઠ ભગુભાઈએ શેઠ હેમાભાઈની ટૂકમાં એક દેરી બનાવી તેની પ્રતિષ્ઠા કરાવી.

( પ્રા૦ લે૦ સં૦ ભા૦ ૨, લે૦ નં૦ ૭૧ )

શેઠ હેમાભાઈના પુત્ર શેઠ પ્રેમાભાઈએ શેઠ હેમાભાઈની ટૂકમાં ભગ૦ શ્રી અજિતનાથનો જિનપ્રાસાદ બનાવી તેની પ્રતિષ્ઠા કરાવી અને તેની દક્ષિણ દિશામાં શિલાલેખ બનાવી લગાવ્યો.

## નગરશેઠ હેમાભાઈએ કરેલાં પરોપકારનાં કાર્યોની નોંધ–

શેઠ હેમાભાઈએ ઘણી સાર્વજનિક સખાવતો કરી છે.

( ૧ ) અમદાવાદમાં અંગ્રેજી નિશાળ.

( ૨ ) હેમાભાઈ ઇન્સ્ટીટ્યૂટ નામની પુસ્તકશાળા, સંગ્રહસ્થાન, કન્યાશાળા અને હોસ્પિટલ વગેરે પ્રજા-ઉપયોગી કામો તેમની સહાયથી થયાં છે.

( ૩ ) સં૦ ૧૯૦૪માં શરૂ થયેલી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી ( ગુજરાત વિદ્યાસભા )ને સારી મદદ આપી હતી.

( ૪ ) ગુજરાત કૉલેજ માટે ૧૦૦૦૦ દશહજાર રૂપિયાનું દાન.

( ૫ ) શહેર સુધરાઈ માટે સારી જહેમત ઉઠાવી.

( ૬ ) શ્રી શત્રુંજય ઉપર સવાત્રણ લાખ રૂપિયા ખરચી ઊજમફોઈની ટૂક, શ્રી નંદીશ્વરની ટૂક બંધાવી.

( ૭ ) પોતાની ટૂક સં૦ ૧૮૮૨માં બંધાવીને તેની પ્રતિષ્ઠા સં૦ ૧૮૮૬માં કરાવી.

( ૮ ) અમદાવાદથી પાલિતાણાના માર્ગ વચ્ચે આવતા પડાવોમાં ધર્મશાળાઓ બંધાવી.

( ૯ ) ગાયકવાડે રાંચરડા ગામ ઇનામમાં આપ્યું તેની ઊપજમાંથી અમુક રકમ ખોડાં ઢોર માટે કાઢી.

( ૧૦ ) સં૦ ૧૮૮૯ના વૈશાખ સુદિ ૧૩ ને બુધવારે જયતળેટીના બે કાળા હાથી ઉપર, વિસામાના ઓતરા ઉપર દેરી બનાવી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને તેમાં ભગ૦ શ્રી આદિનાથનાં ચરણોની પાદુકાની પ્રતિષ્ઠા કરાવી.

( – શત્રુંજય ફરમો, પૃ૦ ૬ )

(૧૧) શ્રી શત્રુંજય તીર્થના ચડાવમાં મકાખાડી અને હનુમાનની દેરી વચ્ચે જેઠાશાહનો ચોતરો બનાવ્યો.

( – શત્રુંજય ફરમો. પૃ૦ ૮, પ્રક૦ ૪૫, પૃ૦ ૩૪૪ )

## નગરશેઠ હેમાભાઈનો પરિવાર—

તેમને કંકુબાઈ નામે ધર્માત્મા પત્ની હતાં.

(૧) પુત્ર નગીનદાસ – તે શેઠનો નાનો પુત્ર હતો. સંભવ છે કે તે સં૦ ૧૮૮૬–૮૯ પહેલાં મરણ પામ્યો હોય ! કેમકે તેની ભાર્યા ઇચ્છાવહુએ હિમાવસહીમાં તેના શ્રેય માટે ભગ૦ શ્રી ચંદ્રપ્રભની દેરી બનાવી હતી.

( – પ્રા૦ લે૦ સં૦ ભા૦ ૨, લે૦ નં૦ ૫૮,૬૫ )

તેની પત્ની ઇચ્છાવહુ ખૂબ ધાર્મિક વૃત્તિની હતી. તેણે પોતાના પતિની ભાવના અનુસાર વિ.સં૦ ૧૯૦૫–૧૦ લગભગમાં સાગરશાખાના યતિવરને વિનંતી કરી શ્રી શત્રુંજયતીર્થનું મોટું વર્ણન (ફરમો) તૈયાર કરાવ્યો હતો અને તેમાં પોતાના પતિ શેઠ નગીનભાઈ તથા ભત્રીજા મયાભાઈની પ્રેરણાથી આ ફરમો બન્યો એમ લખેલું છે.

એવી સંભાવના છેકે, ઇચ્છાવહુએ શેઠ મયાભાઈને પોતાના ખોળે બેસાડવાનો વિચાર હોય.

(૨) પુત્ર પ્રેમાભાઈ, ભાર્યા (૧) સાંકળીબેન, (૨) જીવકોરબાઈ.

તેઓ શેઠ હેમાભાઈ પછી નગરશેઠ બન્યા.

(૩) પુત્રી રુક્મિણી

(૪) પુત્રી પ્રસન્ન

(૫) પુત્રી મોતીકુંઅર

( – પ્રા૦ જૈન૦ લે૦લે૦નં૦ ૬૫ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૯. નગરશેઠ પ્રેમાભાઈ — તે નગરશેઠ હેમાભાઈના નાના પુત્ર હતા. તેમને જીવકોર અને સાંકળીબાઈ નામે ભાર્યાઓ હતી. તેમનો જન્મ વિ.સં૦ ૧૮૭૧ના કાર્તિક માસમાં થયો હતો અને સં૦ ૧૯૪૩ના આસો વદિ ૮ના રોજ સ્વર્ગવાસ થયો હતો.

તેઓ શરૂઆતથી જ બાહોશ, કાર્યદક્ષ, પ્રજાવત્સલ અને ધર્મપ્રેમી હતા. તેઓ તપાગચ્છાધિરાજ પૂ૦ શ્રી મૂલચંદજી ગણીવરના અનન્ય ભક્ત હતા. તેમના સાધુપરિવારની સર્વ રીતે ભક્તિની વ્યવસ્થા કરતા. તેમનો શિષ્યપરિવાર વધે તે માટે પણ સર્વ રીતે પ્રયત્નશીલ રહેતા. અને તે માટે મોટી રકમ વાપરતા.

શેઠ પ્રેમાભાઈએ ભારતના શ્વેતાંબર જૈન સંઘના આગેવાનોને મેળવી સં૦ ૧૯૩૬ના ભાદરવા વદિ ૧ (તા. ૧૮-૯-૧૮૮૦)ના રોજ મધ્યાહ્નકાળે પોતાના વંડામાં સર્વની સંમતિથી પૂ૦ શ્રી મૂલચંદજી મહારાજ વગેરે ગીતાર્થોના ઉપદેશથી શ્રી શત્રુંજયતીર્થના વહીવટી કારખાનાનું નામ સાધારણ રીતે આણંદજી કલ્યાણજીની પેઢી હતું. તે અંગે આઠ ઠરાવો બનાવી તેનું લોકશાહી પદ્ધતિએ એ નામ કાયમ રાખ્યું.

(—પ્રક૦ ૪૪, પૃ૦ ૨૫૯.)

જૈનમ્ જયતિ શાસનમ્

## નગરશેઠ પ્રેમાભાઈનાં ધર્મકાર્યો —

જી૦ ડબ્લ્યુ૦ હેલો (કલેક્ટર) અને એ૦ ડબ્લ્યુ૦ વાર્ડને (ન્યાયમૂર્તિએ) રાવબહાદુર નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈએ કરેલાં દાનોની નોંધ લીધી ને તે અંગ્રેજ સરકારને મોકલી, એ દાનની વિગત આ પ્રકારે છે —

૧. સન્ ૧૮૫૬માં હઠીસિંહ અને પ્રેમાભાઈ હૉસ્પિટલ માટે રૂ. ૨૨૧૫૦.
૨. સન્ ૧૮૫૭માં હેમાભાઈ ઇન્સ્ટીટ્યૂટ લાઇબ્રેરીને રૂ. ૭૦૦૦
૩. સન્ ૧૮૫૭માં ગુજરાત કૉલેજના ફંડમાં રૂ. ૧૦૦૦૦.
૪. મુંબઈની ગ્રાંટ મેડિકલ કૉલેજમાં સુવર્ણચંદ્રક માટે રૂા. ૧૮૦૦
૫. સન્ ૧૮૬૩માં મુંબઈના વિક્ટોરિયા મ્યુઝિયમ ફંડમાં રૂા. ૧૩૫૦.

૬. સન્ ૧૮૬૪માં મુંબઈના રાણીબાગ ફંડમાં રૂા. ૧૦૦૦૦.
૭. સન્ ૧૮૬૩-૬૫ના ના ત્રિવર્ષી દુકાળમાં જનતાને ખૂબ મદદ કરી.
૮. વિ૦ સં૦ ૧૯૩૪ના દુકાળમાં જનતાને રૂા. ૨૦૦૦૦ની મદદ.
૯. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી ( ગુજરાત વિદ્યાસભા ) ને રૂા. ૨૦૦૦.
૧૦. ( ૧ ) નરોડા, ( ૨ ) સરખેજ, ( ૩ ) બરવાળા, ( ૪ ) ગુંદી કોઠ, ( ૫ ) માતર, ( ૬ ) ઉમરાલા વગેરે સ્થળે ધર્મશાળાઓ બંધાવી તેમાં રૂા. ૯૭૩૫૦નું દાન

આ બધાં પ્રજા-ઉપયોગી કાર્યો કરવાથી તા. ૧-૧-૧૮૭૬ ( વિ. સં૦ ૧૯૩૨ )માં તેમને ઑનરેબલ 'રાવબહાદુર'નો ખિતાબ મળ્યો. વળી, તેમણે સન્ ૧૮૫૬-૫૭માં અંગ્રેજ સરકારની ટપાલની સુંદર વ્યવસ્થા કરી હતી તેથી લૉર્ડ કલાઈવે નગરશેઠના કુટુંબને વિવિધ પ્રકારની સનદો આપી હતી. ( જૈન ઐતિહાસિક રાસમાળા ભા૦ ૧ સમાલોચના પૃ. ૭૧, ૩૫ )

JAINSITE જૈન સાઇટ જૈનમ્ જયતિ શાસનમ્

તેમના સમયે શ્રી શત્રુંજયના રખોપાની રકમ રૂા. ૧૦ થી ૧૫ હજારની નક્કી થઈ. પાલિતાણાના ઠાકોરે તેમના ઉપર તૂટનું તહોમતનામું મૂક્યું હતું, પાલિતાણાના ઠાકોરે આ બાબત પોલિટિકલ એજંટ દ્વારા પોતાની થયેલી ભૂલની દિલગીરી દર્શાવી હતી.
( પ્રક૦ ૪૪, પૃ૦ ૧૫૧ )

તેઓ સં૦ ૧૯૪૩ના આસો વદિ ૮ ના રોજ સ્વર્ગસ્થ થયા.
( ફાર્બસ, 'રાસમાળા'– પ્રસ્તાવના )

જકાતને બદલે ઉચ્ચક રકમ — અમદાવાદની નાગરિક પ્રજાએ નગરશેઠ વખતચંદના સમયથી નગરશેઠના કુટુંબને 'જમાબંદી ઉપર દરસેંકડે ચાર આના આપવાનું નક્કી કર્યું હતું. બ્રિટિશ સરકારે તા. ૨૫–૭–૧૯૨૦ ( વિ૦ સં૦ ૧૯૭૬–૭૭ )ના રોજ તે બદલ ઉચ્ચક રકમ રૂા. ૨૧૩૩ બાંધી આપ્યા. એ રકમ દર સાલના મે મહિનાની પહેલી તારીખે આપવાનું નક્કી કર્યું.

ચંદરવો — નગરશેઠ પ્રેમાભાઈએ સાગરશાખાના ભટ્ટારક શ્રી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શાંતિસાગરસૂરિ તથા સંવેગી ગીતાર્થ શ્રી મુક્તિવિજયજી ગણીના લઘુ ગુરુભાઈ શ્રી આત્મારામજી મહારાજ અને શ્રી આણંદવિજયજી મ૦ના ઉપદેશથી સં૦ ૧૯૪૧ના ફાગણ સુદિ ૫ ના રોજ રાજનગરમાં ઊજમફોઈના જૂના ઝવેરાતનાં પૂંઠિયાં, રૂમાલ, ચંદરવાનો જીર્ણોદ્ધાર કરાવી તેમાં સાચા મોતીનો શિલાલેખ ભરાવ્યો.

અમદાવાદના જમાલપુરમાં શા૦ ટોકરશી શાહના નામની પોળ છે, તેમાં જિન પ્રાસાદ પણ તેમણે બનાવેલો છે. તેના પૌત્ર ચાંપશી શાહ સં૦ ૧૬૭૭ના મહાસુદિ ૫ ના રોજ વિદ્યમાન હતા. શેઠ પ્રેમાભાઈએ તે જિનપ્રાસાદનો મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો. અમદાવાદનો જૈન સંઘ દર સાલ કાર્તિક સુદિ ૧૫ ના રોજ ત્યાં યાત્રા કરવા જાય છે, તે સિવાય દેરાસરની વર્ષગાંઠના દિવસે પણ કેટલાક ભક્તો યાત્રા કરે છે.

શેઠ પ્રેમાભાઈએ વિ૦ સં૦ ૧૯૦૭ના માગશર માસમાં શ્રી શત્રુંજય તીર્થમાં સગાળપોળ ઉપર નવું મકાન બનાવી ત્યાં ટકોરખાનું બેસાડ્યું.

(– શત્રુંજય ફરમો, પૃ૦ ૨૧૧)

તેમ જ વિ૦ સં૦ ૧૯૧૦માં શ્રી શત્રુંજયતીર્થના ચડાવમાં માનમોડિયાની ઉપરના કરમતોડિયાની ઉપર વિસામો બનાવ્યો.

(— શત્રુંજય ફરમો, પૃ૦ ૮)

## નગરશેઠ પ્રેમાભાઈનો વંશ —

તેમનું ગોત્ર કુંકુમરોલ, વંશ સિસોદિયા, જ્ઞાતિ ઓશવાલ, કુલદેવી – આશાપુરી, અને ક્ષેત્રપાલ – બરડી – તેને તેઓ પૂજતા હતા.

## વંશાવલી —

(૧) કુલોત્પત્તિ – રાજા સામંતસિંહ રાણા.
(૨) પૌત્ર – કોરપાલ — આ૦ ધર્મઘોષસૂરિએ તેને જૈન બનાવ્યો.
(૩) પુત્ર – હરપતિ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) વાંછા

(૫) શા૦ સહસ્રકિરણ

(૬) શેઠ શાંતિદાસ

(૭) શેઠ લક્ષ્મીચંદ

(૮) શેઠ ખુશાલચંદ, ભાર્યા ઝમકુબાઈ.

(૯) શેઠ વખતચંદ

સાગરગચ્છે (૧) ભટ્ટા૦ શ્રી રાજસાગરસૂરિ, (૨) ભ૦ શ્રી વૃદ્ધિસાગરસૂરિ, (૩) ભ૦ શ્રી લક્ષ્મીસાગરસૂરિ, (૪) ભ૦ શ્રી કલ્યાણસાગરસૂરિ, (૫) ભ૦ શ્રી પુણ્યસાગરસૂરિ, (૬) ભ૦ શ્રી ઉદયસાગરસૂરિ, (૭) ભ૦ શ્રી આનંદસાગરસૂરિ, (૮) ભ૦ શ્રી શાંતિસાગરસૂરિ (સં૦ ૧૯૦૫)

(— પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨, લે૦ નં૦ ૯૧, પત્રપર્યાલોચન)

(૮) સંવેગપક્ષી તપા૦ પં૦ શ્રી ખિમાવિજય શિષ્ય પં૦ શ્રી ધીરવિજય, તેમના શિષ્ય પં૦ શ્રી વીરવિજય, તેમના શિષ્ય શ્રી રંગવિજય ગણી.

(—પ્રા. જૈ૦ લે૦ ભા. ૨, લે૦ નં૦ ૧૦૨)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## નગરશેઠ પ્રેમાભાઈનો પરિવાર—

(૧) મોટા ભાઈ નગીનભાઈ, ભાર્યા—ઇચ્છાકુમારી. (૨) બહેનો—રુકિમણી, પ્રસન્ન, અને મોતીકુંઅર એમ ત્રણ બહેનો હતી. રુકિમણીનો શેઠ હઠીસિંહ કેસરીસિંહ સાથે વિવાહ કર્યો હતો.

(૩) પુત્રો—શેઠ પ્રેમાભાઈને ભાર્યા જીવકોર વહુથી ૧. શેઠ મયાભાઈ, ભાર્યા જેકોરબાઈ–મુક્તાબાઈ, ૨. શેઠ લાલભાઈ, ભાર્યા શણગારબેન, ૩. શેઠ મણિભાઈ, ભાર્યા મોહિનીકુમારી એમ ત્રણ પુત્રો હતા. તે પૈકીના શેઠ મણિભાઈ નગરશેઠ પણ બન્યા હતા.

(૧૦) મોટો પુત્ર મયાભાઈ—તે નાનપણથી જ શરીરે અશક્ત હતો અને આત્મચિંતનમાં મગ્ન હતો. આથી વ્યવહાર, સામાજિક કાર્યો કે ધર્મકાર્યોમાં આગેવાનીભર્યો ભાગ લેતો ન હતો. આથી પિતાના મરણ પછી તે નગરશેઠ ન બન્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમને મુક્તાબાઈ નામે પત્ની હતી. તેનું બીજું નામ કદાચ જેકોરબાઈ હોય. તે અત્યારે મુક્તાબાઈના નામથી પ્રસિદ્ધ છે, તે નિશ્ચયનય તરફી વલણવાળાં હતાં આથી ભટ્ટા૦ શ્રી શાંતિસાગરસૂરિથી પ્રભાવિત હતાં. હવે શ્રી રાયચંદ મતના અનુયાયી છે. અમદાવાદમાં રાયમતના પક્ષે તે આગેવાનીભર્યો ભાગ લે છે.

(૧૧) શેઠ વિમળભાઈ અને શેઠ સારાભાઈ—શેઠ મયાભાઈને ૧. વિમળભાઈ અને ૨. સારાભાઈ એમ બે પુત્રો અને નિર્મળાબહેન નામે પુત્રી હતી. બંને પુત્રો સ્વભાવે શાંત, સરળ, માતૃભક્ત અને આપસમાં અત્યંત પ્રેમવાળા હતા. પુત્ર-પૌત્રો કાલે જુદા થાય પણ બંને ભાઈઓની જોડી સાથે જ રહે એવો પ્રેમ હતો.

શેઠ વિમળભાઈ શેઠ પ્રેમાભાઈના મોટા પુત્ર છે. નગરશેઠ તે જ બને પણ ઉંમર નાની હોવાથી શેઠ પ્રેમાભાઈ પછી શેઠ ચીમનલાલ લાલભાઈ, શેઠ મણિભાઈ પ્રેમાભાઈ, તથા કસ્તૂરભાઈ મણિભાઈ નગરશેઠ તેમજ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ બન્યા.

હાલમાં શેઠ વિમલભાઈ નગરશેઠ છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના અધ્યક્ષ શેઠ કસ્તૂરભાઈ મણિભાઈ છે ને તેમની વિદ્યમાનતામાં શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ પ્રમુખ છે.

શેઠ લાલભાઈ દલપતભાઈ અને ચીમનલાલ લાલભાઈ શેઠ મણિભાઈ પ્રેમચંદનું જે બહુમાન કરતા હતા તેવું જ બહુમાન કસ્તૂરભાઈ લાલભાઈ પણ શેઠ વિમલભાઈ મણિભાઈનું કરે છે. બંને વચ્ચે ગાઢ પ્રેમ છે, સંઘના કામમાં બંને એકમત બની નિર્ણય કરે છે.

શેઠ વિમલભાઈનાં ધર્મપત્ની લલિતાબહેન ધર્મપ્રેમી, સરલ અને વિવેકી છે. નગરશેઠના સાધ્વી મહારાજના ઉપાશ્રયનાં અધ્યક્ષ છે. શેઠ સારાભાઈનાં પત્ની મધુબેન પણ સરલ અને ધર્મપ્રેમી છે. તેમનો વંશવિસ્તાર આ પ્રકારે છે.—

(૧૧) શેઠ સારાભાઈ, ભાર્યા મધુબહેન.

(૧૨) શ્રી. વિનોદભાઈ, ભાર્યા વંદના, પુત્ર દીપક, પુત્રી પ્રજ્ઞા.

(૧૦) બીજો પુત્ર શેઠ લાલભાઈ—તે શેઠ પ્રેમાભાઈના બીજા પુત્ર હતા. તેમને શણગારદેવી નામે પત્ની હતાં.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૧) શેઠ ચીમનભાઈ — શેઠ લાલભાઈને ચીમનભાઈ નામે પુત્ર હતો. તેનો જન્મ સને ૧૮૮૪ (વિ૦ સં૦ ૧૯૪૦) માં થયો હતો, અને મૃત્યુ તા. ૨૧–૮–૧૯૧૨ ના રોજ ૨૬ વર્ષની ઉંમરે થયું હતું.

તે બહુ બુદ્ધિશાલી, ચતુર, કાર્યદક્ષ, પ્રજાવત્સલ અને પરગજુ સ્વભાવના હતા. નગરશેઠ મણિભાઈ પ્રેમચંદના મરણ પછી બીજા પુત્ર તરીકે તે નગરશેઠ બન્યા. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના અધ્યક્ષ બન્યા, તેમના મરણ પામ્યા પછી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ તેમના શોકનો ઠરાવ કર્યો હતો.

(– જૈન ઐ૦ રાસમાલા સમાલોચના, પૃ૦ ૨૪)

વૃદ્ધો કહે છે કે, એકવાર અંગ્રેજ સરકારના કોઈ નવા ટૅક્ષના કારણે અમદાવાદમાં મોટી હડતાલ પડી. અમદાવાદના કમિશ્નરે શેઠ ચીમનલાલ લાલભાઈને સાથે લઈ દુકાને દુકાને ફરીને દુકાનો ખોલાવી પણ બંને જણ આગળ વધે કે તરત જ પાછળ દુકાનો બંધ થાય. એમ આખા બજારની દુકાનો ઊઘડી અને બંધ થઈ. કમિશ્નર કહે કે આમ કેમ બને છે? શેઠે જણાવ્યું કે પ્રજાનું મન સંતોષો તો જ હડતાલ મટે. બળજબરી કે શરમાશરમીથી કામ નહીં બને. કમિશ્નરે તરત જ પ્રજાની માગણી સ્વીકારી. બજારો ખુલ્લાં થયાં. શેઠ ચીમનલાલ લાલભાઈ, આ રીતે રાજમાન્ય અને પ્રજાવત્સલ હતા.

તેમનાં પત્ની મહાલક્ષ્મીબેન ધર્મસંસ્કારી હતાં, ઉદાર, પ્રજાવત્સલ અને પરોપકારી હતાં. કોઈ પણ માગણ તેમના ઘેરથી પાછો જતો નહીં. તે હતાં ત્યાં સુધી નગરશેઠના વંડામાં ચારે સંઘો અવારનવાર આવતા–જતા. તેમણે મુશ્કેલીના પ્રસંગે શેઠની મારકીટ બીજી મોટી રકમની લાલચ છોડીને શ્રીસંઘના આયંબિલખાતામાં ઓછી કિંમતે આપી દીધી. આયંબિલશાળા સધ્ધર બની, તેમણે પોતાના પિયરના બાબાસાહેબને દત્તક લીધા.

(૧૧) શેઠ ચીમનલાલ, ભાર્યા મહાલક્ષ્મીબહેન.

(૧૨) શેઠ બાબાસાહેબ, ભાર્યા પ્રભાબહેન.

(૧૩) શ્રી સૂર્યકાંત, ભાર્યા સૂર્યબાળા, શ્રી નીતિન, ભાર્યા ભાઉ, શ્રી મંગળ, શ્રી સુવર્ણજીત.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

(૧૦) શેઠ મણિભાઈ—તે નગરશેઠ પ્રેમાભાઈનો ત્રીજો નાનો પુત્ર હતો. તેને મોહિની નામે ભાર્યા હતી.

તેમને (૧) કસ્તૂરભાઈ (૨) ઉમાભાઈ એમ બે પુત્રો હતા. ઉમાભાઈના જીવનનો મોટો ભાગ તેમણે હિંદ બહાર વિતાવ્યો છે. તેમનો જન્મ સને ૧૮૬૩ (વિ૦ સં૦ ૧૯૨૦–૨૧)માં થયો હતો અને તેઓ બે વાર અમદાવાદની નગરપાલિકાના અધ્યક્ષ બન્યા હતા. તેમને બબી નામે પુત્રી છે.

(૧૧) શેઠ કસ્તૂરભાઈ– તે બહુ બાહોશ, કાર્યદક્ષ અને ચતુર હતા. આ૦ શ્રી વિજયનેમિસૂરિના ભક્ત હતા. તેમણે જૈન સંઘના કેટલાક જરૂરી પ્રશ્નોની વિચારણા માટે વિનંતી કરી સં૦ ૧૯૯૧માં અખિલ ભારતવર્ષીય જૈન સાધુ સમ્મેલન ભર્યું. તે સંમેલને કેટલાક ઠરાવો કરી ચર્ચાના પ્રશ્નોને શાંત કર્યા.

સં૦ ૨૦૦૪ના પોષ વદિ ૩ના રોજ એમનું મૃત્યુ થયું. એમના પછી શેઠ પ્રેમાભાઈના પૌત્ર શેઠ વિમળભાઈ નગરશેઠ બન્યા.

( – ફાર્બસ, 'રાસમાળા' – પ્રસ્તાવના )

તેમનાં પત્ની માણેકબેન અમદાવાદનાં સુપ્રસિદ્ધ આગેવાન, દયાપ્રેમી, વિદ્યાપ્રેમી હતાં. શેઠ મોહનલાલ મગનલાલનાં પુત્રી હતાં. તેઓ સુશીલ, વિવેકી, કાર્યદક્ષ અને ધર્મપ્રેમી હતાં. તેમને આંતરડાનું દર્દ હતું ને મરણ પામ્યાં. મૃત્યુના દિવસે આ ગ્રંથલેખક શ્રી દર્શનવિજયને ફળ વહોરાવી શુભ ભાવથી નવકાર ગણતાં સ્વર્ગસ્થ થયાં.

તેમને ૧. પ્રિયકાંત; ૨. અરુણ અને ૩. જગદીશ એમ ત્રણ પુત્રો અને ૧ પ્રિયંવદા, ૨ પ્રમીલા અને ૩ ઈલા એમ ત્રણ પુત્રીઓ હતી. તે સૌ વિદ્યાવ્યાસંગી અને ધર્મપ્રેમી હતાં.

એમની પરંપરા આ પ્રકારે છે :—

(૧૧) શેઠ કસ્તૂરભાઈ, ભાર્યા માણેકબેન.

(૧૨) નગરશેઠ પ્રિયકાંત બાર-ઍટ-લૉ. વિદ્યમાન છે.

(૧૨) જગદીશભાઈ, ભાર્યા સુનીતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૩) પુત્ર ધીમંત, પુત્રી દક્ષા

(— પટ્ટા૦ સમુચ્ચય ભા. ૨. પૃ૦ ૨૩૭ થી ૨૧૯)

(૧૦) શેઠ મયાભાઈ

(૧૧) નગરશેઠ વિમળભાઈ

(૧૨) શેઠ અરવિંદભાઈ

## જગતશેઠનો વંશ—

વિક્રમની અઢારમી સદીના મધ્યકાળથી મુર્શિદાબાદમાં જગતશેઠનો વંશ શરૂ થયો છે જેનો ટૂંકો ઇતિહાસ આ પ્રમાણે છે.—

૧. શેઠ હીરાચંદ—તે નાગોરનો વેપારી હતો. શ્વેતાંબર જૈન હતો. નાગોરીગચ્છના કોઈ ભટ્ટારકના આશીર્વાદ લઈ તે પટણા જઈ વસ્યો ત્યારે પટણા કપાસ, સરસવ, એરંડા, નીલ, મીઠું વગેરે વસ્તુઓનું વેપારી મથક હતું. શેઠને શરૂઆતમાં કંઈ લાભ થયો નહીં પણ તેને એક વૃદ્ધાની સેવા કરવાથી તેની પાસેનું પુષ્કળ ધન પ્રાપ્ત થયું. આથી શેઠે પટણામાં પેઢી ખોલી.

તેને ગોરધન, સદાનંદ, રૂપચંદ, મલુકચંદ, અમીનચંદ, જ્ઞાનચંદ અને માણેકચંદ એમ સાત પુત્રો તથા ધનબાઈ નામે પુત્રી હતી. શેઠે પુત્રો માટે સાત પેઢીઓ સ્થાપન કરી. તે પછી તે સ્વર્ગવાસી થયો.[1]

---

૧. દિલ્હીના બાદશાહો—(૧૧) આરંગઝેબ (મૃત્યુ ઈ૦સ૦ ૧૭૦૭), (૧૨) પુત્ર બહાદુરશાહઆલમ (મૃત્યુ ઈ૦સ૦ ૧૭૧૨), (૧૩) પુત્ર જહાંદર (મૃ. ઈ.સં ૧૭૧૨), (૧૪) જહાંદર-ભત્રીજો ફરુખશિયર (મૃ. ઈ૦સ. ૧૭૧૯), (૧૫) શાહજાદા રફીઉદરજાત (મૃ. ઈ. સ. ૧૭૧૯) (૧૬) રફીઉદ્દોલા (મૃ. ઈ. સ. ૧૭૧૯), (૧૭) મહમ્મુદશાહ (મૃ. ઈ. સ. ૧૭૪૮), (૧૮) પુત્ર અહમ્મદ (મૃ. ઈ.સ. ૧૭૫૪), (૧૯) જહાંદરનો બીજો પુત્ર આલમશાહ બીજો (મૃ ઈ. સ. ૧૭૫૯), (૨૦) શાહજહાં બીજો (મૃ. ઈ. સ. ૧૭૫૯), (૨૧) આલમશાહ ત્રીજો (મૃ. ઈ. સ. ૧૮૦૬), (૨૨) અકબરશાહ (મૃત્યુ ઈ. સ. ૧૮૩૭)

ઈ.સ. ૧૭૩૮માં નાદિરશાહે હિંદ પર ચડાઈ કરી ચિકલીજખાંએ (આસફશાહે) નિઝામ રાજ્યની સ્થાપના કરી. બા૦ આલમે અંગ્રેજોનું ૨૬૦૦૦૦૦ છવ્વીસ લાખનું પેન્શન લઈ અલાહાબાદમાં વાસ કર્યો. બા૦ અકબરનું ઈ.સ. ૧૮૫૭માં પેન્શન બંધ થયું.

(— પ્રક૦૪૪ મોગલવંશ, પૃ૦૧૦૩થી૧૧૧, બંગાળનો નવાબવંશ, પૃ. ૧૫૨થી ૧૫૯, બ્રિટિશ જનરલો પ્રક૦૪૪, પૃ૦ ૧૬૧ થી ૧૬૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨. શેઠ માણેકચંદ–તે શેઠ હીરાચંદનો સાતમો પુત્ર હતો. બંગાળની ગાદી ગૌડ, ટાંડા, રાજમહેલ અને ઢાકામાં ફરી ફરીને મુર્શિદાબાદમાં આવી. ઈસ્લામખાંએ સં૦ ૧૬૬૪માં ઢાકામાં એ સ્થાપન કરી હતી. પછી શાહજહાંનો પુત્ર સૂજા મીર જુમલા અને સાએતખાંએ પણ ફેરવી ફેરવીને ઢાકામાં સ્થાપન કરી. એક બ્રાહ્મણનો પુત્ર પારસી પાસે દાસ તરીકે વેચાયો. પારસમાં ગયો. મુસલમાન બની મુર્શીદકુલી જફરખાં નામ રાખી ઔરંગઝેબના સમયે દીવાન બની હિંદમાં આવ્યો, ઈ૦સ૦ ૧૭૦૧ (વિ૦સં૦ ૧૭૫૭)માં બંગાળનો દીવાન બન્યો. તે અને શેઠ માણેકચંદ મિત્રો બન્યા.

મુર્શિદ ઔરંગઝેબના પૌત્ર આજિમ ઓસમાન સૂબાના કાવતરાથી બચીને મકસુદાબાદ જઈ રહ્યો. તેણે મકસુદાબાદને મુર્શિદાબાદ નામ આપ્યું. શેઠ માણેકચંદને અહીં લાવીને વસાવ્યો. શેઠે સં૦ ૧૭૫૯માં મહિમાપુરમાં કોઠી સ્થાપી. મુર્શિદખાં બંગાળનો દીવાન હતો. બંગાળ-ઉડિસાનો નાયબ નાજીમ બન્યો અને સમ્રાટ પાસેથી ખિતાબ મેળવી નવાબ બન્યો.

તેણે શેઠ પાસે સં૦ ૧૭૬૨માં મહિમાપુર પાસે ગંગાકિનારે ટંકશાળ ખોલાવી, તેના અધ્યક્ષ તરીકે શેઠની નિમણૂક કરી. લંડન કંપની તથા ઇંગ્લિશ કંપનીએ આપસનો વિરોધ છોડી ઈસ્ટ ઇંડિયા કંપની સ્થાપન કરી. તેણે પણ પોતાની પ્રવૃત્તિ જમાવવા પ્રયત્ન આરંભ્યો.

મુર્શિદખાંને રૂ. ૨૫ ૦૦—પચીસ હજાર આપી શેઠની ટંકશાળમાં પોતાની મુદ્રાઓ ઢાળવાનું શરૂ કર્યું અને સં૦ ૧૮૧૪માં કલકત્તામાં પોતાની સ્વતંત્ર ટંકશાળ સ્થાપી. આ પરિસ્થિતિમાં શેઠની ટંકશાળ અને સમગ્ર હિંદની બીજી ટંકશાળો બંધ પડી. શેઠની ટંકશાળમાં શાહ આલમના સિક્કાઓ ઢળ્યા.

આ ટંકશાળમાં ઈ. સ૦ ૧૭૨૮માં રૂ. ૩૦૪૧૦૩ની આવક થઈ. મુર્શિદખાં દર સાલ રૂ. ૧,૩,૦૦૦૦૦૦—એક કરોડ ત્રીશ લાખ દિલ્હી મોકલતો હતો.

શેઠે દિલ્હીમાં દુકાન રાખી હતી. શેઠ હુંડિયામણથી આ રકમ તથા જમીનદારોની રકમ સરળતાથી મોકલી શકતો હતો. આથી

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

દિલ્હી અને મુર્શિદાબાદ વચ્ચેનો સંબંધ મજબૂત થયો હતો. બાદશાહ ફરુખશિયર (ઈ૦સ૦ ૧૭૧૩ થી ૧૭૧૯), મુર્શિદખાં અને શેઠ એ ત્રિપુટીમાં પ્રેમ વધતો ગયો. બાદશાહ ફરુખશિયરે નવાબના આગ્રહથી ઈ૦સ૦ ૧૭૧૫ (જુલસી સન્ ૩, હી૦ સં૦ ૧૨૨૭, જિલ્હજની તા. ૮, વિ૦ સં૦ ૧૭૭૧)માં શેઠ માણેકચંદને શેઠની પદવી આપી. મણિથી મઢેલી 'શેઠ' અક્ષરોવાળી મહોર આપી અને ફરમાન લખી આપ્યું. આ દિવસથી 'જગતશેઠવંશ'ની શરૂઆત થઈ. (મો૦ ફરમાન નં૦ ૨૨) નવાબને શેઠ ઉપર ઘણો વિશ્વાસ હતો. તેણે તેને ત્યાં પોતાના પાંચ કરોડ રૂપિયા રાખ્યા હતા. તે તેની સલાહ પ્રમાણે રાજ્યવ્યવસ્થા ચલાવતો હતો.

શેઠનો ઈ૦સ૦ ૧૭૨૨ (વિ૦ સં૦ ૧૭૭૮)માં સ્વર્ગવાસ થયો. તેને સંતાન નહોતું. તેનો સ્મૃતિસ્તંભ મહિમાપુરના મયાબાગમાં હતો, જે ગંગાના વહેણમાં તણાઈ જઈ નાશ પામ્યો. ૩. જગતશેઠ ફત્તેહચંદ — શેઠ માણેકચંદને કંઈ સંતાન નહોતું. તેણે દિલ્હીની પેઢીમાં બનારસના શેઠ ઉત્તમચંદ અને પોતાની બહેન ધનાબાઈના પુત્ર ફત્તેહચંદને મુનીમ તરીકે રાખ્યો હતો. તે બુદ્ધિમાન અને કાર્યદક્ષ હતો. મામાના ખોળે આવ્યો હતો. બાદશાહ ફરુખશિયરે મુનીમ ફત્તેચંદ પાસેથી ઘણીવાર મોટી મોટી રકમની મદદ લીધી હતી.

આથી તેણે શેઠ માણેકચંદને શેઠની પદવી આપી હતી અને બાદશાહ મહમ્મદે ઈ૦સ૦ ૧૭૨૨ અથવા ૧૭૨૪ (જુલસી સન્ ૪, રજબ મહિનાની તા. ૧૨મી, વિ૦ સં૦ ૧૭૭૯ અથવા ૧૭૮૧)માં શેઠ ફત્તેચંદને જગતશેઠની પદવી આપી અને ફરમાન લખી આપ્યું ને શિરપાવ આપ્યો. બાદશાહ શેઠને નવાબ બનાવવા ચાહતો હતો પણ જગતશેઠે તે પદ મુર્શિદકુલીને જ યોગ્ય છે એમ કહી નવાબ બનવાનો ઇન્કાર કરી દીધો હતો. આથી નવાબનો પ્રેમ શેઠ ઉપર ખૂબ વધ્યો. નવાબને બિહારનું પણ શાસન મળ્યું. મુર્શિદકુલીખાં ઈ૦સ૦ ૧૭૨૫માં મરણ પામ્યો.

નવાબ સરફ — તે દરસાલ દોઢ કરોડ રૂપિયા દિલ્હી મોકલતો હતો. તેણે જગતશેઠ તથા તેના પુત્ર રાય રાયાજી આલમચંદની સલાહથી જમીનદારો અને ખેડૂતોને સુખી કર્યા. આ સમયે જગત્-શેઠ ધનકુબેર મનાતો હતો. નવાબ સરફ વિષયી અને લોભી હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રજાપ્રિય નહોતો. તેના અંતઃપુરમાં દોઢ હજાર સ્ત્રીઓ હતી. આ નવાબ અને જગતશેઠ વચ્ચે મૈત્રી જામી જ નહીં. અલીવર્દીખાંએ નવાબ સરફ્રને મારી નાખ્યો.

**નવાબ અલીવર્દીખાં :**— નવાબ સરફ્ર પછી અલીવર્દીખાં નવાબ બન્યો. તે સ્વભાવે મીઠો અને પ્રજાપ્રેમી હતો. જગતશેઠનો તે પરમ મિત્ર હતો. તે 'બંગાળનો અકબર' કહેવાતો હતો.

આ સમયે બંગાળમાં આંતરવિગ્રહ ખૂબ ચાલ્યો, મરાઠા અને અફઘાનો પણ ચડી આવ્યા, મરાઠા સેનાપતિ ભાસ્કરપંતે દરખાન બાળ્યું, મુર્શિદાબાદ લૂંટ્યું. તેના મીર હબીબે મહિમપુર લૂંટ્યું, તેણે જગતશેઠની ગાદીમાંથી ૨ કરોડ એકસરખી આર્કટ મુદ્રાઓ લૂંટી લીધી.

આ સમયે બંગાળમાં એવી લોકખ્યાતિ હતી કે, 'જગતશેઠ ધારે તો ગંગાનો પુલ માત્ર પોતાના રૂપિયાથી જ બાંધી શકે.' ભાસ્કરપંત ફરીથી જ્યારે લૂંટવા આવ્યો ત્યારે અલીવર્દીખાંએ તેને વિશ્વાસથી ફસાવી મારી નાખ્યો.

જગતશેઠ ફત્તેહચંદ ઈ૰સ૰ ૧૭૪૪ (વિ૰ સં૰ ૧૮૦૦)માં સ્વર્ગસ્થ થયો ત્યારે અલીવર્દીખાંને ઘણું દુઃખ થયું, શેઠ ફત્તેહચંદને ૧. આનંદચંદ, ૨. મયાચંદ અને ૩. મહાચંદ એમ ત્રણ પુત્રો હતા. તે સૌ વિ૰ સં૰ ૧૮૦૦ પહેલાં સ્વર્ગવાસી થયા હતા.

૪. **જગતશેઠ મહતાબચંદ :**— શેઠ ફત્તેહચંદનો પૌત્ર મહતાબચંદ નામે હતો. તેણે દાદાનો બધો કારભાર માથે ઉપાડી લીધો. બાદશાહ અહમદે ઈ૰સ૰ ૧૭૪૮ (જુલસી સન્ ૧, જિલ્કાદ મહિનાની તા. ૨, ૩; વિ૰સં૰ ૧૮૦૫)ના વૈશાખ સુદિમાં શાહ મહતાબચંદને શેઠની પદવી આપી ફરમાન લખી આપ્યું અને એ જ વર્ષમાં અષાડ માસમાં તેને જગતશેઠની પદવી આપી મહોર બક્ષિસ કરી અને શિરપાવ આપ્યો તેમજ ફરમાન પણ લખી આપ્યું. સ્વરૂપચંદને મહારાજાની પદવી આપી. અને તે જ દિવસે સિરાજ ઉદ્દૌલાને બંગાળનો નવાબ બનાવ્યો પણ શિરાજનો કુટુંબ પરિવાર તેના વિરોધમાં હતો.

નવાબ શિરાજ અંગ્રેજોનો કટ્ટર શત્રુ હતો. કલકત્તાના કિલ્લા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંગે અંગ્રેજો સાથે ઝઘડો ઊઠયા બાદ તે જૂના અમલદારો અને જગતશેઠ ઉપર શંકાશીલ બન્યો. સૈયદ સૌકતને નવાબની સનદ મળતાં શિરાજે જગતશેઠને દોષિત ઠરાવી કેદમાં પૂર્યો અને પછીથી છોડયો. લૉર્ડ કલાઈવે નવાબને સમજાવવા શેઠને પત્ર લખ્યો હતો. શેઠે તેને દેશાભિમાનવાળો ઉત્તર આપ્યો હતો.

જગતશેઠના માણસે કલકત્તા જઈ તા. ૯–૨–૧૭૫૭માં ઈસ્ટ ઇંડિયા કંપની અને નવાબ વચ્ચે સંધિ કરાવી, જેમાં કંપનીને જમીન ખરીદવા, ટંકશાળ ખોલવા, પોતાને સિક્કા પડાવવા વગેરેના હક્કો મળ્યા હતા.

એકવાર કંપની અને નવાબ વચ્ચે મૈત્રી થઈ અને તૂટી ગઈ. નવાબ શેઠને પજવતો હતો. નવાબ ચંચળ સ્વભાવનો હતો. જગતશેઠના મહેલમાં મીર ઝાફર, ઘસીટા બેગમ, રાજા રાજવલ્લભ, રાજારામ નારાયણ, રાજા મહેન્દ્ર, રાજા કૃષ્ણચંદ્ર વગેરે રાજા તથા જમીનદારોની એક ગુપ્ત મંત્રણા થઈ, જેમાં સૌ પ્રથમ હિંદુ રાજા બનાવવાનો નિર્ણય થયો, પણ ઠરાવ ઊડી ગયો. રાજા કૃષ્ણચંદ્રે 'મીર ઝાફરની મદદ લેવી, જરૂર પડે તો કંપનીની પણ મદદ લેવી પણ શિરાજને તો હઠાવવો જ' એવો ઠરાવ મૂકયો. એ ઠરાવ સૌએ મંજૂર કર્યો.

કલાઈવે આ જાણીને યુદ્ધની તૈયારી કરી. પરિણામે પ્લાસીનું યુદ્ધ થયું. સિરાજ ભાગી ગયો. તે દાનાશાહ નામે ફકીર બન્યો. યુક્તિથી પકડાયો અને મુર્શિદાબાદમાં તેનો વધ થયો. ઈ સ૦ ૧૭૫૭માં તેને ખેરસબાગમાં દફનાવવામાં આવ્યો. આ ઘટના જગતશેઠના કલંકરૂપ બની ગઈ લેખાય છે.

મીર ઝાફર નવાબે ખજાનો ખાલી થવાથી ઈસ્ટ ઇંડિયા કંપનીએ પોતાની ટંકશાળમાં લાભ ન થવાથી ધનની તંગીમાં જગતશેઠ પાસેથી લ.ખે. રૂપિયાની રકમ લીધી હતી; પરંતુ હવે તે નવાબ પણ જગતશેઠ ઉપર વહેમની નજરે જોવા લાગ્યો. જગતશેઠ અને મહારાજા સ્વરૂપચંદ હવે ધર્મનું આરાધન કરવું એ ઉદ્દેશથી સમેતશિખર તીર્થમાં જઈને રહ્યા.

બાદશાહ અહમદશાહે (ઈ૦સ૦ ૧૭૪૮ થી ૧૭૫૪) ઈ૦સ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૭૫૨ (જુલસી સન્ ૫, હીo સંo ૧૧૬૫, વિoસંo ૧૮૦૯)માં જગતશેઠ મહતાબચંદને સમેતશિખર, મધુવન, કોઠી, જયપારા નાળું, પ્રાચીન નાળું, પારસનાથ તળેટી વચ્ચેની ૩૦૧ વીઘા જમીન અને પારસનાથ પહાડ ભેટ આપ્યો.

(—જૈન તીર્થોનો ઇતિહાસ.)

જગતશેઠની ભાવના હતી કે, સમેતશિખર મહાતીર્થનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરવો. એવામાં તપગચ્છના પંo શ્રી દેવવિજયજી ગણી સમેતશિખર તીર્થની યાત્રા માટે ત્યાં પધાર્યા. તેમના ઉપદેશથી જગતશેઠે આ મહાતીર્થનો મોટો ઉદ્ધાર કરાવવાનો વિચાર કર્યો. પોતાના સાત પુત્રો તથા સમગ્ર પરિવારને તીર્થમાં તેઓ લઈ આવ્યા. સૌની સમ્મતિ સાથે મોટો ઉદ્ધાર કરવા તથા મધુવનમાં નવાં જિનાલયો બંધાવવાનો નિર્ણય લઈ લીધો. શેઠે આ કામ જેસલમેરની પેઢીના મુનીમ મૂળચંદજી તથા પોતાના ચોથા પુત્ર સુગાળશાને સોંપ્યું અને જીર્ણોદ્ધારનો આરંભ કર્યો.

બાદશાહ જહાંદરનો બીજો પુત્ર બાદશાહ આલમગીર બીજો (ઈoસo ૧૭૫૪ થી ૧૭૫૯) જેનું બીજું નામ અબુઅલીખાન બહાદુર હતું તેણે ઈoસo ૧૭૫૫ (જુલસી સન્ ૨o હીoસo ૧૧૬૮, વિoસંo ૧૮૧૨ના જેઠ સુદિ ૧૨ થી સંo ૧૮૨૬ના મહા સુદિ ૧૦ સુધી) પાલગંજ પારસનાથ પહાડને કરમુક્ત જાહેર કર્યો એટલે વેઠવેરો, લાગાન, જકાત, મૂંડકાવેરો વગેરે માફ કર્યાં.

જગતશેઠ વગેરે ઘણા મહિનાઓ સુધી ત્યાં રોકાયા હતા એટલે નવાબને વહેમ પડ્યો કે જગતશેઠ યાત્રાનું બહાનું કરીને બાદશાહ આલમને મળવા ગયા છે. કદાચ મારી વિરુદ્ધ કાવતરું કરી રહ્યા હોય. નવાબે આ વહેમથી જગતશેઠને તાકીદથી મુર્શીદાબાદ બોલાવ્યા. પણ નવાબને સાચી વાત જાણવામાં આવી ત્યારે તેમનો વહેમ નીકળી ગયો. નવાબ અને શેઠ વચ્ચે ફરી મૈત્રીસંબંધ બંધાયો. મીર કાસીમ ઈસ્ટ ઇંડિયા કંપનીની મદદ લઈ મીર ઝાફરને હઠાવી બંગાળનો નવાબ બન્યો.

હવે જગતશેઠે રાજકારણમાં ભાગ લેવાનું બંધ કર્યું અને પોતાના સાત પુત્રોને રાજખટપટથી દૂર રાખવા જુદાં જુદાં શહેરોમાં સાત પેઢીઓ ખોલાવી ત્યાં બેસાડી દીધા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઈસ્ટ ઇંડિયા કંપની અને મીર કાસીમ વચ્ચે ગિરિયકમાં યુદ્ધ થયું, તેમાં મીર કાસીમ હાર્યો. આથી મીર કાસીમે ગુસ્સે થઈ સંભ્રાંત બની જગતશેઠ, મહારાજ વગેરેને મરાવી નાખ્યા. ને શેઠના ઘરબાર, માલમિલકત અને પેઢી વગેરે લૂંટી લીધાં, મીર કાસીમ પણ સૂજા સાથેના યુદ્ધમાં હાર પામતાં ફકીર બની દિલ્હી ચાલ્યો ગયો ને ત્યાં જ મરણ પામ્યો.

જગતશેઠ મહતાબરાયને ૧. ખુશાલચંદ, ૨. ગુલાબચંદ, ૩. સમીરચંદ અને ૪. સુખલાલ એમ ચાર પુત્રો હયાત હતા. મહારાજા સ્વરૂપચંદને ૧. ઉદયચંદ, ૨. અભયચંદ અને ૩. મિહિરચંદ એમ ત્રણ પુત્રો હતા. શેઠ સુખલાલનું બીજું નામ સુગાલચંદ પણ મળે છે.

આ સમયે નવાબ શિરાજ, મીર ઝાફર, મીર કાસીમ કે સૂજાના શાસનકાળમાં સાહસી બાબુ મેઘરાજની તથા નવાબજાદીની એક રોમાંચક ઘટના બની હતી.

## બાબુ મેઘરાજ—

નવાબો અને જગતશેઠના અણબનાવનાં બીજાં ગમે તે કારણો હોય પણ બાબુ મેઘરાજની ઘટના પણ તેના એક કારણરૂપે હોય.

અજિમગંજ અને મુર્શીદાબાદના વૃદ્ધો કહે છે કે, 'નવાબનો રાજમહેલ નદીકિનારે હતો. ઝનાના મહેલના ઝરૂખા નદી તરફ પડતા હતા. ઝનાનાની સ્ત્રીઓ નદીના પ્રશાંત જળ અને તેમાં સ્નાન કરતાં સ્ત્રી-પુરુષોને જોતી રહેતી.

બાબુ મેઘરાજ નામનો એક ઓશવાલ જૈન યુવાન હમેશાં નદીના રસ્તે થઈ ગંગાનદીમાં સ્નાન કરવા જતો. મેઘરાજ કસરત-બાજ, દેખાવડો અને અમોઘ બાણાવલી હતો. એક દિવસે તે રોજની આદત મુજબ એ રસ્તે થઈ સ્નાન કરવા જતો હતો ત્યારે રસ્તામાં એણે એક લીલા રંગની નવી ચૂંદડી પડેલી જોઈ. મેઘરાજે ઊંચે જોયું તો સામે ઝરૂખામાં એક ફૂટડી નવયૌવના શાહજાદી જોઈ રહી હતી.

મેઘરાજે તે ચૂંદડી બાણ ઉપર ચડાવી તેના ઝરૂખામાં પહોંચાડી દીધી. શાહજાદીએ કુરનિસ બજાવી હસીને તેના પર એક ફૂલ ફેંક્યું.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

મેઘરાજે તે ફૂલ છાતીએ દબાવી, આંખે અડાડી પોતાની સાથે લીધું અને તે રસ્તે થઈ ઘેર ગયો.

પછી તો મેઘરાજ હમેશાં નાહીને પાછો વળે ત્યારે શાહજાદી તેના ઉપર ફૂલ વરસાવતી અને મેઘરાજ ફૂલને સત્કારી હસતો હસતો ચાલ્યો જતો.

એક વખત શુક્રવારનો દિવસ હતો. એક વૃદ્ધાએ આવીને મેઘરાજને જણાવ્યું કે, જનાબ! તમે જેને લીલી ચૂંદડી ઓઢાડી છે તે તો આ જીવનમાં તારી જ ચૂંદડી ઓઢવાની જીદ લઈને બેઠી છે. તો મારી સાથે ચાલો અને તમારી ચૂંદડી ઓઢાડી જાઓ.

મેઘરાજ વૃદ્ધા સાથે જલહરીના રસ્તેથી શાહજાદીના મહેલમાં જઈ ઊભો રહ્યો. શાહજાદીએ તેનો સત્કાર કર્યો અને જણાવ્યું કે, 'હું મોગલબાળા છું, ને તમારી સાથે લગ્ન કરીને તમારી દાસી બની રહેવાને ચાહું છું. અલ્લાની સાક્ષીએ પ્રતિજ્ઞા કરું છું કે તમે મારા ખાવિંદ બનો એટલે મને બધુંય મળી ગયું માનીશ. જો કે તમે હિંદુ છો પણ હું તમારાં ખાનપાન, વ્યવહાર કે ધર્મની બાબતમાં કશી દખલ કરીશ નહીં, દિલ્હીની બાદશાહી મળે તો પણ તમને આજીવન છોડીશ નહીં. આ જિંદગી તમારા ચરણમાં આપું છું.'

મેઘરાજ પીગળી ગયો. તે બંને પહેલી મુલાકાતમાં જ ચિર પરિચિત જેવા અજોડ પ્રેમી બની ગયાં. પછી તો મેઘરાજ હમેશાં શાહજાદી પાસે આવવા લાગ્યો. મેઘરાજે ઈદના દિવસે શાહજાદીના આગ્રહથી ઈદની રાત મહેલમાં જ પસાર કરી.

નવાબે આ વાત જાણી એટલે બીજે દિવસે તે યુવાનને પકડી લાવવા પોતાના માણસને હુકમ કર્યો. માણસો તેને પકડવા શાહજાદીના મહેલે આવ્યા. મેઘરાજ શાહજાદીના ઇશારાથી ચેતી જઈ ઝરૂખામાંથી નદીમાં સીધો કૂદકો મારી, પાણીમાં ડૂબકી દઈ, દૂર દૂર નીકળી ગયો. પકડનારા માણસો પાછા ચાલ્યા ગયા.

પણ મેઘરાજ એક દિવસ પકડાયો. તેને નવાબ સામે ઊભો રાખવામાં આવ્યો. નવાબ ભારે ગુસ્સામાં હતો. તેણે નિશ્ચય કરી લીધો કે આ યુવાનને હાથીના પગતળે ગૂંદાવી નાખવો. તેણે જગતશેઠને બોલાવી મેઘરાજની બીના કહી અને પોતાનો નિર્ણય પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમની આગળ જાહેર કર્યો.

જગતશેઠે કહ્યું : "શાહજાદીની ભાવના પારખીને જે ઠીક લાગે તે રસ્તો લેવો."

શાહજાદીએ નીડરપણે જાહેર કર્યું : "આમાં બાબુનો કશો દોષ નથી. જે કંઈ હોય તે મારો દોષ છે એટલે જે દંડ દેવો હોય તે મને દેવો જોઈએ પણ નિર્દોષ મરવો જોઈએ નહીં."

શાહજાદીએ નવાબની પાસે બાબુને બચાવવા આજીજી કરીને સાથોસાથ જણાવ્યું કે, "હું તેની બીબી બની ચૂકી છું ને મેં તેમની આગળ પ્રતિજ્ઞા કરી છે કે, તેમનાં અન્નપાન, વ્યવહાર કે ધર્મમાં મારે કશી દખલ કરવી નહીં."

નવાબ મૂંઝાયો. શું કરવું ? તેને એક યુક્તિ સૂઝી ને જગતશેઠને બોલાવ્યા. તેમને કહ્યું : "જગતશેઠ ! મેઘરાજ તમારી જ્ઞાતિનો છે પણ તમે તેની સાથે એક ભાણામાં બેસીને ભોજન કરો તો આ યુવાન તમને સોંપું. જો તમે તેમ નહીં કરો તો હું તેને મુસલમાન બનાવી તેની સાથે શાહજાદીનાં નિકાહ ( લગ્ન ) પઢાવીશ."

જગતશેઠે નવાબની શરત સ્વીકારી મેઘરાજને બચાવી લીધો. નવાબે મેઘરાજને પોતાની શાહજાદી આપી અને તેને અમુક ઘોડેસવારનો સેનાનો વડો અમલદાર બનાવ્યો.

નવાબ સમજી ગયો કે, જગતશેઠે દૂરંદેશી વાપરી મેઘરાજને બચાવી લીધો છે પણ આ રીતે અમારી બે-ઇજ્જત પણ કરી છે તો તેનો બદલો જરૂર લેવો જોઈએ. નવાબે શેઠના અંતઃપુરની એક સ્ત્રી પાસવાન, ખવાસ કે સેવગણીને ઉઠાવી લાવી પોતાના જનાનખાનામાં દાખલ કરી.

જનતાએ આ ઘટના જાણી ત્યારે મેઘરાજના સાહસને સૌએ અભિનંદન આપ્યાં અને નવાબની મૂર્ખાઈ ઉપર હાસ્ય વેર્યું.

એ પ્રદેશમાં એક કહેવત ચાલે છે. —

"રાજા તો મેઘરાજ ઔર સબ રજૈયા,
નદી તો ગંગાનદી ઔર સબ નદૈયા,
બાબુ તો મેઘરાજ ઔર સબ બબૈયા."

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

આ વૃદ્ધવાણી છે. સંભવ છે કે નવાબ અને જગતશેઠ વચ્ચેના અણબનાવનાં તત્ત્વો આમાં છુપાયાં હોય.[1]

## ૫. જગતશેઠ ખુશાલચંદ –

નવાબ મીર કાસીમે જગતશેઠનું ઘર, માલ મિલકત તથા પેઢી વગેરે લૂંટી લીધું હતું. આથી જગતશેઠનો પરિવાર ભારે મુશ્કેલીમાં મુકાયો હતો. બાળક ખુશાલચંદ અને ઉદયચંદ બંને સાહસી અને બુદ્ધિશાળી હતા. તે બંનેએ થોડીક આર્થિક સગવડ કરી નવી પેઢી સ્થાપન કરી પોતાના પરિવારનો વ્યવહાર નિભાવ્યો. સાથોસાથ જગતશેઠે સમેતશિખર મહાતીર્થના ઉદ્ધારનું કામ શરૂ કર્યું હતું તેને પણ ચાલુ રાખ્યું. પિતાનો બધો વ્યવહાર યથાવત્ ચાલુ રાખ્યો.

કારણ, જગતશેઠના ઘરમાં ગુપ્ત ધન હતું જેની એક માત્ર શેઠ ખુશાલચંદને જ ખબર હતી. એમના આત્મસંતોષની એ મોટી મૂડી હતી.

जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्

મીર જાફર ફરીથી બંગાળના નવાબ બન્યા પણ કોઢિયા બનીને ૭૪ વર્ષની વયે ગુજરી ગયો. નવાબ અને ઈસ્ટ ઇંડિયા કંપનીએ જગતશેઠ પાસેથી જે રકમ લીધી હતી તે તેમણે પાછી વાળી નહીં, જ્યારે રાજ્યની કાઉંસિલે ઊલટામાં જગતશેઠ પાસે રાજ્યની મોટી રકમ લેણી હોવાનું જાહેર કર્યું કે, આ રકમ ખોટી ઊભી કરવામાં આવી છે માટે આપવાની નથી.

મીર કાસીમે શેઠ મહિરચંદ અને શેઠ ગોવાલચંદને પકડાવી મુંગેરની જેલમાં કેદ કર્યા. આથી ગવર્નર જનરલે નવાબ કાસીમને તા. ૪–૪–૧૭૬૩ના રોજ પત્ર લખ્યો. તેમાં સૂચના કરી કે, "બંને શેઠોને છોડી દો."

---

૧. અજિમગંજ અને વીરમગામની પાઠશાળાના ધાર્મિક અધ્યાપક શ્રી. પોપટલાલ ઝીંઝુવાડાવાળાએ અમને આ વાત કહી સંભળાવી હતી. તેમાં પ્રાસંગિક સંસ્કાર આપી આ વાત અહીં રજૂ કરી છે. ઇતિહાસની કડી મેળવવામાં આ ઘટના ઉપયોગી જણાય છે.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

મીર કાસીમે તા. ૨૦–૫–૧૭૬૩ના રોજ મુંગેરથી ગવર્નર જનરલને મીઠો જવાબ આપ્યો. પરિણામ શૂન્ય હતું. પછી શેઠ ખુશાલચંદે મીર કાસીમને મોટી રકમ આપી બંને ભાઈઓને છોડાવ્યા.

લૉર્ડ ક્લાઈવ ઈસ્ટ ઇંડિયા કંપની તરફથી ગવર્નર જનરલ બની ભારત આવ્યો.

બાદશાહ આલમે (ત્રીજાએ) (ઈ૦સ૦ ૧૭૫૯ થી ૧૮૦૬) વિ૦સં૦ ૧૮૨૨ (તા. ૨૯–૪–૧૭૬૬)ના રોજ શેઠ ખુશાલચંદને જગતશેઠની પદવી આપી અને શેઠ ઉદયચંદને મહારાજાની પદવી આપી, મહોર આપી, શિરપાવ આપ્યો અને ફરમાન લખી આપ્યું.

બાદશાહે સૈફ ઉદ્દૌલ્લાને બંગાળનો નવાબ બનાવ્યો અને લૉર્ડ ક્લાઈવને બંગાળનાં બે ગામોની દીવાની આપી. લૉર્ડ ક્લાઈવે મુર્શીદાબાદમાં પોતાને દીવાની મળ્યાનો જલસો ઊજવ્યો.

જગતશેઠે તેને પત્ર લખી પોતાની પડતી દશાનો ચિતાર રજૂ કર્યો. ક્લાઈવે પ્રથમ તો તેને તુમાખીભરેલો ઉત્તર વાળ્યો હતો પણ પછી એ ૧૮ વર્ષના ખુશાલચંદને જ ઈસ્ટ ઈંડિયા કંપની વતી નવાબના દીવાન તરીકે નીમ્યો.

નવાબ સૈફ ઉદ્દૌલાએ આ નાની ઉંમરના ખુશાલચંદ દીવાનની સલાહથી ઈ૦સ૦ ૧૭૬૬ થી ૧૮૦૧ સુધી રાજવ્યવસ્થા કરી હતી. જગતશેઠ ખુશાલચંદ, નવાબ અને ઈસ્ટ ઇંડિયા કંપની પાસેથી લેણી રકમ ન મળવાથી મૂંઝાતો હતો, તેથી જ તે કંપનીના શરણે ગયો. લૉર્ડ ક્લાઇવે તેને ઈસ્ટ ઇંડિયા કંપની તરફથી ત્રણ લાખ રૂપિયાનું વર્ષાસન બાંધી આપવાની વાત જણાવી પણ શેઠે પોતાને બાર લાખનો વાર્ષિક ખર્ચ છે એમ જણાવી તે વર્ષાસન લીધું નહીં.

શેઠ ખુશાલચંદે સમેતશિખરના ઉદ્ધારનું કામ ચાલુ રાખ્યું હતું. તેની ભાવના હતી કે "૨૦ તીર્થંકરોની નિર્વાણભૂમિની પાકી જાણ મેળવી પહાડની ટેકરીઓ ઉપર તે તે સ્થળે ૨૦ દેરીઓ બનાવવી."

તેથી શેઠ ખુશાલચંદ અવારનવાર હાથી ઉપર બેસી સમેતશિખર જતા હતા પણ કંઈ નિર્ણય કરી શક્યા નહીં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આથી તેમણે પં૦ શ્રી દેવવિજયજી ગણિવરના બતાવ્યા મુજબ "અઠ્ઠમનું તપ" શરૂ કર્યું અને શ્રી પદ્માવતીદેવીનો જાપ શરૂ કર્યો. દેવીએ તેમને સ્વપ્નમાં જણાવ્યું કે,

"પહાડ ઉપર જ્યાં જ્યાં કેશરનો સાથિયો બન્યો હોય ત્યાં ત્યાં તીર્થંકરોનું મૂળ નિર્વાણ સ્થાન જાણવું, અને તે જ સ્થાનોમાં કુદરતે કેશરથી આંક લખાવ્યા હોય તે આંક પ્રમાણે તે તીર્થંકરોનું નિર્વાણ સ્થાન બનાવવું."

શેઠ ખુશાલચંદે આ દૈવી સંકેત મુજબ પહાડ ઉપર વીશ તીર્થંકરોનાં ૨૦ નિર્વાણ સ્થાનો નક્કી કર્યાં. ત્યાં ચોતરા બનાવ્યા, ચરણપાદુકાઓ બનાવી તથા ઉપર નાની નાની દેરીઓ બનાવી. વળી, જળનું સ્થાન હતું ત્યાં પાસે જ જળમંદિર નામનો મોટો જિનપ્રાસાદ બનાવ્યો અને નવી જિનપ્રતિમાઓ ભરાવી ત્યાં બેસાડી.

નગરશેઠ ખુશાલચંદ તેમજ તેમના ભાઈ સુગાલચંદે બાદશાહ આલમ (ત્રીજા)ના રાજ્યમાં સૈફુદ્દૌલાના નવાબી શાસનમાં વિ૦સં૦ ૧૮૨૫ (ઈ૦સ૦ ૧૭૬૮)ના મહા સુદિ ૫ ના રોજ શ્રી સમેતશિખર મહાતીર્થમાં તપાગચ્છના (૬૬ મા) ભટ્ટારક શ્રી વિજયધર્મસૂરિ (વિ૦સં૦ ૧૮૦૩ થી ૧૮૪૧)ના વરદ હસ્તે મોટો જીર્ણોદ્ધાર કરી સર્વ દેરીઓમાં ચરણપાદુકાઓની અને જિનપ્રતિમાઓની તે તે દેરીઓની જળમંદિર જિનપ્રાસાદની તથા મધુવનમાં શામળિયા પાર્શ્વનાથ વગેરે જિનપ્રાસાદોની પ્રતિષ્ઠા કરાવી. આ પ્રતિષ્ઠાવાળી જિનપાદુકાઓ તથા જિનપ્રતિમાઓ ઉપર ભટ્ટા૦ વિજયધર્મસૂરિ તથા શેઠ ખુશાલચંદ અને શેઠ સુગાલચંદનાં નામો ઉત્કીર્ણ થયાં છે.

શ્રી સમેતશિખર મહાતીર્થનો આ મોટો ૨૧ મો ઉદ્ધાર ગણાય છે. પં૦ દયારુચિ ગણીએ સં૦ ૧૮૩૫ના મહા સુદિ ૫ના રોજ શિવપુરીમાં (સિરોહી – છાપરીમાં) ભટ્ટા૦ શ્રી વિજયધર્મસૂરિની આજ્ઞાથી પં૦ દેવવિજય ગણીએ બતાવેલા વર્ણન પ્રમાણે 'સમેતશિખર તીર્થરાસ' ઢાળ ૨૧ રચ્યો છે.

શેઠ બંધુઓએ મધુવનમાં કોઠી બનાવી હતી ત્યાં ધર્મશાળા બંધાવી. એક કિલ્લામાં સાત બાઈઓના સાત જિનપ્રાસાદો બનાવી તેમાં શામળિયા પાર્શ્વનાથ વગેરે જિનપ્રતિમાઓ પધરાવી. કોઠીની

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

બહાર શ્રી સમેતશિખર મહાતીર્થની સ્થાપનારૂપ ભોમિયાજીનું મંદિર બનાવ્યું. રાસકાર પં૦ શ્રી દયારુચિ ગણી મધુવનને "સમેત-શિખરજીની ૨૧ મી ટૂંક" બતાવે છે.

શેઠ ખુશાલચંદે નિર્વાણભૂમિઓનાં ચોક્કસ સ્થાનોની ગૂંચ ઉકેલી છે જે તેમની જૈન ઇતિહાસમાં સદા યાદ રહે એવી ધર્મભક્તિનું સ્મરણ કરાવે છે.

આજે મહારાજા સ્વરૂપચંદની સં૦ ૧૮૭૩ની પાષાણમૂર્તિ દિગંબર મંદિરમાં છે તે પછીના જગત શેઠના વંશજોએ બનાવી હશે અને કોઈ આકસ્મિક પ્રસંગે દિગંબર જૈનોના કબજામાં ગઈ હશે.

શેઠે તીર્થનો વહીવટ શ્વેતાંબર જૈન સંઘને સોંપ્યો. આજે પણ આ તીર્થ શ્વેતાંબર જૈનોના વહીવટમાં છે. શેઠે પહાડની ઇનામી જમીન પોતાના તાબામાં રાખી હતી, જે ઈ. સ. ૧૭૯૫ પછી પાલગંજના રાજ્યમાં ભળી ગઈ.

જગતશેઠ ખુશાલચંદે આ ઉપરાંત બીજાં પણ લોકોપયોગી ઘણાં શુભ કાર્યો કર્યાં હતાં. તેમણે પોતાની માતા કે પત્નીની યાદમાં ૧૦૮ વાવો ખોદાવી. જગતશેઠની કોઠી પાસે મહિમાપુરમાં ખુશાલબાગ બનાવ્યો.

લોકોને સાધારણ ખ્યાલ હતો કે જગતશેઠનું કુટુંબ નિર્ધન હતું પણ માત્ર શેઠ ખુશાલચંદને જ જેની ખબર હતી તે ગુપ્ત ધન દ્વારા ઘણાં બધાં શુભ કાર્યો તેમણે કર્યાં હતાં.

આ રીતે લક્ષ્મીનો સદુપયોગ કર્યો પણ મરણ સુધી તેમણે પોતાના ગુપ્ત ધનની કોઈને વાત કરી નહીં.

લૉર્ડ વૉરન હેસ્ટીંગે જમીનદારોનો નવો બંદોબસ્ત કર્યો. આથી બંગાળનાં ઘણાં સુખી કુટુંબો તારાજ બની ગયાં ને ઘણાં ગરીબ કુટુંબો તવંગર બની ગયાં. તેની ભાવના હતી કે, જગતશેઠને વંશ-વારસનો હક્ક કે કંઈ આપવું. પણ તે અલાહાબાદ જઈ પાછો મુર્શિદાબાદ આવ્યો. જગતશેઠ ખુશાલચંદ તે પહેલાં વિ. સં. ૧૮૦૦ (ઈ. સ. ૧૭૮૪)માં સ્વર્ગવાસી થયા. તેમને એક પણ પુત્ર નહોતો. તેથી તેણે મરણ પહેલાં પોતાનો ગુપ્ત ભંડાર કોઈને બતાવ્યો નહીં. આથી વારસદારો તે ગુપ્ત ધન પામ્યા નહીં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જગતશેઠ ખુશાલચંદના મરણ બાદ જગતશેઠનું કુટુંબ ધનથી અને ધર્મથી પણ ઘસાતું ગયું. અને મુર્શિદાબાદ નગર, નવાબ-વંશ, નાજિમવંશ, અને વૉરન હેસ્ટીંગ વગેરે સૌનું ધીમે ધીમે પતન થયું.[1]

૬. જગતશેઠ હરખચંદજી—તે શેઠ સમીરચંદનો પુત્ર હતો. બચપણથી જ જગતશેઠ ખુશાલચંદને ખોળે આવ્યો હતો. બ્રિટિશ ઇસ્ટ ઇંડિયા કંપનીએ દિલ્હી રાજ્યની લગામ હાથમાં આવતાં પદવીઓ આપવાનું પણ પોતાના હાથમાં લીધું હતું.

ગવર્નર જનરલ વૉરન હેસ્ટીંગે વિ.સં० ૧૮૪૪ (ઈ.સ. ૧૭૮૪) માં બ્રિટિશ સરકારને જણાવ્યા વિના શેઠ હરખચંદને ખિતાબ તથા જગતશેઠની પદવી આપી હતી. વૉરન હેસ્ટીંગ પછી લૉર્ડ કૉર્નવાલીસ ઈ. સ. ૧૭૮૬ થી ૧૭૯૩ સુધી ગવર્નર જનરલ બની આવ્યો. તે વડી અદાલતને મુર્શીદાબાદથી હઠાવી કલકત્તા લઈ ગયો. તેણે બંગાળના જમીનદારોનો નવો બંદોબસ્ત કર્યો. જમીનના હક્કો નક્કી કર્યા. તેણે શરૂઆતમાં ૧૦ વર્ષ સુધી, પછી જીવન પર્યંત અને છેવટે વંશવારસોને સર્વ હક્કો આપ્યા.

JAINSITE
जैन साइट
जैनम् जयति शासनम्

જગતશેઠ હરખચંદ પાસે પારસનાથ પહાડની જે ઇનામી જમીન હતી તે બંદોબસ્ત કરતી વખતે તે જમીન પાલગંજ રાજ્યમાં દાખલ થઈ ગઈ હતી. જગતશેઠે તે તરફ ધ્યાન આપ્યું નહીં.

જગતશેઠ હરખચંદને કંઈ સંતાન નહોતું. તેણે પુત્રની કામનાથી વૈષ્ણવધર્મમાં પ્રવેશ કર્યો છતાં તેને પુત્ર થયો નહીં. તેના વંશજો કસોટીવાળું જિનમંદિર અને કૃષ્ણમંદિરની પૂજા-ઉપાસના કરતા હતા.

૭. જગતશેઠ ઇંદ્રચંદ્રજી—નવાબ મીર કાસીમ પછી નવાબવંશમાં અનુક્રમે મીર ઝાફર, નજિમઉદ્દૌલા, સૈફ ઉદ્દૌલા, મુબારક ઉદ્દૌલા, બાબરજંગ, આલીજા, બાબાજા, હુમાયુન અને મનસુરખાં થયા હતા.

1. વૉરન હેસ્ટીંગ અહીં વાઈસરૉય હતો ત્યારે ચેતસિંહ, અવધની બેગમ અને રુહેલખંડ વગેરે સ્થાનોથી તેણે લાંચ લીધી હતી, તથા નંદનકુમારને કાવતરું કરી મારી નાખવામાં આવ્યો હતો. તેના ઉપર ઈ.સ. ૧૭૮૫થી ૭ વર્ષ સુધી લંડનની પાર્લામેન્ટમાં લાંચ વગેરે બાબતોનો કેસ ચાલ્યો હતો. જો કે પાર્લામેન્ટે તેની સ્વદેશભાવનાને મહત્તા આપી માફી આપી પણ તેનાં કલંકો કાયમાં બની રહ્યાં. તે ઈ. સ. ૧૮૧૮માં મરણ પામ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનસુરખાંનું બીજું નામ ફૈરુદ્દુજી પણ મળે છે. મનસુરખાંએ ઇંગ્લેંડ જઈ ‘ બંગાળ, બિહાર, ઓરિસા નવાબ નાજિમ ’ પદ ખરીદી લીધું. તેના વંશજોમાં આજે પણ એ પદવી ચાલુ છે.

જગતશેઠ ઇંદ્રચંદ્રજી અને વિષ્ણુચંદ્રજી એ બે ભાઈઓએ મજિયારો વહેંચી લીધો અને જુદા પડયા. બ્રિટિશ સરકારે શેઠ ઇંદ્રચંદ્રજીને વિવાહ વખતે ખેલાત આપી અને પછી જગતશેઠની પદવી આપી. આ છેલ્લા જગતશેઠ હતા. તથા મહારાજા સ્વરૂપચંદના પુત્ર શેઠ ઉદાચંદને મહારાજાની પદવી આપી.

વૃદ્ધવાણી એવી છે કે, બ્રિટિશ સરકારે શેઠ ઇંદ્રચંદ્રને જગતશેઠની પદવી આપી ત્યારે એક અબજોપતિ મુસલમાન અમીરે બ્રિટિશ સરકારને વિનંતિ કરી કે, ‘ મને જગતશેઠની પદવી આપો. ’ ગવર્નર જનરલ શેઠ ઇંદ્રચંદ્રને ત્યાં ગયો ત્યારે શેઠ ઇંદ્રચંદ્રે તેને એક ઝવેરાતનો બનેલો પલંગ ભેટ કર્યો. તેને નીલમના ત્રણ પાયા હતા.

ગવર્નર જનરલે અબજાધિપતિ મુસલમાનને ત્યાં જઈ પલંગના ત્રણ પાયા બતાવી ચોથા પાયાથી માગણી કરી પણ પાયો લાવી શકે એમ નહોતો. એટલે એ અબજાધિપતિ મુસલમાન શરમાયો અને મૌન બની રહ્યો. ગવર્નર જનરલે આવી ગર્ભશ્રીમંતાઈ અને ઉદારતાથી શેઠ ઇંદ્રચંદ્રને જગતશેઠની પદવી આપી. બ્રિટિશ સરકારે તે પછી સૌને માટે જગતશેઠની પદવી આપવાનું બંધ કર્યું એટલે ઇંદ્રચંદ્ર છેલ્લા જગતશેઠ હતા.

૮. શેઠ ગોવિંદચંદ્ર – તે તદ્દન નિર્ધન બની ગયો હતો. બ્રિટિશ સરકારે તેને ઈ. સ. ૧૮૪૩ ( વિ. સં૦ ૧૮૮૦ )માં દર મહિનાની રૂ. ૧૨૦૦ ની આજીવિકા બાંધી આપી. તે સં૦ ૧૮૬૨ ( વિ.સં. ૧૯૧૯ )માં મરણ પામ્યો, એટલે બ્રિટિશ સરકારે તેની પત્ની રાણી પ્રાણકુંવરીને રૂ. ૩૦૦ નો માસિક ખરચ બાંધી આપ્યો. બ્રિટિશ સરકાર તરફથી જગતશેઠના વંશજોને આ છેલ્લું વર્ષાસન હતું.

૯. શેઠ ગોપાલચંદ્રજી, શેઠ ગુલાબચંદ્રજી—બ્રિટિશ સરકારે આ સમયે જગતશેઠના વંશજોનું વર્ષાસન બંધ કરી દીધું પણ શેઠ ગુલાબચંદ્રને રૂા. ૫૦૦૦ આપી નવો બંગલો કરાવી આપ્યો.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

૧૦ શેઠ ફત્તેહચંદ્ર, શેઠ ઉદયચંદ્ર – આ બંને શેઠ ગુલાબચંદ્રના પુત્રો હતા.

બંગાલી સન્ ૧૭૧૯માં શ્રી. નિખિલરાયે ( બી. એલ. એમ. ) બંગાલી ભાષામાં 'જગતશેઠ' નામનું પુસ્તક લખ્યું, ઉપેન્દ્રનાથ ભટ્ટાચાર્યે તેને પ્રકાશિત કર્યું. બ્રિટિશ સરકારે તેને જપ્ત કર્યું.

શેઠ ફત્તેહચંદ્ર પાસેથી તે પુસ્તક મેળવી તેના આધારે પ્રસ્તુત ઇતિહાસ લખ્યો છે.

૧૧. શેઠ સૌભાગ્યચંદ્રજી – તે શેઠ ફત્તેહચંદ્રનો પુત્ર છે. તે આજે વિદ્યમાન છે.

( – શ્રી. નિખિલરાય બી.એલ.એમ. રચિત, 'જગતશેઠ,' કોમિસરિયેટ 'ઇમ્પીરિયલ ફરમાન્સ,' હિંદીમાં – પારસનાથસિંહ 'જગતશેઠ' )

## રાણપુરા નગરશેઠનો વંશ

'સંઘાધિપત્યાદિ પદપ્રતિષ્ઠાસમાન્વિતૈર્વય જનૈર્વિશાલૈ : ।
દાનાદિજન્મોદ્દ્યપુણ્યભૂમિ : શ્રીમાલવંશો વિદિતો જગત્યામ્ ।। '

આ વંશની ચડતીપડતી અને સ્થાનાંતરનો ઇતિહાસ, સમકાલીન રાજ્યક્રાંતિ, જુદા જુદા સંવતો તથા ભિન્નમાલ, ગુજરાત-પાટણ, રાણપુર, પછેગામ, દડવા વગેરેની ઉત્પત્તિ અને વિકાસ સાથે સંકળાયેલ છે.

સમકાલીન રાજવંશો પૈકીના ગુજરાતના સુલતાનોનો વંશ, સૌરાષ્ટ્રનો ગોહેલવંશનો ઇતિહાસ ( પ્રક૦ ૪૪ પૃ૦ ૨૩૦ )માં આવી ગયો છે.

ગુજરાતના પડિહારો તથા દક્ષિણના રાષ્ટ્રકૂટોના વંશનો ઇતિહાસ પહેલાં ( પ્રક૦ ૩૨, પૃ૦ ૫૩૫માં ) આવી ગયો છે.

## ભારતના કેટલાએક સંવતો –

સામાન્ય રીતે ભારતમાં આશરે ૭૨ સંવતો પ્રવર્તે છે. જૈન ઇતિહાસમાં સંવતો નીચે મુજબ મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. વીરસંવત્ – ભગવાન્ મહાવીરસ્વામીના નિર્વાણથી કાર્તિક સુદિ ૧ થી શરૂ થાય છે.

૨. મૌર્યસંવત્ – વીરસંવત્ ૧૫૫માં મૌર્ય ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક થયો. વિક્રમસંવત્માં ૨૫૫ ઉમેરવાથી આ સંવત્ આવે છે.

૩. વિક્રમસંવત્ – વીરસંવત્ ૪૧૧ કાર્તિક સુદિ ૧ થી શરૂ થયો. વિક્રમસંવત્માં ૪૧૦ ઉમેરવાથી વીરસંવત્ આવે છે.

૪. શકસંવત્ – વિક્રમસંવત્ ૧૩૬ના ચૈત્ર સુદિ ૧ થી શરૂ થાય છે.

૫. ઈસ્વીસન્ – વિક્રમસંવત્માં ૫૬-૫૭ ઘટાડવાથી આ સંવત્ આવે.

૬. વલ્લભીસંવત્ (ગુપ્તસંવત્) – વિક્રમસંવત્ ૩૭૬ના કાર્તિક સુદિ ૧ થી શરૂ. વિક્રમસંવત્માંથી ૩૩૫ ઘટાડવાથી આ સંવત્ આવે છે.

૭. વહીસંવત્ – વિક્રમસંવત્ ૪૭૨માં ચૈત્યસ્થિતિ થઈ ત્યારથી ચૈત્યવાસીઓએ પોતાના ભક્તોની વંશાવલિ લખવાની શરૂઆત કરી છે.

જો કે અંચલગચ્છની મોટી પટ્ટાવલીમાં વિ૦ સં૦ ૭૭૨ થી વહીવંચાનો પ્રારંભ બતાવ્યો છે; પરંતુ પૂ. જયંતવિજયજી મહારાજે આ પટ્ટાવલીમાં ૩૦૦ વર્ષોનો ફરક આવે છે એમ શ્રી શંખેશ્વર તીર્થના ઇતિહાસમાં સ્પષ્ટ કર્યું છે. એ હિસાબે વિ૦ સં૦ ૪૭૨ અને પટ્ટાવલીના ૭૭૨ એ બરાબર છે. આ સંવત્નું બીજું નામ ભાટસંવત્ કહીએ તોપણ ઠીક છે.

૮. ગુજરાત સંવત્ – અણહિલપુર પાટણની શિલાસ્થાપના સં૦ ૮૦૨ના વૈશાખ સુદિ ૨થી થઈ છે. વનરાજ ચાવડાનો રાજ્યાભિષેકવિધિ સં૦ ૮૨૧માં થયો છે એટલે વિ૦ સં૦ ૮૦૨ અને વિ૦ સં૦ ૮૨૧ એ ગુજરાત સંવતો છે.

૯. શતાંક સંવત્ – ભારતીય સંવતવારીના અભ્યાસીઓ એમ માને છે કે, પ્રાચીન કાળમાં ભારતમાં પાંચ ગુરુવર્ષ એટલે ૬૦ સંવત્સરથી વર્ષમેળ લેવાનો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે પછી દર સો સો વર્ષે સંવત્ બદલાતો હતો. આ જ રીતે વિ૦સં૦ ૧૦૦૦ પછી હજારનો અંક કાઢી નાખી બાકીના શતકના આંકો લેવાથી શતાંક સંવત્ આવે છે.

વાયડગચ્છના આ૦ શ્રી જિનદત્તસૂરિએ વાયડમાં સં૦ ૭માં પ્રતિષ્ઠા કરાવી છે તો સમજી શકાય છે કે આ સંવત્ ગુજરાત સંવત્ હશે અથવા શતાંક સંવત્ હશે.

(—પ્રક૦ ૩૪, પૃ૦ ૫૫૪)

શ્રીમાલનગર — આ નગરનાં ૧ શ્રીમાલ, ૨ રત્નમાલ, ૩ પુષ્પમાલ, અને ૪ ભિન્નમાલ નામો મળે છે. ચીનની ભાષામાં 'પિ–લો–મો–લો' એવું નામ મળે છે. શ્રીમાલનગર એ ગુજરાતનું પાટનગર હતું એ સમયે ભિન્નમાલથી ગુજરાત–પાટણ સુધીનો પ્રદેશ 'ગુજરાત' કહેવાતો હતો.

(—પ્રક૦ ૩, પૃ૦ ૯૪)

અંચલગચ્છની મોટી પટ્ટાવલીમાં ઉલ્લેખ છે કે, શ્રી શંખેશ્વર–ગચ્છના આ૦ શ્રી ઉદયપ્રભસૂરિ સં૦ ૭૭૨માં આચાર્ય બન્યા. તેમણે સં૦ ૭૯૫માં ભિન્નમાલના રાજા ભાણને શ્રાવકનાં બાર વ્રત આપ્યાં.

આ આચાર્યની વિદ્યમાનતામાં એટલે સં૦ ૭૭૨ થી સં૦ ૭૯૫ના ગાળામાં ચૈત્યવાસી જૈન આચાર્યોના સંમેલને શ્રાવકોની વહેંચણી અને તેની નોંધ રાખવાની વ્યવસ્થા માટે વહી લખવાનો પ્રારંભ કર્યો હતો.

પૂ૦ શ્રી જયંતવિજયજી મહારાજે બતાવેલા ફરક મુજબ સં૦ ૭૭૨ તે વાસ્તવમાં ૪૭૨ સમજવો જોઈએ.

બીજા ઇતિહાસોમાં ઉલ્લેખ છે કે વિ૦સં૦ ૪૭૨ એ વહીવંચાઓનો વહીપ્રારંભનો દિવસ છે. તેઓ પ્રાયઃ ત્યારથી સાલવારી લખે છે. આનું બીજું નામ ભાયાવત સંવત્ પણ કહી શકાય.

ચૈત્યવાસીઓ ધીમે ધીમે શિથિલ થયા. તેમની પરંપરામાંથી મત્થેરણ, વહીવંચા, ભાટ, બારોટ વગેરે જ્ઞાતિઓ નીકળી છે.

શ્રીમાલનગરમાં પ્રથમ મૌર્યપ્રતીહારોનું રાજ્ય હતું. વિક્રમ સંવત્ ૮૯૦માં રાષ્ટ્રકૂટ રાજા વીજા ગોવિંદે પડિહાર રાજા યશો-

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

વર્માને કનોજ તરફ ભગાડી ગુજરાત પોતાને તાબે કર્યું અને પોતાના નાના ભાઈ ઇન્દ્રને લાટનું રાજ્ય આપી અહીં રાષ્ટ્રકૂટ વંશનું રાજ્ય સ્થાપન કર્યું.

(–પ્રક૦ ૩, પૃ૦ ૫૩૫, ૫૩૬)

રાષ્ટ્રકૂટનું અપભ્રંશમાં રાઠોડ નામ છે. કેટલાએક રાજપૂતવંશો માટે દોહરો મળે છે કે—

"શિસોદિયા સાંડેસરા, ચોદસિયા ચૌહાણ;
ચૈત્યવાસીયા ચાવડા, કુલગુરુ એહ વખાણ."

જો કે રાષ્ટ્રકૂટો દક્ષિણ તરફના છે. ત્યાં તેઓ પ્રાયઃ દિગંબર જૈનધર્મના ઉપાસક હતા, તોપણ સંભવ છે કે ગુજરાતમાં આવ્યા બાદ શ્વેતાંબર આચાર્યોના પરિચયથી તેઓ સાંડેરાવના શ્વેતાંબર આ૦ શ્રી બલભદ્રસૂરિના ઉપાસક હતા.

(–પ્રક૦ ૩૪, પૃ૦ ૫૯૨)

જોધપુરના રાઠોડ રાજાઓ પણ શ્વેતાંબર જૈન આચાર્યોના ભક્તો હતા તથા જૈનધર્મના પ્રેમી હતા. આથી અનુમાન થાય છે કે, રાઠોડો ખંડિલગચ્છ કે સાંડેરાવ ગચ્છના આચાર્યોના ઉપાસક હશે. આ રીતે શ્રીમાલનગરમાં ઘણાં વર્ષો સુધી રાઠોડ રાજ્ય રહ્યું.

અંચલગચ્છની મોટી પટ્ટાવલીમાં એવો પણ ઉલ્લેખ છે કે, મહમ્મદ ઘોરીએ સં૦ ૧૦૭૧ લગભગમાં શ્રી શંખેશ્વર ગચ્છના આચાર્ય શ્રી વીરચંદ્રની વિદ્યમાનતામાં ભિન્નમાલ ભાંગ્યું,

સાધારણ ઇતિહાસમાં મહમ્મદ ગિઝની ઈ૦ સ૦ ૧૦૦૧ થી ૧૦૩૦-માં ભારત પર ૧૧ વાર ચડાઈ કર્યાના ઉલ્લેખો છે. છેલ્લી સવારી ઈ૦સ૦ ૧૦૨૪ (વિ૦ સં૦ ૧૦૮૦)માં કરીને સોમનાથ પાટણ ધ્વસ્ત કર્યું, ગિઝનીએ અગાઉની ચડાઈઓમાં ભિન્નમાલ, સાચોર વગેરે સ્થાનો ભાંગ્યાં હતાં એટલે સં૦ ૧૦૭૧માં ભિન્નમાલ ભાંગ્યાની હકીકત પુરવાર થાય છે.

## મૌર્ય પડિહારવંશ—

(૧) નાગાવલોક (વિ૦સં૦ ૬૧૩,) (૨) કકુત્સ્થ, (૩) દેવરાજ, (૪) વત્સરાજ (શાકે ૬૯૯) (૫) યશોવર્મા –

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

ગોવિંદ ત્રીજાએ વિ૦સં૦ ૮૬૦ લગભગમાં યશોવર્માને કનોજ તરફ ભગાડી મૂકી ગુજરાત તાબે કર્યું.

(– પ્રક૦ ૩૨, પૃ૦ ૫૩૪, ૫૩૫)

રાષ્ટ્રકૂટવંશ (રાઠોડ) – આનું અપભ્રંશ કે અલ્પાક્ષરી નામ રાઠોડ છે. દક્ષિણના રાષ્ટ્રકૂટવંશના રાજા દંતિવર્માના રાઠોડવંશમાં અનુક્રમે (૯) કલિ વલ્લભ ધ્રુવ (વિ૦સં૦ ૮૩૬ થી ૮૫૦), (૧૦) ત્રીજા ગોવિંદ રાઠોડ (વિ૦સં૦ ૮૫૦ થી ૮૭૦), (૧૧) પહેલો અમોઘવર્ષ, (૧૫) ચોથો ગોવિંદ, (૧૬) ત્રીજો અમોઘવર્ષ, (૧૭) ત્રીજો કૃષ્ણ, (૧૮) ખોટ્ટિગ, (૧૯) બીજો કર્ક (વિ૦સં૦ ૧૦૩૦) રાજાઓ થયા છે.

(પ્રક૦ ૩૨, પૃ૦ ૫૩૫, ૫૩૬)

## ગુજરાતના સૂબાઓ —

૧ અલફખાન (ઈ૦સ૦ ૧૨૯૭ થી ૧૩૧૭)

૨ એનુલ મૂલ્ક મુલતાની

૩ મલેક દિનાર જાફરખાન

૪ ખુશરુખાન

૫ હિસામુદ્દીન

૬ વાજુદ્દીન ખુરેશી

૭ તાજુમુલ્ક

૮ અહમદખાન

૯ સૂબેદાર જાફરખાન

૧૦ મુજફ્ફરખાન (ઈ૦સ૦ ૧૩૯૧ થી ૧૪૦૭) સુધી મુસલમાન બાદશાહોના સૂબાઓ હતા.



जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુજરાતના બાદશાહો –

૧ મુજફ્ફરશાહ (ઈ૦સ૦ ૧૩૯૬ થી ૧૪૧૧),

૨ અહમદશાહ (ઈ૦સ૦ ૧૪૧૧ થી ૧૪૪૩).
તેણે વિ૦સં૦ ૧૪૬૭ના ફાગણ સુદિ ૩ ને ગુરુવારે અમદાવાદ વસાવ્યું.

૩ મહમ્મદશાહ બીજો (ઈ૦સ૦ ૧૪૪૩ થી ૧૪૫૧)

૪ કુતુબશાહ

૫ દાઉદશાહ (મૃત્યુ ઈ૦સ૦ ૧૪૦૯)

૬ મહમ્મદ બેગડો (ઈ૦સ૦ ૧૪૪૯ થી ૧૫૧૧)

૭ મુજફ્ફર બીજો (ઈ સ૦ ૧૫૧૧ થી ૧૫૨૩)

૮ અહમદશાહ સિકંદર (સં૦ ૧૫૮૨)

૯ લઘુ મહમ્મદ (ઈ૦સ૦ ૧૫૨૩ થી ૧૫૨૬)

૧૦ બહાદુરશાહ (ઈ૦સ૦ ૧૫૨૬ થી ૧૫૩૭)

(–પ્ર૦ ૪૪)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સૌરાષ્ટ્રનો ગોહેલવંશ —

૧ મોહનદાસ

૨ ઝાંઝણજી

૩ સેજકજી (સં૦ ૧૨૬ )

૪ રાણજી

૫ ...

૬ ... (ઈ સ૦ ૧૪૭૪)

૭ મોખડજી

૮ ડુંગરજી

૯ વિનોજી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૦ કહાનોજી

૧૧ સારંગજી

૧૨ શિવજી

૧૩ જેતોજી

૧૪ રામદાસજી

૧૫ સરતાનજી

૧૬ વીસોજી

૧૭ ધૂનોજી

૧૮ રત્નોજી

૧૯ હરભમજી

૨૦ ગોવિંદજી

૨૧ અખેરાજજી

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

૨૨ રતનોજી

૨૩ ભાવસિંહજી ( સં૦ ૧૭૭૯ )

પાલનપુર (જગાણા)— એક મત પ્રમાણે ચંદ્રાવતીના રાજા અરણ્યરાજ પરમારે વિ૰સં૰ ૧૦૧૫ પછી પાલનપુર વસાવ્યું છે. જ્યારે બીજા મત પ્રમાણે ચંદ્રાવતીના રાજા ધારાવર્ષદેવ ( વિ૦સં૦ ૧૨૨૦ થી ૧૨૭૬ )ના નાનાભાઈ પ્રહલાદને સં૦ ૧૨૭૪માં પાલનપુર વસાવ્યું.

પાલનપુર ચંદ્રાવતીના રાજ્યમાં હતું. અલ્લાઉદ્દીને સં૦ ૧૩૬૮માં ચંદ્રાવતી ભાંગ્યું ત્યારે ચંદ્રાવતી, પાલનપુર, જગાણાના પરમારો ત્યાંથી નીકળી ગયા અને મૂળી આવી વસ્યા. ( પ્રક૰ ૩૫, પૃ૦ ૧૫૭, ૧૫૯ )

પાટણ—વનરાજ ચાવડાએ વિ૰ સં૦ ૮૦૨ના વૈશાખ સુદ ૨ ના રોજ અણહિલપુર પાટણની શિલાસ્થાપના કરી. વિ૰સં૦ ૮૨૧માં પાટણમાં પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાણપુર — રાણજી ગોહેલે ઈ૦સ૦ ૧૩૦૪ (વિ૦સં૦ ૧૩૩૧) પછી રાણપુર વસાવ્યું.

મહમ્મદ બેગડાના પુત્ર અહમદશાહ સિકંદરે ઈ૦સ૦ ૧૪૭૪ (વિ૦ સં૦ ૧૫૩૧)માં રાણપુર ભાંગ્યું.

પછેગામ — વલ્લભીની ચડતી-પડતી પ્રસંગે પરા જેવું પછેગામ વસ્યું.

ઠા૦ સરતાનજી ગોહેલના બીજા પુત્ર દેવજીને ઈ૦સ૦ ૧૫૭૦ લગભગ (વિ૦સં૦ ૧૬૨૭)માં પછેગામનો ગરાસ મળ્યો. તેની પાટીમાં ઉમરાલા અને વળાની વચ્ચેની પાટીની ઘણી જમીન હતી.

દડવા — વલભીવંશની રાજકુમારી દુદ્દાએ દુદ્ધવિહાર બનાવ્યો, તેણે એ વિહારને માટે ઘણી જમીન, વાવો વગેરે આપ્યાં હતાં.

વલ્લભીના નં. ૫૯ના તામ્રપત્રથી જાણવા મળે છે કે દાંત્રેટીયાની વાવ કે ઊજમવાવ અને બડોદની દક્ષિણે એક મોટી વાવ હતી, જેમાં આદિત્યદેવ (સૂર્ય)નાં ચરણો બિરાજમાન હતાં, તેથી તે વાવ આદિત્યદેવ પાદીયાની વાપી (સૂર્યદેવનાં પગલાંવાળી વાવ) નામથી પ્રસિદ્ધ હતી. તે દદ્દાવિહારના તાબામાં હશે. દદ્દાવાવનું અપભ્રંશ કે અલ્પાક્ષરી નામ દદ્દવા બની શકે.

દદ્દવામાં પહેલાં સૂર્યની સ્થાપના હશે, પછી દેવીપૂજાના યુગમાં સૂર્યને બદલે સૂર્યપત્ની રત્નદેવી–રયણદેવીની સ્થાપના થઈ હશે. એટલે આજે તે વાવ રાંદલની વાવ તરી ઓળખાય છે.

વૃદ્ધવાણી એવી છે કે, કાળુભારની નદીનાં પાણી મોટી સર (નીક) આવતી હતી. વાવનું પાણી પગથિયાં બહાર નીકળી ગામમાં ચાલ્યું જતું હતું, તેથી લોકોએ તે વાવમાં ઊતરી ગાડીનું પૈડું ભરાવી સરને રોકી દીધી છે. ત્યારથી તેમાં પાણીનો ભંડોળ ઓછો છે. આજે સુકાળ હોય કે દુકાળ હોય તો પણ આ વાવમાં પાણી બરાબર બની રહે છે.

દડવાની વાવમાં રાંદલની સ્થાપના છે. આ સ્થાન સૌરાષ્ટ્રમાં તીર્થ તરીકે વિખ્યાત છે. યાત્રિકો રવિવારે અને મંગળવારે દર્શન

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

કરવા તથા માન્યતા પૂરવા આવે છે. સૌરાષ્ટ્રમાં વિવાહમાં ‘ દડવાની રાંદલ’ને નોંતરી તેનો ઘોડો ખુંદાવે છે.

એ રીતે વિવાહવિધિમાં દડવાની રાંદલ એ પણ મુખ્ય સ્થાન ભજવે છે.

રાણપુરના નગરશેઠ કુટુંબના શા. લક્ષ્મીચંદ મોતીચંદ વગેરે જૈન ભાઈઓએ રાંદલની વાવ પાસે જાહેર મોટી ધર્મશાળા બંધાવી છે.

( – પ્રક૦ ૩૪, પૃ૦ ૩૮૬ )

વંશાવલી – આટલો પ્રાસંગિક ઇતિહાસ છે. હવે મહુડાના વતની બારોટ પ્રભુદાસ કુંઅરજી ધોળકાવાળાની વહીમાં રાણપુરના નગરશેઠના વંશની વંશાવલીમાં એક વંશતાલિકા મળે છે તે જોઈએ.

પૂર્વ ઘટના – રાઠોડો ભિન્નમાલમાં હતા, જે જૈન બન્યા. જૈનાચાર્યોએ તેઓને શ્રીમાલજ્ઞાતિમાં દાખલ કર્યા. તેઓનું ગોત્ર રાઠોડ, કુલ ચવાલસ, અને કુલદેવી અંબાજી સ્થાપન કર્યાં. તેઓ રાઠોડ શ્રીમાલી કહેવાયા.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ વંશનો એક પુરુષ પોતાના કુટુંબ સાથે ભિન્નમાલ નગર ભાંગવાથી વહી સં૦ ૧૭૨ ( વિ.સં૦ ૬૪૪ ) માં ભિન્નમાલથી નીકળી પાલી આવી વસ્યો. તેના વંશજો વહી સં૦ ૪૧૨ ( વિ.સં૦ ૮૮૪ ) માં પાટણ આવી વસ્યા. તેના વંશજો વહી સં૦ ૮૭૨ ( વિ.સં૦ ૧૩૪૪ )માં પાલનપુર તાબે જગાણામાં જઈ વસ્યા. તેના વંશજો સં૦ ૧૩૬૮ માં જગાણાથી નીકળી મૂળી જઈ વસ્યા. તેના વંશજો સં૦ ૧૩૭૨માં મૂળીથી નીકળી રાણપુર આવી વસ્યા.

૧. શેઠ વીરસંગ – તે સં૦ ૧૩૭૨માં રાણપુર આવી વસ્યા. ત્યાં તેને ‘ નગરશેઠ’ની પદવી મળી. ત્યારથી તે તથા તેના વંશજો રાણપુરા નગરશેઠ કહેવાયા. તે દશા શ્રીમાલી જૈન હતો.

૨. વાઘો – તે શેઠ વીરસંગની સાથે જ રાણપુર આવ્યો હતો.

૩. રતનસિંગ – તે શેઠ વીરસંગની સાથે જ રાણપુર આવ્યો હતો.

૪. શેઠ મેઘજી

૫. શેઠ પૂંજો

૬. શેઠ આંબો

૭. શેઠ પચાણ – તે હડવા આવી વસ્યો. સંભવ છે કે તેના પૂર્વજો ઠા૦ ભાણજી ગોહિલના વંશજો સાથે ઉમરાળા કે પછેગામ આવ્યા હશે, અને તે સં૦ ૧૬૨૭ લગભગમાં પછેગામના ઠા૦ દેવજીનો કારભારી બન્યો હશે. તે બુદ્ધિશાળી હતો. તેણે પછેગામની પાટીના હડવાની વાવ પાસેની જમીનની સુવ્યવસ્થા માટે વાવ પાસે નાનકડું ગામ વસાવ્યું હશે. તેનું નામ હડવા ગામ હશે. તેણે અહીં પોતાના કુટુંબને વસાવ્યું. તે ત્યાં નગરશેઠ કહેવાયા. તે પછી અહીં ચભાડિયા વગેરેના વેપારીઓ આવી વસ્યા, જે ચભાડિયા તરીકે ઓળખાયા. આ જ રીતે પાસેના ગામના બ્રાહ્મણો, કણબી, વસવાયા વગેરે આવી ત્યાં વસ્યા.

શેઠ પચાણ બુદ્ધિશાળી હતો. તેથી તેણે ગરાસદારોને ખુશ રાખી કરકસર કરી એ પાટીને વધારી અને હડવા ગામને વ્યવસ્થિત ગામ બનાવ્યું.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૮. શેઠ કેશવજી

૯. શેઠ માલજી – તેને પાંચ પુત્રો હતા. ૧ કુંઅરજી, ૨ મોનજી, ૩ નાનજી, ૪ વાલજી, ૫ કાનજી.

૧ કુંઅરજી – તે હડવામાં રહ્યો. તેને ૧ ખોડો, ૨ લવજી, ૩ પ્રેમજી એમ ત્રણ પુત્રો હતા.

શેઠ ખોડાને ૧ વાઘજી, ૨ પીતાંબર, ૩ માવજી એમ ત્રણ પુત્રો થયા.

શેઠ વાઘજીને……હતા.

શેઠ પીતાંબરને શેઠ જેઠા નામે પુત્ર હતો.

શેઠ જેઠાને ૧ મોતીચંદ, ૨ ચત્રભૂજ, ૩ જાદવજી, ૪ ફૂલચંદ એમ ચાર પુત્રો થયા. શેઠ મોતીચંદની પુત્રી દિવાળીબાઈને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧ લક્ષ્મીચંદ, ૨ અમૃતલાલ, ૩ હરગોવિંદદાસ, ૪ શિવલાલ, ૫ હીરાલાલ, ૬ વાડીલાલ અને ૭ અમૂલખ એમ સાત પુત્રો થયા.

તેમાંના શેઠ લક્ષ્મીચંદ વગેરે ભાઈઓએ દહવામાં રાંદલની વાવ પાસે જાહેર મોટી ધર્મશાળા બનાવી છે લક્ષ્મીચંદને ચાર, અમૃતલાલને ત્રણ, શિવલાલને ચાર, હીરાલાલને બે, વાડીલાલને ત્રણ અને અમૂલખને ચાર પુત્રો છે.

શેઠ ચત્રભુજને રમણીકલાલ નામે પુત્ર છે.

શેઠ જાદવજીને ૧ ધીરજલાલ, ૨ શાંતિલાલ, ૩ ભાઈલાલ એમ ત્રણ પુત્રો છે.

શેઠ ફૂલચંદને ૧ નગીનદાસ અને ૨ ભોગીલાલ એમ બે પુત્રો છે.

શેઠ લવજી કુંઅરજીને ૧ જહો, ૨ કસલચંદ, ૩ ચાંપશી એમ ત્રણ પુત્રો હતા. ચાંપશીને રાયચંદ અને તેને મોહનલાલ નામે પુત્ર હતો.

શેઠ મોનજી – તેનો પરિવાર વડોદમાં જઈ વસ્યો.

શેઠ નાનજી – તેનો પરિવાર વડોદમાં જઈ વસ્યો.

શેઠ વાલજી – તેનો પરિવાર દહવામાં જઈ વસ્યો.

શેઠ કાનજી – તેનો પરિવાર વડોદમાં જઈ વસ્યો.

શેઠ વાલજીને ૧ ભવાન, ૨ જહા, અને ૩ મૂલજી એમ ત્રણ પુત્રો થયા.

શેઠ જહાને ૧ સુંદરજી, ૨ તેજપાલ, ૩ ધરમશી, ૪ લીલો.

શેઠ સુંદરજીને ૧ નરશી અને ૨ ત્રિકમજી નામે પુત્રો થયા.

શેઠ નરશીનો પુત્ર કાનજી, ત્રિકમજીના પુત્રો આણંદજી, ફૂલચંદ અને ત્રિભુવનદાસ હતા.

શેઠ ફૂલચંદનો પુત્ર ચૂનીલાલ નામે હતો.

શેઠ ત્રિભુવનદાસને નાનુભાઈ, રતિભાઈ, પરમાનંદ અને બાલુ નામે પુત્રો હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શેઠ નાનુભાઈને બાબુ નામે પુત્ર હતો.

શેઠ તેજપાલ જહાને ૧ શામળજી, ૨ ગોપાળજી, ૩ પાનાચંદ એમ ત્રણ પુત્રો હતા.

શેઠ શામજીનો પુત્ર દિયાલભાઈ સ્વામીનારાણ સંપ્રદાયમાં સાધુ બન્યો. ગોપાળજીને પરિવાર નહોતો.

શેઠ પાનાચંદ – તેને ૧ ગુલાબચંદ, ૨ મોહનલાલ, ૩ મગનલાલ એમ ત્રણ પુત્રો થયા.

મગનલાલે મુનિ ચારિત્રવિજયજી ( કચ્છી ) પાસે દીક્ષા લીધી તે મુનિ દર્શનવિજય ( ત્રિપુટી ) તરીકે પ્રસિદ્ધ થયા, જે આ ઇતિહાસના મુખ્ય લેખક છે.

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**શ્રી. રાણપુરી નગરશેઠ વંશવૃક્ષ –**

શાખે–યાદવ, ગોત્ર-વૃષ્ણી, ત્રિ-પ્રવર, શાખા–માધ્યન્દ્રની વેદ-યજુર્વેદ, કુલદેવી અંબાજી માતાજી.

૧. વીરચંદ શેઠ – સં૦ ૧૪૭૫માં વસાવેલ રાણપુરના રાણાજી ગોહેલના કારભારી.

૨. વાઘુ શેઠ

૩. રતનસંગ શેઠ

૪. મેઘજી શેઠ

૫. પૂંજાશેઠ

૬. આંબા શેઠ


૭. પંચાણ શેઠ – સં૦ ૧૬૨૭માં દડવામાં નગરશેઠ અને કામદાર બન્યા.

૮. કેશવજી શેઠ

૯. માલજી શેઠ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


## શેઠ કુંઅરજી ( દડવા – રાંદલના )






www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શેઠ નાનજી વડોદવાળા







જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


# વાલજી શેઠ (દડવા - રાંદલના) અલંપર




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## મોનજી શેઠ વડોદ






www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માંડવા જલાલપુરમાં આ શેઠ કુટુંબના ભૂરાલાલ શેઠ, આંબાશેઠ, કલાશેઠ વગેરેનાં ઘરો છે.

- ભૂરાલાલ શેઠ
  - કાલિદાસ
    - ચત્રભુજ
      - રતિલાલ
      - પ્રભુદાસ (માંડવામાં છે.)
  - લાલચંદ
    - શાપન
    - ૨

શેઠ કુટુંબના હસાવાલા મિયાગામ પાસે સાઢલીમાં રહે છે.

- વીરચંદ (સાઢલી)
- ભાણજી શેઠ (હેવચંદ હસામાં છે)

હસા પાસે રસનાલમાં એક ઘર છે. બરવાળામાં એક ઘર છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## દોશી મનિયા શ્રીમાલીનો વંશ નં. ૧

(૧) શા. રંગા – તે વીશા શ્રીમાલી હતો. તેને દોશી મનિયા નામે પુત્ર હતો.

(–પ્રા. જૈ. લે. સં. ભા. ૨, લે. ૨૭૮)

(૨) દોશી લહુઆ – તેનું બીજું નામ લવજી દોશી પણ મળે છે. તેને ચંપાઈ નામે પત્ની હતી. તે ચાંપાનેરથી આવી અમદાવાદમાં વસ્યો હતો. તેનું ગોત્ર વાલેલા હતું. તે જ્ઞાતિએ વીશા શ્રીમાલી જૈન હતો.

શેઠ લહુઆએ સં૦ ૧૬૫૬ના માગશર સુદિ ૫ ને ગુરુવારે અમદાવાદના સિકંદરપુરમાં શ્રી. વિજય ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા તથા ગુરુની ચરણપાદુકાની સ્થાપનાના દિવસે સિકંદરપુરમાં ભટ્ટા૦ શ્રી વિજયસેનસૂરિના હાથે પોતાના શ્રી. શાંતિનાથના દેરાસરની પ્રતિષ્ઠા કરાવી હતી.

કાવી બંદરના ગાંધી કુંઅરજી નાગર જૈને કાવીમાં બનાવેલા રત્નતિલક જિનપ્રાસાદ માટે શ્રી ધર્મનાથની પ્રતિમાની અંજનશલાકા કરાવી હતી તથા જગદ્ગુરુ આ૦ શ્રી વિજયસેનસૂરિની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરાવી હતી. પં૦ શ્રી નંદિવિજય ગણીને ઉપાધ્યાયપદ, મુનિશ્રી વિદ્યાવિજય (આ૦ વિજયદેવસૂરિ) તથા મુનિ મેઘજી ઋષિ (મુનિ ઉદ્યોતવિજય)ને ગણીપદ તથા પંન્યાસપદ અપાવ્યાં હતાં.

(–પ્રક૦ ૫૯, પૃ૦ ૧૫)

તેણે દીક્ષા લીધી હતી. તેને (૧) દોશી પનજી અને (૨) દોશી સુમતિ એમ બે પુત્રો હતા.

(૩) દોશી પનજી – તેનું બીજું નામ પનિયો પણ મળે છે. તેને ૧. હીરજી, ૨. મનજી, ૩. મદનજી, ૪. રતનજી અને ૫. ધરમજી એમ પાંચ પુત્રો હતા. આમાંનો દોશી હીરજી તેમનો પૌત્ર હતો.

(૪) દોશી મનજી – તે દોશી મનજીનો બીજો પુત્ર હતો. તેનાં બીજાં નામ મનરાજ અને માનિયા પણ મળે છે. તે વખતે આ કુટુંબ શેઠ મનિયાના નામે ઓળખાતું હતું અને તે નામે વિખ્યાત હતું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેનો સં૦ ૧૬૪૦ના અષાડ સુદિ ૧૧ ના રોજ અમદાવાદમાં જન્મ થયો હતો. તે ધર્માત્મા હતો, તેણે સાધર્મિક ભાઈઓને જમાડી પાનસોપારી આપી વસ્ત્રોની પહેરામણી આપી હતી. સાધર્મિકો તથા વીશાશ્રીમાલી જ્ઞાતિમાં સૌને ખાંડ ભરેલી થાળી અને મહમ્મુદી સિક્કો આપી લહાણી કરી હતી. તેણે પાંચ પર્વનાં પારણાં કરાવ્યાં હતાં. અમદાવાદનાં બધાં જિનાલયોમાં પૂજા ભણાવી હતી અને શ્રી પાર્શ્વનાથનું નવું જિનાલય બંધાવ્યું હતું.

તેણે સં૦ ૧૭૦૨ના મોટા દુકાળમાં ગરીબોને સર્વપ્રકારની સહાય કરી હતી અને દુકાળને દૂર કરવા માટે જહેમત ઉઠાવી હતી. જનતા તેને બીજો જગડુશાહ કહી બોલાવતી હતી. તેણે રત્નોની ૨૧ જિન-પ્રતિમાઓ ભરાવી હતી. તથા શ્રી વિમળનાથ વગેરેની બીજી ઘણી જિનપ્રતિમાઓ ભરાવી હતી. તેમાં સ્ફટિકની એક જિન પ્રતિમા આજે તેમના વંશજો પાસે વિદ્યમાન છે. તેણે રાણકપુર, હમીરગઢ, અચલગઢ, કુંભારિયા, મોઢેરા વગેરે સાત જૈન તીર્થોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

તેણે પ્રતિષ્ઠિત કરાવેલી ઘણી જિન પ્રતિમાઓમાં કોઈ કોઈ પ્રતિમામાં કોતરેલા લેખો પણ મળે છે. તે આ પ્રમાણે—

(૧) અમદાવાદના દોશી પનિયા શ્રીમાલીના પુત્ર શેઠ મનિયાએ સં૦ ૧૭૧૦ના જેઠ સુદિ ૬ ને ગુરુવારના રોજ ભ૦ વિમલનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

(—અમદાવાદના જમાલપુર દરવાજા પાસેના ટોકરશી શાહની પોળના જિનપ્રાસાદના ભોંયરામાં મૂળનાયક ભગવાનની ડાબી બાજુની પ્રતિમા ઉપર લેખ છે. અહીં દર સાલ કાર્તિક સુદિ ૨ના રોજ મેળો ભરાય છે.)

(૨) અમદાવાદના દોશી મનિયા શ્રીમાલી, તેની પત્ની સત્યદેવી, તેનો પુત્ર દોશી મદનજી, તેની પત્ની કસ્તૂરદેવી, તેના પુત્ર દોશી દીપચંદે સં૦ ૧૭૧૦ના જેઠ સુદિ ૬ ને ગુરુવારે ગુરુપુષ્યયોગમાં પોતાનાં માત–પિતાના કલ્યાણ માટે "ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમા" ભરાવી, તેની ભટ્ટા૦ વિજયાનંદ-સૂરિની આજ્ઞાથી ભટ્ટા૦ વિજયરાજસૂરિએ પ્રતિષ્ઠા કરી.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

(— અમદાવાદમાં ખાડિયા—ઝોલવાડના જિનાલયમાં બિરાજમાન પ્રતિમા ઉપરનો લેખ.)

શેઠ મનિયાએ શ્રી શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો શ્રી વિમલનાથની પ્રતિષ્ઠા કરાવી. ભટ્ટારકજીની પોતાને ત્યાં પધરામણી કરાવી, બધા યતિઓને પ્રતિલાભ્યા. ૮૪ ગચ્છોમાં રૂપિયાની લહાણી કરી. મોટી જિનપૂજાઓ ભણાવી તથા સાતે ક્ષેત્રોને પોષ્યા હતા.

ઉપા૦ શ્રી શિવવિજયજી ગણિવરના શિષ્ય પં૦ શીલવિજયજી ગણીએ સં૦ ૧૭૪૬માં રચેલી 'તીર્થમાલા'માં લખ્યું છે કે:

શેઠ મનિયાના વંશમાં ૧. લહુજી, ૨. પનજી, ૩. મનજી, ૪ શાંતિદાસ, ૫. સોમકરણ અને ૬. સુરચંદ વગેરે થયા હતા.

દોશી મનિયાએ ધર્મનાં કાર્યોમાં ૭ લાખની રકમ વાપરી હતી. તેના પૌત્ર શાંતિદાસે તેનાથી પણ વધુ રકમ વાપરી હતી.

(— તીર્થમાલા)

શેઠ મનિયાના શરીરે ૭૨ વર્ષની ઉંમરે રોગ થયો. તેણે વૈરાગ્ય પામી પં૦ મેરુવિજય ગણીના હાથે તપાગચ્છના (૫૯) ભટ્ટા૦ શ્રી વિજયસેનસૂરિ શિષ્ય (૬૦) પં૦ શ્રી મેરુવિજય ગણી શિષ્ય (૬૧) પં૦ શ્રી લાવણ્યવિજય ગણી શિષ્ય (૬૨) મુનિ શ્રી માણેકવિજય નામથી સાધુ થયા હતા. તેમનું સં૦ ૧૭૧૧માં અમદાવાદમાં અનશન સ્વીકારી આરાધના કરતાં કરતાં કાળધર્મ પામી સ્વર્ગગમન થયું હતું. તેમને મુની વિનયવિજય નામે શિષ્ય હતા.

શેઠ મનિયાને ૧. શાંતિદાસ, ૨. સોમકરણ વગેરે પુત્રો હતા.

## ૫. શેઠ શાંતિદાસ

— તે શેઠ મનિયાનો મોટો પુત્ર હતો.

"व्योमयुग्म भीताब्दवाह शशधर (१७२०) प्रोज्जृम्भमाणप्रथं
नानादेशदरिद्रदीन जनतामन्नादिदानायुधैः ।
सत्रागाररणाङ्गणे निहतवान् दुर्भिक्षविश्वद्विषं ।
हाजापाटकमण्डनः स जयति श्री शान्तिदासो भटः ॥

'શાંતિદાસ મનિયાસુત,
કવિ આયા હૈ તેરે શરણ.'

(— વીર વંશાવલી)

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

શેઠ શાંતિદાસે સં૦ ૧૭૨૦ના જીવલેણ દુકાળમાં દાનશાળાઓ તથા પરબો બનાવી ગરીબોને અનાજ-પાણી પૂરાં પાડ્યાં હતાં. ઘી સાકર, ખાંડ, ગોળ, વગેરે આપ્યાં. કપડાં આપ્યાં તથા વાસણ, દવા વગેરે આપ્યાં, અને સૌને દુકાળના ભયથી વિમુક્ત કર્યાં.

શેઠ શાંતિદાસે હમીરપુર, તારંગા, કુંભારિયા, નાંદિયા, રાણકપુર, ભીલડિયાજી, શંખેશ્વર વગેરે સાત તીર્થોનો જીર્ણોદ્ધાર કરાવી શ્રી શાંતિનાથ વગેરે તીર્થંકરોની સ્ફટિકરત્નથી ૧૧ જિન પ્રતિમાઓ ભરાવી તેની પ્રતિષ્ઠા કરાવી હતી.

કવિબહાદુર દીપવિજયજી લખે છે કે —

'ગુજરાતિ શાંતિદાસ મનિયાના, અચલગઢે છે પ્રાસાદ વા૦
ચૌદસેહેં ચુમાલીશ મણ ધાતુની પ્રતિમા પૂરે આશ વા૦

(—સોહમ્ કુલ પટ્ટાવલી ઉલ્લાસ : ૪ ઢાળ : ૫૦, જૈયુ૦ ૬ કડી : ૬, પૃ૦ ૧૦૦)

સં૦ ૧૭૨૧માં આબુ તીર્થમાં અચલગઢમાં શ્રી ઋષભદેવનો નવો જિનપ્રાસાદ બનાવી ભટ્ટા૦ શ્રી વિજયરાજસૂરિના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી હતી.

(— પ્રક૦ ૩૭, પૃ૦ ૨૯૨)

સં૦ ૧૭૨૫માં આબૂ ઉપર પોતાના નામથી શ્રી શાંતિનાથનો જિનપ્રાસાદ બનાવ્યો. શ્રી શાંતિનાથ વગેરે તીર્થંકરોની સ્ફટિક રત્નની ૧૧ જિનપ્રતિમાઓ ભરાવી, તેની પ્રતિષ્ઠા કરાવી હતી.

(— પટ્ટાવલી સમુચ્ચય, ભા. ૨, પૃ૦ ૨૬૬)

શેઠ શાંતિદાસે ધર્મકાર્યમાં પોતાના દાદા કરતાં વધુ રકમ વાપરી હતી.

મહોપાધ્યાય ભાવવિજય ગણી લખે છે કે —

'દોશી શાંતિદાસે મોટાં મોટાં તીર્થોના છ'રી પાળતા ઘણા યાત્રા-સંઘો કાઢ્યા હતા. દોશી સુમતિદાસ વગેરે તેના પરિવારમાં હતા.

## ૯. દોશી સૌભાગ્યચંદ —

તેનું બીજું નામ દોશી સુરચંદ પણ મળે છે.

ઉપા૦ શ્રી સત્યવિજય ગણીવરે સં૦ ૧૭૮૭ના વૈશાખ વદિ

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

૭ ને સોમવારે ખંભાતબંદરમાં શેઠ શાંતિદાસના પુત્ર સૌભાગ્યચંદની વિનંતીથી 'જિનસ્તવન ચોવીશી' રચી.

( — પટ્ટા૦ સ૦ ભા-૨, પૃ૦ ૨૫૫ )

## દોશી મનિયા શ્રીમાલીનો વંશ—( નં૦ ૨ )

૧ દોશી રંગા
૨ દોશી લહુઆ
૩ દોશી પનિયા
૪ દોશી મનિયા

૫ દોશી સોમકરણ — તે દોશી મનિયાનો બીજો પુત્ર હતો. તેનું બીજું નામ દોશી સોમચંદ પણ મળે છે. તે મોટે ભાગે ખંભાતમાં રહેતો હતો અને અવારનવાર સુરત આવ-જા કરતો હતો.

કવિબહાદુર પં૦ દીપવિજયજી ગણી લખે છે કે —

'સોમકરણ મનિયા રાજનગર તણા રે,
રાજિયા-વજિયા સુજાણ;
પાટમહોત્સવ કીધો બહુ ભાવશું રે,
શ્રી રાજનગર માંહે જાણજો. ૮

આથી સ્પષ્ટ છે કે, શ્રી. રાજનગર — અમદાવાદના દોશી સોમકરણ મનિયા અને ખંભાતના રાજિયા—વજિયા પારેખે ભટ્ટા૦ વિજયાનંદસૂરિનો સ્વતંત્ર ગચ્છ સ્થાપવામાં મુખ્ય ભાગ લીધો હતો.

( — સોહમ્કુલપટ્ટાવલી — ઉલ્લાસ ૪, ભટ્ટા૦ વિજયતિલકસૂરિ વર્ણન, પટ્ટાવલી સમુચ્ચય – પુરવણી પૃ૦ ૮૭ )

શેઠ શાંતિદાસ પછી અમદાવાદની વીશા શ્રીમાલી જ્ઞાતિના શેઠ સોમકરણ બન્યા હતા. આજે પણ તેમના વંશજો એ જ્ઞાતિના શેઠ છે — તેમના વંશજોના હાથમાં જ્ઞાતિની શેઠાઈ છે.

૬. શેઠ સૂરજમલ — તે દોશી સોમકરણનો પુત્ર હતો.
૭. શેઠ જેચંદ
૮. શેઠ જોઈતારામ
૯. શેઠ અમરચંદ
૧૦. શેઠ રાયચંદ

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

૧૧. શેઠ મોહોલ્લાલ

૧૨. શેઠ સાંકળચંદ – તેમને પાર્વતીબાઈ નામે પત્ની હતી.

૧૩. શેઠ મયાભાઈ – અમદાવાદના શેઠ સાંકળચંદભાઈ અને તેમનાં પત્ની શેઠાણી પાર્વતીબાઈથી મયાભાઈનો જન્મ સં૦ ૧૯૪૬ના પ્ર૦ ભા૦ સુ૦ ૧ ના રોજ થયો હતો.

મયાભાઈ બુદ્ધિશાળી હતા, ધર્મપ્રેમી અને લોકપ્રિય પણ બન્યા. તેમને ધીરજબેન નામે પત્ની હતાં, જે અમદાવાદની જહાંપનાહની પોળના શેઠ જેશિંગભાઈ ઠાકરશીની પુત્રી હતાં. તે સુશીલા, ઘરરખુ અને ધર્મપ્રેમી હતાં.

શેઠ મયાભાઈ અમદાવાદની વીશાશ્રીમાલી જ્ઞાતિના શેઠ હતા અને અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના માનદ વહીવટદાર સભ્ય હતા. નગરશેઠ કસ્તૂરભાઈ એ મણિભાઈ એ મુનિ દર્શનવિજય, મુનિ જ્ઞાનવિજય અને મુનિ ન્યાયવિજય (ત્રિપુટી)ના ઉપદેશથી મેરઠ પ્રદેશ મુજફ્ફરનગર પ્રદેશમાં નવા બનેલા જૈનોને સહાય કરવા સ્થાપેલ શ્રી. શ્વે૦ મૂ૦ ધ૦ પ્ર૦ સમિતિના પ્રમુખ બન્યા હતા.

તે સં૦ ૨૦૦૬ના પ્ર૦ અ૦ વ૦ ૬ (તા. ૫–૭–૧૯૫૦)ની વહેલી સવારે કલાક ૪ ને મિનિટ ૫૫ ના સમયે ૬૦ વર્ષની ઉંમરે શ્રી શત્રુંજયતીર્થનું ધ્યાન કરતાં કરતાં સમાધિપૂર્વક મરણ પામ્યા.

ધીરજબેન સં૦ ૨૦૧૭ના બીજા જે૦ વ૦ ૨ ને શુક્રવારે (તા. ૩–૬–૧૯૬૧)ના રોજ અમદાવાદમાં મરણ પામ્યાં હતાં.

શેઠ મયાભાઈને ૧. નરોત્તમભાઈ, ૨. કસ્તૂરભાઈ અને ૩. કલ્યાણચંદ નામે ત્રણ પુત્રો છે. શેઠ મયાભાઈના મરણ પછી તેમના કુટુંબના શ્રી ચારુભાઈ ભોગીલાલ વીશા શ્રીમાલી જ્ઞાતિના શેઠ છે અને આ૦ ક૦ની પેઢીના સ્થાનિક સભાસદ છે.

૧૪. શેઠ નરોત્તમભાઈ – તેઓ શાંત, અને ધર્મપ્રેમી છે. શેઠ આ૦ ક૦ પેઢીના માનદ સભાસદ છે.

## દોશી મનિયા શ્રીમાલીનો વંશ (નં૦ ૩)

૧ દોશી રંગા

૨ દોશી લહુઆ

૩ દોશી સુમતિદાસ — તેમનું નામ ઉત્તરાધ્યયનની ટીકાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રચનાર મહો૦ ભાવવિજયજી ગણીએ સંસ્કૃત ગદ્ય ટીકાની પ્રશસ્તિમાં નોંધ્યું છે. તેમને સૌભાગ્યદેવી નામે પત્ની હતી. અને દોશી જયકરણ, દોશી કીકા અને દોશી કેશવ વગેરે પુત્રો હતા.

૪ દોશી જયકરણ— તેમને દોશી કાનજી નામે પુત્ર હતો. આ પિતા-પુત્ર મોટે ભાગે ખંભાત રહેતા હતા. તેમણે સં૦ ૧૬૯૪ના કા૦ સુ૦ ૫ના રોજ ખંભાતમાં ૪૫ આગમો મૂળ પંચાંગી સાથે લખાવ્યાં હતાં.

(—શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભા. ૨, પ્ર૦ નં૦ ૭૩૦, ૭૩૨)

## દોશી મનિયા શ્રીમાલીનો વંશ (નં૦ ૪)

૧ દો૦ રંગા

૨ દો૦ લહુઆ

૩ દો૦ પનિયા

૪ દો૦ સમરદાસ

૫ દો૦ હીરજી— આપણે પહેલા વંશમાં (મનિયા વંશ નં૦ ૧ માં) તેને દોશી પનિયાનો પુત્ર બતાવ્યો છે. પણ તે વાસ્તવમાં દોશી પનિયાનો પૌત્ર હતો.

પ્રતિમાલેખ મળે છે કે—"શ્રીરંગા વીશાશ્રીમાલી, પત્ની કીબાટી, સુત લહુઆ, સુત પનિયા, સુત સમરા, સુત હીરજીએ સં૦ ૧૬૭૫ના મહા સુદિ ૪ ને શનિવારે કુંભારિયામાં ભગ૦ નેમિનાથ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવી તેમાં આ૦ વિજયદેવસૂરિ તથા પં૦ કુશલસાગરગણીના હાથે ભગ૦ આદિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી.

(—પ્રા૦ જૈ૦ લે૦ સં૦ ભા૦ ૨, લે૦ નં૦ ૨૭૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ઓગણસાઈઠમું

*

## ભટ્ટારક વિજયસેનસૂરિ

तत्पट्टमब्धिमिव रम्यतमं सृजन्तः
स्तोमैर्गवां सकलसन्तमसं हरन्तः ।
कामोद्गुरुसंकुवलयप्रणया जयन्ति
स्फुर्जत्कला विजयसेनमुनीन्द्रचन्द्राः ॥ २५ ॥

तदनु मनुजमन्योऽनन्यसामान्यभाग्य-
स्त्रिभुवनगुरुपट्टे सूरिशक्रो बभूव ।
विजयिविजयसेनः फेनपिण्डावदातः
प्रसृमरवरकीर्तिर्मूर्तिमान् पुण्यराशिः ॥

—(મહો૦ કીર્તિવિજયગણી, વિચાર
રત્નાકર પ્રશસ્તિ, શ્લો૦ ૧૮)

तत्पट्टोन्नतपूर्वपर्वतशिरः स्फूर्तक्रियाहर्मणिः
सूरिः श्रीविजयादिसेनसुगुरुर्भव्येष्टचिन्तामणिः ।
शुभ्रैर्यस्य गुणैरिवानघघनैराबेष्टितः शोभते
भूगोलः किल यस्य कीर्तिसुदृशः क्रीडाकृते कन्दुकः ॥

(—વિનયવિજયજી, સુબોધિકા પ્રશસ્તિ)

अविमलमलमकार्षीत् सद्गुरोस्तस्य पट्टं
विजयिविजयसेनः सूरिरुग्रप्रतापः ।
महति सदसि शाहेर्वादिनो निष्प्रभावान्।
रविरिव निजगोभिस्तारकान् यो बभूव ॥

(—માનવિજયજી, ધર્મસંગ્રહની પ્રશસ્તિ)

વંદું હીરજી સેનજી જોડલી, દોઉ જિનશાસન વડનૂર;
જીરે મુનિગણુ ભાટક ચંદ્ર છે, વલી સોહમકુલ નભસૂરિ. વં૦ ૧૩

(—સોહમકુલ પટ્ટાવલી રાસ, ઉ૦ ૪,
ઢાળ : ૪૭ પટ્ટા૦સ૦ ભા૦૨, પૃ. ૯૫)

"જિહાં એ ગુરૂ કરે વિહાર,
અઢી જોયણુમાંહે વિસ્તાર;

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિહાં નહીં મરકી અને દુકાળ,
એ ગુરુવર વંદુ ત્રિકાળ. ૧૫
તેહ સમાન ગુણ રચણ નિધાન,
વિજયસેનસૂરિ યુગપ્રધાન;
શાંતિચંદ્ર વાચકનો શિષ્ય,
અમરચંદ્ર નમે નિશાદિશ. ૧૬

( – યુગપ્રધાન સંખ્યા સજ્ઝાય, ગો૦ ૧૬ )

"જેણઈ ઉત્સૂત્ર નિવારી દૂરઈ, વિમલ કિયો મુનિપંથ;
વિજયસેનસૂરિ શિરોમણિ, ઉદયો મહાનિર્ગ્રંથ. ૬૪

( – વિનયવિજયજી, ગણધર પટ્ટાવલીસજ્ઝાય, પટ્ટા૦ સ૦ ભા૦૨, પૃ૦ ૧૮૩ થી ૧૯૫. )

## ભટ્ટારક વિજયસેનસૂરિ

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**જન્મ** – મારવાડમાં જેસલ પહાડની પાસે નાડલાઈ ગામ છે. ત્યાં કર્માશાહ નામે ઓસવાલ જૈન રહેતા હતા. તેનાં પત્ની કોડમદેવીથી સં૦ ૧૬૦૪ના ફાગણ સુદિ ૧૫ના રોજ એક બાળકનો જન્મ થયો. જન્મના શુભ મુહૂર્તમાં લગ્નકુંડલી આ રીતે હતી :—

પહેલે સ્થાને વૃષભનું લગ્ન, ચોથે સિંહનો ચંદ્ર, છઠ્ઠે તુલાનો રાહુ, આઠમે ધનનો શનિ, નવમે મકરનો મંગલ, દસમે કુંભનો રવિ તથા બુધ, અગિયારમે મીનનો ગુરુ તથા શુક્ર અને બારમે મેષનો કેતુ હતા. આ બાળક ગર્ભમાં હતો ત્યારે માતાએ સ્વપ્નમાં સિંહને જોયો આથી માતા-પિતાએ એ બાળકનું નામ જયસિંહ રાખ્યું.

( – વિજયપ્રશસ્તિકાવ્ય, સર્ગ : ૨, શ્લો૦ ૩૧, ૩૨, ૫૧ )

શા. કર્માશાહે સં૦ ૧૬૧૧માં ખંભાતમાં પત્નીની સમ્મતિ મેળવી તપાગચ્છના ભટ્ટારક શ્રી. વિજયદાનસૂરિ પાસે દીક્ષા લીધી. ભટ્ટા૦ શ્રી વિજયદાનસૂરિએ તેને દીક્ષા આપી, આ૦ વિજયહીરસૂરિના શિષ્ય તરીકે જાહેર કર્યા અને તેનું નામ રાખ્યું મુનિ કમલવિજય.

કોડમદેવીનો ભાઈ જયતો પાલી શહેરનો સંઘપતિ હતો. તે તેની બેન કોડમદેવી અને ભાણેજ જયસિંહને પાલી લઈ ગયો. તે

www.jainsite.com                    For Private & Personal Use Only                    info@jainsite.com

પછી માતા કોડમદેવી અને પુત્ર જયસિંહ એ બંનેએ સંઘપતિ જયતાની આજ્ઞા લઈ ભટ્ટારક આ૦ શ્રી. વિજયદાનસૂરિ પાસે સુરતમાં જઈ પોતાને દીક્ષા આપવા વિનતિ કરી.

દીક્ષા – ભટ્ટા૦ વિજયદાનસુરિએ સં૦ ૧૬૧૩ના જેઠ સુદિ ૧૧-ના રોજ સુરતમાં સિંહ લગ્નમાં માતા અને પુત્રને દીક્ષા આપી. એ સમયે દીક્ષાકુંડલી આ રીતે હતી: એટલે પહેલે સ્થાને સિંહલગ્ન, ત્રીજા તુલાના સોમ અને મંગળ, પાંચમે ધનનો ગુરુ, નવમે મેષના શનિ અને રાહુ, અગ્યારમે વૃષભનો શુક્ર, બારમે મિથુનનો સૂર્ય અને બુધ હતા. આ પ્રમાણેની ગ્રહસ્થિતિ હતી ત્યારે બંનેને દીક્ષા આપી માતાનું નામ સાધ્વી કલ્યાણશ્રીજી અને પુત્ર જયસિંહકુમારને આ૦ વિજયહીરસૂરિના શિષ્ય બનાવી તેનું નામ મુનિ જયવિમલ રાખવામાં આવ્યું.

( – વિજયપ્રશસ્તિ કાવ્ય, સર્ગ : ૫, શ્લો૦ ૮૪-૮૭ )

ગચ્છનાયક ભટ્ટારક શ્રી વિજયદાનસૂરિએ જયવિમલને પાટણ આ૦ વિજયહીરસૂરિ પાસે મોકલ્યા. મુનિ જયવિમલે ગુરુ પાસે રહી વ્યાકરણ, કોશ, સાહિત્ય, છંદ, જૈનેતર ન્યાયગ્રંથો તથા જૈન ન્યાયગ્રંથો, વિવિધ વિષયના વિજ્ઞાનગ્રંથો અને જિનાગમોનો અભ્યાસ કર્યો.

આ તરફ ગચ્છનાયક ભટ્ટારક શ્રી. વિજયદાનસૂરિ સં૦ ૧૬૨૧ના વૈ૦ સુ૦ ૧૨ ના રોજ પાટણ પાસેના વડલી ગામમાં સ્વર્ગસ્થ થયા.

( – વિજયપ્રશસ્તિ, સર્ગ : ૬, શ્લો૦ ૨૯,૩૦ )

શ્રી સંઘે ત્યાં ભટ્ટા૦ શ્રી વિજયદાનસૂરિનો સ્તૂપ બનાવ્યો, અને આ૦ શ્રી. વિજયહીરસૂરિને ગચ્છનાયક બનાવ્યા. આ૦ શ્રી વિજયહીરસૂરિએ મુનિ જયવિમલને સં૦ ૧૬૨૬ના ફાગણ સુદિ ૧૦ના ખંભાતમાં પંન્યાસ તથા સં૦ ૧૬૨૮ના ફાગણ સુદિ ૭ને સોમવારે અમદાવાદના અહમદપરામાં ઉપાધ્યાય બનાવ્યા. તથા સં૦ ૧૬૨૮ના ફાગણ સુદિ ૭ને સોમવારે જ વૃષભ લગ્નમાં પહેલે વૃષભનો ચંદ્ર, ત્રીજે કર્કનો રાહુ, છઠ્ઠે તુલાનો મંગળ અને શનિ, દશમે કુંભનો સૂર્ય અને બુધ, અગિયારમે મીનનો ગુરુ અને શુક્ર હતા. ત્યારે આવી લગ્નકુંડલીમાં અને પૃથ્વીતત્ત્વનો સ્વર ચાલતો હતો ત્યારે અમદાવાદના અહમદપરામાં શેઠ મૂલાએ કરેલ પદવી

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

ઉત્સવમાં ઉપા૦ જયવિમલગણીને આચાર્ય પદ આપી તેનું નામ આ૦ વિજયસેનસૂરિ રાખ્યું.

( —વિજયપ્રશસ્તિ, સર્ગ : શ્લો૦ ૬૭-૭૨ )

આ૦ વિજયહીરસૂરિએ એ જ મુહૂર્તમાં ઉપા૦ વિમલહર્ષગણીને મહોપાધ્યાયની પદવી આપી તથા મુનિ પદ્મવિજય, મુનિ લબ્ધિસાગર ગણી વગેરે ૭ ગણિવરોને પંન્યાસપદવી અર્પણ કરી.

અમદાવાદમાં લોંકાગચ્છની ગાદીએ શ્રીપૂજ ઋષિ મેઘજી હતા તે તથા લોંકાગચ્છના બીજા ૨૭ યતિઓએ આ જ અરસામાં અમદાવાદમાં ભટ્ટા૦ વિજયહીરસૂરિ પાસે આવી લોંકાગચ્છ છોડી સંવેગી દીક્ષા સ્વીકારી હતી.

આ૦ વિજયહીરસૂરિએ સં૦ ૧૬૩૦ના પો૦ વ૦ ૧૪ ( સુ૦ ૪ )-ના રોજ પાટણમાં આ૦ વિજયસેનસૂરિને ભટ્ટારકપદ આપી પોતાની પાટે ગચ્છનાયક તરીકે સ્થાપન કર્યા ત્યારે ત્યાં તેમનો વંદના-ઉત્સવ ઊજવાયો હતો.

આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૩૨ના વૈ૦ સુ૦ ૧૩ ના રોજ પાવાગઢતીર્થમાં ચાંપાનેરના શેઠ જયવંતના જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી.

## વાદજય —

સં૦ ૧૬૩૨માં આચાર્યશ્રીએ ચાતુર્માસ કર્યું. આ સમયે સુરતમાં ચિંતામણિ, ભટ્ટમિશ્ર વગેરે પંડિતો અને નગરજનોની મોટી સભામાં દિગંબર ભટ્ટારક વાદી ભૂષણને હરાવ્યો.

( —વિજયપ્રશસ્તિ કાવ્ય, સર્ગ : ૮, શ્લો૦ ૪૪ )

ગચ્છનાયક આ૦ વિજયહીરસૂરિએ સં૦ ૧૬૩૮માં ગંધારમાં અને આ૦ વિજયસેનસૂરિએ પાટણમાં ચોમાસું કર્યું. આ૦ વિજયહીરસૂરિ સં૦ ૧૬૩૯ના મહા મહિનામાં ગંધારથી વિહાર કરી અમદાવાદ, પાટણ થઈ આ૦ વિજયસેનસૂરિને મળીને ગચ્છરક્ષાની યોગ્ય વ્યવસ્થા બતાવી ફત્તેપુરસિક્રી પધાર્યા. આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૩૯–૪૦ માં બીજે સ્થાને ચોમાસાં કર્યાં અને સં૦ ૧૬૪૨માં પાટણમાં ચોમાસું કર્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### શાસ્ત્રાર્થ જય—

ખરતરગચ્છવાળાઓએ સં૦ ૧૬૪૨ના ચોમાસામાં પાટણમાં મોટી સભામાં આ૦ વિજયસેનસૂરિને શાસ્ત્રાર્થ માટે બોલાવ્યા. મહો૦ ધર્મસાગરગણીના ‘પ્રવચનપરીક્ષા’ ગ્રંથ માટે આ શાસ્ત્રાર્થ યોજાયો હતો. ૧૪ દિવસ સુધી શાસ્ત્રાર્થ ચાલ્યો અને આ૦ વિજય-સેનસૂરિએ આ શાસ્ત્રાર્થમાં જય પ્રાપ્ત કર્યો.

(—વિજય પ્રશસ્તિ કાવ્ય, સર્ગ : ૧૦, શ્લો૦ ૩, ૪)

ખરતરગચ્છવાળાઓએ પાટણમાં હાર થવાથી સં૦ ૧૬૪૩માં અમદાવાદમાં સૂબા ખાનખાનાની રાજસભામાં કલ્યાણરાજ અને રાજ્યના અધિકારી વર્ગની મદદથી મોટા ઉમરાવો, મોટા પંડિતો અને નગરજનોની હાજરીમાં શાસ્ત્રાર્થ માંડ્યો. આ૦ વિજયસેનસૂરિના શિષ્યોએ કલ્યાણરાજ ખરતરનો જૈન સંઘ તથા સભાજનોનો પ્રવચનપરીક્ષા બાબતનો ભ્રમ ભાંગી જય મેળવ્યો. સંઘે તે શિષ્યોને સૂબા ખાનખાનાની મદદથી તથા તેણે આપેલા વાજાગાજાના ઉત્સવથી ઉપાશ્રયમાં પ્રવેશ કરાવ્યો.

(—વિજય પ્રશસ્તિ કાવ્ય, સર્ગ : ૧, શ્લો૦ ૫ થી ૯)

આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૪૩ના ફાગણ સુદિ ૧૧ના રોજ અમદાવાદમાં શ્રી. અહિવ દેવીના ઘરદેરાસરના પ્રતિષ્ઠા—મહોત્સવમાં ઇડરના શેઠ સ્થિરપાલ ઓસવાલ જૈનના ૯ વર્ષના પુત્ર વાસણને તેની માતા રૂપાઇદેવીની આજ્ઞા મળવાથી દીક્ષા આપી. પોતાનો શિષ્ય બનાવ્યો અને તેનું નામ રાખ્યું મુનિ વિદ્યાવિજય. આચાર્ય-શ્રીએ તે જ દિવસે અમદાવાદમાં શ્રી. અહિવદેવીના ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરી. સં૦ ૧૬૪૩ના જેઠ સુદિ ૧૦ ને શુક્રવારના રોજ ગંધારમાં શેઠ ઇંદરજીના ભ૦ મહાવીર સ્વામીના ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરી હતી. આચાર્યશ્રીએ સં૦ ૧૬૪૭માં ખંભાતમાં ચોમાસું કર્યું.

### જગદ્ગુરુને વંદન—

આ૦ વિજયસેનસૂરિ સં૦ ૧૬૪૪માં પોતાના મુનિપરિવારને સાથે લઈ ખંભાતથી વિહાર કરી સિરોહી પધાર્યા. ત્યાં ફતેપુર-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિક્રીથી પધારેલા જગદ્‌ગુરુ આ૦ વિજયહીરસૂરિને વંદન કર્યું.

ખંભાતના શેઠ વજિયા–રાજિયા પારેખ ખંભાતથી છ'રી પાળતા તેમની સાથે સિરોહી ગયા હતા. તેમણે જગદ્‌ગુરુને વિનંતી કરી કે, 'આપ ખંભાત પધારો અગર આપના પટ્ટધરને મોકલો.'

આ૦ વિજયસેનસૂરિએ ગુરુઆજ્ઞાથી સિરોહીથી વિહાર કરી સં૦ ૧૬૪૪માં ખંભાત આવ્યા અને ચાતુર્માસ કર્યું.

## ખંભાતમાં ચિંતામણિ પાર્શ્વનાથ પ્રતિષ્ઠા –

આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૪૫ના જેઠ સુદિ ૧૧ ને સોમવારે ખંભાતના સાગવટ પાડામાં શા. વજિયા–રાજિયા પારેખે બંધાવેલા જિનાલયમાં તેમણે ભરાવેલી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી.

આ પ્રતિષ્ઠામાં ૧ ભગ૦ ચિંતામણિ પાર્શ્વનાથ ૪૧ આંગળના, ૨ ભગ૦ મહાવીરસ્વામી, ૩ નેજા માટે ભ૦ ઋષભદેવ, ૪ કાવીના સર્વજિનપ્રાસાદ માટે ભ૦ મહાવીરસ્વામી, ૫ ગંધાર માટે નવપલ્લવિયા પાર્શ્વનાથ, ૬ વરડોલા માટે કરહેડા પાર્શ્વનાથ, ૭ વરડોલામાં ભ૦ નેમિનાથ વગેરે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી.[૧]

JAINSITE.com

આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૪૫માં ગંધાર જઈ નવપલ્લવિયા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી ત્યારથી ગંધાર બંદર તીર્થ બન્યું.[૨]

સં૦ ૧૬૪૮માં રાધનપુરમાં જગદ્‌ગુરુ આ૦ શ્રી વિજયહીરસૂરિ અને આ૦ શ્રી વિજયસેનસૂરિ ચોમાસું રહ્યા હતા ત્યારે લાહોરથી બાદશાહ અકબરે ફરમાન લખી મોકલ્યું કે :—

"આપને શત્રુંજયનો પહાડ ભેટ આપવામાં આવે છે અને જૈનોનો શત્રુંજયનો કર માફ કરવામાં આવે છે."

"હવે તમે તમારા પટ્ટધર આ૦ વિજયસેનસૂરિને લાહોર મોકલો."

૧. ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથના ભોંયરામાં આ૦ વિજયસેનસૂરિએ જ સં૦ ૧૬૫૭માં ૩૭ આંગળ પ્રમાણ ભ૦ ઋષભદેવની પ્રતિષ્ઠા કરી હતી.

૨. આ૦ વિજયસેનસૂરિએ તે પછી સં૦ ૧૬૫૯ કે ૧૬૬૨માં વૈ૦ વદિ ૬ ને ગુરુવારે ગંધાર બંદરમાં બીજી પણ પ્રતિષ્ઠા કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ શ્રી વિજયસેનસૂરિએ સં૦ ૧૬૪૯માં ગુરુની આજ્ઞા પ્રમાણે રાધનપુરથી વિહાર કર્યો. તેઓ પાટણ, આબુ, સિરોહી, રાણકપુર, વરકાણા, નાડલાઈ, ડીંડુઆણુક, વૈરાટનગર, મહિમનગર, લોધિયાણા અને ગંજ થઈ સં૦ ૧૬૪૯ના ચૈત્ર સુદિ ૧૧ના રોજ લાહોર પધાર્યા.[1]

લોધિયાણાથી લાહોર ૬ ગાઉ થાય. શેખ અબુલફજલનો ભાઈ શેખ ફૈજી લોધિયાણામાં આવી આ૦ શ્રી વિજયસેનસૂરિને મળ્યો.

પં૦ નંદિવિજય ગણીવરે લોધિયાણામાં સૌની સામે આઠ અવધાન કર્યાં. શેખ ફૈજી તે જોઈ ખુશ થયો. તેણે બાદશાહ પાસે જઈ આ અવધાનની વાત જણાવી.

પં૦ ભાનુચંદ્રગણી ગંજમાં આ૦ વિજયસેનસૂરિની સામે આવ્યા.

આ૦ વિજયસેનસૂરિ લાહોર પધાર્યા. બાદશાહે તેમને ભટ્ટા૦ વિજયહીરસૂરિના સુખ–સમાચાર પૂછ્યા. આચાર્યશ્રીએ તેને જગદ્‌ગુરુ તરફથી ધર્મલાભ સંભળાવ્યો અને સારા સમાચાર પૂછ્યા.

## બાદશાહી રાજસભામાં–

બાદશાહ અકબર રાજસભામાં બેઠો હતો ત્યારે આ સભામાં મંડોવરના રાજા મલ્લદેવનો પુત્ર ઉદયસિંહ, કચ્છનરેશ જ્ઞાનસિંહ, રાજા માનસિંહ, ખાનખાના અબુલફજલ, આઝમખાન, ભિલોટના ગઝનીખાન; બીજા ઉમરાવો, હિંદુ રાજાઓ, મોગલ સરદારો, બ્રાહ્મણો, પંડિતો વગેરે બેઠા હતા.

બાદશાહ સૌ પ્રથમ પં૦ નંદવિજય ગણિવરનાં આઠ અવધાનો અને તેમની યાદદાસ્ત જોઈ ખુશ થયો. તેણે તેમને 'ખુશફહમ' નું બિરુદ આપ્યું.

## પ્રશ્નોના ખુલાસા :–

બાદશાહ અકબરની સભાના પંડિતો મૂંઝાયા. તેમને એમ થયું કે જૈન સેવડાઓ ત્યાગી અને વિદ્વાન હોય છે. જે આવે છે તે બાદશાહ ઉપર પ્રભાવ પાડે છે. આથી બાદશાહ જૈનો તરફ વધુ ને

---

૧. મહિમનગરમાં જૈન ઘરો હતાં. તેઓ સાધુ મહારાજોને ચોમાસું કરાવતા હતા. પં૦ કમલવિજય ગણિવરે સં૦ ૧૬૬૭માં હીસાર – મહિમમાં ચોમાસું કર્યું હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વધુ ખેંચાતો જાય છે. તો હવે આપણે તેનો ઉપાય કરવો જોઈએ, જેથી જૈનોનો પ્રભાવ ઓસરવા માંડે.

એક પંડિતે બાદશાહને જણાવ્યું કે નામદાર ! આ પંડિતો ઘણી બાબતમાં અમારાથી જુદા પડે છે. ૧ જૈનો ઈશ્વરને માનતા નથી. ૨ સૂર્યને માનતા નથી. ૩ ગાયને પૂજતા નથી. ૪ ગંગાને પવિત્ર માનતા નથી વગેરે વગેરે.

આ૦ વિજયસેનસૂરિએ બાદશાહના પૂછવાથી બધા પ્રશ્નોના એક પછી એક શાંતભાવે અને ગંભીરતાથી ખુલાસા આપ્યા—

"यं शैवाः समुपासते शिव इति ब्रह्मेति वेदान्तिनो<br>
बौद्धा बुद्ध इति प्रमाणपटवः कर्मेति मीमांसकाः<br>
अर्हन्नित्यथ जैनशासनरताः कर्तेति नैयायिकाः<br>
सोऽयं नो विदधातु वाञ्छितफलं त्रैलोक्यनाथो हरिः ॥"

( —હનુમન્નાટક )

जैन साईट
JAINSITE
जैनम् जयति शासनम्

(૧) જૈનો સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ ઈશ્વરને માને છે. નિરાકાર કે સાકાર નિરંજન ઈશ્વરને માને છે જેને જૈનો અરિહંત કે સિદ્ધ તરીકે ઓળખાવે છે. જૈનોનાં મંદિરો છે, તીર્થો છે, વગેરે, વગેરે.

(૨) વ્રતધારી સાધુઓ અથવા ગૃહસ્થો સૂર્ય આથમે ત્યારથી સૂર્ય ન ઊગે ત્યાં સુધી અનાજ-પાણી લેતા નથી.

જૈનો ગાયના ગળામાં બંધન થાય ત્યારથી તે બંધન ન છૂટે ત્યાં સુધી અનાજ-પાણી લેતા નથી.

(૪) જૈનો જન્માભિષેકમાં ખુદ તીર્થંકરોને અને કલ્યાણક ઉત્સવમાં, વિવિધ અભિષેકોમાં જિનપ્રતિમાઓને ગંગાના પાણી અને ગાયના દૂધ વડે અભિષેક કરે છે.

આથી સમજાશે કે વિદ્વાન પંડિતોએ જૈનો માટે જે જે શંકાઓ કરી છે તે પાયા વિનાની-નિરાધાર છે.

તે પછી બીજા સેંકડો વિદ્વાનોએ આવી જુદા જુદા પ્રશ્નો પૂછ્યા. આચાર્યશ્રીએ સમાધાન આપી સૌને સંતુષ્ટ કર્યા.

આ૦ વિજયસેનસૂરિવરે બાદશાહી રાજસભામાં આ૦ હેમચંદ્ર-

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

સૂરિએ 'યોગશાસ્ત્ર' ( પ્રકાશ-૬ )ના એક શ્લોક **નમો દુર્વારરાગાદિ**ના ૭૦૦ અર્થ કરી બતાવ્યા.

તે પછી આ૦ વિજયસેનસૂરિએ બાદશાહ અકબર અને શેખ અબુલ ફજલના કહેવાથી પં૦ ભાનુચંદ્ર ગણિને મહોપાધ્યાયની પદવી આપી. આ પદવીના ઉત્સવમાં શેખ અબુલ ફજલે રૂા. ૬૦૦ ) છસો રૂપિયાનું દાન કર્યું. જૈન સંઘે પણ વિવિધ દાનો કર્યાં.

## સવાઈહીર—

બાદશાહ અકબરે આ૦ વિજયસેનસૂરિને જગદ્‌ગુરુ આચાર્ય વિજયહીરસૂરિના યોગ્ય પટ્ટધર છે એમ સમજી 'સવાઈહીર'નું બિરુદ આપ્યું. બાદશાહ અકબરે આ૦ વિજયસેનસૂરિના ઉપદેશથી આચાર્ય શ્રીને છ મુદ્દાઓ ઉપર ફરમાન લખી આપ્યું.

તેમાં ૧. ગાય, બળદ, ભેંસ, પાડાને મારવા નહીં. ૨ મરેલાનું ધન લેવું નહીં અને ૩ ગુલામ તરીકે પકડવા નહીં વગેરે વગેરે પ્રતિજ્ઞાઓ કરી.

(– પ્રક. ૪૪, ફરમાન પૃ. ૧૨૪)

આચાર્યશ્રીએ સં૦ ૧૬૪૯, સં૦ ૧૬૫૦, સં૦ ૧૬૫૧માં લાહોરમાં ત્રણ ચાતુર્માસ વિતાવ્યા.

સં૦ ૧૬૫૨માં તેમને એવા સમાચાર મળ્યા કે ગુરુદેવ આ૦ વિજયહીરસૂરિનું સ્વાસ્થ્ય બગડયું છે. આ સમાચાર તેમણે બાદશાહને પણ જણાવ્યા. તેમની સંમતિ મેળવી આચાર્યશ્રીએ ત્યાંથી વિહાર કર્યો. તેમણે વિહાર કરતાં કરતાં મહિમનગર આવી ચોમાસું ( પર્યુષણ-પર્વ ) કર્યું. અને ત્યાંથી ગુજરાત તરફનો વિહાર ચાલુ રાખ્યો. તેઓ ગુજરાતમાં પધાર્યા. સં૦ ૧૬૫૨ના ભાદરવા સુદિ ૧૪ની સવારે તેઓ પાટણ પહોંચ્યા.

જગદ્‌ગુરુ આ૦ વિજયહીરસૂરિનું સ્વાસ્થ્ય સં૦ ૧૬૫૧ના ચોમાસામાં બગડયું હતું તેથી સંઘે તેમને વિહાર કરવા ન દીધો અને સં૦ ૧૬૫૨નું ચોમાસું પણ ઉનામાં કરાવ્યું. જગદ્‌ગુરુએ સં૦ ૧૬૫૨ ના ભા૦ સુ૦ ૧૧ના દિવસે ઉનામાં અનશન સ્વીકારી આરાધના કરતાં કરતાં શુભ ધ્યાનથી સ્વર્ગગમન કર્યું.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉનાના સંઘે આ સમાચાર ગામોગામ મોકલ્યા. આ સમાચાર ભાદરવા સુદિ ૧૩ ના રોજ પાટણ પહોંચ્યા. આથી પાટણના સંઘે ભા૦સુ૦ ૧૪ની સવારે ઉપાશ્રયમાં જગદ્ગુરુના દેવવંદન કરવા સંઘને એકત્ર કર્યો. સૌ આવ્યા. પોતાના પરિવાર સાથે ત્યાં હતા. તેણે સંઘ પાસેથી ગચ્છનાયકના સ્વર્ગવાસના સમાચાર જાણ્યા. પછી તો આચાર્ય મહારાજ અને સંઘે સાથે જ જગદ્ગુરુનું દેવવંદન કર્યું.

આચાર્યશ્રીને ઘણું દુઃખ થયું હતું. શ્રી સંઘે તેમને સમજાવી શાંત કર્યા.

## ગચ્છનાયક —

આચાર્ય વિજયસેનસૂરિ ગચ્છનાયક થયા. જૈન ગ્રંથકારો ગચ્છનાયક જગદ્ગુરુ આ૦ વિજયહીરસૂરિને ગણધર શ્રી. સુધર્મસ્વામી અને આ૦ વિજયસેનસૂરિને ગણધર શ્રી જંબૂસ્વામીની જોડીની ઉપમા આપે છે. કેમ કે તેઓ ભસ્મગ્રહ ઊતરી જવાથી તેમના શાસનમાં જ્ઞાન-દર્શન ચારિત્રમાં સર્વતોમુખી વૃદ્ધિ થયાનું તથા શ્રમણસંઘની ઉન્નિત થયાનું માને છે. તેમના હાથે ઘણી દીક્ષાઓ થઈ હતી.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## પ્રતિષ્ઠાઓ —

આ ગચ્છનાયક આ૦ વિજયસેનસૂરિ, મહો૦ કલ્યાણ વિજય- ગણી પં૦ ધનવિજયગણી વગેરે પાટણથી વિહાર કરી ખંભાત પધાર્યા.

સં૦ ઉદયકરણે સં૦ ૧૬૭૮ના મહા સુદિ ૧૩ના રોજ જગદ્ગુરુ શ્રી. હીરવિજયસૂરિ પાસે ભ૦ ચંદ્રપ્રભુના જિનાલયની પ્રતિષ્ઠા કરાવી હતી. પણ તે વખતે બનાવેલી હીરવિજયસૂરિની ચરણપાદુકાની પ્રતિષ્ઠા બાકી રાખી હતી. તેની આ૦ વિજયસેનસૂરિ, મહો૦ કલ્યાણ- વિજયગણી વગેરેના હાથે સં૦ ૧૬૫૨-૫૩ના માગશર વદિ સોમવારે ખંભાતના ભ૦ ચંદ્રપ્રભુના જિનાલયમાં પ્રતિષ્ઠા કરી. તેઓએ ખંભાતમાં ચોમાસું કર્યું.

સં૦ ૧૬૫૪ના મહા સુદિ ૫ના રોજ અમદાવાદના અકમીપુરમાં ધનાઢ્ય શેઠ મોટા શવજીના જિનાલયની પ્રતિષ્ઠા કરી અને તે જ ઉત્સવમાં મહો૦ ધર્મસાગર ગણીના શિષ્ય પં૦ લબ્ધિસાગરગણીને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપાધ્યાયપદ અર્પણ કર્યું. તે દિવસે વાછા ( વત્સ ) ઝવેરીના ઘર-દેરાસરની પ્રતિષ્ઠા કરી અને સં૰ ૧૬૫૪નું ચાતુર્માસ અમદાવાદમાં અકમીપુરમાં કર્યું.

વિજયચિંતામણિ પાર્શ્વનાથ—આ૦ વિજયસેનસૂરિ સં૰ ૧૬૫૫માં અમદાવાદમાં કૃષ્ણપુર-કાલુપુર પધાર્યા ત્યારે અમદાવાદમાં બાદશાહ તરફથી કા૦ હુસેન સૂબો હતો.

એ સમયે આચાર્યશ્રીના કેટલાક શિષ્યોને સ્વપ્ન આવ્યું કે ઢીંકવા પાડા પાસેની અમુક જમીનને ખોદો. તે પુરુષોએ સૂબાને આ વાત જણાવી. તેની પરવાનગી મેળવી એ જમીનને ખોદવામાં આવી ત્યારે તેમાંથી ચિંતામણિ પાર્શ્વનાથની કૃષ્ણરંગની ભવ્ય જિનપ્રતિમા નીકળી આવી.

આ૦ વિજયસેનસૂરિએ ત્યાં આવી સં૰ ૧૬૫૫માં કાજીની પરવાનગી મેળવી તે પ્રતિમાને બહાર કઢાવી અને તેને સિકંદરપુરમાં પધરાવી. ગચ્છનાયકે તે પ્રતિમાનું વિજયચિંતામણિ પાર્શ્વનાથ નામ રાખ્યું.

આચાર્યશ્રીએ સં૰ ૧૬૫૫માં અમદાવાદના સિંકદરપુરમાં ચોમાસું કર્યું અને મોટું જિનાલય બનાવવાનો ઉપદેશ કર્યો. અમદાવાદના શ્રીસંઘે ત્યાં વિશાળ જિનપ્રાસાદ બંધાવ્યો અને આ૦ વિજયસેનસૂરિએ સં૰ ૧૬૫૬ના મા૦ સુ૦ ૫ના રોજ અમદાવાદના સિંકદરપુર ( બીબીપુર )માં તે જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી ને તેમાં શ્રી વિજયચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમાને બિરાજમાન કરી. ત્યાં એ જ જિનપ્રાસાદમાં આ૦ વિજયહીરસૂરિની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરી. તથા તે જ દિવસે શેઠ લહુઆ, ( લવજી ) મનિયા ચાંપાનેરી શ્રીમાલીના ભ૦ શાંતિનાથના ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરી.

ગાંધી કુંઅરજી નાગર જૈને કાવીબંદરમાં રત્નતિલક જિનપ્રાસાદ બંધાવ્યો તેમાં પધરાવવા માટે ભ૦ ધર્મનાથની જિનપ્રતિમાની અંજનશલાકા કરી.

આચાર્યશ્રીએ આ જ ઉત્સવમાં પં૦ નંદિવિજય ગણીને ઉપાધ્યાયપદવી આપી અને મુનિ વિદ્યાવિજય તથા મેઘજી ઋષિ ( મુનિ ઉદ્યોતવિજય )ને પંન્યાસપદવી આપી. તેમણે ગીતાર્થોને વાસક્ષેપ આપી કાવીબંદર મોકલી ગાંધી કુંઅરજી નાગર જૈનના રત્નતિલક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરાવી.

આચાર્યદેવે ત્યાંથી વિહાર કરી લાડોલ જઈ ત્રણ મહિના સુધી સૂરિમંત્રનું ધ્યાન કર્યું. અધિષ્ઠાયકદેવ પ્રસન્ન થઈ જણાવ્યું કે પં૦ વિદ્યાવિજયગણિવર ગચ્છનાયકપદને યોગ્ય છે તો તેમને ગચ્છનાયક બનાવવા.

આથી આચાર્યશ્રીએ સં૦ ૧૬૫૬માં લાડોલમાં પં૦ વિદ્યાવિજયગણીને ઉપાધ્યાયપદ પ્રદાન કર્યું. તે પછી બધા ઈડર, તારંગા શંત્રુજયતીર્થ, ઉનામાં જગદ્‌ગુરુના સ્તૂપની વગેરેની યાત્રા કરી ખંભાત પધાર્યા.

## આ૦ વિજયદેવસૂરિ —

ખંભાતમાં આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૫૬ના વૈ૦ સુ૦ ૪ ને સોમવારે મૃગશિર નક્ષત્રમાં અમૃતસિદ્ધિ અને રવિયોગમાં ખંભાતમાં શેઠ મલજીએ આમંત્રણપત્રિકા કાઢી ઉજવેલ પદવી મહોત્સવમાં ઉપા૦ વિદ્યાવિજયગણીને આચાર્ય બનાવ્યા અને તેમનું નામ આ૦ વિજયદેવસૂરિ રાખ્યું, તથા પં૦ મેઘજી ઋષિ (પં૦ ઉદ્દ્યોતવિજય)ને ઉપાધ્યાયપદ અર્પણ કર્યું.

આ ઉત્સવ સાથે ઠક્કર કીકાના ઘરદેરાસરનો પ્રતિષ્ઠાઉત્સવ શરૂ થયો. આચાર્યશ્રીએ સં૦ ૧૬૫૬ના વૈ૦ સુ૦ ૭ને બુધવારે ખંભાતમાં ઠ૦ કીકાના ભ૦ નેમિનાથ પંચતીર્થી ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરી, તથા શ્રી. કાનજીભાઈ મોઢ જૈનના ભ૦ પાર્શ્વનાથની પંચતીર્થના ઘરદેરાસરની અને કાવી બંદરના ગાંધી કુંઅરજી નાગર જૈન વગેરે ત્રણ જૈન ભાઈઓએ કાવી માટે ભરાવેલ ભ૦ ઋષભદેવની ચરણપાદુકાની અંજનશલાકા કરી. તથા આ જ ઉત્સવમાં સં૦ ૧૬૫૬ના વૈ૦ સુ૦ ૭ને બુધવારે ખંભાતમાં પં૦ રાજવિજય ગણીને ઉપાધ્યાય બનાવ્યા.

વળી, આચાર્યદેવે કાવી બંદરના ગાંધી કુંઅરજી નાગર જૈને પોતાની પત્ની તેજલદેના નામથી અને તેના પુત્ર કાનજીના નામથી ભ૦ ધર્મનાથનું પરિકર, ભ૦ શાંતિનાથની જિન પ્રતિમા અને ભ૦ સંભવનાથની જિનપ્રતિમાની અંજનશલાકા કરી હતી.

(— વિજયપ્રશસ્તિ કાવ્ય, સર્ગ ૧૭, શ્લો૦ ૬૦)

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

ખંભાતમાં આ ઉત્સવમાં ૭૦૦ મુનિવરો એકઠા થયા હતા. આચાર્યશ્રીએ સં૦ ૧૬૫૬માં ચાતુર્માસ કર્યું. તે પછી તેઓ પાટણ પધાર્યા.

આ સમયે તપાગચ્છમાં મહો૦ ધર્મસાગર ગણીની પરંપરાના મુનિવરોએ વિવિધ સ્થાનોમાં વિવિધ પ્રશ્નો ઉઠાવી ગચ્છભેદનાં કારણો આપ્યાં. સુરતના સંઘમાં પણ આ અંગે ક્લેશનું વાતાવરણ જન્મ્યું હતું.

આચાર્યશ્રીએ તેની શાંતિ માટે સં૦ ૧૬૫૭ના મા૦ વ૦ ૪ને શનિવારે પાંચ બોલનો નવો પટ્ટક બનાવી બધાં ગામોમાં મોકલ્યો અને સુરત સંઘને પણ એ નવો પટ્ટક મોકલવા સાથે તેને સલાહ આપતો ભલામણપત્ર પણ મોકલ્યો હતો.

ગચ્છનાયકે સં૦ ૧૬૫૭માં અમદાવાદમાં ચોમાસું કર્યું. તથા શેઠ મેઘજીની ભગ૦ અજિતનાથ વગેરે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી. સં૦ ૧૬૫૮માં અમદાવાદમાં શેઠ શ્રીપાલ ઝવેરીએ ભરાવેલી ભ૦ પાર્શ્વનાથની ૬૭ આંગળ ઊંચી અને ૧૧ ફણાવાળી ભગ૦ પાર્શ્વનાથની પ્રતિમાની શામળિયા પાર્શ્વનાથના ભોંયરામાં પ્રતિષ્ઠા કરી અને તેનું નામ જગવલ્લભ પાર્શ્વનાથ રાખ્યું.

ગચ્છનાયકે આ પ્રતિષ્ઠા ઉત્સવમાં ખંભાતના સોની તેજપાલ ઓસવાલની ભ૦ ઋષભદેવની ૭૧ આંગળ ઊંચી જિનપ્રતિમાની અને પાટણના સોની તેજપાલની ભ૦ સુપાર્શ્વનાથની ૪૭ આંગળ ઊંચી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી.

## યાત્રાસંઘ —

આ૦ વિજયસેનસૂરિના ઉપદેશથી અમદાવાદના શેઠ સૂરાએ સં૦ ૧૬૫૮માં આ૦ વિજયસેનસૂરિ વગેરે મુનિપરિવાર તથા ચતુર્વિધ સંઘને સાથે લઈ અમદાવાદથી આબુ તીર્થ વગેરે તીર્થોનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. તેણે રસ્તામાં દરેક ગામોમાં જૈનોના ઘરદીઠ મહમ્મુદિકાની લહાણી-પ્રભાવના કરી હતી.

સંઘપતિએ આબુતીર્થને મોતી, શ્રીફળ, સોના-ચાંદીનાં પુષ્પો તથા વિવિધ ફૂલોથી વધાવ્યો. સંઘ આબુ, સિરોહી, રાણકપુર, નાડલાઈ, વરકાણા વગેરે તીર્થોની યાત્રા કરી અમદાવાદ પાછો

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

આવ્યો. સંઘપતિએ અમદાવાદ આવી અમદાવાદમાં જૈન ઘર દીઠ એકેક રૂપિયાની લહાણી–પ્રભાવના કરી.

આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૫૯ના વૈ૦ વ૦ ૬ને ગુરુવારે ગંધાર બંદર પધારી ઘણી જિનપ્રતિમાઓની અંજનશલાકા કરી. બીજા ઉલ્લેખ પ્રમાણે આ પ્રતિષ્ઠા સં૦ ૧૬૬૨માં થઈ હતી.

આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૫૯નું ચાતુર્માસ અમદાવાદમાં કર્યું. અમદાવાદના જૈનોએ સં૦ ૧૬૫૯માં એકંદરે એક લાખ મહમ્મુદિકા ખરચી વિવધ ધર્મકાર્યોનો લાભ લીધો હતો.

આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૬૦માં રાધનપુરમાં ચોમાસું કર્યું. ત્યાંના સૂબા પહાડીએ આચાર્યદેવની ઘણી ભક્તિ કરી. તે વ્યાખ્યાનમાં હમેશાં આવતો હતો. જૈનોએ બાર વ્રતગ્રહણ, ઉપધાન વગેરે વિવિધ ઉત્સવો કર્યા.

રાધનપુરના શ્રીસંઘે રામસેન તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. આ૦ વિજયસેનસૂરિએ રાધનપુરના સંઘ સાથે રામસેનતીર્થમાં ભ૦ ઋષભદેવની યાત્રા કરી અને રાધનપુર આવી વાસણ જોટાના મોટા જિનાલયની પ્રતિષ્ઠા કરી.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## સૌરાષ્ટ્રમાં વિહાર–યાત્રા–પ્રતિષ્ઠાઓ—

આ૦ વિજયસેનસૂરિ સપરિવાર સં૦ ૧૬૬૪માં સુરતથી વિહાર કરી સૌરાષ્ટ્રમાં પધાર્યા અને સં૦ ૧૬૬૪ના ચૈ૦ સુ૦ ૧૫ના રોજ દીવબંદરના છ'રી પાળતા યાત્રાસંઘ સાથે શત્રુંજય તીર્થમાં પધાર્યા.

ગુજરાતના પાટણ, અમદાવાદ, ખંભાત, સુરત વગેરે શહેરોના જૈન સંઘો પણ ગચ્છનાયક યાત્રાએ પધાર્યા છે એ હિસાબે સં૦ ૧૬૬૪ના ચૈ૦ સુ૦ ૧૫ના રોજ શત્રુંજયની યાત્રાએ આવ્યા. તેમણે ગચ્છનાયકને વિનંતી કરી કે આપ સૌરાષ્ટ્રનો ઉપકાર કરવા ભાવના રાખો છો પણ અમારા ગુજરાતનું શું ? તો કૃપા કરીને આ૦ વિજયદેવસૂરિને ગુજરાતમાં વિચરવાની આજ્ઞા આપો. ગચ્છ-નાયકની આજ્ઞાથી આ૦ વિજયદેવસૂરિએ ગુજરાતના સંઘ સાથે ગુજરાત તરફ વિહાર કર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગચ્છનાયકે દીવબંદરના સંઘ સાથે પાલિતાણાથી વિહાર કરી ૫૦ કોશ દૂર ઉના નગરમાં પધાર્યા.

## શેઠ મેઘજી—લાડકીબાઈ—

દીવબંદરમાં મેઘજીભાઈ નામે મોટો શેઠ હતો, રાજમાન્ય હતો, જૈન સંઘનો આગેવાન હતો. તેને લાડકીબાઈ નામે પત્ની હતી. આ બંને જગદ્‌ગુરુ વિજયહીરસૂરિનાં ઉપાસક હતાં.

લાડકીબાઈ ધર્મશીલ હતી. પરમ શ્રાવિકા હતી. પવિત્ર જીવનચર્યાવાળી હતી. દીવબંદરના ફિરંગી અને યવનો પણ એનું પવિત્ર જીવન જોઈ નમ્ર બની તેનાં ચરણોમાં માથું ઝુકાવતા હતા. સૌને તેના પ્રતિ પૂજ્ય બુદ્ધિ હતી. બધા તેનું સમ્માન કરતા હતા.

આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૬૪માં ઉનામાં ૧ દીવની લાડકીબાઈનાં જિનાલયોની, ૨ ઉનાની શેઠાણી અમૂલાબાઈનાં જિનાલયોની, ૩ દીવના શેઠ કાલિદાસના જિનાલયની પ્રતિષ્ઠા કરી.[1]

આચાર્યશ્રીએ આ પ્રદેશમાં સં૦ ૧૬૬૪માં ઉનામાં ત્રણ, પ્રભાસપાટણમાં ત્રણ અને દેલવાડામાં ત્રણ જિનપ્રતિષ્ઠાઓ કરી હતી.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## દીવબેટમાં—

ગચ્છનાયકે સં૦ ૧૬૬૫માં દીવબંદરના કાજી ગુરુ કેપ્ટન કૈલાસ દીવાન અને પાદરીએ દેલવાડા આવી દીવ પધારવા વિનંતી કરવાથી ઉપા૦ નંદિવિજય ગણીને ત્યાં ત્રણ દિવસ રહેવાની આજ્ઞા આપી, દીવ મોકલ્યા હતા અને તેઓને તેમણે ધર્મોપદેશ આપ્યો હતો.

પછી આચાર્યશ્રીએ દીવબંદરથી છ'રી પાળતા સંઘ સાથે ગિરનારતીર્થની યાત્રા કરી ત્યારે જૂનાગઢમાં બાદશાહ અકબર આઝમખાનનો પુત્ર ખુરમ સૌરાષ્ટ્રનો સુબો હતો. તે ઉગ્ર સ્વભાવનો હતો. જૂનાગઢમાં રહેતો હતો. ગચ્છનાયકે સં૦ ૧૬૬૫માં જૂનાગઢમાં

---

૧. આ૦ વિજયસેનસૂરિએ સૌરાષ્ટ્રમાં કરેલાં ચોમાસાં અને પ્રતિષ્ઠાઓની ચોકસ સાલવારી મળતી નથી તેથી અમે અહીં આપી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેને ઉપદેશ આપી પ્રજા પ્રત્યે રહેમ રાખે એવો બનાવ્યો હતો.

આચાર્યશ્રીએ સં૦ ૧૬૬૫માં પ્રભાસપાટણમાં ચોમાસું કર્યું અને અહીં બે જિનપ્રતિષ્ઠાઓ કરી. તે સૌ દેલવાડા પધાર્યા. ત્યાં પણ દીવબંદરના ફિરંગીઓ, અમલદારો વગેરેનો દીવબંદર પધારવા પત્ર આવ્યો. આથી આચાર્યદેવ સપરિવાર મચુઆ ( મધુવા-ખાટલો ગોદા ) વડે દીવબંદર પધાર્યા અને તેમણે ત્યાં સૌને ધર્મોપદેશ આપી પ્રજાપ્રેમી અને અહિંસાપ્રેમી બનાવ્યા.

આચાર્યશ્રીએ સં૦ ૧૬૬૩માં દેલવાડામાં ચોમાસું કર્યું. ત્યાંથી વિહાર કરી ભાણવડ અને જામનગરના જૈનસંઘની વિનંતીથી ભાણવડ પધાર્યા. જામનગરના જૈન સંઘે ભાણવડ જઈ આચાર્યદેવને ચોમાસું કરવા વિનંતી કરી.

આચાર્યશ્રીએ સં૦ ૧૬૬૭-૬૮માં જામનગરમાં ચોમાસું કર્યું. આચાર્યશ્રીએ જામનગરના જામરાવને ઉપદેશ આપ્યો. જૈન સંઘે ચોમાસામાં ઘણું દાન-પુણ્ય કર્યું.

ગુજરાતના જૈનોએ જામનગર આવી આચાર્યદેવને ગુજરાત પધારવા વિનંતી કરી. આથી ગચ્છનાયકે સૌરાષ્ટ્રથી વિહાર કરી ગુજરાત તરફ વિહાર કર્યો. તેમણે શંખેશ્વરતીર્થની યાત્રા કરી. આ૦ વિજયસેનસૂરિ અને આ૦ વિજયદેવસૂરિ અહીં મળ્યા. સં૦ ૧૬૬૯-માં કે સં૦ ૧૬૭૦માં તેમણે પાટણમાં ચાતુર્માસ કર્યું.

ગચ્છનાયક સં૦ ૧૬૭૧માં અમદાવાદ પધાર્યા. આ૦ વિજયદેવ-સૂરિ સાથે જ હતા. ગામોગામના જૈન સંઘો પણ વાંદવા આવ્યા. અમદાવાદના જૈનોમાં ૧૨ વર્ષથી જ્ઞાતિભેદનો ઝગડો ચાલતો હતો. આચાર્યદેવે સં૦ ૧૬૭૧માં ચોમાસું કર્યું ત્યારે ઉપદેશ આપી તે ઝઘડો મટાડી જૈન સંઘમાં સંપ કરાવ્યો.

આચાર્યશ્રીએ સં૦ ૧૬૭૨ના મહામહિનામાં બે અને વૈશાખમાં બે એમ ચાર જિનપ્રતિષ્ઠાઓ કરી.

## પરિવાર અને પ્રભાવ—

ગચ્છનાયક આ૦ વિજયસેનસૂરિના પરિવારમાં ૧ આ૦ વિજય-

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

દેવસૂરિ, ૮ ઉપાધ્યાયો, ૧૫૦ પંન્યાસો અને ૨૦૦૦ સાધુ–સાધ્વીઓ હતાં.

આચાર્યશ્રીના ઉપદેશથી શત્રુંજય મહાતીર્થ, તારંગાતીર્થ, બીજાપુર, રાણકપુર તીર્થ, કુંભારિયાતીર્થ, પાટણનો પંચાસરા જિનપ્રાસાદ, નારંગપુરીય પાર્શ્વનાથ જિનપ્રાસાદ, રામસેનતીર્થ, શંખેશ્વરતીર્થ વગેરે સ્થાનોમાં જીર્ણોદ્ધાર થયા.

( – હેમવિ. કૃત વિજયપ્રશસ્તિકાવ્ય, ગુણ વિ. કૃત વિજયસેનસૂરિ-નિર્વાણરાસ ( ઐતિહાસિક સજ્ઝાયમાળા–નં૦ ૩૬ )

આ૦ વિજયસેનસૂરિના વરદ હસ્તે ચાંપાનેર, અમદાવાદ, રાધનપુર, ખંભાત, સુરત, પ્રભાસપાટણ, ઉના, દેલવાડા, કાવી, ગંધાર વગેરે ઘણાં સ્થાનોમાં જિનપ્રતિષ્ઠાઓ થઈ હતી. શ્રી. ચિંતામણિ પાર્શ્વનાથ, વિજયચિંતામણિ પાર્શ્વનાથ, જગવલ્લભ પાર્શ્વનાથ, કાવીતીર્થ, ગંધારખંદર વગેરે પ્રભાવક તીર્થોની સ્થાપના થઈ હતી. ઘણાં તીર્થોમાં જિનાલયોના જીર્ણોદ્ધાર થયા હતા. ઘણી પદવીઓ અપાઈ હતી. ઘણી દીક્ષાઓ થઈ હતી, આચાર્ય વિજયસેનસૂરિ તે વખતે શ્રમણસંઘમાં ગૌતમ અવતાર સમા ગણાતા હતા.

તેમણે લાહોરમાં બાદશાહ અકબરને, દીવમાં ફિરંગીઓને, જૂનાગઢમાં સૂબા ખુરમને, સિરોહીનરેશ, જામનગરનરેશ વગેરેને ઉપદેશ આપી પોતાના ભક્તો બનાવ્યા હતા. તેઓ ‘ સવાઈહીર ’ એટલે ગુરુ કરતાં યે સવાયા મનાતા હતા.

‘ વીરવંશાવલી ’માં એક વિશેષ ઉલ્લેખ છે કે,

“ આ૦ વિજયસેનસૂરિ સં૦ ૧૬૬૯માં પાટણમાં હતા ત્યારે મહો૦ નેમસાગરગણીએ મહો૦ સોમવિજયગણી સાથે ઝગડો કર્યો હતો. તેમણે ત્યારે ૩૬ બોલવિચાર રચ્યો હતો, આથી આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૭૧ના વૈ૦ સુ૦ ૩ ના રોજ અમદાવાદમાં હાજા પટેલની પોળમાં ચતુર્વિધ સંઘ સમક્ષ મહો૦ નેમસાગર ગણી પાસે પાંચ બોલના પટ્ટથી વિરુદ્ધ વર્તનનો મિચ્છામિ દુક્કડં દેવડાવ્યો હતો. ”

એ પછી આ૦ વિજયસેનસૂરિએ ૧ સર્વજ્ઞશતક, ૨ ધર્મતત્ત્વ-વિચાર, ૩ પ્રવચનપરીક્ષા, ૪ ઇરિયાવહી કુલક વગેરે ગ્રંથોને ગચ્છના

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

ગીતાર્થ મુનિવરોની સમ્મતિથી પ્રામાણિક તરીકે જાહેર કર્યા હતા.

(– વિવિધ ગચ્છીય પટ્ટાવલી સંગ્રહ પૃ. ૨૨૪)

આ કારણે ઉપા૦ વિનયવિજયગણિવર લખે છે કે —

"જેણઈ ઉત્સૂત્ર નિવાસ પૂરઈ, વિમલ કિયો મુનીપંથ;
વિજયસેનસૂરિ શિરોમણિ, ઉદયો મહાજન માન્ય." ૬૨

(– પટ્ટાવલી સજ્ઝાય)

## સ્વર્ગગમન –

ભટ્ટારક વિજયસેનસૂરિએ સં૦ ૧૬૭૨ના પોતાના ચોમાસાનો આદેશ ખંભાતમાં આપ્યો.

આ૦ વિજયસેનસૂરિ ૬૭ વર્ષની ઉંમરે સં૦ ૧૬૭૨ના જેઠ વદિ ૧૧ ના રોજ સૂર્યોદયવેળાએ ખંભાતના મહમ્મદપરામાં ચઉસરણાં વગેરે ભણી આરાધના કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામી ગયા.

પં૦ ગુણવિજયગણી 'વિજયસેનસૂરિ નિર્વાણ રાસ'માં લખે છે — "સંઘે બે હજાર મહમ્મુદી ખરચી ભટ્ટારકને પૂજ્યા અને મલબારી સુખડની માંડવી બનાવી."

એક ભ્રામક ઉલ્લેખ મળે છે કે –

" દેહવરૂં થયું તિહાં ગુરૂ કેરૂં, ચલું જલ નીલું નાખઈ રે;
તવ પાસઈ કીરતિવિજય બુધ, તેહનઈ ગુરૂ ઈમ ભાખેરે. ૬૬૭

(– વિજયતિલકસૂરિરાસ, અધિકાર બીજો પૃ૦ ૫૯)

ઇતિહાસ કહે છે કે, આ૦ વિજયસેનસૂરિના સ્વર્ગગમન પછી તપાગચ્છના શ્રમણસંઘમાં બે પક્ષો પડયા હતા. બંને પક્ષો એક-બીજા ઉપર આક્ષેપો કરતા હતા.

કોઈ કોઈ વિદ્વાન એમ માને છે કે ગચ્છનાયક વિજયસેનસૂરિનું અવસાન શકમંદ બન્યું હોય. આચાર્યશ્રીની જન્મકુંડલીના શિષ્ય-સ્થાનમાં રહેલો ધનનો શનિગ્રહ પણ આ શંકાનું સમર્થન કરે છે.

બનવા જોગ છે કે, ગચ્છનાયકે આ ફૂલ્યાફાલ્યા પોતાના શ્રમણ-સંઘના બે ભાગ પડશે એવી આગાહી થઈ હોય અને તેમને તેનો આઘાત લાગ્યો હોય.

જૈન સાઈટ JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકંદરે આ૦ વિજયસેનસૂરિ તે સમયના સફળ ગચ્છનાયક હતા. તેમનું સ્વર્ગગમન થતાં આ૦ વિજયદેવસૂરિ ગચ્છનાયક બન્યા.

આધાર ગ્રંથો —

૧ પં૦ વિદ્યાઋષિ શિષ્ય પં૦ દયાનંદગણીરચિત સં૦ ૧૬૭૨નું 'વિજયસેનસૂરિ ચરિત્ર'
૨ ભ૦ વિજયદેવસૂરિના વીપા ઋષિના શિષ્ય પં૦ વિદ્યાચંદ્રગણીરચિત 'વિજયસેનસૂરિ નિર્વાણ રાસ' કડી. ૫૭.
૩ પં૦ વિદ્યાધરવિમલકૃત 'વિજયસેનસૂરિ સજ્ઝાય' કડી : ૯
૪ પં૦ હેમવિજયગણિવરનું સં૦ ૧૬૮૮માં રચાયેલ 'વિજયપ્રશસ્તિ મહાકાવ્ય'
૫ મહો૦ ગુણવિજયગણિવરકૃત સં૦ ૧૬૮૮ના કા૦ સુ૦ ૫ના રોજ સિરોહી કે ઈડરમાં રચાયેલ 'વિજયપ્રશસ્તિ કાવ્ય'ની સંસ્કૃત ટીકા — વિજયદીપિકા.
૬ મહો૦ ગુણવિજયગણી કૃત 'શ્રી તપાગણપતિ ગુણપદ્ધતિ'.
૭ મહો૦ ગુણવિજયગણી કૃત 'વિજયસેનસૂરિ નિર્વાણ રાસ'.
૮ ઉપા૦ મેઘવિજયગણી કૃત 'શ્રી તપાગચ્છ પટ્ટાવલી સૂત્ર વૃત્ત્યનુસંધાન.'
૯ મહો૦ ધર્મસાગરગણી કૃત 'તપગચ્છ — પટ્ટાવલી — તપાગચ્છ ગુર્વાવલી'
૧૦ મહો૦ ઉદ્દ્યોતવિજયગણીની પરંપરામાં થયેલા દયાકુશલગણીએ સં૦ ૧૬૪૯માં રચેલો 'લાભોદયરાસ'
૧૧ મહો૦ કનકવિજયગણી પ્રશિષ્ય પં૦ ગુણવિજયગણી કૃત 'વિજયસેનસૂરિ સજ્ઝાય'
૧૨ મહો૦ રત્નચંદ્રગણીએ સં૦ ૧૬૭૭ કે ૧૬૮૨માં રચેલ 'કુમતાહિ વિષજાંગુલી.'

સ્તૂપ — આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૭૧ના જેઠ વદિ ૧૧ ના રોજ ખંભાતના મહમ્મુદપરામાં સ્વર્ગવાસ કર્યો હતો. આ સ્થાન ત્યારે ખંભાત પાસે ચોવીસ પરગણામાં હતું. તેનું બીજું નામ અકબરપુરા પણ મળે છે.

દિલ્હીના બાદશાહ મહમ્મદ જહાંગીરે ઇલાહી સન ૧૦, મહિનો યૂર, તા. ૨૭ મી એ આગરાના સંઘવી ચંદુ ( ચંદ્રપાલે ) બીજી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાર વિનંતી કરી આથી તેણે સં૦ ચંદ્રપાલને જમીન ઇનામ આપ્યાનું આ પ્રમાણે લખી આપ્યું—

"ચંદુ સંઘવી છે. તેના દાદાનું નામ વરજી છે. તે આગરાનો વતની છે. સેવડા (શ્વેતાંબર જૈનો)નો ઉપાસક છે. જેનું કપાળ પહોળું છે. ભ્રમરો પહોળી છે. આંખો ઘેરા જેવી છે. જેનો રંગ કાળા જેવો છે. દાઢી મુંડેલી છે. જેના મોં પર શીતળાના ડાઘ છે. જેના બંને કાનોમાં ઘણા છેદ છે. જે મધ્યમ કદનો ઊંચો છે. જેની ઉંમર ૬૦ વર્ષની છે."

તેણે ઇલાહી સન ૧૦મા વર્ષમાં રજબ મહિનાની ૨૦ મી તારીખે બાદશાહના ચરણમાં રત્નોથી જડેલી વીંટી મૂકી અને ખંભાતની જમીન ઇનામ તરીકે આપવા વિનંતી કરી હતી તે મુજબ આ ફરમાન, આ રીતે આપ્યું છે—

"સંઘવી ચંદુના સદ્ગુરુ વિજયસેનસૂરિના અગ્નિસંસ્કારના સ્થાને સન્માનની યાદગીરી માટે મંદિર, મેળો, બાગ–બગીચો બનાવવા માટે અકબરપુરામાં ૧૦ વિઘા જમીન આપી હતી.

ગ્રંથો – આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૫૦માં 'સુમિત્રકુમાર-રાસ' રચ્યો છે. મહો૦ મેઘવિજયગણીના કથન મુજબ – આ૦ વિજયસેનસૂરિએ કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિના ગ્રંથ 'યોગ-શાસ્ત્ર'નો પ્રથમ શ્લોક '**नमो दुर्वाररागादि०**" ના ૭૦૦ અર્થ કર્યા હતા અને 'સૂક્તાવલી' નામે ગ્રંથો રચ્યા છે.

આ૦ વિજયહીરસૂરિ અને આ૦ વિજયસેનસૂરિ સમર્થ વિદ્વાનો હતા. જૈન, જૈનેતર શાસ્ત્રોના પૂરા અભ્યાસી હતા. તેમણે રચેલ 'હીરપ્રશ્ન સમુચ્ચય' અને 'સેનપ્રશ્ન રત્નાકર' ગ્રંથ ઉક્ત યોગ્યતાની સાક્ષી પૂરે છે. ગાગરમાં સાગર જેવા આ બંને ગ્રંથોમાં આપેલા ઉત્તરોથી તેમના જ્ઞાનની પ્રતીતિ થઈ શકે છે.

તેમના પ્રશ્નો સાધારણ રીતે ગુજરાતી ભાષામાં થયા હતા. કેમકે અમને જૂના ગ્રંથભંડારમાંથી મળેલા એક પ્રશ્નપત્રમાં આ૦ હીર-વિજયસૂરિએ ફત્તેપુરથી પોતાના શિષ્યને મારવાડમાં પ્રશ્નોત્તરો લખી મોકલ્યા હતા. તેની ગુજરાતી ભાષામાં નકલ હતી. એટલે સંભવ છે કે પ્રશ્ન સંગ્રહ કરનાર વિદ્વાન મુનિવરે તે તે પ્રશ્નોત્તરોને સંસ્કૃત-

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

ભાષામાં ગોઠવી ‘હીર પ્રશ્ન’ તથા ‘સેનપ્રશ્ન’ ગ્રંથો તૈયાર કર્યા હોય.

આ૦ વિજયસેનસૂરિએ પોતાના મુનિવરો અને ગૃહસ્થોએ જે જે પ્રશ્નો પૂછ્યા તે સૌના શાસ્ત્ર, તર્ક અને પરંપરાના આધારે ઉત્તરો આપ્યા હતા. આ પ્રશ્નોત્તરોના સંગ્રહનું નામ છે ‘સેનપ્રશ્ન’.

જગદ્ગુરુ આ૦ વિજયહીરસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય અને મહો૦ કલ્યાણવિજયગણીના દીક્ષા શિષ્ય પં૦ શુભવિજયગણીએ સં૦ ૧૬૭૩ થી સં૦ ૧૬૭૫ના ગાળામાં ભટ્ટા૦ વિજયદેવસૂરિની આજ્ઞાથી ‘સેન પ્રશ્નોત્તર રત્નાકર’ ગ્રંથ રચ્યો હતો. તેમાં ચાર ઉલ્લાસ છે. પ્રશ્ન કરનારનાં નામો આ છે–

ઉલ્લાસ પહેલો–

| | પ્રશ્નકર્તા | પ્રશ્ન | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | મહો૦ વિમલહર્ષગણી | ૬ | ૩ થી ૫ |
| ૨ | મુનિવિજયગણી | ૬ | ૬ થી ૭ |
| ૩ | મહો૦ કલ્યાણવિજયગણી | ૬ | ૮ થી ૧૦ |
| ૪ | ઉપા૦ મેઘવિજયગણી | ૩ | ૧૧ |
| ૫ | ઉપા૦ સોમવિજયગણી | ૫૮ | ૧૨ થી ૩૬ |
| ૬ | મહો૦ ભાનુચંદ્રગણી | ૬ | ૩૭ |
| ૭ | ઉપા૦ વિવેકહર્ષગણી | ૧૮ | ૪૪ |
| ૮ | ઉપા૦ વિજયરાજગણી | ૩ | ૪૫ |
| ૯ | ઉપા૦ ધર્મવિજયગણી | ૩૦ | ૪૬ થી ૫૪ વગેરે ૧૩૬ પ્રશ્નો છે. |

ઉલ્લાસ બીજો–

| | | | |
|---|---|---|---|
| ૧ | પંડિત આનંદવિજયગણી | ૪૨ | ૭૩ |
| ૨ | રવિસાગરગણી | ૪ | ૭૬ |
| ૩ | વૃદ્ધ પંડિત કમલવિજયગણી | ૧ | ૭૬ |
| ૪ | વૃદ્ધ પંડિત કમલવિજયગણી | ૪૮ | ૯૧ |
| ૫ | પંડિત હાપર્ષિગણી | ૧૨ | ૯૫ |
| ૬ | નગર્ષિગણી | ૧૧ | ૯૮ |

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

| | પ્રશ્નકર્તા | પ્રશ્ન | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૭ | વિષ્ણુઋષિગણી | ૧૧ | ૧૦૦ |
| ૮ | રત્નચંદ્રગણી | ૨૫ | ૧૦૯ |
| ૯ | જયવિજયગણી | ૮ | ૧૪૪ |
| ૧૦ | ધનવિજયગણી | ૨૪ | ૧૨૨ |
| ૧૧ | વૃદ્ધ પંડિત શુભવિજયગણી | ૧૦ | ૧૨૪ |
| ૧૨ | પંડિત દેવવિજયગણી | ૧ | ૧૨૫ |
| ૧૩ | પંડિત કાનજી ગણી | ૩ | ૧૨૫ |
| ૧૪ | પંડિત કનકકુશલગણી | ૫ | ૧૨૭ |
| ૧૫ | પંડિત દર્શનસાગરગણી | ૨ | ૧૨૮ |
| ૧૬ | પંડિત વિવેકસાગરગણી | ૨ | ૧૨૮ |
| ૧૭ | શ્રી વિજયહીરસૂરિશિષ્ય | | |

પંડિત રામવિજયગણી વગેરેના ૨૧૩ પ્રશ્નોત્તરો છે.

ઉલ્લાસ ત્રીજે—

૧ આ ગ્રંથકર્તા પં૦ શુભવિજયગણી
૨ પંડિત દેવવિજયગણી
૩ ,, વિનયકુશલગણી
૪ ,, રત્નહર્ષગણી
૫ ,, પદ્માનંદગણી
૬ ,, વિદ્યાવિજયગણી
૭ ,, કાનર્ષિગણી
૮ ,, જયાનંદગણી
૯ ,, કુંવરવિજયગણી
૧૦ ,, ચારિત્રોદયગણી
૧૧ ,, કીર્તિવિજયગણી
૧૨ ,, ધનહર્ષગણી
૧૩ ,, જયવંતર્ષિગણી
૧૪ ,, ભક્તિસાગરગણી
૧૫ ,, શુભકુશલગણી
૧૬ ,, પ્રેમવિજયગણી
૧૭ ,, મુનીવિમલગણી
૧૮ ,, દેવવિજયગણી
૧૯ ,, વટપલ્લીય પંડિત પદ્મવિજયગણી
૨૦ ,, પંડિત મેઘવિજયગણી
૨૧ ,, શ્રુતસાગરગણી
૨૨ ,, કનકવિજયગણી
૨૩ ,, વિજયસેનસૂરિ શિષ્ય પંડિત કનકવિજયગણી
૨૪ ,, દયાવિજયગણી
૨૫ ,, ગુણવિજયગણી
૨૬ ,, ચંદ્રવિજયગણી
૨૭ ,, અમરચંદ્રગણી
૨૮ ,, સત્યસૌભાગ્યગણી
૨૯ ,, જીવવિજયગણી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૦ ,, જસસાગરગણી
૩૧ ,, હર્ષચંદ્રગણી
૩૨ ,, ધર્મવિજયગણી
૩૩ ,, વિદ્યાવિજયગણી
૩૪ ,, ધીરકુશલગણી
૩૫ ,, સોમકુશલગણી
૩૬ ,, હેમસાગરગણી
૩૭ ,, રંગવર્ધનગણી
૩૮ ,, પ્રેમવિજયગણી
૩૯ ,, નાકર્ષિગણી
૪૦ શ્રી માણિક્યવિજયગણી
૪૧ શ્રી સૌભાગ્યહર્ષગણી
૪૨ શ્રી દામર્ષિગણી
૪૩ પંડિત જ્ઞાનસાગરગણી
૪૪ શ્રી ભાણુવિજયગણી
જીવવિજયગણી
૪૫ શ્રી સુરવિમલગણી
વગેરેના ૪૪૭ પ્રશ્નો છે.

ઉલ્લાસ ચોથો —

૧ જેસલમેર સંઘ
૨ મુલતાન સંઘ
૩ દેવગિરિ સંઘ
૪ વષા સંઘ
૫ ફત્તેપુર સંઘ
૬ રાજપુર સંઘ
૭ આગરા સંઘ
૮ ઉજ્જૈની સંઘ
૯ કાકનગર સંઘ
૧૦ વટપલ્લીય સંઘ
૧૧ પાટણ સંઘ
૧૨ અમદાવાદ સંઘ
૧૩ ખંભાત સંઘ
૧૪ સુરતબંદર સંઘ
૧૫ દીવબંદર સંઘ
૧૬ નવાનગર સંઘ
૧૭ સીસાંગ સંઘ
૧૮ મહેમદાવાદ સંઘ
૧૯ સાચોર સંઘ
૨૦ ભિન્નમાલ સંઘ
૨૧ બિભીતક સંઘ
૨૨ જાલોર સંઘ
૨૩ પાલી સંઘ
૨૪ માલપુર સંઘ
૨૫ ઉણીયાર સંઘ
૨૬ મેદિનીદ્રંગ સંઘ
૨૭ ડુંગરપુર સંઘ
૨૮ ઉદયપુર સંઘ
વગેરેના ૭૧ પ્રશ્નોત્તરો છે.

આ ચારે ઉલ્લાસોમાં એકંદર કુલ ૧૦૧૭ પ્રશ્નોત્તરોનો સંગ્રહ છે.

શ્રમણ પરંપરાઓ —

જગદ્‌ગુરુ આ. વિજયહીરસૂરિ અને આ૦ વિજયસેનસૂરિના સમયમાં જૈન સંઘમાં વિદ્વાન શ્રમણો થયા હતા. તે પૈકી કેટલાકનો પરિચય અગાઉ આવી ગયો છે. બીજાઓનો પરિચય આ પ્રકારે છે. —

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરંપરા પહેલી —

૬૦ મહો૦ કમલ વિજય ગણી—મારવાડના નાડલાઈમાં શા. કર્માશાહ ઓસવાલને કોડમદે નામે પત્ની હતી અને જયસિંહ નામે પુત્ર હતો. આ૦ વિજયદાનસૂરિએ સં૦ ૧૬૧૧માં ખંભાતમાં કર્મા-શાહને દીક્ષા આપી. મુનિ કમલવિજય નામ રાખ્યું. તેમને પોતાના પટ્ટધર આ૦ વિજયહીરસૂરિના શિષ્ય બનાવ્યા.

આ૦ વિજયદાનસૂરિએ સં૦ ૧૬૧૭ના જેઠ સુદિ ૧૧ના રોજ સુરતમાં કોડમદેને દીક્ષા આપી તેનું નામ સાધ્વી કલ્યાણુશ્રી રાખ્યું. અને સં૦ ૧૬૧ના જેઠ સુદિ ૧૧ના રોજ સિંહલગામમાં જયસિંહને દીક્ષા આપી મુનિ જયવિમલ નામ આપ્યું ને તેમને આ૦ વિજય-હીરસૂરિના શિષ્ય બનાવ્યા.

આ૦ હીરવિજયસૂરિએ સં૦ ૧૬૨૭ લગભગમાં મુનિ જય-વિમલને પંન્યાસ બનાવી પછી ઉપાધ્યાય બનાવ્યા. તેમ જ સં૦ ૧૬૨૮ના ફા૦ સુ૦ ૭ ના રોજ ઉપા૦ જયવિમલને અમદાવાદમાં આચાર્યપદવી આપી તેમનું નામ વિજયસેનસૂરિ રાખ્યું. આ૦ હીરવિજયસૂરિએ આ૦ વિજયસેનસૂરિને સં૦ ૧૬૩૦ના પોષ વદિ ૧૪ના રોજ પાટણમાં પોતાની પાટે સ્થાપન કરી ગચ્છનાયક બનાવ્યા.

જૈન શ્રમણસંઘમાં એવી મર્યાદા છે કે કોઈ પણ મુનિવર ગચ્છ-નાયક વગેરે કોઈ મોટી પદવીધારી બને પણ તે પોતાના પિતા, માતા કે મોટાભાઈ પાસે નમસ્કાર કરાવે નહીં પણ જો અનુકૂળતા હોય તો તેમને ઉપાધ્યાય કે મહત્તરા વગેરે મોટી પદવીઓ આપી શ્રમણસંઘમાં સૌથી મોટા બનાવી સૌને માટે વંદનીય બનાવી દે છે. એટલે બનવાજોગ છે કે આ૦ વિજયહીરસૂરીશ્વરે અથવા આ૦ પં૦ કમલવિજયગણીને ઉપાધ્યાય બનાવ્યા હોય !

પછીના ગ્રંથલેખકો ઉપા૦ કમલવિજય ગણીને વૃદ્ધ પંન્યાસ તરીકે ઓળખાવે છે અને આ૦ વિજયસેનસૂરિના ઉપાધ્યાય તરીકે પણ બતાવે છે. આથી અમે ઉપા૦ કમલવિજયગણીને આ૦ વિજય-સેન સૂરિની પરંપરામાં ગોઠવ્યા છે.

ઉપા૦ કમલવિજય ગણીને ૧. પં૦ સત્યવિજયગણી ૨. પં૦ કીર્તિવિજય ગણી અને ૩. પં૦ ધનવિજયગણી વગેરે શિષ્યો હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપા૦ કમલવિજયગણીએ મનુષ્ય ક્ષેત્ર બહાર રહેલા સિંહના ખોરાક માટે પ્રશ્ન પૂછ્યો હતો અને આ૦ વિજયસેનસૂરિએ તેનો ઉત્તર આપ્યો હતો. આ પ્રશ્નનો ઉત્તર 'સેનપ્રશ્ન'માં મળે છે.

આ૦ વિજયસેનસૂરિના સ્વર્ગગમન પછી સં૦ ૧૬૭૨–૭૩માં તપાગચ્છમાં બે પક્ષો પડચા હતા. ઉપા૦ કમલવિજય ગણી વિજય-દેવસૂરિ સંઘમાં રહ્યા હતા.

એક કહેવત છે કે, 'ગૃહસ્થને મૂડી કરતાં વ્યાજ વધુ વહાલું હોય એટલે પુત્રા કરતાં પૌત્રા વધુ વહાલા હોય. બનવાજોગ છે કે, ઉપા૦ કમલવિજય ગણીને પોતાની જ્ઞાતિના તથા પોતાના પુત્ર પાસે ૯ વર્ષની નાની ઉંમરમાં શિષ્ય થયેલા અને તેમના જ હાથે આચાર્ય બની તેમની જ ગાદીએ બેઠેલા શાંતસ્વભાવી ભટ્ટા૦ વિજય-દેવસૂરિ પ્રત્યે વિશેષ વાત્સલ્ય હોય !

## નવા ભટ્ટારકો—

આ૦ વિજયદેવસૂરિ ગીતાર્થોનું બહુમાન કરતા હતા અને પોતાના ગુરુના પિતા મહોપાધ્યાયને પૂછીને જ તેઓ સંઘનું સર્વ કાર્ય કરતા હતા.

આ૦ વિજયદેવસૂરિએ આ૦ વિજયસિંહસૂરિને ગીતાર્થોની સમ્મતિથી સં. ૧૬૮૧ના વૈ૦ સુ૦ ૬ના રોજ ઈડરમાં આચાર્ય અને સં૦ ૧૬૮૪માં મેડતામાં પોતાના પછીના ગચ્છનાયક સ્થાપન કર્યા હતા. પરંતુ દૈવવશાત્ સં૦ ૧૭૦૮ના અ૦સુ૦ ૨ના રોજ અમદાવાદમાં કાળધર્મ પામી ગયા.

તપાગચ્છના બંને પક્ષોમાં સંઘર્ષ વધતો હતો ત્યારે નવા ગચ્છનાયકને નીમવામાં મોટું જોખમ સમાયેલું હતું. અંતે શાંત-મૂર્તિ ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સંઘમાન્ય સ્થવિર ગીતાર્થોની સમ્મતિ લઈ ગંધારના ખૂણામાં રહેલા ગંધાર બંદરમાં પં૦ વીર વિજય ગણીને પોતાના વારસદાર બનાવવાનો નિર્ણય કર્યો અને તેને સંઘ-માન્ય બનાવવાનો નિર્ણય કર્યો. સ્થવિરની મહોર મારવાનો પણ પ્રબંધ પણ ગોઠવ્યો.

મહો૦ મેઘવિજય ગણીવર લખે છે કે, 'આ૦ વિજયદેવસૂરિ

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ગંધાર પધાર્યા. ગંધારના સંઘે આ પ્રસંગે પદવી ઉત્સવની આમંત્રણ-પત્રિકા મોકલી બહારના જૈનોને પણ ગંધાર બોલાવ્યા હતા. એટલે અમદાવાદ, ખંભાત, પાટણ, સુરત, કાવી વગેરે સ્થળોના જૈનસંઘો ત્યાં આવ્યા હતા.

આ૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૭૧૦ના વૈ૦ સુ૦ ૧૦ ને શુક્રવારે પુષ્પ નક્ષત્રમાં ગંધાર બંદરમાં ભ૦ મહાવીરસ્વામીના જિનાલયની પાસે બાંધેલા મોટા મંડપમાં વિવિધ શહેરોના શ્રીસંઘોની સાક્ષીમાં પં૦ વીરવિજયગણીને આચાર્યપદવી આપવામાં આવી. પદવી પ્રદાનની વિધિ થયા પછી વૃદ્ધ સ્થવિર પં૦ કમલવિજયગણિવરે મંડપમાં ચતુર્વિધ સંઘની વચ્ચે જાહેર કર્યું કે, ભટ્ટા૦ વિજયદેવસૂરિએ પં૦ વીરવિજય ગણિવરને આચાર્ય બનાવ્યા છે અને તેમનું નામ વિજયપ્રભસૂરિ રાખવામાં આવ્યું છે.

આ સાંભળી શ્રીસંઘે વીર ભગવાન, જૈન શાસનની અને પૂજ્ય ગચ્છાચાર્ય તેમ જ નવા આચાર્યની જય બોલાવી એકત્ર થયેલા બધાય શ્રીસંઘોએ સાદર સ્વીકૃતિ આપી.

મહો૦ કમલવિજયની દીક્ષા સં૦ ૧૬૧૧માં ખંભાતમાં ભટ્ટા૦ વિજયદાનસૂરિના હાથે થઈ હતી અને તેઓ સં૦ ૧૭૧૦ પછી કાળધર્મ પામ્યા હશે એટલે સંભવ છે કે તેમની ઉંમર સવાસો વર્ષની અને દીક્ષાપર્યાય સો વર્ષનો હશે[1]!

(૬૦) પં૦ કમલવિજયગણિવરના શિષ્ય પં૦ કીર્તિવિજયે સં૦ ૧૬૮૭ના કા૦ સુ૦ ૧૦ના રોજ દેલવાડામાં ભટ્ટા૦ વિજયદેવસૂરિના રાજ્યમાં સાધ્વી હેમઋદ્ધિ શિષ્યા કલ્યાણઋદ્ધિ માટે પકખીસૂત્રની પ્રત લખી.

(શ્રી. પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨, પ્ર૦ નં૦ ૬૯૫)

---

૧. આ સમયે કમલવિજયગણી નામના ઘણા મુનિઓ થયા છે તે આ પ્રમાણે—

(૧) મહો૦ લક્ષ્મીભદ્રીય શાખાની વાચક પરંપરામાં થયેલા પં૦ અમરવિજયગણીના શિષ્ય (૫૭) પં૦ કમલવિજયગણી

(૨) જગદ્ગુરુ આ૦ વિજયપ્રભસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય તથા મહો૦ સોમવિજયગણીના શિષ્ય મુનિ કમલવિજયગણી.

(૩) ભટ્ટા૦ વિજયાનંદસૂરિના મહો૦ કમલવિજયગણી—તેમણે ભટ્ટા૦ વિજયદાનસૂરિ, ભ૦ વિજયહીરસૂરિ, ભ૦ વિજયસેનસૂરિ, ભ૦ વિજયદેવસૂરિ અને ભ૦ વિજયપ્રભસૂરિનું શાસન જોયું હતું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( ૬૦ ) મહો૦ કમલવિજયગણિવર.

( ૬૧ ) પં૦ સત્યવિજયગણી તે સં૦ ૧૭૧૯ના પો૦ વ૦૧૪ના રોજ સ્વર્ગે ગયા.

( ૬૨ ) પં૦ સૌભાગ્યવિજયગણી – તે મેડતાના શા. નરપાલની પત્ની શ્રી. ઇન્દ્રાણીના પુત્ર હતા. તેનું નામ હતું શામળદાસ. તેણે સં૦ ૧૭૧૯માં પં૦ સત્યવિજયગણી પાસે દીક્ષા સ્વીકારી અને તેમનું નામ સૌભાગ્યવિજય રાખવામાં આવ્યું. તેઓ પંન્યાસ થયા હતા.

પં૦ સૌભાગ્યવિજયગણીએ 'જિનસ્તવન ચોવિશી' બનાવી છે. તીર્થમાળા–પં૦ સૌભાગ્યવિજયગણીએ સં૦ ૧૭૪૭ થી સં૦ ૧૭૭૨ સુધી વિચરી વિવિધ જૈન તીર્થોની યાત્રા કરી હતી. તેમણે સં૦ ૧૭૭૩ના કા૦ ( મા૦ ) વ૦૭ ને શનિવારે પુષ્યનક્ષત્રમાં વીશમા રવિયોગમાં પહેલા પ્રહરમાં અવરંગાબાદ નગરમાં સૌ જીવો સાથે ખમતખામણાં કરતાં કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

( – જૈન સત્યપ્રકાશ, ક્ર. ૧૧, પૃ. ૪૧૭ )

તપાગચ્છની રત્નશાખાના ( ૫૯ ) ભ૦ વિજયરત્નસૂરિ શિષ્ય (૬૦) પં૦ સોમવિમલગણી શિષ્ય ( ૬૧ ) પં૦ યુગવિમલગણી શિષ્ય ( ૬૨ ) પં૦ રામવિમલગણી વગેરે પં૦ સૌભાગ્યવિમલ ગણીની સાથે તીર્થયાત્રામાં હતા. પં૦ રામવિમલગણીએ 'તીર્થયાત્રાવર્ણન રાસ' લખાવ્યો હતો. તેમણે તેમાં રસ્તાનાં તીર્થો, ગામો વગેરેનું વિશદ વર્ણન આપ્યું હતું.

## પરંપરા બીજી –

(૫૯) ભટ્ટા૦ વિજયસેનસૂરિ

(૬૦) પં૦ મેરુવિજયગણી મારવાડના રોહા ગામના શેઠ શ્રીવંત ચૌહાણ પોરવાડના કુટુંબના દશ ભાઈ-બહેનોએ લોંકાગચ્છની યતિ દીક્ષા છોડી તપાગચ્છના આ૦ વિજયહીરસૂરિ પાસે સં૦ ૧૬૨૮ થી સં૦ ૧૬૫૧ સુધીમાં સંવેગી દીક્ષા સ્વીકારી હતી. આચાર્યશ્રીએ તે સૌને પોતાના હાથે દીક્ષા આપી પોતાના પરિવારના જુદા જુદા ગીતાર્થોના શિષ્ય બનાવ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શેઠ શ્રીવંતનો ત્રીજો પુત્ર મેઘા નામે હતો. તેનું લોંકાગચ્છમાં મેઘજી ઋષિ નામ હતું. જગદ્ગુરુએ તેનું નામ મેરુવિજય રાખી આચાર્ય વિજયસેનસૂરિના શિષ્ય બનાવ્યા.

આ મેરુવિજય મુનિ બુદ્ધિમાન હતા, તેથી આચાર્યે તેમને પંન્યાસ પદવી પ્રદાન કરી હતી. તેમણે યમકમય બે ચતુર્વિંશતિ સ્તોત્રો રચ્યાં હતાં.

**નોંધ** — મહો૦ કલ્યાણવિજયગણીની પરંપરાના પં૦ નયવિજય ગણીએ સં૦ ૧૬૯૨માં અમદાવાદમાં પોતાના શિષ્ય બાલમુનિ જશવિજય (યશોવિજય)ને ભણવા માટે બે સ્તોત્રોની પ્રતિઓ લખી હતી.

૬૧ પં૦ લાવણ્યવિજયગણી.

૬૨ મુનિ માણેકવિજયજી — તેઓ ચાંપાનેરથી આવી અમદાવાદની હાજાપટેલની પોળમાં વસ્યા હતા. વાલેલા ગોત્રના દોશી લહુઆ (લવજી) શ્રીમાલી જૈનની પત્ની શા. ચાંપાદેના પુત્ર દો૦ પનજી (પનિયા)ના બીજા પુત્ર હતા. તેનાં મનરાજ, મનિયા શેઠ વગેરે બીજાં નામો પણ હતાં. તેમનું કુટુંબ મનિયાના નામથી વિખ્યાત હતું. તેની પત્નીનું નામ સત્પર હતું.

તેનો સં૦ ૧૬૪૦ના અ૦ સુ૦ ૧૧ના રોજ જન્મ થયો હતો. તેણે સાધર્મિક જૈનોની વિવિધ પ્રકારે ભક્તિ કરી હતી. વીશા-શ્રીમાલી જ્ઞાતિમાં સૌને મહમ્મુદી ગોઠવીને ખાંડ ભરેલી થાળી વહેંચી હતી. તેણે પાંચપર્વીનાં પારણાં કરાવ્યાં હતાં. અમદાવાદમાં સર્વ જિનાલયોમાં પૂજા ભણાવી હતી અને પાર્શ્વનાથનો જિનપ્રાસાદ બંધાવ્યો હતો.

તેણે સં૦ ૧૭૦૨ના દુકાળમાં જનતાને વિવિધ જાતની મદદ આપી જગડુશાહની ઉપમા મેળવી હતી. તેણે ભ૦ વિમલનાથ વગેરે જિનપ્રતિમાઓ ભરાવી હતી. રત્નોની ૨૧ જિનપ્રતિમાઓ ભરાવી હતી. આજે તેમના વંશજો પાસે સ્ફટિકની જિનપ્રતિમા વિદ્યમાન છે.

તેણે રાણકપુર, હમીરગઢ, અચલગઢ, કુંભારિયાજી, મોઢેરા વગેરે સાત જૈન તીર્થોના જીર્ણોદ્ધાર કરાવ્યા. તેમાં કોઈ કોઈ પ્રતિમાલેખો આ પ્રકારે જોવા મળે છે. —

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

૧. શેઠ મનિયાએ સં૦ ૧૭૧૦ના જે૦ સુ૦૬ને ગુરુવારે ભ૦ વિમલનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

૨. શેઠ મનિયાના કુટુંબીઓએ સં૦ ૧૭૧૦ ના જે૦ સુ૦ ૬ ને ગુરુવારે ગુરુપુષ્યયોગમાં ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમાની ભટ્ટા૦ જયાનંદસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી.

શેઠ મનિયાએ શત્રુંજયતીર્થનો છ'રી પાળતો સંઘ કાઢ્યો. ભ૦ વિમલનાથની પ્રતિષ્ઠા કરાવી. યતિઓને પ્રતિલાભ્યા. ૮૪ જૈન ગચ્છોમાં રૂપિયાની લહાણી કરી. મોટી જિનપૂજાઓ ભણાવી. સાત ક્ષેત્રોને પુષ્ટ કર્યાં. — આ રીતે ધર્મકાર્યમાં સાત લાખ રૂપિયા વાપર્યા.

શેઠ મનિયા ૭૦ વર્ષની ઉંમરે બીમાર થયા. આથી વૈરાગ્યભાવે પં૦ મેરુવિજયગણીના હાથે દીક્ષા લીધી. પં૦ મેરુવિજયગણીએ તેનું નામ મુનિ માણેકવિજય રાખ્યું અને તેમને પં૦ લાવણ્યવિજયના શિષ્ય બનાવ્યા. મુનિ માણેકવિજય શુદ્ધ ચારિત્ર પાળી સં૦ ૧૭૧૧માં અમદાવાદમાં અનશન સ્વીકારી આરાધના કરતાં શુદ્ધિપૂર્વક કાળધર્મ પામ્યા.

(૬૩) મુનિ વિનયવિજય.

(—દોશી મનિયા વંશ નં. ૧)

## પરંપરા ત્રીજી —

(૫૯) ભટ્ટા૦ વિજયસેનસૂરિ

(૬૦) મહો૦ નયવિયગણી.

લોંકાગચ્છના અમદાવાદની ગાદીના શ્રીપૂજ ઋષિ મેઘજી વગેરે ૧૮ યતિઓએ સં૦ ૧૬૨૮માં અમદાવાદમાં તપાગચ્છના ભટ્ટારક વિજયહીરસૂરિ પાસે સંવેગી દીક્ષા લીધી. આ૦ વિજયસેનસૂરિએ તેમને દીક્ષા આપી પોતાના કે પોતાના ગુરુભાઈઓના શિષ્યો બનાવ્યા. તે બધામાં નાની ઉંમરનો એક બાલ ઋષિ — નાના મુનિ હતા ત્યારે વિજયસેનસૂરિ ૨૪ વર્ષની ઉંમરના હતા. તેમણે ગુરુઆજ્ઞાથી ઋષિનું મુનિ નયવિજય નામ આપી પોતાના શિષ્ય બનાવ્યા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૫૭ના માહ મહિનામાં શંખેશ્વર-તીર્થમાં પં૦ નયવિજયગણીને ઉપાધ્યાય બનાવ્યા હતા.

(૬૧) પં૦ જ્ઞાનવિજયગણી.

(૬૨) પં૦ વીરવિજયગણી.

(૬૩) પં૦ વિદ્યાવિજયગણી—તેઓ મહો૦ નયવિજયગણીના હસ્તદીક્ષિત શિષ્ય હતા. તેમણે પાંચ કલ્યાણકનું સ્તવન રચ્યું છે.

(૬૪) પં૦ લબ્ધિવિજયગણી.

(૬૫) પં૦ ખીમાવિજયગણી

## પરંપરા ચોથી—

(૬૦) મહો૦ નયવિજયગણી.

(૬૧) પં૦ કુંઅરવિજયગણી—તેમણે સં૦ ૧૬૫૨માં 'હીરવિજય-સૂરિ શલોકો' રચ્યો.

## પરંપરા પાંચમી—

(૫૯) આ૦ વિજયસેનસૂરિ

(૬૦) પં૦ હંસવિજયગણી—તેમનાં બીજાં નામો પં૦ હર્ષવિજય અને પં૦ વિજયહંસ પણ મળે છે. [૧]

जैन साईट JAINSITE.com जयम् जयति शासनम्

વીરમગામના મહો૦ સોમવિજયગણી વગેરે ત્રણ ભાઈ—બહેને તથા ૧૮ ભાઈ—બહેનોની સં૦ ૧૬૦૦ થી ૧૬૦૭ સુધીમાં આ૦ વિજયહીરસૂરિ પાસે દીક્ષા થઈ. તે ૧૮માંથી એક મુનિ વિજયહર્ષ નામે હતા. તેઓ સં૦ ૧૬૫૦ના પ્ર૦ ચૈ૦ સુ૦ ૧૫ની શત્રુંજય-યાત્રામાં જગદ્‌ગુરુની સાથે હતા. અને તે તપાગચ્છની હર્ષ, સુંદર કે કુશલ શાખાના હતા. તેમના ગુરુનું નામ જાણવા મળતું નથી પણ તેઓ આ૦ વિજયહીરસૂરિના હસ્તદીક્ષિત હતા તેથી તેમને જ પોતાના ગુરુ તરીકે બતાવે છે. સંભવ છે કે, તેમણે તપાગચ્છના બે પક્ષો પડ્યા ત્યારે પોતાને તે બંનેથી નિરાળા અને મધ્યસ્થ

૧. આ૦ વિજયસેનસૂરિ સં૦ ૧૬૬૭ના ચાતુર્માસ માટે લખે છે કે—

૧. પં૦ વિજયહંસસૂરિ પં૦ જયવિજયગણીનું ચોમાસું સાંગાનેર.

(—ક્ષેત્રાદેશપટ્ટક. પ્રક૦૫૫ પૃ૦ ૧૮૫)

પં૦ જયવિજય આ૦ હીરવિજયસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બતાવવા માટે આ નીતિ સ્વીકારી હોય.

(૬૧) પં૦ વિજયસુંદરગણી—તેમનું બીજું નામ વિજયકુશળગણી પણ મળે છે. તે આ૦ વિજયસેનસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય હતા.

પં૦ કનકકુશળગણીએ સં૦ ૧૬૫૫માં મેડતામાં પં૦ વિજયકુશલગણીની વિનંતીથી ' જ્ઞાનપંચમી કથા ' ( ગ્રં૦ ૧૫૨ )રચી. પં૦ વિનયસુંદરે તેની પહેલી પ્રતિ લખી.

(૬૨) પં૦ વિનયસુંદરગણી— તેમનું બીજું નામ વિનયકુશળગણી પણ મળે છે. તે પં૦ વિજયહંસના હસ્તદીક્ષિત શિષ્ય હતા અને ભટ્ટા૦ વિજયદેવસૂરિની આજ્ઞામાં હતા.

પં૦ વિનયકુશલે સં૦ ૧૬૫૨માં સ્વોપજ્ઞ વૃત્તિવાળું ' મંડલપ્રકરણ ' રચ્યું છે. તેનું મહો૦ લાભવિજયગણીએ સંશોધન કર્યું હતું, તેમણે સં૦ ૧૬૫૩માં વિજયપુરમાં ' તપાગચ્છ ગુર્વાવલી ' કડી : ૨૭ રચી છે. વળી સં૦ ૧૬૫૩ના વૈ૦ સુ૦ ૪ ને બુધવારે મેડતામાં ગાહરિયા પદ્મશીએ ભરાવેલી ભ૦ શાંતિનાથની પ્રતિમાની ભટ્ટા૦ વિજયસેનસૂરિની આજ્ઞાથી પ્રતિષ્ઠા કરી.

( પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨ લે૦ ૪૪૧ )

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

તેમણે તે ' ગુર્વાવલી 'માં આ૦ વિજયસેનસૂરિ સુધીના પટ્ટધરોનું વર્ણન કર્યું છે અને જણાવ્યું છે કે, અત્યારે તપાગચ્છમાં ૧ ઉપા૦ ધર્મસાગરગણી ૨ ઉપા૦ વિમલહર્ષગણી અને ૩ ઉપા૦ કલ્યાણવિજયગણી એ ત્રણ ઉપાધ્યાયો છે. ( કડી : ૨૬ )

પં૦ વિનયસુંદરગણીએ સં૦ ૧૭૨૧ના મા૦ સુ૦ ૧૫ના રોજ સુરતમાં સુશ્રાવિકા વરીબાઈને ભણવા માટે કવિ......સેવકે બનાવેલ ભ૦ ઋષભદેવના ૧૩ ભવોનું સ્તવન ( ગા૦ ૨૪૫ )ની ૧૪ પાનાની પ્રતિ લખી છે અને સં૦ ૧૬૭૨માં આગરામાં ' વિચારસપ્તતિકા 'ની પ્રતિ લખી છે.

( — શ્રી. પ્રશસ્તિ સંગ્રહ ભા—૨, પ્રશસ્તિ નં. ૭૧૫ )

તેમના શિષ્ય ( ૬૩ ) પં૦ શાંતિકલશગણીએ સ્તવન—સજ્ઝાય વગેરે રચ્યાં છે. તે ઉપરથી તારવી શકાય છે કે, પં૦ વિનયસુંદરગણી વિજયદેવસૂરિસંઘના ભટ્ટા૦ વિજયપ્રભસૂરિની આજ્ઞામાં હતા.

(૬૩) પં૦ કીર્તિકુશલગણી—તે સં૦ ૧૭૯૧માં વિદ્યમાન હતા.

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

તેમના ગુરુભાઈ પં૦ શાંતિકુશલે સ્તવન–સજ્ઝાય રચ્યાં છે.

(-- શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા- ૨, પ્ર૦ નં૦ ૭૧૨ )

(૬૪) મહો૦ પદ્મસુંદરગણી– તેમણે સં૦ ૧૭૯૯ના આ૦ સુ૦ ૧૫ ને રવિવારે સુરતમાં ' નવવાડની સજ્ઝાય ' રચી છે.

પં૦ માનકુશલગણી અને પં૦ શાંતિકુશલગણી સં૦ ૧૭૯૫માં દેવપત્તનમાં હતા.

## પરંપરા છઠ્ઠી—

૫૯ આ૦ વિજયસેનસૂરિ

૬૦ પં૦ હંસવિજયગણી

૬૧ પં૦ વિજયસુંદરગણી–પં૦ વિજયકુશલગણી–તે મહાપંડિત હતા.

૬૨ પં૦ ઉદયરુચિગણી – મેડતાથી નૈઋત્યખૂણામાં ૧૪ માઈલ દૂર રહેલ કિષ્કિંધાનગર–કેકંદના શા૦ નાપાજી ઉછતવાલ ઓશવાલે કેકંદમાં સં૦ ૧૬૬૫માં સલાટ તોડર પાસે પોતાના ન્યાયસંપન્ન દ્રવ્યથી ભ૦ આદિનાથનો નવો મોટો જિનપ્રાસાદ બંધાવ્યો. તેમાં મોટો મંડપ અને બે બાજુએ બે ચોકી બનાવી. તપાગચ્છના ભટ્ટા૦ વિજયદેવસૂરિ, જે ઓશવાલ ગોત્રના શૃગારસમા ઓશવાલ જૈન હતા તેમની આજ્ઞાથી ઉપા૦ લબ્ધિસાગરગણી તથા પં૦ વિજય-કુશલગણી વગેરે કેકંદમાં પધાર્યા.

ઉપા૦ લબ્ધિસાગરગણીએ તે ઋષભદેવના જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી. મહાપંડિત વિજયકુશલગણીના શિષ્ય પં૦ ઉદયરુચિ-ગણીએ તેની ૪૬ શ્લોકાત્મક પ્રશસ્તિ રચી. પં૦ સહજસાગરગણીના શિષ્ય પં૦ જયસાગરે તેને શિલા ઉપર લખી અને સલાટ તોડરે તેને ઉત્કીર્ણ કરી.

( --પ્રા૦ જૈ૦ લે૦ ભા–૨, લે. નં. ૩૬૮ )

તેમની પરંપરામાં ૧૯મી શતાબ્દીમાં પં૦ રૂપરુચિગણી થયા.

---

૧. પં૦ શાંતિકુશલે સં૦ ૧૬૬૭માં ભટ્ટા૦ વિજયસેનસૂરિના રાજ્યમાં ' ગોડી પાર્શ્વનાથ સ્તવન ' કડી : ૭૨ બનાવ્યું છે.

( –ગોડીજી સ્મારક ગ્રંથ, પૃ૦ ૨૮ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પં૦ દયારુચિગણી– તેમણે તપાગચ્છના ભટ્ટા૦ વિજયધર્મસૂરિની આજ્ઞાથી પં૦ દેવવિજયગણીએ બતાવેલ વર્ણનના આધારે સં૦ ૧૮૩૫ના મહા સુદિ ૫ના રોજ શિવપુરીમાં (છીપરી કે સિરોહીમાં) 'સંમેત શિખરરાસ' ઢાળ : ૨૧ (ગ્રં૦ ૯૦૧) રચ્યો છે.

તપાગચ્છની રુચિપરંપરાના પં૦ માણેકરુચિ ઈંદોરમાં વિદ્યમાન છે.

પં૦ દોલતરુચિ મગરવાડામાં માણિભદ્રવાળી ગાદીએ હતા.

૯૦ ભટ્ટા૦ વિજયદેવસૂરિ

૯૧ પં૦ ગુણહર્ષગણી – તેમણે 'વીર નિર્વાણ મહિમા–દિવાળી સ્તવન' ઢાળ : ૧૦ રચ્યું છે. 'દીવાળી સજ્ઝાય' કડી : ૧૧ રચી છે.

## પરંપરા સાતમી—

૫૯ આ૦ વિજયસેનસૂરિ

૬૦ પં૦ સોમકુશળગણી – તે તપાગચ્છની વિમલકુશલ કે સુંદર-શાખાના હતા પણ તેમના ગુરુનું નામ મળતું નથી. તેઓ આ૦ વિજયસેનસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય હતા. તેમની આજ્ઞામાં જ હતા. તે તેમને પોતાના ગુરુ તરીકે બતાવે છે. સંભવ છે કે, તેમણે તે વખતે તપાગચ્છના બે પક્ષો પડ્યા ત્યારે પોતાને તે બંનેથી નિરાશા થતાં મધ્યસ્થ બતાવવા માટે આ નીતિ સ્વીકારી હોય.[1]

તેમને ૧. પં૦ કનકકુશલગણી અને ૨. પં૦ પુણ્યકુશલગણી એમ બે વિદ્વાન શિષ્યો હતા.

૬૧ પં૦ કનકકુશલગણી – તે પં૦ કમલવિજયગણીના વિદ્યા શિષ્ય હતા. તેમ જ મહો૦ શાંતિચંદ્રગણીના પણ વિદ્યાશિષ્ય હતા.

( —રોહિણી કથા )

તેમણે ઘણા ગ્રંથો રચ્યા છે.—

૧ જિનસ્તુતિ (ગ્રં૦ ૨૮) સં૦ ૧૬૪૧

૨ ઋષભનમ્રસ્તોત્ર (ગ્રં૦ ૪૫૭) સં૦ ૧૬૫૨

---

૧. વૈરાટનગરના સંઘપતિ ઇન્દ્રરાજ શકચાન શ્રીમાલીએ સં૦ ૧૬૪૪ના કા૦ સુ૦ ૧ ને રવિવારે ભ૦ વિમલનાથનો ઇન્દ્રવિહાર જિનપ્રાસાદ બનાવી તેની મહો૦ કલ્યાણવિજયના હાથે પ્રતિષ્ઠા કરાવી. તેની પ્રશસ્તિ પં૦ લાભવિજયગણીએ રચી. પં૦ સોમકુશલે શિલા ઉપર લખી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩ કલ્યાણમંદિરસ્તોત્ર–વૃત્તિ (ગ્રં૦ ૬૦૦) સં૦ ૧૬૫૨
૪ ભક્તામરસ્તોત્ર–વૃત્તિ સં૦ ૧૬૫૨ સાદડી
૫ ગોડીજી પાર્શ્વનાથ સ્તવન
૬ ચતુર્વિંશતિજિન સ્તોત્ર–વૃત્તિ (ગ્રં૦ ૫૦૧) સં૦ ૧૬૫૨
૭ પંચમી પર્વસ્તુતિ–વૃત્તિ સં૦ ૧૬૫૨
૮ વિશાલલોચન ચૈત્યવંદન વૃત્તિસંગ્રહ સં૦ ૧૬૫૨ સાદડી.
૯ **દેવાઃ પ્રભોઽયં૦** સ્તોત્રવૃત્તિ.
૧૦ શોભનસ્તુતિ–વૃત્તિ.
૧૧ સકલાર્હત્ ચૈત્યવંદન–વૃત્તિ સં૦ ૧૬૫૪
૧૨ જ્ઞાનપંચમી કથા [1] (ગ્રં૦ ૧૫૨) સં૦ ૧૬૫૫ મેડતા.
૧૩ દાનપ્રકાશ પ્ર૦ ૮.શ્લો૦ ૭૯૦. સં૦ ૧૬૫૬
૧૪ રત્નાકર પંચવિંશતિ–વૃત્તિ સં૦ ૧૬૫૬
૧૫ સાધારણ જિનસ્તવનવૃત્તિ સં૦ ૧૬૫૬
૧૬ સુરપ્રિયમુનિકથા– સં૦ ૧૬૫૬
૧૭ રોહિણીકથા–શ્લો૦ ૨૦૨, સં૦ ૧૬૫૭
૧૮ સ્નાતસ્યા૦ સ્તુતિ–વૃત્તિ–સં૦ ૧૬૫૮
૧૯ જ્ઞાનપંચમી–બાલાવબોધ–સં૦ ૧૬૮૦
૨૦ વરદત્ત–ગુણ મંજરી બાવની શ્લો૦ ૫૨
૨૧ હરિશ્ચંદ્રરાજાનો રાસ– સં૦ ૧૬૯૭
૨૨ દિવાળી કલ્પ —

(– એપિગ્રાફિકા ઈંડિકા ૨/ ૫૯; પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨, લે૦ નં૦ ૧૩નું વિવરણ; જૈનયુગ–નવું વર્ષ બીજું, અંક : ૩; જૈન-સત્યપ્રકાશ, ક્રમાંક : ૧૫૬)

## પરંપરા આઠમી—

(૫૮) ભ૦ વિજયહીરસૂરિ
(૫૯) ભ૦ વિજયસેનસૂરિ
(૬૦) પં૦ સોમકુશલગણી

---

૧. પં૦ કનકકુશલગણીએ પં૦ વિજયસુંદરગણીની વિનંતીથી 'જ્ઞાન પંચમીકથા' રચી, જેનું પં૦ પદ્મવિજયગણી અને પં૦ જયવિજયગણીએ સંશોધન કર્યું તથા પં૦ વિજયસુંદરગણીએ પહેલી પ્રતિ લખી.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૬૧) પં૦ પુણ્યકુશલગણી—તેમણે સં૦ ૧૬૫૯ના માઘવદિ ૧૩ના રોજ 'ભરત–બાહુબલી મહાકાવ્ય' સર્ગ: ૧૮ ( ગ્રં. ૧૫૩૪ ) રચ્યું છે.

## ગ્રંથકારો—

આ સમયે ઘણા મુનિઓ-ગ્રંથકારો થયા હતા.

૧ પં૦ કુશલરાજકીર્તિગણીએ સં૦ ૧૬૩૩માં વીરપુરમાં આ૦ વિજયસેનસૂરિના રાજ્યમાં 'વિજયચંદ્રકેવલિચરિત્ર' ( શ્લો૦ ૪૯૦૦) રચ્યું છે.

૨ તપાગચ્છની કમલકલશશાખાના ૫૬ ભટ્ટા૦ નર્બુદાચાર્યે સં૦ ૧૬૬૫માં 'કોકશાસ્ત્ર' ચોપાઇબંધ કાવ્ય રચ્યું છે.

૩ તપાગચ્છની સોમશાખાના પં૦ લક્ષ્મીકુશલગણીએ સં૦ ૧૬૮૪માં 'વૈદ્યકસારોદ્ધાર' રચ્યો છે.

૪ તપાગચ્છની સોમશાખાના પં૦ દેવશીલગણીએ સં૦ ૧૬૧૯ના બીજા શ્રાવણમાં વડગામમાં 'વેતાલપચીસી' રચી.

૫ પં૦ હેમાનંદે સં૦ ૧૬૪૬માં 'વેતાલપચીસી' રચી.

૬ પં૦ વરતાગણી ભ્રાતા પં૦ યાદવગણી શિષ્ય મુનિ વિજય ( મુનિ જિનવિજય ) સં૦ ૧૬૫૨ના આ૦ વ૦ ૨ને ગુરુવારે આ૦ વિજયસેનસૂરિના રાજ્યમાં વિદ્યમાન હતા.

( —શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભા૦ ૨ પ્ર૦ નં૦ ૫૮૬ )

૭ (૧) પં૦ ચતુરવિજયજી, ૨ પં૦ વિવેક વિજયજીગણી, ૩ પં૦ પ્રમોદવિજયગણિ, ૪ પં૦ નેમવિજયગણી સં૦ ૧૬૫૯-માં સમીમાં હતા.

૮ વડગચ્છના ભટ્ટા૦ ભાવદેવસૂરિના શિષ્ય મુનિદેવે ગ્રંથ રચ્યો છે.

૯ ઉપા૦ રવિવર્ધન ગણીએ સં૦ ૧૭૩૯માં પાટણમાં 'તપગચ્છ પટ્ટાવલી' રચી છે. આ૦ જિનપ્રભસૂરિનો સંસ્કૃત કલ્પ લખ્યો છે.

૧૦ પં૦ પદ્મસાગરગણી સં૦ ૧૬૫૭માં પીપાડથી મુનિ પ્રેમ-સાગરની વિનંતીથી ભટ્ટા૦ વિજયસેનસૂરિના રાજ્યમાં 'ઉત્તર-

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્ઝાણુસુત્ત'ની બૃહદ્વૃત્તિની પ્રાકૃત કથાઓને સંસ્કૃતમાં ઉતારી.

૧૧ ભટ્ટા૦ લક્ષ્મીસાગરસૂરિ શિષ્ય મહો૦ જ્ઞાનકીર્તિગણીએ આ૦ મુનિસુંદરસૂરિને પૂછી પૂછીને 'ઉતરાધ્યયનસૂત્ર'ની બૃહદ્-વૃત્તિની પ્રાકૃત કથાઓને ધારી રાખી સં૦ ૧૫૨૦માં માંડવ-ગઢમાં તેને સંસ્કૃતમાં લખી.

(—ભાંડારકર જૈન પ્રશ૦ સં૦ ભા. ૩, પ્ર૦ નં૦ ૬૯૩)

૧૨ પં૦ નગર્ષિગણીએ સં૦ ૧૬૫૭ના વૈ૦ સુ૦ ૭ને શુક્રવારે હર્ષણ યોગમાં ભટ્ટા૦ વિજયસેનસૂરિના રાજ્યના આ૦ વિજય-દેવસૂરિના યૌવરાજ્યમાં સંસ્કૃતમાં 'સ્થાનાંગસૂત્ર'ની દીપિકા (ગ્રં૦ ૧૮૦ ) રચી. તેનું પં૦ વિમલહર્ષગણીએ સંશોધન કર્યું હતું.

૧૨ પં૦ ગુણહર્ષગણીએ ભટ્ટા૦ વિજયદેવસૂરિના રાજ્યમાં 'દિવાળી સ્તવન' ઢાળ : ૧૦ રચ્યું.

## તીર્થસ્થાપના—

આ૦ વિજયસેનસૂરિએ ઘણાં તીર્થોનાં જિનાલયોના જીર્ણોદ્ધાર કરાવ્યા હતા. ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી. ઘણાં તીર્થોની સ્થાપના કરી હતી. તેમના સમયમાં વરકાણા તીર્થના જીર્ણોદ્ધાર થયો હતા.

નોંધ—તેમણે પ્રતિષ્ઠા કરેલી પંચતીર્થી ધાતુ મૂર્તિઓમાં કલા-ભરી વિશેષતા જોવા મળે છે.

તેમણે સ્થાપેલાં તીર્થો આ પ્રકારે જાણવા મળે છે—

૧. ખંભાતમાં ચિંતામણિ પાર્શ્વનાથ—ખંભાતમાં શ્રી આલ્હણસી શ્રીમાલીના વંશમાં અનુક્રમે ૧ આલ્હણસી, ૨ દેલ્હણસી, ૩ ધનરાજ ૪ ઉલ્હણસી, ૫ ચમરસી, ૬ અર્જુન, ૭ ભીમરાજ ૮ જર્કસન, ૯ વજિયા અને ૧૦ મેઘજી પારેખ થયા હતા.

(—પ્રક૦ ૪૫, પૃ૦ ૭૩)

વજિયા પારેખને વિમલદેવી નામે પત્ની અને મેઘજી નામે પુત્ર હતો. પુત્રવધૂનું નામ મયગલદેવી હતું. આ પારેખ કુટુંબ ૫૮ જ૦

JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૭ આ૦ વિજયહીરસૂરિ ૫૯ આ૦ વિજયસેનસૂરિ, ૬૦ આ૦ વિજયતિલકસૂરિ અને ૬૧ આ૦ વિજયાનંદસૂરિનું ઉપાસક હતું. સમગ્ર કુટુંબ ધર્મપ્રેમી હતું.

વજિયા અને રાજિયા બંને ભાઈઓ અસલમાં ગંધારના વતની હતા. તેઓ ખંભાત જઈને વસ્યા. ત્યાં વેપાર દ્વારા ધનપતિ બન્યા. તેઓએ દાનપુણ્યમાં પોતાની લક્ષ્મીનો ઘણો ઉપયોગ કર્યો. પછીથી તેમણે ગોવામાં દુકાન ખોલી તે દ્વારા પણ તેમનો ઘણો મોટો વેપાર ચાલ્યો. તેઓ ગંધાર, ખંભાત અને ગોવામાં અવારનવાર રહેતા હતા.

દિલ્હીનો બાદશાહ અકબર, ખંભાતનો નવાબ તથા ગોવાનો ફિરંગી મલેક પરત કાલમશાહ બંને ભાઈઓનું બહુમાન કરતા હતા. તેઓએ તેમના તીર્થયાત્રાના સ્થળોના યાત્રાકર માફ કર્યા હતા. તે ભાઈઓએ આબુ, રાણકપુર, ગોડીજી વગેરે તીર્થોના છ'રી પાળતા યાત્રાસંઘ કાઢ્યા હતા અને એ રીતે સંઘપતિ બન્યા હતા.

ખંભાતની સરકારે તેમની વિનંતીથી દીવબેટ પાસેના ઘોઘલા ગામની જીવહિંસા બંધ કરાવી હતી.

તેઓ ખંભાતમાં હતા ત્યારે આ૦ વિજયસેનસૂરિને પધરાવી સં૦ ૧૬૪૫ના જેઠ સુદિ ૧૨ ને સોમવારે ખંભાતમાં મોટો પ્રતિષ્ઠા-ઉત્સવ ઊજવ્યો હતો અને તેમના હાથે મોટી ધામધૂમથી જિનપ્રતિષ્ઠાઓ કરાવી હતી.

૧. ખંભાતમાં સાગવટપાડામાં ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથનું જિનાલય.
૨. ખંભાતમાં શ્રી. મહાવીરસ્વામીનું જિનાલય
૩. ખંભાતથી એક કોશ દૂર નેજા ગામમાં ભ૦ ઋષભદેવનું જિનાલય.
૪. કાવીબંદરના સાર્વજિનપ્રાસાદ માટે શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા
૫. ગંધારના જિનપ્રાસાદ માટે નવવલ્લભ પ્રાર્શ્વનાથની પ્રતિમા.
૬. વરડોલામાં કરહેડા પાર્શ્વનાથનો જિનપ્રાસાદ.
૭. વરડોલા માટે ભ૦ નેમિનાથની પ્રતિમા વગેરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખંભાતમાં આચાર્યદેવના હાથે મોટો જિનપ્રાસાદ અને જિન-પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી. ખંભાતના ચિંતામણિ જિન-પ્રાસાદમાં ઉપરનો ભાગ અને ભોંયરું પણ બનાવી તેમાંયે મૂળનાયક ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથની ૪૧ આંગળ ઊંચી અને ૭ ફણાવાળી પ્રતિમા પધરાવી હતી. તેની બંને બાજુએ ધરણેન્દ્ર તથા પદ્માવતીની મૂર્તિઓ બિરાજમાન હતી. ઉપરના ભાગમાં આ સિવાય મૂળ દેરાસરમાં ભ૦ શાંતિનાથની ૨૭ આંગળ ઊંચી નવી જિનપ્રતિમા વગેરે પ્રતિમાઓ પધરાવી હતી.

ખંભાતના ચિંતામણિ પાર્શ્વનાથના મૂળ જિનપ્રાસાદમાં નીચેના ભાગમાં ભોંયરામાં જિનાલય બંધાવ્યું હતું. ભોંયરું ચોખંડું હતું. દશ હાથ ઊંચું હતું. ભોંયરામાં ઊતરવા માટે પંદર પગથિયાં હતાં. ભોંયરાના દરવાજા ઉપર ગણેશ ( અથવા શ્રી. પાર્શ્વનાથ ભ.)ની પ્રતિમા હતી. ભોંયરામાં છ દરવાજા હતા. વીશ દ્વારપાલ હતા. પ્રતીહારો હતા. બાર થાંભલા હતા. સાત નાની દેરીઓ હતી. ભોંયરામાં જિનપ્રતિ-માઓ બેસાડી હતી. ધ્વજાદંડ પણ હતો. સાત દેરીઓમાં પચીસ જિનપ્રતિમાઓ પધરાવી હતી.

આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૪૫ના જેઠ સુદિ ૧૨ ને સોમ-વારે ખંભાતના સાગવટપાડામાં ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથના જિન-પ્રાસાદમાં આ પ્રતિમા; ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમા, ભ૦ શાંતિનાથની પ્રતિમા, ભોંયરાની સર્વજિન પ્રતિમાઓ, દેવ-દેવીઓ વગેરેની પ્રતિષ્ઠા કરી હતી.

વિશેષ ઇતિહાસ મળે છે કે, આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૫૭ માં અમદાવાદની કોઠારી પોળમાં ભ૦ મહાવીર સ્વામીના જિના-લયના ભોંયરામાં શા. પુણ્યપાપ વગેરે ત્રણ ભાઈઓએ ભરાવેલ ભ૦ શીતલનાથ અને ભ૦ સંભવનાથની પ્રતિષ્ઠા કરી ત્યારે ખંભાતના શેઠ વજિયા–રાજિયા પારેખે ભરાવેલા ભ૦ ઋષભદેવની ૩૭ આંગળ ઊંચી જિન પ્રતિમાની પણ અંજનશલાકા કરી હતી. આ પ્રતિમાને ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રાસાદના ભોંયરામાં પધરાવી હતી.

ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રાસાદની ૬૨ શ્લોકાત્મક પ્રશસ્તિ પં૦ કમલવિજયગણીના શિષ્ય મહાકવિ પં૦ હેમવિજય

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ગણીએ બનાવી છે. પં૦ લાભવિજય ગણીએ તેનું સંશોધન કર્યું હતું. તેમના ગુરુભાઈ મહો૦ કીર્તિવિજય ગણીના શિષ્ય પં૦ કાંતિવિજયગણીએ તેને આરસની શિલા ઉપર લખી અને શિલ્પી શ્રીધરે તેને ઉત્કીર્ણ કરી.

( –પ્રક૦ ૪૫, પૃ૦ ૭૩ )

## ૨. અમદાવાદના શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથ—

તપાગચ્છના નાયક આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૫૪ના મહા સુદિ ૫ ના રોજ અમદાવાદના અકમીપુરમાં ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી અને પોતાના પરિવારના મુનિઓને પદવીઓ પણ આપી. અને ત્યાં જ ચાતુર્માસ નિર્ગમન કર્યું. એ ચોમાસા પછી સં૦ ૧૬૫૫માં અમદાવાદના કૃષ્ણપુર ( કાળુપુર )માં પધાર્યા ત્યારે અમદાવાદમાં બાદશાહ અકબર તરફથી કાજી હુસેન સૂબો હતો. ત્યારે શિષ્યો પૈકી કેટલાક અગ્રણી મુનિઓને સ્વપ્ન આવ્યું કે, તમે ઢીંગવાવાડાની પાસેની અમુક જમીન ખોદજો. તે પુરુષોએ સૂબાને આ વાત જણાવી. તેની પરવાનગી મેળવી તે જમીન ખોદાવી. ખોદતાં ખોદતાં ત્યાંથી ચિંતામણિ પાર્શ્વનાથની કૃષ્ણ રંગની ભવ્ય જિન પ્રતિમા નીકળી આવી. આ૦ વિજયસેનસૂરિએ ત્યાં આવી સૂબાની પરવાનગી મેળવી તે જિનપ્રતિમાને બહાર કઢાવી અને સં૦ ૧૬૫૫-માં અમદાવાદના સિકંદરપુરમાં પધરાવી. ગચ્છનાયકે તેનું નામ શ્રી. વિજયચિંતામણિ પાર્શ્વનાથ રાખ્યું.

આચાર્યશ્રીએ સં૦ ૧૬૫૫માં સિકંદરપુરમાં ચાતુર્માસ કરી શ્રી-સંઘને મોટો જિનપ્રાસાદ બંધાવવાનો ઉપદેશ આપ્યો અને શ્રી-સંઘે ત્યાં મોટો જિનપ્રાસાદ બંધાવ્યો.

આ૦ વિજયસેનસૂરિ સં૦ ૧૬૫૬ના મા૦ સુ૦ ૫ ના રોજ અમદાવાદમાં સિકંદરપુર ( બીબીપુર )માં શ્રીસંઘે બંધાવેલા ભવ્ય જિનાલયમાં શ્રી. ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી. તથા તે જ દિવસે શેઠ લહુઆ ( લવજી ) માનિયા શ્રીમાલે ભરાવેલા શ્રી. શાંતિ-નાથના ઘરદેરાસરની, કાવીબંદરના ગાંધી કુંઅરજી નાગરે કાવીમાં બનાવેલ રત્નતિલક પ્રાસાદના મૂળનાયક ભ૦ ધર્મનાથની પ્રતિમાની અને ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયમાં જ૦ ગુ૦ આ૦ વિજય-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હીરસૂરિની ચરણુપાદુકાની પ્રતિષ્ઠા કરી.

અમદાવાદના શેઠ શાંતિદાસ ઝવેરી પં૦ શ્રી. મુક્તિસાગરગણીની કૃપાથી સુખી થયા હતા, ગુજરાતના સૂબા બન્યા હતા, તેને ૧ ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથનો જિનપ્રાસાદનો મોટો જીર્ણોદ્ધાર કરાવી તીર્થધામ બનાવવું. ૨ પં૦ રાજસાગરગણીને આચાર્ય બનાવવા અને તેમના હાથે ઉક્ત નવા જિનાલયની પ્રતિષ્ઠા કરાવવી અને ૩ પ્રતિષ્ઠા ઉત્સવ અને આચાર્યપદવીના ઉત્સવો મોટા પાયે ઊજવવા—એમ ત્રણ મનોરથો હતા. તેણે આ કામો પાર પાડવા માટે સં૦ ૧૬૭૮થી સક્રિય પ્રયત્ન શરૂ કર્યો.

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૭૯માં અવદાવાદમાં પં૦ મુક્તિસાગરગણીને આચાર્ય નહીં પણ ઉપાધ્યાયની પદવી આપી. શેઠે બીજી વાર બીબીપુરમાં વિજયચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયનો મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેમાં એ જિનાલય વિશાળ બનાવ્યું. તેમાં ૩ શિખરો, ૩ ગભારા, ૩ રંગમંડપો, ૩ ખેલામંડપો એમ ૬ મંડપો, ૩ શૃંગારચોકી બનાવી. ચારે બાજુએ શિખરવાળાં નાનાં બાવન જિનાલયો બનાવ્યાં, તેમાં ભોંયરું બનાવ્યું. તેની ફરતો મોટો ગઢ બનાવ્યો, ને એ રીતે તેને તીર્થધામ બનાવ્યું. એ તીર્થધામમાં નવી મોટી જિનપ્રતિમાઓ ભરાવી. પ્રતિષ્ઠાની આમંત્રણ પત્રિકાઓ કાઢી. જૈન સંઘોને અમદાવાદ નોતર્યા. અને સં૦ ૧૬૮૨-ના જે૦ વ૦ ૯ ને ગુરુવારે બાદશાહ જહાંગીર તથા બેગમ નૂરજહાંના રાજ્યમાં અમદાવાદના સિકંદરપુરના નવા જિનાલયમાં તપાગચ્છના ભટ્ટારક વિજયદેવસૂરિના ઉપાધ્યાયો, મહો૦ વિવેકહર્ષગણી અને મહો૦ મુક્તિસાગરગણીના હાથે પ્રતિષ્ઠા કરાવી. એ તીર્થધામનું નામ વિજય ચિંતામણિ પાર્શ્વનાથ રાખ્યું. આ પ્રતિષ્ઠાની પ્રશસ્તિ અને પ્રતિષ્ઠાલેખો પણ મળે છે.

આમાં પ્રતિષ્ઠા કરાવેલી ઘણી જિનપ્રતિમાઓ અમદાવાદની વાઘણપોળમાં આવેલા શ્રી. અજિતનાથ જિનાલયમાં બિરાજમાન છે.

આ જિનપ્રાસાદ અમદાવાદના સિકંદરપુરાના બીબીપુરામાં હતો. તે ઉત્તરાભિમુખ હતો. તેમાં ચિંતામણિ પાર્શ્વનાથની શ્યામ વર્ણની ભવ્ય જિનપ્રતિમા મૂળનાયક તરીકે સ્થાપન કરી હતી.

શેઠે બીજી ચાર ભવ્ય જિનપ્રતિમાઓ બનાવી ભોંયરામાં સ્થાપન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી હતી.

આ તીર્થધામ બનાવવામાં શેઠે દીર્ઘદૃષ્ટિથી કામ લીધું હતું. તે જાણતા હતા કે આવા મુસ્લિમયુગમાં આવા જિનપ્રાસાદની રક્ષા કરવી એ વિકટ કામ છે. કોઈ આસમાની સુલતાની ક્યારે થાય એ કંઈ કલ્પી ન શકાય; પણ એવો પ્રસંગ આવે તો આ બધી જિનપ્રતિમાઓને સરળતાથી સુરક્ષિત સ્થાને પહોંચાડી દેવાય એવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ, તેથી શેઠે આ જિનપ્રાસાદથી લઈ પોતાની હવેલી સુધી મોટા રથો આવી–જઈ શકે તેવી સુરંગ બનાવી અને જિનપ્રતિમાઓને રથમાં પધરાવી પોતાની હવેલીમાં લઈ જવાય તેવો પ્રબંધ કર્યો.

શેઠ શાંતિદાસે આ જિનપ્રાસાદ, તેની સુરંગ, નવી પ્રતિમાઓ, તથા તેના પ્રતિષ્ઠા ઉત્સવમાં ૯ લાખ રૂપિયા ખરચ્યા હતા. વળી, બીજા પ્રતિષ્ઠા ઉત્સવમાં ૧૧ લાખ ખરચી વેલિયા ( સોનાની વીંટી ) વગેરેની પ્રભાવના કરી હતી.

બાદશાહ જહાંગીર ( સં. ૧૬૬૩ થી ૧૬૮૪ ભાદરવા વદિ-અમાવાસ્યા પછી બાદશાહ શાહજહાં તા. ૪–૨–૧૬૨૮ થી ૯–૫–૧૬૫૮ ( વિ૦ સં૦ ૧૬૮૪ થી સં૦ ૧૭૧૫ ) દિલ્હીનો બાદશાહ બન્યો. તેણે પોતાના તરફથી ગુજરાતમાં ૧૩ સૂબાઓ મોકલ્યા હતા. તે પૈકીનો ૮મો સૂબો શાહજાદો ઔરંગઝેબ ( ઈ૦ સ૦ ૧૬૪૪ થી ૧૬૪૬ ), ૯મો સૂબો શાયસ્તખાન ( ઈ૦ સ૦ ૧૬૪૬ થી ૧૬૪૮ ), ૧૦ મો સૂબો શાહજાદો મહમ્મદ દારાશીકોહ ( ઈ૦સ૦ ૧૬૪૮ થી ૧૬૫૨ ) ૧૧ મો સૂબો શાયસ્તખાન અને ૧૨ મો સૂબો શાહજાદા મુરાદબક્ષ ( ૧૬૫૪ થી ૧૬૫૭ ) ગુજરાતના છેલ્લા સૂબા બનીને આવ્યા હતા.

શાહજાદો ઔરંગઝેબ ધર્મઝનૂની હતો. તેને વિચાર થયો કે અમારા મોગલ રાજ્યમાં આવું ભવ્ય હિંદુ મંદિર બને તે કોઈ રીતે ઠીક નથી. તેના પાસવાનોએ પણ તેને ચડાવ્યો, આથી તેણે સં૦ ૧૭૦૧ માં સિકંદરપુરના આ જિનપ્રાસાદને તોડાવી તેમાં થોડો ફેરફાર કરી તેને મસ્જિદરૂપે બનાવી દીધો.

આ વાત ગુજરાતમાં ખૂણે ખૂણે પ્રસરી ગઈ. ગુજરાતમાં મોટું બંડ જાગ્યું. શેઠ શાંતિદાસ ઝવેરીએ બાદશાહ જહાંગીરને અરજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી આ દુઃખદ અહેવાલ જણાવ્યો, અમદાવાદના મુલ્લા અબ્દુલ હકીમે પણ બાદશાહને આ હિચકારી ઘટના હોવાનું જણાવ્યું.

બાદશાહ જહાંગીરે શાહજાદા મહમ્મદ દારાશિકોહના હાથે લખાવી જુલસી સન ૨૨, હીજરી સન ૧૦૫૮ જમાઉદ્દીન (ઉસ્સાની) બીજે તા. ૨૧ સને ૧૬૪૮ જુલાઈ વિ૦સં૦ ૧૭૦૫ના શ્રાવણ માસમાં ગુજરાતના ૮ મા સુબા શાયસ્તખાન ઉપર ફરમાન લખી મોકલી હુકમ કર્યો કે —

"શાહજાદાએ જે મકાન તોડ્યું છે તે શેઠ શાંતિદાસ ઝવેરીના તાબાનું હતું છતાં તેમાં સૂબાએ ફેરફાર કર્યો છે તે ઠીક કર્યું નથી. તો તેમાં જે નવા મહેરાબો બનાવ્યા હોય તેને હવે કાઢી નાખવા અને તે મકાન શેઠને હવાલે કરવું, એટલે કે બાદશાહ શાહજહાં શેઠ શાંતિદાસનું આ દેવળ તેને પાછું સોંપે છે ને તેની ઉપર પહેલાંની જેમ પોતાનો કબજો રાખે અને તેને પોતાની ધર્મમર્યાદા મુજબ વાપરે. તેમાં કોઈએ દખલ કરવી નહીં. તે મકાનમાં ફકીરો આવી વસ્યા હોય તો તેમને ત્યાંથી બહાર કાઢવા. બીજા મુસલમાનો તેનો સરસામાન, કમાનો વગેરે લઈ ગયા હોય તે સામાન તેઓ પાસેથી મંગાવી શેઠને અપાવજો. પણ જો તેઓની પાસે તે સામાન ન હોય તો તેઓ પાસેથી તેની રકમ લઈ શેઠને અપાવજો."

— પ્રક૦ ૪૪, બા૦ શાહજહાંનાં ફરમાનો પૃ૦ ૧૪૪

The Journal of the Uuiversity of Bombay માં એસ. એમ. કામીસરીએટનો લેખ — The Imperial Mughal Farmans in Gujrat )

પ્રસિદ્ધ ઇતિહાસકાર મગનલાલ વખતચંદ લખે છે કે સૂબા ઔરંગઝેબે રાજ્યના ખરચથી ચિંતામણિ પાર્શ્વનાથનું જૈન દેરાસર જે પહેલાં હતું તેવું બનાવી શેઠ શાંતિદાસને સોંપ્યું. પણ ફરી આફત આવી. એક મુસલમાન અમલદારને થયું કે આ દેરું વટલાવી તેમાં પ્રવેશ કરી નમાજ પઢવી જોઈએ.

શેઠ વખતચંદે આ વાત સાંભળી અને ત્યાંની પ્રતિમાઓને ઉઠાવી ગાડા મારફત ઝવેરીવાડમાં લઈ આવ્યા.

તેમાંની ત્રણ મોટી પ્રતિમાઓને શેઠ ખુશાલચંદે શેઠ શાંતિદાસની



www.jainsite.com                    For Private & Personal Use Only                    info@jainsite.com

યાદીમાં બનાવેલ ભ૦ આદીશ્વરના ભોંયરામાં પધરાવી. ચોથી મોટી પ્રતિમાને નીશાપોળના જગવલ્લભના દેરાસરના ભોંયરામાં પધરાવી, અને મૂળનાયક શામળા ચિંતામણિ પાર્શ્વનાથને ઝવેરીવાડના શેઠ વખતચંદના પુત્ર સૂરજમલના દેરામાં પધરાવી. આ દેરાસર આજે વાઘણપોળમાં ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસર તરીકે પ્રસિદ્ધ છે.

મુસલમાનોએ સરસપુરના દેરાસરને વટલાવ્યું. રંગમંડપ, ઘૂમટ, પૂતળીઓ તોડી-ફોડી બગાડ્યાં. આ દેરાસર સરસપુરની પશ્ચિમે બિસ્માર હાલતમાં વિદ્યમાન છે.

શેઠ શાંતિદાસના પૌત્ર શેઠ ખુશાલચંદ ઝવેરીએ વાઘણપોળમાં સં૦ ૧૮૦૦માં ભ૦ ઋષભદેવનો મોટો જિનપ્રાસાદ કરાવ્યો હતો. તેમાં ભટ્ટા૦ કલ્યાણસાગરસૂરિના હાથે ભોંયરામાં ભ૦ ઋષભદેવ તથા ભ૦ ધર્મનાથની પ્રતિષ્ઠા કરાવી હતી.

શેઠ વખતચંદ તથા શેઠાણી જડાવબાઈએ ભટ્ટા૦ ઉદયસાગરસૂરિના ઉપદેશથી સં૦ ૧૮૫૫ના ફા. સુ. ૨ના રોજ અમદાવાદની વાઘણપોળમાં ભગ૦ અજિતનાથનો જિનપ્રાસાદ બંધાવવો શરૂ કર્યો. તેમાં વિવિધ તીર્થપટ્ટો અને વિવિધ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી. આજે તેની દેરીઓમાં સં૦ ૧૯૮૨ની પ્રતિષ્ઠા કરેલી જિનપ્રતિમાઓ વિદ્યમાન છે.

સરસપુરના ચિંતામણિ પાર્શ્વનાથની જિન પ્રતિમાઓ ઉપરના ભ૦ આદીશ્વરના અને ભ૦ અજિતનાથના તથા જગવલ્લભ જિનપ્રાસાદમાં પધરાવવામાં આવી છે.

મૂળનાયક ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમા ચોમુખથી નાની હતી તેને શેઠ વખતચંદે હાલતુરત માટે કોઈ ગુપ્ત સ્થાનમાં પધરાવી રાખી.

શેઠ વખતચંદને સાત પુત્રો હતા. તે પૈકીના છઠ્ઠા પુત્ર સૂરજમલે વાઘણપોળમાં વિશાળ જિનપ્રાસાદ બનાવ્યો હતો અને તેમાં ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા તેમણે કરાવી.

વૃદ્ધો કહે છે કે, શેઠ વખતચંદે ચિંતામણિ પાર્શ્વનાથ. ભ૦. અજિતનાથ તથા ભ૦ આદિનાથના જિનપ્રાસાદો અને શ્રી. ઉજમ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાઈની હવેલી વચ્ચે મોટી ગુપ્ત સુરંગ બનાવી રાખી હતી. કોઈ અકસ્માત પ્રસંગે તે જિનપ્રતિમાઓનાં દર્શન–પૂજન માટે આવેલ શેઠ–શેઠાણી, શ્રાવક–શ્રાવિકાઓનું રક્ષણ થાય એવો પ્રબંધ કર્યો હતો.

સરસપુરના મૂળ જિનપ્રાસાદમાં ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથની સાથે બીજી પણ જિનપ્રતિમાઓ હતી. સંભવ છે કે શેઠે તે ત્રિગડાની ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથની જિનપ્રતિમાને નીશાપોળના જગવલ્લભ પાર્શ્વનાથના ઉપરના ભાગમાં સ્થાપન કરી હોય !

એવો પણ ઉલ્લેખ મળે છે કે શેઠ વખતચંદ, શેઠાણી જડાવબાઈ, તેમના સાત પુત્રો, સાત પુત્રવધૂઓ, પુત્રીઓ વગેરેએ સં૦ ૧૯૦૩માં (૧) ભ૦ ચિંતામણિ જિનપ્રાસાદ, (૨) શ્રી. આદીશ્વર જિનપ્રાસાદ, અને (૩) સં૦ ૧૮૫૫માં અજિતનાથ જિનપ્રાસાદનો મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો. ભ૦ હેમસાગર તથા ચમત્કારી યતિવર પં૦ અમૃતવિજય ગણિવરના હાથે તે સૌની ફરીથી પ્રતિષ્ઠા કરાવી ત્યારે જિનપ્રતિમાઓ, દેવ-દેવીઓની મૂર્તિઓ, જિનચરણપાદુકાઓ વગેરેની પણ પ્રતિષ્ઠા કરી હતી અને શેઠ-શેઠાણીની યુગલમૂર્તિ પણ બનાવી ઊભી રાખી હતી.

ભ૦ આદિનાથના ભોંયરામાંથી ભ૦ ધર્મનાથને સં૦ ૧૮૬૦માં ઉપર પધરાવ્યા હતા.

આ જીર્ણોદ્ધાર વખતે તે જિનાલયોની વચ્ચેની સુરંગો બંધ કરી દીધી હતી. આજે ગટરો થવાથી ત્યાં ઉપરના ભાગોમાં પાકા રસ્તા બની ગયા છે.

જૂનું ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર અમદાવાદમાં વાઘણપોળમાં વિદ્યમાન છે અને તે નામથી ઓળખાય છે, જે તીર્થરૂપ મનાય છે. જૈનોને આ સ્થાન માટે એવો વિશ્વાસ છે કે કોઈ પણ પુરુષ કે સ્ત્રી લાગલાગટ ચિંતામણિ પાર્શ્વનાથનું છ મહિના સુધી અખંડ દર્શન કરે તો તેમનાં મનોવાંછિત ફળે છે. આથી દૂર દૂરના જૈનો–અજૈનો અહીં નિરંતર દર્શન કરવા આવે છે.

અમદાવાદની રતનપોળની વાઘણપોળમાં (૧) ભ૦ મહાવીરસ્વામી,

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથ, (૩) ભ૦ આદીશ્વર અને (૪) ભ૦ અજિતનાથના મોટા જિનપ્રાસાદો છે. વચ્ચે પૂ. મુક્તિવિજયજી ગણિવર ( પૂ. મૂલચંદજી મહારાજ )ના ઉપદેશથી નગરશેઠ પ્રેમાભાઈનાં ફોઈ શ્રી. ઉજમબાઈએ પોતાનું ઘર ચતુર્વિધ સંઘને ધર્મક્રિયા કરવા માટે આપ્યું હતું તે ઉજમબાઈની ધર્મશાળા છે. તેની સામે જ સાગરશાખાના ભટ્ટારકોનો ઉપાશ્રય છે, જેમાં આજ વર્ધમાન તપ આયંબિલ ખાતું ચાલે છે.

(૩) અમદાવાદમાં જગવલ્લભ પાર્શ્વનાથ –

ભટ્ટા૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૫૮માં અમદાવાદમાં શેઠ શ્રીપાલ ઝવેરીએ ભરાવેલા ભ૦ પાર્શ્વનાથની ૬૩ આંગળ ઊંચી ૧૧ ફણાવાળી ભ૦ પાર્શ્વનાથની જિન પ્રતિમાની શામળિયા પાર્શ્વનાથના ભોંયરામાં પ્રતિષ્ઠા કરી તેનું નામ જગવલ્લભ પાર્શ્વનાથ રાખવામાં આવ્યું.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

૪ રાજપર ( – જુઓ પ્રક૦ ૪૫, શેઠ રાજિયા–વજિયા )

## ૫. ગંધાર બંદર તીર્થ –

ગંધારના રહેવાસી શેઠ વજિયા–રાજિયા પારેખ શ્રીમાલીએ સં૦ ૧૬૫૫ના જેઠ સુદિ ૧૨ ને સોમવારે ખંભાતના સાગરપાડામાં ભ૦ ચિંતામણિ જિનપ્રાસાદમાં આ૦ વિજયસેનસૂરિના હાથે મોટી જિનપ્રતિષ્ઠા કરાવી.

આચાર્યશ્રીએ તેમાં ૧ ખંભાત, ૨ ખંભાત, ૩ નેજા, ૪ કાવી, ૫ ગંધાર બંદર, ૬ વરડોલાનો કરહેડા પાર્શ્વનાથ પ્રાસાદ અને ૭ વરડોલા ગામનાં જિનાલયો માટે મૂળનાયક શ્રી. નેમિનાથ જિન પ્રતિમાઓની અંજનશલાકા કરી હતી.

એ રીતે આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૪૫ના જેઠ સુદિ ૧૨ ને સોમવારે ખંભાતમાં ગંધાર અને નવપલ્લવ પાર્શ્વનાથની પ્રતિમાની અંજનશલાકા કરી અને તે પછી પોતે ખંભાતથી વિહાર કરી ગંધાર બંદર જઈ સં૦ ૧૬૪૫માં ગંધારના જિનપ્રાસાદમાં નવપલ્લવ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી અને સં૦ ૧૬૪૫માં ગંધારમાં ચાતુર્માસ કર્યું. ત્યારથી ગંધાર બંદર તીર્થ તરીકે પ્રસિદ્ધિ પામ્યું.

તપાગચ્છના આ૦ સૌભાગ્યહર્ષસૂરિના શિષ્ય પં૦ કલ્યાણુહર્ષે સં૦ ૧૫૯૪માં ગંધારમાં 'કૃતવર્મારાસ' રચ્યો.

ગંધાર બંદર પહેલેથી જ જૈન વસ્તીથી ભરપૂર હતું. આબુ પોરવાડના વંશજ વ્ય૦ પરબત અને વ્ય૦ કાનજીએ સંડેરથી આવી ગંધારમાં મોટી જિનપ્રતિષ્ઠા કરાવી હતી. તેમણે અચલગચ્છના આ૦ જયાનંદસૂરિ તથા આ૦ વિવેકસૂરિ પાસે સમ્યક્ત્વપૂર્વક બાર વ્રત અને ચોથું બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યાં. ત્યારે તેમણે ત્યાંના દરેક ઉપાશ્રયમાં કલ્પસૂત્રની પ્રતિઓ આપી હતી. દરેક ઉપાશ્રયમાં ગુરુઓની રૂપાનાણાથી પૂજા કરી, જૈનોને જમાડી, વસ્ત્રોની પ્રભાવના કરી. સં૦ ૧૫૭૧માં જિનાગમ ગ્રંથભંડાર બનાવ્યો. તેમણે આ ભંડાર માટે સં૦ ૧૬૦૬માં જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિના શિષ્યો પાસે 'નિશીથચૂર્ણિ'ની પ્રતિ લખાવી.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

એ સમયે ગંધારમાં વ્ય૦ પરબત, વ્ય૦ કાનજી, વ્ય૦ સહસ્રવીર, વ્ય૦ પોઈયા, વ્ય૦ ઉદયકરણુ, શ્રાવિકાઓ બાઈ વીકા, બાઈ કરૂ, બાઈ રઢી, બાઈ પોસી વગેરેએ ઘણા ગ્રંથો લખાવ્યા.

ગંધારના શ્રી વર્ધમાન, રામજી શ્રીમાલી, સં૦ જીવંત પોરવાડ, વ્ય૦ વઈયા પોરવાડ, વ્ય૦ સમસિયા પોરવાડ, દો૦ કરણુ, દો૦ હંસરાજ ગૂર્જર, દો૦ પચાણુ, પરીખ મૂથા વગેરે પોરવાડ, શ્રીમાલી. તથા શ્રીમાલી પરીખ જૈનોએ સં૦ ૧૬૨૦માં શત્રુંજયતીર્થમાં તપાગચ્છના ભટ્ટા૦ વિજયદાનસૂરિ અને ભ૦ વિજયહીરસૂરિ પાસે ઘણી દેરીઓની પ્રતિષ્ઠા કરાવી.

( પ્રા૦ જૈ૦ લે૦ સં૦ ભા૦ ૨ )

જ૦ આ૦ વિજયહીરસૂરિ સં૦ ૧૬૩૮માં ગંધારમાં રામજી ગંધારિયાના આગ્રહથી પોતાના મોટા પરિવાર સાથે ચોમાસુ રહ્યા હતા. તેમને ત્યાં જ સિકરી પધારવા માટે બાદશાહ અકબરનું આમંત્રણ મળ્યું અને તેઓ ત્યાંથી સં૦ ૧૬૩૯ના માગશર વદિ ૭ ના રોજ ગંધાર બંદરથી વિહાર કરી સં૦ ૧૬૩૯માં ફતેપુર સિક્રી પધાર્યા.

આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૪૩ના જે૦ સુ૦ ૧૦ને શુક્રવારે ગંધારમાં શેઠ ઈદરજીએ ભરાવેલા ભ૦ મહાવીરસ્વામીના ઘર દેરાસરની પ્રતિષ્ઠા કરી. તથા સં૦ ૧૬૪૫ના જે૦ સુ૦ ૧૨ને સોમવારે ખંભાતમાં ગંધાર બંદર માટે નવપલ્લવિયા પાર્શ્વનાથની અંજનશલાકા કરી. તે જ સાલમાં ગંધાર બંદરમાં પધારી પ્રતિષ્ઠા કરી અને ત્યાં ચાતુર્માસ કર્યું.

આ૦ વિજયસેનસૂરિએ તે પછી સં૦ ૧૬૫૯માં ગંધારના સંઘે ભરાવેલ બીજી ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.

આ૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૭૭ના મા૦ સુ૦ ૭ને રવિવારે ખંભાતમાં ગંધારના સંઘે ભરાવેલ ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી તથા ભ૦ મુનિસુવ્રત સ્વામીની પ્રતિષ્ઠા કરી.

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૭૧૦ના વૈ૦ સુ૦ ૧૦ને શુક્રવારે પુષ્ય નક્ષત્રમાં ગંધારમાં ભ૦ મહાવીરસ્વામીના જિનાલય પાસેના પદવી ઉત્સવમંડપમાં અમદાવાદ, ખંભાત, પાટણ, સુરત, કાવી અને ગંધારના જૈન સંઘોની સભામાં પોતાના શિષ્ય પં૦ વીરવિજયગણીને આચાર્ય બનાવી તેમનું નામ વિજયપ્રભસૂરિ રાખ્યું. પદવીપ્રદાનનો વિધિ પૂર્ણ થયા પછી વૃદ્ધ સ્થવિર પં૦ કમલવિજય ગણીએ મંડપમાં ચતુર્વિધ સંઘની સભામાં જાહેર કર્યું કે ભટ્ટા૦ વિજયદેવસૂરિએ પં૦ વીરવિજયગણીને આચાર્ય બનાવ્યા છે અને તેમનું વિજયપ્રભસૂરિ નામ રાખવામાં આવ્યું છે.

મહો૦ ગુણવિજય ગણીએ સં૦ ૧૬૮૮ લગભગમાં આ૦ વિજયસિંહસૂરિના સમયે ગંધારના જૈન માલજીને ખુશ કરવા માટે 'શ્રી. તપગણપતિ ગુણપદ્ધતિ' રચી.

મહો૦ વિનયવિજય ગણીએ સં૦ ૧૭૧૩માં ગંધારમાં ભટ્ટા૦ વિજયપ્રભસૂરિના રાજ્યમાં 'શાન્તસુધારસ' નામક કાવ્યગ્રંથ રચ્યો.

## ૬. કાવીતીર્થ—

વિ૦ સં૦ ૮૮૪ના ગોવિંદરાજના તામ્રપત્રમાં કાપિકાનો ઉલ્લેખ છે કે શ્વેતાંબર જૈન ગચ્છોમાં નાગરગચ્છ પ્રાચીન છે. ( પ્રક૦ ૪૨,

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

પૃ૦ ૭૧૨ ) તેમજ નાગરવંશ પણ શ્વેતાંબર જૈન જ્ઞાતિ હતી.

( પ્રક૦ ૪૨, પૃ૦ ૭૧૩, ૭/૪, ૭૨૨ )

શા. દેપાલજી વડનગરના ભદ્રસિયાણા ગોત્રના દશાનાગર હતા. તેની પરંપરામાં અનુક્રમે ૧ શા. દેપાલજી, ૨ અલુઆ, ૩ તાડકચંદ, ૪ બાડુકચંદ જૈન, ૫ ગાંધી કુંઅરજી નાગર જૈન અને ૬ કાનજી નાગર જૈન થયા હતા. ( પ્રક૦ ૪૦, પૃ૦ ૭૧૩ )

કાવી એ ખંભાતના અખાતને જ મહી નદી મળે છે તેના સંગમ સ્થાને આવેલું છે.

બાહુઆ ગાંધીએ સં૦ ૧૬૪૯માં લાકડાના મંદિરના સ્થાને પાકું મંદિર બંધાવ્યું. બાહુઆના પુત્ર કુંવરજી ગાંધીએ વિ૦ સં૦ ૧૬૫૪ ના શ્રા૦ વ૦ ૯ ને શનિવારે આ વિજયસેનસૂરિના હાથે ભ૦ ધર્મનાથની પ્રતિષ્ઠા કરાવી.

( –જૈ૦ તી૦ ઇ૦ પૃ૦ ૨૫૪ )

આ તીર્થની વ્યવસ્થા જંબૂસરના સંઘના હાથમાં છે. બાડુકચંદ જૈન ( બાહુઆ )–તે નાગર વેપારીઓ સાથે વડનગરથી નીકળી ખંભાતમાં આવીને વસ્યો. જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિના ઉપદેશથી દૃઢ જૈન બન્યો. ને પરિવાર અને ધનથી સંપન્ન થયો. તેને પોપટી અને હીરા નામે બે પત્નીઓ હતી. તેમને ત્રણ પુત્રો હતા. પોપટીનો ૧ કુંવરજી અને હીરાને ૧ ધર્મદાસ તથા ૨ વીરદાસ નામે પુત્રો હતા.

કાવીમાં ઈંટ, લાકડાં અને માટીથી બનાવેલું શ્રી શત્રુંજય તરીકે ઓળખાતું શ્રી. આદીશ્વરનું પ્રાચીન જિનાલય હતું. તેને પોતાની લક્ષ્મી વાપરી જીર્ણોદ્ધાર કરવાની શ્રી. બાહુઆને ભાવના થઈ. જીર્ણોદ્ધાર કરાવતાં શેઠ બાહુઆએ પૂર્વ–પશ્ચિમમાં ૯ ફૂટ અને ઉત્તર–દક્ષિણમાં ૬૧ ફૂટ પરિમાણ ભૂમિમાં બાવન જિનાલયવાળો ભ૦ ઋષભદેવનો સર્વજિનપ્રાસાદ તૈયાર કરાવ્યો.

આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૪૫ના જેઠ સુદિ ૧૨ ને સોમવારે ખંભાતમાં શેઠ વજિયા–રાજિયા પારેખ શ્રીમાળીના ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની પ્રતિષ્ઠા કરી હતી, તે જ ઉત્સવમાં ગાંધી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાહુક નાગર જૈનના કાવીના સર્વજિનપ્રાસાદ માટે ભ૦ મહાવીર સ્વામીની પ્રતિમાની પણ પ્રતિષ્ઠા કરી હતી.

આ૦ વિજયસેનસૂરિએ જ૦ ગુ આ હીરવિજયસૂરિની આજ્ઞાથી સં ૧૬૪૯ના મા૦ શુ૦ ૩ ના રોજ રાધનપુરથી લાહોર તરફ વિહાર કર્યો અને શેઠ બાહુકે પોતાના ત્રણ પુત્રોને સાથે રાખીને આચાર્યશ્રીના વાસક્ષેપથી તેમના શિષ્યોની પાસે સં૦ ૧૬૪૯ના. મા. સુ. ૧૩ ને સોમવારે કાવીબંદરમાં સર્વજિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરાવી. તેમાં પ્રાચીન મૂળનાયક ભ૦ ઋષભદેવની અને સં૦ ૧૬૪૫ના જે૦ સુ૦ ૧૨ સોમવારના રોજ ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

આ સર્વજિનપ્રાસાદ ભવ્ય બન્યો હતો. વિશાળ પણ હતો. તેનો દરવાજો નાનો હતો. એ વખતે મંદિરોને મુસલમાની સૈનિકોનાં ધાડાંથી બચાવવા માટે દરવાજો નાનો બનાવવાની પ્રવૃત્તિ હતી. સંભવ છે કે, શેઠ બાહુક સં૦ ૧૬૫૪માં સ્વર્ગસ્થ થયા હોય, કેમકે તેના ત્રણે પુત્રોએ સં૦ ૧૬૫૬ના વૈ૦ સુ૦ ૭ ને બુધવારે ખંભાતમાં ઠક્કર કીકાના ઘરદેરાસરના પ્રતિષ્ઠા ઉત્સવમાં તે જ મંદિર માટે આ૦ વિજયસેનસૂરિના હાથે ભ૦ ઋષભદેવની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરાવી હતી.

( –પ્રા૦ જૈ૦ લે૦ ભા. ૨, લેખાંક : ૪૫૧ )

ગાંધી કુંવરજી—તેને તેજલદે નામે પત્ની હતી અને કાનજી નામે પુત્ર હતો. શેઠ કુંવરજીએ કાવીતીર્થમાં બીજું વિશાળ મંદિર બંધાવ્યું.

કવિબહાદુર પં૦ દીપવિજયજી આ મંદિરનો ઇતિહાસ આપતાં જણાવે છે કે—"તેજલદેના શરીરનો બાંધો ઊંચો હતો. સર્વજિનપ્રાસાદમાં પ્રવેશ કરતાં તેનું મસ્તક દરવાજાના ઉત્તરંગ સાથે અથડાયું. ત્યારે તે તેની સાસુને કહેવા લાગી : 'બાઈજી ! દેરાસર તો ભવ્ય બનાવ્યું પણ દરવાજો નાનો બનાવ્યો.' ત્યારે હીરાદેએ મહેણું માર્યું કે 'એવી વાત છે તો તું એવું દેરાસર બંધાવજે.' તેજલદેએ આ વાતની ગાંઠ વાળી કે હું મોટા દરવાજાવાળું દેરાસર બંધાવીશ.

( –સોહમ્ કુલ પટ્ટાવલી ઉલ્લા૦ ૪, ઢાળ : ૪૭;
સં૦ ૧૮૮૬ નું કાવી તીર્થ વર્ણન ઢાળ : ૩ )

www.jainsite.com                    For Private & Personal Use Only                    info@jainsite.com

આ ઘટના સાચી હોય કે કલ્પિત હોય પણ એ ચોક્કસ વાત છે કે પિતા–પુત્રે પોતાની જાતમહેનતની કમાણીથી કાવીમાં સાથે સાથે બે દેરાસર બંધાવ્યાં. ત્યાંના શિલાલેખથી સ્પષ્ટ થાય છે કે, શેઠ કુંવરજી ગાંધીએ સં૦ ૧૬૫૪ના શ્રાવણ વદિ ૯ ને શનિવારે શ્રી. ધર્મનાથનો બાવન દેરીવાળો 'રત્નતિલક' નામે જિનપ્રાસાદ બંધાવી તેની પ્રતિષ્ઠા કરાવી. આ૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૫૫માં અમદાવાદના સિકંદરપુરમાં શ્રીસંઘે બંધાવેલા મોટા જિનપ્રાસાદમાં શ્રી. વિજયચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી તથા જ૦ ગુ૦ આ૦ વિજયહીરસૂરિની ચરણપાદુકાની પ્રતિષ્ઠા પણ કરી, તે જ દિવસે શેઠ લહુઆ ( લવજી ) મનિયારે બનાવેલા શ્રી. શાંતિનાથના ઘર-દેરાસરની પ્રતિષ્ઠા કરી. તથા ગાંધી કુંઅરજી નાગરે કાવીમાં બનાવેલા 'રત્નતિલક' જિનપ્રાસાદ માટે ભરાવેલા શ્રી. ધર્મનાથ ભગવાનની પ્રતિમાની અંજશલાકા કરી. તથા એ જ મહોત્સવમાં પં૦ નંદિ વિજયગણીને ઉપાધ્યાય અને મુનિ વિદ્યાવિજયને પંન્યાસ બનાવ્યા. તથા ગીતાર્થોને મોકલી કાવી બંદરમાં ગાંધી કુંવરજી નાગરે બનાવેલા રત્નતિલક જિનપ્રાસાદમાં ભ૦ ધર્મનાથની પ્રતિમાનો પ્રવેશ કરાવ્યો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૫૬ના વૈ૦ સુ૦ ૪ ને સોમવારે મૃગશીર્ષ નક્ષત્રમાં ખંભાતમાં શેઠ મલ્લજી તથા તેના ભાઈ સોમજીએ કંકોતરી મોકલી સૌને બોલાવી કરેલ પદવીમહોત્સવમાં ઉપા૦ વિદ્યાવિજયને આચાર્ય બનાવી પોતાની પાટે સ્થાપન કર્યા, તેનું નામ આ૦ વિજયદેવસૂરિ રાખ્યું. પં૦ મેઘવિજયજી ( પં૦ ઉદ્યોતવિજયજી )ને ઉપાધ્યાય બનાવ્યા. આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૫૬ના વૈ૦ સુ૦ ૭ ને બુધવારે ખંભાતમાં ઠક્કુર કીકાના ઘરદેરાસરના પ્રતિષ્ઠા-ઉત્સવમાં ભ૦ નેમિનાથની પંચતીર્થીની શ્રી. કાનબાઈ મોઢની ભ૦ પાર્શ્વનાથની પંચતીર્થીની તથા ગાંધી કુંવરજી નાગર જૈન, ધર્મદાસ અને વીરદાસ વગેરે ત્રણ ભાઈઓએ કાવી માટે બનાવેલ ભ૦ ઋષભદેવની ચરણપાદુકાની અંજનશલાકા કરાવી તથા આ જ ઉત્સવમાં સં૦ ૧૬૫૬ના વૈ૦ સુ૦ ૭ ને બુધવારના રોજ પં૦ રાજવિજયને ઉપાધ્યાય પદવી આપી.

ગાંધી કુંવરજીએ પોતાની પત્ની તેજલદે તથા પોતાના પુત્ર કાનજીના નામથી ભ૦ ધર્મનાથનું પરિકર ભ૦ શાંતિનાથની પ્રતિમા

તથા ભ૦ સંભવનાથની પ્રતિમાની અંજનશલાકા કરાવી, ખંભાતમાં આ ઉત્સવ ઉપર ૭૦૦ મુનિવરો મળ્યા હતા.

( —વિજયપ્રશસ્તિ મહાકાવ્ય સર્ગ : ૧૭, શ્લો૦ ૬૦ )

આ બંને જિનાલયોમાં શિલાલેખો તેમ જ પ્રતિમાલેખ વિદ્યમાન છે. બધામાં પ્રતિષ્ઠાપક તરીકે આ૦ વિજયસેનસૂરિનું નામ છે. વિશેષતા એ છે કે આચાર્યશ્રીના વાસક્ષેપથી તેમના શિષ્યોએ પ્રતિષ્ઠા કરી અને તેમાં તે આચાર્યને નમસ્કાર પણ કર્યા છતાં પ્રતિષ્ઠાપક તરીકે તે જ આચાર્યને બતાવ્યા છે. પ્રતિષ્ઠાનો આવો નિયમ હોય છે.

નગરસ્થાપના—

જોધપુરના રાઠોડવંશમાં અનુક્રમે ૧૪ રાવ જોધાજી, ૧૫ રાવ સૂરજમલજી, ૧૬ રાવ ગંગદેવજી.

આ અરસામાં તથા તે પહેલાં ઘણાં નવાં નગરો વસ્યાં હતાં.

સમી — વિ. સં૦ ૧૫૧૪માં સમી ગામ વસ્યું હતું.

મેડતા — વિ. સં૦ ૧૫૧૭, ૧૫૯૬ કે ૧૫૯૯ રાવ વિંદે મેડતા ફરી વસાવ્યું.

કિસનગઢ — ૧૫ રાવમાલદેવજી, ૧૮ રાવ ઉદયસિંહજી, ૧૯ રાવ કિસનસિંહજી થયા. રાજા કિસનસિંહ રાઠોડે વિ૦ સં૦ ૧૬૬૯માં કિસનગઢ વસાવ્યું.

કિસનગઢમાં સં૦ ૧૭૦૦ લગભગમાં રૂપસિંહ રાઠોડ રાજા હતો. તેને રાયચંદ નામે જૈન મહામાત્ય હતો. આ૦ વિજયસિંહસૂરિએ સં૦ ૧૭૦૧માં મંત્રી રાયચંદની વિનંતીથી કિસનગઢમાં ચોમાસું કર્યું. મંત્રી રાયચંદે તેમના ઉપદેશથી અહીં મોટો જિનપ્રાસાદ બંધાવ્યો. આ૦ વિજયસિંહસૂરિએ સં૦ ૧૭૦૨ના માગશર મહિનામાં મંત્રી રાયચંદે બંધાવેલા શામળિયા પાર્શ્વનાથના જિન-પ્રાસાદમાં જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી. તેમ જ તેમાં મણિભદ્રવીરની પણ સ્થાપના કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રતિષ્ઠા ઉત્સવમાં આલ્હણુપુરના વજા મહેશદાસનો મંત્રી સુગુણ અહીં આવ્યો હતો. તેણે આચાર્યશ્રીને વંદન કરી સોના-મહોરથી નવ અંગે પૂજા કરી હતી.

અહીં ઉપર્યુક્ત મંત્રી રાયચંદે બંધાવેલા શામળિયા પાર્શ્વ-નાથના જિનાલય ઉપરાંત બીજાં ૪ જિનાલયો છે.

કિસનગઢ તપાગચ્છના ભટ્ટારકોના કોટવાલની ગાદીનું ગામ છે. અહીં તપાગચ્છનો જૂનો મોટો ઉપાશ્રય છે, જેમાં હસ્તલિખિત પ્રાચીન ગ્રંથભંડાર છે.

આ૦ વિજયસિંહસૂરિના શિષ્ય પં૦ ઉદયવિજયગણીએ સં૦ ૧૭૨૮માં અહીં ચોમાસું કરી સં૦ ૧૭૨૮ના દિવાળીના દિવસે કિસનગઢમાં 'શ્રીપાલરાજાનો રાસ' રચ્યો. તેમણે આ ગ્રંથની પ્રશસ્તિમાં સમકાલીન ઘણી ઐતિહાસિક વિગતો આપી છે.

તેઓ ભટ્ટા૦ વિજયપ્રભસૂરિની આજ્ઞામાં હતા. તે પછી સં૦ ૧૭૨૯માં સોજતમાં પંન્યાસ બન્યા પછી યોગ્ય સમયે મહોપાધ્યાય બન્યા. મહોપાધ્યાય ઉદયવિજયગણીએ ભટ્ટા૦ વિજયસિંહસૂરિની આજ્ઞાથી કિસનગઢમાં શામળિયા પાર્શ્વનાથ જિનપ્રાસાદમાં આ૦ વિજયસિંહસૂરિની ચરણપાદુકાઓની પ્રતિષ્ઠા કરી.

કિસનગઢના સોની પન્નાલાલજી સિરેમલજી ઓશવાલ જૈન હતો. તે તપાગચ્છનો વિવેકી શ્રાવક હતો. તે શામળિયા પાર્શ્વનાથ વગેરે ત્રણ જિનપ્રાસાદનો વહીવટ કરતો હતો. તેણે અમને એકવાર જણાવ્યું કે, 'અહીંના એક ગચ્છપ્રેમી ગુરુદ્રોહી જૈને રાતે ત્રણ વાગે પરોઢિયે આ જિનાલયને ઉઘાડી સલાટને લઈને એમાં પ્રવેશ કર્યો અને તે ચરણપાદુકાઓ ઉખેડી નાખી ફેંકી દેવા સલાટને જણાવ્યું; પરંતુ તે જ સમયે મને સોની પન્નાલાલને મણિભદ્ર મહાવીરે બાલરૂપે સ્વપ્નમાં પ્રત્યક્ષ આવી અવાજ આપ્યો કે, 'ઊઠ, શામળિયા પાર્શ્વનાથના જિનાલયમાં તરત પહોંચી જા, ઢીલ કરીશ તો મોટો અનર્થ થશે.'

'હું તરત ચાવીઓ લઈ જિનાલયમાં ગયો ત્યારે મને આવતો જોઈ તે ગુરુદ્રોહી ખસિયાણો પડી ગયો અને જિનાલયમાંથી ચાલ્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગયો. મેં સલાટને ધમકાવીને કાઢી મૂકયો. પછી તે દિવસે જૈન-સંઘને બોલાવી બધાની આગળ આ હકીકતની રજૂઆત કરી અને હવે પછી આવું ન બને તેની પાકી વ્યવસ્થા કરી.'

કિસનગઢનો રાજા રાઠોડ છે. વૈષ્ણવ ધર્મ પાળે છે. તેના પૂર્વજોએ અહીં પ્રાચીન કૃષ્ણમૂર્તિની પ્રતિષ્ઠા કરાવી છે. તેથી યાત્રાધામ છે. યાત્રાળુઓ એમ માને છે કે કિસનગઢની વિષ્ણુ-મૂર્તિનાં દર્શન કરીએ તો જ વિષ્ણુધામોની યાત્રા સફળ થાય.

જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિના મહો૦ સોમવિજયગણીની પરં-પરાના પં૦ ભીમવિજયજી ગણી થયા, જેઓ વિદ્વાન અને ચમત્કારી પુરુષ હતા. તેમને બા૦ ઔરંગઝેબ, નવાબો અને રાજાઓ બહુ માનતા હતા, જે વિજયદેવસૂરિસંઘના ભ૦ વિજયરત્નસૂરિ (સં૦ ૧૭૩૨ થી ૧૭૭૩)ની આજ્ઞામાં હતા.

(–પ્રક૦ ૪૮, પૃ૦ ૧૦૫)

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

તે પં૦ ભીમવિજયજીએ સં૦ ૧૭૭૧માં કિસનગઢમાં ચોમાસું કર્યું અને સં૦ ૧૭૭૧ના ભાદરવા વદિ અમાવાસ્યા ને રવિવારે મધ્ય રાતે કિસનગઢમાં કાળધર્મ પામી સ્વર્ગે ગયા.

જૈન સંઘે કિસનગઢની બહાર એક સ્થાનમાં તેમનો અગ્નિસંસ્કાર કરી ત્યાં દેરી બનાવી તેમનો ત્યાં સમાધિસ્તૂપ બનાવ્યો. ત્યાં જગદ્‌ગુરુની વિશાળ દાદાવાડી કરી તેની ચારે બાજુએ મોટો કિલ્લો બંધાવ્યો.

કિસનગઢના નવાબને આ શાનદાર સ્થાન જોઈ તેને પોતાના કબજા હેઠળ લઈ લેવાનો લોભ લાગ્યો પરંતુ પં૦ ભીમવિજયગણીના મોટા શિષ્ય પં૦ મુક્તિવિજયગણીએ નવાબને મળી, ઉપદેશ આપી સમજાવીને આ સ્થાન સદાને માટે પોતાના અને જૈન સંઘના કબજામાં રહે એવો પાકો બંદોબસ્ત કર્યો અને પોતે કિસનગઢના તપાગચ્છના જૈનસંઘને આ સ્થાન અર્પણ કર્યું.

(–જૈ૦ સ૦ પ્ર૦, ક્રમાંક : ૧૫૦)

આ સ્થાન આજે નિર્જન પ્રદેશમાં છે અને 'હીરવિજયસૂરિની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com .

દાદાવાડી ' નામથી પ્રસિદ્ધ છે. શ્રીપૂજ સંસ્થા, યતિ સંસ્થા રહી નહીં તેથી આ સ્થાનની કોઈ ભાળ-સંભાળ રાખતું નથી.

## જૈનધર્મપ્રેમી રાજાઓ—

બાદશાહ હેમૂ વિક્રમાદિત્ય, બાદશાહ અકબર, બાદશાહ જહાંગીર, બાદશાહ શાહજહાં, બાદશાહ ઔરંગઝેબ, સૂબો અજીજ કોકા, સૂબો ઔરંગઝેબ, સૂબો મહમ્મદ દારાશિકોહ, સૂબો મુરાદબક્ષ અને સૂબો ખૂરમ વગેરેનો પરિચય અગાઉ ( પ્રકરણ ૪૪માં ) આવી ગયો છે.

સૂબો ખૂરમ – તે ગુજરાતના સૂબા અજીજ કોકાનો પુત્ર હતો. તે બંને જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિના ભક્ત હતા. ખૂરમ સોરઠનો પણ સૂબો હતો. તે ઉગ્ર સ્વભાવનો હતો. તેણે કોઈની ચડવણીથી શંત્રુજય તીર્થના જિનપ્રાસાદને બાળી નાખવા તેની ચારે બાજુએ લાકડાં ગોઠવ્યાં. બા૦ અકબરે ઉપા૦ ભાનુચંદ્રગણી પાસેથી આ હકીકત જાણી તાકીદનો હુકમ કર્યો અને તેને રોકી લીધો. આચાર્ય વિજયસેનસૂરિ સં૦ ૧૬૭૦ લગભગમાં ગિરનારની યાત્રાએ પધાર્યા હતા ત્યારે તેમણે ખૂરમને ઉપદેશ આપી શાંત કર્યો અને પ્રજાપ્રેમી બનાવ્યો.

૧૬મો રાવ માલદેવ ને જોધપુરનો ૧૫મો રાવ સૂરજમલનો પૌત્ર હતો.

રાજા માલદેવ – તે નાગરનો રાજા હતો. મહો૦ ધર્મસાગરગણી અને જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિનો ભક્ત હતો.

રાવ રાજસિંહ રાઠોડ – તે જોધપુરનો ૨૧મો રાજા હતો ને આ૦ વિજયદેવસૂરિના ભક્ત હતો.

સુલતાન દેવડો – તે સિરોહીનો રાજા હતો, ઉગ્ર સ્વભાવનો હતો. તે જ૦ ગુ૦ હીરવિજયસૂરિનો ધર્મોપદેશ સાંભળી શાંત બન્યો, પ્રજાપ્રેમી બન્યો. તે તેમનો ભક્ત થયો.

કાલાવશ – તે પોર્ટુગીઝના દીવબંદરનો ફિરંગી સૂબો હતો. આ૦ વિજયસેનસૂરિના ઉપદેશથી દયાપ્રેમી બન્યો.

જામ નરેશ તે જામનગરનો રાજા હતો. સં૦ ૧૬૬૯-૭૦માં આ૦ વિજયસેનસૂરિના ઉપદેશથી પ્રજાપ્રેમી અને દયાપ્રેમી બન્યો હતો.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

## પ્રભાવક જૈનો—

અમદાવાદના નગરશેઠ શાંતિદાસ ઝવેરી, શેઠ શાંતિદાસ, મનિયા શ્રીમાલી વગેરેનો પરિચય અગાઉ આવી ગયો છે.

શેઠ કલ્યાણમલ—તે મેડતાનો વતની હતો. મોટો વેપારી હતો. રાજમાન્ય હતો. ધર્મપ્રેમી અને સત્યનો પક્ષપાતી હતો. સમ્યક્ત્વ-પૂર્વક બાર વ્રતધારી હતો. તપાગચ્છનો આગેવાન જૈન હતો. પણ તે મહાક્રોધી હતો. તેણે સં૦ ૧૬૧૬માં મહો૦ ધર્મસાગર-ગણીના ઉપદેશથી અને ખમત ખામણાથી બોધ પામી અનંતાનુબંધી ક્રોધને છોડી પોતાના વિરોધી દીવાન સહસ્રમલ જૈન સામે સાચા દિલથી ખમતખામણાં કર્યાં હતાં. અને તેને પોતાનો સાચો ભાઈ બનાવ્યો હતો.

મંત્રી ગલરાજ—તે અમદાવાદનો વતની હતો. દિશાવાલ જ્ઞાતિના મંત્રી વણાઈગનો પુત્ર હતો. તેને મંજૂ નામે પત્ની હતી. મંત્રી વીર-દાસ નામે પુત્ર હતો.

અમદાવાદના સુલતાન મહમ્મદ ( સં૦ ૧૫૯૪ થી ૧૬૧૦) ચોથાનો માનીતો મંત્રી હતો. તેને બાદશાહે 'મલેકમગદલ'નું બિરુદ આપ્યું હતું. તે મોટો વજીર હતો. તેના હાથ નીચે ૫૦૦ ઘોડેસવાર હબસી-ઓની સેના હતી. તે વિજયદાનસૂરિનો ભક્ત હતો. તેણે સં૦ ૧૬૧૮માં મહો૦ ધર્મસાગર ગણિવરને અમદાવાદમાં પધરાવ્યા.

તેમના પ્રવેશ ઉત્સવમાં બે હજાર નારિયેળની પ્રભાવના કરી હતી. તેમને અમદાવાદમાં ચોમાસું કરાવી જુદી જુદી વસ્તુઓની પ્રભાવના કરી હતી, ત્યારે તેમના વ્યાખ્યાનમાં ૫૦૦થી વધુ શ્રોતાઓ આવતા હતા.

મંત્રી ગલરાજે સં૦ ૧૬૨૦ના વૈ૦ સુ૦ ૫ ને ગુરુવારે શત્રુંજય-તીર્થમાં ભ૦ આદીશ્વરની દેવકુલિકાની ભટ્ટા૦ વિજયદાનસૂરિ અને આ૦ હીરવિજયસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી.

( - તપાગચ્છ પટ્ટાવલી ગા૦ ૧૯ની ટીકા; હીરસૌભાગ્ય કાવ્ય સર્ગ : ૪, શ્લો. ૧૪૭ની ટીકા )

સં૦ ૧૬૧૮માં મહો૦ ધર્મસાગરગણીના ચાતુર્માસમાં પાટણના

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

વીશા શેઠ શિવજી મહોપાધ્યાયને વાંદવા આવ્યા ત્યારે મંત્રી ગલરાજ અને શેઠ શિવજી વચ્ચે ગાઢ મૈત્રીસંબંધ બંધાયો હતો.

આ૦ વિજયદાનસૂરિએ સં૦ ૧૬૧૯માં મહો૦ ધર્મસાગરગણીના ‘કુમતિકુદ્દાલ’ નામક ગ્રંથને અપ્રામાણિક જાહેર કર્યો હતો. તે પછી મહો૦ ધર્મસાગરગણી અમદાવાદ પધાર્યા ત્યારે ગલા મહેતાએ તેની નવી પ્રરૂપણાના પક્ષકાર તરીકે ઉપા૦ રાજવિમલગણીને ત્રાસ આપ્યો. પરિણામે મહો૦ ધર્મસાગરગણી સંઘ બહાર મુકાયા.

ગલા મહેતા એક પ્રભાવક જૈન હતા પણ ઉપરની ઘટનામાં પક્ષકાર બનવાથી તેમની મહત્તા સદાને માટે ઘટી ગઈ. ગલા મહેતા રાજમાન્ય હતા તેનો પુરાવો સ્પષ્ટ છે કે, અમદાવાદમાં ગલા મહેતાની પોળ — હાજાપટેલની પોળમાં — કાળુપુર વિભાગમાં આજે વિદ્યમાન છે.

( —અમદાવાદનો ઇતિહાસ )

સંઘપતિ સહજપાલ — તે મોટો પુણ્યશાલી હતો. તેને મંગા નામે પત્ની હતી. તે સતીઓમાં શિરોમણિ ગણાતી હતી. બંને ધર્મપ્રેમી હતાં.

સંઘપતિ કુંઅરજી[1] — તે નાનપણથી પુણ્યાત્મા હતો. નિરંતર

૧. આ સમયે કુંઅરજી બે થયા હતા.

(૧) સોની કુંઅરજી ઓશવાલ તે સોની આભૂ ઓશવાલના વંશનો ૭મો શા. વછિયા અને પદ્માનો પુત્ર હતો, સોની તેજપાલનો ભાઈ હતો. તેમણે સં૦ ૧૬૪૯માં શત્રુંજય ઉપર ઠ. જસુની ટોંક નીચે અષ્ટાપદાવતાર જિનપ્રાસાદ બંધાવ્યો. અને જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિના હાથે સં૦ ૧૬૫૦માં તેની પ્રતિષ્ઠા કરાવી.

(૨) શા. દેધર શ્રીમાલીનો બારમો વંશ જ ગાંધી કુંઅરજી નાગર જૈન તે વડનગરથી આવેલા ભદ્રસિયાણા ગોત્રના દશાનાગર શા૦ દેપાલજી નાગરની પરંપરાના અને કાવી આવી વસેલા શા. બહુઆચંદ ગાંધી નાગર જૈનની પત્ની પોપટીનો પુત્ર હતો. ગાંધી કુંઅરજીને તેજલદે નામની પત્ની અને કાનજી નામે પુત્ર હતો.

શા. બાહુઆ આ૦ વિજયસેનસૂરિના હાથે સં૦ ૧૬૪૫ના જે૦ સુ૦ ૧૨ને સોમવારે ખંભાતમાં ભ૦ મહાવીર સ્વામીની પ્રતિમાની અંજનશલાકા સં૦ ૧૬૪૯ ના મા૦ સુ૦ ૧૩ ને સોમવારે કાવીમાં [illegible] ભ૦ મહાવીરસ્વામીની

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

ધર્મક્રિયા કરતો હતો. સાતે ક્ષેત્રમાં દાન દેતો હતો. તેણે આ૦ વિજયદાનસૂરિના વરદ હસ્તે ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી અને મોટી નામના મેળવી હતી. તેણે દેવવિમાન જેવો જિન-પ્રાસાદ બંધાવ્યો. આ૦ વિજયદાનસૂરિના ઉપદેશથી સંઘપતિ બની શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. આથી તે સંઘપતિ કહેવાયો. તેણે શત્રુંજય તીર્થમાં દેવવિમાન જેવો જિન-પ્રાસાદ બનાવ્યો અને દેરી બંધાવી. તાલધ્વજતીર્થ તથા ગિરનાર તીર્થમાં જીર્ણોદ્ધારો કરાવ્યા હતા. તેને પદ્મા નામે પત્ની હતી અને વિમલદાસ નામે પુત્ર હતો. તે ત્રણેએ ગુરુદેવોના ઉપદેશથી જ્ઞાના-વરણીય કર્મના ક્ષય માટે ' કલ્પસૂત્ર 'ની ' કિરણાવલી 'ની સેંકડો પ્રતિઓ લખાવી હતી.

શેઠ વિમલદાસ – તેણે ગુરુદેવોના ઉપદેશથી મહો૦ ધર્મસાગર-ગણી રચિત ' કલ્પસૂત્ર ' ઉપરની ' કિરણાવલી ' ટીકાની સેંકડો પ્રતિઓ લખાવી હતી.

(– કલ્પકિરણાવલી પ્રશસ્તિ શ્લો૦ ૧૫ થી ૨૪)

શેઠ રામજી ગંધારિયો—તે ગંધારનો વતની હતો. વર્ધમાન શ્રીમાલીનો પુત્ર હતો. કોટિધ્વજ વેપારી હતો. પરમ જૈન હતો. વહાણવટું કરતો હતો. વહાણ અને વહાણને લગતો સામાન વેચતો હતો. તે તપાગચ્છના ભટ્ટા૦ વિજયદાનસૂરિ, આ વિજયહીરસૂરિ આ૦ વિજયસેનસૂરિનો ભક્ત હતો.

તેણે સં૦ ૧૬૧૯–૨૦માં આ૦ વિજયદાનસૂરિના ઉપદેશથી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. શા૦

---

પ્રતિષ્ઠા તથા તેમના પુત્રોએ સં૦ ૧૬૫૬ના વૈ૦ સુ૦ ૭ને બુધવારે ભ૦ ઋષભદેવની ચરણપાદુકાની અંજનશલાકા કરાવી હતી.

શા૦ કુંઅરજી ગાંધીએ આ૦ વિજયસેનસૂરિના હાથે સં૦ ૧૬૫૪ના આ૦ વ૦ ૬ ને શનિવારે કાવીમાં રત્નતિલક પ્રાસાદની પ્રતિષ્ઠા સં૦ ૧૬૫૬ના મા૦ સુ૦ ૫ ના રોજ અમદાવાદમાં ભ૦ ધર્મનાથની પ્રતિમાની અંજનશલાકા, સં૦ ૧૬૫૬ના વૈ૦ સુ૦ ૭ને બુધવારે અમદાવાદમાં ભ૦ ધર્મનાથનું પરિકર, ભ૦ શાંતિનાથ, ભ૦ સંભવનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા વગેરે અને અંજનશલાકા કરાવી હતી.

એકંદરે આ પિતા-પુત્રે આ૦ વિજયસેનસૂરિના હાથે કાવીતીર્થની સ્થાપના કરાવી હતી, તે આજે પણ એક તીર્થધામ તરીકે પ્રસિદ્ધ છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

રામજી ગંધારિયાએ તળાજા તીર્થ અને ગીરનાર તીર્થના મોટા જીર્ણોદ્ધારો કરાવ્યા હતા.

શેઠ રામજી આ૦ વિજયદાનસૂરિ અને આ૦ વિજયહીરસૂરિને ગંધાર બંદરમાં પધરાવવા વારંવાર વિનંતી કરતો હતો.

આ૦ વિજયહીરસૂરિએ સં૦ ૧૬૩૭માં ખંભાતમાં ચોમાસું કર્યું. સં૦ ૧૬૩૮ના મા૦ સુ૦ ૧૩ના રોજ ખંભાતમાં સં૦ ઉદયકરણના ભ૦ ચંદ્રપ્રભના જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી ત્યારે શેઠ રામજીએ ત્યાં આવી આચાર્યશ્રીને ગંધાર પધારવા વિનંતી કરી પણ તેને આશા નહોતી કે ગચ્છનાયક ગંધાર પધારે; પરંતુ ગચ્છનાયકે પોતાના પરિવાર સાથે ખંભાતથી ગંધાર તરફ વિહાર કર્યો. સંઘપતિ ઉદયકરણે શેઠ રામજીને ગંધારમાં એક માણસ દ્વારા આ વિહારના સમાચાર જણાવ્યા.

શેઠ રામજી ગુરુદેવના ગંધાર પધારવાના ખબર સાંભળી ઘણો ખુશ થયો અને તેણે આ શુભ સમાચાર લાવનારને પ્રીતિદાન—ઇનામ આપવાનું નક્કી કર્યું. શેઠે પોતાની વખારોના તાળાઓની ચાવીઓનો જૂડો તે માણસને આપી જણાવ્યું કે, તને પસંદ પડે તે ચાવી આ જૂડામાંથી લઈ લે. તે ચાવી જે વખારની હશે તે વખાર કે પેટીમાં જે જે વસ્તુઓ હોય તે તને ઇનામમાં આપીશ.

ખબર લાવનાર માણસ ભોળો હતો. તેણે ચાવીના જૂડામાંથી મોટી હતી તે ચાવી લીધી. શેઠે તે ચાવીવાળી વખાર ઉઘાડી તો તેમાં વહાણના કામમાં આવતાં દોરડાઓ હતાં. શેઠે તે ભદ્રિકને દોરડાં આપી દીધાં. ભદ્રિકને એ દોરડા વેચવાથી લાખો રૂપિયાની પ્રાપ્તિ થઈ.

(—જૈ.સ.પ્ર. વર્ષ ૧૪, અંક: ૧૦ ક્રમાંક: ૧૬૬)

આચાર્યશ્રીએ પોતાના પરિવાર સાથે સં૦ ૧૬૩૮નું ચોમાસું ગંધારમાં કર્યું.

દિલ્હીના બાદશાહ અકબરે આ ચોમાસામાં આ૦ વિજયહીરસૂરિને ફત્તેહપુર સિક્રી પધારવા આમંત્રણ મોકલ્યું. આથી આ૦ વિજય-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હીરસૂરિએ પોતાના પરિવાર સાથે સં૦ ૧૬૩૯ના માગશર વદિ ૭ ના રોજ ગંધારથી ફત્તેહપુર સિક્રી જવા માટે વિહાર કર્યો.

શેઠ રામજીએ શત્રુંજય તીર્થમાં શ્રી. શાંતિનાથ ભ૦નો ચૌમુખ જિનપ્રાસાદ, દેરી વગેરે કરાવ્યાં હતાં અને સં૦ ૧૬૫૦માં ચૌમુખનો મોટો જિનપ્રાસાદ બનાવી આ૦ વિજયહીરસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી.

શા૦ વર્ધમાન—તે ગંધારના શ્રીમાલી શા૦ પાસવીરનો પુત્ર હતો. તેને ૧ રામજી, ૨ હંસરાજ, ૩ મનજી એમ ત્રણ પુત્રો હતા. તેણે સં૦ ૧૬૨૦ ના કા૦ સુ૦ ૨ના રોજ શત્રુંજય મહાતીર્થમાં ભટ્ટા૦ વિજયદાનસૂરિ અને આ૦ વિજયહીરસૂરિના હાથે ભ૦ શાંતિનાથના ચૌમુખ પ્રાસાદની પ્રતિષ્ઠા કરાવી. ( આ દેરાસર ભંડારની ઓરડી પાસે છે. )

( — શ્રી શત્રુંજયનું મોટું વર્ણન )

શેઠ મૂલાશાહ—તે અમદાવાદના અહમદપરામાં રહેતો હતો. ધનાઢ્ય જૈન વેપારી હતો. આ૦ વિજયદાનસૂરિ અને આ૦ વિજયહીરસૂરિનો ભક્ત હતો; આ૦ વિજયહીરસૂરિએ સં૦ ૧૬૨૮ ના ફા૦ સુ૦ ૭ને સોમવારે અમદાવાદના અહમદપરામાં શેઠ મૂલાશાહે કરાવેલા પદવી મહોત્સવમાં પં૦ જયવિજયગણીને ઉપાધ્યાય બનાવ્યા. પછી આચાર્ય બનાવ્યા અને તેમનું નામ રાખ્યું વિજયસેનસૂરિ.

( — વિજય પ્રશસ્તિ મહાકાવ્ય સર્ગ : ૭, શ્લો૦ ૬૭ થી ૭૨ )

તથા તે જ મુહૂર્તમાં ઉપા૦ વિમલહર્ષગણિવરને મહોપાધ્યાય બનાવ્યા. અને મુનિ પદ્મસાગરગણી, મુનિ લબ્ધિસાગરગણી વગેરે છ ગણિવરોને પંન્યાસ બનાવ્યા.

શેઠ મૂલાશાહે સં૦ ૧૬૫૦ માં શત્રુંજયતીર્થમાં આદીશ્વરની ટૂકમાં મોટો જિનપ્રાસાદ બનાવી આ૦ વિજયહીરસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી.

જસુ ઠક્કર—તેનો વધુ પરિચય મળતો નથી. સંભવ છે કે તે પં૦ સિંહવિમલગણીએ જૈન બનાવેલ કાયસ્થ વંશનો હોય. તેણે સં૦ ૧૬૫૦માં શત્રુંજય તીર્થમાં ભ૦ આદીશ્વરની ટૂકમાં ખંભાતના સોની

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

તેજપાલ ઓશવાલે જે મોટો નંદિવર્ધન જિનપ્રાસાદ બંધાવ્યો અને સોની કુંઅરજીએ અષ્ટાપદાવતાર જિનપ્રાસાદો બંધાવ્યા તે આ ઠક્કરની દેખરેખ નીચે બનાવ્યા હતા.

સોની તેજપાલ ઓશવાલ—તે ખંભાતનો વતની હતો. સોની વછિયાનો પુત્ર હતો. તેણે સં ૧૬૫૦માં શત્રુંજય તીર્થમાં દોશી કર્માશાહે કરાવેલા મોટા જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવી તેને 'નંદિ-વર્ધન જિનપ્રાસાદ' એવું નામ આપ્યું હતું. તથા સં૦ ૧૬૫૮માં અમદાવાદની ઝવેરીવાડમાં જગવલ્લભ પાર્શ્વનાથના પ્રતિષ્ઠા ઉત્સવમાં આ૦ વિજયસેનસૂરિના હાથે ભ૦ ઋષભદેવની ૭૧ આંગળ ઊંચી જિન પ્રતિમાની અંજનશલાકા કરાવી હતી.

સંઘવી તેજપાલની પત્ની તેજલદેએ સં૦ ૧૬૬૧ના વૈ૦ વ૦ ૭ ના રોજ ખંભાતમાં આ૦ વિજયસેનસૂરિ પાસે પોતાના ભોંયરાવાળા ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરાવી હતી.

સોની તેજપાલે સં ૧૬૪૬માં ખંભાતમાં ભ૦ સુપાર્શ્વનાથ અને ભ૦ અનંતનાથની આ૦ વિજયસેનસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી.

શેઠ વજિયા–રાજિયા શ્રીમાલી—તે ગંધાર, ખંભાત અને ગોવાના વતની હતા. બંને સગા ભાઈઓ હતા. તેમણે સં૦ ૧૬૪૫ના જે૦ સુ૦ ૧૨ ને સોમવારે ખંભાતના સાગવટપાડામાં ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ બનાવી આ૦ વિજયસેનસૂરિના હાથે તેની તથા બીજી જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી.

સં૦ ૧૬૪૫માં આ૦ વિજયસેનસૂરિના હાથે ગંધાર બંદરમાં તીર્થની સ્થાપના થઈ.

સં૦ ઉદયકરણ—તે ખંભાતનો વતની હતો. ધનાઢ્ય જૈન હતો. તેણે સં૦ ૧૬૩૭માં ખંભાતમાં આ૦ વિજયહીરસૂરિને ચોમાસું રાખ્યા. સં૦ ૧૬૩૮ ના મ૦ સુ૦ ૧૩ના રોજ ખંભાતમાં પોતે બનાવેલ ભ૦ ચંદ્રપ્રભ જિનાલયની પ્રતિષ્ઠા કરાવી. આ૦ વિજયહીરસૂરિ પાસે તથા સં ૧૬૫૨–૫૩માં ખંભાતમાં તે જ જિનાલયમાં આ૦ વિજયસેન-સૂરિના હાથે જ૦ ગુ૦ આ૦ વિજયહીરસૂરિની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરાવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેણે જ૦ ગુ૦ આ૦ વિજયહીરસૂરિના ઉપદેશથી મારવાડ-મેવાડનાં જૈન તીર્થોનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો.

**ચંપા મા અને શેઠ થાનમલજી**—શેઠ રાજમલજી ( રાજસિંહજી ) ફત્તેહપુર સિક્રી પાસેના અભિરામાબાદ ( ઇબ્રાહીમાબાદ )માં રહેતો હતો. ધનાઢ્ય ઓશવાલ જૈન હતો. તેને ચંપા નામે પત્ની હતી અને થાનમલ ( થાનસિંહ ) નામે પુત્ર હતો. ચંપાબેન ધર્મપ્રેમી હતી. પવિત્ર જીવન ગાળતી જૈન શ્રાવિકા હતી. મોટી તપસ્વિની હતી.

તેણે બાદશાહ અકબરના દિલમાં શ્રદ્ધાનો હથોડો મારી તપસ્યા રૂપી ટાંકણા વડે પાર્શ્વનાથ અને વિજયહીરસૂરિ એમ બે અક્ષરો કોતર્યા હતા. બાદશાહ આ અક્ષરોના ચમત્કારોથી ધીમે ધીમે હિંદુ (જૈન) બની ગયો હતો.

શેઠ રાજમલ અને ચંપાદેવીને થાનમલ નામે પુત્ર હતો. તેમાં ધર્મશીલ માતાના ગુણો ઊતર્યા હતા. તે માતૃભક્ત હતો. વિવેકી જૈન હતો. બાદશાહ અકબરનો માનીતો હતો. બાદશાહ અકબર ગુજરાત જીતવા ગયો ત્યારે તેને સાથે લઈ ગયો હતો. તે વખતે સં૦ ૧૬૨૮માં અમદાવાદમાં તપાગચ્છના આ૦ વિજયહીરસૂરિ પાસે લોંકાગચ્છના ઋષિ મેઘજી વગેરે ૧૮ યતિઓએ સંવેગી દીક્ષા સ્વીકારી હતી. શેઠ થાનમલજીએ આ ઉત્સવમાં બાદશાહી વાજાં લાવી શાસનની પ્રભાવના કરી દીક્ષા—ઉત્સવ ઊજવ્યો હતો. શેઠ થાનમલ અને આગરાના જૈન સંઘે બાદશાહ અકબરની પ્રેરણાથી સં૦ ૧૬૩૮-માં આ૦ વિજયહીરસૂરિને ફત્તેહપુર સિક્રી પધારવા ગંધાર વિનંતી-પત્ર મોકલ્યો હતો.

આ૦ વિજયહીરસૂરિ ગંધારથી વિહાર કરી સાંગાનેર પધાર્યા ત્યારે શેઠ થાનમલ તેમની સામે સાંગાનેર ગયો અને ગુરુદેવને બહુ માનપૂર્વક ફત્તેહપુર સિક્રી લઈ આવ્યો.

બા૦ અકબરે સં૦ ૧૬૪૦માં ફત્તેહપુરમાં આ૦ વિજયહીરસૂરિને 'જગદ્‌ગુરુ'ની પદવી આપી. આથી આગરા અને ફત્તેહપુરના જૈન સંઘે તે પદવીનો આનંદ ઉત્સવ ઊજવ્યો. એ વેળાએ મેડતાના શા. સદારંગે એક જૈન ભોજકને દાનમાં હાથી આપ્યો. અને ભાટને બીજો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હાથી આપ્યો. શેઠ થાનમલે તે હાથીને શણગાર પહેરાવ્યો અને તે શણગાર અકૂ ભાટને દાનમાં આપ્યો.

શેઠ થાનમલજીએ સં૦ ૧૬૪૦માં ફત્તેહપુરમાં જિનપ્રાસાદ બનાવી તેની જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી. જ૦ ગુ૦ આચાર્યે આ પ્રતિષ્ઠા ઉત્સવમાં પં૦ શાંતિચંદ્રગણીને ઉપાધ્યાય બનાવ્યા અને મુનિ ભાનુચંદ્ર ગણીને પંન્યાસ બનાવ્યા. તથા બાદશાહ અકબરના પ્રીતિપાત્ર જેતા શાહને દીક્ષા આપી મહો૦ લાભવિજયના શિષ્ય બનાવી મુનિ જીતવિજય નામ આપ્યું.

શેઠ થાનમલજીએ સં૦ ૧૬૪૧માં અભિરામાબાદ (ઈબ્રાહીમાબાદ)માં જ૦ ગુ૦ આ૦ વિજયહીરસૂરિ પાસે પોતાના ઘર દેરાસરની પ્રતિષ્ઠા કરાવી અને સં. ૧૬૪૧માં અભિરામાબાદમાં તેમને ચાતુર્માસ રાખ્યા.

શેઠ થાનમલજી અને ભાનુમલ તથા કલ્યાણમલે લાહોરના ઉપાશ્રયમાં મહો૦ ભાનુચંદ્રગણીના ઉપદેશથી શાહજાદા જહાંગીર (સલીમ)ની વિષકન્યાની શાંતિ માટે શાંતિ અભિષેક–શાંતિપાઠ કરાવ્યો.

શા૦ ભાનુમલ, કલ્યાણમલ—તે બંને ભાઈઓ હતા. આગરાના રહેવાસી હતા. ચોરડિયા ગોત્રના ઓશવાલ જૈન હતા. ચોરડિયાઓ શરૂઆતથી જ ઉપકેશગચ્છના અને શ્વેતાંબર જૈન રહ્યા છે. બંને ભાઈઓ બાદશાહ અકબરના માનીતા હતા.

આ બંને ભાઈઓ જ૦ ગુ૦ આ૦ વિજયહીરસૂરિના ભક્ત હતા. તેઓ પણ આચાર્યશ્રીને ફત્તેહપુર સિક્રી લઈ આવવા શા૦ થાનમલની સાથે સાંગાનેર સામે ગયા હતા.

તે ભાઈઓએ સં૦ ૧૬૪૦માં આગરાના રોશન મહોલ્લામાં ચિંતામણિ પાર્શ્વનાથનું ચૈત્યાલય બનાવી તેમાં આ૦ હીરવિજયસૂરિના હાથે ચિંતામણિ પાર્શ્વનાથની શ્યામ રંગની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

તે પછી મહો૦ ભાનુચંદ્રગણીના પ્રયત્નથી બા૦ અકબરની પરવાનગી મેળવી તેનો રંગમંડપ, શિખર વગેરે બનાવી મોટો જિનપ્રાસાદ બનાવ્યો. જોકે તે જિનાલયના ચાલુ કામકાજમાં મુસ્લિમ અમલદારોએ દખલ કરી હતી પરંતુ મહો૦ ભાનુચંદ્રગણીએ તે બધાને કુનેહથી સમજાવી લીધા હતા.

( જુઓ પ્ર૦ ૫૭ )

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ધીમે ધીમે આ જિનપ્રાસાદમાં નાનાં–મોટાં નવાં દેરાંઓ બનતાં ગયાં. શ્રી.સંઘે બીજા જિનપ્રાસાદોની પ્રતિમા લાવીને તેમાં સ્થાપન કરી હતી. ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયના ખરચ માટે બાદશાહે રોશનમહોલ્લો ભેટ આપ્યો હતો.

એકવાર અંગ્રેજી રાજ્યમાં આગરાના કિલ્લા પાસે ખોદતાં જમીનમાંથી ભ૦ શીતલનાથની શ્યામ રંગની પ્રાચીન પ્રતિમા મળી આવી હતી. આથી આગરાના કલેક્ટરે જાહેર કરેલું કે જેની આ પ્રતિમા હોય તે ખાતરી આપીને લઈ જાય. શૈવો, વૈષ્ણવો વગેરે ત્યાં ગયા. સૌએ કહ્યું કે આ તો જૈનોના દેવ છે આથી દિગંબરના ભટ્ટારક શાસ્ત્રીઓ અને જૈનો ત્યાં પ્રતિમા લેવા ગયા. તેઓએ ઘણી મહેનત કરી પણ તે પ્રતિમાને કોઈ ઉઠાવી શક્યું નહીં. ત્યારે આ૦ જ૦ ગુ૦ વિજયહીરસૂરિની પરંપરાના (૬૩) મહો મેઘવિજય ગણી, (૬૪) પં૦ મેરુવિજયગણી, (૬૫) પં૦ માણેકવિજય ગણી, (૬૬) પં૦ ભાણુવિજયગણીના શિષ્ય (૬૭) પં૦ કુશલ વિજયગણી અને પં૦ તત્ત્વવિજયગણી હતા.

શૈવો, દિગંબર જૈનો વગેરેએ તેમની પાસે આવીને કહ્યું: ‘તે જૈન પ્રતિમા છે પણ કોઈથી ઉઠાવી શકાતી નથી. કદાચ આપના ત્યાં જવાથી ભગવાન ઊઠે તો આપ પધારો અને પ્રતિમાને લઈ આવો.’

પંન્યાસજી મહારાજ ત્યાં ગયા અને સૌને કહ્યું: ‘મહાનુભાવો! તમે સૌ ઉઠાવવા પ્રયત્ન કરો, ન ઊઠે તો પછી હું યોગ્ય કરું. કોઈને મનમાં એમ ન થાય કે હું ઉઠાવી લાવત. પછી સૌએ પ્રયત્ન કર્યો. પણ નિષ્ફળ ગયો. પંન્યાસજીએ આઠ આઠ વર્ષનાં બાળકોને સ્નાન કરાવી, પૂજાનાં કપડાં પહેરાવી ઊભાં રાખ્યાં અને પછી પ્રતિમા ઉપર વાસક્ષેપ નાખી પ્રતિમાને ઉપાડી. પ્રતિમાજી બહાર નીકળી આવ્યાં. ચાર બાળકો પાસે ઉપડાવી ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં લાવી સં૦ ૧૮૧૦માં પં૦ કુશલવિજય-ગણીએ આગરામાં ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં ડાબી તરફના ચોકમાં એક સ્વતંત્ર વેદી તથા સિંહાસન તૈયાર કરાવી એ ભ૦ શીતલનાથની પ્રતિષ્ઠા કરી.

જૈન–અજૈન સૌ કોઈ આ ચમત્કારી પ્રતિમાનાં દર્શને આવવા લાગ્યાં, માનતા માનવા લાગ્યાં અને સૌની શ્રદ્ધા વધવા લાગી.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાસ્તવમાં ગ્વાલિયર અને કનોજના રાજા નાગાવલોકના રાજગુરુ આ૦ બપ્પભટ્ટિસૂરિએ પ્રતિષ્ઠા કરેલી આ પ્રાચીન જિનમૂર્તિ છે. એમ આ પ્રતિમા અસલમાં શ્વેતાંબરાચાર્ય–પ્રતિષ્ઠિત છે, તેથી જ તો શ્વેતાંબર મુનિની વિનંતી સ્વીકારી તે પ્રતિમા ઊપડી શકી અને અહીં લાવી શકાઈ. ભગવાનનાં દર્શન કરવાની સૌને છૂટ છે પણ તેની પૂજા તો શ્વેતાંબર જૈન વિધિ પ્રમાણે જ થાય છે. તેનો અભિષેક, ચંદનપૂજા, પુષ્પપૂજા વગેરે થાય છે. ચક્ષુ, મુગટ, આંગી વગેરે પણ ચડાવાય છે; છતાં ચમત્કારી હોવાથી દિગંબર અને સ્થાનકવાસી જૈનો પણ તેમના પોતાના દેવ માનીને દર્શન કરે છે.

પં૦ કુશલવિજયગણીએ તે જ ચોકમાં, તે જ મુહૂર્તમાં ચૌમુખજીની પણ પ્રતિષ્ઠા કરી હતી. સાથોસાથ ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં તથા પાછળના ઉપાશ્રયમાં માણિભદ્ર વીરની પણ પ્રતિષ્ઠા કરી હતી. ચોકમાં ચૌમુખજી અને ભ૦ શીતલનાથની ભવ્ય પ્રતિમાની પ્રતિષ્ઠાનો શિલાલેખ દીવાલમાં ચોડેલો વિદ્યમાન છે.

આગરાના રોશનમહોલ્લામાં ચોરાશી કુટુંબનાં ઘણાં ઘરો છે. તે સૌ તપાગચ્છના ભાવિક જૈનો છે.

**મંત્રી સંગ્રામસિંહ** – મહો૦ ગુણવિનયગણી લખે છે કે, મંત્રી સંગ્રામસિંહ તે વછાવત ગોત્રનો ઓશવાલ જૈન હતો. ખરતરગચ્છનો શ્રાવક હતો. તે બિકાનેરના રાજા રાવ કલ્યાણમલનો મહામાત્ય હતો. તેણે ખરતરગચ્છના (૫૫) જિનમાણિક્યસૂરિને ક્રિયોદ્ધાર કરવા વિનંતિ કરી હતી. જોકે તેઓ ક્રિયોદ્ધાર કરવા તત્પર હતા પણ ક્રિયોદ્ધાર કરી શક્યા નહીં, તેમનો તરતમાં સ્વર્ગવાસ થયો. આથી તેમના (૫૬) પટ્ટધર જિનચંદ્રસૂરિએ ક્રિયોદ્ધાર કર્યો હતો.

**મંત્રી કર્મચંદ્ર વછાવત** – બિકાનેરના રાવ કલ્યાણમલ્લે મહામાત્ય સંગ્રામસિંહના મરણ બાદ કર્મચંદ્રને પોતાનો મંત્રી બનાવ્યો અને તેના પુત્ર રાજા રાવ રાયસિંહે (સં૦ ૧૬૩૮ થી ૧૬૬૮) મંત્રી કર્મચંદ્રને મહામાત્ય બનાવ્યો. મંત્રી કર્મચંદ્ર બુદ્ધિમાન, ચતુર અને જૈનધર્મપ્રેમી હતો પણ ખરતરગચ્છનો વિશેષ રાગી હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેણે રાવ કલ્યાણમલને કહી બિકાનેર રાજ્યમાં જીવદયા પળાવી. આબુના જિનાલયને સમરાવ્યું. સં૦ ૧૯૩૫ના દુકાળમાં ગરીબોને મોટી મદદ આપી. સાધર્મિકોને વિવિધ જાતની સહાય આપી. સેનાધિપતિ તુરસેમખાન સિરોહીની લૂંટમાં હજારો જિનપ્રતિમાઓ ઉઠાવી લાવ્યો હતો. મંત્રી કર્મચંદ્રે તેને છોડાવી. મંત્રીએ તેના બંદીવાનોને પણ છોડાવ્યા. શેઠ સારંગશાહને પણ મદદ કરી.

મંત્રીએ ઘણાં જૈન તીર્થો, જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. જિનાગમો વ્યાખ્યાનમાં સાંભળ્યાં, આગમો અને વિવિધ ગ્રંથો લખાવ્યા. નવાં જિનાલયો બંધાવ્યાં. બિકાનેર રાજ્યમાં ચાર પર્વી પળાવી. સતલજ નદી, ડેક નદી અને રાવી નદીની મચ્છી જાળ બંધ કરાવી.

તે ખરતરગચ્છનો અતિરાગી શ્રાવક હતો. આથી તેણે બિકાનેરની વસતિમાં ખરતરગચ્છના આચાર્યોનો પ્રવેશ ખુલ્લો રાખી બીજા જૈનાચાર્યોનો પ્રવેશ બંધ કરાવ્યો.

બીજા ગચ્છના કુલગુરુની વહીવંચાની વહીઓનો નાશ કરાવ્યો અને સર્વ જાતના ઓશવાલ, પોરવાડ જૈનો માત્ર ખરતરગચ્છના આચાર્યો વડે પ્રતિબોધિત લેખાની નવી વહી તથા પટ્ટાવલી તૈયાર કરાવી.

આથી જ માનવું પડે છે કે, ખરતરગચ્છનો ઇતિહાસ હશે ત્યાં સુધી મંત્રી કર્મચંદ્ર વછાવતનું નામ અમર રહેશે.

મંત્રી કર્મચંદ્રે આ૦ જિનકુશળસૂરિનો સ્તૂપ બનાવ્યો તે જ ફલોધિમાં આ૦ જિનદત્તસૂરિનો પણ સ્તૂપ બનાવ્યો.

તેને ૧ ભાગ્યચંદ અને ૨ લક્ષ્મીચંદ એમ બે પુત્રો થયા.

રાવ રાયસિંહને જસવંત નામે રાણીથી ૧ દલપત ૨ કૃષ્ણસિંહ, ૩ સૂરજસિંહ એમ ત્રણ પુત્રો થયા; પરંતુ રાવ રાયસિંહની નારાજગીથી મંત્રી કર્મચંદ્ર પોતાના પરિવાર સાથે બિકાનેર છોડી મેડતામાં જઈ વસ્યો. બા૦ અકબરને આ વાતની ખબર પડી તેથી તેણે રાવ રાયસિંહને કહી મંત્રી કર્મચંદ્રને લાહોર પોતાની પાસે બોલાવી પોતાના જનાનખાના વિભાગનો મંત્રી બનાવીને રાખ્યો.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

લાહોરમાં શાહજાદા જહાંગીરની બેગમે મૂળ નક્ષત્રમાં એક કન્યાને જન્મ આપ્યો. મંત્રી કર્મચંદ્રે શાંતિપાઠ ભણાવી તેનું અભિષેક-જળ છંટાવ્યું. આથી સૌનો વહેમ નીકળી ગયો. મંત્રી કર્મચંદ્રે આ૦ જિનચંદ્રસૂરિને ખંભાતથી લાહોર બોલાવ્યા. આચાર્યશ્રી ફાગણ સુદિ ૧૨ના રોજ લાહોર પધાર્યા. બાદશાહે નગરપ્રવેશ વખતે શાતા પૂછી. બા૦ અકબરે આ૦ જિનચંદ્રસૂરિના ઉપદેશથી દ્વારકા પ્રદેશની અને શત્રુંજય તીર્થની રક્ષાનું સૂબા આજમખાનને ફરમાન લખી મોકલ્યું. કાશ્મીરથી અગિયારે સૂબામાં અષાડ સુદિ ૯ થી ૧૫ સુધીની અમારિનું ફરમાન આપ્યું. ઉ૦ માનસિંહને બાદશાહે પોતાની સાથે રાખ્યા. મંત્રી રોહિતાગમાં રહ્યો. બાદશાહ કાશ્મીર જીતી લાહોર આવ્યો. આ૦ જિનચંદ્રસૂરિ પણ લાહોર આવ્યા.

અહીં આ૦ જિનચંદ્રસૂરિને યુગ પ્રધાનપદ મળ્યું. ફાગણ સુદિ બીજના રોજ અમારિ પળાવી. ખંભાતના દરિયામાં એક વર્ષ સુધી મત્સ્યની જાળ બંધ કરાવી,

આ૦ જિનચંદ્રસૂરિએ આ ઉત્સવમાં શ્રુતસાગર જયસોમરત્ન-ગણીને પાઠકપદ પ્રદાન કર્યું. તેમ જ ગુણવિજય અને સમયસુંદર-ગણીને પણ ઉપાધ્યાયપદ આપ્યું. આ બધું મંત્રી કર્મચંદ્રના પ્રયાસથી થયું. આથી સંઘે મંત્રી કર્મચંદ્રને યશનું તિલક કર્યું, તેમનું બહુમાન કર્યું. પછી મંત્રી કર્મચંદ્રે અબુલફજલને સાથે લઈ તેની મારફત બા૦ અકબરને ૧૦,૦૦૦ રૂપિયા, ૧૦ હાથી, ૧૨ ઘોડા તથા વિવિધ જાતનાં વસ્ત્રો ભેટ કર્યાં તેમ જ શાહજાદા સલીમને મહેલે જઈ તેની સામે ભેટણું ધરી તેને પણ સંતુષ્ટ કર્યો.

મંત્રી કર્મચંદ્રે આ યુગપ્રધાન આ૦ જિનચંદ્રસૂરિની યાદીમાં સંવત્સરી, ચોમાસી, પકખીમાં 'જયતિહુઅણ' સ્તોત્ર દાખલ કર્યું.

મંત્રીએ ઘણી શાસનપ્રભાવના કરી.

વાચક ગુણવિનયે મંત્રીની પ્રેરણાથી વિ૦ સં૦ ૧૬૫૫ના મહા વદિ ૧૦ ( પોષ વદિ ૧૦ )ને ગુરુવારે અનુરાધા નક્ષત્રમાં રાધરનગરમાં ચોમાસુ રહેલા પાઠક જયસોમગણીની આજ્ઞાથી આ૦ જિનકુશલ-

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

સૂરિના સ્તૂપની નિશ્રામાં 'મંત્રીરાજ શ્રી. કર્મચંદ્રવંશાવલી પ્રબંધ' રચ્યો.

(—જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંગ્રહ રાસ ૮ મો પૃ. ૧૦૬ થી ૧૩૩, શ્રી જિનવિજય સંગૃહીત રાસસાર—પૃ૦ ૬૨ થી ૭૪)

સં૦ દુર્જનશલ્ય જડિયો જૈન—આગરામાં જગુશાહ નામે જડિયા ગોત્રનો ઓશવાલ જૈન હતો. તેને ત્રણ પુત્રો હતા. ૧ સંઘવી વિમલદાસ, ૨ સંઘવી હીરાનંદ—તે આગરામાં જૈન સંઘમાં આગેવાન હતો. રાજમાન્ય હતો. તેની પત્ની માણુદેવીએ મેડતામાં સં૦ ૧૭૦૦ થી ૧૭૦૫ લગભગમાં આ૦ વિજયસિંહસૂરિના હાથે જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી.

( પટ્ટા૦ સમુ૦ ભા–૧, પૃ૦ ૯૬)

આગરાના રોશન મહોલ્લામાં હીરાનંદના નામની હીરાનંદગલી પ્રસિદ્ધ છે.

૩ સંઘવી નાનુ—તે સંઘપતિ હતો. તેને દુર્જનશલ્ય નામે પુત્ર હતો. સંઘવી દુર્જનશલ્યે જ૦ આ૦ હીરવિજયસૂરિના ઉપદેશથી ઘણાં જિનાલયોના જીર્ણોદ્ધારો કરાવ્યા. જિનપ્રતિષ્ઠા, સંઘપૂજા, છ'રી પાળતા તીર્થયાત્રાના સંઘો કાઢ્યા હતા.

કવિ કૃષ્ણદાસે સં. ૧૬૧૫ના વૈશાખ માસમાં તેના વર્ણનમાં 'દુર્જનશાલ બાવની' બનાવી છે.

શાહ સદારંગ—તે મેડતાનો વતની હતો. આગરામાં રહેતો હતો. બાદશાહ અકબરે સં૦ ૧૬૪૦માં ફત્તેહપુરના બાદશાહી દરબારમાં આ૦ વિજયહીરસૂરિને 'જગદ્ગુરુ'નો ખિતાબ આપ્યો. આથી આગરા, ફત્તેહપુર, અભિરામાબાદના જૈનોએ તે પદવીઉત્સવ ઊજવ્યો.

અકૂ નામનો ભાટ તે સભામંડપમાં આવ્યો હતો. તેને તેની ભાભીએ મહેણું માર્યું હતું કે 'શું હાથી ઉપર બેસીને આવો છો કે ઊંચા-નીચા થઈ રહ્યા છો!' અકૂએ આ સભામાં સૌની વચ્ચે

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

જ૦ ગુ૦ આ૦ વિજયહીરસૂરિની ઘણી પ્રશંસા કરી તથા ઘણાં નવાં નવાં કવિતો તેમની પ્રશંસામાં બનાવ્યાં.

શા૦ સદારંગે ખુશ થઈને કહ્યું : ‘દેવીપુત્ર! માંગો માંગો, જે જોઈએ તે માંગો.’ દેવ–ગુરુની કૃપાથી તમારી આશા પૂરી થશે.

અકૂ તરત જ બોલી ઊઠ્યો : ‘જગદ્ગુરુ અને મહાજન મારા ઉપર ખરેખર તુષ્ટ થયા હોય તો મારે એક હાથી જોઈએ.’

શા૦ સદારંગે તરત જ એક હાથી મંગાવી તેના વડે જગદ્ગુરુનું લૂંછણું ઉતારી તે હાથી અકૂ ભાટને આપ્યો ત્યારે આ મંડપમાં એક જૈન ભોજક બેઠો હતો તે બોલી ઊઠ્યો : ‘ગુરુદેવના લૂંછણા ઉપર તો જૈન ભોજકનો હક છે. તો તે હાથી મને જ મળવો જોઈએ. બીજાને તે અપાય જ નહીં.’

શા. સદારંગે આ વાત સ્વીકારી, તે હાથી જૈન ભોજકને આપી દીધો, અને ગુમાસ્તાને મોકલી બીજો હાથી વેચાતો મંગાવ્યો, જે અકૂ ભાટને તુષ્ટિદાનમાં આપી દીધો.

અભિરામાબાદના શા૦ થાનમલ જૈન ઓશવાલે પોતાના ગુમાસ્તા પાસે હાથીનો શણગાર મંગાવી તે હાથીને પહેરાવ્યો. તેણે હાથી સાથે તે શણગાર પણ અકૂ ભાટને પ્રીતિદાનમાં આપ્યો.

અકૂ ભાટ તો ખુશ ખુશ થઈ ગયો. તે ત્યાંથી હાથી ઉપર બેસીને નીકળ્યો ને પોતાને ગામ પોતાના ઘેર પહોંચ્યો. તેણે રસ્તામાં જગદ્ગુરુની ઘણી પ્રશંસા કરી હતી. અકૂની ભાભી તો હાથી દેખી ખુશ ખુશ થઈ ગઈ. અકૂ ભાટને હાથી મળ્યો ને ભાભીનું મહેણું ભાંગ્યું. પણ હવે હાથીને રાખવો ક્યાં? અને ખવડાવવું શું? એ પ્રશ્ન ઊઠ્યો. અંતે તેણે ભાભીની પરવાનગી લઈ એક મોટા જાગીરદારને આ હાથી વેચી દીધો. અકૂ ભાટને તેના બદલામાં ૧૦૦ સો રૂપિયા મળ્યા ને તેણે આ રીતે સંતોષ માન્યો.

શા૦ સદારંગે આ ઉત્સવમાં બીજા બાવન ઘોડાનું દાન કર્યું અને આગરા–દિલ્હીના પ્રદેશમાં બધા જૈનોના ઘર દીઠ બબ્બે શેર પ્રમાણ સાકર–મીઠાઈની પ્રભાવના કરી.

(–પં૦ રવિવર્ધન કૃત ‘પટ્ટાવલી સારોદ્ધાર’)

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

### શ્રીમાલી શક્યાનો વંશ—

૧. સંઘવી નાલ્હા—તે પાંડવોની ગુપ્ત નિવાસ ભૂમિ વૈરાટનગરનો વતની હતો. તેને શ્રીદેવી નામે પત્ની હતી.

૨. સં૦ ઈશ્વર, પત્ની ઝબકૂ.

૩. સં૦ રત્નપાલ, પત્ની મેહાઈ.

૪. સં૦ દેવદત્ત, પત્ની ધમ્મૂ.

૫. સં૦ ભારમલ્લ—તે બા૦ અકબરનો પ્રીતિપાત્ર અને રાજા ટોડરમલનો માનીતો હતો. રાજા ટોડરમલે તેને ઘણાં ગામોનો રક્ષક નીમ્યો હતો.

૬. સં૦ ઈંદ્રરાજ—તેને બે પત્નીઓ હતી. ૧ જયવંતી અને ૨ દમયંતી. તેને ચુહડમલ્લ નામે પુત્ર હતો.

સં૦ ઈંદ્રરાજને બીજો ભાઈ અજયરાજ નામે હતો. તેને વિમલદાસ નામે પુત્ર હતો. જેને નગીના નામે પત્ની હતી. ત્રીજો ભાઈ સ્વામીદાસ નામે હતો, તેને પુત્ર સં૦ જગજીવન (પત્ની મોતી) પુત્ર સં૦ કચરા નામે હતો.

સંઘવી ઈંદ્રરાજને ચતુર્ભુજ નામે બીજો પુત્ર હતો. સં૦ ઈંદ્રરાજ વૈરાટ ગામનો માલિક હતો. તેણે વૈરાટમાં 'ઈંદ્રવિહાર' નામે જિનપ્રાસાદ બંધાવ્યો. શાકે ૧૫૦૯ (સને ૧૬૪૪)ના ફાગણ સુદિ ૨ ને રવિવારે વૈરાટનગરમાં મૂળનાયક ભ૦ વિમલનાથ તથા ભ૦ પાર્શ્વનાથ, ભ૦ ચંદ્રપ્રભ, ભ૦ ઋષભદેવ વગેરે પ્રતિમાઓ ભરાવી અને મોટો ઉત્સવ કરી તેની જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિના શિષ્ય મહો૦ કલ્યાણવિજય ગણીના હાથે પ્રતિષ્ઠા કરાવી. આ જિનપ્રાસાદની પ્રશસ્તિ પં૦ લાભવિજયે રચી. પં૦ સોમકુશલગણિએ શિલા ઉપર લખી અને તેને સરરફ ભગતે ઉત્કીર્ણ કરી.

(પ્રા૦ જૈ૦ લે૦ લેખાંક: ૨૭૯)

થિર શાહ ભણુશાલી—તે લોદ્રવાનો વતની હતો. ઘીનો મોટો વેપારી હતો. તેને કૃષ્ણવેલી મળી જવાથી ધન વધતું ગયું. લોદ્રવામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાંના રાજા ધીરસિંહ ભારીએ સં૦ ૧૧૯૬ પછી સહસ્રફણા પાર્શ્વનાથનો જિનપ્રાસાદ બંધાવેલો તેનો આ થિરશાહે જીર્ણોદ્ધાર કરાવ્યો. તેમાં મોટી જિનપ્રતિમાઓ સ્થાપન કરી. તેની બે પત્નીઓ અને બે પુત્રોના શ્રેય માટે ચાર દેરીઓ બનાવી. અને આ૦ જિનરાજસૂરિના હાથે સં૦ ૧૬૭૫માં પ્રતિષ્ઠા કરાવી. નવરત્નોની જિનપ્રતિમાઓ કરાવી. ગ્રંથભંડારો સ્થાપન કર્યા. કરોડો રૂપિયાનો પુણ્યકાર્યમાં ખર્ચ કર્યો. સં૦ ૧૬૮૨માં શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. તેણે બાદશાહ અકબરને ૯ હાથી અને ૫૦૦ ઘોડા આપ્યા. અકબરે તેને રાયજાદાનો ખિતાબ આપી બહુમાન કર્યું, તેના વંશજો રાય ભણશાલી કહેવાય છે.

ભણશાલીનો અર્થ ભાંડશાલી—વાસણના વેપારી એવો થાય છે.

(—જૈન સાહિત્યસંશોધક ખંડ: ૨, અંક: ૩, પૃ૦ ૧:—૧૭)

સંઘવી અકૂ ફિરોજશાહ—તે આગરા પાસેના ફિરોજાબાદનો વતની હતો. ધનાઢ્ય, બુદ્ધિશાળી અને ચતુર જૈન હતો. જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિનો ભક્ત હતો. સં૦ ૧૬૪૦માં હીરવિજયસૂરિ ફિરોજાબાદ પધાર્યા ત્યારે અકૂશેઠની ઉંમર ૯૬ વર્ષની હતી છતાં ત્યારે પણ એમની આંખમાં ચમક હતી. દાંતમાં યુવાનની મજબૂતાઈ હતી. તેના શરીરનો બાંધો મજબૂત હતો. તેણે પોતાની હયાતીમાં પોતાના કુટુંબના ૫૧ પાઘડીબંધ પુરુષોને જોયા હતા. તેના કુટુંબનો પરિવાર ઘણો વિશાળ હતો.

ચંદુ સંઘવી—તેનું પૂરું નામ સંઘવી ચંદ્રપાલ મળે છે. તે આગરાનો વતની હતો. રાજમાન્ય હતો. બાદશાહ અકબર તથા બાદશાહ જહાંગીરનો માનીતો હતો. બાદશાહ જહાંગીર જ્યાં જાય ત્યાં તેને સાથે લઈ જતો.

---

૧. અમે ઈ.સ. ૧૯૩૨–૩૩માં નાથનગરથી ચંપાપુરી જતા હતા. ત્યારે રસ્તામાં અમને ભારતનો પ્રસિદ્ધ ઐતિહાસિક નરવીર નાના ફડનવીસ મળ્યો હતો. તેના કહેવા પ્રમાણે ત્યારે તેની ઉંમર ૧૨૨ વર્ષની હતી. તેણે અમને પાસેના કબ્રસ્તાનમાં લઈ જઈ બહુમાનથી બેસાડી ઈ.સ. ૧૮૫૭ના બળવાનો ઇતિહાસ કહી સંભળાવ્યો હતો. ત્યારે તેનું શરીર વૃદ્ધ છતાં બાંધી દડીનું ઠીંગણું હતું. રૂપાળું હતું. તેની આંખ અને દાંતની પંક્તિ સાબૂત હતી. આંખ ચમકદાર હતી. બુદ્ધિ સતેજ હતી. તેના કહેવા પ્રમાણે તેનો જન્મ ઈ.સ. ૧૮૧૦માં થયો હતો અને બળવાના સમયે તેની ઉંમર ૪૮ વર્ષની હતી.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

તે જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિ, આ૦ વિજયસેનસૂરિ અને આ૦ વિજયદેવસૂરિનો શ્રાવક હતો. બાદશાહ જહાંગીર તેનો પરિચય આપે છે કે, ચંદુ સંઘવી છે. તેના પિતાનું નામ...છે. દાદાનું નામ વરજી છે. તે આગરાનો વતની છે. સેવડાનો ઉપાસક છે. તેનું કપાલ પહોળું છે. ભવાં પહોળાં છે. ઘેટાના જેવી આંખો છે. રંગે તે શ્યામ છે. તેની દાઢી મુંડેલી છે. તેના મોં પર શીતળાનાં ચાઠાં છે. તેના બંને કાનમાં ઘણા છેદ પડેલા છે. તેની ઊંચાઈ મધ્યમ કદની છે. તેની ઉંમર ૬૦ વર્ષની છે.

તેણે પહેલાં એકવાર ઈલાહી સન્ ૧૦, ઈલાહી મહિનો અમરદાદ, અસ્ફંદા, હીજરીસન્ ૧૦૨૪ રજબે ઉલપુરજમ્બ તા.૧૧મી ગુરુવારે બાદશાહને વિનંતી કરી હતી. વળી, તેણે ઈલાહી વર્ષ ૧૦ના રજબ મહિનાની ૨૦મી તારીખે બાદશાહના ચરણમાં રત્નજડિત વીંટીનું નજરાણું ધર્યું હતું અને પછી તેણે માગણી કરી હતી કે, 'અમારા ગુરુદેવ આ૦ વિજયસેનસૂરિ સં૦ ૧૬૭૧ ના જે૦ વ૦ ૧૧ના રોજ ખંભાત પાસે ચોવીસ પરગણાના મહમ્મુદપુરામાં કાળધર્મ પામી સ્વર્ગવાસી થયા છે તેમના અગ્નિસંસ્કારના સ્થાને સમાધિમંદિર બનાવવું છે. ત્યાં બાગ બનાવવો છે. દરસાલ મેળો ભરી શકાય એવો પ્રબંધ ગોઠવવો છે. ખંભાતના મહમ્મુદપુરાની તે જમીન આ સેવકને ભેટ રૂપે મળે એવો હુકમ કરી તેનું ફરમાન આ સેવકને આપવા મહેરબાની કરવી જોઈએ.'

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

તેની આ વિનંતીને ધ્યાનમાં લઈ બાદશાહે તા. ૧૭ રજબઉલમુજબ, હીજરીસન્ ૧૦૨૪, ઈ.સ. ૧૬૧૫ (વિ૦સં૦ ૧૬૭૧)ના રોજ બાદશાહી ફરમાન આપવામાં આવે છે કે –

"સંઘવી ચંદુના ગુરુ સદ્ગત આ૦ વિજયસેનસૂરિના અગ્નિસંસ્કારને સ્થાને તેમના સમ્માનની યાદગીરી માટે મંદિર, મેળો, બાગબગીચો બનાવવા માટે અકબરપુરામાં ૧૦ વીઘા જમીન કાયમને માટે ભેટ આપવામાં આવે છે.

"વિશેષ સૂચના એ છે કે, કોઈએ આ હુકમને તોડવો નહીં. તે જમીન માપીને ચંદુ સંઘવીને સોંપી દેવી. તેમાં કોઈએ બીજી કોઈ જાતની દખલ કરવી નહીં. તેના બદલામાં કંઈ રકમ માગવી

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

નહીં, તે જમીન ઉપરના ખર્ચની કિંમત, સરકારી કર, સર્વજાતની ફીઝ વગેરે હમેશને માટે માફ કરવામાં આવે છે.”

(– પ્રક૦ ૪૪, બા૦ જહાંગીરનું ફરમાન પૃ. ૧૦ થી ૧૫)

આ૦ વિજયસેનસૂરિના સ્વર્ગગમન બાદ આ૦ વિજયદેવસૂરિ તપાગચ્છમાં નાયક બન્યા. પરંતુ તપાગચ્છમાં ૧ વિજયદેવસૂરિ સંઘ અને ૨ વિજયાનંદસૂરિ સંઘ એ બે પક્ષો પડયા હતા. બીજા પક્ષવાળાઓએ પં૦ સિદ્ધિચંદ્ર ખુશ્ફહમને મહોપાધ્યાય બનાવ્યા હતા અને તેમની દ્વારા પહેલા પક્ષને હલકો પાડવા બાદશાહ જહાંગીરના કાન ભંભેર્યા હતા કે આ૦ વિજયદેવસૂરિ આ વિજયસેનસૂરિની ગાદીએ છે તે તે પદને લાયક નથી આથી બા૦ જહાંગીરે સં૦ ૧૬૭૪માં આ૦ વિજયદેવસૂરિને માંડવગઢમાં બોલાવી તેમની પરીક્ષા કરી તો તેમને ખરા સાધુ જાણી ‘મહાતપા’નું બિરુદ આપ્યું હતું અને ચંદુ સંઘવીને આજ્ઞા કરી કે ગુરુજીને રાજદરબારમાં બાદશાહી વાજાં સાથે સ્વાગત કરી તમારા ઉપાશ્રયે લઈ જવા.”

સંઘવી ચંદ્રપાલ (ચંદુ) ગુરુદેવને સપરિવાર બાદશાહી વાજાંગાજાં સાથે ઉપાશ્રયે લઈ ગયો. સં૦ ચંદ્રપાલે આ ગુરુસ્વાગતમાં આચાર્યશ્રીના પગલે પગલે સોનામહોર મૂકી લૂંછણું કર્યું હતું અને યાચકોને ઘણું દાન આપ્યું હતું.

(– તપાગચ્છ પટ્ટાવલી સમુ૦ ભા૦૧, પૃ૦ ૮૩)

બા૦ જહાંગીરે હીજરીસન્ ૧૦૨૭માં પં૦ કુશલવિજયગણી મારફત આ૦ વિજયદેવસૂરિને આનંદ-કુશળનો પત્ર લખી મોકલ્યો હતો તેમાં આચાર્યશ્રીને મોટા જ્ઞાની બતાવ્યા હતા.

શેઠ મેઘજી અને શ્રી લાડકીબાઈ – શેઠ મેઘજી તે દીવબંદરનો વતની હતો. રાજમાન્ય મોટો વેપારી હતો. તે જૈન સંઘનો આગેવાન હતો. તેને લાડકીબાઈ નામે પત્ની હતી. તે બંને જ૦ ગુ૦ આ૦ વિજયહીરસૂરિનાં પરમ ઉપાસક હતાં. લાડકીબાઈ ધર્મપ્રેમી હતી. વિવેકી શ્રાવિકા હતી. તેની જીવનચર્યા જોઈ ફિરંગી અને યવનો વગેરે પણ નમ્ર બની તેનાં ચરણોમાં મસ્તક ઝુકાવતા હતા. તેના

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

પ્રત્યે સૌને પૂજ્યબુદ્ધિ હતી, વાત્સલ્યભાવ હતો. સૌ તેનું ભારે સમ્માન કરતા હતા.

તેણે દીવબંદરમાં મોટો જિનપ્રાસાદ બંધાવ્યો. સં૦ ૧૬૫૨માં તેની પ્રતિષ્ઠા કરાવી. ઉનામાં જ૦ ગુ૦ આ૦ વિજયહીરસૂરિની ચરણપાદુકાની અને તેમના સ્તૂપની પ્રતિષ્ઠા કરાવી હતી. શત્રુંજય-તીર્થમાં જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિની પાદુકાની પ્રતિષ્ઠા કરાવી. સં૦ ૧૬૬૪માં ઉનામાં આ૦ વિજયસેનસૂરિના હાથે ભગવાનની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી.

કવિ સારંગ — તે મડાહડા ગોત્રના આ૦ જ્ઞાનસાગરસૂરિનો ઉપાસક શ્રાવક હતો. વિદ્વાન્ હતો. મહા કવિ હતો. તેણે સં. ૧૬૩૮માં જાલોરમાં ‘બિલ્હણ પંચાશિકા ચોપાઈ’, સં૦ ૧૬૫૧માં ‘ભોજપ્રબંધચોપાઈ’ અને સં૦ ૧૬૭૮માં પાલનપુરમાં ‘કૃષ્ણ–રુક્મિણીવેલી’ની સંસ્કૃત ટીકા રચી હતી.

( —પ્રક૦ ૩૭, પૃ૦ ૨૬૮, ૨૬૯ )

जैन साईट JAINSITE.com

વૈદ્ય — તેમણે સં૦ ૧૬૯૨માં વૈદ્યકનો ‘નયનસુખ’ ગ્રંથ બનાવ્યો.

શેઠ સારંગના પુત્ર કવિવર ઋષભદાસ — તેમણે પોતાનો જીવન પરિચય તથા દિનચર્યા સ્વરચિત ‘હીરવિજયસૂરિ રાસ’માં આપ્યાં છે — તે કવિનો કાળ સં૦ ૧૬૬૨ થી સં૦ ૧૬૮૭નો છે.

કવિ ઋષભદાસે સં૦ ૧૬૮૫ના પોષ સુદિ ૧૩ ને રવિવારે ‘મલ્લિનાથ રાસ’ રચ્યો. તેમાં તેણે ખંભાતના ઘણા જૈનોનો પરિચય આપ્યો છે.

વળી, તેમણે ૮૪ રાસા, ૫૮ સ્તવનો, વિવિધ સ્તુતિઓ, ગીતો વગેરે રચ્યાં છે. તેણે સં૦ ૧૬૭૮ના ભા૦ સુ૦ ૨ના રોજ વિજયાનંદસૂરિ ગચ્છમાં ‘બાર આરાનું સ્તવન’ રચ્યું છે. સં૦ ૧૬૯૨માં ‘અભયકુમાર રાસ’ રચ્યો, વગેરે ઘણી રચનાઓ આજે સુલભ છે.

( — આનંદ કાવ્ય મહોદધિ મૌક્તિક ૫, પૃ૦ ૩૨૨ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ સાઈઠમું

## ૫૮. વિજયદેવસૂરિ (સં૦ ૧૭૧૩ના અષાઢ સુદિ ૧)

तथा चाहार्य गाम्भीर्य शौर्य शौण्डीर्य वीर्यवान् ।
अभङ्गभाग्यसौभाग्यवैराग्यादिगुणार्णवः ॥ ४६ ॥
राजते विजयश्रीभिर्जिष्णुर्भुवनाद्भुतः ।
श्रीमद्विजयदेवाह्वः सूरीन्द्रश्चन्द्रनिर्मलः ॥ ४७ ॥

(—વિજયપ્રશસ્તિમહાકાવ્ય, સર્ગ : ૧૧)

तत्पट्टदुग्धजलनिधिश्चन्द्रः श्रीविजयदेवसूरीन्द्रः ।
गौतमवत् प्रति संप्रति जयति भारतभूषणः भगवान् ॥ ६ ॥

(—વિ૦ પ્ર૦ સ૦ની દીપિકા વ્યાખ્યા પ્રશસ્તિ)

તત્પટોધર ગુણનિલો એમાં, શ્રી વિજયદેવસૂરીંદ, સુણો૦
શીલ સત્ત્વગુણ આગતો એમાં, ઊગીયો અભિનવચંદ. સુણો૦ ૪૫

(—ધર્મદાસ કૃત 'હીર વિહાર સ્તવન' જૈ૦ સ૦ પ્ર૦ ક્રમાંક — 'સૂર્યપુરનો સુવર્ણયુગ')

તાસ પાટિ ઉદયાચલ, નિર્મળ ભાનુ સમાન,
શ્રી વિજયદેવસૂરિ, ઉદય યુગપ્રધાન;
શ્રી વીર જિણેસર, શાસન શોભાકાર,
ઇણ પંચમ આરઈ, ગુરુ ગૌતમ અવતાર.

(—વિનયવિજય ઉપા૦, ગણધર, પટ્ટાવલી સજ્ઝાય—પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨, પૃ૦ ૧૮૩ થી ૧૮૫)

### ભટ્ટારક વિજયદેવસૂરિ —

તેમનો સં૦ ૧૬૩૪ના પોષ સુદિ ૧૩ ના રોજ રવિવારે ઈડરમાં જન્મ થયો હતો. તેમના પિતાનું નામ સ્થિરપાલ અને માતાનું નામ રૂપાઈ. તેમનું પોતાનું નામ વાસણ, વાસ કે વાસો, સં૦



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૬૪૩ના મહા સુદિ ૧૦ ના રોજ અમદાવાદમાં આ૦ વિજયસેન-સૂરિ પાસે દીક્ષા લીધી અને તેમનું નામ વિદ્યાવિજય રાખવામાં આવ્યું.

સં૦ ૧૬૫૬માં અમદાવાદના સિકંદરપુરામાં – બીબીપુરામાં શા૦ લહુઆ શ્રીમાલીએ બનાવેલા શ્રી. શાંતિનાથના ઘરદેરાસરની પ્રતિષ્ઠામાં ભટ્ટા૦ વિજયસેનસૂરિના હાથે પં૦ નંદિવિજયગણીને ઉપાધ્યાયપદ અને મુનિ વિદ્યાવિજયને પંન્યાસપદ આપવામાં આવ્યું. એ જ વર્ષે લાટાપલ્લી (લાડોલ)માં ભટ્ટા૦ વિજયસેનસૂરિના હાથે પં૦ શ્રી વિદ્યાવિજયગણીને ઉપાધ્યાયપદ અને એ જ વર્ષમાં સં૦ ૧૬૫૬ના વૈ૦ સુ૦ ૪ ને સોમવારે ખંભાતમાં શેઠ સાધુમલ્લજીના પ્રતિષ્ઠા ઉત્સવમાં આચાર્યપદ આપ્યું. તે પછી સં૦ ૧૬૫૭ના પોષ સુદિ ૬ રવિવારે પાટણમાં પારેખ સહસ્રવીરે કરેલા વંદના ઉત્સવમાં ભટ્ટારકની પદવી આપવામાં આવી. સં૦ ૧૭૧૩ના અષાડ સુદિ ૧૧ ના રોજ ઉનામાં તેમનો સ્વર્ગવાસ થયો.

અહોની દૃષ્ટિએ તેમનો જન્મ રોહિણી નક્ષત્રમાં વૃષભ લગ્નમાં થયો હતો. તેમની જન્મ કુંડલી આ મુજબ મળે છે: પહેલે સ્થાને વૃષભનો ચંદ્ર, પાંચમે સ્થાને કન્યાનો ગુરુ તથા કેતુ, છઠ્ઠે તુલાનો શનિ, સાતમે વૃશ્ચિકનો મંગલ તથા શુક્ર, આઠમે ધનનો રવિ, બુધ (તથા શનિ) અને અગિયારમે મીનનો રાહુ હતો ત્યારે ઈડરમાં સ્થિરપાલ ઓશવાલને ઘેર સં૦ ૧૬૩૪માં વાસણ નામના બાળકનો જન્મ થયો હતો.

(– વિજયપ્રશસ્તિ મહાકાવ્ય, સર્ગ : ૧૦,
શ્લો૦ ૫૩ થી ૫૬ )

શેઠ સ્થિરપાલ મરણ પામ્યો. પછી શેઠાણી રૂપાઈ પોતાના પુત્ર વાસણને સાથે લઈ ઈડરથી નીકળી અમદાવાદ જઈ ભ૦ વિજયસેન-સૂરિને વાસણ નામના બાળકને વહોરાવ્યો અને તેને દીક્ષા આપવાની રજા આપી. શેઠાણી રૂપાઈએ પોતે દીક્ષા લીધી કે કેમ? તેનો ઉલ્લેખ મળતો નથી.

**દીક્ષા** — ભ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૪૩ના મહા સુદિ ૧૦ના રોજ અમદાવાદમાં સંઘે કરેલા દીક્ષા ઉત્સવમાં વાસણને દીક્ષા આપી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાનો શિષ્ય બનાવ્યો અને તેનું નામ વિદ્યાવિજય મુનિ રાખવામાં આવ્યું.

## પ્રતિષ્ઠાઓ —

ભટ્ટા૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૪૩ના ફા૦ સુ૦ ૧૧ના રોજ અમદાવાદમાં અહિવદેવીના ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરી. સં૦ ૧૬૪૩ના જેઠ સુદિ ૧૦ ને શુક્રવારે ગંધારમાં શેઠ ઈંદરજીના ભ૦ મહાવીરસ્વામીના ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરી. સં૦ ૧૬૪૩ના જેઠ વદિ ૧૧ના રોજ ખંભાતમાં ચોમાસું કર્યું, સં૦ ૧૬૪૪માં સિરોહી જઈ ફત્તેહપુરસિક્રીથી પધારેલા જ૦ ગુ આ૦ હીરવિજયસૂરિને વંદન કર્યું અને ગુરુદેવની આજ્ઞાથી પાછા ફરી સં૦ ૧૬૪૪માં ખંભાત આવી ચોમાસું કર્યું.

સં૦ ૧૬૪૫માં જેઠ સુદિ ૧૨ ને સોમવારે ખંભાતમાં સાગવટવાડાના શેઠ વજિયા—રાજિયા શ્રીમાલીએ બનાવેલ ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથના મોટા જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી.

સં૦ ૧૬૪૫માં ગંધારમાં નવપલ્લવિયા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી ગંધારતીર્થની સ્થાપના કરી. સં૦ ૧૬૪૫માં તેમણે ગંધારમાં ચોમાસું કર્યું, સં૦ ૧૬૪૬માં ગુરુદેવની સાથે રાધનપુરમાં ચોમાસું કર્યું, સં૦ ૧૬૪૯—૫૦માં લાહોરમાં ચોમાસાં કર્યાં.

સં૦ ૧૬૫૬ના મહા સુદિ ૫ ના રોજ અમદાવાદના સિકંદર—પુરમાં — બીબીપુરામાં ભ૦ વિજયચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી, ત્યાં જ૦ ગુ૦ હીરવિજયસૂરિની ચરણપાદુકાની પણ પ્રતિષ્ઠા કરી. શેઠ લહુઆ શ્રીમાલીના ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરી.

પંન્યાસપદ — ભટ્ટા૦ વિજયસેનસૂરિએ આ પ્રતિષ્ઠા ઉત્સવમાં પં૦ નંદિવિજયગણીને ઉપાધ્યાય બનાવ્યા અને મુનિ વિદ્યાવિજયને તથા મુનિ ઉદ્દ્યોતવિજય (ઋષિ મેઘજી)ને પંન્યાસ બનાવ્યા.

ઉપાધ્યાયપદ — ભટ્ટા૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૫૬માં લાડોલ જઈ સૂરિમંત્રનું આરાધન કર્યું. સૂરિમંત્રના અધિષ્ઠાયકદેવે ભટ્ટા૦ વિજયસેનસૂરિને જણાવ્યું કે, પં૦ વિદ્યાવિજયગણી ગચ્છનાયકપદને યોગ્ય છે.

ભટ્ટા૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૫૬માં લાડોલમાં પં૦ વિદ્યા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિજયગણીને ઉપાધ્યાય બનાવ્યા. તે પછી સૌ ઈડર, તારંગા, શત્રુંજયતીર્થ, ઉનામાં જગદ્ગુરુની ચરણપાદુકા વગેરેની યાત્રા કરી ખંભાત પધાર્યા.

આચાર્યપદ — ભટ્ટા૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૫૬ના વૈ૦ સુ૦ ૪ ને સોમવારે મૃગશીર્ષ નક્ષત્રમાં અમૃતસિદ્ધિયોગમાં ચોથા રવિયોગમાં વૃષભ લગ્નમાં પહેલે વૃષભનો ચંદ્ર, ત્રીજે કર્કનો મંગળ તથા ગુરુ, છઠ્ઠે તુલાનો શનિ, નવમે મકરનો રાહુ, દશમે કુંભનો શુક્ર અને બારમે મેષનો રવિ તથા બુધ હતા એટલે રવિ, ચંદ્ર, ગુરુ, શુક્ર તથા શનિ ઉચ્ચના હતા ત્યારે ખંભાતમાં શેઠ સાધુમલ્લજી તથા સોમચંદ્રે કરેલ પ્રતિષ્ઠા ઉત્સવમાં તથા સૂરિપદના સમારોહમાં ઉપા૦ વિદ્યાવિજયગણીને આચાર્ય બનાવી તેમનું નામ આ૦ વિજયદેવસૂરિ રાખ્યું.

સં૦ ૧૬૫૬ના વૈ૦ સુ૦ ૭ ને બુધવારે ખંભાતમાં ઠા. કીકાના ઘરદેરાસરની પ્રતિષ્ઠામાં ઘણી જિનપ્રતિમાઓ તથા જિનપાદુકાઓની પ્રતિષ્ઠા કરી, તથા રાજવિજયને ઉપાધ્યાય બનાવ્યા.

(– વિજયપ્રશસ્તિ મહાકાવ્ય સર્ગ : ૧૭, શ્લો૦ ૬૦)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ પ્રતિષ્ઠા–ઉત્સવ તથા આચાર્યપદ મહોત્સવ ખંભાતમાં ઊજવાયા ત્યારે ત્યાં તપાગચ્છના ૭૦૦ મુનિરાજો પધાર્યા હતા. બંને આચાર્યોએ સં૦ ૧૬૫૬માં ખંભાતમાં ચાતુર્માસ કર્યું.

ભટ્ટારકપદ — ભટ્ટારક વિજયસેનસૂરિએ સં૦ ૧૬૫૭ના પો૦ વ૦ ૭ ને રવિવારે હસ્તનક્ષત્રમાં હસ્તાર્કમાં પાટણમાં પારેખ સહસ્રવીરે પચાસ હજાર મહમ્મુદી ખરચી ઊજવેલા વંદના મહોત્સવમાં આ૦ વિજયદેવસૂરિને ભટ્ટારક બનાવી પોતાની પાટે ગચ્છનાયક તરીકે સ્થાપન કર્યા અને તેમને ગચ્છની અનુજ્ઞા આપી.

ગચ્છનાયક–યાત્રા – આજથી વિજયદેવસૂરિ ગચ્છનાયક બન્યા. ત્યાંથી સૌ શંખેશ્વરતીર્થની યાત્રાએ પધાર્યા. અહીં લોંકાગચ્છના ઋષિએ સં૦ ૧૬૨૮માં સંવેગીમાર્ગ સ્વીકાર્યો હતો, તેમાંના ગણી જયવિજયને ઉપાધ્યાયપદવી આપી.

અહીં મારવાડનો સંઘપતિ હેમરાજ છ'રી પાળતો યાત્રાસંઘ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લઈ આવ્યો હતો. તે સંઘે અહીં બંને આચાર્યોને વંદન કર્યું. બંને આચાર્યો સં૦ ૧૬૫૭માં અમદાવાદના અકમીપુરમાં ચોમાસું કરવા પધાર્યા. ભ૦ વિજયદેવસૂરિએ ભ૦ વિજયસેનસૂરિની આજ્ઞાથી સં૦ ૧૬૬૬ના પો૦ વ૦ ૮ ને ગુરુવારે અમદાવાદના શા. જયતમાએ બનાવેલ ભ૦ શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી.

(–પ્રા૦ લે૦ સં૦ ભા૦ ૨, લે૦ નં. ૯૭)

ભ૦ વિજયદેવસૂરિ તથા ઉપા૦ લબ્ધિસાગરગણીએ સં૦ ૧૬૬૫માં મેડતા પાસે કેકીંદ ગામમાં ભ૦ આદિનાથ જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી.

(–પ્રા૦ લે૦ સં૦ ભા૦ ૨, લે૦ નં૦ ૩૭)

આચાર્ય વિજયદેવસૂરિએ સં૦ ૧૬૫૯ના મા૦ સુ૦ ૫ ને બુધવારે વીજાપુરના દોશી મેઘજી વગેરેએ બનાવેલ ચોવિશી જિનવટાની પ્રતિષ્ઠા કરી. (આ પટ વીજાપુરમાં ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં છે.)

ભ૦ વિજયસેનસૂરિ અને મહો૦ સોમવિજયગણી વગેરેએ સં૦ ૧૬૬૨ના વૈ૦ સુ૦ ૧૫ ને સોમવારે પાટણમાં દોશી શંકર વીશા પોરવાડની પત્ની વહાલીએ બનાવેલ ભ૦ હીરવિજયસૂરિની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

(–પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨, લે૦ નં. ૫૨૧)

ભ૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૬૪ના ફા૦ સુ૦ ૮ ને શનિવારે પાટણમાં શ્રાવિકા વહાલીએ બનાવેલ ભ૦ વિજયસેનસૂરિની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

(–પ્રા૦ જૈ૦ લે૦ ભા. ૨, લે૦ નં૦ ૫૨)

તપાગચ્છના ગીતાર્થોએ સં૦ ૧૬૬૪ના ફા૦ સુ૦ ૮ ને શનિવારે પાટણમાં શ્રાવિકા વહાલીએ બનાવેલ યુવરાજ આ૦ વિજયદેવસૂરિની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

(–પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨, લે૦ નં૦ ૫૧૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભટ્ટા૦ વિજયહીરસૂરિ-પટ્ટાલંકાર ભટ્ટા૦ વિજયસેનસૂરિ—પટ્ટાલંકાર ભ૦ વિજયદેવસૂરિની આજ્ઞાથી પં૦ જયવિજયગણીએ સં૦ ૧૬૮૨ના વૈ૦ સુ૦ ૧૦ ને સોમવારે માંડવગઢના વીશા ઓશવાલ સપટદેએ બનાવેલ ભ૦ મલ્લિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

(–તા૦ ૩–૮–૧૯૭૭ના રોજ માંડવગઢમાંથી નીકળેલી ૯ પ્રતિમામાંથી એક પ્રતિમા ઉપરનો લેખ – લેખ નં૦ ૧૫)

તેમણે કન્નડના બીજાપુરમાં પ્રતિષ્ઠા કરાવી હતી તેનો લેખ આ પ્રકારે મળે છે—

"दक्षिणस्यां च कनडीबीजापुरे पुरे तथा प्रतीच्यां
च कच्छदेशे प्रतिष्ठा येन निर्ममे" ॥ १९ ॥

( — વિજયપ્રશસ્તિ – વિજયદીપિકા ટીકા — )

તેમણે સં૦ ૧૭૦૫ના ફા૦ વ૦ ૬ ને બુધવારે સિરપુરમાં અંતરીક્ષ પાર્શ્વનાથના જિનાલયમાં અંજનશલાકા કરાવી હતી.

ભ૦ વાસુપૂજ્યની ધાતુ પ્રતિમા ઉપર આ પ્રમાણે પ્રતિમાલેખ મળે છે—

**"संवत् १७०९ वर्षे फागण वदि ६ बुधे श्रीमदवरङ्गबाद-वास्तव्य-प्राग्वाटज्ञातीय-द्रम (?) शाखायां सा० अमीचन्दभार्या बाइ इन्द्राणीनाम्न्या स्वकुट(टु)म्बश्रेयसे स्वकारितप्रतिष्ठायां श्री वासुपूज्यजिनबिम्बं कारितं प्रतिष्ठितं च तपागच्छाधिराज श्री विजयसेनसूरीश्वरपट्टालंकारभट्टारक श्रीश्रीश्री विजयदेवसूरिभिः श्री अन्तरीक्ष पार्श्वनाथप्रतिमालंकृत श्री सिरपुरनगरे ॥ शुभं भवतु ॥ श्री ॥**

— વિ૦ સં૦ ૧૭૦૫ના ફાગણ વદિ ૬ ને બુધવારે ઔરંગાબાદના વતની, પોરવાડ જ્ઞાતિના, દ્રમ (?) શાખાના અમીચંદની પત્ની ઇંદ્રાણી નામની બાઈએ પોતાના કુટુંબના કલ્યાણ માટે પોતે કરાવેલી પ્રતિષ્ઠામાં શ્રી વાસુપૂજ્ય ભગવાનનું બિંબ કરાવ્યું અને તપાગચ્છાધિરાજ શ્રી વિજયદેવસૂરિએ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવાનની પ્રતિમાથી અલંકૃત સિરપુરનગરમાં તેની પ્રતિષ્ઠા કરી.

(–મુનિ શ્રી. જંબૂવિજયજી, 'અંતરીક્ષ પાર્શ્વનાથ' જૈન આત્માનંદ પ્રકાશ પા૦ ૯૯)

મહો૦ ભાવવિજયજીગણીએ સં૦ ૧૭૧૫ના ચૈત્ર સુ૦ ૬ ને રવિવારે અંતરીક્ષ પાર્શ્વનાથના દેરાસરના ભોંયરામાં બે મણિભદ્ર-વીરની સ્થાપના કરી તથા ભોંયરામાં (૧) ભ૦ વિજયદેવસૂરિ પાદુકા અને (૨) પં૦ ભાવવિજયગણીએ પાદુકાની પ્રતિષ્ઠા કરી.

મહો૦ ભાવવિજયજીગણીએ સં૦ ૧૭૦૮ના આ૦ સુ૦ ૧૦ના રોજ વિજાપુરમાં વિજયાનંદસૂરિ રાજ્યમાં 'ચંપકમાલાચરિત્ર' રચ્યું.

આ૦ વિજયદેવસૂરિ સં૦ ૧૬૭૧ના જેઠ સુદિ ૧૧ના રોજ પાટણમાં ગચ્છનાયક ભટ્ટારક બન્યા, પરંતુ સં૦ ૧૬૭૩ના પોષ સુદિ ૧૨ ને બુધવારે સિરોહીમાં તપાગચ્છમાં નવો 'ઉપાધ્યાયમત' નીકળ્યો. તેના ગચ્છનાયક ભ૦ વિજયતિલકસૂરિ થયા.

ભ૦ વિજયસેનસૂરિએ આ૦ વિજયદેવસૂરિને પંન્યાસ, ઉપાધ્યાય, આચાર્ય, અને ભટ્ટારક બનાવ્યા હતા. ખંભાતમાં સં૦ ૧૬૫૬માં ૭૦૦ મુનિવરો વગેરે ચતુર્વિધ સંઘની હાજરીમાં આચાર્ય બનાવ્યા હતા. તે સૌની સમ્મતિથી પોતાની પાટે ગચ્છનાયક તરીકે સ્થાપન કર્યા હતા.

આથી ભટ્ટારક વિજયસેનસૂરિના પિતા સ્થવિર પં૦ (ઉ૦) કમલવિજયગણી, બીજા પં૦ કમલવિજયગણી, મહો૦ કલ્યાણવિજય-ગણી, ઉપા૦ ઉદ્દ્યોતવિજયગણી, ઉપા૦ નયવિજયગણી, ઉપા૦ રાજ-વિજયગણી, તપાગચ્છની વિજયશાખા, સાગરશાખા, વર્ધનશાખા, સૌભાગ્યશાખા, કુશલશાખા, વિમલશાખા વગેરેના ગીતાર્થો વગેરે ભટ્ટા૦ વિજયદેવસૂરિને ખરા ગચ્છનાયક માનતા હતા અને તેમના પક્ષમાં રહ્યા હતા.

ત્યારથી તપાગચ્છમાં બે મતો ચાલ્યા. તે બંને વચ્ચે સંઘર્ષ ચાલુ થયો; પરંતુ ભટ્ટા૦ વિજયદેવસૂરિને પોતાની જવાબદારીનું પૂરું ભાન હતું. આથી તેમણે પોતાનું વિહારક્ષેત્ર વિશાળ બનાવ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓ જૈનધર્મની સેવામાં જ મસ્ત હતા.

તેમનો વિહાર અને ધર્મકાર્યોની નોંધ—

ભ૦ વિજયસેનસૂરિના પટ્ટધર ભ૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૧૩ના પોષ વદિ ૫ ને શુક્રવારે પાટણના મણિયાતી પાડામાં ઉજમચંદ, મૂલચંદ, લલ્લુચંદ અને મગનચંદના ઘરદેરાસરમાં પાટણના વીશા-શ્રીમાલી શા. ધનજીની પત્ની ચરણુના પુત્ર શા૦ સંતોષીએ બનાવેલ ભ૦ ઋષભદેવની સ્ફટિકની જિન પ્રતિમાના પરિકરની પ્રતિષ્ઠા કરી હતી. ( આ ઘર દેરાસરમાં સુંદર કોરણી કરેલી છે. )

( —પ્રા૦ જૈ૦ લે૦ ભા. ૨, લેખાંક : ૫૩૨ )

આચાર્યશ્રીએ આ ઉત્સવમાં પં૦ કનકવિજયજીને ઉપાધ્યાયપદવી અર્પણ કરી.

મહાતપા — આ૦ વિજયદેવસૂરિ સં૦ ૧૬૭૩માં ખંભાતમાં ચાતુર્માસ માટે પધાર્યા હતા પણ બા૦ જહાંગીરના આમંત્રણથી તેઓ માંડવગઢ પધાર્યા. બાદશાહે આચાર્યશ્રીની જીવનચર્યા જોઈ–જાણીને તેમને ત્યાં મહાતપાનું બિરુદ આપ્યું.

ભ૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૭૪ના મ૦ વ૦ ૧ ને ગુરુવારે પુષ્યનક્ષત્રમાં નાડલાઈ તીર્થમાં ભ૦ આદિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

( —પ્રા૦ જૈ૦ ભા. ૨, લે૦ લેખાંક : ૩૩૯ )

ભ૦ વિજયદેવસૂરિએ અને પં૦ કુશલસાગરગણીએ સં૦ ૧૬૭૫ના મહા૦ સુ૦ ૪ ને શનિવારે આરાસણ તીર્થમાં ભ૦ નેમિનાથ જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવી પ્રતિષ્ઠા કરી.

ભ૦ વિજયદેવસૂરિ તથા પં૦ કુશલસાગરગણીએ સં૦ ૧૬૭૫ના મ૦ સુ૦ ૪ ને શનિવારે આરાસણ તીર્થમાં અમદાવાદના વીશા શ્રીમાલી શા રંગાની પત્ની કીલાટી, તેના પુત્ર લહુઆ, તેના પુત્ર મનિયા, તેના પુત્ર હીરજીએ ભરાવેલી ભ૦ આદિનાથની જિનપ્રતિમાની તેમજ ભ૦ પાર્શ્વનાથની જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

( —પ્રા૦ જૈ૦ લે૦ ભા. ૨, લે૦ ૨૭૭, ૨૯૩ )

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

સં૦ ૧૬૭૬ના વૈ૦ વ૦ ૯ ને શુક્રવારે શ્રી શત્રુંજયતીર્થમાં આદિનાથના મોટા જિનપ્રાસાદ પાસે એક દેરીમાં શ્રીમાલી મંત્રી વાછાએ શેઠ ભણુશાલી શિવજીની મદદથી ભ૦ વિજયદેવસૂરિની નિશ્રામાં પોતે પ્રતિષ્ઠા કરી.

( -પ્રા૦ જૈ૦ લે૦ ભા. ૨, લે૦ નં૦ ૨૫ )

દેવવાણી — ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૭૬માં સાબલીમાં ચાતુર્માસ કર્યું. તેમણે વિજયાનંદસૂરિનો પક્ષ અને સાગરમતવાલા વચ્ચેના કલેશથી દુઃખ પામી ઉપાય શોધવા સૂરિમંત્રનો જાપ તથા ધ્યાન કર્યું. સૂરિમંત્રના અધિષ્ઠાયકદેવે ભટ્ટારકને જણાવ્યું કે, ‘ આપના પછી થનાર ભટ્ટારકનો જન્મ થયો છે. હજી દીક્ષા થઈ નથી. દીક્ષા લઈ યોગ્ય સમયે ગચ્છનાયક ભટ્ટારક બનશે તો હમણાં ભાવી ગચ્છનાયકનો વિચાર કરવો નહીં. છતાં હાલ ઉપા૦ કનકવિજયગણીને આચાર્ય બનાવો તેથી શાસનને લાભ જ થશે. તેઓ ત્યાગી, સંયમી, સંવેગી અને ગીતાર્થ છે. સાધુ-સાધ્વીઓ માટે યોગ્ય સમયે શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરશે.’

( ભટ્ટારક વિજયપ્રભસૂરિનો સં૦ ૧૬૭૩ના મ૦ સુ૦ ૧૧ના જન્મ થયો અને સં૦ ૧૬૮૬માં દીક્ષા થઈ. )

ભટ્ટા૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયસિંહસૂરિએ ( ઉપા૦ કનકવિજયગણીએ,) સં૦ ૧૬૭૭ના મ૦ સુ૦ ૫ ને રવિવારે ખંભાતમાં ખંભાત માટે ભ૦ પાર્શ્વનાથ તથા ગંધાર માટે ભ૦ પાર્શ્વનાથ તથા ભ૦ મુનિસુવ્રતસ્વામીની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી.

( –પ્રા૦ જૈ૦ લે૦ ભા. ૨, લે૦ નં૦ ૪૫૭, ૪૫૮, ૪૫૯ )

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૭૭ના વૈ૦ સુ૦ ૩ ના રોજ મેડતામાં પ્રતિષ્ઠા ઉત્સવમાં મેડતા માટે ભ૦ મુનિસુવ્રતસ્વામી તથા સમદડિયા શા ......ઓશવાલની ભ૦ મુનિસુવ્રતસ્વામીની બીજી જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

( –પ્રા૦ જૈ૦ લે૦ ભા. ૨, લે૦ નં. ૪૩૯, ૪૪૦ )

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૭૭ના વૈ૦ સુ૦ ૭ ને બુધવારે સાબલીમાં ગીતાર્થો, સાધુ-સાધ્વીઓ માટે ૫૮ બોલનો પટ્ટક બનાવ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભટ્ટા૦ વિજયદેવસૂરિના આજ્ઞાવર્તી પં૦ જયવિજયગણીએ સં૦ ૧૬૭૮માં માલપુરામાં ભ૦ ચંદ્રપ્રભની પ્રતિમાના પરિકરની અને સં૦ ૧૬૯૦માં માલપુરામાં જગદ્ગુરુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૭૯માં ખંભાતથી શાંતિદાસ ઝવેરી ઉપર વાસક્ષેપ મોકલી અમદાવાદમાં પં૦ મુક્તિસાગરગણીને ઉપાધ્યાય બનાવ્યા.

ભટ્ટા૦ વિજયદેવસૂરિની આજ્ઞાથી પં૦ જયસાગરગણીએ સં૦ ૧૬૮૧ના પ્ર૦ ચૈ૦ વ૦ ૫ ને ગુરુવારે જાલોરમાં શા૦ જેતા મુણોત ઓશવાલ જૈનની પત્ની જસમાદેના પુત્ર શા૦ જયમલ મુણોત ( પત્ની સોહણદે )ની ભ૦ આદિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

( —પ્રા૦ જૈ૦ લે૦ ભા. ૨, લે૦ નં૦ ૩૫૮ )

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ અને ભ૦ વિજયાનંદસૂરિએ સં૦ ૧૬૮૧ના ચૈ૦ સુ૦ ૯ ને રવિયોગમાં અમદાવાદમાં કાળુપુરના જૈન ઉપાશ્રયમાં તપાગચ્છના શ્રમણોનું સમ્મેલન કર્યું.

જો કે તે સમ્મેલન નિષ્ફળ નિવડ્યું પરંતુ ભટ્ટા૦ વિજયદેવસૂરિએ ત્યારે ઉપા૦ કનકવિજયને આચાર્ય બનાવવાની વાત મૂકી અને સૌની સંમતિ લીધી.

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૮૧ના વૈ૦ સુ૦ ૬ અથવા સં૦ ૧૬૮૨ના મ૦ સુ૦ ૬ ના રોજ ઈડરમાં શા૦ સહજૂએ કરેલા પદવી-મહોત્સવમાં ઉપા૦ કનકવિજયગણીને આચાર્ય બનાવી પોતાના યુવરાજ તરીકે સ્થાપન કર્યા અને તેમનું નામ વિજયસિંહસૂરિ રાખવામાં આવ્યું.

( —પટ્ટા૦ સ૦ ભા. ૧, પૃ૦ ૯૩ )

ભટ્ટા૦ વિજયદેવસૂરિના સમયમાં મહો૦ વિવેકહર્ષગણી અને મહો૦ મુક્તિસાગરગણી ( ઉપા૦ રાજસાગરગણી )એ સં૦ ૧૬૮૨માં અમદાવાદના બીબીપુરામાં શેઠ શાંતિદાસ ઝવેરીએ ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથના વિશાળ અને ભવ્ય જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી.

ભટ્ટા૦ વિજયદેવસૂરિ તથા આ૦ વિજયસિંહસૂરિએ સં૦ ૧૬૮૩ ના અ૦ વ૦ ૪ ( જે૦ વ૦ ૪ )ને ગુરુવારે જાલોરમાં ભ૦ ધર્મનાથની

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

જિન પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. સં૦ ૧૬૮૩નું ચાતુર્માસ જાલોરમાં કર્યું.

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૮૪ના મહા સુદિ ૧૦ ને સોમવારે જાલોરમાં મંત્રી જયમલ મુણોતે કરેલ વંદના મહોત્સવમાં આ૦ વિજયસિંહસૂરિને ભટ્ટારક બનાવી પોતાની પાટે ગચ્છનાયક તરીકે સ્થાપન કર્યા અને તેમને ગચ્છની અનુજ્ઞા આપી. એટલે ભ૦ વિજય-સિંહસૂરિને ગચ્છનાયક બનાવ્યા અને બંને આચાર્યોએ મેડતાના સં૦ શામકરણ માટે ભ૦ કુંથુનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

( –પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨, લે૦ નં૦ ૩૫૯, ૪૩૭ )

**કમલદલની પ્રતિષ્ઠા**—ભટ્ટા૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજય-સિંહસૂરિએ સં૦ ૧૬૮૫ના આસો વદિ ૪ ને ગુરુવારે સિરોહીમાં શા૦ પૂંજા અને ઉછરંગદેના પુત્ર સંઘપતિ તેજપાલ પોરવાડના ભ૦ પાર્શ્વનાથના સમવસરણના કમલદલની પ્રતિષ્ઠા કરી અને સં૦ ૧૬૮૫માં સિરોહીમાં ચાતુર્માસ કર્યું.

( –જૈનયુગ–નવું વર્ષ : ૩, અંક ત્રીજો )

મેડતાના રાણા જગતસિંહે સં૦ ૧૬૮૯ના પો૦ વ૦ ૮ના રોજ ભટ્ટા૦ વિજયદેવસૂરિના ઉપદેશથી વરકાણા તીર્થના મેળામાં મહેસૂલ માફ કર્યું.

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ તથા વિજયસિંહસૂરિએ સં૦ ૧૬૮૬ના વૈ૦ સુ૦ ૮ના રોજ પાલીમાં મેડતામાં સુરાણા કર્મણ તથા તેની માતાની ભરાવેલ ભ૦ સુમતિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

( –પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨, લે૦ ૪૪૨ )

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૮૬માં સાદડીમાં ઉદયપુરના રાણા કર્ણસિંહની સભામાં ગીતાર્થોને મોકલી લોંકાગચ્છવાળાઓને શાસ્ત્રમાં હરાવ્યા.

( –પટ્ટા૦ સ૦ ભા. ૧, પૃ૦ ૬૩ )

પાલી—સં૦ ૧૬૮૬ના વૈ૦ સુ૦ ૮ ને શનિવારે પુષ્ય નક્ષત્ર અને અતિપુષ્યયોગમાં જોધપુરનરેશ ગજસિંહ, યુવરાજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમરસિંહના પ્રસાદપાત્ર પાલીરાજ જગન્નાથ સોનગરા ચૌહાણના રાજ્યમાં પાલીમાં પાલીના શ્રીમાલી ચંડાલેચા શા૦ મોહિલ, તેની પત્ની સૌભાગ્યદેના પુત્રો શા૦ ડુંગર અને ભાખર એ બંને ભાઈઓએ ૨૪ દેરીવાલા નવલખા પાર્શ્વનાથ જિનપ્રાસાદનો સવા પાંચ હજાર ખરચી મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો અને તેની ભટ્ટા૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયસિંહસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી. તેમાં ભ૦ પાર્શ્વનાથ તથા ભ૦ મહાવીરસ્વામીની જિન-પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી ૨૪ દેરીઓમાં ૨૪ જિનેશ્વરોની પ્રતિમાઓ ભરાવી સ્વર્ણ કળશ–ધજા–દંડ અને ધ્વજા ચડાવ્યાં.

(–પ્રા૦ જૈ૦ લે૦ ભા. ૨, લે૦ નં૦ ૩૯૩, ૩૯૪, ૩૯૫)

આ જિનપ્રતિમા આજે પાલીના લોઢાવાસના ભ૦ શાંતિનાથના જિનપ્રાસાદમાં મૂળનાયક તરીકે વિરાજમાન છે.

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ અને આ૦ વિજયસિંહસૂરિએ સં૦ ૧૬૮૬ના વૈ૦ સુ૦ ૮ ને શનિવારે પાલીમાં મોટી અંજનશલાકા કરી હતી. તેમાં આગરાનિવાસી કુહાડ ગોત્રના શા૦ જસવંત ઓશવાલે ભટ્ટા૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયસિંહસૂરિના ઉપદેશથી ભ૦ પાર્શ્વનાથની જિનપ્રતિમા ભરાવી અને વીધર ગામના જૈન સંઘે વીધર ગામના જિનપ્રાસાદને બીજે માળે શિખરમાં ભ૦ વિજયદેવ-સૂરિ અને આ૦ વિજયસિંહસૂરિના હાથે આ પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

(–પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨, લે૦ નં૦ ૩૯૯)

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૮૬ (હિંદી સં૦ ૧૬૮૭)ના જેઠ સુદિ ૧૧ ને ગુરુવારે ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

(–પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨, લે૦ નં૦ ૩૬૬)

તેમણે સં૦ ૧૬૮૬માં મેડતામાં ચાતુર્માસ કર્યું. બંને મહાતપા આચાર્યોએ સં૦ ૧૬૮૬ના પ્ર૦ અ૦ વ૦ ૫ ને શુક્રવારે જાલોરમાં જોધપુરનરેશ ગજસિંહે સકલ રાજ્યવ્યવહારમાં નિયુક્ત કરેલ અને જેતા મુહણોતના પુત્ર મંત્રી જયમલ મુહણોતે જાલોરમાં મોટો પ્રતિષ્ઠા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહોત્સવ કર્યો, તેમાં ઘણી જિનપ્રતિમાઓની અંજનશલાકા કરી.

મહાતપા ભટ્ટા૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયસિંહસૂરિએ તેમાંની (૧) ભ૦ પદ્મપ્રભ તથા (૨) ભ૦ શાંતિનાથની પ્રતિમાને ઉદયપુરના રાણા જગતસિંહના રાજ્યમાં નાડૂલના રાજવિહારમાં બિરાજમાન કરી.

(—પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨, લે૦ નં૦ ૩૬૬, ૩૬૭)

શાસ્ત્રાર્થ—બંને આચાર્યોએ સં૦ ૧૬૮૭માં સુરતમાં નવાબ માજર મલિકની રાજસભામાં પોતાના સાધુઓને મોકલી 'સર્વજ્ઞશતક'ની પ્રામાણિકતા અંગે શાસ્ત્રાર્થ કર્યો અને તેમાં વિજય પ્રાપ્ત કર્યો.

બંને આચાર્યોએ સં૦ ૧૬૮૭ થી સં૦ ૧૬૯૪ સુધી એટલે સાત વર્ષ સુધી વિજાપુર અને કન્નડ પ્રદેશમાં વિહાર તથા ચોમાસાં કર્યાં, ત્યારે તેઓએ ત્યાં સાત જિનપ્રતિષ્ઠાઓ કરી. વિજાપુરમાં ચાર ચોમાસાં, અવરંગાબાદમાં એક ચોમાસું કર્યું, અને ખાનદેશના બુરહાનપુરમાં ચાર ચાતુર્માસ પસાર કર્યાં.[1]

વિજાપુરના બા૦ ઈદલશાહે ગચ્છનાયકને વિજાપુરમાં ઘણા દિવસો સુધી વિનંતી કરી રોકયા હતા અને તેઓ રહ્યા ત્યાં સુધી ગોવધ વગેરે હિંસા બંધ કરાવી હતી. આથી જૈન શાસનની પ્રભાવના થઈ હતી. ગચ્છનાયકે વીજાપુરના સંઘ સાથે સમુદ્ર કિનારે કરાડ પાર્શ્વનાથ અને કલિકુંડ પાર્શ્વનાથ વગેરે યાત્રાઓ કરી.

બુરહાનપુરમાં કિસનગઢથી વિજ્ઞપ્તિ—ગચ્છનાયકે બુરહાનપુરમાં આંતરે આંતરે બે બે ચોમાસાં કર્યાં હતાં અને બુરહાનપુરના સંઘ

---

૧. બુરહાનપુરના એક ચોમાસામાં ઉપા૦ અમરચંદ્ર, ઉપા૦ લાવણ્યવિજય, મહો૦ સોમવિજયની પરંપરાના પં૦ ભીમવિજય, પં૦ ઉત્તમવિજય, શાંતિવિજય, લક્ષ્મીવિજય વગેરે ચોમાસું હતા.

(—તા. ૨૯-૧૨-૧૯૬૨. જૈન, વર્ષ : ૬૧, ખંડ ૬૦ મો)

તે સાલ કિસનગઢમાં તેમના આજ્ઞાધારક પં૦ નયવિજય, પં૦ હરિતવિજય, પં૦ ઋદ્ધિવિજય, ઉદયવિજય (વિજયસિંહસૂરિના શિષ્ય), મુક્તિવિજય (વિજયપ્રભસૂરિના શિષ્ય) હતા, તેમણે શ્રા૦ સુ૦ ૫ ના રોજ વિજ્ઞપ્તિપત્ર મોકલ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાથે અંતરીક્ષજી તીર્થ, માણેકસ્વામી તીર્થ, તિલંગનું ગોલકુંડી પાસેનું ભાગ્યનગર વગેરે સ્થળે પધાર્યા હતા. અને ત્યાં ભાગ્યનગરના બાદશાહ કુતુબશાહને ઉપદેશ આપ્યો હતો. તેની રાજસભામાં ભટ્ટોની સાથે શાસ્ત્રાર્થ કરી તેમને હરાવી જૈનધર્મનો સારો પ્રચાર કર્યો હતો.

આથી ભટ્ટોને ગચ્છનાયક ઉપર બહુમાન થયું હતું. બાદશાહ પ્રતિબોધ પામ્યો હતો. બંને આચાર્યોએ સં૦ ૧૬૮૭માં વિજાપુરમાં શા૦ દેવચંદની પહેલી જિનપ્રતિષ્ઠા કરી હતી અને ત્યાં જ ચોમાસું કર્યું હતું. શા૦ દેવચંદે પ્રતિષ્ઠા ઉત્સવમાં સોળ હજાર રૂપિયા ખરચ્યા હતા અને તેણે સં૦ ૧૭૦૧માં વિજાપુરની બીજી પ્રતિષ્ઠામાં આઠ હજાર રૂપિયા આપ્યા હતા. ગચ્છનાયકે આ પ્રતિષ્ઠા ઉત્સવમાં જ મુનિ વીરવિજયગણીને પંન્યાસપદવી અર્પણ કરી.

ભટ્ટારક વિજયદેવસૂરિ કુલ્પાકજી પધાર્યા. ઉલ્લેખ મળે છે કે પં૦ કૃષ્ણવિજયગણી તેમની સાથે હતા. તેમણે કુલ્પાકમાં 'કુલ્પાકમંડન ઋષભદેવ જિન સ્તવન' કડી : ૨૧ રચ્યું હતું.

(—જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : ૮૮)

जैन साइट
JAINSITE .com
जैनम् जयति शासनम्

મહો૦ ધર્મસાગરગણી લખે છે કે, ભ૦ વિજયદેવસૂરિએ ઔરંગાબાદમાં ચોમાસું કર્યું, બીજો એવો ઉલ્લેખ મળે છે કે, ભ૦ વિજયદેવસૂરિ ઔરંગાબાદમાં ચોમાસું હતા ત્યારે મુનિ વિનીતવિજય તેમની સાથે હતા.[1]

(—શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨, પ્ર૦ નં૦ ૭૬૧)

પદવીઓ — ગચ્છનાયકે દક્ષિણમાં એક નવા ઉપાધ્યાય અને ૮૦ પંન્યાસો બનાવ્યા હતા. પછી તેઓ ગુજરાતમાં પધાર્યા. તેમણે ત્યાં સં૦ ૧૬૯૩ના ફા૦ સુ૦ ૩ના રોજ મોટી જિનપ્રતિષ્ઠા કરી હતી. તેમના ઉપદેશથી ત્યાં ઘણી જિનપ્રતિમાઓ બની હતી અને તેની

---

૧ સંભવ છે કે, તેઓ સં૦ ૧૬૯૬માં નહીં પણ સં૦ ૧૬૮૬માં ઔરંગાબાદમાં ચોમાસુ હોય, કેમકે તેઓ સં૦ ૧૬૮૭ થી ૧૬૯૪ સુધી દક્ષિણમાં વિચર્યા હતા અને સં૦ ૧૬૯૯માં તો ઉદયપુરમાં ચોમાસુ હતા.

બીજી વિચારણીય વસ્તુ એ છે કે, બા૦ ઔરંગઝેબે સં૦ ૧૭૦૭માં ઔરંગાબાદ વસાવ્યું હતું. તો સંભવ છે કે, ગચ્છનાયક તે શહેરની જૂની વસ્તીવાળા ગામમાં ચોમાસું રહ્યા હોય. દક્ષિણમાં વરંગલ ગામ છે તેનું પ્રાચીન નામ ઉરંગલ છે

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

અંજનશલાકા કરી તે પછી તેઓ વિહાર કરી ગયા. બંને આચાર્યોએ સં૦ ૧૬૯૫માં માંડવગઢમાં ચોમાસું કર્યું હતું. તે પછી પાયચંદ-ગચ્છના આ૦ જયચંદ્રે કર્મવાસમાં કોઈ કોઈની પ્રતિષ્ઠા કરી હતી.

(–પ્રક૦ ૫૩ 'પાયચંદમત')

આ જ સમયે સં૦ ૧૬૯૬ના વૈ૦ સુ૦ ૫ ને રવિવારે તેમની (ભટ્ટારકની) આજ્ઞા મેળવી તેમના શિષ્યોના હાથે દીવબંદરના સંઘવી ગોવિંદજીએ શત્રુંજયતીર્થમાં મોટો નવો જિનપ્રાસાદ બનાવી તેમાં તેમના શિષ્યોના હાથે ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી.

તેમણે સં૦ ૧૬૯૭માં વિન્ધ્યનગર (વીજાનગર–ગોલવાડ)માં જિનપ્રતિષ્ઠાઓ કરી અને ભ૦ વિજયદેવસૂરિ વિન્ધ્યનગરમાં તથા આ૦ વિજયસિંહસૂરિએ ઉદયપુરમાં ચોમાસું કર્યું અને રાણાને ઉપદેશ આપી વરકાણા તીર્થના મેળામાં કર, જકાત માફ કરાવ્યાં.

પછી સં૦ ૧૬૯૮માં અમણોરમાં પ્રતિષ્ઠા દેલવાડામાં ૧ પ્રતિષ્ઠા તથા નાંહીગગામ (ગોગુંદા)માં પ્રતિષ્ઠા અને આઘાટમાં ૧ પ્રતિષ્ઠા એમ પાંચ પ્રતિષ્ઠાઓ કરી હતી તથા મેડતામાં બે જિનપ્રતિષ્ઠાઓ કરી હતી.

સં૦ ૧૬૯૮–૯૯માં ઉદયપુરમાં ચોમાસુ કરી રાણા જગતસિંહને ઉપદેશ આપી તેને જિનપૂજાપ્રેમી બનાવ્યો તથા તેની પાસે ઘણી અહિંસા પળાવી.

સં૦ ૧૭૦૦માં શેઠ શાંતિદાસ ઝવેરીએ ભટ્ટા૦ વિજયાનંદસૂરિ-ગચ્છના ગીતાર્થોને હાથે અમદાવાદના બીબીપુરામાં ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી હતી.

કમલદલ પ્રતિષ્ઠા — ભટ્ટા૦ વિજયદેવસૂરિ તથા આ૦ વિજયસિંહ-સૂરિની આજ્ઞાથી ઉપા૦ સપ્તમચંદ્રગણી (સકલચંદ્રગણી – આલમ-ચંદ્રગણી)એ સં૦ ૧૭૦૦ના મ૦ સુ૦ ૧૨ ને રોજ પાલીમાં જોધ-પુરમાં જયરાજ મુહણોતના કમલદલવાળા ૨૪ જિનસમવસરણની પ્રતિષ્ઠા કરી.

(–પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨, લે૦ નં૦ ૩૯૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંને આચાર્યોએ સં૦ ૧૭૦૦માં પાલીમાં ચોમાસું કર્યું. આ૦ જિનસિંહે સં૦ ૧૭૦૧માં મેડતામાં આગરા નિવાસી મણિબેનની ભરાવેલ જિનપ્રતિમાની ભગવાનની પ્રતિષ્ઠા કરી.

આ૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૭૦૨માં મેડતામાં જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી ચોમાસું કર્યું અને સં૦ ૧૭૦૩માં જાલોરમાં કર્યું. પછી તેઓ ત્યાંથી વિહાર કરી આબુની યાત્રાએ પધાર્યા. આ૦ વિજયસિંહસૂરિ પણ ત્યાં આવી મળ્યા. આ દરમિયાન ભ૦ વિજયદેવસૂરિ, આ૦ વિજયસિંહસૂરિ, પં૦ સત્યવિજય, પં૦ વીરવિજય, મહો૦ વિનયવિજયગણી, મહો૦ ભાવવિજયગણી પરસ્પર મળ્યા. સૌએ સંવેગી ક્રિયોદ્ધાર કરવાનો નિર્ણય કર્યો અને સૌ ભ૦ વિજયદેવસૂરિની આજ્ઞામાં રહી સંવેગી બને એવી ગોઠવણ કરી.

જો આ૦ વિજયસિંહસૂરિ ક્રિયોદ્ધાર કરી સંવેગી બને તો પં૦ સત્યવિજયગણીને ગચ્છનાયક બનાવવા અને તે પણ સંવેગી બને તો પં૦ વીરવિજયને ગચ્છનાયક બનાવવા. આવી વ્યવસ્થા ગોઠવી હતી.

આ મુલાકાતમાં એક પ્રસંગે પં૦ વીરવિજયગણીએ મહો૦ વિનયવિજયજીને બાલોચિત ભાષામાં કહ્યું કે, ‘ આપ જ્ઞાની છો, સાચા–ખોટાની પરખ છે, ભ૦ વિજયદેવસૂરિને મહાન્ માનો છો પણ તેમની આજ્ઞામાં નથી એનું કારણ સમજાતું નથી.’ મહો૦ વિનયવિજયજી-ગણીએ ‘ઇંદુદૂત’ના શ્લો૦ ૧૨૫–૧૨૬ની ત્યારે યાદ આપી હતી.

બંને આચાર્યોએ સં૦ ૧૬૦૪માં ઇડરમાં ચોમાસું કર્યું, અહીં પાટણની શ્રાવિકા અવંતીએ ભરાવેલી પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. આ પ્રતિષ્ઠા ઉત્સવમાં ૬૪ ઇંદ્રોના જન્માભિષેક વગેરે મોટો વિધિ કરવામાં આવ્યો હતો.

બંને આચાર્યો તથા મહો૦ ભાવવિજયજીગણી સં૦ ૧૭૦૫માં પાટણના છ’રી પાળતા યાત્રાસંઘ સાથે શ્રી અંતરીક્ષજી તીર્થની યાત્રાએ પધાર્યા. ભટ્ટા૦ વિજયદેવસૂરિએ અહીં સં૦ ૧૭૦૫ના ફા૦ વ૦ ૬ ને બુધવારે ઔરંગાબાદના શા૦ અમીચંદ વીશા પોરવાડની પત્ની ઇંદ્રાણીએ ભરાવેલ જિનપ્રતિમાઓની અંજનશલાકા કરી અને પાટણ તથા દક્ષિણના સંઘને અંતરીક્ષ પાર્શ્વનાથના જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરવાનો ઉપદેશ આપ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેનું જીવન પવિત્ર છે એવી શ્રાવિકા ફૂલાંએ શત્રુંજય ગિરનાર વગેરે મોટાં તીર્થોનો સંઘ કાઢી સંઘવણનું તિલક ધારણ કર્યું, સં૦ ૧૭૦૫ના વૈ૦ સુ૦ ૨ના રોજ ખંભાતમાં સંઘવણ ફૂલાંબાઈએ બંને આચાર્યોને 'વિવાગસુત્ત' તથા 'અણુત્તરોવવાઈસુત્ત'ની પ્રતિઓ વહોરાવી.

(—શ્રી. પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨, પ્ર૦ નં૦ ૭૬૦ તથા ભાંડારકર ઇન્સ્ટીટ્યૂટ જૈ૦ પ્ર૦ સં૦ ભા૦ ૧, પ્ર૦ નં૦ ૧૫૨)

તેમણે સં૦ ૧૭૦૫માં ખંભાતમાં ચોમાસું કર્યું. આ૦ વિજયસિંહસૂરિએ સં૦ ૧૭૦૬(૧૭૧૧)ના મહા સુદિ ૧૩ ને ગુરુવારે પુષ્ય નક્ષત્રમાં—શ્રવણનક્ષત્રમાં પાટણમાં ગુરુનિશ્રામાં સંવેગી સાધુ—સાધ્વી યોગ્ય આઠ બોલનો પટ્ટક બનાવ્યો. બંને આચાર્યોએ સં૦ ૧૭૦૬માં પાટણમાં ચોમાસું કર્યું અને સં૦ ૧૭૦૭માં અમદાવાદમાં ચાતુર્માસ કર્યું.

આ૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૭૦૮માં ખંભાતમાં ચોમાસું કર્યું. આ૦ વિજયસિંહસૂરિએ ગુરુદેવની આજ્ઞાથી સં૦ ૧૭૦૮ના અષાડ સુદિ ૨ના રોજ અમદાવાદના રાજપરા પાસે નવીનપુરામાં ૨૮ વર્ષની ઉંમરે ગીતાર્થો પાસે અતિચાર આલોવી અનશન સ્વીકારી સમાધિથી કાળધર્મ પામ્યા.

ભ૦ વિજયદેવસૂરિની આજ્ઞાથી મહો૦ ભાનુચંદ્રગણીના શિષ્ય પં૦ વિવેકચંદ્રગણીએ સં૦ ૧૭૦૯ના ફા૦ સુ૦ ૩ ને રવિવારના રોજ પાટણમાં ઓશવાલ જૈન સંઘે મેદપાટ દેશાધિરાજ રાણા જગત્‌સિંહને પ્રતિબોધદાયક આ૦ વિજયસિંહસૂરિની ચરણપાદુકા બનાવી હતી તેની પ્રતિષ્ઠા કરી.

(—પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨, લે૦ નં૦ ૫૧૪)

ભટ્ટારક—

ભ૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૭૧૦ના વૈ૦ સુ૦ ૧૦ ને શુક્રવારે પુષ્યનક્ષત્રમાં સુમુહૂર્તમાં ગંધારમાં પં૦ વીરવિજયગણીને આચાર્ય



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બનાવી તેમની પાટે સ્થાપન કર્યા અને તેમનું નામ આ૦ વિજય-પ્રભસૂરિ રાખ્યું.

આ૦ વિજયસેનસૂરિના પિતા સ્થવિર પં૦ કમલવિજયજીગણી વગેરેની સંમતિથી તેમને આચાર્ય બનાવ્યા.

તપાગચ્છના મૌલિમાણિક્ય આ૦ વિજયસિંહસૂરિના ઉપદેશથી આગરાના વીશા ઓશવાલ કુહાડ ગોત્રના શા૦ વર્ધમાન પત્ની આલ્હાદેના પુત્ર શા૦ રાયસિંહ મેડતાવાળાએ શત્રુંજય તીર્થની મોટી ટૂંકમાં ભ૦ આદીશ્વરના મોટા જિનપ્રાસાદની જમણી બાજુમાં ૧૦૦૮ જિનપ્રતિમાવાળો સહસ્રકૂટ બનાવ્યો હતો તેની મહો૦ વિનયવિજયજી ગણિવરે ભ૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયપ્રભસૂરિની આજ્ઞાથી સં૦ ૧૭૧૦ ના જે૦ સુ૦ ૧૦ ને ગુરુવારે શ્રી શત્રુંજયતીર્થમાં પ્રતિષ્ઠા કરી. આ સમયે ત્યાં પં૦ શાંતિવિજય, પં૦ દેવવિજયગણી પં૦ મેઘવિજયગણી શ્રી શત્રુંજય મહાતીર્થના કાર્યકરો હતા. તેઓએ આ કાર્યમાં મોટી મદદ આપી હતી.

(—પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨, લે૦ નં૦ ૩૧, પદ્ય ૪, ૩૬ ગદ્ય)

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

બંને આચાર્યોએ સં૦ ૧૭૧૦માં સુરતમાં ચોમાસું કર્યું.

સંવેગી — પં૦ સત્યવિજયગણીએ સં૦ ૧૭૧૧ના મહા સુ૦ ૧૩ ને ગુરુવારે પુષ્યનક્ષત્રમાં પાટણમાં આ૦ વિજયસિંહસૂરિએ દોરેલ બોલ ૪૫ના પટ્ટક પ્રમાણે ભ૦ વિજયદેવસૂરિ આ૦ વિજયપ્રભસૂરિની આજ્ઞામાં રહી ક્રિયોદ્ધાર કરી શુદ્ધ સંવેગી માર્ગ પ્રવર્તાવ્યો.

પં૦ ઋદ્ધિવિમલગણી મહો૦ વિનયવિજયગણી મહો૦ યશોવિજય-ગણી, પં૦ નયવિજયગણી વગેરે ૧૮ મુનિઓ તથા સાધ્વી શ્રી સહજશ્રી વગેરે સાધ્વીઓએ સંવેગીપણું સ્વીકાર્યું હતું. બંને આચાર્યોએ સં૦ ૧૭૧૧માં અમદાવાદમાં ચોમાસું કર્યું.

ભ૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૭૧૨ના માગશર માસમાં અમદા-વાદમાં અમદાવાદના સંઘમુખ્ય શા૦ સૂરાના પુત્ર ધનજીએ આઠ હજાર મહમ્મુદી ખરચીને કરેલ વંદના મહોત્સવમાં આ૦ વિજયપ્રભ-સૂરિને ભટ્ટારક પદવી આપી પોતાની પાટે ગચ્છનાયક સ્થાપન કર્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ઉત્સવમાં શા૦ ધનજીએ સર્વ સંઘને પહેરામણી તથા સંઘપૂજા કરી.

બંને આચાર્યોએ સં૦ ૧૭૧૨માં અમદાવાદમાં ચાતુર્માસ કર્યું. બંને આચાર્યો સં૦ ૧૭૧૩માં સોરઠમાં પધાર્યા અને દીવબંદરના ભણુશાળી રાયચંદ પ્રમુખ સંઘ સાથે શત્રુંજયતીર્થની યાત્રા કરી અને સોરઠીસંઘની વિનંતીથી ચોમાસા માટે ઉના પધાર્યા.

આ સમયે દીવમાં ફિરંગી હાકેમના હુકમથી દીવમાં સૌ ધર્માચાર્યોને ઉપદેશ આપવાનો પ્રતિબંધ ચાલુ હતો. આચાર્યોએ અમલદારોને ઉપદેશ દ્વારા સમજાવી દીવમાં સૌને ધર્મોપદેશ આપવાની છૂટ અપાવી.

બંને આચાર્યોએ સં૦ ૧૭૧૩નું ચાતુર્માસ ઉનામાં કર્યું.

સ્વર્ગવાસ — ભ૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૭૧૩ના અષાડ સુદિ ૧૧ના રોજ પ્રાતઃકાળે ઉનામાં ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ પાસે નિર્યામણા કરી, આરાધના કરી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

હવે આ૦ વિજયપ્રભસૂરિ સંઘનાયક બન્યા. સિરોહી – રાજ્યમાં બે વર્ષથી જૈન યતિઓના વિહારનો પ્રતિબંધ હતો. ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ ગચ્છનાયક બન્યા તે જ ઉત્સવમાં આ વિહાર ઉપરનો પ્રતિબંધ ઊઠી જવાના શુભ સમાચાર મળ્યા હતા.

ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ સં૦ ૧૭૧૪માં દીવમાં શા૦ નેમિદાસના છ’રી પાળતા યાત્રાસંઘ સાથે શત્રુંજયતીર્થની યાત્રા માટે પધાર્યા. શા૦ નેમિદાસે આ સંઘમાં ૮૦૦૦ મહમ્મુદિકા વાપરી હતી. ભટ્ટા૦ વિજયપ્રભસૂરિએ ત્યારથી સં૦ ૧૭૧૪ થી ૧૭૨૩ એટલે ૧૦ વર્ષ સુધી ચાતુર્માસ કર્યાં હતાં.

સંભવ છે કે, આ સમયે તપાગચ્છમાં બે શાખાઓ બની હતી પરંતુ ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સૌને પોતાના જ માની કુનેહથી તથા સંપૂર્ણ શાંતિથી કામ લઈ સંઘની એકતાને ટકાવી રાખી હતી, ભ૦ વિજયપ્રભસૂરિ તેમની નીતિ પ્રમાણે જ સંઘની રક્ષા કરવા ઉત્સુક હતા; પરંતુ ચાર વર્ષમાં જ ગુરુદેવ સ્વર્ગે ગયા. આથી તેમણે સોરઠમાં થોડાં વર્ષો પસાર કરી પછી જ ગુજરાત તરફ જવા ઉચિત ધાર્યું હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૭૦૫, સં૦ ૧૭૧૫, સં૦ ૧૭૧૭ અને સં૦ ૧૭૨૦માં બધે સ્થળે મોટા દુકાળો પડ્યા હતા. તેઓ સોરઠમાં દસ વર્ષ રહ્યા તેનું આ પણ એક કારણ હોય; પરંતુ તેમની ચરણકૃપાથી સૌ જનતાને અનાજ–પાણીની સગવડ થતી હતી.

તેમના ઉપદેશથી સં૦ ૧૭૨૧ના પોષ વદિ ૧૦ ના રોજ જૂનાગઢમાં શા૦ પાસવીર પોરવાડે આગમોનો જૈન ગ્રંથભંડાર સ્થાપન કર્યો હતો.

'ઇન્દુદૂત' વિજ્ઞપ્તિપત્ર — ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ સં૦ ૧૭૨૨–૨૩માં સુરત પધાર્યા અને મહો૦ વિનયવિજયગણીએ સં૦ ૧૭૨૩માં સુરતમાં તેમની ઉપર 'ઇન્દુદૂત કાવ્ય'ની વિજ્ઞપ્તિ પત્ર રૂપે મોકલી.

## ભટ્ટા૦ વિજયદેવસૂરિનો પરિચય —

તેઓ શાંત સ્વભાવી, અલ્પભાષી, વિદ્વાન, જ્ઞાનગંભીર, ત્યાગી, તપસ્વી, સંયમી અને સંવેગી હતા. બધા તેમને ગૌતમાવતાર માનતા હતા. તેમનામાં આચાર્યના ૩૬ ગુણો હતા.

(—વિજયદીપિકાવૃત્તિ–પ્રશસ્તિ શ્લો૦ ૬ થા ૧૯)

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

તેઓ તપાગચ્છની વિભિન્ન શાખાઓ પૈકી વિજય, સાગર, વિમલ, ચંદ્રના મુનિવરોને પોતાના ભાઈની જેમ માનતા હતા. વિરોધ પક્ષવાળા તેમની વિરુદ્ધમાં કંઈ બોલે તો તેઓ મૌન રહી શાંત રહેતા અને પોતાની સાથેના મુનિવરોને 'સત્યનો સદા જય' છે એમ કહી આશ્વાસન આપી શાંત રાખતા હતા.

તેમની આ ઉદાર ભાવનાનું એ પરિણામ આવ્યું કે વિજયાનંદસૂરિસંઘના ઘણા શ્રમણો અને શ્રાવકો વગેરે તેમની પરંપરા તરફ વળ્યા હતા. આથી જ બંને શાખાના (૬૬) ભ૦ વિજયધર્મસૂરિ, તથા (૬૭) ભ૦ વિજયલક્ષ્મીસૂરિએ નવાનગરમાં એકબીજા સાથે ભાઈ–ભાઈનો વ્યવહાર રાખી મેળ બનાવી રાખ્યો હતો.

(—પ્રક૦ ૨૮, પૃ૦ ૧૨૯)

છેવટે આજે એ પક્ષભેદ રહ્યો નથી અને બંને પક્ષો મળી એક ભ૦ વિજયદેવસૂરિસંઘ જ બની ગયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભ૦ વિજયદેવસૂરિ ગંભીર વિચારક હતા. સમકાલીન મોટા સ્થવિર ગીતાર્થો જેવા કે—મહો૦ કમલવિજયગણી, મહો૦ કલ્યાણ-વિજયગણી, મહો૦ ઉદ્યોતવિજયગણી વગેરે વૃદ્ધ મુનિઓનું બહુમાન કરતા અને સંઘના હિતકાર્યમાં તેમની સલાહ મુજબ વર્તતા હતા. આ૦ વિજયસિંહસૂરિ અને આ૦ વિજયપ્રભસૂરિને તેમની સમ્મતિથી જ ગચ્છનાયક બનાવ્યા હતા.

તેઓ સંવેગી જીવન ગાળતા હતા. તેમની 'નિત નિત વંદુ રે, મુનિવર એહવા' એ સજ્ઝાય તેમના સંવેગી જીવનની સાક્ષી આપે છે. તેઓ પોતે જ ક્રિયોદ્ધાર કરી સંવેગી મુનિ બનવા તૈયાર હતા. પરંતુ એમ કરવાથી કદાચ દેવસૂરસંઘ, આનંદસૂરસંઘ, ભટ્ટારકસંઘ અને સંવેગીસંઘ એવા ભેદો કાયમી વહેંચાઈ જાય.

આથી જ તેમણે સં૦ ૧૬૭૭ના વૈ૦ સુ૦ ૭ ને બુધવારે સાબલીમાં ૫૮ બોલનો પટ્ટક તથા સં૦ ૧૭૦૬ અથવા સં૦ ૧૭૧૧ના મહા સુદિ ૧૩ ને રોજ પાટણમાં સંવેગી સાધુ–સાધ્વી ગીતાર્થો યોગ્ય ૪૫ બોલનો પટ્ટક બનાવ્યો હતો.

તેમણે પોતાના પટ્ટધર ભટ્ટા૦ વિજયસિંહસૂરિ, પં૦ સત્યવિજય-વગેરેને સંવેગી બનવાને તૈયાર કર્યા હતા. આથી જ પં૦ સત્યવિજય-ગણીએ સં૦ ૧૭૧૧માં ક્રિયોદ્ધાર કર્યો હતો.

ભટ્ટા૦ વિજયદેવસૂરિ બીજા ગચ્છવાળાઓ સાથે સમભાવે વર્તતા હતા. જો કે બીજા ગચ્છવાળા મહો૦ ધર્મસાગરગણી પ્રત્યે નારાજ હતા, આથી વિજયાનંદસૂરિ ગચ્છવાળાએ ભટ્ટા૦ વિજયદેવસૂરિને તેમના મળતિયા બતાવવાથી તેમના પ્રત્યે નાખુશ રહેતા હતા; પરંતુ સં૦ ૧૬૮૭માં સુરતના શાસ્ત્રાર્થમાં ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સત્ય પ્રકાશિત વિજય મેળવ્યો. આથી બીજા ગચ્છવાળા તેમના પરિચયમાં આવ્યા. શ્રી શ્રીવલ્લભ પાઠક જેઓ ખરતરગચ્છના મુનિ હતા છતાં વિજયદેવસૂરિના આદર્શ જીવનથી આકર્ષાઈ ને તેમના ચરિત્ર વિષયક 'વિજયદેવ માહાત્મ્ય' નામે મોટો કાવ્યગ્રંથ રચ્યો છે.

આ૦ વિજયસેનસૂરિ શત્રુંજયતીર્થની યાત્રાએ ગયા ત્યારે આ૦ વિજયદેવસૂરિ વગેરે ૩૫૦ મુનિવરો હતા. સોરઠમાં ચાર ચાતુર્માસ કર્યાં અને પછીનું સં૦ ૧૬૭૨નું ચાતુર્માસ ખંભાતમાં કર્યું.

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

પં૦ સાધુવિજયગણી શિષ્ય પં૦ સૌભાગ્ય વિજયગણી લખે છે– ‘મેવાડનો રાણો જગતસિંહ અને દક્ષિણનો સુલતાન તેમના ભક્તો હતા.’

તેમણે બે આચાર્યો, ૨૫ ઉપાધ્યાયો, ૫૦૦ પંન્યાસો અને ૨૦૦ સ્વશિષ્યો બનાવ્યા હતા. તેમના સંઘમાં ૨૫૦૦ યતિઓ અને ૧૦૦ સાધ્વીજીઓ ને ૭ લાખ શ્રાવક–શ્રાવિકાઓ ભક્ત હતાં. તેમના એક શ્રાવકે ૧ લાખ ૫૯ હજાર સાધર્મિકોને જમાડ્યા હતા. તેમણે રાજનગર પાસેના અહમદપુરામાં ચોમાસુ કરી તેઓ બીબીપુરામાં પધાર્યા હતા ત્યારે આગરાથી તેમને વંદન કરવા આવેલા શા૦ ગોરધનદાસે ૯ હજાર ત્યાહરી ખરચી ૮૪ ગચ્છોમાં મોટી પ્રભાવના કરી હતી.

ભટ્ટારક વિજયદેવસૂરિએ છટ્ઠ, અટ્ઠમ, ઉપવાસ, આયંબિલ વગેરે વિવિધ તપો ઘણી સંખ્યામાં કર્યાં હતાં. તેમણે પાંચ કરોડ પ્રમાણ સજ્ઝાય–સ્વાધ્યાય કર્યો હતો. તેમને રોજ પાંચ વિગઈનો ત્યાગ હતો, ૧૧ દ્રવ્યોથી વધુ દ્રવ્યો વાપરતા નહોતા, દિવસે સૂતા નહોતા. તેમને કષ્ટ પ્રસંગે ૧૮ યક્ષો આવી સહાય આપી તેમનું કષ્ટ નિવારતા હતા.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

તેમણે અમદાવાદમાં માસકલ્પ કરી વિહાર કર્યો. દીવ, શત્રુંજય તીર્થ, અજારા પાર્શ્વનાથ અને ઉનામાં જિનપાદુકાઓની યાત્રા કરી હતી.

ઉનામાં આ૦ વિજયપ્રભસૂરિ સાથે હતા. ભટ્ટારકે જિન-પ્રતિમાની સામે આરાધના શરૂ કરી. સં૦ ૧૭૧૩ના અષાડ સુદિ ૮ના રોજ તિવિહાર અનશન સ્વીકાર્યું. અંતિમ સમયે સિદ્ધાંતના પાઠો સાંભળતા હતા. અષાડ સુદિ ૧૦ની રાતે ચઉવિહાર અનશન સ્વીકાર્યું. અને છેવટે સ્વર્ગગમન કર્યું.

ગુપ્ત પ્રયાગના સંન્યાસીએ જાહેર કર્યું કે, ભટ્ટા૦ વિજયદેવસૂરિ દેવ બન્યા છે. સ્વર્ગવાસના સ્થાને ભણશાલી ગૃહસ્થે સ્તૂપ બંધાવ્યો ને તે પછી આ૦ વિજયપ્રભસૂરિ ગચ્છના નાયક બન્યા.

(–ઐતિહાસિક સજ્ઝાયમાલા, જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંગ્રહ પૃ૦ ૧૭૫ થા ૧૭૮; વિજય-દેવસૂરિ નિર્વાણ રાસ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓએ તેમને યુગપ્રધાન નિહાળ્યા અને તેમના બની તેમનું ચરિત્ર બનાવ્યું.

આચાર્ય વિજયદેવસૂરિ મોટા પ્રભાવક હતા.

ઉદયપુરનો રાણો કર્ણસિંહ, રાણો જગત્સિંહ, ઈડરનરેશ કલ્યાણમલ, જોધપુરનરેશ ગજસિંહ અને દીવના ફિરંગી અમલદારો તેમના ભક્ત હતા.

(—દયાકુશલગણી કૃત 'વિજયદેવસૂરિ સજ્ઝાય', —પં૦ સૌભાગ્યવિજયકૃત 'વિજયદેવસૂરિ નિર્વાણરાસ', પં૦ લાલકુશલગણીકૃત 'આ૦ વિજયસિંહસૂરિ સજ્ઝાય,' ઐતિહાસિક રાસમાળા નં૦ ૩૩, ૩૪, ૩૫, વિજયપ્રશસ્તિ મહાકાવ્ય, તેની વિજયદીપિકા વૃત્તિ, તપાગચ્છ પટ્ટાવલી, તપગણપતિ ગુણ પદ્ધતિ, દેવાનંદાભ્યુદય મહાકાવ્ય, વિજયદેવ માહાત્મ્ય, લેખસંગ્રહ, ગુરુમાલા આદિ ગ્રંથો.)

JAINSITE जैनम् जयति शासनम्

વિશેષ જિન પ્રતિષ્ઠાઓ — તેમણે પાટણમાં ૪ જિનપ્રતિષ્ઠાઓ કરી, જેમાં જૈન સંઘે અડધો લાખ રૂપિયાનો ખરચ કર્યો હતો. ખંભાત મહાતીર્થમાં ૩ જિનપ્રતિષ્ઠાઓ કરી, જેમાં જૈનોએ ૧૪ હજાર રૂપિયા ખરચ્યા હતા. અમદાવાદમાં ૨ જિનપ્રતિષ્ઠાઓ કરી, જેમાં જૈનોએ લાખ રૂપિયા ખરચ્યા હતા.

આ ઉપરાંત નડિયાદમાં ૧, શરદ્ધંગમાં ૧, વડનગરમાં ભ૦ મહાવીરસ્વામીની ૧, ઈટાદરામાં યવનોએ ભ૦ ઋષભદેવની પ્રતિમા ભેદી નાખી હતી ત્યાં નવી ભ૦ ઋષભદેવની પ્રતિમા સ્થાપન કરી.

સં૦ ૧૬૭૭માં સાલડીમાં ૨, સં૦ ૧૬૮૫માં આરાસણમાં મૂળનાયકની પ્રતિષ્ઠા, સોનગઢમાં ભ૦ મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા, માલવામાં ૨, ઉજ્જૈનમાં ૧, રામપુરમાં ૧, દક્ષિણમાં કન્નડના વિજાપુરમાં શા૦ વીરચંદે કરાવેલી પ્રતિષ્ઠા ૧,[1] કચ્છમાં ૧, મેડતામાં ૨, તથા સં૦

---

૧. दक्षिणे पञ्च कनडी वीजापुरे पुरे तथा ।
प्रतीच्यां कच्छदेशे च प्रतिष्ठा येन निर्ममे ॥ ११ ॥
— વિજયદીપિકા — વૃત્તિ.

૧૬૪૧ના મા૦ સુ૦ ૬ ના રોજ પુષ્યનક્ષત્રમાં ઈડરમાં પ્રતિષ્ઠા, સં૦ ૧૭૦૫ના માગશર માસમાં ઈડરમાં પ્રતિષ્ઠા, સં૦ ૧૭૦૫ના ફા૦ વ૦ ૬ ને બુધવારે અંતરીક્ષમાં પ્રતિષ્ઠાઓ કરી.

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૫૯ના મા૦ સુ૦ ૫ ને બુધવારે ગુજરાતના વીજાપુરમાં દો૦ મેઘજી વગેરેના ચોવીશ જિન પટ્ટ વગેરેની પ્રતિષ્ઠા કરી. (આ પટ્ટ વીજાપુરના ચિંતામણિના દેરાસરમાં વિદ્યમાન છે.)

ગચ્છભેદો — શાખા —

(૧) આ સમયે ૧૬૭૨ થી તપાગચ્છનું ચોથું નામ 'વિજયદેવસૂરિસંઘ' પડ્યું. તેનું બીજું નામ 'ઓશવાલસંઘ' પણ મળે છે, જેની બે પરંપરા ચાલી હતી. (૧) શ્રી પૂજ પરંપરા, (૨) સંવેગી પરંપરા. તપાગચ્છના ભટ્ટારકની આજ્ઞામાં ૧૩ ગાદીઓ હતી.

( —શ્રમણવંશ વૃક્ષ પૃ૦ ૩૬; પટ્ટાવલી — સમુચ્ચય ભા૦ ૨. પૃ૦ ૨૫૬ )

આ રીતે વિજયદેવસૂરિસંઘમાં ઘણા ગચ્છો આવી મળ્યા હતા. આથી તપાગચ્છ વિશાળ બન્યો હતો.

(૨) સં૦ ૧૬૭૩માં સિરોહીમાં ભટ્ટા૦ વિજયતિલકસૂરિથી તપાગચ્છમાં સાતમી વિજયાનંદસૂરિસંઘશાખા નીકળી, જેનાં બીજાં નામ 'ઉપાધ્યાયમત' અને 'પોરવાડગચ્છ' પણ મળે છે.

(૩) સં૦ ૧૬૮૬ના જેઠ સુદિ ૧૪ ને રવિવારે અમદાવાદમાં ભટ્ટા૦ રાજસાગરસૂરિથી તપાગચ્છના દેવસૂરિસંઘમાં આઠમી 'સાગરશાખા'નીકળી.

( — આત્માનંદ પ્રકાશ, અં૦ ૪, પૃ૦ ૧૫, કુમતાહિવિષ જાંગુલી. પ્રક૦ ૫૮ )

(૪) સં૦ ૧૭૧૧માં ભટ્ટા૦ વિજયપ્રભસૂરિથી તપાગચ્છમાં નવમી 'શ્રીપૂજ' યતિપરંપરા ચાલી અને મૂળ પરંપરા 'સંવેગી' તરીકે પ્રસિદ્ધિ પામી.

(૫) સં૦ ૧૭૪૮ના ફા૦ સુ૦ ૫ના રોજ સંડેર ગામમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભટ્ટા૦ જ્ઞાનવિમલસૂરિથી તપાગચ્છની સોળમી 'વિમલ'શાખા નીકળી.

આ ગચ્છભેદો પ્રસંગે વિવિધ ઘટનાએ બની હતી, (૧) હિતોપદેશ, (૨) વિજયાનંદસૂરિપત્ર, (૩) વિજયદેવસૂરિપત્ર વગેરે.

વિક્રમની ૧૭–૧૮મી શતાબ્દીમાં તપાગચ્છમાં ઉપર મુજબ ભેદો-અંચલગચ્છ, ખરતરગચ્છમાં વિવિધ ભેદો, નાગોરી લોંકાગચ્છ, ઢુંઢિયા, બ્રહ્મર્ષિમત, તેરાપંથી, દિગંબર તેરાપંથી વગેરે નીકળ્યા હતા.

ભટ્ટા૦ વિજયદેવસૂરિની આજ્ઞામાં હેમઋદ્ધિજી તથા સાધ્વી કલ્યાણઋદ્ધિજી વગેરે સાધ્વીએ હતાં.

ભટ્ટા૦ વિજયાનંદસૂરિની આજ્ઞામાં સાધ્વીજી લાભશ્રીજી, સાધ્વી સહજશ્રીજી વગેરે સાધ્વીએ હતાં.

પં૦ સત્યવિજયગણીની સાથે સાધ્વી સહજશ્રીજી વગેરે સાધ્વીજીઓએ ક્રિયોદ્ધાર કરી સંવેગી માર્ગ સ્વીકાર્યો.

ખરતરગચ્છની આચાર્યીય શાખામાં ભટ્ટા૦ જિનસિંહની પછી ભ૦ જિનચંદ્ર થયા. ભ૦ જિનચંદ્રને સં૦ ૧૬૭૩માં ચોમાસામાં જોધપુરમાં સ્વયંભૂ પાર્શ્વનાથ વિશે સ્વપ્ન આવ્યું.

તથા પં૦ દયારત્નગણી નામે વિદ્વાને 'ન્યાયરત્નાવલી' નામે ગ્રંથની રચના કરી; તેમજ સં૦ ૧૬૯૫માં તેમણે 'કાપડહેડારાસ' રચેલો મળે છે.

સં૦ ૧૬૮૨, સં૦ ૧૭૭૦માં અમદાવાદમાં ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા થઈ. સં૦ ૧૬...માં રાજપુરમાં શામળિયા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા થઈ.

## જૈન તીર્થો —

(૧) કાપરડા સ્વયંભૂ પાર્શ્વનાથ તીર્થ — પીપાડ સ્ટેશનથી બિલાડા જતી રેલ્વે લાઈનમાં શલાટી સ્ટેશનથી ૪ માઈલ દૂર અને પીપાડથી ૮ માઈલ દૂર તેમજ બિલાડાથી ૧૬ માઈલ દૂર કારપડા નામે ગામ છે, જેનાં બીજાં નામો કર્પટહેટક, કાપડહેડા વગેરે હોવાનું જાણવા મળે છે.

'ઐતિહાસિક રાસસંગ્રહ' ભા૦ ૩માં શ્રી. દયારત્નમુનિએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૬૯૫માં 'શ્રી કાપડહેડા રાસ' રચેલો જોવા મળે છે. તેમાં જણાવ્યું છે કે, ખરતરગચ્છીય શ્રી. જિનચંદ્રસૂરિને આવેલા સ્વપ્ન મુજબ—ત્રણ બાવળની તળેટીમાં ત્રણ વાંસ ભૂમિની નીચે શ્રી પાર્શ્વનાથની પ્રતિમા હોવાનું જાણવા મળ્યું. આચાર્યશ્રીએ એ ભૂમિમાંથી સં૦ ૧૬૭૪ના પોષ વદિ ૧૦ ના રોજ સ્વયંભૂ પાર્શ્વનાથની પ્રાચીન ભવ્ય પ્રતિમા બહાર કઢાવી. આચાર્યશ્રીએ એ મૂર્તિને સંઘના મંદિર કે યતિજીના ઉપાશ્રયમાં સ્થાપન કરી.

જેતારણના રાય લાખણની પરંપરામાંથી ઊતરી આવેલા ઓશવાલ-જ્ઞાતિના ભંડારીગોત્રના શા૦ અમરજી ભંડારીને ભાણુજી નામે પુત્ર હતો. તેને ભક્તાદે નામે પત્ની હતી તથા ૧ રતનજી, ૨ નારાયણ, ૩ નરસિંહ અને ૪ સોઢા નામે પુત્રો હતા. ભં૦ ભાણુજી જોધપુરના રાજા ગજસિંહનો જેતારણનો હાકેમ હતો. તે રાજવ્યવસ્થા ખૂબ કુશળતાથી ચલાવતો હતો.

એક ચાડિયાએ હાકેમ વિરુદ્ધ રાજાના કાન ભંભેર્યા. રાજાએ ભાણુજીને તાબડતોબ જોધપુર આવવા હુકમ કર્યો. ભાણુજી જેતારણથી નીકળી જોધપુર જતાં વચ્ચે કાપરડા ગામ આવ્યો. તેને 'જિનદર્શન કર્યા વિના અનાજ-પાણી નહીં લેવાની' પ્રતિજ્ઞા હતી. આથી તેણે ગામના ઉપાશ્રયમાં યતિજી હસ્તક રહેલી સ્વયંભૂ પાર્શ્વનાથની પ્રતિમાનો પત્તો મળતાં ત્યાં દર્શન કરવા ગયો. દર્શન કરીને એણે આત્મસંતોષ અનુભવ્યો.

યતિજીને વાત કરતાં યતિએ જણાવ્યું કે, 'મહાનુભાવ! ચિંતા કરવા જેવું નથી, તમે રાજા પાસે નિર્દોષ ઠરશો.' ભાણુજી જોધપુર પહોંચ્યો અને થયું પણ એમ જ. રાજા આગળ તે નિર્દોષ ઠર્યો એટલું જ નહીં ભાણુજી ઉપર રાજાનો ભાવ વધ્યો. પછી તે પાછા ફરતાં કાપરડા આવ્યો. યતિજીએ ભાખેલા ભવિષ્યથી તેમના ઉપર એને શ્રદ્ધા થઈ હતી. ત્યાં આવી યતિજીનાં ભાવથી દર્શન કર્યાં. યતિજીએ તેને કાપરડામાં સ્વયંભૂ પાર્શ્વનાથનું જિનાલય બંધાવવાનો ઉપદેશ આપ્યો.

ભાણુજીએ સં૦ ૧૬૭૫માં પોતાના પુત્ર નારાયણને ત્યાં રાખી મોટો જિનપ્રાસાદ બંધાવવાનો આરંભ કર્યો. ભાણુજીને યતિજીના મંત્રપ્રભાવથી ઋદ્ધિ પ્રાપ્ત થઈ. તેણે ચાર માળનો સમતલ ભૂમિથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૯૮ ફૂટ ઊંચો ચૌમુખ જિનપ્રાસાદ બંધાવ્યો.

ભાણુજીએ સં૦ ૧૬૭૮ના વૈ૦ સુ૦ ૫ ને સોમવારે કાપરડામાં ખરતરગચ્છના ભટ્ટા૦ જિનચંદ્રસૂરિના હાથે આ ચૌમુખ જિનપ્રાસાદમાં સ્વયંભૂ પાર્શ્વનાથ વગેરે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી અને તે આચાર્યના વાસક્ષેપથી સં૦ ૧૬૮૧ના વૈ૦ સુ૦ ૩ના રોજ તેનો ધ્વજાદંડ, કળશ, અને ધ્વજા ચડાવ્યાં તથા સં૦ ૧૬૮૬માં સ્વયંભૂ પાર્શ્વનાથનું નવું પરિકર બનાવી ભ૦ જિનચંદ્રસૂરિના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી અને પરિકરમાં તે અંગેનો લેખ લખાવ્યો.

આ જિનપ્રાસાદ ચાર માળનો ઉત્તરાભિમુખ છે. નીચે ભોંયરું છે. મંદિરમાં પાંચ ખંડો અને ચાર મંડપોની એની રચનાથી એની વિશાળતા અને ઊંચાઈ અસાધારણ લાગે છે. વિસ્તાર તો તારંગાના મંદિર કરતાં વધારે જણાય છે. ત્રણે માળમાં ચૌમુખજીની સ્થાપના છે. નીચે ઉત્તરમાં સ્વયંભૂ પાર્શ્વનાથ, પૂર્વમાં શાંતિનાથ, દક્ષિણમાં અભિનંદનસ્વામી અને પશ્ચિમમાં મુનિ સુવ્રતસ્વામી બિરાજમાન છે. બીજે માળે અનુક્રમે ભ૦ ઋષભદેવ, ભ૦ અરનાથ, ભ૦ મહાવીરસ્વામી અને ભ૦ નેમિનાથ બિરાજમાન છે. ત્રીજે માળે અનુક્રમે ભ૦ નેમિનાથ, ભ૦ અનંતનાથ, ભ૦ નેમિનાથ અને ભ૦ મુનિસુવ્રતસ્વામી બિરાજમાન છે. તથા ચોથે માળે અનુક્રમે ભ૦ પાર્શ્વનાથ, ભ૦ મુનિસુવ્રતસ્વામી, ભ૦ શીતલનાથ અને ભ૦ પાર્શ્વનાથ બિરાજમાન છે.

આ પ્રતિમાઓમાંની સ્વયંભૂ પાર્શ્વનાથની પ્રતિમા ત્યાં પ્રગટ થઈ હતી. તે અને ભ૦ શાંતિનાથની પ્રતિમા સંપ્રતિરાજાએ ભરાવેલી પ્રતિમાઓ જેવી પ્રાચીન જણાય છે.

તપાગચ્છીય આ૦ વિજયનેમિસૂરિ મહારાજે આ તીર્થને અજૈનોની કનડગતમાંથી બચાવી તીર્થોદ્ધાર કરાવ્યો. સને ૧૯૭૫ના મ૦ સુ૦ ૫ને બુધવારે તીર્થની સમગ્ર પ્રતિમાઓની પ્રતિષ્ઠા તેમણે કરી હતી.

અહીં દર સાલ ચૈ૦ સુ૦ ૧૫નો મેળો ભરાય છે. આ૦ વિજયનેમિસૂરિના ઉપદેશથી અમદાવાદના સંઘવી શા૦ માણેકલાલ મનસુખભાઈએ મંદિરને ફરતી વિશાળ ધર્મશાળા બનાવી છે.

(—જુઓ અમારો 'જૈન તીર્થોનો ઇતિહાસ પૃ૦ ૩૫૧ થી ૩૫૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨. વરકાણા તીર્થ — મારવાડમાં રાણી સ્ટેશનથી ૩ માઈલ દૂર અને નાડોલથી ૬ માઈલ દૂર વરકાણા નામે ગામ છે. એનું પ્રાચીન નામ હતું વરકનકપુર અથવા વરકનકનગર. 'સકલતીર્થસ્તોત્ર'માં બીજા તીર્થોની સાથે જ 'અંતરિક વરકાણો પાસ' એ પદ દ્વારા વંદન કરવામાં આવ્યું છે.

આજે આ ગામ પડી ભાંગ્યા જેવું નાના ગામડારૂપે છે, પણ ગોલવાડપ્રાંતની પંચાયતનું મુખ્ય સ્થાન છે. અહીં જૈનનું એક પણ ઘર નથી.

ગામની વચ્ચે બાવન જિનાલયવાળો વિશાળ જિનપ્રાસાદ છે, જેમાં રંગમંડપ અને નવચોકીના એક થાંભલા ઉપર સં૦ ૧૨૨૧નો લેખ છે. એટલે આ સમય પહેલાં અહીં જિનાલય હોવાનું સ્પષ્ટ થાય છે. મૂળનાયક તરીકે ભ૦ પાર્શ્વનાથની ધાતુની પ્રાચીન ભવ્ય પ્રતિમા છે. અહીં માટે સં૦ ૧૫૪૯નો પ્રશસ્તિલેખ છે.

મૂળનાયકનું પરિકર સં૦ ૧૭૦૭માં બન્યું છે. જિનાલયમાં બીજી બસો જિનપ્રતિમાઓ છે. જિનાલયના દરવાજામાં પેસતાં ડાબી બાજુના હાથી પાસે શિલાલેખ છે. તેમાં સં૦ ૧૬૮૬ના પો૦ વ૦ ૮ ને શુક્રવારે મેવાડના રાણા જગતસિંહે ભટ્ટા૦ વિજયદેવસૂરિના ઉપદેશથી જાહેર કર્યું હતું કે, 'વરકાણામાં દરસાલ પોષ વદિ ૮ થી ૧૧ સુધી રોજ મેળો ભરાય છે તેમાં રાજ્યે યાત્રાળુનો કોઈ પ્રકારનો કર ન લેવો.'

અહીં આ૦ વિજયવલ્લભસૂરિ તથા તેમના શિષ્ય આ૦ વિજયલલિતસૂરિના ઉપદેશથી ગોલવાડના જૈન સંઘે વરકાણા પાર્શ્વનાથ જૈન વિદ્યાલય ગુરુકુલ બનાવ્યું છે.

( — જૈન તીર્થોનો ઇતિહાસ, પૃ૦ ૩૨૨ )

જૈનધર્મના પ્રભાવકો — ધર્મપ્રેમીઓ —

ભ૦ વિજયદેવસૂરિ.
રાણો કર્મસિંહ, રાણો જગતસિંહ.
ઈડરનરેશ રાયમલજી.
બાદશાહ જહાંગીર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નગરશેઠ શાંતિદાસ ઝવેરી.
શેઠ શાંતિદાસ મનિયા.
સં૦ તેજપાલ પોરવાડ ( સિરોહી રાજ્યના મહામાત્ય )
ધનજી સૂરા ( સૂરા રતના )
નથમલજી ઉછતવાલ.
શેઠ સવા સોમજી.
સંઘવણ ફૂલાંબાઈ.
જય મુહણોત. ( જાલોર રાજ્યના મંત્રી ) — તેમની પરંપરા —
૧ મંત્રી જય મુહણોત
૨.........

૩ રાવ શિઓજી — એનાં શિવજી અને સિંહજિત્ એવાં બીજાં નામો મળે છે. સં૦ ૧૬૨૮. તેને ત્રણ પુત્રો હતા. ૧ આસ્થાન, ૨ સોનિગ, ૩ અજ.

૪ આસ્થાન — તેનું અશ્વત્થા એવું બીજું નામ હતું. તેને ૧ બૂહડ, ૨ રાયમલ, ૩ ધાંધલ, ૪ ચામિગ વગેરે ૧૩ પુત્રો હતા.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૫ રાયમલ — પિતાની પછી તે રાજા થયો. તેનું બીજું નામ રાવમલ હતું. તેને તેર પુત્રો હતા.

( — ટૉડ રાજસ્થાન )

૬ કુહુલ મોહનસિંહ — પિતાની પછી કુહુલ રાજા બન્યો. સં૦ ૧૩૫૭. મંડોવરમાં ગાદી સ્થાપન કરી. તેનો સૌથી નાનો ભાઈ તપાગચ્છના જનાચાર્યના ઉપદેશથી જૈન બન્યો. તેના વંશજો મુહણોત ( ગોત્ર )ના ઓશવાલ જૈન કહેવાયા.

( — ક્ષેમસિંહ મો૦ રાઠોડ, 'ઓશવાલ — વંશનો ઇતિહાસ' પૃ૦ ૧૬૦ )

૭ થી ૨૨ મુહણોત.
૨૩ સૂજા મુહણોત.
૨૪ અચલસિંહ મુહણોત — તે સુભટસેનથી ૧૭મી પેઢીએ થયો,
૨૫ જેસાજી મુહણોત — તેને બે પત્નીઓ હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૬ જયમલજી મુહણોત – તે જેસાજી મુહણોત અને જયવંતા માતાનો પુત્ર હતો. તેનો સં૦ ૧૬૩૮ના મહા વદિ ૮ના રોજ જન્મ થયો. તેને ૧ સરૂપદેવી અને ૨ સોહાગદેવી એમ બે પત્નીઓ હતી. તેને સરુપદેવીથી ૧ નેણસી, ૨ સુંદરદાસ, ૩ આસલણ અને સોહાગદેવીથી ૪ નરસિંહ અને ૫ જગમાલ એમ પાંચ પુત્રો હતા.

જયમલ મુહણોત જોધપુરના ૨૦મા રાજા રાવ સુરસિંહજી અને ૨૧મા રાજા રાવ ગજસિંહ (સં૦ ૧૬૭૬ થી ૧૬૮૪)ના સમયે રાજ્યના પ્રતિષ્ઠિત પદે રહ્યો હતો. તેને રાવ ગજસિંહે સં૦ ૧૬૯૬માં મારવાડનો દીવાન બનાવ્યો.

મહારાજ ગજસિંહને જાગીરમાં સાચોર મળ્યું હતું. કચ્છનો પણજી એકાએક સાચોર ઉપર ચડી આવ્યો ત્યારે જયમલ મુહણોત ત્યાં હાકેમ હતો. તેણે લડાઈ આપી કાછાઓને ત્યાંથી નસાડ્યા. પછી તે ફલોધી અને જાલોરનો પણ હાકેમ બન્યો.

એ પછી રાવ ગજસિંહે સં૦ ૧૬૯૬માં પોતાનો દીવાન બનાવ્યો. મંત્રી જયમલ મુહણોત ભારે દાનેશ્વરી હતો. તેણે સં૦ ૧૬૮૧ના પ્ર૦ ચૈ૦ વ૦ ૫ ને ગુરુવારે જાલોરના પર્વત ઉપર કિલ્લામાં તપાગચ્છના ૬૦મા ભટ્ટા૦ વિજયદેવસૂરિના આજ્ઞાવર્તી મહો૦ વિદ્યાસાગરગણીના શિષ્ય પં૦ (મહો૦) સહજસાગરગણીના શિષ્ય પં૦ (મહો૦) જયસાગરગણીના હાથે નવા જિનાલયની તથા ઘણી જિનપ્રતિમાઓની અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરાવી. તેમ જ કિલ્લા ઉપરનાં ત્રણ જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. મંત્રી જયમલ મુહણોતે સં૦ ૧૬૮૬ના પ્ર૦ અ૦ (ગુજરાતી જેઠ વદ) ૫ ને શુક્રવારે ભટ્ટા૦ વિજયદેવસૂરિના હાથે ઘણી જિનપ્રતિમાઓની અંજનશલાકા કરાવી.

(– પ્રક૦ ૩૬, પૃ૦ ૨૩૧ થી ૨૩૩ જાલોરગઢ)

જાલોરમાં આજે શ્વેતાંબર જૈનોનાં ૨૦૦૦ ઘર છે. કિલ્લા અને શહેરમાં થઈને ૧૪ જિનાલયો છે.

૨૭. નેણસી મુહણોત અને સુંદરદાસ મુહણોત – આ બંને ભાઈઓ શૂરવીર, લડવૈયા, દેશપ્રેમી અને ટેકીલા હતા.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુહણોત નેણુસીનો સં૦ ૧૬૬૭માં જન્મ થયો હતો. તેણે સં૦ ૧૬૮૦માં ૨૨ વર્ષની ઉંમરે રાજસેવામાં પ્રવેશ કર્યો. તે જોધપુરના રાજા ૨૧મા રાવ ગજસિંહ (સં૦ ૧૬૭૬ થી ૧૬૮૪) તથા મહારાજા જસવંતસિંહ (સં૦ ૧૬૯૦ થી ૧૭૧૭)ના સમયે હતો.

સેનાપતિ નેણુસીએ સં૦ ૧૬૮૦માં મહારાજાના ઉપદ્રવીઓને ખતમ કરી તેમનાં ગામ બાળી નાખ્યાં.

પછી તો તે સં૦ ૧૬૮૪માં ફલોધીનો હાકેમ બન્યો. તેણે રાડધરના મહેચા મહેશદાસ ઉપર ચડાઈ કરી તેનો કિલ્લો તથા મકાનો પાડી નાખ્યાં. તેને ગામોને રંજાડ કરતો રોકયો. બીજી તરફ સુંદરદાસે સં૦ ૧૭૦૨માં સોજતવિભાગનાં ગામોને લૂંટનારા રાવત નારાયણ ઉપર ચડાઈ કરી. તેના કુકડા, કોટ, કટાણા, માંકડ વગેરે ગામો ભાંગી નાંખ્યાં. સેનાપતિ નેણુસીએ સં૦ ૧૭૦૬માં જેસલમેરના ભટ્ટીઓના પક્ષમાં સહાયક બની પોકરણ પરગણું ભટ્ટીઓને અપાવ્યું.

બા૦ ઔરંગજેબના પક્ષવાળા સાથે યુદ્ધ કર્યું. રાજા જસવંતે સં૦ ૧૭૧૪ થી ૧૭૨૩ સુધી નેણુસીને પોતાનો દીવાન બનાવ્યો.

મહારાજા જસવંતસિંહ સં૦ ૧૭૧૫માં અમદાવાદ ગયા. દીવાન નેણુસીએ તેના હુકમથી પોકરણ ફલોધીને દબાવી બેઠેલા જેસલમેરના રાજા રાવળ સબલસિંહ ઉપર ચડાઈ કરી. પોકરણ કબજે કર્યું. તેનાં ૧૨ ગામ બાળ્યાં. અસભકોટ લૂંટયું. નેણુસીએ આવાં ઘણાં યુદ્ધો કર્યાં.

મહારાજા જસવંતસિંહ સં૦ ૧૭૨૩માં ઔરંગાબાદ ગયો. દીવાન નેણુસી અને સુંદરદાસ તેની સાથે હતા. સૌ કોઈ આ બે ભાઈઓની શૂરવીરતાનાં વખાણ કરતા હતા.

પણ ઈર્ષ્યાખોરોએ મહારાજાના કાન ભંભેર્યા. મહારાજા જસવંતે સં૦ ૧૭૨૩ના પો૦ સુ૦ ૯ ને રોજ બંને ભાઈઓને કેદ કરી લીધા ને સં૦ ૧૭૨૫માં છોડી દીધા. પણ એક લાખ રૂપિયાનો દંડ કર્યો. બંને ભાઈઓએ દંડનો એક પૈસો પણ આપવાનો ઇન્કાર કર્યો.

(- મોગલ ઇતિહાસ, પૃ૦ ૧૮૯)

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

ભાટો કહે છે કે —

"લાખ લખારો નિપજે, ખરૂ બડ પીપલડી સાખ;
નટીયો મૂતો નેણુસી, લોઓરણુ તલ્વક. ૧
"લેસો પીપલ લાખ, લાખ લખારા લાવસી;
લાંબો દેણુ તલાક, નટીયા સુંદર નેણુસી. ૨"

આથી મહારાજાએ બંને ભાઈઓને ફરી કેદ કરી ઔરંગાબાદથી જોધપુર મોકલી દીધા. રસ્તામાં સિપાહીઓએ બંને ભાઈઓને બહુ ત્રાસ આપ્યો. આથી બંને ભાઈઓ સં૦ ૧૭૨૭ના ભા૦ વ૦ ૧૩ (ગુજરાતી આસો વદિ અમાસ) ફૂલપરી ગામમાં પોતાના હાથે જ પેટમાં કટાર ભોંકી મરણ પામ્યા. આથી મહારાજાની બહુ બદનામી થઈ.

દીવાન નેણુસી બહુ બહાદુર હતો. તે કવિ પણ હતો. ઇતિહાસ-પ્રેમી હતો. આથી તેણે ભાટ, ચારણો પાસેથી કછાવા, રાઠોડા, પરમાર, સિસોદિયા, પડિહાર, ચૌહાણ, સોલંકી, ચાવડા, જાડેજા, ભટ્ટ વગેરે રાજપૂતવંશોની પ્રધાન શાખાઓ તથા પ્રસિદ્ધ કોમોનો ઇતિહાસ મેળવી 'મૂતા નેણુસીરી ખ્યાત' નામે મોટો ઇતિહાસગ્રંથ રચ્યો છે, જે ગ્રંથને કાશીની નાગરીપ્રચારિણી સભાએ હિંદી ગ્રંથોના સંપાદન વિભાગ તરફથી પ્રકાશિત કર્યો છે.

પ્રસિદ્ધ પુરાતત્ત્વપ્રેમી પં૦ ગૌરીશંકર ઓઝા નેણુસી મુહણોત અને તેના ઇતિહાસપ્રેમથી ખુશ થઈ તેને મારવાડનો અબુલફજલ કહીને નવાજ્યો છે.

(પૃ૦ ૧૯૩)

કવિ નેણુસી અને કવિ સુંદરદાસે પોતાની દુઃખદ અવસ્થામાં વેદના સહન કરતાં સુંદર શબ્દોમાં કાવ્યો ઉચ્ચાર્યાં છે. તેનો નમૂનો આ છે —

"નેણુસી દહાડો જિતરે દેવ, દહાડે વિન નહીં દેવ રે;
સુરનર કરતાં સેવ, નેડા ન આવે નેણુસી. ૧.
સુંદરદાસ નર પે નર આવ્યા નહીં, આવા નહીં ધનપતિ;
સો દિન કેળવી છાણીએ, કહે તે સુંદરદાસ. ૨.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

નેણસી મુહણોતને ૧ કરમશી, ૨ વેરશી અને ૩ સમરસિંહ એમ ત્રણ પુત્રો હતા.

૨૮. કરમસી વગેરે—આ ત્રણે ભાઈઓ રાજસેવામાં દાખલ થયા. મહારાજા જસવંતસિંહે એ ત્રણે ભાઈઓ તથા સુંદરદાસના પુત્રને પણ કેદમાં નાખ્યા. દીવાન નેણસી અને સુંદરદાસના મરણ બાદ તેમને છોડી દીધા. આથી તે બધા જોધપુરનો પ્રદેશ છોડી નાગોર જઈ વસ્યા અને રાવ રામસિંહની સેવામાં દાખલ થયા.

> રાવ રામસિંહ તે સં૦ ૧૭૩૨માં દક્ષિણના સોલાપુરમાં ગયો ત્યારે કરમસીને સાથે લઈ ગયો હતો. તે રાજા સં૦ ૧૭૩૨ના અષાડ વદિ ૧૨ના રોજ અચાનક બીમાર પડચો અને ચાર ઘડીમાં જ મરણ પામ્યો. તેની દવા ત્યાંનો હિંદુ વૈદ્ય કરતો હતો, જે માત્ર મરાઠી કે ગુજરાતી ભાષા જાણતો હતો. રાજાના કર્મચારીએ તેને પૂછ્યું: "મહારાજાનું અચાનક મરણ કેમ થયું?" વૈદ્યે કહ્યું: "કરમાનો દોષ છે." (કર્મનો દોષ છે.) પણ કર્મચારીએ એ ઉત્તરનો સાર એવો કાઢચો કે, "કરમસી મુહણોતે ઝેર આપવાથી રાજાનું મરણ થયું છે." આમ માની કર્મચારીએ કરમસી મુહણોતને જીવતો દીવાલમાં ચણી દીધો.

૨૯. સામંતસિંહ અને સંગ્રામસિંહ મુહણોત—રામસિંહના પુત્ર રાવ ઇંદ્રસિંહે કરમસી મુહણોતના પુત્ર પ્રતાપસિંહ મુહણોત તથા તેના કુટુંબના ઘણાને ઘાણીમાં પિલાવી મારી નાખ્યા. આમ બનવાથી કરમસી મુહણોતની સ્ત્રીઓ પોતાના પુત્ર સામંતસિંહ અને સંગ્રામસિંહને લઈને નાસી અને કિસનગઢ જઈને વસી. પછીથી તે બધાં બિકાનેરમાં જઈ વસ્યાં.

જોધપુરનો ૨૩મો અજિતસિંહ (સં૦ ૧૭૫૧ થી ૧૭૮૧ સુધી) રાજા થયો. તેણે સામંતસિંહ અને સંગ્રામસિંહને જોધપુર લાવી વસાવ્યા, તેમને નોકરી આપી ને જાગીર આપી.

૩૦. ભગવતસિંહ મુહણોત. સવાઈરામ, સવાઈકરણ, શુભકરણ, ફત્તેહકરણ મુહણોત.

૩૧. સુરતરામ મુહણોત—તેને જોધપુરના ૨૬મા મહારાજા વિજય-



www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

સિંહ રાઠોડે (મૃત્યુ સં૦ ૧૮૫૦) સં૦ ૧૮૨૦માં મારવાડનો દીવાન બનાવ્યો, જાગીર આપી અને મુસાહબ બનાવી 'રાવ' પણ બનાવ્યો.

૩૨. જ્ઞાનમલ મુહણોત–તે જોધપુરના રાજા વિજયસિંહ, ભીમસિંહ અને માનસિંહનો ઉચ્ચ પદાધિકારી હતો. માનસિંહનો પ્રીતિપાત્ર અને વિશ્વાસપાત્ર હતો.

૩૩. નવલમલ મુહણોત–તે રાવ માનસિંહનો માનીતો હતો. તેણે સં૦ ૧૮૬૧માં સિરોહીના રાવ વૈરીસાલને જીતવા મોકલ્યો હતો.

નેણસી મુહણોતના વંશજો હાલ કિસનગઢ, જોધપુર અને માળવના મૂલથાણમાં મોટી સંખ્યામાં છે, જે ત્યાં જાગીરદારો તથા રાજમાન્ય અધિકારીઓ છે.

## ઓશવાલનાં વિવિધ ગોત્રો અને શાખાઓ—

| | | |
|---|---|---|
| ૧ માલાણી | ૧૨ લાંગા | ૨૩ છોડિયા |
| ૨ (ચૌહાણ) | ૧૩ રામસોની | ૨૪ સામડા |
| ૩ નૌલખા | ૧૪ ઝામડ | ૨૫ શ્રીશ્રીમાલ |
| ૪ ભૂતેડિયા | ૧૫ ઝાબક | ૨૬ ઢઢ્ઢા |
| ૫ પીપાડા | ૧૬ છજલાણી | ૨૭ સૂરિયા |
| ૬ સિસોદિયા | ૧૭ છંડાણી | ૨૮ મિહા |
| ૭ હીરણ | ૧૮ હીરાઉ | ૨૯ જોધડ |
| ૮ ગોગડ | ૧૯ કેલાણી | ૩૦ નક્ષત્ર |
| ૯ રૂણીવાલ | ૨૦ ગોખરુ | ૩૧ નહાર |
| ૧૦ વેગાણી | ૨૧ ચૌધરી | ૩૨ પડિહાર |
| ૧૧ હીંગડ | ૨૨ રાજવહોરા | ૩૩ ઝડિયા |

(–શ્રે૦ મો૦ રાઠોડનો 'ઓશવાલનો ઇતિહાસ' પૃ૦ ૧૬૯, ૧૭૦. વધુ માટે જુઓ પ્રક૦ ૪૧, પૃ૦ ૫૯૬)

મુહણોત વંશ–શત્રુંજયતીર્થમાં વિમલવસહીમાં પહેલી ટૂકમાં મુહણોતગોત્રના ઓશવાલોએ ઘણાં જિનાલયો બનાવ્યાં છે તેમ જ

www.jainsite.com     For Private & Personal Use Only     info@jainsite.com

જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી છે. તે આ પ્રકારે જાણવા મળે છે–

૧. હાથીપોળ પાસે પીપળાના ઝાડ નીચે વાઘણનું સ્થાન છે. તેની પાસે ભ૦ આદીશ્વરનું દેરું છે, જેને રતલામના મુહણોતે સં૦ ૧૮૮૬ના મ૦ સુ૦ ૫ ને શુક્રવારે બનાવી તેની પ્રતિષ્ઠા કરાવી હતી. તેની પાસે પટવાનું દેરું છે.

૨. વિમલવસહીમાં ભ૦ આદીશ્વરનો જિનપ્રાસાદ છે, જેમાં ૧૪ પ્રતિમાઓ બિરાજમાન છે. મુહણોતગોત્રના વીશા ઓશવાલજ્ઞાતિના ૧ શા. દયાચંદ, ૨ શા. મયાચંદ. ૩ શા. ખેમચંદ અને ૪ શા. જીગજીવનદાસે પોતાના પરિવાર સાથે સં૦ ૧૮૯૦ના વૈ૦ સુ૦ ૫ ને સોમવારે આ જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી હતી.

૩. વિમલવસહીમાં ઘણા થાંભલાવાળો ચોતરો છે. ત્યાં ચૌમુખજીનો જિનપ્રાસાદ છે, જેમાં ભ૦ મહાવીર, ભ૦ ધર્મનાથ, ભ૦ ઋષભદેવ અને ભ૦ કુંથુનાથની ચૌમુખ મૂર્તિઓ બિરાજમાન છે. જોધપુરના મુહણોત વીશા શ્રીમાલી જયમલે સં૦ ૧૬૮૬ ના જે૦ વ૦ ૫ (હિંદી – પ્રથમ અષાડ વદિ ૫)ને શુક્રવારે આ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવેલ છે.

આ ચૌમુખ જિનાલયની પાસે ભ૦ ધર્મનાથનું જિનાલય છે, જેમાં બાદશાહના પરિવારની મૂર્તિઓ બિરાજમાન છે.

૪–૫. ભ૦ આદીશ્વરની ટૂંકમાં એટલે પુંડરીક પોળની ભમતીમાં ભ૦ ધર્મનાથની બે દેરીઓ છે, જેમાં મુહણોત જયમલે સં૦ ૧૬૮૩ માં અંજનશલાકા કરેલી જિનપ્રતિમાઓ બિરાજમાન છે.

૬. પુંડરીક પોળની પહેલી પ્રદક્ષિણા પૂરી થતાં ભ૦ વિમલનાથની દેરી છે, જેમાં જેસાજી મુહણોતના પુત્ર જયમલ મુહણોતે સં૦ ૧૬૮૬ના પ્રથમ અષાડ વદિ ૫ ના રોજ ભરાવેલી જિનપ્રતિમા છે. આ દેરીમાં બીજી પણ પાંચ જિનપ્રતિમાઓ છે.

(–શત્રુંજય ફરમો–મોટું વર્ણન)

શ્યામાચાર્યની પરંપરાના કાલિકાચાર્યગચ્છ–શાંડિલ્યગચ્છના દશમી સદીના ભાવાચાર્ય ગચ્છના આ૦ ભાવદેવસૂરિના ઉપદેશથી સં૦ ૯૧૨માં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માં બાહિયાગોત્ર થયું. તેમાંથી સં૦ ૧૩૪૦માં કવાડશાખા નીકળી તથા સં૦ ૧૬૩૧માં શાહશાખા અને સં૦ ૧૬૭૧માં હરખાવતશાખા નીકળી.

(– પ્રક૦ ૩૪, પૃ૦ ૫૫૬)

કુહાડગોત્ર વંશ વીશા ઓશવાલ–શત્રુંજય તીર્થમાં વિમલવસહીમાં ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમા છે, જેને મેડતાના કુહાડ ગોત્રના ઓશવાલ શા. હરખચંદ ભાર્યા મનરંગદેવીના પુત્રો ૧ નેમિદાસ, ૨ શામલદાસ, ૩ વિમલદાસે ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમા સં૦ ૧૬૮૩ના જે૦ વ૦ ૫ ને શુક્રવારે પ્રતિષ્ઠા કરાવી હતી.

(–શત્રુંજયતીર્થ મોટું વર્ણન પા૦ ૩૨)

પુંડરિક પોળમાં મોટા દેરાસરના દક્ષિણ બારણે સહસ્રકૂટ છે. તેને આગરાના કુહાડગોત્રના વીશા ઓશવાલ શા. વર્ધમાન ભાર્યા વહાલબાઈના પુત્રો ૧ માનસિંહ, ૨ થાનસિંહ, ૩ રાયસિંહ, ૪ કનકસિંહ તથા ૫ ઉગ્રસેન, ઋષભદાસ, જગતસિંહ, જીવણદાસ પ્રમુખ પરિવાર સાથે રાયસિંહે સં૦ ૧૭૧૦ના જે૦ સુ૦ ૯ ને ગુરુવારે પ્રતિષ્ઠા કરાવી.

વિમલવસહીના ભ૦ ધર્મનાથના દેરાસર પાસે ભ૦ પદ્મપ્રભુનું અને તેની પાસે ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથનું દેરું છે. આ વિમલવસહીનું છેલ્લું દેરું છે.

નાડોલગોત્રના વીશા ઓશવાલ ભંડારી દીપાજી, તેના પુત્ર ભંડારી ખેમસિંહજી, તેના પુત્ર ભંડારી ઉદયકરણજી (ભાર્યા ઉદયવંતી) પુત્ર ભંડારી મહામંત્રીએ ગુજરાતમાં અમારિ પ્રવર્તાવી.

## શેઠ જગમલ ઉછતવાલ—

જોધપુરમાં રાઠોડવંશના રાજાઓ આ પ્રકારે થયા હતા.

૧. મલ્લદેવ, ૨ ઉદયસિંહ (બાદશાહ અકબરનો માનીતો વૃદ્ધરાજ)

૩ સૂરસિંહ – તેણે રામરાજ્ય પ્રવર્તાવ્યું. તે મોટો દાની હતો. તેણે પોતાના રાજ્યમાં ૭ કુવ્યસનો નિવાર્યાં, અમારિ પ્રવર્તાવી તથા

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિનપૂજા માટે ખરચ આપ્યો.

૪. ગજસિંહ યુવરાજ.

૧ જગમલ – મેડતાથી નૈર્ઋત્ય ખૂણામાં ૧૪ માઈલ દૂર રહેલ કિષ્કિંધા ( કેકિંદ )નો વતની હતો. ઉછતવાલ ગોત્રનો ઓશવાલ હતો. ધનાઢ્ય હતો. જૈનધર્મી હતો. ભટ્ટા૦ હેમલવિમલસૂરિના શિષ્ય પં૦ વાનર્ષિંગણી ( પં. વિજયવિમલ )ના શિષ્ય ઉપા૦ વિદ્યાધરવાચકનો એ શિષ્ય હતો. તેણે તેમની પાસે ૩૨ વર્ષની ઉંમરે જોધપુરમાં ચોથું વ્રત સ્વીકાર્યું હતું.

૨ નથમલ – તે પુણ્યાત્મા હતો. મોટો દાની હતો. રાજમાન્ય હતો. તેને ગુર્જરદે નામે પત્ની હતી, જે ઘરકાર્યમાં પ્રવીણ હતી. તે સુશીલ અને દેવ–ગુરુ–ધર્મમાં ભક્તિવાળી હતી.

૩ નાપાજી—તે લોકપ્રિય હતો. ધર્મી હતો. તેને નવલદે નામે પત્ની હતી. તેમને ૧. આશરાજ ( પત્ની સરૂપાદેવી ), ૨. અમૃત (પત્ની સૌલિકાદેવી ) ૩. સુધર્મ ( પત્ની ધારકા ), ૪. ઉદય ( પત્ની ઉછરંગદેવી ) અને ૫ શાર્દૂલ એમ પાંચ પુત્રો હતા.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આશરાજને ૧ વીરમ અને ૨ જીવરાજ એમ બે પુત્રો હતા. અમૃતને ૧. મનોહર અને ૨. વર્ધમાન પુત્રો હતા.

શેઠ નાપાએ ઉપર બતાવેલા પોતાના પરિવાર સાથે સં૦ ૧૬૫૯માં શત્રુંજયતીર્થની યાત્રા કરી. સં૦ ૧૬૬૪માં આબુ, રાણકપુર, નાડલાઈ અને શિવપુરી ( સિરોહી )ની યાત્રા કરી. શેઠ નાપા અને શેઠાણી નવલદેએ સં૦ ૧૬૬૬ના ફા૦ શુ૦ ૩ના રોજ ચોથું વ્રત સ્વીકાર્યું ત્યારે મોટો મહોત્સવ કરતાં ઘણું ખરચ કર્યું હતું. આ રીતે શેઠ નાપામાં દાન, શીલ અને પરોપકાર એમ ત્રણે ગુણોનો મહાયોગ હતો.

શેઠ નાપા જાતમહેનતથી ન્યાયસંપન્ન વૈભવશાળી હતા. તેનું ફળ લેવા કેકિંદનગરમાં સં૦ ૧૬૬૫માં સલાટ તોડર પાસે ભ૦ આદિનાથનો ભવ્ય જિનપ્રાસાદ બંધાવ્યો. તેમાં મોટો મંડપ અને બંને બાજુએ બે ચોકીઓ બનાવી. ભટ્ટા૦ વિજયસેનસૂરિના પટ્ટધર ભ૦ વિજયદેવસૂરિ ઉછતવાલ ગોત્રના ઓશવાલવંશના શણગાર હતા.

તેમની આજ્ઞાથી પધારેલા ઉપા૦ લબ્ધિસાગરગણીના હાથે પ્રતિષ્ઠા કરાવી.

મહાપંડિત પં૦ વિજયકુશલગણીના શિષ્ય પં૦ ઉદયરુચિ ગણીએ તેની ૪૬ શ્લોકપ્રમાણ પ્રશસ્તિ રચી અને પં૦ સહજસાગર ગણી શિષ્ય પં૦ જયસાગરે તેને શિલા ઉપર લખી અને તેને સલાટ તોડરે શિલા ઉપર ઉત્કીર્ણ કરી.[1]

(– પ્રા. જૈ.સં ભા ૨, લે નં. ૩૭૭)

શેઠ સૂરા રતના, શેઠ ધનજી સૂરા – અમદાવાદના શા. સૂરાના પુત્ર શા. ધનજીએ સં૦ ૧૭૧૨ના માગશરમાં અમદાવાદમાં આઠ હજાર મહમ્મુદી ખરચી ભટ્ટા૦ વિજયદેવસૂરિનો વંદના મહોત્સવ કર્યો ત્યારે આ૦ વિજયપ્રભસૂરિને ભટ્ટારક પદવી આપી.

શેઠ શિવા સોમજી – અમદાવાદની ધના સુતારની પોળના સં૦ જોગીદાસની દશા પોરવાડ પત્ની જસમાદેને સોમજી નામે પુત્ર હતો. મહો૦ ક્ષમાકલ્યાણજી 'ખરતરગચ્છની પટ્ટાવલીમાં' લખે છે કે શિવા અને સોમજી તે બંને ભાઈઓ હતા. તેઓ ચીભડાનો વેપાર કરતા હતા. ભ૦ જિનચંદ્રસૂરિની કૃપાથી ધનવાન બન્યા. કિંવદંતી એવી મળે છે કે—

શિવા સૌરાષ્ટ્રનો વેપારી હતો. તેણે વિપત્તિમાં અમદાવાદના શેઠ સોમજી ઉપર રૂા. ૬૦૦૦૦ સાઈઠ હજારની હૂંડી લખી મોકલી. તેમાં તેની આંખનાં આંસુનાં ટપકાં પડ્યાં હતાં. શેઠ સોમજીએ તેને ભારે આબરુદાર વ્યક્તિ હશે એવું અનુમાન કર્યું, આ વ્યાપારી વિપત્તિમાં આવીને ફસાઈ ગયો લાગે છે એમ સમજી તેની હૂંડી સ્વીકારી

---

૧. આ૦ મુનિચંદ્રસૂરિ (સં૦ ૧૧૩૯ થી ૧૧૭૮)ના શિષ્ય આ૦ અજિતદેવસૂરિ તથા શેઠ ધાંધલે સં૦ ૧૧૯૧માં જીરાવલાતીર્થ સ્થાપન કર્યું.

આ૦ વાદિદેવસૂરિએ અને શેઠ પારસદાસે ફલોધીતીર્થ સં૦ ૧૨૦૪ના મહા સુદિ ૧૩ ને શુક્રવારે સ્થાપન કર્યું.

આ મુનિચંદ્રના સગાઓમાં ગુરુભાઈ આ૦ આનંદ થયા. આ૦ આનંદે સં૦ ૧૨૩૦ ના અષાડ સુદિ ૯ને રોજ કિષ્કિંધામાં શેઠ ધાંધલના વંશજોએ બનાવેલ વિધિચૈત્યની પ્રતિષ્ઠા કરી.

(– પ્રા૦ જૈ૦ લે૦ ભા. ૨, લે. નં. ૩૭૮)

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

લીધી. તેના લેણદારને રૂા. ૬૦૦૦૦ સાઈઠ હજાર ગણી આપ્યા. થોડા દિવસ પછી શિવાને વેપારમાં ધન આવતું ગયું. ત્યારે તે શેઠ સોમજીને અમદાવાદ રૂા. ૬૦૦૦૦ સાઈઠ હજાર આપવા આવ્યો.

શેઠ સોમજીએ તેને સાધર્મિક સમજી આપત્તિમાં આપેલી એ રકમને તેના ખાતે ઉધારી નહોતી, પણ સાધાર્મિકની મદદ ખાતે લખી હતી. આથી તે રકમ પાછી લેવા શેઠ સોમજીએ ના પાડી.

શિવાએ રકમ આપવા હઠ પકડી. પંચે ન્યાય કર્યો કે, 'આ રકમનું બંનેના નામથી મોટું જિનાલય બનાવવું.'

એવું કહેવાય છે કે, પછી શત્રુંજયતીર્થ ઉપર નવમી ટૂક શેઠ શિવા સોમજીની બની. કોઈ કહે છે કે, અમદાવાદમાં ભ૦ શાંતિનાથનું મંદિર બન્યું ત્યારથી બંને ભાઈઓ—મિત્રો બન્યા અને સાથે સાથે જ ધર્મકાર્યો કરતા રહ્યા. તેમણે કરેલાં ધર્મકાર્યોની નોંધ આ પ્રકારે જાણવા મળે છે—

૧. સંઘવી જોગીદાસ અને સં૦ સોમજીએ સં૦ ૧૬૪૪માં ભટ્ટા૦ વિજયચંદ્રસૂરિની અધ્યક્ષતામાં શત્રુંજય તીર્થનો છ'રી પાળતો સંઘ કાઢ્યો. તેમાં રૂા. ૩૬૦૦૦ છત્રીસ હજાર ખરચ્યા.

૨. સં૦ ૧૬૫૭માં અમદાવાદમાં ભટ્ટા૦ વિજયચંદ્રસૂરિના હાથે ભ૦ આદીશ્વર જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરાવી.

૩. તેમણે જુદા જુદા તીર્થોના યાત્રાસંઘો કાઢ્યા, નવાં જિનાલયો બંધાવ્યાં, જીર્ણોદ્ધાર કરાવ્યા, પ્રતિષ્ઠાઓ કરાવી, મુનિવરોને પદવીઓ અપાવી ઉત્સવો કર્યા, સાધર્મિકવાત્સલ્ય કર્યાં, લહાણીઓ વહેંચી ગ્રંથોની પ્રતિઓ લખાવી.

૪. અમદાવાદમાં ધના સુતારની પોળમાં શિવા શોમજીની પોળમાં ભગ૦ આદિનાથનું જિનાલય; ભ૦ જિનચંદ્રસૂરિની ચરણપાદુકા.

૫. અમદાવાદના ઝવેરીવાડના ચૌમુખજીની પોળમાં ભ૦ શાંતિનાથનું ચૌમુખજીનું મંદિર (જેનો જીર્ણોદ્ધાર શ્રી. મોહનલાલ મગનલાલ ઝવેરીએ સં૦ ૧૯૨૦માં કરાવ્યો.)

૬. અમદાવાદની હાજા પટેલની પોળમાં ભ૦ શાંતિનાથનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિનાલય.

૭. સં૦ શિવા સોમજીએ શત્રુંજયતીર્થમાં શિવા સોમજીની ટૂક અને ચૌમુખ જિનપ્રાસાદ બનાવ્યો, તેમાં ૫૮ લાખ રૂપિયા ખરચ્યા. આ ટૂક પાસે ખરતરવસહીનાં નાનાં નાનાં જિનાલયો બન્યાં.

શેઠ સોમજીના મરણ પછી તેમના પુત્ર રૂપજીએ સં૦ ૧૬૫૭ માં ભટ્ટા૦ વિજયરત્નસૂરિ, ભ૦ જિનસાગરસૂરિના હાથે શિવા સોમજીની ટૂંકની પ્રતિષ્ઠા કરાવી હતી.

(–પ્રક૦ ૪૦, પૃ, ૪૮૯, ૪૯૪)

સં૦ રૂપજીની પરંપરામાં છેલ્લા શેઠ બાલાભાઈ સાંકળચંદ થયા હતા.

(–યુગપ્રધાન જિનચંદ્રસૂરિ, પૃ૦ ૨૪૦)

**સંઘવણ ફૂલબાઈ**– તે ખંભાતની વતની હતી. સુખી હતી, દાની હતી. સમ્યક્ત્વ સાથે બાર વ્રતની ધારક શ્રાવિકા હતી. તે જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિ, ભટ્ટા૦ વિજયસેનસૂરિ, ભ૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયસિંહસૂરિની ભક્ત-ઉપાસિકા શ્રાવિકા હતી.

તેણે શત્રુંજય, ગિરનાર વગેરે જૈન તીર્થોના છ'રી પાળતા યાત્રા-સંઘો કાઢયા હતા. તેથી તેણે સંઘપતિનું તિલક કરાવી 'સંઘવણ' બિરુદ પ્રાપ્ત કર્યું હતું. તેણે સં૦ ૧૭૦૫ના વૈ૦ સુ૦ ૨ના રોજ ખંભાતમાં મોટા મુનિપરિવાર સાથે પધારેલા ભટ્ટા૦ વિજયદેવસૂરિ આ૦ તથા વિજયસિંહસૂરિને 'વિવાગસુત્ત' તથા 'અણુત્તરોવવાઈ સુત્ત'ની પ્રતિઓ વહોરાવી.

(–ભાંડારકર ઇન્સ્ટીટયૂટ–પૂના પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૧, પ્ર૦ નં૦ ૭૯૦)

તેણે સં૦ ૧૭૧૦ના વૈ૦ સુ૦ ૩ના રોજ ખંભાતમાં પોતાને ભણવા માટે 'ઉપદેશમાલા' લખાવી.

(–શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨, પ્ર૦ નં૦ ૭૯૮)

દુકાળો—ગુજરાતમાં સં૦ ૧૬૨૯થી ૧૬૩૨ એમ ચાર વર્ષો સુધી દુકાળ પડયો હતો. સં૦ ૧૬૩૩માં સુકાળ થયો. શત્રુંજયતીર્થ ચાર વર્ષ સુધી ઉજ્જડ બની રહ્યું.

www.jainsite.com		For Private & Personal Use Only		info@jainsite.com

વળી, આ અરસામાં સં૦ ૧૬૬૧, સં૦ ૧૬૮૬, સં૦ ૧૭૦૨, સં૦ ૧૭૦૫, સં૦ ૧૭૧૫ અને સં૦ ૧૭૨૦માં ગુજરાત, મેવાડ, મારવાડ, મેવાતમાં મોટા દુકાળ પડ્યા ત્યારે ભટ્ટા૦ વિજયદેવસૂરિ, આ૦ વિજયસિંહસૂરિ, ભ૦ વિજયપ્રભસૂરિ, ભ૦ વિજયાનંદસૂરિ વગેરેના ઉપદેશથી મંત્રી જયમલ મુહણોત, શેઠ શાંતિદાસ ઝવેરી, શેઠ શાંતિદાસ મનિયા અને શેઠ વજિયા–રાજિયા વગેરે જૈન મહાજનોએ પ્રજાને અનાજ-પાણી કપડાં વગેરે વિવિધ પ્રકારની મદદ આપી હતી ત્યારે સોરઠમાં દુકાળની અસર થઈ નહોતી.

શેઠ વજિયા–રાજિયા પારેખે સં૦ ૧૬૬૧ના દુકાળમાં ચાર હજાર મણ અનાજ આપી ઘણાં માનવ–કુટુંબોને બચાવ્યાં હતાં.

મંત્રી જયમલ મુહણોતે સં૦ ૧૬૮૬ના દુકાળમાં સૌને મોટી મદદ આપી હતી.

(–પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨, પુરવણી પૃ૦ ૭૭૩)

નવું નવું – ભટ્ટા૦ વિજયદેવસૂરિ તથા આ૦ વિજયસિંહસૂરિ એવા જૈનાચાર્યોના ઉપદેશથી વિક્રમની ૧૭–૧૮મી શતાબ્દીમાં વિવિધ, આકર્ષક, પ્રશસ્ય, કલામય વસ્તુઓનું નિર્માણ કર્યું છે તે આ પ્રમાણે છે –

૧ ચૈત્યાલય – પાટણના મણિયાતીપાડામાં શેઠ લલ્લુચંદ મગનલાલ દાંતીના ઘરમાં બારીક કોરણીવાળું લાકડાનું સુંદર જિનાલય છે. તેમાં ભ૦ ઋષભદેવની સ્ફટિકરત્નની બનેલી પરિકરવાળી જિનપ્રતિમા છે. તેના પરિકર ઉપર પડીમાત્રામાં સંસ્કૃત ભાષામાં ભ૦ વિજયદેવસૂરિનો લેખ નીચે મુજબ છે —

"સંવત્ ૧૬૭૨ વર્ષે પૌષકૃષ્ણ૫ઞ્ચમી શુક્રે શ્રીપત્તનનગરવાસ્તવ્ય-વૃદ્ધશાખાયાં શ્રીમાલીજ્ઞાતીય દો૦ધનજીભાર્યામરઘાઇસુતદો૦સંતોષીકેન ભાર્યાસહગલદેપ્રમુખકુટુમ્બયુતેન સ્વશ્રેયસે શ્રીઋષભદેવપરિકરઃ કારિતઃ પ્રતિષ્ઠિતશ્ચ તપાગચ્છે ભટ્ટારકપુરન્દર-ભટ્ટારકશ્રીવિજયહીરસૂરીશ્વર-શિષ્ય-ભટ્ટારક શ્રીવિજયસેનસૂરીશ્વરપટ્ટાલંકારહારાનુકારિ ભટ્ટારક-પ્રભુ ભટ્ટારકશ્રીવિજયદેવસૂરિભિરિતિ ભદ્રમ્ ॥"

(–પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨, લે૦ નં૦ ૩૨૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંસ્કૃત સાહિત્યમાં કમલદલછત્ર વગેરે શબ્દાલંકારવાળાં પદ્યો બનાવાય છે. શીઘ્રકવિ પં૦ હેમવિજયગણીએ આવાં કેટલાંક પદ્યો રચ્યાં છે.

આ૦ વિજયસિંહસૂરિએ એ કાવ્યકલામાંથી શિલ્પકલાને જન્મ આપ્યો હતો.

શબ્દનિક્ષેપોમાંથી સ્થાપના નિક્ષેપો જન્માવ્યો હતો અને સમવસરણ તૈયાર કરાવી તેમાં તીર્થંકરોની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી તે આ પ્રકારે —

૧. ભટ્ટા૦ વિજયદેવસૂરિએ અને આ૦ વિજયસિંહસૂરિએ સં૦ ૧૬૮૫ના અષાઢ વ૦ ૪ ને ગુરુવારે શિરોહીમાં સં૦ પૂજા પોરવાડના પુત્ર મંત્રી તેજપાલના ભ૦ પાર્શ્વનાથના સમવસરણ કમલદલની પ્રતિષ્ઠા કરી હતી. તેનો શિલાલેખ આ પ્રકારે હતો —

શિરોહીમાં ભ૦ અજિતનાથના મંદિરમાં સમવસરણ કમલદલ સહિત છે. તેનો લેખ આ પ્રકારે છે —

**"श्री पार्श्वनाथ समवरणं कारितम् । शा. तेजपालनाम्ना संवत् १६८५ आषाढ वदि ४ गुरौ श्रीसिरोहीवास्तव्य प्राग्वाट ज्ञातीय सा. पूजा भार्या उछरङ्गदेपुत्र सा. तेजपाल तत्पुत्र ... वसता वर्धमान पौत्र धर्मदास-ऋषभदास कुटुम्बयुतेन स्वश्रेयसे श्री पार्श्वनाथ समवसरणं का. । प्रतिष्ठितं तपागच्छे भ० श्री तपागच्छे भ० श्री विजयसेनसूरिपट्टे भ० विजयदेवसूरिभिः आचार्य श्री विजयसिंहसूरि प्रमुख परिवार परिवृतैः ॥"**

સિરોહીનાં વિવિધ મંદિરો તથા લેખ વગેરેના ફોટાઓ 'જૈનયુગ' નવું વર્ષ : ૩, અંક : ૩માં પ્રકાશિત થયા છે.

૨. પાલીના જિનપ્રાસાદમાં ૨૪ તીર્થંકરોનું કમલસહિત સમવસરણનો લેખ આ પ્રકારે છે —

**"संवत् १७०० वर्षे माघसितद्वादश्यां बुधे श्रीयोधपुरवास्तव्य-ओसवाल ज्ञातीय मुहणोतगोत्रे जयराज ( जयमल ) भार्यामनोरथदे पुत्रसुभा पु० ताराचन्द-भोजराजादियुतेन श्री शीतल-पार्श्व-वीर-**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नेमिमूर्ति-स्फुर्तिम विंशति जिनबिम्ब विराजितदल दशकं चतुर्विं-शतिजिनकमलं कारित प्रतिष्ठत तपागच्छे भट्टारक श्री विजय-सिंहसूरि निर्देशात् उ० सप्तमचन्द्रगणिभिः ॥

(– પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨, લે૦ નં૦ ૩૯૦)

ઉપરના બંને આચાર્યોની આજ્ઞાથી ઉપા૦ સપ્તમચંદ્રગણીએ સં૦ ૧૭૦૦ના મહા૦ સુ૦ ૧૨ ને બુધવારના રોજ પાલીમાં મંત્રી જયમલ મુહણોતે ભરાવેલ ભગવાનના સમવસરણ કમલદલની પ્રતિષ્ઠા કરી. પહાડી ઉપર જિનપ્રાસાદ–ઈડરનો પરિચય અગાઉ આપવામાં આવ્યો છે.

ભટ્ટા૦ વિજયદેવસૂરિની જન્મભૂમિ ઈડર છે. આથી ઈડરના રાજાઓ તેમની પ્રત્યે વિશેષ ભક્તિવાળા હતા.

ભ૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૮૧–૮૨માં ઈડરમાં સહજૂએ કરેલ ઉત્સવમાં આ૦ વિજયસિંહસૂરિને આચાર્ય બનાવ્યા. ભટ્ટા૦ વિજય-દેવસૂરિ અને આ૦ વિજયસિંહસૂરિએ સં૦ ૧૬૦૪માં ચોમાસું કર્યું અને સં૦ ૧૬૯૫માં ઈડરમાં પાટણની શ્રાવિકા અવંતીએ કરાવેલ જિનપ્રતિમાના પ્રતિષ્ઠા ઉત્સવમાં ૬૪ ઈંદ્રોના જન્માભિષેક વગેરે મોટો જન્મોત્સવ ઊજવાયો.

ઈડરના રાજા રણમલે ભ૦ વિજયદેવસૂરિના નામ ઉપરથી ઈડરની પહાડી ઉપર રાજમહેલની ઉપરના ભાગમાં મોટો જિનપ્રાસાદ બનાવી તેની તેમના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. તેની પાસે જ 'રણમલ-ચોકી' પણ બનાવી હતી.

૪. ગ્રંથભંડાર–પાટણના જૈનો સુરતમાં જઈ વસ્યા તે જ્યારે પાટણમાં આવે ત્યારે સુરતવાળા તરીકે ઓળખાતા હતા. તે પૈકીના શા૦ મહીપા જૈનના કુટુંબના શા૦ રત્નો...તથા દોશી સોમાચા ઓસવાલના વંશના દો૦ ઉદયસિંહની પત્ની મરઘા વગેરે સં૦ ૧૬૭૨ના પોષ સુ૦ ૨ ને મંગળવારે ઘણાં જિનાગમો તથા ઘણા ગ્રંથો લખાવ્યાં હતાં.

(– શ્રી. પ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૨, નં૦ ૭૦૯ થી ૭૧૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. સહસ્રાંકફૂટ – આ૦ વિજયસિંહસૂરિએ જૈન જગતને સહસ્રાંકફૂટનું નવું વિધાન આપ્યું હતું. સહસ્રાંકફૂટમાં એકી સાથે ૧૦૦ થી વધુ જિનપ્રતિમાઓ બનાવાય છે. તેની સંખ્યા બે પ્રકારે મળે છે.

(૧) દસ ક્ષેત્રોની ત્રણ ચોવીશીના ૭૨૦ + દશ ચોવીશીના પાંચ–પાંચ કલ્યાણકો ૧૨૦ + ઉત્કૃષ્ટ જિન ૧૬૦ + વિરહરમાન જિનના ૨૦ + શાશ્વતજિન ૪ = ૨૦૧૪. (૨) ૧૦૨૪

ત્રણ સહસ્રકૂટો પ્રસિદ્ધ છે.

આ૦ વિજયસિંહસૂરિ સં૦ ૧૭૦૧માં મેડતામાં ચોમાસુ હતા ત્યારે તેમણે મેડતાના વતની વીશા ઓશવાલ કુહાડ ગોત્રના શા૦ વર્ધમાનની પત્ની શ્રી. વહાલદેનો પુત્ર રાયસિંહ જૈન આગરામાં વેપાર કરતો હતો.

તેને ઉપદેશ આપી શત્રુંજયતીર્થમાં મોટી ટૂકમાં ભ૦ આદીશ્વરના મુખ્ય જિનપ્રાસાદની દક્ષિણ બાજુએ મુખ્ય દરવાજાની સામે ૧૦૨૪ જિનપ્રતિમાનો સહસ્રકૂટનો જિનપ્રાસાદ બનાવવાનો ઉપદેશ આપ્યો ત્યારે પાલિતાણાની તપાગચ્છની શ્રીપૂજની ગાદીએ શત્રુંજયતીર્થની રક્ષા માટે આ૦ વિજયાનંદસૂરિના શિષ્ય પં૦ શાંતિવિજયગણી, પં૦ દેવવિજયગણી, પં૦ મેઘવિજયગણી વગેરેને નીમ્યા હતા. તેમને પણ આ કૂટ શાસ્ત્રાનુસાર બને તેમ કરવા ધ્યાન રાખવા આજ્ઞા આપી હતી. સહસ્રકૂટ તૈયાર થયો પરંતુ આ૦ વિજયસિંહસૂરિ સં૦ ૧૭૦૯ના અ૦ સુ૦ ૨ના રોજ અમદાવાદમાં સ્વર્ગવાસી થયા. આથી ભટ્ટા૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયપ્રભસૂરિની આજ્ઞાથી મહો૦ વિનયવિજયગણીએ સં૦ ૧૬૧૦ના જે૦ સુ૦ ૧૦ (૯) ને ગુરુવારે શત્રુંજયતીર્થમાં તે સહસ્રકૂટની પ્રતિષ્ઠા કરી હતી. એ સહસ્રકૂટના થાંભલા ઉપર પદ્યમાં ૪ શ્લોકો અને ગદ્યમાં આ પ્રકારે લેખો છે.—

"प्रत्यतिष्ठपदिदं खलु तीर्थं रायसिंह इह वर्धमानभूः ।
शासनाद् विजयदेवगुरोः सद्वाचकेन विनयाद् विजयेन ॥ १ ॥
श्री विजयसिंहसूरेः स जयतु तपगच्छमौलिमाणिक्यम् ।
अजनिष्ट यदुपदेशात् सहस्रकूटाभिधं तीर्थम् ॥ २ ॥
दिक्शशि० ॥ ३ ॥　यावज्जयति ॥ ४ ॥

(–એપિગ્રાફિયા ઇંડિકા ભા૦ ૨, પૃ૦ ૭૩, પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨, લે૦ નં૦ ૩૧)

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

अर्हम् ॥ ॐ स्वस्ति श्री संवत् १७१० वर्षे ज्येष्ठ शुक्ल-षष्ठीतिथौ गुरुवारे श्रीउग्रसेनपुर वास्तव्य-उकेशज्ञातीय-वृद्ध-शाखीय-कुहाडगोत्र सा० वर्धमान भा० वल्हादे पु० (१) समान-सिंह (२) थानसिंह (३) रायसिंह (४) कनकसिंह (५) ऋषभदासैः सा० जगत्‌सिंह-जीवणदास प्रमुखपरिवार युतैः स्वपितृवचनात् तत्पुण्यार्थं श्रीसहस्रकूटतीर्थं कारितं स्वप्रतिष्ठायां प्रतिष्ठा-पितम्, तपागच्छे भ० विजयहीरसूरिपट्टप्रभावक भ० विजयसेन-सूरि पट्टालंकार पातिसाहि श्री जहांगीरप्रदत्त महातपाबिरुदधारि-अनेकराजाधिराजप्रतिबोधकारि भट्टारक श्रीविजयदेवसूरिआ० श्री विजयप्रभसूरि निर्देशात् श्रीहीरविजयसूरि शिष्यरत्न महोपाध्याय श्री पू० कीर्तिविजयग० शिष्योपाध्याय श्री विनय-विजयगणिभिः प्रतिष्ठितम् ॥ श्रीरस्तु ॥ श्री शत्रुंजयमहातीर्थ-कार्यकरणपंडित श्री पू शान्तिविजय ग० देवविजय ग० मेघ-विजय ग० साहाय्यतः सिद्धमिदम् ॥ सूत्रधार मनजी ॥

(—એપિગ્રાફિયા ઈંડિકા ભા૦ ૨, પૃ૦ ૭૩, પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨, લે૦ નં૦ ૩૨ )

JAINSITE.com
जैनम् जयति शासनम्
जैन साईट

આ સહસ્રકૂટ સૌથી પ્રાચીન છે. તે પછી જ બીજા સહસ્રકૂટ બન્યા છે.

બીજો સહસ્રકૂટ – ખરતરગચ્છના સમર્થ વિધાતા મહો૦ દેવચંદ્ર ગણિવર મરોટથી વિહાર કરી ગુજરાતના પાટણમાં પધાર્યા. તેમણે પાટણમાં શાહની પોળમાં ચૌમુખજીની વાડી પાસેના જિનપ્રાસાદમાં આ૦ જ્ઞાનવિમલસૂરિ અને પાટણના નગરશેઠ દો૦ તેજસી શ્રીમાલીને સહસ્રકૂટના ૧૦૨૪ તીર્થંકરોના નામ સંભળાવ્યાં. શેઠ તેજસીએ સં૦ ૧૭૭૪માં સહસ્રકૂટનું દેરાસર બનાવ્યું, જે નગરશેઠના દેરાસર તરીકે વિખ્યાત છે. શેઠ તેજસીએ સં૦ ૧૭૭૪માં ભ૦ પાર્શ્વનાથ વગેરેની પિત્તળની હજારો પ્રતિમાવાળો સહસ્રકૂટનો ત્રિગડો કોઠા બનાવી. તેની પૂનમિયાગચ્છના ભટ્ટા૦ ભાવપ્રભસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી.

મહો૦ દેવચંદ્રગણીએ 'સહસ્રકૂટસ્તવન'ની રચના કરી. નગર-શેઠનું ઘરદેરાસર – ( સહસ્રકૂટનું દેરાસર, મણિયાતી પાડો, પાટણ ) સહસ્રકૂટના ત્રિગડાની કિનારી ( બોર્ડર ) ઉપરનો લેખ –

જૈ. ૨૧

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

"॥ संवत् १७७४ वर्षे ज्येष्ठ शुदि ८ सोमे पत्तनमध्ये श्री श्रीमालज्ञातीय-वृद्धशाखायां दो० श्री वीरासुत-दोसी शिवजीसुत दो० श्री मेघजीभार्या शाहिजवहूसुत–दो० श्री जयतसीभार्या रामवहूसुत-दोसी श्री तेजसीभार्या देवबाइसुता पुञ्जी सुत गुलाब-र्द्धिभार्या राधावहूसुता लाहरसी सुत मुलुकचन्द प्रमुख सपरिवारयुतः दो० तेजसीकेन सुखश्रेयोर्थं श्रीपार्श्वनाथादिबिम्बसहस्र-पित्तलमयकोष्ठः कारितः पूर्णिमापक्षे भ० श्रीभावप्रभसूरिभिः प्रतिष्ठितः ॥

(–પ્રક૦ ૪૦, પૃ૦ ૫૦૪)

સહસ્રકૂટની ત્રિગડાની નીચેની પરિધિ ઉપરનો લેખ–

"॥ सं० १७७४ ज्ये० सुदि ८ श्रीतेजसीभार्या देववहूसुता पुञ्जीसुत गुलाब–र्द्धिभार्या राधासुता लहीरसी...सुतमलुकचन्द सपरिवार तेजसीकेन सुखश्रेयोर्थं श्रीपार्श्वनाथादि बिम्बसहस्र पित्तलमय कोष्ठः कारितः, श्रीपूर्णिमापक्षे भ० श्री महिमाप्रभ-सूरिस्तत्पट्टे भ० श्रीभावप्रभसूरीणामुपदेशात् कृतमहोत्सवेन प्रतिष्ठापितश्च ढण्ढेरकसंबन्धितः ॥

ત્રીજો સહસ્રકૂટ–શત્રુંજયતીર્થમાં પાંચ પાંડવના દેરાસરમાં સં૦ ૧૮૯૦માં સહસ્રકૂટ બન્યો હતો. તેનો લેખ આ પ્રકારે છે–

> "શા૦ ગટ્ટાભાઈ લલ્લુભાઈએ શત્રુંજયતીર્થમાં પાંચ પાંડવોના દેરાસરમાં સહસ્રકૂટ બનાવ્યો. તપાગચ્છના ભટ્ટારક વિજયજિનેન્દ્રસૂરિએ સં૦ ૧૮૯૦ના વૈ૦ સુ૦ ૫ના રોજ શત્રુંજયતીર્થમાં તે સહસ્રકૂટની પ્રતિષ્ઠા કરી."

(–પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨, લે૦ નં૦ ૪૮, ૪૯)

ચોથો સહસ્રકૂટ–શત્રુંજયતીર્થમાં મોતીશાહની ટૂકમાં વીશા ઓશવાલ શા૦ જેઠા બાલચંદનો સં૦ ૧૮૯૩ના વૈ૦ વ૦ ૨ના રોજ પ્રતિષ્ઠા કરેલો ૧૦૨૪ જિનપ્રતિમાવાળો સહસ્રકૂટ છે.

(–શત્રુંજયતીર્થ હ૦ લિ૦ મોટું તીર્થયાત્રા વર્ણન)

સાકરવસહીમાં સુરતના શ્રી દયાચંદનો સં૦ ૧૮૯૦ના વૈ૦ સુ૦ ૫નો ૧૦૨૪નો સહસ્રકૂટ છે.

www.jainsite.com		For Private & Personal Use Only		info@jainsite.com

# પ્રકરણ એકસઠમું

## આચાર્ય વિજયસિંહસૂરિ

"તાપ પાટઈ પ્રતપઈ, જયવંતા યુવરાજ;
શ્રીસૂરિશિરોમણિ, વિજયસિંહ મુનિરાજ."

(મહો૦ વિનયવિજયગણી, 'ગણધર પટ્ટાવલી સજઝાય' પટ્ટાવલી સમુચ્ચય ભા.૨, પુરવણી પૃ૦ ૧૮૩ થી ૧૮૫)

આ૦ વિજયસિંહસૂરિનો સં૦ ૧૬૪૪ના ફાગણ સુદિ ૨ ને રવિવારે મેડતામાં જન્મ થયો હતો. તેમના પિતાનું નામ નથમલજી ઓશવાલ અને માતાનું નામ હતું નાયકદેવી. તેમનું પોતાનું નામ કરમચંદ હતું.

સં૦ ૧૬૫૪ના મહા સુદિ ૨ ના રોજ અમદાવાદના અકમીપુરામાં ભટ્ટા૦ વિજયસેનસૂરિના હાથે દીક્ષા થઈ ને તેમનું નામ મુનિ કનકવિજય રાખવામાં આવ્યું. સં૦ ૧૬૭૦માં આ૦ વિજયસેનસૂરિએ તેમને પંન્યાસપદ આપ્યું. સં. ૧૬૭૩-ના પોષ વદિ ૫ને શુક્રવારના રોજ પાટણમાં શેઠ સંતોષીએ ભરાવેલા ભ૦ આદિનાથની સ્ફટિકની જિનપ્રતિમાના પરિકરના પ્રતિષ્ઠા ઉત્સવમાં તેમને ઉપાધ્યાયપદ આપવામાં આવ્યું. ભ૦ વિજયદેવસૂરિના હાથે સં૦ ૧૬૮૧ના વૈ૦ સુ૦ ૬ના રોજ અથવા સં૦ ૧૬૮૨ના મહા સુદિ ૬ ના રોજ ઈડરમાં શાહ સહજૂ પારેખે કરેલા પદવી મહોત્સવમાં આચાર્યપદ પ્રાપ્ત કરી તેમનું વિજયસિંહસૂરિ નામ રાખ્યું. સં૦ ૧૬૮૪માં જાલોરમાં સંઘપતિ મંત્રી જયમલ્લ મુહણોતે કરેલા પ્રતિષ્ઠા-ઉત્સવમાં, વંદના મહોત્સવમાં ભટ્ટારકપદ આપવામાં આવ્યું. અને સં૦ ૧૭૦૮ના અષાડ સુદિ ૨ના રોજ અમદાવાદમાં રાજપુરા પાસેના નવાપુરા (નવીનપુરા)માં સ્વર્ગગમન થયું.

(—પટ્ટાવલી સમુચ્ચય ભા.૨, પુરવણી પૃ૦ ૯૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૬૧મા આચાર્ય વિજયસિંહસૂરિ

જન્મ – મેડતામાં શેઠ નથમલ નાથુજી શાહ ઓસવાલ જૈન અને તેમનાં પત્ની નાયકદેવીએ કુલ પાંચ પુત્રોને જન્મ આપ્યો. ૧ જેઠો, ૨ જશો, ૩ કેશવજી, ૪ કરમચંદ અને ૫ કપૂરચંદ એમ પાંચ પુત્રો હતા. દીક્ષા – શેઠ નથમલ, શેઠાણી નાયકદે અને છેલ્લા ત્રણ પુત્રોએ ભટ્ટા૦ વિજનસેનસૂરિ પાસે દીક્ષા લીધી હતી.

૧-૨ શેઠ નથમલે જેઠા અને જેસાને ગૃહકાર્યભાર સોંપીને આ૦ વિજયસેનસૂરિ પાસે સં૦ ૧૬૫૪ના મહાસુદિ ૨ના દિવસે દીક્ષા લીધી પણ તેમનું દીક્ષિત અવસ્થાનું નામ જાણવામાં આવ્યું નથી. વળી, શેઠાણી નાયકદેએ પણ દીક્ષા લઈ સારી રીતે ચારિત્ર પાવન કર્યું.

૩ કેશવજી – તે શેઠ નથમલનો ત્રીજો પુત્ર હતો. તેણે માતા-પિતાની દીક્ષા પહેલાં જ આશરે સં૦ ૧૬૪૪ પહેલાં નાની ઉંમરમાં દીક્ષા લીધી. ભ૦ વિજયસેનસૂરિએ તેને દીક્ષા આપી. મહો૦ કીર્તિ-વિજયગણીના શિષ્ય બનાવ્યા અને તેમનું નામ મુનિ કાંતિવિજય રાખવામાં આવ્યું હતું. એટલે મુનિ કાંતિવિજય ભ૦ વિજયસેન-સૂરિના હસ્તદીક્ષિત શિષ્ય હતા.

તેઓ અત્યંત ગુરુભક્ત હતા. ગુણના પક્ષપાતી ને મળતિયા સ્વભાવના હતા. વિદ્વાન અને કવિ હતા. તેઓ પંન્યાસપદ મેળવીને ઉપાધ્યાય બન્યા હતા. તેમના હસ્તાક્ષરો સુંદર હતા. આથી તેમના હાથે ઘણા શિલાલેખો અને ગ્રંથો લખાયા હતા.

ભટ્ટા૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૪૫ના જેઠ સુદિ ૧૧ને સોમવારે ખંભાતના સાગવટ પાડામાં શેઠ વજિયા-રાજિયા પારેખના શ્રી. ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની પ્રતિષ્ઠા કરી હતી. મહાકવિ હેમવિજયગણીએ તેની પ્રશસ્તિ રચી. પં૦ લાભવિજયગણીએ તેનું સંશોધન કર્યું. પં૦ કાંતિવિજયગણીએ તેને શિલા ઉપર લખી અને સ્થપતિ શ્રીધરે તેને ઉત્કીર્ણ કરી.

મહો૦ કીર્તિવિજયગણીએ સં૦ ૧૬૯૦ના આ૦ સુ૦ ૪ના રોજ વડોદરામાં 'વિચાર રત્નાકર' નામે ગ્રંથની રચના કરી. પં૦ કાંતિ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિજયગણીએ તેની પ્રતિ લખી વડોદરાના જૈન ભંડારમાં મૂકી હતી. તે ગ્રંથની પુષ્પિકા આ પ્રકારે છે—

"श्री कीर्तिविजयवाचक शिष्यलेशेन कान्तिविजयेन ।
श्रीवटपद्रपुरस्थित चित्कोषे प्रतिरियं मुक्ता ॥ १ ॥

(—શ્રી. પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨, પ્ર૦ નં૦ ૭૧૧ )

મહો૦ વિનયવિજયગણીએ સં૦ ૧૭૧૦માં પોતાના ગુરુભાઈ કાંતિવિજયને ભણવા માટે 'હૈમલઘુપ્રક્રિયા' નામે સંસ્કૃત વ્યાકરણ ગ્રંથની રચના કરી.

(—પાટણના જૈન ગ્રંથભંડારમાં રહેલી સં૦ ૧૭૫૨માં લખેલી ગ્રંથની પુષ્પિકા)

ઉપા૦ કાંતિવિજયગણીએ ઘણા ગ્રંથો રચ્યા છે તે આ પ્રમાણે :—

૧ જિનસ્તવન ચોવીશી,
૨ જિનસ્તવનવીશી,
૩ પાંચ મહાવ્રતની સજ્ઝાય ઢાળ : ૪,
૪ રાત્રિભોજન ત્યાગ સજ્ઝાય,
૫ શીલપચ્ચીસી
૬ સંવેગ રસાયણ બાવની, કડી : ૫૩,
૭ સં૦ ૧૭૪૫માં પાટણમાં 'સુજશવેલી' ઢાળ : ૪,
૮ 'શ્રી રે સિદ્ધાચલ ભેટવા સ્તવન'
૯ આતમા-જ્ઞાન પંચમીની સજ્ઝાય,
સ્તવનો, સજ્ઝાયો, પદો વગેરે.

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

૪ કરમચંદ—તે શેઠ નથમલનો ચોથો પુત્ર હતો. દીક્ષા વખતનું નામ કનકવિજય હતું અને આચાર્યપદ પ્રાપ્ત થતાં વિજયસિંહસૂરિ નામથી ખ્યાતિ પામ્યા.

૫ કપૂરચંદ—તે નથમલનો પાંચમો પુત્ર હતો. ભટ્ટા૦ વિજયસેનસૂરિએ તેને સં૦ ૧૬૫૪ના મહા સુદિ ૨ ના રોજ દીક્ષા આપી. તેમનું મુનિ કૃષ્ણવિજય નામ રાખી આ૦ વિજયદેવસૂરિના શિષ્ય બનાવ્યા. ભટ્ટા૦ વિજયદેવસૂરિ જ્યારે દક્ષિણમાં કુલ્પાકતીર્થની યાત્રાએ પધાર્યા ત્યારે પં૦ કાંતિવિજય તથા મુનિ કૃષ્ણવિજય વગેરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુનિપરિવાર તેમની સાથે હતો. મુનિ કૃષ્ણવિજયે ત્યાં 'કુલ્પાક-મંડન ભ૦ ઋષભદેવનું સ્તવન' રચ્યું.

( – જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : )

તેમનો વધુ પરિચય મળતો નથી.

અગાઉ જણાવેલા પં૦ કનકવિજયજી શાંત હતા. વિજયસેનસૂરિને તેમને માટે મોટી આશા હતી કે તેઓ ભવિષ્યમાં મોટા પ્રભાવક બનશે. આથી આ૦ વિજયસેનસૂરિએ તેમને પંન્યાસ બનાવ્યા અને તે પછી ઉપાધ્યાય બનાવે તે પહેલાં જ આ૦ વિજયસેનસૂરિનો સં૦ ૧૬૭૧ના જે૦ સુ૦ ૧૧ના રોજ સ્વર્ગવાસ થયો. પછી આ૦ વિજયદેવસૂરિ પાટણમાં ગચ્છનાયક ભટ્ટારક બન્યા.

બીજી તરફ તપાગચ્છના અમુક ઉપાધ્યાયોએ સં૦ ૧૬૭૩ના પોષ વદિ ૧૨ને બુધવારે સિરોહીમાં ભ૦ વિજયતિલકસૂરિને નવા ભટ્ટારક બનાવી ઉપાધ્યાય ગચ્છ જુદો પાડી ગચ્છભેદ કર્યો અને બીજો ગચ્છ પડે એવી યોજના બની હતી.

આ સ્થિતિમાં ભ૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૭૩ના પોષ વદિ ૫ ને શુક્રવારે પાટણમાં શેઠ સંતોષીએ બનાવેલા ભ૦ આદિનાથની સ્ફટિકની જિનપ્રતિમાના પરિકરની પ્રતિષ્ઠાના ઉત્સવમાં ગીતાર્થોની પ્રેરણાથી પં૦ કનકવિજયગણીને ઉપાધ્યાયપદવી આપી.[1]

---

૧ ઉપા. કનકવિજયગણી ઘણા થયા છે.

(૧) ૬૦ માં મહો૦ કનકવિજયગણી – તેમની શિષ્યગરંપરામાં મહો૦ મેઘવિજયગણી થયા હતા.

( – પ્રક૦ ૫૫, પૃ૦ ૧૨૮; પ્રક૦ ૫૮, પૃ૦ ૫૨૪ )

(૨) ઉપા૦ કનકવિજયના શિષ્ય અમરવિજયગણી સં૦ ૧૫૫૩–૫૪માં વિદ્યમાન હતા.

(૩) ઉ૦ કનકવિજયગણી ને આ૦ વિજયસિંહસૂરિ.

(૪) તપાગચ્છની વિજયાનંદસૂરિશાખાના ભ૦ વિજયાનંદસૂરિના ૧ પં૦ કનકવિજયગણી ૨ પં૦ શાંતિવિજયગણી, ૩ પં૦ શિવવિજયગણી, એમ ત્રણ શિષ્યો હતા.

તે ત્રણે અસલમાં ગૃહસ્થપણામાં સહોદર (ભાઈઓ) હતા. અને દીક્ષિત અવસ્થામાં ગુરુભાઈઓ હતા.

( શ્રી. પ્રશસ્તિ સંગ્રહ ભા૦ ૨, પ્ર૦ નં૦ ૭૦૧ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવવાણી—હવે ભટ્ટા૦ વિજયાનંદસૂરિની પાટે નવો ગચ્છનાયક વારસદાર બનાવવાની વાત ચાલી. ભ૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૭૬-ના ચોમાસામાં સાબલીમાં વિજયાનંદસૂરિપક્ષ અને સાગરશાખા વચ્ચેની અથડામણ થતી હતી તેને રોકવાનો ઉપાય મેળવવા અને નવો ગચ્છનાયક જાણવા ત્રણ મહિના સુધી સૂરિમંત્રનું ધ્યાન કર્યું.

સૂરિમંત્રના અધિષ્ઠાયકે ગચ્છનાયકને વિનયભાવે જણાવ્યું કે તમારા શિષ્ય પરિવારમાં એવો કોઈ પુણ્યશાલી નથી કે જે ગચ્છ-નાયક બની શકે. એવો પુણ્યાત્મા અવસરે જન્મ લેશે ને તમારા પરિવારમાં દાખલ થશે. દીક્ષા લેશે અને અવસરે તમારા હાથે જ ગચ્છનાયક બનશે. પરંતુ હાલ તરતને માટે ઉપા૦ કનકવિજયગણીને તમારી પાટે સ્થાપન કરો. આથી જૈનશાસનને ઘણો લાભ થશે.

તમે પણ શ્રમણસંઘને માટે શુદ્ધ સાધુમાર્ગ પ્રવર્તે એવી મર્યાદા બનાવો. આથી પણ શ્રમણવંઘને લાભ થશે.

जैन साईट
JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

પટ્ટક—ભ૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૭૭ના વૈ૦ સુ૦ ૭ને બુધવારે સાબલીમાં શ્રમણસંઘની હાજરીમાં ૫૮ બોલવાળો ગીતાર્થ સાધુ-સાધ્વી મર્યાદા પટ્ટક બનાવ્યો.

પછી પં૦ મુક્તિસાગર સં૦ ૧૬૭૯માં અમદાવાદમાં ભ૦ વિજય-દેવસૂરિના ખંભાતથી આવેલા વાસક્ષેપથી ઉપાધ્યાય બન્યા.

સમ્મેલન—સં૦ ૧૬૮૧ના પ્રથમ ચૈત્ર સુદિ ૯ ને રોજ રવિ-યોગમાં અમદાવાદના કાલુપુરમાં આવેલા જૈન ઉપાશ્રયમાં તપાગચ્છનું મોટું મુનિસંમેલન મળ્યું.

( —પ્રક૦ ૫૫, પૃ૦ ૮૪ )

આ સંમેલનમાં બે બાબતોમાં સૌ એકમત થયા.

(૧) સર્વજ્ઞશતક' અપ્રમાણ ગ્રંથ છે તેને પ્રમાણ નહીં માનવો.
(૨) ભ૦ વિજયદેવસૂરિ પોતાની પાટે જેને સ્થાપન કરે તેને બધાએ ગચ્છનાયક તરીકે મંજૂર રાખવા.

આ સમ્મેલનમાં સૌને અનુભવ થયો કે ઉપા૦ કનકવિજયગણી શાંત, સંવેગી, ત્યાગી, વૈરાગી, તપસ્વી, જ્ઞાની, શાસનપ્રેમી, મળતા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વડા અને બધા પ્રત્યે સમભાવ રાખનારા છે, ગંભીર છે, ભવિષ્યમાં મોટા પ્રભાવક થશે. આમ હોવાથી સૌ તેમને આચાર્યપદ મળે તેમાં ખુશ હતા.

આચાર્યપદ—ભ૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૮૧ના વૈ૦ સુ૦ ૬ અથવા સં૦ ૧૬૮૨ના મહા સુદિ ૬ ના રોજ ઇડરમાં શા. સહજૂએ કરેલ પદવી મહોત્સવમાં ઉપા૦ કનકવિજયગણીને આચાર્ય-પદ આપી પોતાની પાટે સ્થાપન કર્યા અને તેમનું નામ વિજય-સિંહસૂરિ રાખ્યું.

(—પટ્ટાવલી સમુચ્ચય ભા. ૨, પુરવણી પૃ૦ ૯૩)

તે સં૦ ૧૬૬૪ થી લગભગ સં૦ ૧૬૯૫ સુધી ગુરુદેવની સેવામાં રહી તેમની સાથે જ વિચર્યા હતા. તે પછી આ પ્રમાણે વિચર્યા.

બંને આચાર્યોએ સં૦ ૧૬૯૭માં વિંધ્યનગર (વીજાપુર)માં જિનપ્રતિષ્ઠાઓ કરી અને ભટ્ટા૦ વજયદેવસૂરિએ સં૦ ૧૬૯૭માં ત્યાં જ ચોમાસું કર્યું અને આ૦ વિજયસિંહસૂરિને ઉદયપુર મોકલ્યા. તેમણે રાણા જગતસિંહને ઉપદેશ આપી વરકાણાના મેળામાં લેવાતો કર માફ કર્યો.

બંને આચાર્યોએ સં૦ ૧૬૯૮માં આમણોરમાં, દેલવાડામાં એક તથા નાહીગામમાં એક એમ બે પ્રતિષ્ઠાઓ કરી.

રાણા જગતસિંહે જીવદયાપ્રેમી બની અહિંસાની આણ પ્રવર્તાવી. મેવાડનાં જૈન તીર્થોમાં જિનેશ્વરોની ૧૭ પ્રકારી પૂજા થતી રહે તેવો પાકો બંદોબસ્ત રાજ્ય તરફથી કર્યો. રાજ્યભંડારમાં ધર્માદા વિભાગ ખોલ્યો. તે રાણો જૈનધર્મપ્રેમી બન્યો.

બંને આચાર્યોની આજ્ઞાથી ઉપા૦ સપ્તમચંદગણીએ સં૦ ૧૭૦૦ ના મહા સુ૦ ૧૨ ને રોજ પાલીમાં સં૦ જયરાજ સુહણોતે બનાવેલ કમલદળવાળા જિનસમવસરણની પ્રતિષ્ઠા કરી અને તે બંને આચાર્યોએ સં૦ ૧૭૦૦માં પાલીમાં ચોમાસું કર્યું.

વિશેષ વિહાર—આ૦ વિજયસિંહસૂરિએ ગુરુદેવની આજ્ઞાથી

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

સં૰ ૧૭૦૧માં વિહાર કરી મારવાડ-મેવાત તરફ પધાર્યા.

તેમણે સં૰ ૧૭૦૧માં મેડતામાં જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી. તથા એ જ સાલમાં મેડતામાં બાદશાહના માનીતા શેઠ હીરાનંદ ઝવેરી આગરાવાળાની પત્ની શ્રાવિકા મણિબેને ભરાવેલ જિન-પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. આગરાના ઘણા જૈનો આ ઉત્સવમાં મણિબેન સાથે મેડતા આવ્યા હતા.

આ૰ વિજયસિંહસૂરિએ સં૰ ૧૭૦૧માં મેડતામાં કુહાડ ગોત્રના વીશા ઓશવાલ જૈન શેઠ વર્ધમાન પત્ની વહાલદેના પુત્ર રાયસિંહને શત્રુંજયતીર્થમાં સહસ્રકૂટનું દેરાસર બનાવવાનો ઉપદેશ આપ્યો હતો, અને તે વખતે પાલીતાણામાં શ્રીપૂજની ગાદીએ શત્રુંજયતીર્થની રક્ષા માટે નીમેલ ૧ પં૰ શાંતિવિજયગણી, ( આ૰ વિજયાનંદસૂરિના શિષ્ય ), ૨ પં૰ દેવવિજયગણી અને ૩ પં૰ મેઘવિજયગણી વગેરેને આજ્ઞા આપી હતી કે તમારે સૌએ ધ્યાન રાખી શાસ્ત્રાનુસાર સહસ્ર-કૂટ બનાવવો. ત્યારથી શત્રુંજયમાં તે કૂટ બનાવવાનો આરંભ થયો.

(—એપિગ્રાફિઆ ઇંડિકા, ૨. ૭૩ )

બંને આચાર્યોએ સં૰ ૧૬૯૮–૯૯માં ઉદયપુરમાં ચોમાસાં કર્યાં. રાણા જગતસિંહને ઉપદેશ આપી જિનપૂજાનો પ્રેમી બનાવ્યો, મેવાડ માટે અહિંસાનાં ફરમાન લખાવ્યાં.

આ૰ વિજયસિંહસૂરિએ સં૰ ૧૭૦૧માં કિસનગઢના રાજા રૂપસિંહ રાઠોડના મહામાત્ય રાયસિંહની વિનંતિથી કિસનગઢમાં ચોમાસું કર્યું.

સં૰ ૧૭૦૨માં કિસનગઢમાં મહામાત્ય રાયચંદ તથા સંઘે બનાવેલ ભ૰ શામળિયા પાર્શ્વનાથના જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી.

આલ્હણપુરના રાજા મહેશદાસનો મંત્રી સુગુણચંદ આ પ્રતિષ્ઠા-ઉત્સવમાં કિસનગઢ આવ્યો. તેણે અહીં આવી આચાર્યશ્રીને મહોત્સવ-પૂર્વક વંદન કર્યું. ગહુંલી કાઢી સોનામહોરો ચઢાવી.

આચાર્યશ્રીએ સં૰ ૧૭૦૨માં કિસનગઢમાં ચોમાસું કર્યું અને સં૰ ૧૭૦૩માં કિસનગઢના છ'રી પાળતા યાત્રાસંઘ સાથે માલપુર, બુંદી અને ચંવલેશ્વર પાર્શ્વનાથની યાત્રા કરી. તેમણે સં૰ ૧૭૦૩માં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જયતારણમાં ચોમાસું કર્યું અને તે પછી સં૦ ૧૭૦૪માં જાલોરમાં ગુરુ પાસે ગયા હતા.

બંને આચાર્યો જાલોરથી વિહાર કરી આબુતીર્થની યાત્રા કરી ઈડર પધાર્યા. ભ૦ વિજયદેવસૂરિ, આ૦ વિજયસિંહસૂરિ, પં૦ સત્યવિજયગણી, પં૦ વીરવિજયજી, મહો૦ વિનયવિજયગણી આ વિહારમાં સાથે થઈ ગયા. તેઓએ ક્રિયોદ્ધાર કરી સંવેગીમાર્ગ પ્રકાશવાનો નિર્ધાર કર્યો.

અહીંથી સં૦ ૧૭૦૪માં ઈડરમાં સંવેગીમાર્ગના પુનરુદ્ધારનો પાયો નાખ્યો. આચાર્યશ્રીએ સં૦ ૧૭૦૪માં ઈડરમાં ચોમાસું કર્યું હતું. અહીં પાટણની શ્રાવિકા અવંતીની જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી. સંભવ છે કે તેમણે આ સમયે રાજા જયમલના જયમલચોકીના જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી.

આ ઉત્સવમાં ૬૪ ઇંદ્રોના જન્માભિષેક વગેરેનો મોટો વિધિ કરાવવામાં આવ્યો.

બંને આચાર્યોએ સં૦ ૧૭૦૫માં પાટણના છ'રી પાળતા યાત્રાસંઘ સાથે શ્રીપુરમાં અંતરીક્ષ પાર્શ્વનાથની યાત્રા કરી. સં૦ ૧૭૦૫ના કા૦ વ૦ ૬ ને બુધવારે ઔરંગાબાદના શા૦ અમીચંદ વીશા પોરવાડની પત્ની ઇંદ્રાણીનાં જિનબિંબોની પ્રતિષ્ઠા કરી. સં૦ ૧૭૦૫ના વૈ૦ સુ૦ ૧ માં ખંભાતમાં સંઘવણ કુલબાઈએ બંને આચાર્યોને સૂત્રો વહોરાવ્યાં.

(– શ્રી. પ્રશસ્તિ સંગ્રહ ભા૦ ૨, પ્ર૦ નં૦ ૭૯૦)

સં૦ ૧૭૦૫માં બંને આચાર્યોએ ખંભાતનગરમાં ચોમાસું કર્યું.

આ૦ વિજયસિંહસૂરિએ સં૦ ૧૭૦૬ (સં૦ ૧૭૧૧) મહા સુ૦ ૧૩ ને ગુરુવારે પુષ્ય નક્ષત્રમાં પાટણમાં ગુરુદેવની નિશ્રામાં સંવેગી સાધુ-સાધ્વી યોગ્ય ૪૫ બોલનો પટ્ટક બનાવ્યો અને સં૦ ૧૭૦૬માં પાટણમાં ચોમાસું કર્યું. સં૦ ૧૭૦૭માં ગુરુદેવની સાથે અમદાવાદમાં ચોમાસું કર્યું, ભ૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૭૦૮માં ખંભાતમાં ચોમાસું કર્યું. અને આ૦ વિજયસિંહસૂરિને સં૦ ૧૭૦૮માં અમદાવાદમાં રાજપુરા પાસે નવાપુરા (નવીનપુર)માં ચોમાસું કરવાની આજ્ઞા આપી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ વિજયસિંહસૂરિ સં૦ ૧૭૦૮ના અષાડ સુદિ ૨ના રોજ ૨૮ વર્ષ સૂરિપદ પામી અમદાવાદના નવાપુરામાં ગીતાર્થો પાસે આવી અતિચાર આલોવી અનશન સ્વીકારી સમાધિપૂર્વક સ્વર્ગગમન કર્યું. શબના અગ્નિસંસ્કારમાં શ્રીસંઘે ઘણું દ્રવ્ય ખરચ્યું. ગુરુસેવામાં શેઠ ધોલાના પુત્ર આખા નામના અગ્રણી શ્રાવકે સારો ભાગ લીધો.

પાટણના ઓશવાલ જૈન સંઘે સં૦ ૧૭૦૯ના ફા૦ સુ૦ ૩ ને રવિવારે પાટણમાં ભ૦ વિજયદેવસૂરિના રાજ્યમાં મેદપાટદેશાધિરાજ રાણા શ્રી જગતસિંહ પ્રતિબોધદાયક આચાર્યશ્રી. વિજયસિંહસૂરિની ચરણપાદુકા બનાવી અને તેની મહો૦ ભાનુચંદ્રગણીના પ્રશિષ્ય પં૦ વિવેકચંદ્રગણીએ ભ૦ વિજયદેવસૂરિની આજ્ઞાથી પ્રતિષ્ઠા કરી.

(—પ્રા૦ જૈ૦ લે૦ ભા૦ ૨, લે૦ નં૦ ૫૧૪)

રાસ—મહો૦ ઉદ્દ્યોતવિજયગણીની પરંપરાના પં૦ દયાકુશલગણીએ સં૦ ૧૬૮૫માં ‘ભ૦ વિજયસિંહસૂરિ પદ મહોત્સવ તથા આ૦ વિજયસિંહસૂરિ રાસ’ રચ્યો છે. તેમજ વીરવિજય નામના મુનિએ ‘શ્રી વિજયસિંહસૂરીશ્વર નિર્વાણ સ્વાધ્યાય’ રચ્યો છે.

(—પ્રક૦ ૫૫, પૃ૦ ૧૯૭)

સ્વભાવપરિચય—આ૦ વિજયસિંહસૂરિ શાંત, ગુરુભક્ત, પરમસંવેગી, અને શુદ્ધ સંયમ માર્ગના પક્ષપાતી હતા. તેમનો ઉપદેશ મીઠો અને અસરકારક હતો.

મેવાડનો રાણો જગતસિંહ તેમના ઉપદેશથી જૈનધર્મપ્રેમી બન્યો. રાણાએ વરકાણાના મેળામાં સર્વજાતના કર માફ કર્યા. પોતાના રાજ્યમાં દર ચૌદશે શિકાર કરવાનો પ્રતિબંધ કર્યો તથા ગોવધ વગેરે બંધ કરાવ્યા અને તેનાં ફરમાન આપ્યાં.

## જિનપ્રતિષ્ઠાઓ—

ભટ્ટા૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયસિંહસૂરિ સં૦ ૧૭૦૦ સુધી સાથે વિચર્યા હતા. એટલે તે દરમિયાન થયેલી જિનપ્રતિષ્ઠાઓમાં બંને સાથે જ હતા.

આ૦ વિજયસિંહસૂરિએ ત્યારે અને તે પછી આ૦ વિજયદેવ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂરિની આજ્ઞાથી ઘણી જિનપ્રતિષ્ઠાઓ કરી હતી. તેના ઉલ્લેખો આ પ્રકારે મળે છે—

આ૦ વિજયસિંહસૂરિએ સં૦ ૧૬૯૩ના ફા૦ સુ૦ ૩ના રોજ મોટી અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરી હતી. ભાંદકતીર્થમાં નાગપુરના ઝવેરીના જિનપ્રાસાદમાં ભ૦ કુંથુનાથની પ્રતિમા બિરાજમાન છે તે ઉપર્યુક્ત પ્રતિષ્ઠા સમયની છે.

(—જૈનસત્ય પ્રકાશ, ક્ર૦ ૨૫૫, ૨૫૬ )

આચાર્યશ્રીએ સં૦ ૧૭૦૧માં મારવાડમાં એક, મેડતામાં એક અને સં૦ ૧૭૦૨માં કિસનગઢમાં એક જિનપ્રતિષ્ઠા કરી હતી.

આ૦ વિજયસિંહસૂરિએ જૈન પ્રતિમાવિધાન અને સ્થાપત્ય વગેરેમાં શાસ્ત્રાનુસાર નવું નવું શોધી આવશ્યક વધારો કરી કલાપ્રેમીઓ માટે નવા નવા આદર્શ રજૂ કર્યા. તે આ પ્રમાણે—

૧ પ્રાચીન પ્રતિમાઓનાં પરિકરો.

૨ લાકડાનાં કલામય જિનાલયો તથા કમળવાળાં તીર્થંકરોનાં સમવસરણ.

૩ સહસ્રકૂટની રચના.

૪ સંવેગીમાર્ગ પ્રકાશન વગેરે.

સહસ્રકૂટ—સહસ્રકૂટની રચના તે આ૦ વિજયસિંહસૂરિનો શાસ્ત્રમાંથી તારવીને સૌની સામે રજૂ કરેલો નવો આવિષ્કાર છે. તેમણે સહસ્રકૂટનો આદર્શ રજૂ કર્યો ત્યારથી ત્રણ સહસ્રકૂટો બન્યાં દીસે છે.

૧ સં૦ ૧૭૧૦માં શા. રાયસિંહ ઓશવાલે શત્રુંજયતીર્થમાં સહસ્રકૂટ બનાવ્યો.

૨ પાટણના દોશી તેજસી વીશા શ્રીમાલીએ પાટણમાં પોતાના નગરશેઠના દેશમાં ત્રિગડો બનાવ્યો.

૩ સં૦ ૧૮૬૦ના વૈ૦ સુ૦ ૫ના રોજ શત્રુંજયતીર્થમાં પાંચ પાંડવોના દેરાસરમાં અમદાવાદના મયાભાઈ લાલભાઈએ બનાવ્યો.

સહસ્રકૂટમાં જિનેશ્વરોની સંખ્યા બે પ્રકારે હોવી સંભવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) ૧૦ ક્ષેત્રની ૩ ચોવીશીના ૭૨૦ + દશ ક્ષેત્રોની ચોવીશીના પાંચ પાંચ કલ્યાણકો ૧૨૦ + ઉત્કૃષ્ટ જિનવર ૧૬૦ ૧૦૦૦ + શાશ્વતા જિન ૪ + મહાવિદેહક્ષેત્રના કલ્યાણક ૪ = ૧૦૦૮ થાય

(૨) દશ ક્ષેત્રની ૩ ચોવીશીના જિન ૭૨૦ + ૧૨ ક્ષેત્રની ચોવીશીના પાંચ પાંચ કલ્યાણકો ૧૨૦+ઉત્કૃષ્ટા જિનવર ૨૦+ મહાવિદેહ ક્ષેત્રનાં કલ્યાણક = ૪ + ( અથવા શાશ્વતા જિન ૪ +) એમ ગણતાં ૧૦૨૪ થાય.

## શિષ્યો અને શિષ્ય પરંપરા

આ૦ વિજયસિંહસૂરિ અને ઉપા૦ કનકવિજયગણીને ઘણા શિષ્યો હતા. ૧ મહો૦ ઉદયવિજયગણી ૨ મહો૦ સત્યવિજયગણી ૩ પં૦ વીરવિજયગણી[૧] ૪ પં૦ ભાણુવિજયગણી ૫ પં૦ હર્ષવિજયગણી.

સંવેગી શ્રમણ પટ્ટક — ભ૦ વિજયદેવસૂરિએ સમકાલીન નવા-નવા ગચ્છભેદકોની પોતાની વાડો વધારવાની અભિલાષા અને પોતાના પરિવારના યતિઓની માનલાલસા તથા બીજી શિથિલતા દેખી શુદ્ધ સંવેગી માર્ગ પ્રવર્તાવવા નક્કી કર્યું હતું.

JAINSITE.com जैनम् जयति शासनम्

તે પોતે શાંત, સંયમી, સંવેગી અને તપસ્વી હતા પરંતુ તપા-ગચ્છમાં સં૦ ૧૬૭૩માં વિજયાનંદસૂરિસંઘ જુદો પડયો અને સં૦ ૧૬૮૬માં ભટ્ટા૦ રાજસાગરસૂરિની શાખા જુદી પડી.

ભટ્ટા૦ વિજયાનંદસૂરિ આ છિન્નભિન્ન દશામાં પોતાના સંવેગી મુનિવરોને સાથે લઈ ક્રિયોદ્ધાર કરી સંવેગી બને તો વિજયગચ્છ અને સાગરગચ્છ અથવા સંવેગી શાખા અને શ્રીપૂજ શાખા હમેશાં માટે જુદા જુદા વહેંચાઈ જાય એવો ડર હતો. ભટ્ટા૦ વિજયદેવ-સૂરિએ ભયંકર નુકસાનીમાંથી જૈન શાસનને બચાવવા માટે આ૦ વિજયસિંહસૂરિ તેમના શિષ્યો અને તપાગચ્છના બીજા યોગ્ય યતિ-ઓને ક્રિયોદ્ધાર કરી સંવેગી બનવા માટે તૈયાર કર્યા.

---

૧. અમારી પાસે એક 'કાલચક્રસજ્ઝાય'નું પાનું છે. તેના પ્રારંભમાં લખ્યું છે કે— "॥ ६० ॥ भट्टारक १९ श्री विजसिंहसूरिशिष्य पंडित श्री ५ वीरविजयगणी गुरुभ्यो नमो नमः" આમાં ૧૯ અને ૫ એ બે અંકો તેમનાં પદસૂચક છે.

આ૦ વિજયસિંહસૂરિ સૌનો પરિચય કરી જાણી ચૂકચા હતા કે ઘણા ગીતાર્થો અને સાધ્વીઓ સંવેગી બનવા ઉત્સુક હતાં.

સં૦ ૧૬૭૭ના વૈ૦ સુ૦ ૭ બુધવારે સાબલીમાં ગીતાર્થ સાધુ-સાધ્વી અને યતિઓ માટે ૫૮ બોલનો પટ્ટક બનાવ્યો.

પટ્ટક—આથી આ૦ વિજયસિંહસૂરિએ સં૦ ૧૭૦૬ના મહા સુ૦ ૧૩ ને ગુરુવારે પુષ્ય નક્ષત્રમાં ગચ્છનાયક ભટ્ટા૦ વિજયદેવસૂરિની નિશ્રામાં સંવેગી શુદ્ધમાર્ગપક્ષી અને મધ્યસ્થ યતિઓ માટે ૪૫ બોલનો મર્યાદાપટ્ટક બનાવ્યો અને સંવેગીમાર્ગ પ્રકાશ્યો. તેમાં શુદ્ધ જીવન ગાળવા ઇચ્છનારે કેમ વર્તવું તેની મર્યાદા બાંધી હતી. તેમાં તેમણે સંવેગી મુનિઓએ કોની કોની સાથે વ્યવહાર રાખવો તેનો પણ ખુલાસો કર્યો હતો. તે આ પ્રમાણે—

બોલ ૪૧ મો—તપાગચ્છની સામાચારી ઉપર, પંચાંગી ઉપર તથા વીતરાગ ભગવંતની પૂજા ઉપર જેને અવિશ્વાસ હોય તેની સાથે સર્વથા વ્યવહાર ન કરવો. આ ૪૧મા બોલમાં શુદ્ધ જૈનમાર્ગનું જ નિર્ભેળ પ્રતિપાદન છે.

તેમણે ૪૫ બોલનો પટ્ટક પણ બનાવ્યો હતો.

જૈનમ્ જયતિ શાસનમ્

(—'જૈનધર્મ પ્રકાશ' સં૦ ૧૯૭૨, માગશરનો અંક, 'જૈનસત્યપ્રકાશ' ક્ર૦ ૧૪૯, 'પટ્ટાવલી સમુચ્ચય' ભા. ૨ 'પુરવણી' પૃ૦ ૨૫૮ થી ૨૬૨, શા. બાલાભાઈ કકલભાઈ નાગજી ભૂધરની પોળવાળાએ સં૦ ૧૯૭૨માં પ્રકાશિત કરેલ 'સંવિગ્નસાધુ યોગ્ય નિયમ સંગ્રહ')

આ પટ્ટકની બીજી એક નકલ મળે છે, જેમાં ૧ થી ૪૨ બોલ બતાવ્યા છે.

સંવેગી સાધુસમુદાય યોગ્ય વ્યવહાર મર્યાદાપટ્ટક બોલ ૧ થી ૪૨—તેની નીચે આ પ્રમાણે પુષ્પિકાલેખ હતો.

"ઇત્યાદિક મર્યાદાપટ્ટક સર્વ સવેંગીસમુદાયે પાળવા-પળાવવા વિશેષ બોલ શ્રી જગચ્ચંદ્રસૂરિકૃત મોટા પટ્ટકથી જાણવા. તદનુસાર આ૦ આણંદવિમલસૂરિ પ્રસાદીકૃત્ય ૫૭ બોલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી હીરવિજયસૂરિ કૃત ૧૬ બોલ.

શ્રી. વિજયદાનસૂરિકૃત ૩૫ બોલ. એવં ભલી રીતે મર્યાદા પાળવી. અત્ર પં૦ જયસોમગણિમતમ્.

પં૦ જયવિજયગણિમતમ્.

પં૦ સત્યવિજયગણિમતમ્

ગણી ઋદ્ધિવિમલ,

ઋષિ મણિચંદ્ર,

ઋષિ વીરવિજય.

(–શ્રી. વિજયાનંદસૂરિ જન્મ શતાબ્દી અંક: પૃ૦ ૨૨૧ થી ૨૨૪)

ઇતિહાસના પરિશીલનથી જણાય છે કે, આ૦ વિજયસિંહસૂરિ શમ-સંવેગ-સંયમ ગુણોથી રંગાયેલા હતા. ગીતાર્થોના પ્રીતિપાત્ર હતા. શ્રમણગણસંઘના વિશ્વાસભાજન હતા.

આથી જણાય છે કે તેઓ વધુ જીવ્યા હોત તો તપાગચ્છમાં દેવસૂરસંઘ, આનંદસૂરસંઘ, વિજયસંઘ, સાગરસંઘ, વિમલસંઘ, સંવેગીશાખા કે યતિશાખા વગેરે શાખાઓનો આગ્રહ ન જ રહેત.

આ૦ વિજયસિંહસૂરિએ એવી વ્યવસ્થા ગોઠવી હતી કે આપણેસૌ ઘર છોડી નીકળ્યા છીએ તો હવે તે ખરેખર છોડવાં.

ત્યાગ અને સંયમના આચરણ દ્વારા આદર્શ જીવન બનાવવું.

જેને જેને આવો મન–વચન–કાયાનો ઉલ્લાસ હોય તેણે ક્રિયોદ્ધાર કરીને સંવેગી મુનિ બનવું, અને બીજાઓએ યતિ રહેવું.

મુનિ અને યતિ સૌએ ગચ્છનાયકની આજ્ઞા પાળવી. સૌએ આપસ આપસમાં હળીમળીને રહેવું.

અને ધર્મની પ્રભાવનાનાં કામોમાં સૌએ પૂરક બની રહેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પં૦ નયવિજયગણી તથા મહો૦ યશોવિજયગણી ગુજરાતમાં પધારે પછી આ યોજનાને તરતમાં અમલમાં મૂકવાની હતી. પણ પાંચમા આરાના દુષ્પ્રભાવને લીધે તેમાં એકાએક રુકાવટ આવી પડી.

આ૦ વિજયસિંહસૂરિનું સં૦ ૧૭૦૮ના અષાડ સુદિ ૨ના રોજ અમદાવાદમાં સંવેગી ભાવનામાં જ સ્વર્ગગમન થયું. આથી સૌમાં નિરાશાનું મોજું ફરી વળ્યું. હવે તો મુખ્ય પ્રશ્ન એ ઊઠ્યો કે નવા ગચ્છનાયક કોને બનાવવા? છેવટે ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૭૧૦ના વૈ૦...૧૦ને ગુરુવારે હસ્ત નક્ષત્રમાં ગંધાર બંદરમાં ૧૨૫ વર્ષની ઉંમરના અને ૯૯ વર્ષના દીક્ષિત વૃદ્ધ સ્થવિર મહો૦ કમલવિજયગણી અને ચતુર્વિધ સંઘની હાજરીમાં આ૦ વિજયસિંહસૂરિના શિષ્ય પં૦ વીરવિજયગણીને આચાર્ય બનાવી આ૦ વિજયસિંહસૂરિની પાટે સ્થાપન કર્યા. આથી સંઘમાં આનંદ પ્રવર્ત્યો. પછી ફરીવાર ક્રિયોદ્ધારનું વાતાવરણ ફેલાયું.

આ૦ વિજયસિંહસૂરિના સ્વર્ગગમન પછી તેમના શિષ્યો અને બીજા ગીતાર્થોએ તેમનું કામ ઉપાડી લીધું.

તેમણે સં૦ ૧૭૧૧ના મ૦ સુ૦ ૧૩ને ગુરુવારે પુષ્ય નક્ષત્રમાં પાટણમાં ભટ્ટા૦ વિજયદેવસૂરિની આજ્ઞા મેળવી તેમની જ નિશ્રાની પ્રધાનતા રાખી ક્રિયોદ્ધાર કરી સંવેગીપણું સ્વીકાર્યું. તે સૌ તપાગચ્છના વિજયદેવસૂરિ સંઘમાં જ રહ્યા હતા.

એવો ઉલ્લેખ મળે છે કે, તે જ વખતે ૧૮ મુનિઓએ એક સાથે ક્રિયોદ્ધાર કર્યો હતો અને રોહાના શેઠ જેવંત પોરવાડ, પં૦ શુભવિજયગણીની પુત્રી તથા ભટ્ટા૦ વિજયાનંદસૂરિની બહેન સાધ્વી સહજશ્રી વગેરે સાધ્વીઓએ પણ ક્રિયોદ્ધાર કરી સંવેગીપણું સ્વીકાર્યું હતું.[1]

## શિષ્યો અને શિષ્ય પરંપરા—

આ૦ વિજયસિંહસૂરિ અને ઉપા૦ કનકવિજયગણીને ઘણા શિષ્યો હતા, એ અગાઉ જણાવી દીધું છે. તેમાંથી કોઈ કોઈ સંવેગી મુનિ

૧. સાધ્વી સહજશ્રી માટે જુઓ પ્રક૦ ૫૮ અને શ્રી. પ્રશસ્તિ સંગ્રહ ભા૦ ૨, પ્ર૦ નં૦ ૭૦૩.

જૈન સાઈટ JAINSITE .com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બન્યા અને કેટલાક યતિ બની રહ્યા. તે સૌની શિષ્ય પરંપરા ચાલી હતી. તે આ પ્રકારે —

## ૧. ભ૦ વિજયસિંહસૂરિની સંવેગી વિજય શિષ્ય પરંપરા પહેલી —

૬૧ આ૦ વિજયસિંહસૂરિ સ્વ૦ સં૦ ૧૭૦૮

૬૨ પં૦ સત્યવિજયગણી.

૬૩ પં૦ કપૂરવિજયગણી.

૬૪ પં૦ ક્ષમાવિજયગણી.

## ૨. યતિ શિષ્ય પરંપરા બીજી —

૬૧ ભ૦ વિજયસિંહસૂરિ

૬૨ પં૦ સત્યવિજયગણી

૬૩ પં૦ જયવિજયગણી – સંભવ છે કે યતિ રહ્યા હોય.

૬૪ પં૦ મેઘવિજયગણી – તે શત્રુંજયતીર્થની રક્ષામાં નિમાયા હતા.

૬૫ પં૦ સુખવિજય –

૬૬ પં૦ ચંદ્રવિજયગણી – તે સં૦ ૧૭૭૮ના આ૦ સુ૦ ૫ના રોજ વડોદ ગામમાં ચોમાસું હતા.

## ૩. યતિ શિષ્ય પરંપરા ત્રીજી —

૬૧ મહો૦ કનકવિજયગણી – તે આ૦ વિજયસિંહસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય હતા.

૬૨ મહો૦ પુણ્યવિજયગણી – તે ભટ્ટા૦ વિજયાનંદસૂરિ પક્ષના યતિ રહ્યા હોય.

૬૩ પં૦ ગુણવિજય – તે મહો૦ કનકવિજયગણીના હસ્તદીક્ષિત શિષ્ય હતા. તેમણે સં૦ ૧૬૭૨માં ‘વિજયસેનસૂરિ નિર્વાણ સજ્ઝાય’; સં૦ ૧૬૮૩માં ‘જયચંદરાસ’, સં૦ ૧૬૮૭ (સં૦ ૧૬૯૩)ના આ૦

જૈ. ૨૨

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૦ ના રોજ ડીસામાં 'કોચર વ્યવહારિયા રાસ' રચ્યો છે.

૬૪ પં૦ માનવિજય – તે મોટા વિદ્વાન હતા.

૬૫ પં૦ વિમલવિજયગણી. (૬૫) પં૦ સુરવિજયગણી

૬૬ પં૦ વિનીત વિજયગણી – તેમણે સં૦ ૧૬૭૧ના મહા વદિ ૩ ને રવિવારે ભ૦ વિજયઋદ્ધિસૂરિના શાસનમાં જાલોરમાં શ્રી. ગોડી પાર્શ્વનાથની કૃપાથી રામચંદ્ર શ્રમણ રચિત 'સિદ્ધાંતચંદ્રિકા' લખી.

૬૭ પં૦ વિનીતવિજયગણીના શિષ્ય મહો૦ રત્નવિજયગણી – તેઓ સં૦ ૧૭૩૦માં વિદ્યમાન હતા.

(– શ્રી. પ્રશસ્તિ સંગ્રહ ભા૦ ૨, પ્ર૦ નં૦ ૬૨૦)

૬૭ પં૦ ખીમાવિજયગણી. ૬૮ પં૦ અમરવિજય – તેમણે સં૦ ૧૭૮૮ના કા૦ સુ૦ ૫ના રોજ બાલુસણમાં 'ચઉસરણ પઇન્નય'ની પ્રતિ લખી.

૬૫ પં૦ સુરવિજયગણી.

૬૬ પં૦ વીરવિજયગણી.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## ૪ ભ૦ વિજયસિંહસૂરિની વિજયભટ્ટારક પરંપરા ચોથી–

૬૧ આ૦ વિજયસિંહસૂરિ સ્વ૦ સં૦ ૧૭૦૮

૬૨ ભ૦ વિજયપ્રભસૂરિ (પં૦ વીરવિજયગણી) – તે ક્રિયોદ્ધાર કરવા તૈયાર હતા પણ ભટ્ટા૦ વિજયદેવસૂરિએ તેમને ભટ્ટારક બનાવ્યા.

૬૩ — થી — ૬૯ ની પરંપરા વિશે માહિતી મળતી નથી.

૭૦ ભ૦ વિજયરાજેન્દ્રસૂરિ

૭૧ ભ૦ વિજયમુનિચંદ્રસૂરિ

૭૨ ભ૦ વિજયકલ્યાણસૂરિ.

તપાગચ્છના ગચ્છનાયકો અને ગીતાર્થો યોગ્ય મુનિ કે યતિને ગચ્છનાયક બનાવતા હતા. જેમ કે ભ૦ વિજયદેવસૂરિએ પં૦ વીર-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિજયને ભ૦ વિજયપ્રભસૂરિ બનાવ્યા.

વિમલશાખાના ભટ્ટારકે મુનિ કીર્તિવિમલને ગચ્છનાયક બનાવ્યા.

વાચનાચાર્ય માણેકસિંહસૂરિને ગચ્છનાયક બનાવ્યા, જે ફરી વાર સંવેગી મુનિ બન્યા હતા. સંઘે મુનિ મોતીવિજયજીને ગચ્છ-નાયક બનાવ્યા હતા.

## ૫. શિષ્ય પરંપરા પાંચમી

૬૧ આ૦ વિજયસિંહસૂરિ સ્વ૦ સં૦ ૧૭૦૮

૬૨ મહો૦ ઉદયવિજયગણી—તેમને ભટ્ટા૦ વિજયદેવસૂરિએ દીક્ષા આપી ને ઉપા૦ કનકવિજયગણીના શિષ્ય બનાવ્યા. તેમણે સં૦ ૧૭૨૮માં કિસનગઢમાં દિવાળીને રોજ 'શ્રીપાલરાસ' રચ્યો. તેની પ્રશસ્તિમાં તેમણે સમકાલીન ઐતિહાસિક હકીકતો નોંધી છે.

ભ૦ વિજયપ્રભસૂરિએ સં૦ ૧૭૨૯માં સોજતમાં તેમને પંન્યાસ બનાવ્યા અને તે પછી મહોપાધ્યાય બનાવ્યા. તેમણે કિસનગઢમાં શામળિયા પાર્શ્વનાથના જિનાલયમાં ભ૦ વિજયસિંહસૂરિની ચરણ-પાદુકાની પ્રતિષ્ઠા કરી.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

( કિસનગઢ અને આ પાદુકાના ઇતિહાસ વિશે જુઓ પ્રક૦ ૫૭ )

તેમણે દિવાળીનાં પાંચ-પાંચ કડીનાં બે પદો બનાવ્યાં હતાં, જે સજ્ઝાય તરીકે પ્રસિદ્ધ છે.

૬૩ પં૦ દેવવિજયગણી સં૦ ૧૭૬૦

૬૪ પં૦ રવિવિજય—સં૦ ૧૭૨૫ આ૦ સુ૦ ૮

૬૩ પં૦ નયવિજયગણી તેમણે 'સિદ્ધચક્રસ્તુતિ' રચી.

૬૪ મુનિ કલ્યાણવિજય—સં૦ ૧૭૮૧

## ૬. ભ. વિજયસિંહસૂરિની શિષ્ય પરંપરા છઠ્ઠી—

૬૧ ભ૦ વિજયસિંહસૂરિ

૬૨ ભ૦ વિજયપ્રભસૂરિ

૬૩ પં૦ ભાણુવિજયગણી—તેમના શિષ્ય પં૦ નયવિજયગણીએ 'સિદ્ધચક્રસ્તુતિ' રચી.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

તેઓ ભટ્ટા૦ વિજયસિંહસૂરિના શિષ્ય હતા. વિ૦ સં૰ ૧૭૩૨-૩૫માં મહો૦ વિનયવિજયગણીની સાથે ચોમાસું હતા.

૬૪ મહો૦ લાવણ્યવિજયગણી – તે ભટ્ટા૦ વિજયદેવસૂરિના હસ્ત-દીક્ષિત શિષ્ય હતા. પં૦ ભાણુવિજયના દીક્ષાશિષ્ય હતા.

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ તેમને ઉપાધ્યાય બનાવ્યા હતા. તે ભ૦ વિજયદેવસૂરિ, ભ૦ વિજયસિંહસૂરિ, ભ૦ વિજયપ્રભસૂરિના ઉપાધ્યાય હતા. તે શાંત, તપસ્વી, ત્યાગી અને મોટા વિદ્વાન્ હતા. તપાગચ્છના ગીતાર્થોમાં તેમનું ઊંચું સ્થાન હતું. મહો૦ માનવિજયગણી તેમનો આ પ્રકારે પરિચય આપે છે. —

> " सिद्धान्त-व्याकरण-छन्दःकाव्यादिशास्त्रनिष्णातैः ॥
> भावण्यविजयवाचकशक्रैः समशोधि शास्त्रमिदम् ॥ १३ ॥

(– ધર્મસંગ્રહ પ્રશસ્તિ )

એટલે મહો૦ લાવણ્યવિજયગણી સમકાલીન તપાગચ્છના ઉપાધ્યાયોમાં સૌથી મોટા હતા. સર્વમાન્ય હતા. મોટા વિદ્વાન્ હતા. તેમણે સં૦ ૧૭૩૧ના વૈ૦ સુ૦ ૩ના રોજ મહો૦ માનવિજયગણીકૃત 'ધર્મ-સંગ્રહ'નું સંશોધન કર્યું હતું.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૬૫ પં૦ મેરુવિજયગણી

૬૬ પં૦ વિનીતવિજયગણી – તેઓ ભટ્ટા૦ વિજયદેવસૂરિ સાથે ઔરંગાબાદમાં હતા. તેમણે 'જિનસ્તવન ચોવીશી' રચી હતી.

## ૭. શિષ્ય પરંપરા સાતમી –

૬૧ ભ૦ વિજયસિંહસૂરિ

૬૨ ભ૦ વિજયપ્રભસૂરિ

૬૩ ભ૦ પં૦ ભાણુવિજયગણી

૬૪ મહો૦ લાવણ્યવિજયગણી

૬૫ ઉપા૦ લક્ષ્મીવિજયગણી – તે ભ૦ વિજયસિંહસૂરિના શિષ્ય પં૦ હર્ષવિજયગણી અથવા પં૦ ભાણુવિજયગણીના દીક્ષા શિષ્ય હતા અને મહો૦ લાવણ્યવિજયગણીના વાચના શિષ્ય હતા.

૬૬ પં૦ તિલકવિજયગણી – તેમણે સં૦ ૧૭૩૩ના કા૦ સુ૦ ૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ને શનિવારે રોહિણી નક્ષત્રમાં...રચના કરી.

૬૭ પં૦ હસ્તિવિજયગણી

૬૮ પં૦ નેમવિજયગણી – લઘુભ્રાતા પં૦ રૂપવિજયગણી તે સં૦ ૧૭૬૫માં વિદ્યમાન હતા.

## ૮. શિષ્ય પરંપરા આઠમી –

૬૧ ભ૦ વિજયસિંહસૂરિ

૬૨ ભ૦ વિજયપ્રભસૂરિ

૬૩ પં૦ ભાણુવિજયગણી

૬૪ મહો૦ લાવણ્યવિજયગણી

૬૫ ઉપા૦ લક્ષ્મીવિજયગણી

૬૬ પં૦ અમરવિજયગણી – તેમણે સં૦ ૧૭૭૦માં ચોમાસામાં નડિયાદમાં 'સુરતના સં૦ પ્રેમજીના સંઘનો રાસ' કડી: ૧૬૧ રચ્યો છે.

Jainsite.com જૈનમ્ જયતિ શાસનમ્

૬૭ પં૦ સૌભાગ્યવિજયગણી

૬૮ મુનિ જિતવિજય – તેમણે સં૦ ૧૮૧૦ના કા૦ સુ૦ ૧૩ ને ગુરુવારે સુરતમાં 'ધન્ના – શાલિભદ્ર રાસ' લખ્યો, જે પં૦ જિનવિજયગણીએ સં૦ ૧૭૯૯ના શ્રા૦ વ૦ ૧૦ના રોજ સુરતમાં રચ્યો હતો.

## ૯. શિષ્ય પરંપરા નવમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ

૬૨ આ૦ વિજયપ્રભસૂરિ

૬૩ પં૦ ભાણુવિજયગણી

૬૪ મહો૦ લાવણ્યવિજયગણી

૬૫ પં૦ મહિમાવિજયગણી

૬૬ પં૦ કવિ નીત્ય ( નીતિ ) વિજયગણી – જેઓ મહો૦ લાવણ્યવિજયના હસ્તદીક્ષિત શિષ્ય હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬૭ પં૦ જસવિજયગણી – તે સં૦ ૧૮૧૦ના ચૈ૦ સુ૦ ૧૦ના રોજ વિદ્યમાન હતા.

૬૮ પં૦ ચંદ્રવિજયગણી – તે પં૦ નીતિવિજયના દીક્ષા શિષ્ય હતા. સં૦ ૧૮૬૫ના પ્રથમ જેઠ સુદિ ૩ના રોજ સેવાડી ગામમાં ગોલવાડમાં વિદ્યમાન હતા.

આ૦ વિજયદેવસૂરિના —

૬૪ મહો૦ લાવણ્યવિજયગણી

૬૫ પં૦ મહિમાવિજય

૬૬ કવિ પં૦ નિત્યવિજય.

૬૭ પં૦ ગંગવિજય – તેમણે સં૦ ૧૭૭૦ના કા૦ સુ૦ ૧૩ ને શનિવારે માતરમાં ચોમાસામાં ભ૦ વિજયક્ષમાસૂરિના રાજ્યમાં તેમના મોટા બંધુ પં૦ દેવવિજયગણીથી અક્ષરજ્ઞાન પામી દાન પ્રબંધના આધારે 'વીરસેન–કુસુમરાસ' રચ્યો છે.

## ૧૦ શિષ્ય પરંપરા દશમી —

૬૧ આ૦ વિજયસિંહસૂરિ

૬૨ આ૦ વિજયપ્રભસૂરિ

૬૩ પં૦ ભાણુવિજયગણી

૬૪ મહો૦ લાવણ્યવિજયગણી

૬૫ પં૦ મહિમાવિજયગણી

૬૬ પં૦ નિત્ય (નીતિ)વિજયગણી – તેમણે સં૦ ૧૭૪૫ના વૈ૦ સુ૦ ૨ને શુક્રવારે સુરત બંદરમાં સાધ્વી માણેકશ્રીજીની શિષ્યા સાધ્વી પ્રેમશ્રીની વિનંતીથી 'નવસ્મરણનો ટબો' લખાવ્યો.

૬૭ પં૦ દેવવિજયગણી – તેઓ ભટ્ટા૦ વિજયક્ષમાસૂરિના મોટા ભાઈ હતા. તેમણે પં૦ ગંગવિજયજીને જ્ઞાન આપ્યું. તે સં૦ ૧૭૮૧માં ઘોઘામાં વિદ્યમાન હતા.

(પ્રક૦ ૩૮, પૃ૦ ૪, ૧૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૯૮ પં૦ કપૂરવિજયગણી

૯૯ મુનિ ખીમાવિજય – તે સં૦ ૧૭૭૭માં સિદ્ધપુરમાં ચોમાસું હતા. સં૦ ૧૭૮૧માં તક્ષનગરમાં અને સં૦ ૧૭૮૩માં પાટણમાં ચોમાસું હતા.

૯૯ મુનિ ઋદ્ધિવિજયજી – તે મુનિ ખીમાવિજયજીના ગુરુભાઈ હતા, સં૦ ૧૭૭૬માં સાંતલપુરમાં હતા.

## ૧૧ શિષ્ય પરંપરા અગિયારમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ

૬૨ આ૦ વિજયપ્રભસૂરિ

૬૩ પં૦ ભાણુવિજયગણી – સંભવ છે કે તેમનું બીજું નામ ભાનુવિજય હોય.

૬૪ પં૦ જિનવિજયગણી – તેમણે સં૦ ૧૭૯૯ના શ્રા૦ વ૦ ૧૦ ને ગુરુવારે સુરતમાં 'ધન્ના – શાલિભદ્રારાસ' રચ્યો છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

## ૧૨ શિષ્ય પરંપરા બારમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ

૬૨ આ૦ વિજયપ્રભસૂરિ

૬૩ પં૦ ભાણુવિજયગણી

૬૪ પં૦ રાજવિજયગણી – તે સં૦ ૧૭૮૨માં રાનેરમાં હતા. તેમણે ૧ મેતાર્થમુનિ સજ્ઝાય, ૨ રુક્મિણીની પૂર્વભવની 'વિચરંતા ગામો ગામ...આ છે લાલ' એ સજ્ઝાય રચી છે ને તે બહુ લોકપ્રિય બની છે.

## ૧૩ શિષ્ય પરંપરા તેરમી

૬૧ આ૦ વિજયસિંહસૂરિ

૬૨ આ૦ વિજયપ્રભસૂરિ

www.jainsite.com                    For Private & Personal Use Only                    info@jainsite.com

૬૩ પં૦ હર્ષવિજયગણી—તે પં૦ કનકવિજય (ભ૦ વિજયસિંહસૂરિ)ના હસ્તદીક્ષિત શિષ્ય હતા. ભ૦ વિજયસેનસૂરિના હાથે પંન્યાસ બન્યા હતા; પરંતુ તે ભ૦ વિજયપ્રભસૂરિની આજ્ઞામાં રહેતા હતા. તેથી તેમના શિષ્ય મનાતા હતા.

## ૧૪ શિષ્યપરંપરાની ચૌદમી

૬૧ આ૦ વિજયસિંહસૂરિ

૬૨ આ૦ વિજયપ્રભસૂરિ

૬૩ પં૦ હર્ષવિજયગણી

૬૪ પં૦ લક્ષ્મીવિજયગણી—તે પં૦ હર્ષવિજયગણીના શિષ્ય હતા. મહો૦ લાવણ્યવિજયગણીના વિદ્યાશિષ્ય હતા તેથી તેઓ બંનેના શિષ્ય મનાતા હતા.

૬૫........

૬૬ પં૦ રામવિજયગણી

૬૭ પં૦ પ્રેમવિજયગણી—તે પં૦ રામવિજયગણીના શિષ્ય હતા. તેઓ સં૦ ૧૭૭૧માં ધમકડામાં હતા. તેઓ તથા તેમના ગુરુભાઈ મુનિ હેમવિજય સં૦ ૧૮૦૬માં નંગી ગામમાં હતા.

## ૧૫ શિષ્યપરંપરા પંદરમી—

૬૧ આ૦ વિજયસિંહસૂરિ

૬૨ આ૦ વિજયપ્રભસૂરિ

૬૩ પં૦ હર્ષવિજયગણી

૬૪ પં૦ પ્રીતિવિજયગણી—સંઘપતિ રંગજી વીશા પોરવાડ બુરહાનપુરનો વતની હતો. તેણે મગશી, ફલોધિ, રાણકપુર, વરકાણા, આબુ, અચલગઢ અને ગોડી પાર્શ્વનાથ તીર્થનો છ'રી પાળતો યાત્રા-સંઘ કાઢચો હતો. આથી તે સંઘપતિ કહેવાયો. તેને સં૦ ગોડીદાસ નામે પુત્ર હતો. પં૦ પ્રીતિવિજયે સં૦ ગોડીદાસને માટે 'માધવાનલ ચોપાઈ' લખી હતી.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

## ૧૬ શિષ્યપરંપરા સોળમી—

૬૧ આ૦ વિજયસિંહસૂરિ

૬૨ આ૦ વિજયપ્રભસૂરિ

૬૩ પં૦ લબ્ધિવિજય—તેઓ તથા તેમના શિષ્ય પં૦ દીપવિજયગણી સં૦ ૧૭૭૭માં ધમકડામાં હતા.

૬૪ પં૦ દીપવિજયગણી

## ૧૭ શિષ્યપરંપરા સત્તરમી—

૬૧ આ૦ વિજયસિંહસૂરિ

૬૨ આ૦ વિજયપ્રભસૂરિ

૬૩ પં૦ ઋદ્ધિવિજયગણી—તેમણે સં૦ ૧૭૫૭ના આ૦ વ૦ ૨ના રોજ મુનિ દેવપાલને ભણવા માટે વીસનગરમાં 'ભુવનદીપક' નામક ગ્રંથ લખ્યો.

૬૪ પં૦ ગુણવિજયગણી—તેમણે સં૦ ૧૭૪૫ના ચૈ૦ સુ૦ ૫ના રોજ 'સાદડી'માં 'ભુવનદીપકનો ટબો' રચ્યો.

૬૫ પં૦ યશોવિજયગણી—સં૦ ૧૭૭૦

## ૧૮ શિષ્યપરંપરા અઢારમી—

૬૧ આ૦ વિજયસિંહસૂરિ

૬૨ આ૦ વિજયપ્રભસૂરિ

૬૩ પં૦ પ્રેમવિજયગણી—તે સં૦ ૧૬૬૧માં ઔરંગાબાદમાં હતા.

૬૪ પં૦ કાંતિવિજયગણી—તેમણે સં૦ ૧૭૬૯માં ડભોઈમાં 'એકાદશી સ્તવન', સં૦ ૧૭૭૫માં પાટણમાં 'મહાબલ—મલયાસુંદરીરાસ' સં૦ ૧૭૯૯માં રાધનપુરમાં 'સૌભાગ્યપંચમી માહાત્મ્ય સ્તવન,' 'હીરાવધબત્રીશી', 'આઠમનું સ્તવન', 'જિનસ્તવનચોવીશી' વગેરે કૃતિઓ રચી હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧૯ શિષ્યપરંપરા ઓગણીસમી–

૬૧ આ૦ વિજયસિંહસૂરિ

૬૨ આ૦ વિજયપ્રભસૂરિ

૬૩ મહો૦ વિમલવિજયગણી–તેઓ ભટ્ટા૦ વિજયપ્રભસૂરિના શિષ્ય હતા. તથા ૬૩મા ભ૦ વિજયરત્નસૂરિના બંને રીતે ભ્રાતા હતા.[1]

૬૪ પં૦ શુભવિજયગણી–તેઓ ભ૦ વિજયજિનેન્દ્રસૂરિના ઉપાધ્યાય હતા.

૬૫ પં૦ રામવિજયગણી–તેઓ મહો૦ વિમલવિજયના હસ્તદીક્ષિત તથા વિદ્યાશિષ્ય પણ હતા. (પં૦ રામવિજયજી પણ ઘણા થયા છે. મહો૦ વિમલવિજયગણીના શિષ્ય પં૦ રામવિજયગણીએ ઘણા ગ્રંથો રચ્યા છે.)

## ૨૦ શિષ્ય પરંપરા વીસમી–

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૬૧ આ૦ વિજયસિંહસૂરિ

૬૨ આ૦ વિજયપ્રભસૂરિ

૬૩ મહો૦ વિમલવિજયગણી–તેઓ ૬૩મા ભટ્ટા૦ વિજયરત્નસૂરિના મોટા સહોદર હતા. દીક્ષાવસ્થામાં ગુરુભ્રાતા હતા. તેમ જ તેમના ઉપાધ્યાય હતા. તે સં૦ ૧૭૩૨ થી ૧૭૩૫ સુધી પંન્યાસ હતા. તે સં૦ ૧૭૩૫ના ચૈ૦ સુ૦ ૭ના રોજ આગરામાં હતા.

૬૪ મહો૦ શુભવિજયગણી–તે ૬૭મા ભ૦ વિજયજિનેન્દ્રસૂરિના ઉપાધ્યાય હતા.

---

૧. પં૦ વિમલવિજયજી ઘણા થયા છે. તે આ પ્રમાણે—

(૧) વિજયદેવસૂરિસંઘના ભ૦ વિજયપ્રભસૂરિના શિષ્ય મહો૦ વિમલવિજય.

(૨) વિજયાનંદસૂરિ સંઘના ભટ્ટા૦ વિજયમાનસૂરિના શિષ્ય મહો૦ વિમલવિજય.

(૩) મહો૦ ધનવિજયગણીના શિષ્ય પં૦ વિમલવિજય (પ્રક૦ ૫૮)

(૪) મહો૦ કનકવિજયગણીની પરંપરાના પં૦ માનવિજયગણીના શિષ્ય પં૦ વિમલવિજય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬૫ ઉપા૦ નયનવિજયગણી—પં૦ હસ્તિવિજયગણી

૬૬ પં૦ ભક્તિવિજયગણી—તે પં૦ હિત( હસ્તિ )વિજયગણીના શિષ્ય હતા.

૬૭ પં૦ શુભવિજયગણી—તે પં૦ હસ્તિવિજયગણીના હસ્તદીક્ષિત શિષ્ય હતા.

## ૨૧ શિષ્ય પરંપરા એકવીસમી—

૬૧ ભ૦ વિજયસિંહસૂરિ

૬૨ ભ૦ વિજયપ્રભસૂરિ.

૬૩ મહો૦ વિમલવિજયગણી

૬૪ મહો૦ શુભ વિજયગણી—તે વિજયજિનેન્દ્રસૂરિના ઉપાધ્યાય બન્યા.

૬૫ પં૦ હિતવિજયગણી

૬૬ પં૦ માણિક્યવિજયગણી

૬૭ પં૦ પદ્મવિજયગણી

૬૮ પં૦ જિતવિજયગણી[૧]

## ૨૨ શિષ્ય પરંપરા બાવીસમી—

૬૧ ભ૦ વિજયસિંહસૂરિ

૬૨ ભ૦ વિજયપ્રભસૂરિ

૬૩ મહો૦ વિમલવિજયગણી

૬૪ મહો૦ શુભવિજયગણી

૬૫ પં૦ હિત (હસ્તિ)વિજયગણી

૬૬ પં૦ માણિક્યવિજયગણી—તથા તેમના ભાઈ ૬૬મા ઉત્તમસુંદરગણી હતા.

---

૧ પં૦ જિતવિજયગણી તથા તેમના શિષ્ય ૬૯મા પં૦ જ્ઞાનવિજયગણી સં૦ ૧૭૭૮-માં જૂનાગઢમાં હતા.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬૭ પં૦ રવિવિજયગણી – તે સં૦ ૧૭૮૩માં અમદાવાદમાં ના-ગોરીશાળામાં હતા.

## ૨૩ શિષ્ય પરંપરા ત્રેવીશમી–

૬૧ ભ૦ વિજયસિંહસૂરિ

૬૨ ભ૦ વિજયપ્રભસૂરિ

૬૩ મહો૦ વિમલવિજયગણી

૬૪ પં૦ વીરવિજયગણી

૬૫ પં૦ અમીવિજયગણી સં૦ ૧૭૯૫

## ૨૪ શિષ્ય પરંપરા ચોવીશમી–

૬૧ ભ૦ વિજયસિંહસૂરિ

૬૨ ભ૦ વિજયપ્રભસૂરિ

૬૩ મહો૦ વિમલવિજયગણી

૬૪ પં૦ અમૃતવિજયગણી

૬૫ પં૦ જયવિજયગણી

૬૬ પં૦ દેવેન્દ્રવિજયગણી–તેમણે સં૦ ૧૭૮૯માં લોહિયાણામાં "હેમીનામમાલા" રચી.

## ૨૫ શિષ્ય પરંપરા પચીસમી–

૬૧ ભ૦ વિજયસિંહસૂરિ

૬૨ ભ૦ વિજયપ્રભસૂરિ

૬૩ ભ૦ વિજયરત્નસૂરિ

૬૪ ઉપા૦ દેવવિજયગણી – તેમણે ઘણા ગ્રંથો રચ્યા છે, તે આ પ્રકારે – ૧ સં૦ ૧૭૬૦માં 'નેમ–રાજુલ બારમાસ સ્તવન', ૨ સં૦ ૧૭૬૯માં માંડવી બંદરમાં 'શીતલનાથ સ્તવન'. ૩ સં૦ ૧૭૬૯માં પોરબંદરમાં 'નેમરાજુલ–બારમાસ સ્તવન', ૪ સં૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૬૭૮માં કડીગામમાં ‘ રૂપસેનરાસ.’ ૫ સં૦ ૧૬૭૮ના ચોમાસામાં સુરતમાં ‘ જિનસ્તવન ચોવીશી.’

## ૨૬ શિષ્ય પરંપરા છવ્વીસમી –

૬૧ ભ૦ વિજયસિંહસૂરિ

૬૨ ભ૦ વિજયપ્રભસૂરિ

૬૩ પં૦ મુક્તિવિજયગણી

૬૪ પં૦ ભક્તિવિજયગણી

૬૫ પં૦ વિદ્યાવિજયગણી ( ૬૫ પં૦ ડુંગરવિજયગણી )

૬૬ પં૦ રૂપવિજયગણી – તેઓ ભ૦ વિજયજિનેન્દ્રસૂરિની આજ્ઞામાં હતા. તેમની વિનંતીથી પં૦ વિનીતસાગરગણીના શિષ્ય મુનિ ભોજસાગરે સં૦ ૧૭૯૯ના ફા૦ સુ૦ ૧ના રોજ સૂર્યપુરમાં આ૦ રત્નશેખરસૂરિના ‘ આચારપ્રદીપ ’ ગ્રંથ પર ગુજરાતીમાં ‘ બાલાવબોધ ’ રચ્યો છે.

( –પ્રક૦ ૫૫ પૃ૦ ૧૨૨ )

૬૭ પં૦ રંગવિજયગણી – તેઓ મોટા પુણ્યપ્રભાવક પુરુષ હતા.

૬૮ ઉપા૦ વલ્લભવિજયગણી – તે મોટા વિદ્વાન્ હતા. ભ૦ વિજયધરણેંદ્રસૂરિની આજ્ઞામાં હતા. તેમણે ‘ ભ૦ વિજયધરણેંદ્રસૂરિ સજ્ઝાય ’ બનાવી છે.

( જૈ૦ સ૦ પ્ર૦ ક૦ ૯૭ )

૬૯ પં૦ પ્રેમવિજયગણી – તેમણે સં૦ ૧૯૪૯ના મ૦ સુ૦ ૧ ને બુધવારે ભ૦ વિજયરાજસૂરિના રાજ્યમાં શત્રુંજયતીર્થમાં ભ૦ વિજયજિનેન્દ્રસૂરિ વસતી ( ટૂક )માં ૧૨ ઇંચનો એક આરસપટ્ટ બનાવ્યો. તેમાં પોતાના પૂર્વજ ગુરુદેવો પં૦ મુક્તિવિજયગણીથી ઉપા૦ વલ્લભવિજયગણી સુધીના મુનિઓની ૭ ચરણપાદુકાઓ બનાવી તેની પ્રતિષ્ઠા કરી.

( જૈ૦ સ૦ પ્ર૦ ક૦ ૯૨ પૃ૦ ૨૪૯ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શિષ્ય પરંપરા સત્તાવીશમી—

૬૧ ભ૦ વિજયસિંહસૂરિ
૬૨ ભ૦ વિજયપ્રભસૂરિ
૬૩ પં૦ મુક્તિવિજયગણી
૬૪ પં૦ ભક્તિવિજયગણી
૬૫ પં૦ વિદ્યાવિજયગણી
૬૬ પં૦ રૂપવિજયગણી
૬૭ પં૦ માનવિજયગણી
૬૮ પં૦ કસ્તૂરવિજયગણી – તેઓ સં૦ ૧૮૧૫ના વૈ૦ સુ૦ ૭ ને રવિવારે સુરતમાં હતા.

શિષ્ય પરંપરા અઠ્ઠાવીશમી—

જૈન साईट JAINSITE .com जैनम् जयति शासनम्

૬૧ ભ૦ વિજયસિંહસૂરિ
૬૨ ભ૦ વિજયપ્રભસૂરિ
૬૩ પં૦ મુક્તિવિજયગણી
૬૪ પં૦ ભક્તિવિજયગણી
૬૫ પં૦ ગંગવિજયગણી
૬૬ પં૦ નરોત્તમવિજયગણી સં૦ ૧૮૯૪
૬૭ પં૦ વિવેકવિજયગણી – સં૦ ૧૮૯૩

૨૯ શિષ્ય પરંપરા ઓગણત્રીશમી —

૬૧ ભ૦ વિજયસિંહસૂરિ
૬૨ ભ૦ વિજયપ્રભસૂરિ
૬૩ પં૦ મુક્તિવિજયગણી
૬૪ પં૦ ભક્તિવિજયગણી
૬૫ પં૦ ગંગવિજયગણી

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

૬૬ પં૦ રૂપવિજયગણી

૬૭ પં૦ રંગવિજયગણી

૬૮ પં૦ અમૃતવિજયગણી – તેમણે 'જિનસ્તવન ચોવીશી' રચી.

નોંધ – તેમના વિશેષ પરિચય માટે જુઓ પ્રક૦ ૫૫, 'માણિભદ્ર મહાવીર.'

## ૩૦ શિષ્ય પરંપરા ત્રીશમી –

૬૧ ભ૦ વિજયસિંહસૂરિ

૬૨ ભ૦ વિજયપ્રભસૂરિ

૬૩ પં૦ હેમવિજયગણી, પં૦ દીપવિજયગણી

૬૪ પં૦ પ્રતાપવિજયગણી.

૬૫ પં૦ રૂપવિજયગણી – તેમના વિશેષ પરિચય માટે જુઓ 'શિષ્યપરંપરા છવ્વીસમી'

૬૬ પં૦ માનવિજયગણી.

૬૭ પં૦ કસ્તૂરવિજયગણી

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

## ૩૧ શિષ્ય પરંપરા એકત્રીશમી –

૬૧ ભ૦ વિજયસિંહસૂરિ

૬૨ ભ૦ વિજયપ્રભસૂરિ

૬૩ મુનિ સુમ (હેમ) વિજયગણી

૬૪ મુનિ ગજવિજયગણી

૬૫ મુનિ રૂપવિજયગણી

૬૬ મુનિ હેમવિજયગણી

૬૭ મુનિ અમૃતવિજયગણી – વિશેષ પરિચય માટે જુઓ 'શિ૦ પ૦ ૨૯ મી' ૬૮મા મુનિ અમૃતવિજયગણી' તેમણે ઘણા ગ્રંથો લખ્યા હતા. તેમણે સં૦ ૧૮૮૫થી ૧૯૦૩ સુધીમાં લખેલા ગ્રંથો બાલાપુરના જૈન ગ્રંથભંડારમાં વિદ્યમાન છે.

(જૈ૦ સ૦ પ્ર૦ ક૦ ૬૨, પૃ૦ ૭૪ થી ૭૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૩૨ શિષ્ય પરંપરા બત્રીશમી –

૬૧ ભ૦ વિજયસિંહસૂરિ

૬૨ ભ૦ વિજયપ્રભસૂરિ

૬૩ પં૦ ગંગવિજયગણી

૬૪ પં૦ મેઘવિજયગણી – તેમણે સં૦ ૧૭૩૮માં વજીરપુરમાં ધર્માત્મા શા૦ આશકરણ પારેખની વિનંતીથી 'સ્તવન ચોવીશી' રચી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ બાંસઠમું

## પં૦ સત્યવિજય ગણિવર

" संयमवाङ्मयकुसुमरसैरति सुरभय निजमध्यवसायम् ।
चेतनमुपलक्षय कृतलक्षणज्ञान-चरणगुणपर्यायम् ॥
वदनमलंकुरु पावनरसनं जिनचरितं गायं गायम् ।
सविनयशान्तिसुधारसमेनं चिरं नन्द पायं पायम् ॥

(સંયમના પ્રતિપાદક જૈન વાઙ્મયરૂપ પુષ્પના રસવડે પોતાના અધ્યવસાયને—પરિણતિને—મનોવૃત્તિને અતિ સુગંધિત કર! જ્ઞાનચરણ ગુણપર્યાયરૂપ લક્ષણને કરનારા તારા ચેતનને તું ઓળખ!

જીભને પવિત્ર કરનારા પ્રભુના ચરિતને ગાઈ ગાઈને હે વિનયશીલ આત્મા! આ શાંતિરૂપી સુધારસને પી પીને લાંબા કાળ સુધી આનંદમાં મગ્ન રહે!)

(—વિનયવિજય, શાંતસુધારસ – સંવરભાવના – વિભાવન અષ્ટમ પ્રકાશ – છેલ્લાં બે પદ)

જન્મ – લાડણુના, દુગડ ગોત્રના શા૦ વીરચંદ ઓશવાલ જૈનની પત્ની વીરમદેવીએ સંભવતઃ સં ૧૬૫૬માં લાડણુમાં એક બાળકને જન્મ આપ્યો ને તેનું નામ શિવરાજ રાખ્યું.

દીક્ષા — ભ૦ વિજયસેનસૂરિની આજ્ઞાથી ભ૦ વિજયદેવસૂરિએ સંભવતઃ સં. ૧૬૭૧માં માતા વીરમદેવીની સમ્મતિથી ૧૪ વર્ષના શિવરાજને દીક્ષા આપી આ૦ વિજયસિંહસૂરિના શિષ્ય બનાવ્યા. અને તેમનું નામ રાખ્યું મુનિ સત્યવિજય.

તેમના જન્મસંવત્ અને દીક્ષાસંવત્ મળતા નથી પણ અમે અહીં અનુમાનથી બતાવ્યા છે. ૧૪ વર્ષની ઉંમરે દીક્ષા લીધા પછી સં૦ ૧૭૧૦ સુધી ભ૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયસિંહસૂરિ સાથે જ તેઓ વિચરતા હતા.

અભ્યાસ – તેઓએ ગીતાર્થ મુનિ પાસે શાસ્ત્ર સિદ્ધાંતનો ઊંડો અભ્યાસ કર્યો હતો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે પરમ શાંત, સંવેગી, સંયમી, વિદ્વાન, તપસ્વી, ધ્યાની હતા અને શાસનની પ્રભાવના કરવામાં સદા તત્પર રહેતા. તેમને દાદાગુરુ અને ગુરુદેવ તરફથી સાચા ત્યાગી બનવાનો ઉપદેશ મળેલો તે તેમની રગેરગમાં વ્યાપી ગયો હતો. તેઓ આ૦ વિજયસિંહસૂરિ સાથે ક્રિયોદ્ધાર કરી સંવેગી મુનિ બનવા તૈયાર હતા.

**ક્રિયોદ્ધાર**— ભટ્ટા૦ વિજયદેવસૂરિની તીવ્ર અભિલાષા હતી કે, તપાગચ્છમાં ક્રિયોદ્ધાર કરી ફરી સંવેગી માર્ગ પ્રવર્તાવવો. આથી તેમણે પોતાની સાથેના મુનિઓ અને યતિઓને વૈરાગ્યનો ઉપદેશ આપી ક્રિયોદ્ધાર માટે તૈયાર કર્યા. પરિણામે આ૦ વિજયસિંહસૂરિ, પં૦ સત્યવિજયગણી, પં૦ વીરવિજયગણી, પં૦ ઋદ્ધિવિજયગણી વગેરે સંવેગી મુનિ બનવાને ઉત્સુક થયા હતા.

**પટ્ટક** — આ૦ વિજયસિંહસૂરિએ ઉપરના કારણે સં૦ ૧૭૦૬ના મહા સુદિ ૧૩ને ગુરુવારે પુષ્ય નક્ષત્રમાં પાટણમાં સંવેગી સાધુ–સાધ્વીને પાળવાના નિયમોનો ૪૫ બોલનો પટ્ટક ગુરુદેવની નિશ્રામાં બનાવ્યો. તેમાં પં૦ સત્યવિજયગણી, પં૦ વીરવિજયગણી, પં૦ ઋદ્ધિવિજય ગણી વગેરેના હસ્તાક્ષરો થયા છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

પરંતુ દૈવયોગે આ૦ વિજયસિંહસૂરિનું સં૦ ૧૭૦૮ના મ૦ સુ૦ ૨ ના રોજ અમદાવાદના નવાપરામાં સંવેગીભાવનામાં જ સમાધિપૂર્વક સ્વર્ગગમન થયું. આથી નવા ગચ્છનાયક બનાવવાનો પ્રશ્ન પહેલો ઊઠયો.

**વ્યવસ્થા** — પં૦ સત્યવિજયગણી અને પં૦ વીરવિજયગણી એ બંને ઓશવાલ હતા. એ બંને સંવેગી મુનિ બનવાને સર્વ રીતે તૈયાર હતા. બંને જણા ગચ્છનાયક બનવાને તથા સંવેગી મુનિઓના અગ્રણી બનવાને યોગ્ય હતા. ભટ્ટા૦ વિજયદેવસૂરિએ નિર્ણય કર્યો કે આ બેમાંથી એકને ગચ્છનાયક અને બીજાને મુનિઓના આગેવાન બનાવવા. તેમણે સર્વપ્રથમ પં૦ સત્યવિજયગણીને ગચ્છનાયક ભટ્ટારક બની શાસનસેવા કરવાને સમજાવ્યા. પણ તે તો આત્મરંગી હતા. અદ્ભુત ત્યાગી અને ધ્યાની મહાત્મા હતા. તેમણે પોતે ગચ્છનાયક બનવાની સાફ ના પાડી અને પં૦ વીરવિજયગણી ગચ્છનાયક બને તેમાં સમ્મતિ આપી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આથી ભ૦ વિજયદેવસૂરિએ ગીતાર્થોની તથા સંઘના આગેવાનોની સમ્મતિ મેળવી.

સં૦ ૧૭૧૦ના વૈ૦ સુ૦ ૧૦ને શુક્રવારે ગંધાર બંદરમાં ભ૦ મહાવીર સ્વામીના જિનપ્રાસાદ પાસેના મંડપમાં વિવિધ નગરોના સંઘની હાજરીમાં પં૦ વીરવિજયગણીને આચાર્યપદ આપી તેમનું વિજયપ્રભસૂરિ નામ રાખવામાં આવ્યું.

તે પછી સં૦ ૧૭૧૨ના માગશર મહિનામાં અમદાવાદમાં આ૦ વિજયપ્રભસૂરિને ભટ્ટારકપદ આપવામાં આવ્યું અને આ૦ વિજયદેવસૂરિએ તેમને પોતાની પાટે સ્થાપન કરી તેમને ગચ્છ-નાયક તરીકે જાહેર કર્યા.

"શ્રી આચારજ પૂછીને, કરૂં ક્રિયા ઉદ્ધાર;
નિજ આતમ સાધન કરૂં, બહુને કરૂં ઉપગાર."

પછી પં૦ સત્યવિજયગણિવરે સં૦ ૧૭૧૧ના મ૦ સુ૦ ૧૩ને ગુરુવારે પુષ્યનક્ષત્રમાં પાટણમાં ભ૦ વિજયદેવસૂરિની આજ્ઞા મેળવી ભ૦ વિજયસિંહસૂરિએ નક્કી કરેલી યોજના મુજબ ભ૦ વિજયદેવ-સૂરિની નિશ્રાની પ્રધાનતા રાખી ક્રિયોદ્ધાર, સંવેગીપણું સ્વીકાર્યું.

તેઓ તપાગચ્છના વિજયદેવસૂરિ સંઘમાં જ રહ્યા. એ વખતે પં૦ સત્યવિજયગણી, મહો૦ વિનયવિજયગણી, મહો૦ યશોવિજય-ગણી અને ઋષિ ઋદ્ધિવિમલગણી વગેરે ૧૮ મુનિવરો અને શેહાના શેઠ જેવંત પોરવાડ ( પં૦ શુભવિજયગણીની ગૃહસ્થપણાની બેન સહજા ) તે સાધ્વી લાભશ્રીની શિષ્યા સાધ્વી સહજશ્રી વગેરે ઘણી સાધ્વીઓએ ક્રિયોદ્ધાર કરી સંવેગી મુનિપણું સ્વીકાર્યું હતું.

યોજના – ભ૦ વિજયસિંહસૂરિએ જાહેર કર્યું હતું કે આપણે સૌ ઘરબાર છોડી આવ્યા છીએ તો હવે જેને જેને ખરેખર તે મોહ છોડીને જીવનમાં ત્યાગનો આદર્શ વણી લેવા ત્રણ યોગે ઉત્કટ ભાવના હોય તે ક્રિયોદ્ધાર કરીને સંવેગી મુનિ બને અને જેને આવો વીર્યોલ્લાસ ન હોય તે યતિ બની રહે; પણ મુનિ તથા યતિ સૌએ ગચ્છનાયકની આજ્ઞા પાળવાની છે, આપસ આપસમાં હળીમળીને રહેવાનું છે અને ધર્મની પ્રભાવનામાં એકબીજાના પૂરક બની રહેવાનું છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

૪૧ મો બોલ—આ૦ વિજયસિંહસૂરિએ ૪૫ બોલનો પટ્ટક જાહેર કર્યો હતો તેમાં ૪૧મો બોલ બહુ મહત્ત્વનો હતો. તે આ પ્રમાણે હતો—"૪૧. તપાગચ્છની સામાચારી ઉપર, પંચાંગી ઉપર તથા વીતરાગની પૂજા ઉપર અવિશ્વાસ હોય તેની સાથે સર્વથા વ્યવહાર ન કરવો."

( –જૈ.સ–પ્ર૦ ક્રમાંક : ૧૪૯ )

આ ૪૧મા બોલમાં શુદ્ધ જૈન માર્ગનું પ્રતિપાદન કરેલું છે. યતિ અને મુનિ બંનેએ આ પ્રમાણે વર્તવામાં કોઈ બાધ આવતો નહોતો. અને કોની કોની સાથે વ્યવહાર ન રાખવો? તેની સ્પષ્ટ વ્યવસ્થા બતાવવામાં આવી હતી.

વસ્ત્ર—તપાગચ્છના ભટ્ટારક આણંદવિમલસૂરિ વગેરેએ સં૦ ૧૫૮૭માં ક્રિયોદ્ધાર કર્યો હતો ત્યારે વ્યવસ્થા બનાવી હતી કે, ક્રિયોદ્ધાર કરેલા સંવેગી મુનિઓ કાથા રંગથી રંગેલું વસ્ત્ર પહેરે.

( –પ્રક૦ ૫૫, પૃ૦ )

એટલે ત્યારથી મુનિઓ માટે કાથિયા રંગનાં વસ્ત્રોની પ્રવૃત્તિ ચાલુ થઈ. સં૦ ૧૭૧૧માં પં૦ સત્યવિજયગણી વગેરેએ ક્રિયોદ્ધાર કરી સંવેગીપણું સ્વીકાર્યું ત્યારે તેમણે પણ ઉપર મુજબ વસ્ત્રને કાથાથી રંગવાનું જારી રાખ્યું હતું.

મહો૦ ક્ષમાકલ્યાણજીએ ખરતરગચ્છમાં ક્રિયોદ્ધાર કર્યો ત્યારે તેમણે પણ કાથારંગથી પીળાં વસ્ત્ર કરવાનું જાહેર કર્યું હતું.

( –પ્રક૦ ૪૦, પૃ૦ ૪૯૩ )

એટલે મુનિ અને યતિમાં આ વસ્ત્રોથી ધોળિયા તે શ્રીપૂજ અને કેશરિયા તે સંવેગી સાધુ એવી ઓળખાણ સહેજે થતી હતી. પરંતુ વિક્રમની વીશમી સદીમાં આમાં પરિવર્તન આવ્યું ત્યારથી સંવેગી મુનિઓ પોતાના મુખ્ય વસ્ત્રને કાથાના રંગને બદલે પીળા રંગથી રંગવા લાગ્યા.

કેસરિયો—પીળો રંગ એ તો કેસરિયા—આદિનાથ ભગવાનના

---

૧ સાધ્વી સહજશ્રી માટે જુઓ પ્રક૦ ૫૮, પ્રક૦ ૬૧ તથા 'શ્રી પ્રશસ્તિસંગ્રહ' ભા–૨ પ્ર. નં. ૭૦૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભક્તિ, જૈન શાસન માટે કેસરિયાં કરવાનું સાહસ તથા શાંતિભાવનાનું પ્રતીક છે એમ સમજવામાં આવતું હતું.

પં૦ સત્યવિજયગણીએ ક્રિયોદ્ધાર કર્યો ત્યારે ભ૦ વિજયપ્રભસૂરિ ઉંમરમાં, દીક્ષા પર્યાયમાં, પંન્યાસપદવીમાં અને અનુભવમાં પણ સૌથી નાના હતા, પણ ભ૦ વિજયદેવસૂરિએ તેમનો સ્વભાવ અને વ્યક્તિત્વ જોઈને તેમને ગચ્છનાયક બનાવ્યા. પણ શરૂઆતમાં તેઓ નવાસવા હોવાથી ગચ્છવ્યવહારનો અનુભવ મેળવવા ૧૧ વર્ષો સુધી સોરઠમાં વિચર્યા અને સં૦ ૧૯૨૨-૨૭માં સુરત પધાર્યા. તેમણે ગચ્છનાયકની લગામ હાથમાં લીધી એટલે બધા ગીતાર્થો, બધા યતિઓ અને મુનિઓ તેમની આજ્ઞામાં આવી ગયા.

**મર્યાદા**—ગચ્છમર્યાદા એવી હોય છે કે, નાના-મોટા સૌ યતિવરો-મુનિવરો ગચ્છનાયકની આજ્ઞા માને. જેમ કે મોટા મહો૦ વિમલહર્ષગણી, મહો૦ ધર્મસાગરગણી, મહો૦ સોમવિજયગણી, મહો૦ કીર્તિવિજયગણી, મહો૦ કલ્યાણવિજયગણી, મહો૦ કેવલવિજયગણી, મહો૦ કનકવિજયગણી, વગેરે ગીતાર્થો પોતાનાથી નાના કે મોટા એવા ગચ્છનાયકો ભ૦ વિજયહીરસૂરિ, ભ૦ વિજયસેનસૂરિ, ભ૦ વિજયદેવસૂરિ, ભ૦ વિજયપ્રભસૂરિની આજ્ઞા લેતા અને માનતા હતા અને તે ભટ્ટારકો પણ તે તે ગીતાર્થોનું ખૂબ માન-સન્માન કરતા હતા.

આ રીતે પં૦ સત્યવિજયગણી, મહો૦ વિનયવિજયગણી, ઉપા૦ પં૦ અશોકવિજયગણી વગેરે ભટ્ટા૦ વિજયપ્રભાસૂરિની આજ્ઞા માનતા હતા. અને ભ૦ વિજયપ્રભસૂરિ તે સૌનું બહુમાન કરતા હતા.

બીજી રીતે એમ પણ કહી શકાય કે ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ સર્વથા પં૦ સત્યવિજયગણિવરની સલાહ લઈને આજ્ઞાઓ ફરમાવતા. આવી મર્યાદા હોવાથી સંવેગી મુનિવરો અને યતિઓમાં સુમેળ બની રહ્યો હતો. પરિણામે તપાગચ્છનું મજબૂત એકમ બની ગયું હતું.

ઇતિહાસ કહે છે કે,—

"ભ૦ વિજયપ્રભસૂરિ સં૦ ૧૭૩૨ થી ૧૭૩૫ સુધી મારવાડમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિચર્યા હતા. સં૦......માં બગડી ગામમાં ચાતુર્માસ રહ્યા હતા ત્યારે તેમની સાથે પં૦ હેમવિજયગણી, પં૦ વિમલવિજય, પં૦ ઉદયવિમલ, પં૦ સત્યવિજયગણી અને પ્રતાપવિજયગણી વગેરે ગીતાર્થો તથા મુનિવરો હતા અને તે જ સાલમાં ઉપા૦ વિનયવિજયગણી ઉજ્જૈનમાં ચાતુર્માસ સ્થિત હતા. તેમની સાથે પં૦ માનવિજયગણી, પં૦ હર્ષવિજયગણી, ઋષિ ભાણજી, મુનિ ભાણવિજયગણી, મુનિ કેવલવિજય, મુનિ પુણ્યવિજય વગેરે ગીતાર્થો તથા મુનિવરો તેમજ સાધ્વીજી સહજશ્રી વગેરે સાધ્વીજીઓ હતાં.

( –ઉજ્જૈન સંઘનું વિજ્ઞપ્તિપત્ર )

## જીવનપરિચય—

પં૦ સત્યવિજયગણિવર શાંત, ત્યાગી, વૈરાગી અને વિદ્વાન્ હતા. સાચા જ્ઞાની–અનુભવી પુરુષ હતા. શુદ્ધ ક્રિયાના પ્રેમી હતા. અધ્યાત્મયોગી હતા. તેમની ઉપદેશશક્તિ અમોઘ હતી. તેઓ ઉપદેશમાં ત્યાગ અને વૈરાગ્યને જ ખૂબ પોષતા હતા. તે મેડતા, નાગોર, જોધપુર, સોજત તથા સાદડી વગેરે પ્રદેશોમાં વધુ પ્રમાણમાં વિચરતા હતા અને તેમણે એ તરફ જ વધુ ચાતુર્માસો નિર્ગમન કર્યાં હતાં.

શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડિયા જણાવે છે કે,—

“ આ વિચારણા અને દાખલાઓની તે યુગના સાહિત્ય પર અસર થઈ જણાય છે. સત્યવિજયજી પંન્યાસ જેવા મૂળ પાટ છોડી વિજયસિંહસૂરિના સમયમાં બહાર નીકળી જઈ ક્રિયોદ્ધાર કરે કે આચાર્યપદ લેવાની આનાકાની કરે એમાં ઊંડો યોગ કારણ જણાય છે.”

શ્રીમાન્ આત્મારામજી મહારાજે ‘જૈન દર્શન’ના પૃ૦ ૬–૮માં જણાવ્યું છે કે—,

“શ્રી સત્યવિજયજીગણી ક્રિયોદ્ધાર કરી શ્રી. આનંદઘનજી સાથે બહુ વર્ષો સુધી વનવાસમાં રહ્યા હતા, તથા મહાતપસ્યા, યોગાભ્યાસ પ્રમુખ કર્યું. જ્યારે બહુ જ વૃદ્ધ થઈ ગયા અને પગમાં ચાલવાની શક્તિ પણ ન રહી ત્યાં અણહિલ્લપુર પાટણમાં આવીને રહ્યા.”

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

આ ઘટના ઉપરથી યોગમાર્ગને માટે શ્રી આનંદઘનજીની કેટલી અસર તે યુગ ઉપર થઈ હતી તે જણાય છે. છતાં આ બાબતમાં દિગંબરોના શુષ્ક અધ્યાત્મવાદની જે પ્રરૂપણા બનારસીદાસે કરી હતી અને જેને માટે તેમને જીવનના ઉત્તરભાગમાં ખેદ થયો હતો તેની સ્થિતિ શ્વેતાંબર સમાજની થઈ નહોતી.

(–જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિ૦ પૃ૦ ૫૭૮)

શ્રી સત્યવિજય પંન્યાસ અત્યંત અધ્યાત્મી છતાં અને વનવાસમાં આનંદઘનજી સાથે રહ્યા હોવા છતાં ખૂબ ક્રિયા-તત્પર હતા, એમ એમના જીવનથી અનેક સાત્ત્વિક ક્રિયાઓ જળવાઈ રહી છે તે ઉપરથી જણાય છે. એ સર્વ વાતનો સમન્વય શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયે "૩૫૦ ગાથાના સ્તવન"માં સીમંધરસ્વામીને વિનંતી રૂપે કર્યો છે. એ એકાંત ક્રિયાયોગ કે જ્ઞાનયોગમાં સાર નથી એમ બતાવી, જ્ઞાન–ક્રિયાનો સહકાર કરવા ભલામણ કરી છે.

(–ઢાળ: ૧૬, ગા. ૫૪)

આ વિશેષતાના સ્વીકારથી જૈન શ્વેતાંબર સમાજ ટકી રહેલો જણાય છે. આ જ્ઞાન–ક્રિયાનો સહકાર બતાવનાર તે કાળના ગ્રંથોમાં જસવિલાસ, વિનયવિલાસ જ્ઞાનવિલાસ વગેરે કૃતિઓ છે.

(–મો૦ ગિ૦ કાપડિયા કૃત 'શાંતસુધારસ' ગ્રંથનું ગુજરાતી વિવેચનનું અવલોકન, પૃ૦ ૧૫૦, ૧૫૧)

પં. સત્યવિજયજીગણીએ સં. ૧૭૫૪માં અમદાવાદમાં ચોમાસું કર્યું, સં૦ ૧૭૫૫માં પાટણમાં ચોમાસું કર્યું અને સં૦ ૧૭૫૬ના પોષ મહિનામાં તેઓ બીમાર પડ્યા. પાંચ દિવસ બીમાર રહ્યા. પં૦ સત્યવિજયગણી સં૦ ૧૭૫૬ના પોષ સુદિ (વદિ) ૧૨ ને શનિવારે સિદ્ધિયોગમાં પાટણમાં અનશન સ્વીકારી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

મહો૦ વિવેકહર્ષગણિવરના શિષ્ય પં૦ જિનહર્ષગણીએ સં૦......માં 'સત્યવિજયગણિ નિર્વાણરાસ' રચ્યો છે. સંભવ છે કે, પં૦ જિનહર્ષગણીનું બીજું નામ પં૦ જિનવિજયગણી હોય.[1]

૧. પં૦ સત્યવિજય ગણી બીજા પણ થયા છે. તેમનું સં૦ ૧૭૭૬ ના પોષ વદિ ૧૪ ના રોજ સ્વર્ગગમન થયું હતું એમ ગ્રંથપ્રશસ્તિની નોંધથી જણાય છે.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

પં૦ સત્યવિજય ગણીએ સં૦ ૧૭૧૧માં સંવેગીમાર્ગ સ્વીકાર્યો હતો તેમ આ૦ વિજયાણુંદસૂરિની પરંપરાના પં૦ ઋદ્ધિવિમલગણીએ સં૦ ૧૭૧૧માં ધાણુધારના પાલનપુર પાસેના ગોલા ગામમાં ભ૦ મહાવીરસ્વામીના જિનપ્રાસાદમાં મહો૦ યશોવિજયગણીની મદદથી ક્રિયોદ્ધાર કર્યો. તેમની પરંપરામાં અનુક્રમે સંવેગી વિમલમુનિ શાખા ચાલી હતી.

( — પટ્ટાવલી સમુચ્ચય ભા – ૨, પુરવણી, પૃ૦ ૧૭૧, ૨૭૨ )

આ૦ આણુંદવિમલસૂરિની પરંપરાના મુનિ નયવિમલે એટલે આ૦ જ્ઞાનવિમલસૂરિએ સં૦ ૧૭૪૯માં પાટણમાં મહો૦ યશોવિજયજીએ બતાવેલી રૂપરેખા મુજબ ક્રિયોદ્ધાર કરી સંવેગી મુનિપણું સ્વીકાર્યું.

પૂ૦ આનંદઘનજી મહારાજ— આ સમયે પ્રસિદ્ધ અધ્યાત્મયોગી લાભાનંદજી થયા. તેમનું લોકપ્રસિદ્ધ નામ હતું શ્રી આનંદઘનજી.

વિ૦ સં૦ ૧૯૨૭માં રચેલા ‘સમેતશિખરરાસ’ માં પં૦ રંગવિજયગણી લખે છે કે, ‘તે ( આનંદઘનજી ) અસલમાં મેડતાના પં૦ સત્યવિજયગણીના નાના ભાઈ હતા.’[૨]

( — જૈ૦ સ૦ પ્ર૦ વર્ષ : ૧૩, અંક : ૮, પૃ૦ ૧૬૫ )

શ્રી. આનંદઘનજીના ‘જિનસ્તવન ચોવીશી’ સ્તવન ૨૪ અને આનંદઘન પદો ૧૦૮ રચેલાં મળે છે.

મહો૦ યશોવિજયગણીએ તેમની ‘અષ્ટપદી સ્તુતિ’ રચી છે.

પ્રભાવકો—આ સમયે નીચે મુજબ ઘણા જૈન જ્યોતિર્ધરો થયા હતા. ૧. અધ્યાત્મ મહાયોગી પૂ૦ આનંઘનજી મ૦ ૨ મહો૦ વિનયવિજયજી ગણી ૩ મહો૦ યશોવિજયજી ગણી, ૪ મહો૦ મેઘવિજયજી ગણી, ૫ મહો૦ માનવિજયજીગણી (ભટ્ટા૦ વિજયમાનસૂરિ ), ૬ પં૦ મેરુવિજયગણી ૭ મહો૦ લાવણ્યવિજયજીગણી ૮ મહો૦ વિમલવિજય ગણી, ૯ પં૦ ભાણુવિજયગણી, ૧૦ ઉપા૦ રવિવર્ધન ગણી, ૧૧ પં૦ ભીમવિજયગણી ( મહો૦ સોમવિજયગણીની પરંપરાના )

૨. સંભવ છે કે, તેઓ તપાગચ્છની હર્ષ કે આનંદ શાખાના મુનિ હતા. પં૦ પરમાનંદગણીના શિષ્ય હતા, જે દીક્ષાવસ્થામાં પં૦ સત્યવિજયગણીથી નાના અને મહો૦ યશોવિજયગણીથી મોટા હતા.

જૈન સાઈટ JAINSITE જૈનં જયતિ શાસનમ્
www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

આ સમયે તપાગચ્છની વિવિધ પટ્ટાવલીઓ રચાઈ.

**જૈન ગ્રંથભંડાર** — જૂનાગઢના શા પાસવીર પોરવાડે ભટ્ટા૦ વિજયપ્રભસૂરિના ઉપદેશથી સં૦ ૧૭૧૧ના પોષ વદિ ૧૦ના રોજ જૂનાગઢમાં આગમોનો જૈન ગ્રંથભંડાર બનાવ્યો.

( — શ્રી. પ્રશસ્તિસંગ્રહ ભા૦૨, પ્ર૦ નં૦ ૮૬૦ )

**વિશેષ ઘટનાઓ – ( પાંચમું નામ )** —

સં૦ ૧૭૧૧ના વૈ૦ સુ૦ ૧૩ને ગુરુવારે પુષ્ય નક્ષત્રમાં પાટણમાં પં૦ સત્યવિજયગણીથી તપાગચ્છની સંવેગીશાખા નીકળી. આથી તપાગચ્છનું પાંચમું નામ ' સંવેગી ' પડ્યું.

**શાખાઓ** — સં૦ ૧૭૧૦ના વૈ૦ સુ૦ ૧૦ને શુક્રવારે ગંધારમાં ભ૦ વિજયદેવસૂરિએ ભટ્ટા૦ વિજયપ્રભસૂરિને આચાર્ય બનાવ્યા ને સં૦ ૧૭૧૨ના માગશર મહિનામાં અમદાવાદમાં ગચ્છનાયક બનાવી ભટ્ટારક બનાવ્યા. તેમની પરંપરા ' શ્રીપૂજ ' તરીકે પ્રસિદ્ધિ પામી. સં૦ ૧૭૧૨ થી તપાગચ્છમાં નવમી યતિશાખા નીકળી.

સં૦ ૧૭૪૯માં સાંડેર ગામમાં ભ૦ જ્ઞાનવિમલસૂરિથી તપાગચ્છમાં દશમી ' વિમલ'શાખા નીકળી.

જૈનમ્ જયતિ શાસનમ્

આ અરસામાં લોંકામતના ભટ્ટા૦ મેઘરાજ ( સ્વ. સં૦ ૧૭૨૫ )ના શિષ્ય ઋષિ આણંદે પોતાના શિષ્ય યતિ તિલકને શ્રીપૂજ બનાવી ખંભાતની લોંકાગચ્છની ગાદીએ શ્રીપૂજ તરીકે સ્થાપન કર્યા.

આ ગાદીમાં માત્ર ૧૮ યતિઓ જ હતા તેથી આ શાખાનું નામ ' અઢારિયા ' પડ્યું હતું.

ખરતરગચ્છના ભટ્ટા૦ જિનચંદ્રસૂરિના ઉપા૦ સુમનમેરુગણીના શિષ્ય યતિ માનજી બિકાનેરવાળાએ સં૦ ૧૭૪૫ના વૈ૦ સુ૦ ૫ના રોજ લાહોરમાં વૈદ્યકનો ' કવિવિનોદ ' નામે ગ્રંથ રચ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ત્રેંસઠમું

## પં૦ કર્પૂરવિજયજી ગણી

ગુજરાતના પાટણ પાસે વાગરોડ ગામના વતની શા૦ ભીમજી પોરવાડની પત્ની વીરાએ સં૦ ૧૭૦૪માં એક પુત્રને જન્મ આપ્યો, જેનું નામ કાનજી રાખવા આવ્યું હતું.

માતા-પિતાના મરણ પછી કાનજીને પાટણમાં ફુઆને ત્યાં આવવું પડ્યું.

પં૦ સત્યવિજયજીગણી વિહાર કરતા પાટણ આવ્યા. તેમની ઉપદેશવાણી સાંભળીને કાનજીને વૈરાગ્યભાવ જાગૃત થયો. તેણે ફુઆની સંમતિ મેળવી ગુરુ પાસે દીક્ષાની યાચના કરી.

પં૦ સત્યવિજય ગણીએ સં૦ ૧૭૨૦ના માગશર સુદિમાં ૧૪ વર્ષના કાનજીને દીક્ષા આપી, પોતાનો શિષ્ય બનાવ્યો, જેનું મુનિ કર્પૂરવિજય નામ રાખવામાં આવ્યું.

તેઓ રાતદિવસ સાધુના આચારે પાળી શાસ્ત્રાભ્યાસ કરવા લાગ્યા અને ગુરુ સાથે રહી વિહાર કરતા રહ્યા. તેમણે આવશ્યક સૂત્રોનું પઠન કર્યું. વિજયપ્રભસૂરિએ કર્પૂરવિજયને યોગ્ય જાણી આનંદપુરમાં પંડિતપદ આપ્યું.

સં૦ ૧૭૫૭ના પોષ માસમાં તેમના ગુરુ પં૦ સત્યવિજય ગણી સ્વર્ગસ્થ થયા તેમના પટ્ટધર તરીકે પં૦ કર્પૂરવિજય થયા. પં૦ કર્પૂરવિજયે વઢીયાર, મારવાડ, ગુજરાત, સૌરાષ્ટ્ર, અમદાવાદ, રાધનપુર, સાચોર, સાદરા, સોજીત્રા, વડનગર વગેરે સ્થળોએ ચાતુર્માસ કર્યાં. વૃદ્ધાવસ્થાના કારણે છેલ્લે પાટણમાં ચાતુર્માસ રહ્યા. તેમણે ઉપધાન માલારોપણ અને બિંબપ્રતિષ્ઠા વગેરે અનેક ધર્મકૃત્ય કરાવ્યાં.

એકંદરે તેઓ ત્યારે સત્ત્વશાળી અને કીર્તિશાળી હતા.

પાટણમાં સં૦ ૧૭૭૫ના શ્રાવણ વદિ ૧૪ ને સોમવારે કર્પૂર-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિજય કાળધર્મ પામ્યા. શ્રીસંઘે બહુમાન સાથે તેમની મરણોત્તર ક્રિયા કરી.

સં૦ ૧૭૭૫ના શ્રા૦ વ૦ ૧૪ને સોમવારે તેઓ સ્વર્ગસ્થ થયા. તેમને ૧ વૃદ્ધિવિજય અને ૨ ક્ષમાવિજય નામે બે ઉત્તમ શિષ્યો હતા. તેઓ સારી પ્રસિદ્ધ પામ્યા.

૧ પં૦ વૃદ્ધિવિજય ગણી ગુજરાતના વડનગર પાસે આવેલા ડાભલા ગામમાં શેઠ આનંદસાગર રહેતા હતા. તેમની પત્નીનું નામ ઉત્તમદે હતું. તેમને બોઘા નામે પુત્ર હતો. માતા ઉત્તમદે અને બોઘો વીસનગરમાં આવીને વસ્યા.

પં૦ સત્યવિજયગણિએ બોઘાને ઉપદેશ આપી, વૈરાગ્ય પમાડી સં૦ ૧૭૩૫માં ચાણસ્મા ગામમાં દીક્ષા આપી. પં૦ કર્પૂરવિજયના શિષ્ય બનાવી તેમનું નામ મુનિ વૃદ્ધિવિજય રાખ્યું.

ભટ્ટા૦ વિજયપ્રભસૂરિએ તેમની યોગ્યતા જોઈ પંન્યાસ પદવી આપી. તેમણે સં૦ ૧૭૬૯માં પાટણમાં ચાતુર્માસ કર્યું. તેઓ સં૦ ૧૭૭૦ ના કા૦ વદિ અમાવાસ્યાના રોજ પાટણમાં કાળધર્મ પામ્યા. પં૦ જિનવિજયગણીએ તેમની જીવનનોંધ લખી રાખી હતી.

ગ્રંથરચના — પં૦ વૃદ્ધિવિજયગણીએ સં૦ ૧૭૨૩ના આ૦ સુ૦ ૧૫ને ગુરુવારે સુરતમાં મહો૦ યશોવિજયગણીની કૃપાથી 'ઉપદેશ-માલાનો બાલાવબોધ' અને 'સ્તવનચોવીશી' બનાવ્યાં. તે ચોવીશીની ૯ નકલો—પ્રતિઓ—સુરતમાં શ્રાવિકા ફૂલબાઈને ભણવા માટે લખી. તેમણે 'જીવવિચાર સ્તવન' રચ્યું છે. તેમને પં૦ રંગવિજય નામે શિષ્ય હતા.

૨. પં૦ ક્ષમાવિજયગણી — ( જુઓ પ્રક૦ ૬૪ મું )

૩. પં૦ મણિવિજયગણી તેમણે '૧૫૮ કર્મપ્રકૃતિની સજ્ઝાય' કડી : ૨૨ રચી છે. તે ભ૦ વિજયપ્રભસૂરિના ઉપા૦ ઉદયવિજયગણીની આજ્ઞામાં હતા. તેમના શિષ્ય મુનિ ભાગ્યવિજયે સં૦ ૧૭૬૬ના ચોમાસામાં પાટણમાં 'નવતત્ત્વસ્તવન' કડી : ૧૬૭ બનાવ્યું.

વિશેષ ઘટનાઓ — આ સમયે સંઘે તપાગચ્છના ભટ્ટા૦ વિજય પ્રભસૂરીના ઉપદેશથી સં૦ ૧૭૬૦માં શંખેશ્વરતીર્થનો જીર્ણોદ્ધાર

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

કરાવ્યો. ભ૦ વિજયરત્નસૂરિ અને પં૦ ભીમવિજયગણીના ઉપદેશથી બાદશાહ ઔરંગઝેબે સં૦ ૧૭૩૬માં અજમેરમાં ફરમાન લખી આપ્યું હતું. મુસલમાનોએ અત્યાર પહેલાં અજમેર, મેડતા, સોજત, જયતારણ અને જોધપુર વગેરે સ્થાનોના ઉપાશ્રયો દબાવ્યા હતા તે તે ઉપાશ્રયો તેની પાસેથી જૈન સંઘને પાછા અપાવ્યા હતા.

ભ૦ વિજયરત્નસૂરિના રાજ્યમાં પં૦ ઉત્તમસાગર શિષ્ય પં૦ ન્યાયસાગરગણીએ સં૦ ૧૭૬૬ના ભા૦ સુ૦ ૫ના રોજ 'સમ્યક્ત્વ-વ્રતસ્તવન' રચ્યું છે.

તપગચ્છની સોમસૂરિશાખાના પં૦ ધનવિમલગણીએ સં૦ ૧૭૭૧માં 'પન્નાવણાસૂત્રનું વાર્તિક' બનાવ્યું.

ખરતરગચ્છના ભ૦ જિનચંદ્રસૂરિના ઉપા૦ સુમનમેરુગણીના શિષ્ય યતિવર માનજી બિકાનેરવાળાએ સં૦ ૧૭૪૫ના વૈ૦ સુ૦ ૫ના રોજ લાહોરમાં વૈદ્યકનો 'કવિવિનોદ' નામે ગ્રંથ બનાવ્યો.

શેઠ નાગજી ભૂધર દશા પોરવાડે સં૦ ૧૭૬૦ના શ્રા૦ સુ૦ ૨ના રોજ અમદાવાદમાં નાગજી ભૂધરની પોળ બનાવી હતી.

તેમના વંશના બાર વ્રતધારી શેઠ કચરાભાઈ અમૃતલાલ સં૦ ૨૦૧૫ના કા૦ સુ૦ ૧૧ તા. ૨૧-૧૧-૧૯૫૮ને શુક્રવારે અમદાવાદમાં મરણ પામ્યા હતા. આજે તેમના પુત્રો ૧ શાંતિલાલ, ૨ પં૦ માનવિજયગણી અને ૩ જયંતિલાલ વિદ્યમાન છે.

(– સં૦ ૧૯૦૮ના પો૦ સુ૦ ૩ તા. ૨૫-૧૨-૧૮૫૧ ગુરુવારે અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ પ્રકાશિત કરેલ 'અમદાવાદનો ઇતિહાસ'.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ચોસઠમું

## પં૦ ક્ષમાવિજય ગણી

જૈનોના તીર્થ તરીકે પ્રસિદ્ધિ પામેલા આબુના રમણીય પર્વત પાસે પોયંદ્રા નામે ગામ છે, જ્યાં શ્રી. પાર્શ્વનાથ પ્રભુનું મનોહર ચૈત્ય શોભી રહ્યું છે ત્યાં ઓશવાલવંશીય ચામુંડા ગોત્રના શાહ કલા નામે શ્રેષ્ઠી વસતા હતા. તેમની પત્નીનું નામ વનાં. તેનાથી એક પુત્ર જન્મ્યો, જેનું નામ ખેમચંદ રાખવામાં આવ્યું હતું. ખેમચંદને માતાપિતાના ધાર્મિક સંસ્કાર મળવા લાગ્યા. તેણે વ્યાવહારિક શિક્ષણ પણ લીધું. સં૦ ૧૭૨૨ લગભગમાં આ ખેમચંદને કોઈ કારણસર અમદાવાદ આવવાનું થયું. તે પોતાના સંબંધીને ત્યાં અમદાવાદના પ્રેમાપુરા નામના પરામાં ઊતર્યો હતો.

આ જ સમયે પં૦ કર્પૂરવિજયજીગણીના શિષ્ય પં૦ વૃદ્ધિવિજયગણી પ્રેમાપુરમાં ચાતુર્માસ બિરાજમાન હતા. તેમની દેશના રોજ સવારે થયા કરતી. ખેમચંદ પણ એક દિવસ આ મુનિની દેશના સાભળવા આવી ચડયો. પં૦ વૃદ્ધિવિજયની વૈરાગ્યભરી વાણી સાંભળતાં ખેમચંદના હૃદયમાં વૈરાગ્યભાવ જાગૃત થયો. તેણે ગુરુને દીક્ષા આપવા વિનંતી કરી. ૨૨ વર્ષની ઉંમરે સં૦ ૧૭૪૪ ના જેઠ સુદિ ૧૩ના દિવસે શ્રી. વૃદ્ધિવિજયગણીએ ખેમચંદને દીક્ષા આપી અને તેનું નામ ક્ષમાવિજય રાખવામાં આવ્યું. તેમણે સિદ્ધાંતશાસ્ત્રનો અભ્યાસ શરૂ કર્યો.

તેમણે યાત્રાધામોમાં વિહાર કરવાનો વિચાર કર્યો. તેથી આબુ, અચલગઢ, સિરોહી વગેરે સ્થળોમાં વિહાર કર્યો અને ત્યાંનાં બધાં ચૈત્યોનાં દર્શન કર્યાં. ત્યાંથી વસંતપુર, સાદડી, રાણકપુર, ઘાણેરાવ, લોઢાણા, વરકાણા વગેરે તીર્થોનાં ભાવથી વંદન કર્યાં. ત્યાંથી નાડોલ, નાડલાઈ વગેરે તીર્થોનાં દર્શન કર્યાં. ત્યાંથી ઉદયપુર, ડુંગરપુર, સાગવાડી, ધુલેવા, ( કેશરિયાજી ), ઈડર, વડનગર અને વીસલપુર વગેરે સ્થળોમાં વિહાર કર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુરુ કર્પૂરવિજયજી અમદાવાદ હતા. ત્યાં સરસપુરમાં શ્રી ક્ષમાવિજયજીને પોતાની પાટે બેસાડી ગુરુએ પાટણ તરફ વિહાર કર્યો. પછી તો ક્ષમાવિજયજી પણ પાટણ પધાર્યા. તેમને પંન્યાસપદવી આપવામાં આવી. પં૦ ક્ષમાવિજયગણીએ ત્યાંથી શંખેશ્વરની યાત્રા કરી ત્યાંથી પાછા પાટણ આવ્યા, અને શ્રેષ્ઠી ઋષભશાહની વિનતિથી જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી. સં૦ ૧૭૭૪માં લગભગ ૭૦૦ જિનેશ્વરોની પ્રતિષ્ઠા કરી. સં૦ ૧૭૭૫માં પં૦ કર્પૂરવિજયજીએ સ્વર્ગવાસ કર્યો.

પં૦ ક્ષમાવિજયગણી ત્યાંથી સિદ્ધપુર, મહેસાણા, ચાણસમા, રાધનપુર, સાચોર, સમી, સાંતલપુર, વાવ, વીસલનગર, વડનગર, વઢવાણ, તારંગા વગેરે સ્થળે વિહાર કર્યો અને પ્રભુ-પ્રતિષ્ઠાઓ કરાવી.

ત્યાંથી તેઓ અમદાવાદ આવ્યા. ત્યાંથી સુરતના શ્રીસંઘની વિનતિથી તે તરફ વિહાર કર્યો. પ્રથમ ખંભાત આવ્યા. અહીંનાં ૪૮ જિનાલયોનાં દર્શન કર્યાં. ત્યાંથી કાવી આવ્યા. ભોંયરામાં પ્રભુની પ્રતિષ્ઠા કરાવી. ત્યાંથી જંબુસર, ભરુચ થઈ સુરત પધાર્યા. સં૦ ૧૭૮૦નું ચાતુર્માસ સુરતમાં કર્યું.

સુરતથી તેઓ અમદાવાદ આવ્યા. તેમના વિદ્વાન શિષ્ય તેઓ દોશીવાડાની પોળમાં ચાતુર્માસ સ્થિત હતા ત્યારે જિનવિજયજીને અહીં બોલાવ્યા. તેમને સંઘ ભળાવ્યો. સં. ૧૭૮૬ના આસો મહિનાની ૧૧ના દિવસે કાળ કર્યો. શ્રીસંઘે સાબરમતીના કિનારે તેમના દેહનો અગ્નિસંસ્કાર કર્યો. તેમના સ્મરણાર્થે થૂભ કરવામાં આવ્યો.

પં૦ ક્ષમાવિજયજીએ 'પાર્શ્વનાથસ્તવન'ની રચના કરી છે. બીજી કૃતિઓ જાણવામાં આવી નથી.

આ સમયે અમદાવાદમાં ઘણા રાજપલટા થયા હતા. જોધપુરના મહારાજા અભયસિંહ રાઠોડે પિલાજીરાવ ગાયકવાડને મારી અમદાવાદ પોતાને કબજે કર્યું. દિલ્હીનો ૧૭મો બાદશાહ મહમ્મુદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા મહારાજા અભયસિંહે રતનસિંહ ભંડારી (સં૦ ૧૭૮૯ થી ૧૭૯૩ )ને અમદાવાદનો નાયબ સૂબો નીમ્યો.

રતનસિંહ ભંડારીએ સં૦ ૧૭૯૧ના વૈ૦ સુ૦ ૮ના રોજ શત્રુંજયતીર્થ પર વિમલવસહીમા જિનાલય બંધાવી તેમાં ભ૦ વિજયક્ષમાસૂરિના પટ્ટધર ભ૦ વિજયદયાસૂરિના હાથે સહસ્રફણા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી.

આ સમયે સુરતના સંઘપતિ પ્રેમજી પારેખે બાદશાહ ફરુખશિયરની પરવાનગી મેળવી તપાગચ્છના ભટ્ટા૦ જ્ઞાનવિમલસૂરિના ઉપદેશથી સં૦ ૧૭૭૦ના ચૈ૦ સુ૦ ૧૦ના રોજ સુરતથી શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. તેણે સંઘમાં ભ૦ જ્ઞાનવિમલસૂરિ, પં૦ દીપસાગર, પં૦ સૂર્યસાગર, તપાગચ્છની સાગરશાખાના ભ૦ લક્ષ્મીસાગરસૂરિ, તપાગચ્છના ભ૦ વિજયરત્નસૂરિ, આ૦ વિજયઋદ્ધિસૂરિ, મહો૦ લાવણ્યવિજય ગણીની પરંપરાના પં૦ અમરવિજય ગણી, તપાગચ્છની રત્નશાખાના પં૦ દાનરત્નગણીના શિષ્ય પં૦ જ્ઞાનરત્નગણી, પં૦ ઉદયરત્નગણી વગેરેને સાથે લીધા હતા.

જૈનમ્ જયતિ શાસનમ્

(— પ્રક૦ ૫૭ )

સંઘે વૈશાખ સુદિ ૯ થી વૈશાખની અમાવાસ્યા સુધી તીર્થયાત્રા કરી. સંઘપતિએ સં૦ ૧૭૭૦ના જેઠ સુદિ ૧૦ ના રોજ તીર્થમાં ભ૦ જ્ઞાનવિમલસૂરિના હાથે તીર્થમાલા પહેરી.

પં૦ ખીમાવિજયગણીના શિષ્ય પં૦ જસવિજયગણીએ સં૦ ૧૭૮૪ના ભા૦ વ૦ ૫ ને ગુરુવારે પાટણમાં નારંગા પાર્શ્વનાથની કૃપાથી 'જિનસ્તવનચોવીશી' રચી હતી.

૬૪ પં૦ ખીમાવિજયગણી, ૬૫ પં૦ જસવિજયગણી, ૬૬ પં૦ શુભવિજયગણી, ૬૭ (૧) પં૦ ભાણુવિજયગણી, (૨) પં૦ ધીરવિજયગણી, (૩) ગુરુભાઈ પં. વીરવિજયગણી.

શત્રુંજયતીર્થના એક શિલાલેખ ( નં૦ ૧૦૨ )માં પં૦ વીરવિજયને પં૦ ધીરવિજયગણીના શિષ્ય બતાવ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પં૦ વીરવિજયગણીના ઉપદેશથી અમદાવાદના જૈન સંઘે સં૦ ૧૯૦૮ના ફા૦ સુ૦ ૫ના રોજ ઉજમણામાં નાણુના ૪ પૂંઠિયાં બનાવ્યાં હતા, તેમાંનું એક પૂંઠિયું હાલ શંખેશ્વરતીર્થમાં છે.

(– જૈન૦ સ૦ પ્ર૦ વર્ષ : ૭ અંક : ૮, પૃ૦ ૪૩૦)

પં૦ રંગવિજયગણીએ સં૦ ૧૮૧૦માં 'સમેત શિખર તીર્થરાસ' અને 'પં૦ વિરવીજય ' રાસ ' રચ્યો છે.

(– ' જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય ' –
પૃ૦ ૮૬ થી ૧૦૫, સાર – પૃ૦ ૩૬ )

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ પાંસઠમું

## પં૦ જિનવિજયગણી

"तस्य शिष्यो विनीतात्मा शिष्यायनेकसमन्वितः ॥ ५ ॥
शब्दशास्त्रादिशास्त्राणां वेत्ता शिष्यगणान्वितः ।
जिनादिविजयाह्वानस्तस्य शिष्यः सुरूपभाक् ॥ ६ ॥

(– પં૦ પદ્મવિજય, 'વીરસ્તુતિહુંડી સ્તવનના ટબાની પ્રશસ્તિ')

અમદાવાદમાં શ્રીમાળી શા. ધર્મદાસ નામે શ્રેષ્ઠી વસતા હતા. તેમની પત્ની લાડકુંવરબાઈથી સં ૧૭૫૨ લગભગમાં એક પુત્રનો જન્મ થયો. તેનું નામ ખુશાલ રાખવામાં આવ્યું.

ખુશાલને સાત વર્ષની વયે નિશાળે ભણવા મૂકયો હતો. તેણે સારી રીતે વ્યાવહારિક શિક્ષણ લીધું.

પં૦ ક્ષમાવિજયગણી વિહાર કરતા અમદાવાદમાં આવ્યા. તેમના રાયચંદ નામના શ્રેષ્ઠી ભક્ત હતા. શામળાની પોળમાં રહેતા હતા. તેઓ દેશ-વિદેશનો વેપાર ખેડતા. પણ પગે પગરખું પહેરતા નહોતા. હંમેશાં ગરમ પાણી પીતા. આ રાયચંદભાઈની પ્રેરણાથી ખુશાલ તેમની સાથે પં૦ ક્ષમાવિજયજીગણીનો ઉપદેશ સાંભળવા ગયો. ગુરુના ઉપદેશથી ખુશાલનું મન વૈરાગ્યવાસિત થયું. તેણે ગુરુને દીક્ષા આપવા વિનંતી કરી. ગુરુએ સંયમની કઠોરતા સમજાવી. ચારિત્રના કઠોર માર્ગ પર વિચરવાની ખુશાલે તૈયારી બતાવી. તેણે માતાપિતાની રજા લઈ સં. ૧૭૭૦ના કાર્તિક વદિ ૬ ને બુધવારના રોજ દીક્ષા અંગીકાર કરી. તેમનું નામ મુનિ જિનવિજય રાખવામાં આવ્યું.

અમદાવાદથી તેઓ ગુરુ સાથે વિહાર કરતા પાટણ આવ્યા. પાટણના અગ્રણી શ્રાવક ઋષભે સં. ૧૭૭૪માં અનેક જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી. આ સમયે પં૦ ઉત્તમવિજયજી વિદ્યમાન અને પં૦ ક્ષમાવિજયજી વિદ્યમાન હતા, તેમની સાથે મુનિ જિનવિજયજી હતા. તેમણે પાટણમાં ચાતુર્માસ કર્યું. સં. ૧૭૭૫ના શ્રાવણ વદિ ૧૪ ને સોમવારના રોજ પં૦ કર્પૂરવિજયજી સ્વર્ગસ્થ થયા.

જૈ ૨૪

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓ પાટણથી અમદાવાદની માંડવીની પોળમાં ચાતુર્માસ રહ્યા.

તે પછી અનેક ગામોમાં ચાતુર્માસ કર્યાં. છેવટે તેઓ અમદાવાદ આવ્યા. શ્રી જિનવિજયજીને સંઘનો ભાર સોંપી પં૦ ક્ષમાવિજય ગણી સં ૧૭૮૨ના આસો સુદિ ૧૧ના દિવસે સ્વર્ગસ્થ થયા.

પં. જિનવિજયજી અમદાવાદથી વિહાર કરતા ભાવનગર થઈ ઘોઘા આવ્યા. ઘોઘામાં ચાતુર્માસ સ્થિત રહ્યા. ત્યાંથી શત્રુંજયની યાત્રા કરી, શંખેશ્વરની યાત્રા કરી પાટણ આવ્યા. પાટણથી આબુની યાત્રાનો સંઘ નીકળ્યો તેમાં તેઓ મુખ્ય હતા. ત્યાંથી સિરોહી, સાદડી, રાણકપુર, ઘાણેરાવ, નાડોલ, નાડલાઈની યાત્રા કરી. નાડલાઈમાં ચાતુર્માસ ગાળ્યું. પછી વરકાણા વગેરે તીર્થોની યાત્રા કરતા તેઓ પાટણ આવ્યા. ત્યાં ચાતુર્માસ કર્યું. પછી શંખેશ્વરની યાત્રા કરી નવાનગર, ગિરનાર, શત્રુંજય, ભાવનગર વિહાર કર્યો. અહીં અમદાવાદથી ત્રણ જણ દીક્ષા માટે આવ્યા. તેમને દીક્ષા આપી. ત્યાંથી અમદાવાદ આવી ચાતુર્માસ કર્યું. ત્યાંથી સુરતમાં ચાતુર્માસ અર્થે પધાર્યા. સુરતથી ગંધાર, આમોદ, જંબુસર થઈ પાદરા ચાતુર્માસ માટે આવ્યા.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

અહીં આવી આઠ દિવસ બીમાર રહ્યા ને ૪૭ વર્ષની ઉંમરે સં૦ ૧૭૯૯ ના શ્રાવણ સુદિ ૧૦ ને મંગળવારના રોજ તેઓ સ્વર્ગસ્થ થયા. અહીં કિસન નામના શ્રાવકે તેમના અગ્નિસંસ્કારના સ્થળે થૂભ કરાવ્યો.

તેમના જીવનની ટૂંકી નોંધ પં૦ ઉત્તમવિજયે રાખી હતી.

તેઓ પં૦ ખીમાવિજયના શિષ્ય હતા અને મોટા કવિ તરીકે ખ્યાતિ પામ્યા હતા.

**સાહિત્ય**—તેમણે સં૦ ૧૭૭૯માં વડનગરમાં 'કપૂરવિજયગણી રાસ'. સં૦ ૧૭૮૬માં 'પં. ક્ષમાવિજયરાસ', સં૦ ૧૭૮૯માં અમદાવાદમાં બે 'જિનસ્તવનચોવીશીઓ તથા જિનસ્તવન બાવીશી,' સં૦ ૧૭૯૩માં પાટણમાં 'જ્ઞાનપંચમીસ્તવન', 'મહાવ્રતની ૨૫ ભાવનાની સજ્ઝાય' ઢાળ : ૫ તથા 'મેં તો આણા વહેસ્યાંજી' અને પર્યુષણ પર્વની સ્તુતિ વગેરે રચ્યાં હતાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પં० જિનવિજયગણી મહાસમર્થ જ્ઞાની પુરુષ હતા. તેમણે પોતાના સાહિત્યમાં પ્રાચીન જ્યોતિર્ધરોની સંસ્કૃત વાણીને ગુજરાતી કવિતામાં ઝીલી છે. દા. ત. કલિકાલસર્વજ્ઞ આ० હેમચંદ્રસૂરિએ વીતરાગસ્તોત્રમાં આ શ્લોકો મૂકયો છે.

"सुषमातो दुःषमायां कृपा फलवती तव ।
मेरुतो मरुभूमौ हि श्लाघ्या कल्पतरुस्थितिः ॥"

આના સ્થાને પં० જિનવિજયગણી આ રીતે રજૂઆત કરે છે.—
ઉત્તમ આચારજ મુનિ, શ્રાવક શ્રાવિકા અચ્છજી;
લવણ જલધિમાં મીઠું જલ, પીવે શૃંગી મચ્છજી. વીર જિણંદ० ૧
મારે તો સુષમાથી દુઃષમાં, અવસર પુણ્યનિધાનજી;
ક્ષમાવિજય જિન વીર સહાગમ, પામ્યો સિદ્ધિ નિધાનજી. વીર જિણંદ० ૨

( – દિવાળી સ્તવન )

તેમનું ભ० અરનાથનું 'મેં તો આણાં વહેસ્યાંજી" સ્તવન અને 'પર્યુષણ પર્વસ્તુતિ' વગેરે રચનાઓ બહુ લોકપ્રિય છે.

તેમની પરંપરા આ પ્રકારે છે.

૬૪. પં० ખીમાવિજયજીગણી ૬૫, પં० પદ્મવિજયગણી,
પં० રત્નવિજય વગેરેએ જુદી જુદી સ્તવન ચોવીશી રચી છે.

આ સમયે પં० સુરચંદ્રગણીના શિષ્ય પં० હેમચંદ્રગણીએ ક્રિયો-દ્ધાર કરી સંવેગીમાર્ગ સ્વીકાર્યો હતો.

આશરે સં० ૧૮૧૦માં ભ० વિજયાનંદસૂરિ શાખાની ઐતિ-હાસિક "વીરવંશાવલી" રચાઈ છે.

તાર–ટપાલ – લૉર્ડ ડલહૌસી ( ઈ० સ० ૧૮૪૮ થી ૧૮૫૬ સુધી ) ભારતનો વૉયસરોય હતો ત્યારે ભારતમાં નહેરો અને પુલોમાં સુધારા થયા હતા. તેમ તાર–ટપાલ-શિક્ષણખાતું વગેરે શરૂ થયાં હતાં.

( – પ્રક० ૪૮, પૃ० ૧૧૨ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ છાસઠમું

## પં૦ ઉત્તમવિજયગણી

" कर्मप्रकृतिप्रभृतिशास्त्रतत्त्वविचारवित् ।
उत्तमाद् विजयस्तस्य शिष्योऽभूत् भूरिशिष्यकः ॥ ७ ॥

અમદાવાદની શામળાની પોળમાં શેઠ બાલચંદને પૂંજાશાહ નામે પુત્ર હતો. તેનો જન્મ સં૦ ૧૭૬૦માં થયો હતો.

યાત્રા – પૂંજાશાહે વ્યવહારજ્ઞાન મેળવી પિતાની આજ્ઞાથી સં૦ ૧૭૭૮માં ૧૮ વર્ષની ઉંમરે ખતરગચ્છના પં૦ દેવચંદ્રગણી પાસે જૈન વિધિ–વિધાન જ્ઞાન પ્રાપ્ત કર્યું. પિતાની આજ્ઞાથી ભણવા માટે પં૦ દેવચંદ્ર સાથે તે સુરત ગયો.

સુરતના શેઠ કચરા કીકા શ્રીમાલી પટણીએ પં૦ દેવચંદ્રગણીના ઉપદેશથી સં૦ ૧૭૯૪માં સમ્મેતશિખર તીર્થનો જળરસ્તે, વાહન–રસ્તે અને રેલવે રસ્તે યાત્રાસંઘ કાઢ્યો. પં૦ દેવચંદ્રગણીની સૂચનાથી તેમણે વિધિવિધાન માટે પૂંજાશાહને યાત્રામાં સાથે લીધો.

પૂંજાશાહને મધુવનમાં દેવે રાત્રે નંદીશ્વર દ્વીપ, સીમંધર સ્વામીનું સમવસરણ વગેરેનાં દર્શન કરાવ્યાં. શ્રીસંઘ સંમેતશિખર તીર્થની યાત્રા કરીને સુરત પાછો ફર્યો.

પૂંજાશાહે માતાપિતાની આજ્ઞા લઈ સં૦ ૧૭૯૬ના વૈ૦ સુ૦ ૬ ના રોજ અમદાવાદમાં પં૦ જિનવિજયગણી પાસે દીક્ષા લીધી. ગુરુદેવે તેમનું નામ મુનિ ઉત્તમવિજય રાખ્યું.

( – પદ્મવિજય, ' પં૦ ઉત્તમવિજય રાસ '—સં. ૧૮૨૮ )

પં૦ જિનવિજયગણી તથા પં૦ ઉત્તમવિજયગણીએ અમદાવાદ અને સુરતમાં પં૦ દેવચંદ્રજી ગણીની પાસે રહી જૈનધર્મનાં શાસ્ત્રો તથા દ્રવ્યાનુયોગનો મુખ્ય અભ્યાસ કર્યો.

જ્ઞાન — પં૦ ઉત્તમવિજયે અને પં૦ પદ્મવિજયે સં૦ ૧૮૦૫થી સં૦ ૧૮૧૦ સુધી સુરતમાં રહી યતિવર્ય સુવિધિવિજય પાસે અધ્ય-યન કર્યું. સુરતના સં૦ તારાચંદ કચરા કીકાએ આ બંને મુનિઓને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભણાવવાનો સર્વ પ્રકારનો ખર્ચ કર્યો.

સં૦ તારાચંદે સં૦ ૧૮૧૩-૧૪માં સુરતમાં પં૦ ઉત્તમવિજયગણી પાસે ઉપધાન વહન કર્યાં અને માલારોપણ મહોત્સવ કર્યો.

સં૦ ફત્તેચંદની પત્ની રતનબાઈ તથા સં૦ તારાચંદે સં૦ ૧૮૨૧ના મા૦ વ૦ ૨ ને ગુરુવારે સુરતથી ગોડી પાર્શ્વનાથનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. તેણે અંચલગચ્છના ઉપા૦ જ્ઞાનસાગર ગણી, તપાગચ્છના સાગરશાખાના ભ૦ પુણ્યસાગર ગણી, આગમગચ્છના આચાર્ય સિંહરત્નસૂરિશિષ્ય પં૦ હેમચંદ્ર ગણી અને તપાગચ્છના સંવેગી કવિ પં૦ ખુશાલવિજયગણીએ સુરતથી સાથે લીધા હતા અને પં૦ ઉત્તમવિજયજીગણી વગેરે સંવેગી મુનિઓને રાધનપુરથી સાથે લીધા હતા.

( —જૈ૦ સ૦ પ્ર૦ ક્૦ ૯૪ થી ૯૮ )

સાહિત્ય – પં૦ ઉત્તમવિજયગણી વિદ્વાન હતા. મોટા કવિ હતા. તેમણે સં૦ ૧૮૦૯ આ૦ સુ૦ ૨ના રોજ રાધનપુરમાં 'મહાવીર સ્તવન' કડી : ૨૦, સં૦ ૧૭૯૯ ના વૈ૦ સુ૦ ૩ના રોજ સુરતમાં 'સંયમશ્રેણિનું ભ૦ મહાવીરસ્વામીનું સ્તવન' તથા પં૦ જિનવિજય ગણીના જીવનચરિત્રની ટૂંકી નોંધ લખી હતી.

સુરતના સં૦ તારાચંદે સં૦ ૧૮૨૬માં સુરતથી શંત્રુજય તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. તેમાં તેમણે ભ૦ ઉદયસાગરશિષ્ય તિલકચંદજી, પં૦ જિનવિજયજી તથા પં૦ ઉત્તમવિજયજી વગેરે સંવેગી મુનિઓને સાથે લીધા. પં૦ જિનવિજયજી ગણી ( પં૦ ઉત્તમવિજયજી ગણીએ સં૦ ૧૮૨૭ના પોષ સુદિ ૧૪ના રોજ શંત્રુજયમાં 'શત્રુંજય તીર્થનું સ્તવન' બનાવી તેમાં આ સંઘનું ઐતિહાસિક વર્ણન કર્યું.

( — જૈનયુગ, પુ૦ ૧, પૃ. ૨૫૯ )

મહો૦ દેવચંદ્ર ગણી — આ સમયે ખરતરગચ્છમાં મોટા અધ્યાત્મજ્ઞાની મહો૦ દેવચંદ્ર ગણી થયા. તેમનો સં૦ ૧૭૪૬માં ચંગ ગામમાં જન્મ થયો હતો. દીક્ષા ક્યારે થઈ અને પંન્યાસપદ ક્યારે મળ્યું, તેની તારીખ મળતી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે સં૦ ૧૭૭૭માં પાટણમાં ક્રિયોદ્ધાર કરી સંવેગી મુનિપદ સ્વીકાર્યું. સં૦ ૧૮૧૧માં અમદાવાદમાં ઉપાધ્યાયપદ અને સં૦ ૧૮૧૧ ના ભા૦ વ૦ અમાવાસ્યાએ ૬૬ વર્ષની ઉંમરે અમદાવાદમાં સ્વર્ગસ્થ થયા. તેમની ગુરુપરંપરા આ પ્રકારે મળે છે—

ખતરગચ્છના ભટ્ટા૦ જિનચંદ્રસૂરિ, ઉપા૦ પુણ્યપ્રધાન સુમતિસાગર ગણી, ઉપા૦ રાજસાગર ગણી, ઉપા૦ જ્ઞાનધર્મ ગણી, ઉપા૦ દીપચંદ્રગણી અને ઉપા૦ દેવચંદ્રગણી

તેમણે મુલતાન, બિકાનેર, મરોટ, પાટણ, અમદાવાદ, પાલિતાણા, રાણાવાવ, સુરત, લીંબડી, ધ્રાંગધ્રા, અમદાવાદ વગેરે સ્થળે ચાતુર્માસ કર્યા હતા અને એ પ્રદેશમાં વિહાર કર્યો હતો.

તેમણે બિલાડાનગરમાં એકાંતમાં બેસી સરસ્વતીદેવીની આરાધના કરી હતી. તેમણે જૈન વિધિપાઠ, સંસ્કૃત વ્યાકરણ, પંચકાવ્ય, કોશ, ચંપૂ-નાટક, દર્શન, જ્યોતિષ, સ્વરોદયગ્રંથિ, તત્ત્વાર્થસૂત્ર તથા જિનાગમોનો અભ્યાસ કર્યો હતો. તેઓ દ્રવ્યાનુયોગના સમર્થ વ્યાખ્યાતા હતા. તેઓ મરોટથી પાટણ આવ્યા ત્યારે ભટ્ટા૦ જ્ઞાનવિમલસૂરિના પરિચયમાં આવ્યા. બંને વચ્ચે અરસપરસ ખૂબ પ્રેમસંબંધ બંધાયો.

તેમણે પાટણમાં શાહની પોળમાં ચૌમુખજીની વાડી પાસેના જિનાલયમાં આ૦ જ્ઞાનવિમલસૂરિ તથા પાટણના નગરશેઠ જેતસીના પુત્ર શેઠ તેજસીને સહસ્રકૂટના ૧૦૨૪ તીર્થંકરોનાં નામ સંભળાવ્યાં. શેઠ તેજસીએ મહો૦ દેવચંદ્રગણીના ઉપદેશથી પાટણમાં પોતાના દેરાસરમાં સહસ્રકૂટનું પિત્તળનું ત્રિગડું બનાવી તેની સં૦ ૧૭૭૪ ના જે૦ સુ૦ ૮ ને સોમવારે પૂનમિયાગચ્છના ભટ્ટારક ભાવપ્રભસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી.

(– પ્રક૦ ૬૮, પૃ૦ ૫૦૪)

**આજે જૈન મંદિરોમાં સાધારણ રીતે ત્રણ સહસ્રકૂટો પ્રસિદ્ધ છે.**

રતનસિંહ ભંડારી (સં૦ ૧૭૮૯ થી ૧૭૯૩ સુધી) અમદાવાદમાં નાયબ સૂબો હતો તે પં૦ દેવચંદ્રગણીના ઉપદેશથી વિશેષ ધર્મપ્રેમી બન્યો.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

મુસલમાનોએ સં૰ ૧૭૨૫માં જામનગર ઉપર ચડાઈ કરી. આથી જૈન સંઘે એ સમયે “મુસલમાનો જૈન મંદિર તથા જિનપ્રતિમાઓને તોડી નાખશે” એવા ભયથી બધી જિનપ્રતિમાઓને ભોંયરામાં પધરાવી દીધી અને બધાં જિનાલયોને સર્વથા બંધ કરી દીધાં.

એ પછી જામનગરમાં તલકશી શ્રેષ્ઠી મંત્રી બન્યો. તેણે પં૰ દેવચંદ્રજી ગણીના ઉપદેશથી જામનગરનાં બંધ રાખેલાં સર્વ જિનાલયોને સં૰ ૧૭૮૮ના શ્રા૰ સુ૰ ૭ ને ગુરુવારે ઉઘડાવ્યાં અને બધી જિનપ્રતિમાઓને બરાબર સ્થાને સ્થાપન કરી બધાની પૂજા ચાલુ કરી.

શ્રીસંઘે અંચલગચ્છના ભટ્ટા૰ ઉદયસાગરસૂરિના ઉપદેશથી જામનગરનાં બધાં જિનાલયોનો સં૰ ૧૭૯૦માં મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો.

( — પ્રક૰ ૪૦. પૃ૰ ૫૩૬ )

મહો૰ દેવચંદ્રજી ગણીએ પાલિતાણા, લીંબડી, ધ્રાંગધ્રા, ચૂડા, શત્રુંજયતીર્થ, અમદાવાદ, પાટણ વગેરે સ્થાનોમાં જિનપ્રતિષ્ઠાઓ કરી. પાટણમાં સં૰ ૧૭૭૪માં શેઠ તેજસીએ બનાવેલા સહસ્રકૂટની પ્રતિષ્ઠા કરી.

સં૰ ૧૮૧૦ના મહા સુદિ ૧૩ના રોજ શત્રુંજય તીર્થમાં સુરતના સં૰ કચરા કીકા શ્રીમાલી પટણીએ ૯૦ હજાર રૂપિયા ખરચીને પ્રતિષ્ઠાઉત્સવ કર્યો, તેમાં ભ૰ સુમતિનાથ વગેરે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી. અમદાવાદમાં સહસ્રફણા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી. પં૰ દેવચંદ્રગણીએ અમદાવાદમાં છૂટાં છૂટાં પાંચ ચાતુર્માસ કર્યાં. સુરતમાં ચોમાસાં કર્યાં. પં૰ જિનવિજય ગણીએ અમદાવાદમાં અને સુરતમાં તેમની પાસેથી દ્રવ્યાનુયોગનું જ્ઞાન સંપાદન કર્યું. પં૰ ઉત્તમવિજય ગૃહસ્થાવસ્થામાં અને મુનિપણામાં પણ તેમની પાસે ભણ્યા હતા.

પં૰ દેવચંદ્રજી જે સ્થાને ઊતરતા તે એ સમયે ‘દેવચંદની ડેલી’ તરીકે ખ્યાત હતું, જે પાછળથી ડહેલાના ઉપાશ્રય તરીકે પ્રસિદ્ધિ પામ્યું,

પં૰ દેવચંદ્રજીને ૧. પં૰ મતિરત્ન અને ૨. રાયચંદજી વગેરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શિષ્યો હતા. પં૦ મતિરત્ને 'યાત્રારાસ' રચ્યો છે. બીજા મુનિ રાયચંદજીની પ્રેરણાથી સં૦ ૧૮૨૫માં 'દેવવિલાસરાસ' ( મહો૦ જીવનચરિત્ર ) બન્યો છે.

યાત્રાસંઘો—પં૦ દેવચંદ્રજી ગણીના ઉપદેશથી ઘણા યાત્રાસંઘો નીકળ્યા હતા.

૧. સુરતના શા૦ કચરા કીકાએ સં૦ ૧૭૯૪માં સુરતથી વહાણ તથા રેલવે રસ્તે સંમેતશિખર તીર્થનો યાત્રાસંઘ કાઢ્યો હતો.

૨. સં૦ કચરા કીકા તથા રૂપચંદ શ્રીમાલીએ સં૦ ૧૮૦૪ના કા૦ સુ૦ ૧૩ને મંગળવારે સુરતથી જળમાર્ગે તથા સ્થળમાર્ગે શત્રુંજયતીર્થનો યાત્રાસંઘ કાઢ્યો હતો.

સંઘ સુરતથી ડુમરી થઈ વહાણ દ્વારા ભાવનગર ગયો અને ત્યાં આશરે પખવાડિયું રોકાયો. આ સંઘમાં અંચલગચ્છના ભટ્ટા૦ ઉદયસાગરસૂરિ, ખરતરગચ્છના પં૦ દેવચંદ્રજી ગણી, મુનિ મતિરત્ન-ગણી, તપાગચ્છના મહો૦ યશોવિજયજી ગણીની યતિપરંપરાના ઉપા૦ સુમતિવિજય ગણીના શિષ્ય પં૦ ઉત્તમવિજય ગણી વગેરે સુરતથી સાથે આવ્યા હતા. તથા તપાગચ્છના યતિવર્ય પં૦ જિનવિજયજી ગણીના શિષ્ય પં૦ ઉત્તમવિજયજીગણી વગેરે તથા સંવેગી મુનિવરો તેમજ ભ૦ ઉદયસાગરસૂરિના સંવેગી પં૦ સોમવિજય ગણી વગેરે ભાવનગર આવી સંઘમાં જોડાયા.

સંઘ સં૦ ૧૮૦૪ના કા૦ વ૦ ૧૩ના રોજ ભાવનગરથી પગરસ્તે ચાલ્યો. સંઘમાં પં૦ દેવચંદ્ર ગણી અને પં૦ ઉત્તમવિજય ગણી વ્યાખ્યાન આપતા હતા. સંઘે સં૦ ૧૮૦૪ના પોષ સુદિ ૧૫ ને સોમવારે શત્રુંજયતીર્થની યાત્રા કરી. ભટ્ટા૦ ઉદયસાગર ગણીએ સં૦ ૧૮૦૪ના પોષ સુદિ ૧૫ની સવારે શત્રુંજયતીર્થમાં 'સ્નાત્ર-પંચાશિકા' રચી.

તેમણે નીચે મુજબ રચેલા ગ્રંથોની માહિતી મળે છે—

૧ સં૦ ૧૭૬૬માં મુલતાનમાં 'ધ્યાનદીપિકા ચતુષ્પદી,'

૨ સં૦ ૧૭૬૭માં બિકાનેરમાં 'દ્રવ્યપ્રકાશ,'

૩ સં૦ ૧૭૭૬માં મરોટમાં 'આગમસારોદ્ધાર,'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪ સં૦ ૧૭૯૯માં 'વિચારસાર' તથા 'જ્ઞાનમંજરીટીકા,'

૫ 'અધ્યાત્મગીતા'

૬ 'વિચારરત્નાકર,'

૭ સં૦ ૧૮૦૪માં પાલિતાણામાં 'સ્નાત્રપંચાશિકા,' 'જિનસ્તવનચોવીશી' તેનો 'ટબો,' 'જિનસ્તવનવીશી,' 'સહસ્રકૂટ સ્તવન,' 'સ્નાત્રપૂજા,' 'વીરનિર્વાણ સ્તવન,' સિદ્ધાચલનાં સ્તવનો, પદો, સજ્ઝાયો, પ્રભંજના સજ્ઝાય, પાંચ પાંડવ સજ્ઝાયો.

પ્રભાવકો — એ સમયે તપાગચ્છના (૬૫) ભ૦ વિજયદયાસૂરિના પટ્ટધર ભ૦ વિજયધર્મસૂરિ (સં૦ ૧૮૦૩ થી ૧૮૪૧) થયા.

ભ૦ વિજયધર્મસૂરિએ સં૦ ૧૮૨૨ના જે૦ સુ૦ ૧૧ ને બુધવારે તારંગા તીર્થમાં કોટિશિલાની દેરીમાં ભ૦ આદિનાથની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરી.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

સં૦ ૧૮૨૫ના મહા સુદિ ૫ ના રોજ સમ્મેતશિખર મહાતીર્થ તથા મધુવનમાં જિનપ્રતિમાઓ તથા જિનચરણપાદુકાઓની પ્રતિષ્ઠા કરી. સં૦ ૧૮૨૫ના વૈ૦ સુ૦ ૨ ના રોજ ડભોઈમાં ગણધર-પ્રતિમા અને ભ૦ વિજયપ્રભસૂરિની ચરણપાદુકાવાળી ચૌમુખ પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. ભ૦ વિજયધર્મસૂરિ સં૦ ૧૮૨૫ તથા ૧૮૩૯ના પ્રતિમાલેખોમાં પોતાને વિજયદેવસૂરિગચ્છના બતાવે છે.

(—આ૦ બુદ્ધિસાગરસૂરિ, ધા૦ પ્ર૦ લે૦ સં૦ ભા૦ ૧, લે૦ નં૦ ૧, ૧૧)

નાડોલ ગોત્રના વીશા ઓશવાલ ભં૦ દીવાનજીના પુત્ર ભં૦ ચૈનસિંહજી, તેમના પુત્ર ભં૦ ઉદયકરણજી, તેમના પુત્ર ૧ ભં૦ ગોરધનદાસ, ૨ ભં૦ રતનસિંહ.

ભંડારી રતનસિંહ — સં૦ ૧૭૮૯ થી ૧૭૯૩ સુધી જોધપુરના રાઠોડ રાજા વતી તે ગુજરાતનો સૂબો હતો. મહામંત્રી હતો. તેણે ગુજરાતમાં અમારિ પ્રવર્તાવી. તેણે શત્રુંજયની વિમલવસહીમાં છેડે સં૦ ૧૭૯૧ના વૈ૦ સુ૦ ના રોજ રવિપુષ્ય નક્ષત્રમાં ભ૦ વિજયદયાસૂરિના હાથે ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી.

તપાગચ્છની વિજયાનંદસૂરિ શાખામાં ભટ્ટા૦ વિજયલક્ષ્મીસૂરિ થયા.

તપાગચ્છમાં ( ૫૯ ) મહો૦ કલ્યાણવિજય ગણી, ( ૬૩ ) મહો૦ યશોવિજય ગણીની પરંપરામાં સંવેગી પં૦ દેવવિજય ગણી, ( ૬૮ ) પં૦ ખુશાલવિજય ગણી થયા. તથા પં૦ રૂપરુચિ ગણી થયા. તેમણે સં૦ ૧૮૩૫ના મ૦ સુ૦ ૫ના રોજ સિરોહીમાં 'સમ્મેતશિખરરાસ' ઢાળ : ૨૧, ગ્રં૦ ૮૦૧ રચ્યો છે.

તપાગચ્છના ( ૫૯ ) મહો૦ કલ્યાણવિજય ગણી, ( ૬૦ ) પં૦ શુભવિજય ગણી, ( ૬૧ ) પં૦ ભાવવિજય ગણી ( ૬૨ ) પં૦ સિદ્ધિવિજય ગણી, ( ૬૩ ) પં૦ રૂપવિજય ગણી, ( ૬૪ ) પં૦ કૃષ્ણવિજયગણી, ( ૬૬ ) પં૦ રંગવિજય ગણી, ( ૬૭ ) પં૦ નેમવિજય ગણી થયા.

પં૦ નેમવિજય ગણીએ સં૦ ૧૮૦૭ના ભા૦ સુ૦ ૧૩ ને સોમવારે 'ગોડીજી પાર્શ્વનાથ સ્તવન' (ઢાળ : ૧૫,) સં૦ ૧૮૧૧ના ફા૦ સુ૦ ૧૩ ને સોમવારે 'સ્તંભન-સેરિસા-શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન' ( ઢાળ : ૨૮, ગા. ૩૫૦ ) તથા સં૦ ૧૮૨૧ના વૈ૦ સુ૦ ૫ ને ગુરુવારે વીજાપુરમાં 'ધર્મપરીક્ષા રાસ' ( ખંડ : ૯, ઢાળ : ૧૧૦, ગ્રં૦ ૫૦૦૫ ) રચ્યો હતો.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

ખરતરગચ્છમાં મહો૦ ક્ષમાકલ્યાણ ગણી, ખરતરગચ્છીય મહો૦ દેવચંદ્ર ગણી અંચલગચ્છીય ભ૦ ઉદયસાગરસૂરિ, તેમના સંવેગી શિષ્ય પં૦ યોગવિમલ ગણી, પં૦ ઉત્તમવિજય ગણીના શિષ્ય પં૦ કુંઅર વિજયે સં૦ ૧૮૮૨ના મહા સુદિ ૫ ને રવિવારે પાલીમાં 'અધ્યાત્મસાર પ્રશ્નોત્તર' ગ્રંથ રચ્યો છે.

પં૦ ઉત્તમવિજય ગણી — એ સમયે આ નામના ઘણા વિદ્વાનો થયા તે આ પ્રમાણે જાણવા મળે છે.

૧. તપાગચ્છની સંવેગી શાખામાં ( ૬૫ ) પં૦ જિનવિજય ગણી, ( ૬૬ ) પં૦ ઉત્તમવિજય ગણી, ( ૬૭ ) પં૦ પદ્મવિજય ગણી.

૨. તપાગચ્છની શ્રીપૂજ પરંપરામાં ( ૬૨ ) ભ૦ વિજયપ્રભસૂરિ શિષ્ય ( ૬૩ ) ઉ૦ શુભવિમલ ગણી ( ૬૪ ) પં૦ માણેકવિજય ગણી, તે ગૌતમાવતાર જેવા મનાતા હતા. તેમને ૧. પં૦ હેમવિજય,

૨. પં૦ ખુશાલવિજય, ૩. ઉપા૦ કલ્યાણચંદ્ર એમ શિષ્યો હતા.
(૬૫) પં૦ ખુશાલવિજય ગણી – તેમને ભ૦ વિજયદયાસૂરિ ઉપાધ્યાય બનાવ્યા હતા.

તેમની સં૦ ૧૮૭૫ના ફા૦ વ૦ ૩ ના રોજ શત્રુંજયતીર્થમાં જિનેન્દ્રટૂંકમાં પ્રતિષ્ઠિત કરેલી ચરણપાદુકા છે.

(– જૈ૦ સ૦ પ્ર૦ ક્રં૦ ૯૨ )

( ૬૬ ) પં૦ ઉત્તમવિજય ગણી – તેમણે સં૦ ૧૮૮૦ના ફા૦ સુ૦ ૫ ના રોજ 'પંચતીર્થીની પૂજા' રચી છે, તથા સં૦ ૧૮૮૦ના શ્રા૦ સુ૦ ૭ ને બુધવારે બીજાપુરમાં શિષ્ય રત્નવિજય માટે કોઈ કૃતિ રચી છે.

(૬૬) મહો૦ ખુશાલવિજય ગણીના ભ્રાતા ઉપા૦ કલ્યાણચંદ્ર ગણીના શિષ્ય પં૦ ધર્મચંદ્રગણીએ સં૦ ૧૮૯૬ના ભા૦ સુ૦ ૪ના રોજ 'નંદીશ્વર દ્વીપની પૂજા' રચી છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

૩. ( ૬૩ ) મહો૦ યશોવિજય ગણી, ( ૬૪ ) પં૦ જિનવિજય ગણી સં૦ ૧૯૫૨, (૬૫) મુનિ દર્શનવિજય.

૪. (૬૩) મહો૦ યશોવિજય ગણી, (૬૪) પં૦ ગુણવિજય ગણી, (૬૫) પં૦ કેશરવિજય ગણી (૬૬) પં૦ વિનીતવિજય ગણી (૬૭) પં૦ દેવવિજય ગણી, (૬૮) પં૦ કવિ ખુશાલવિજય ગણી, સં૦ ૧૮૮૯.

(– પ્રક૦ ૫૮ )

૫. (૬૩) મહો૦ યશોવિજય ગણી, (૬૪) પં૦ ગુણવિજય ગણી, (૬૫) ઉપા૦ સુમતિવિજય ગણી, (૬૬) પં૦ ઉત્તમવિજય ગણી — તેમણે સં૦ ૧૮૩૦માં 'નવપદપૂજા' બનાવી.

સં૦ ૧૮૩૩ના મ૦ સુ૦ ૫ ને બુધવારે સૂરતમાં મહો૦ સુમતિવિજય ગણી, પં૦ વિનીતવિજય ગણી અને દેવવિજય ગણીની ચરણ-પાદુકાની પ્રતિષ્ઠા કરી.

સં૦ ૧૮૩૪ના કા૦ સુ૦ ૫ ને બુધવારે સુરતમાં સં૦ તારાચંદ શ્રીમાલીની પત્ની રતનબાઈના જ્ઞાનપંચમીના ઉજમણામાં '૪૫ આગમની પૂજા' રચી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૮૪૧ થી ૧૮૮૪ સુધીમાં 'શ્રાદ્ધવિધિની વૃત્તિનો બાલાવબોધ' રચ્યો છે.

## છૂટક ભટ્ટારકો –

વિજયગચ્છના ભ૦ સુમતિસાગરની પાટે ૧. ભટ્ટા૦ ઉદયસાગર અને ૨. ભ૦ વિનયસાગરસૂરિ એમ બે ભટ્ટારકો થયા.

આ બંનેની ભટ્ટારક પરંપરા વ્યવસ્થિત રીતે મળતી નથી, તેથી અમે અહીં વિજયગચ્છના ભટ્ટારકોનાં જે છૂટાંછવાયાં નામ મળે છે તે નામોનાં એક પછી એક સાલવારી ક્રમે આપીએ છીએ.

(૧૫) ભ૦ મહાનંદસાગરસૂરિ – તેઓ ભટ્ટા૦ જ્ઞાનસાગરસૂરિની પાટે થયા. તેનો ઉલ્લેખ મળતો નથી, છતાં સાલવારી જોતાં તેમનો પટ્ટક ૧૫ મો લાગે છે. તેમણે ચંદન ગામમાં મહાવીરજી તીર્થની સ્થાપના કરી હતી.

## ચંદનગામ મહાવીરજી તીર્થ –

વિક્રમની ૧૯મી સદીના પ્રારંભમાં જોધરાજ પલ્લીવાલ નામે થયો. તેનો વિ૦સં૦ ૧૭૯૦ના કા૦ સુ૦ ૫ના રોજ તા. ૧૪–૧૧–૧૭૩૩ ને સોમવારે કન્યા લગ્નમાં જન્મ થયો હતો.

કન્યા લગ્નમાં, મંગળ તુલામાં, રવિ–બુધ અને ગુરુ વૃશ્ચિકમાં, શુક્ર અને રાહુ ધનમાં, ચંદ્ર મેષમાં, અને શનિ વૃષભમાં હતા. ત્યારે તે હરસાણા નગરમાં રહેતો હતો. તેની જ્ઞાતિ પલ્લીવાલ અને ગોત્ર ડગિયા હતું. તે ત્યાંનો ચોધરી હતો અને ડિગનગરના ભરતપુરમાં મહારાજા કેશરીસિંહનો દીવાન હતો.

જયપુર રાજ્યના ચંદન ગામ પાસેના ટીંબા ઉપર એક ચમાર (મોચી)ની ગાયનું દૂધ ઝરી જતું હતું. આથી ચમારે આશ્ચર્ય પામી તે જમીન ખોદી તો તેમાંથી ભ૦ મહાવીરસ્વામીની ભવ્ય પ્રતિમા નીકળી આવી. આ ઘટના સાંભળી અનેક યાત્રિકો ત્યાં દર્શનાર્થે આવ્યા.

ભરતપુર રાજાનો દીવાન જોધરાજ પલ્લીવાલ હતો, જે હરસાણાનો વતની હતો. રાજાએ તેનો કોઈ મોટો ગુનો થવાથી

जैन साईट JAINSITE.com जयतु जैनम् शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તોપના ગોળે ઉડાવી દેવાનો હુકમ કર્યો હતો. દીવાને આપત્તિના દિવસે ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમા પાસે આવી; દર્શન-પૂજન કરી બે હાથ જોડી પ્રતિજ્ઞા કરી કે, ' જો હું આ આફતમાંથી ઊગરી જાઉં તો આપનો ( ભ૦ મહાસ્વામીનો ) ત્રિશિખરી જિનપ્રાસાદ બનાવી તેમાં આપને ( પ્રભુને ) પધરાવીશ. દીવાન ભરતપુર ગયો.

રાજાએ તેને તોપને મોંએ ઊભો રખાવ્યો જામગરી સળગાવી, પણ તે ઠરી જવા લાગી અને ગોળો પણ છૂટતો નહોતો. આ પ્રમાણે ત્રણવાર બન્યું. રાજાએ દીવાનને આનું કારણ પૂછ્યું.

( – પ્રક૦ ૫૩, પૃ૦ ૬૧૫ )

દીવાને કહ્યું : "મેં ચંદન ગામના ભ૦ મહાવીરસ્વામીને અરજ કરી છે કે, હું બચી જઈશ તો તમારો ત્રિશિખરી પ્રાસાદ બનાવીશ. એ પ્રભુની કૃપાથી આ ગોળા છૂટતા નથી."

રાજાએ દીવાનને તેની ભૂલની માફી આપી. દીવાને ત્યાં મોટો જિનપ્રાસાદ બંધાવ્યો અને તેની સં૦ ૧૮૬૨ના મહા વદિ ૭ ને ગુરુવારે ડિગના રાજા કેશરીસિંહના રાજ્યમાં વિજયગચ્છના ભટ્ટારક મહાનંદસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી, કેસરિયાજી, કુલ્પાકજી, ભોયણીની જેમ આ મહાવીરજી ચમત્કારી શ્વેતાંબર જૈન તીર્થ છે અને ઉક્ત તીર્થોની જેમ જૈન, અજૈન, મીણા, ગૂર્જર વગેરે સૌ માને છે. તેનાં દર્શન કરી ભેટ ચડાવે છે,

આ લોકવાયકા તીર્થની કમિટીએ પ્રકાશિત કરી છે ને રિપોર્ટમાં દર સાલ તે પ્રકાશિત થાય છે.

( – કલ્યાણ, વ. ૩૧, તીર્થાંક : ૧ લો )

આ પ્રતિમાનાં ચક્ષુ શ્વેતાંબર પ્રતિમાની જેમ ખુલ્લાં છે, કેડે લંગોટ છે, વાંસાની કરોડમાં ખાડો છે. તે કમરના લંગોટ સુધી છે. લંગોટના સ્થાને આડી પટ્ટી છે. નીચેના સ્થાનમાં દિગંબર જૈન પ્રતિમાની જેમ જુદા બે ભાગો નથી.

આ પ્રતિમા જ્યાંથી નીકળી છે ત્યાં દીવાને ચરણપાદુકા પધરાવી તેની ઉપર છત્રી બનાવી છે. આ પ્રતિમા ઉપર જે ચડાવો ચડે તે તે ચમાર ( મોચી )ના વંશજો લે છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચૈત્ર સુદિ ૧૫ ને બીજે દિવસે એટલે ચૈત્ર વદિ ૧ ના રોજ મહાવીરસ્વામીનો રથ નીકળે છે. તેને પ્રથમ તે ચમારનો વંશજ ધક્કો મારે તો જ તે ચાલે છે. રથના સારથિના સ્થાને હાલ સરકારી અમલદાર બેસે છે.

આ જોધરાજ પલ્લીવાલ શ્વેતાંબર જૈન હતો. તેણે ત્રણ શ્વેતાંબર જૈન દેરાસરો બંધાવ્યાનું પ્રમાણ મળે છે.—૧. મહાવીર તીર્થમાં, ૨. ભરતપુરમાં પલ્લીવાલોનું મંદિર, તેમાં મૂળ નાયકની જિન પ્રતિમાની પલાંઠી નીચે ગાદીમાં સં૦ ૧૮૨૬નો દીવાન જોધરાજજીનો પ્રતિમાલેખ છે. ૩. ભરતપુર રાજ્યના ડિગ ગામમાં મોટો શ્વેતાંબર જૈન પ્રાસાદ બંધાવ્યો છે.

ભરતપુર રાજ્ય તરફથી આ ભરતપુર તથા ડિગનાં જિન-મંદિરોની સેવા-પૂજા માટે વાર્ષિક ખરચ મળે છે.

મથુરાના પ્રદર્શનાગાર (મ્યુઝિયમ)માં દીવાન જોધરાજજીના લેખવાળી જિનપ્રતિમા છે, તેમાં સં૦ ૧૮૨૬ના મ૦ વ૦ ૭ ને ગુરુવારનો ભ૦ મહાનંદસૂરિની પ્રતિષ્ઠાનો પ્રતિમાલેખ છે.

શ્વેતાંબર પલ્લીવાલ જૈન આ તીર્થનો વહીવટ કરતા હતા. પછી તેમની તરફથી દિગંબર ભટ્ટારકે તેનો વહીવટ કર્યો છે.

તે ભટ્ટારક તેમના ચેલાની ખટપટથી મરણ પામ્યા. આથી આ તીર્થનો વહીવટ કોર્ટ ઑફ વોર્ડથી શરૂ થયો.

સં૦ ૧૯૩૦માં જયપુર રાજ્યમાં પ્યારેલાલ જૈન દિગંબર જૈન જયપુર રાજ્યની કાઉન્સિલનો મેમ્બર બન્યો, તેણે દિગંબર જૈનોની કમિટી બનાવી. અમુક શરતો તથા બાંહેધરી સાથે તેને આ તીર્થનો વહીવટ સોંપ્યો. આ પ્રદેશના પલ્લીવાલ જૈન નિર્ધન હતા. વ્યવસાયી હતા. દિગંબરોએ તેમની નબળાઈનો લાભ લઈ આ તીર્થમાં પોતાની વધુ સત્તા જમાવી.

દિગંબર જૈનોએ ભ૦ મહાવીરસ્વામીની જિનપ્રતિમાનો કંદોરો કોરી નાખ્યો અને તેમનો રથ ચલાવવા તથા ચડાવો લેવામાં જે ચમારના વંશજોનો હક હતો તેમાં ફેરફાર કરવા ધાર્યું. તથા ભ૦ મહાવીરની પ્રતિમાને રથોત્સવમાં ફૂલની માળા પહેરાવાય છે તે શ્વેતાંબર જૈનવિધિનું પ્રતીક છે, તેને પણ બદલી નાખવા વિચાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્યો. પરંતુ ત્યાંની આસપાસના જે અજૈનો ઉત્સવમાં આવતા હતા તેમણે શ્વેતાંબર વિધિને જ કાયમ પાળવા આગ્રહ બતાવ્યો. આથી દિગંબરોએ મૌન પકડ્યું.

ગભારાના આગળના ભાગમાં દર્શનાર્થીઓને ઊભા રહેવાના સ્થાને રંગમંડપમાં નવી વેદી ( ચોતરો ) બનાવી તેની ઉપર ગભારાની આડે દિગંબરી નવી પ્રતિમા બેસાડી, ભ૦ મહાવીરની મૂળ પ્રતિમાને ઢાંકી દીધી છે.

જનતા મૂળ પ્રતિમાને ભૂલીને દિગંબર પ્રતિમા તરફ ખેંચાય તે માટેની આ રમત છે. તા. ૨૪–૧–૧૯૬૯ના રોજ આ તીર્થનો દિગંબર શ્વેતાંબર કેસ ચાલ્યો છે.

## વિશેષ ઘટના ( નવો પંથ )

સ્થાનકમાર્ગીના પૂજ રઘુનાથજીના શિષ્ય ઋષિ ભિખ્ખમજીએ સં૦ ૧૮૧૮માં બગડીનગરના સ્મશાનમાંથી ૧૩ ઋષિઓને સાથે લઈ તેરાપંથમત ચલાવ્યો.

સ્થાનકવાસીમાં ત્યારથી તેરાપંથ અને બારાપંથ એવા બે મોટા ભેદ થયા.

( – પ્રક૦ ૫૩ )

ગિરનાર—ગોરધનનિવાસી શેઠ જગમાલે સં૦ ૧૮૪૮ના વૈ૦ વ૦ ૬ને શુક્રવારે ગિરનાર તીર્થમાં શ્રી. નેમિનાથની ટૂકમાં ભ૦ નેમિનાથના મુખ્ય જિનપ્રાસાદની પાછળ ભ૦ આદીશ્વરના જિનાલયની તપાગચ્છના ભ૦ વિજયજિનેન્દ્રસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી છે. શેઠ જગમાલ તીર્થની વ્યવસ્થા કરતા હતા.

વડનગરના ગૂર્જર શેઠ દેવચંદ જૈન અને તેની વિધવા બહેન લક્ષ્મીબાઈએ જૂનાગઢ આવી નિવાસ કર્યો. બંનેને કંઈ સંતાન નહોતું. બંનેએ પોતાની સર્વસ્વ મૂડી આપી તીર્થની વ્યવસ્થા માટે જૂનાગઢમાં શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢી સ્થાપન કરી.

( – પ્રાગ્વાટ ઇતિહાસ ખંડ : ૩, પૃ. ૫૧૬, ૫૧૭ )

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

## અંગ્રેજ રાજ્ય અને નગરશેઠનો માનવપ્રેમ—

અંગ્રેજોએ સં૦ ૧૮૩૬ના મહા સુદિ ૧૧ની સવારે અમદાવાદમાં પોતાનું રાજ્ય સ્થાપન કર્યું. અંગ્રેજ સેનાના જનરલ ગાર્ડને અમીર ઉદ્દૌલ્લાને સાથે રાખી અમદાવાદ ઉપર સવારી કરવા માટે ભીખનના ટેકરા ઉપર પડાવ નાખ્યો ત્યારે અમદાવાદમાં સરસૂબા પેશવાનો પંડિત બાપુજી હતો. તેણે અમદાવાદના દરવાજા બંધ કરાવ્યા, અંગ્રેજ સેનાએ સુદિ ૮, ૯, ૧૦ એમ લાગલાગટ ત્રણ દિવસ સુધી અમદાવાદના કિલ્લા ઉપર તોપનો મારો ચલાવ્યો. અંગ્રેજ સેનાના કર્નલ હીટલીએ મહા સુદિ ૧૧ની સવારે અમદાવાદમાં પ્રવેશ કર્યો. કર્નલ હીટલીએ પોતાની સેનાને અમદાવાદને ત્રણ દિવસ સુધી લૂંટવાનો હુકમ કર્યો. ત્યારે નગરશેઠ શાંતિદાસ ઝવેરીના વંશજ નથુશાહ ખુશાલચંદ અમદાવાદના નગરશેઠ હતા. તે તથા કાજી શેખ મહમ્મદસાલે દીવાન અને મિયાં મિરઝાએ જનરલ ગાર્ડન પાસે જઈ તેને અમદાવાદને લૂંટવાનો હુકમ પાછો ખેંચી લેવા સમજાવ્યો. જનરલ નગરશેઠની વાત સમજાવવાની રીતભાત અને જનતા પ્રત્યેનો પ્રેમ જોઈ પ્રભાવિત થયો. વળી તેમણે ભેટણામાં મૂકેલી મોટી રકમ જોઈ ખુશ થઈને (જુલસી સન્ ૨૨, હીજરી સન્ ૧૧૯૪,) સં૦ ૧૮૩૬ના મહા સુદિ ૧૩ તા. ૧૭–૨–૧૭૮૦ના રોજ અમદાવાદને લૂંટવાનો હુકમ પાછો ખેંચી લીધો અને શાંતિનો ઢંઢેરો પિટાવ્યો. આથી જનરલ ગાર્ડન અને અમદાવાદની જનતામાં આનંદ આનંદ પ્રવર્ત્યો. પછી તો અંગ્રેજ સરકાર અને અમદાવાદની જનતાએ અમદાવાદની થતી આવકમાંથી ચોથા ભાગની રકમ નગરશેઠ નથુશાહ ખુશાલચંદના વંશજોને આપવાનો કાયમ લેખ કરી આપ્યો.

(—ગુજરાતનું પાટનગર અમદાવાદ પ્ર૦ ૧૩, પૃ૦ ૧૪૭, પ્રક૦ ૪૪, ફ. નં ૨૮ )

## સંઘપતિ શેઠ વોરા ડોસાનો પરિવાર—

લીંબડીમાં વોરા રવજી પોરવાડના વંશમાં અનુક્રમે ૧. રવજી, ૨. દેવીચંદ, ૩. ડોસાભાઈ, ૪. જેઠમલ અને ૫. જેરાજ થયા.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવીચંદને પૂજા નામે નાનો ભાઈ હતો. શેઠ ડોસાભાઈ પુણ્યશાળી હતો. તેને હીરાબાઈ નામે ઉદાર પત્ની હતી. જેઠમલ્લ અને કસલચંદ નામે બે પુત્રો હતા.

શેઠ જેઠમલને પૂંજીબાઈ નામે પત્ની હતી તથા જેરાજ (પત્ની મૂલી) અને મેરાજ (પત્ની અમૃતબાઈ) નામે પુત્રો હતા. શેઠ કસલચંદને સોનબાઈ નામે પત્ની તથા લક્ષ્મીચંદ અને ત્રિકમચંદ નામે બે પુત્રો થયા.

ડોસાભાઈના સમયે લીંબડીમાં હરભમજી નામે રાજા હતો. શેઠ ડોસાભાઈએ સં૦ ૧૮૧૦માં આમંત્રણ પત્રિકા મોકલી ગામોગામના જૈનોને બોલાવી ઉપા૦ દેવચંદ્રજી મહારાજના હાથે ભ૦ સીમંધરસ્વામીની પ્રતિષ્ઠા કરાવી. આ ઉત્સવમાં અઠ્ઠાઈ મહોત્સવ, સાધર્મિક ભક્તિ—જમણ, સાહમી વાત્સલ્ય, પુણ્યપ્રદાન, વગેરે કર્યાં.

શેઠ જેમલજી સં. ૧૮૧૦માં મરણ પામ્યા.

શેઠ ડોસાભાઈએ સં૦ ૧૮૧૪માં શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો.

શેઠાણી હીરાબાઈ અને શેઠાણી પૂંજીબાઈએ સં. ૧૮૧૭માં પં૦ ઉત્તમવિજયજી ગણીના હાથે ઉપધાન વહન કરી માલા પહેરી.

શેઠ ડોસાભાઈએ સં૦ ૧૮૨૦માં પં૦ મોહનવિજયજી ગણીના હાથે વિહરમાન તીર્થંકર શ્રી. અજિતવીર્યની જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી તથા ગામોગામ કુંકુમપત્રિકા મોકલી સંઘોને બોલાવી શત્રુંજય તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. શેઠ ડોસાભાઈએ ધર્મકાર્યમાં જ જીવન વિતાવ્યું તથા 'અધ્યાત્મગીતા'ની પ્રતિ સોનાની શાહીથી લખાવી. તે સં૦ ૧૮૩૨ના પોષ વદિ ૪ના રોજ સ્વર્ગસ્થ થયા. શેઠાણી પૂંજીબાઈએ સં૦ ૧૯૩૨માં પોતાના સાસરાના મરણ બાદ ૮૪ જ્ઞાતિઓનું જમણ કર્યું. લીંબડી સંઘના આગેવાનોને મોકલી પં૦ પદ્મવિજય ગણી અને મુનિ વિવેકવિજય ગણીને લીંબડી બોલાવી ચોમાસું કરાવ્યું. ચોમાસામાં દાન, પુણ્ય, તપ, પૂજા, પ્રભાવના, આંગી વગેરે ધર્મકાર્યો કર્યાં.

શેઠાણી પૂંજીબાઈએ પખવાસો, માસક્ષમણ, વીશસ્થાનક તપ; વર્ધમાન તપની ૩૨મી ઓળી, રોહિણી વગેરે વિવિધ તપો કર્યાં.

જૈ ૨૫

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

તેણે તપસ્યાથી શરીરને સૂકવી નાખ્યું અને દરેક જાતનાં ઘણાં ધર્મકાર્યો બરાબર નિરંતર ચાલુ રહ્યાં.

પં૦ પદ્મવિજયજી ગણીએ સં૦ ૧૮૩૯માં લીંબડીમાં ચોમાસું કર્યું ત્યારે સોનબાઈએ પાંત્રીશ ઉપવાસ, મૂલીબાઈ તથા અમૃતબાઈએ માસક્ષમણ અને પૂંજીબાઈએ ૧૩ ઉપવાસ કર્યા. તે વખતે લીંબડીમાં ૭૫ માસક્ષમણ થયાં હતાં.

પૂંજીબાઈ સં. ૧૮૩૯ના શ્રા૦ વ૦ ૧૧ના રોજ તેરમા ઉપવાસે મરણ પામી. શેઠ કસલચંદે પૂંજીબાઈના મરણ બાદ ઉત્સવ-મહોત્સવ, સંઘભોજન, સંવત્સરીદાન, ધુમાડાબંધ ગામજમણ વગેરે કર્યાં.

શેઠ કસલચંદે સં૦ ૧૮૨૧ના શ્રા૦ વ૦ ૮ને સોમવારે 'સુયગડાંગસુત્તનિજ્જુત્તિ'ની પ્રતિ લખાવી. તેમ જ પં૦ પદ્મવિજયજી ગણીને વિનંતી કરી તેમની પાસે 'સમરાદિત્ય રાસ'ની રચના કરાવી. શેઠ કસલચંદ કર્મગ્રંથોના મોટા અભ્યાસી હતા.

તેમના વંશમાં ઘણો પરિવાર વિદ્યમાન છે.

(—લીંબડી જૈન જ્ઞાનભંડાર હ૦ લિ૦ સૂચિપત્ર પૃ૦ ૧૫ થી ૧૯; પ્રાગ્વાટ ઇતિહાસ, ખંડ ૩, પૃ૦ ૫૧૫)

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

# પ્રકરણ સડસઠમું

## પં૦ પદ્મવિજય ગણી

જૈનોની નગરી તરીકે ખ્યાતિ પામેલા અમદાવાદ નગરમાં શામળાની પોળમાં ગણેશ નામે શ્રીમાલી શ્રાવક રહેતો હતો. તેમની પત્નીનુ નામ હતું ઝમકુબાઈ. તેનાથી સં૦ ૧૭૯૨ના ભાદરવા સુદિ બીજના રોજ એક પુત્રનો જન્મ થયો, તેનું નામ પાનાચંદ રાખવામાં આવ્યું હતું. તેને સાત વર્ષની વયે નિશાળમાં બેસાડવામાં આવ્યો ને અગિયાર વર્ષની ઉંમરે તે ભણી-ગણીને વ્યવહારકુશળ બન્યો.

આ પાનાચંદને જીવીબાઈ નામે માસી હતી, તે ધર્મક્રિયામાં ખૂબ કુશળ હતી. જીવવિચાર, નવતત્ત્વ તેમ જ ચરિત્રો વગેરે શાસ્ત્રજ્ઞાનમાં નિષ્ણાત હતી. તેણે પોતાના ભાણેજ પાનાચંદને ધાર્મિક સંસ્કાર આપવા માંડ્યા. તેરમે વર્ષે તે તેના માસાની સાથે પં૦ ઉત્તમવિજયજી ગણીનું વ્યાખ્યાન સાંભળવા જતો હતો. વ્યાખ્યાનમાં 'પ્રજ્ઞાપનાસૂત્ર' અને ચરિત્રમાં 'ઋષભદેવનું ચરિત્ર' વંચાતું હતું. તેમાં મહાબલ મુનિનો અધિકાર આવ્યો. એ સાંભળીને પાનાચંદનું હૃદય વૈરાગ્યવાસિત બન્યું. માતા-પિતાને સમજાવી છેવટે આજ્ઞા મેળવી. સં૦ ૧૮૦૫ના મહા સુદિ ૫ના રોજ અમદાવાદની પાતશાહની વાડીમાં પાનાચંદે ૧૪ વર્ષની ઉંમરે દીક્ષા લીધી ગુરુએ તેનું નામ પદ્મવિજય રાખ્યું.

મુનિજીવનમાં આચાર પાળવા સાથે શાસ્ત્રાભ્યાસ શરૂ કર્યો. અનેક ધર્મગ્રંથો વાંચ્યા. વ્યાકરણાદિ શાસ્ત્રોમાં નિષ્ણાત મુનિ સુવિધિવિજયે શ્રી પદ્મવિજયજીને શબ્દશાસ્ત્ર, પંચકાવ્ય, છંદ-અલંકાર શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો. ગીતાર્થ મુનિ પાસે અંગ-ઉપાંગ આગમગ્રંથો, પાંચ કર્મગ્રંથો, કમ્મપયડી વગેરે શાસ્ત્રો ભણી પ્રવીણતા પ્રાપ્ત કરી.

તપાગચ્છના પટ્ટધર આ૦ શ્રી વિજયધર્મસૂરિએ સં૦ ૧૮૧૦માં રાધનપુરમાં મુનિ પદ્મવિજયજીને પંડિત પદવી આપી તેમની યોગ્યતાની કદર કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓ રાધનપુરથી સંઘ લઈ ગિરનાર ગયા. પછી નવાનગરની યાત્રા કરી. શત્રુંજય ગયા ને ભાવથી પ્રભુને ભેટ્યા. ત્યાંથી ભાવનગરમાં શેઠ કુંવરજી લાધાના આગ્રહથી ચાતુર્માસ કર્યું. અહીં તેમના ગુરુએ તેમને બૃહત્કલ્પસૂત્રની ટીકાની વાચના આપી. પછી સં૦ ૧૮૧૩ અને ૧૮૧૪માં સુરતમાં ચાતુર્માસ નિર્ગમન કર્યું. સુરતના શેઠ તારાચંદ સંઘવીએ ઉપધાન વહેવરાવ્યાં. ત્યાં બરહાનપુરનો સંઘ વિનંતિ કરવા આવ્યો, તેથી પં૦ ઉત્તમવિજયજીએ પં૦ પદ્મવિજયજીને ચાતુર્માસ કરવા મોકલ્યા. બરહાનપુરમાં સ્થાનકવાસી સાધુઓ સાથે વાદ કરી જય મેળવ્યો.

સં૦ ૧૮૧૫ અને સં૦ ૧૮૧૬માં બરહાનપુરમાં ચાતુર્માસ ગાળ્યો, ત્યાંથી વિહાર કરી તેઓ ખંભાત આવ્યા. સંઘના આગ્રહથી ત્યાં ચોમાસુ રહ્યા. ત્યાં આચારાંગસૂત્રની દેશના આપી, ત્યાંથી શત્રુંજયમાં સ્થિત ગુરુ પાસે આવ્યા. તીર્થયાત્રા કરી. પાલિતાણામાં શેઠ રૂપચંદ ભીમે સુંદર જિનપ્રાસાદ કરાવ્યો હતો તેમાં જિનબિંબોની પ્રતિષ્ઠા કરી.

ઘોઘાના સંઘે આવી પ્રભુ ચંદ્રપ્રભના દેરાસરની પ્રતિષ્ઠા કરાવવા વિનંતિ કરી. પં૦ પદ્મવિજયજીને ત્યાં મોકલવામાં આવ્યા. અહીંના નવખંડા પાર્શ્વનાથનાં દર્શન કર્યાં અને ચંદ્રપ્રભસ્વામીની પ્રતિષ્ઠા કરી. ત્યાંથી તેઓ પાટણ આવ્યા ને ચાતુર્માસ કર્યું. ત્યાંથી સિદ્ધપુર, પાલનપુર વગેરે ગામ–નગરોમાં થઈને આબુની યાત્રાએ સંઘ સાથે આવ્યા. ત્યાંથી રાધનપુર આવી બે ચાતુર્માસ નિર્ગમન કર્યાં. પછી સિદ્ધપુરમાં સં૦ ૧૮૨૧માં ચાતુર્માસ કર્યું. ત્યાંથી અમદાવાદ થઈ તેઓ સુરત આવ્યા. ત્યાં શેઠ તારાચંદને ૨૯૫ જિનબિંબોની સિદ્ધાચલમાં પ્રતિષ્ઠા કરાવવાની ભાવના થઈ તેથી તેઓ શત્રુંજય આવ્યા. પછી તો તેમણે સમેતશિખરની યાત્રા કરી. ત્યાં ઓશવાલ સગાલચંદે (મક્ષુદાબાદવાસીએ) જિનાલય કરાવ્યું તેની પ્રતિષ્ઠા કરી. ત્યાંથી તેઓ નવસારી આવ્યા. ત્યાં ચોમાસુ કરી તેઓ અમદાવાદ આવ્યા. સં૦ ૧૮૨૭ના મહા સુદિ ૮ ને રવિવારના રોજ પં૦ ઉત્તમવિજયજી ગુરુ કાળધર્મ પામ્યા.

સં૦ ૧૮૩૦માં તેમણે સાણંદમાં ચોમાસુ કર્યું. પછી અમદા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાદમાં ત્રણ ચાતુર્માસ, વીસનગરમાં બે ચાતુર્માસ ગાળ્યાં. ત્યાં ભગવતી સૂત્રનું વ્યાખ્યાન શરૂ કર્યું. ત્યાં પાટણના સંઘની વિનંતિ આવતાં ત્યાં ચાતુર્માસ કર્યું. ત્યાં 'અનુયોગદ્વારસૂત્ર'ની દેશના આપીને ઉપધાન વહેવરાવ્યાં. ત્યાંથી શેઠ પ્રેમચંદ લવજી મોદીએ સિદ્ધાચલનો સંઘ કાઢ્યો. તેમાં સાથે ગયા ને શત્રુંજયની યાત્રા કરી.

સં૦ ૧૮૩૮માં લીંબડીમાં ચોમાસુ કર્યું, ત્યાં ઉપધાનતપ કરાવ્યું. સં૦ ૧૮૩૯માં પણ લીંબડીમાં જ ચોમાસુ ગાળ્યું. તેમના પ્રભાવથી ત્યાં ૧૦૯ માસક્ષમણની તપસ્યાઓ થઈ. અહીંથી વીસલનગરમાં ચોમાસું કર્યું, ત્યાં શ્રાવિકાઓને ઉપધાનતપ કરાવ્યું. ત્યાં સમવસરણની રચના કરાવી.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

સં૦ ૧૮૪૩માં તેઓ રાધનપુરમાં ચોમાસુ રહ્યા, ત્યાં ભગવતીસૂત્રનું વ્યાખ્યાન કર્યું. ત્યાંથી વિરમગામ આવી ત્યાંના ચૈત્યની પ્રતિષ્ઠા કરી. સં૦ ૧૮૪૩ના જેઠ મહિનામાં રાધનપુરના દેવરાજ મસાલિયાએ ગોડીજીની યાત્રાનો સંઘ કાઢ્યો હતો.

સં૦ ૧૮૪૪માં તેઓએ પાટણમાં ચોમાસુ કર્યું, ત્યાં 'આચારાંગસૂત્ર'નું વ્યાખ્યાન કર્યું. એ સમયે પાટણમાં ૮૦ જિનાલયો હતાં. ત્યાં તેમણે પ્રતિષ્ઠાઓ કરાવી. ત્યાંથી તેઓ રાધનપુર આવ્યા. ત્યાં ચોમાસુ કરી પાછા પાટણ આવ્યા. અહીં 'આવશ્યક નિર્યુક્તિ'નું વ્યાખ્યાન આપી શ્રીસંઘને ખુશ કર્યો. અહીં રાધનપુરમાં બે ચાતુર્માસ કર્યા. ત્યાં 'પન્નવણાસૂત્ર'નું વ્યાખ્યાન આપ્યું. ત્યાંથી તેઓ પાટણ આવ્યા. ત્યાંથી સં૦ ૧૮૪૮નું ચોમાસુ રાધનપુરમાં ગાળી શત્રુંજય ગયા. ત્યાંથી તેમણે સુરત માટે વિહાર કર્યો. સુરતમાં સંઘવી પ્રેમચંદ લવજીએ તેમનું દબદબાભર્યું સામૈયું કર્યું, ત્યાં 'પન્નવણાસૂત્ર' પૂરું કરી મહાભાષ્યનું વ્યાખ્યાન શરૂ કર્યું. ઉપધાનતપ કરાવ્યું. ત્યાંથી રાંદેર ગયા. ત્યાં સ્થાનકવાસી મુનિ સાથે શાસ્ત્રાર્થ થયો,

તેમાં જય મેળવ્યો.

શ્રી હૃદયરામ દીવાને ગોડીજીની યાત્રા માટે સંઘ કાઢયો, તેમાં તેઓ સાથે ગયા. ત્યાં તેઓ લીંબડી આવ્યા અને ચોમાસું કર્યું. ત્યાં 'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર' વાંચ્યું. પછી સં૦ ૧૮૫૩માં અમદાવાદમાં ચાતુર્માસ કર્યું. ત્યાં 'સુયગડાંગસૂત્ત' સૂત્રનું વ્યાખ્યાન કર્યું. અહીં સં૦ ૧૮૫૪ના મહા વદિ ૫ને સોમવારના રોજ શ્રીમાલી જ્ઞાતીય લક્ષ્મીચંદ શેઠે સહસ્રફણા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા તેમની પાસે કરાવી. તેમાં ૪૭૨ જિનપ્રતિમાઓ અને ૪૯ સિદ્ધચક્રયંત્રની પ્રતિષ્ઠા કરાવી. અમદાવાદના ઓશવાલ શેઠ હર્ષચંદ્ર સંઘવીએ સિદ્ધાચલનો મોટો સંઘ કાઢયો. તેમણે સંઘને સમેતશિખરમાં જીર્ણોદ્ધાર કરાવવા સં૦ ૧૮૫૭માં ઉપદેશ આપ્યો. તેથી શ્રીસંઘે અને ખેમા બાલાની મદદથી સમેતશિખરમાં જીર્ણોદ્ધાર કરાવ્યો. સં૦ ૧૮૫૮માં લીંબડીમાં, સં૦ ૧૮૫૯ અમદાવાદમાં ચાતુર્માસ કર્યાં.

जैन साईट JAINSITE

પં૦ પદ્મવિજયજીને અમદાવાદમાં મસ્તકના અર્ધભાગમાં વ્યાધિ લાગુ પડયો છતાં તેમને સમાધિ રહી. ૨૮ દિવસ સુધી 'ઉત્તરાધ્યયન સૂત્ર'ની આરાધના કરી. સં૦ ૧૮૬૨ના ચૈત્ર સુદિ ૪ ને બુધવારના રોજ અનશન કરી દેહત્યાગ કર્યો. તેમણે ગૃહસ્થાવાસમાં ૧૪।। વર્ષ રહી ૫૭ વર્ષ દીક્ષા પાળી હતી.


તેઓ બહુશ્રુત વિદ્વાન હતા. કવિ હતા. ગ્રંથકાર હતા. તેમણે ૫૫૦૦ નવા શ્લોકોની રચના કરી હતી.

## વિશેષ ઘટનાઓ—

તપાગચ્છના ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિએ સં૦ ૧૮૪૩ના મહા સુદિ ૧૧ ને સોમવારે શત્રુંજયતીર્થમાં સુરતના સં૦ પ્રેમચંદ લવજીએ અમદાવાદવાળા શ્રી પ્રેમચંદ મોદીની ટૂકની પ્રતિષ્ઠા કરી. વળી ભ૦ જિનેન્દ્રસૂરિએ સિરોહીમાં અને શત્રુંજયતીર્થમાં જિનેન્દ્ર ટૂકની સ્થાપના કરી હતી.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

## બિકાનેરનો સુરાણાવંશ




जैन साईट JAINSITE

શ્રી માણેકચંદે સં૦ ૧૮૯૭માં સરદારશહેર વસાવ્યું ને ત્યાં જિનાલય બંધાવ્યું. તેને કાંગડા ગામ ભેટ મળ્યું.

जैनम् जयति शासनम्

### શિષ્યપરંપરા—

૬૭ પં૦ પદ્મવિજયજી ગણી

૬૮ મુનિ જ્યોતિવિજય—તેમણે સંસ્કૃત ભાષાનું અધ્યયન કર્યા પછી તરત જ ગુરુદેવની આજ્ઞાથી સં૦ ૧૮૪૫ના મ૦ સુ૦ ૮ના રોજ અણહિલપુર પાટણમાં સંસ્કૃતમાં 'તત્ત્વામૃત' નામનો ગ્રંથ ૩૩૨ શ્લોકોમાં રચ્યો છે.

### સાહિત્ય—

પં૦ પદ્મવિજય ગણી સમર્થ વિદ્વાન હતા. ચતુર વ્યાખ્યાતા હતા. તેઓ તેમના સમકાલીન કવિઓમાં 'પદ્મદ્રહ' તરીકે ખ્યાતિ પામ્યા હતા. તેમણે નીચે મુજબ કૃતિઓ રચ્યાનું જાણવા મળે છે—

૧. તેમણે 'જયાનંદ કેવલિચરિત'ને સંસ્કૃત ગદ્યમાં સં૦

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

૧૮૫૯માં અવતાર્યું.

૨. 'વીરજિનસ્તુતિ ગર્ભિત–ચોવીશ દંડક સ્તવન' ઢાળ ૬—ભાવનગરમાં રચ્યું.

૩. સં૦ ૧૮૧૪માં ભ૦ વિજયધર્મસૂરિના રાજ્યમાં સુરતમાં ભ૦ પાર્શ્વનાથની કૃપાથી ચોમાસામાં 'સિદ્ધદંડિકા રતવન' ઢાળ: ૫ રચ્યું.

૪. સં૦ ૧૮૩૭ના મહા વદિ ૨ ને શનિવારે 'ચોવીશ જિન-કલ્યાણક રતવન' (જિન ચોવીશી) રચ્યું.

૫. સં૦ ૧૮૪૨માં 'સમરાદિત્ય કેવલી રાસ' રચ્યો.

૬. સં૦ ૧૮૪૯ના મ૦ સુ૦ ૫ને બુધવારે ભટ્ટા. વિજયજિનેન્દ્ર-સૂરિના રાજ્યમાં રાધનપુરમાં મહો૦ યશોવિજય ગણીએ રચેલા જિન સ્તુતિરૂપ હુંડી રતવનનું આગમપાઠોની સાક્ષીવાળું ગુજરાતીમાં વિસ્તૃત વર્ણન કર્યું છે. તે સિવાય અનેક સ્તવનો, સજ્ઝાયો, સ્તુતિઓ પૂજાઓ, અને દેવવંદનમાલા રચી છે, 'નેમિનાથરાસ' અને 'ઉત્તમવિજય રાસ'ની રચના કરી છે.

## અહિંસાનાં ફરમાનો–વટહુકમ—

વિક્રમની ઓગણીસમી અને વીસમી શતાબ્દીમાં જુદા જુદા મુનિ-રાજોના ઉપદેશથી ભારતના વિભિન્ન રાજાઓ–શાસકોએ પોતાના પ્રદેશમાં પ્રાણીઓની રક્ષા માટે જુદા જુદા વટહુકમો બહાર પાડ્યા હતા. તે આ પ્રમાણે હતા:...

### ૧. વડોદરા રાજ્યમાં અમારિપાલન દસ્તાવેજ
### સં૦ ૧૮૪૮નો માનાજીરાવ ગાયકવાડનો સિક્કો

સવંત ૧૮૪૮ના શ્રાવણ વદિ ૧૧ વાર ભોમે દિને કસબે વડોદરાના શેઠ મહાજન સમસ્ત જોગ તથા કસબે મજકૂરના ખાટકીનાં મહેત્તર ફજુર તારજી તથા જમાલ લાલન તથા કમાલ નૂરણ તથા રહીમ યારુ તથા અહેમદ નસીર તથા મીયાંજી કાસમ તથા રાજો મહમદજી વગેરે ખાટકી પંચ સમસ્ત–જત અમે સરવે મલીને રાજી રજાનંદ થઈને મહાજનને લખી આપીએ છીએ, જે આજ પુઠી વરસ ૧ મધે માસ ૧ શ્રાવણનો તહેના દીન ૩૦

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

તથા બારે માસની એકાદશી ૨૪ તથા બારે માસના સોમવારે ૪૮ તથા પચુસણ દિવસ તે શ્રાવણ સુદિ ૧ થી ભાદરવા સુદિ ૧૨ લગી તથા મહોટી શીવરાત ૧, તથા રામનોમી ૧ આટલા દિવસ અમો જીવની હિંસા કરીએ તથા અમારો કસબ કરીએ તો સરકારના તથા મહાજનના ગુનેંગાર અને ખુન ૧ જનાવરનું કરીએ તો ગુનેંગારી રૂા. ૨૭૦૧ અંકે સત્તાવીશેં ને એક પુરા સરકારમાં ભરીએ ને કોઈને રૂપિયા ન મલે તો તેનાં ઘરબાર ખાલસાઈ થાએ તથા નાક, કાન કપાએ એ પરમાંણે અમો સરવે પંચ મળીને રાજી રજાનંદ થઈ ને મહાજન સમસ્ત લખી આપું છે. તથા ઈદનો દિવસ આટલા અણોજા માંહાં આવે તો સરકારનો હુકમ લઈ ને દિવસ ૨ કામ કરીએ એ લખું બાપના બોલ સાથે પાળીએ.

અત્રે ---------------- મતુ ૧ અત્રે ---------------- શાખ

( ખાડકી પંચ સમસ્ત )  ( મહાજનની સહીઓ )

( -- આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ, હિંદી વિભાગ, પૃ૦ ૧૩૬ )

## ૨. તેલની ઘાણી બંધ રાખવાને સં. ૧૮૫૨ ને દસ્તાવેજ

राजश्री अखेसिंहजीका राजमें घाणां चोमासां की रहीइ माफक सुरूसु मुजा नाथा नाना राढा समस्त बांधनवाडाका तेलीका कहेवासु बास्का एकट समट आया जोधराजजी मेघराजजी उमेदजी सुरवा पोखरणां कस्बा बांधनवाडा मांफी चोमासो राख्यो, सावन वद १ सु लगाम कार्तिक सुदि १५ तांय घाणां राखी सा. सुंडाजीको चमस्त चोदशको छें. मास १मां सुद वुद चौदस दोनो राखो घाणामें मांकी खुशीसु राखी घाणां दोनु लख्या माफक पालस्यां. समेरजी जोधराजजी मेघराजजी प्रेमराजजी सुंडाजीका पेट परवार बेटा पोताई माफक कीदा बारांको जीमणार होसी जो में तो घांणी सारू जीमणें लहेण लहेणों पांचा माफक लेस्यां। इन सिवाय माना खाती ओर पंचां आकर दीनी चोको होसी तोमें तो खूटलार आदमी एक जीमस्यां, गांवका पंच बारा जासी जदां खूट दीठ आदमी

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

जासी बारली गामाइ लेंण होसी, जो जिण माफिक खूंट दीठ तेलियांने देसी ।

दस्खत पंचोली शंभु रामदत्त
तेल्यांका कहेवासुं मांड्यो छे ।
संवत् १८५१ मीती वैशाख बदी ९ गुरुवार ।

**નોંધ**—મેવાડમાં મેવાડ તથા મારવાડની સરહદ ઉપર ચિત્તોડ તથા અજમેરની વચ્ચે વિજયનગરથી ૧૪ માઈલ ઉત્તરમાં બાંદનવાડા કસ્બો ( ગામ ) છે. ત્યાં શ્વેતાંબર જૈનોનાં ૨૫ ઘર છે. ભગવાન કેશરિયા આદિનાથનો શિખરવાળો મોટો જિનપ્રાસાદ છે. મૂળ-નાયકની પ્રતિમાને લેખ નથી. મંદિરમાં બીજી પાષાણની જિન પ્રતિમાઓની ગાદીમાં સં૦ ૧૫૪૫, સં૦ ૧૬૭૧, સં૦ ૧૬૭૭ (૭૮)ના પ્રતિમાલેખો છે. ત્યાં વિવિધ સ્થાનના લેખોવાળી પંચતીર્થી ધાતુપ્રતિમાઓ પણ ઘણી છે.

જિનપ્રાસાદની દીવાલમાં સં૦ ૧૮૫૧ની સાલનો મેવાડી ભાષામાં એક મોટો શિલાલેખ છે. તે ઉપર પ્રમાણે છે. આ લેખની અક્ષરશઃ નકલ જૈનસંઘના ચોપડામાં પણ લખી રાખી છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

સુરતના શેઠ જીવણચંદ ધરમચંદ ઝવેરી જૈનને પૂ૦ ગુરુદેવે પાલિતાણામાં યશોવિજયજી જૈન ગુરુકુળ તૈયાર કરી વહીવટ માટે સોંપ્યું હતું. તેમણે સં૦ ૧૯૯૭ ( ગુજરાતી ) મહા વદિ ૧૦ ના રોજ બાંદનવાડામાં ત્રિપુટી મુનિઓ પાસે દીક્ષા લીધી હતી. તેમનું નામ મુનિ જિનભદ્રવિજયજી રાખવામાં આવ્યું હતું. બાંદનવાડાના જૈન–જૈનેતર પંચે એકઠા થઈ ને આ દીક્ષાની ખુશાલીમાં દર સાલ માટે મહા વદિ ૧૦ અને ભા૦ સુ૦ ૪ના રોજ પાખી પાળવાનું નક્કી કર્યું હતું.

(—જૈ૦ સ૦ પ્ર૦ ક૦ ૭૦, પૃ૦ ૩૭૪)

### ૩. કચ્છના ખાટકીઓને પ્રતિબંધ—સોનૈયા કીડા

કચ્છના રાવે કચ્છમાં હરણ તથા મોરનો શિકાર કરવાનો પ્રતિબંધ કરી તે અંગે રાજ્ય તરફથી વટહુકમ કાઢ્યો હતો તથા કચ્છના અખાતમાં સોનૈયા કીડા થતા હતા તેને માછીમારો મારી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાખી પરદેશ મોકલી વેચતા હતા. રાવે તે સોનૈયા કીડા મારવા ઉપર પણ પ્રતિબંધ મૂક્યો હતો.[1]

ગુરુદેવ શ્રી. ચારિત્રવિજયજી મહારાજના ઉપદેશથી લાકડિયાના રાજાએ, માલિયાનરેશે તથા અંગિયાના ગાદીધર પીર બાવાએ જૈનધર્મપ્રેમી બનીને પોતાના રાજ્યમાં અમારિ પ્રવર્તાવી હતી.

આગમોદ્ધાર પૂ. આ૦ શ્રી આનંદસાગરસૂરિના ઉપદેશથી સૈલાના રાજા જૈન ધર્મના પ્રેમી બન્યા હતા અને પોતાના રાજ્યમાં અમારિ પ્રવર્તાવી હતી.

### ૪. સરધનામાં અહિંસાનું -પાલન

जैनधर्मप्रचारक पूज्य गुरूदेव श्री दर्शनविजयजी महाराज, पूज्य गुरुवर श्री ज्ञानविजयजी महाराज (त्रिपुटी) वि. सं २०१२ (गुजराती संवत् २०११) का चातुर्मास करने सरधना (जिल्ला-मेरठ यू. पी.) में बिराजमान हैं।

आपने श्री नोटिफाइड एरिया कमेटीके चेरमेन श्री अब्दुल वहीद वगैरह जनगण को अहिंसाका उपदेश दिया। मंत्री श्वेतांबर जैन सरधनाने वि. सं २०१२ प्रथम भाद्रपद कृष्णा ११ रविवार दिनांक १४-८११-५५ ई० को० नोटिफाइड एरिया कमेटीको प्रार्थना की कि,

भारत में (१) १५ अगस्त, (२) भादो शुकला ४ संवत्सरी, (३) भादो शुक्ला १४ अनन्त चतुर्दशी, (४) भादो कृष्णा ८ श्रीकृष्ण - जन्माष्टमी (५) २ अक्तूबर गांधी जयन्ती और (६) चैत्र सु० १३ भगवान श्री महावीरस्वामीका जन्मदिन ये सब पवित्र दिन है। हम चाहते हैं कि ये ६ दिन हरसाल सरधनाके सब मजवाखाने (बूयडखाने, कसाइखाने, मांसविक्री) बन्ध रहे। किसी भी प्राणीका वध न हो और भविष्यमें भी इसका अमल होता रहे और प्रस्ताव पास किया जाय वगैरह।

૧. સોનું અને વૈજ્ઞાનિક યંત્રો માનવજાતના ભયંકર શત્રુઓ છે. સોના જેવી ચામડી હોવાથી સોનૈયા કીડાઓનો અને સોનેરી પીંછાવાળાં પક્ષીઓનો અર્થલોલુપીઓ સંહાર કર્યા કરે છે. સોના માટે રશિયામાં મૂછોદાર યહૂદીઓનાં અગણિત ખૂનો થયાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

श्री नोटिफाइड एरिया कमेटी सरधनाने उक्त प्रार्थना को वि. सं. २०१२ मिगसिर कृष्णा १० गुरुवार दि० ८-१२-१९५५ को प्रस्तास पास करके स्वीकृति दे दी है।

**जीवदयाका फरमान –**

Copy of the Matter passed against resolution no. 9, 8/12/1955 by N. A. C. Saradhana.

सर्व सम्मतिसे तय हुआ कि, इन दिनों पर मजबाखाना बन्ध रहे, लेकिन श्री जमील अहमद, श्री अब्दुल हमीदीखांजी, श्री हमीदुल्लाजी, श्री हामसीतुल्लाजी, इसके साथ साथ यह याचते हैं कि-अगर इन दिनोंमें कोइ मुस्लिम त्यौहार आ जाय तो उस दिन मजबाखाना खुलना चाहिये लेकिन बहुमत इससे खिलाफ हैं इस लिये ६ त्यौहारों पर मजबखाना बन्ध होना पास हुआ।

Copied
K. P. Sharma
15/1/1956

Compared by
R. P. Varma.
15/1/1956

सुपरिन्टेन्डन्ट नोटिफाइड एरिया,
सरधना जिल्ला

A. Wohid
प्रेसिडन्ट नोटिफाइड एरिया
जिल्ला मेरठ।

(– નિયોજન હિન્દી પુસ્તિકા, પૃ૦ ૧૯, ૨૦)

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ અડસઠમું

## પં૦ રૂપવિજયજી ગણી

"वन्दे श्रीमत्तपागच्छे स्वच्छे ज्ञानगुणाङ्किताः।
बभूव श्रीयुता रूपविजयमुनिपुङ्गवाः"

( – પં૦ લક્ષ્મીવિજય, 'પ્રશ્નોત્તર પ્રદીપ' પ્રશસ્તિ )

પં૦ રૂપવિજયજી ગણીની ગૃહસ્થાવસ્થાની કોઈ માહિતી મળતી નથી. તેમણે ક્યારે દીક્ષા લીધી, પંન્યાસ ક્યારે બન્યા અને છેવટે સ્વર્ગવાસ કઈ સાલમાં થયો એ હકીકતો પણ પ્રાપ્ત થઈ નથી. આમ છતાં તેઓ ૧૯મી સદીમાં વિદ્યમાન હતા, મોટા વિદ્વાન હતા, સારા કવિ હતા અને વૈદ્યકશાસ્ત્રમાં નિપુણતાથી નામના મેળવી હતી.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

તેમણે સં૦ ૧૮૮૦માં વિક્રમ રાજાના સમયના ગણાતા અંબડ વિશે રાસ (જેમાં વિક્રમના પરાક્રમ પંચદંડ વગેરેની અદ્ભુત વાતો છે) મળી આવે છે. સં૦ ૧૮૮૦માં તેમણે 'પૃથ્વીચંદ્ર ચરિત્ર', સં૦ ૧૮૯૨માં 'પદ્મવિજય નિર્માણ રાસ' અને સં૦ ૧૯૦૦માં 'વિમલ-મંત્રી રાસ' વગેરે કૃતિઓ રચેલી મળી આવે છે.

વળી, તેમણે નીચેની પૂજા-કૃતિઓ આપી છે.

૧. સ્નાત્રપૂજા, ૨. પંચ કલ્યાણકપૂજા, ૩. પંચજ્ઞાનપૂજા ૪. વીશ-સ્થાનકપૂજા, ૫. પિસ્તાલીસ આગમપૂજા, વગેરે અને આત્મબોધ સજ્ઝાય, મનઃસ્થિરીકરણ સજ્ઝાય વગેરે રચનાઓ કરી છે.

### ગ્રંથકારો—

અંચલગચ્છના (૫૭) ભ૦ ધર્મમૂર્તિ, (૫૮) ભ૦ કલ્યાણસાગર-સૂરિ, (૫૯) ભ૦ અમરસાગરસૂરિ વગેરેનો પરિચય અગાઉ આવી ગયો છે.

( – પ્રક૦ ૪૦, પૃ૦ ૪૩૩, ૪૩૫, ૪૩૬. )

તેમના વિશે વિશેષ હકીકત આ પ્રકારે મળી આવે છે.—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભ૦ ધર્મમૂર્તિને ૭ મહોપાધ્યાયો, ૮ ઉપાધ્યાયો હતા જેમાં મહો૦ રત્નસાગરજી મુખ્ય હતા. તેમના સમયે વિવિધ શાખાઓ નીકળી હતી.

( – પ્રક૦ ૪૦, પૃ૦ ૪૩૪ )

સંભવ છે કે, મહો૦ રત્નસાગરજી (૫૮) ભ૦ ગુણરત્નસૂરિ બન્યા હોય, તેમની પરંપરા આ પ્રકારે જણાય છે :—

(૫૮) ભ૦ ગુણરત્નસૂરિ, (૫૯) પં૦ લલિતસાગર ગણી (૬૦) પં૦ માણેકસાગર ગણી

(૬૧) પં૦ જ્ઞાનસાગર ગણી—તેમણે સં૦ ૧૭૧૯ના આ૦ સુ૦ બીજના રોજ શંખપુરમાં 'ઈલાયચી ચોપાઈ' પા. ૯ રચી છે. ઉપા૦ જ્ઞાનસાગરે સં૦ ૧૮૨૮માં સુરતમાં 'અંચલગચ્છ પટ્ટાવલી' રચી છે.

( – પ્રક૦ ૪૦, પૃ૦ ૫૩૬ )

(૫૮) ઉપા૦ કલ્યાણનિધાન ગણી.

(૫૯) પં૦ લબ્ધિચંદ્ર ગણી–તેમણે સં૦ ૧૭૫૧ના કા૦ સુ૦ ૩ ના રોજ વેરાવળમાં ફળાદેશનો 'લાલચંદ્ર પત્ર પદ્ધતિ' નામક જ્યોતિષનો ગ્રંથ રચ્યો. એના આધારે 'માનસાગરી પદ્ધતિ' નામે ગ્રંથ બન્યો. પં૦ લબ્ધિચંદ્ર ગણીના શિષ્યનું નામ કદાચ પં૦ લાલચંદ્રગણી હોય.

(૬૦) ભ૦ વિદ્યાસાગરસૂરિ ( સં૦ ૧૭૬૨ થી ૧૭૯૭ )

(૬૧) ઉપા૦ મેરુલાભ ગણી

(૬૨) ઉપા૦ સહજસુંદર ગણી ( પં૦ નિત્યલાભ ગણી ) – તેમણે સં૦ ૧૭૮૧ માહ સુદિ ૭ ને બુધવારે સુરતમાં 'સદેવંત સાવલિંગા રાસ' રચ્યો છે.

(૬૧) ભ૦ ઉદયસાગરસૂરિ ( સં૦ ૧૭૯૭ થી ૧૮૪૩ )

સુરતના સં૦ કચરા કીકાએ સં૦ ૧૭૯૪માં ઉપા૦ દેવચંદ્રજી મહારાજના ઉપદેશથી શ્રી શત્રુંજય તીર્થનો જળ–સ્થળ માર્ગનો સંઘ કાઢ્યો. તેમ જ ભ૦ ઉદયસાગરસૂરિના ઉપદેશથી સં૦ તારાચંદે સં૦ ૧૮૨૧માં સુરતથી શ્રી ગોડીજી પાર્શ્વનાથ તીર્થનો સંઘ કાઢ્યો.

( – પ્રક૦ ૫૭ 'સુરતના સંઘપતિઓ' )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( — પ્રક० ૫૭ 'સૂરતના સંઘપતિઓ')

(૯૨) ઉપા० દર્શનસાગર — તેમણે આગમિક ગચ્છના ભ० સિંહરત્નસુરિના શિષ્ય પં० હેમચંદ્ર ગણીના આગ્રહથી સં० ૧૮૨૪ મ० સુ० ૧૩ના રોજ સુરતમાં 'આદિનાથ રાસ રચ્યો.

( —પ્રક० ૫૭ )

(૯૫) ભ० મુક્તિસાગરસૂરિ ( સં० ૧૮૯૨ થી ૧૯૧૪ )—તેમણે સં० ૧૮૯૩માં શ્રી શત્રુંજયતીર્થમાં શેઠ મોતીશાહની ટૂકની અને સં० ૧૮૯૭માં નરશી નાથાની ટૂક વગેરેની પ્રતિષ્ઠા કરી

( — પ્રક० ૪૦, પૃ० ૫૩૭)

## મોટા કવિઓ અને પ્રભાવકો—

આ સમયે કવિ મોહનવિજય લટકાળા, કવિ બહાદુર પં० દીપવિજય ગણી, લોકપ્રિય મહાકવિ પં० વીરવિજય ગણી, પં० દેવવિજય ગણી, ઇતિહાસપ્રેમી પં० ખુશાલવિજય ગણી, મહા અધ્યાત્મી ચિદાનંદજી મહારાજ વગેરે થયા.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## શિષ્યપરંપરા—

તેમની બીજી શિષ્ય પરંપરા આ પ્રમાણે મળે છે.

૬૮ પં० રૂપવિજય ગણી　　૬૯ પં० અમીવિજય ગણી

૭૦ પં० સૌભાગ્યવિજય ગણી　　૭૧ પં० રત્નવિજય ગણી

૭૧ પં० ભાવવિજય ગણી　　૭૨ આ० વિજયહર્ષસૂરિ

આ० વિજયહર્ષસૂરિ ૭૬ વર્ષની ઉંમરે ૫૮ વર્ષનો દીક્ષાપર્યાય પાળી, સં० ૨૦૧૬ના પોષ સુદિ ૭ ને મંગળવારે રાતે ૧૨ ને ૧૫ મિનિટે અમદાવાદની લુહારની પોળના ઉપાશ્રયે કાળધર્મ પામી ગયા.

## વિવિધ ઘટનાઓ —

આ સમયે વિવિધ ઘટનાઓ આ પ્રકારે બની હતી.

તપાગચ્છના ૬૬મા ભ० વિજયધર્મસૂરિ (સં० ૧૮૦૩ થી ૧૮૪૧ )ના પટ્ટધર ભ० શ્રીપૂજ વિજય જિનેંદ્રસૂરિ ( સં० ૧૮૪૧ થી ૧૮૮૪ ) — તેમણે સં० ૧૮૪૩ના મ० વ० ૫ ને બુધવારે શ્રી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શત્રુંજયતીર્થમાં પ્રેમચંદ મોદીની ટૂકની પ્રતિષ્ઠા કરી. તથા સં૦ ૧૮૭૫માં શ્રી શત્રુંજયતીર્થ ઉપર, છાલાકુંડની ઉપર શ્રીપૂજની ટૂકની પ્રતિષ્ઠા કરી. તેનું બીજું નામ જિનેંદ્રટૂક પણ હતું.

ભ૦ વિજયજિનેંદ્રસૂરિએ સં૦ ૧૮૯૩મા રાંતેજમાં બાવન દેરીવાળા જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવી પ્રતિષ્ઠા કરી હતી. તેઓ અંતે શિહોરમાં સ્વર્ગસ્થ થયા. શિહોરના જૈન સંઘે તેમના અગ્નિ-સંસ્કારના સ્થાને મારુદેવા ટૂકમાં શુભદેવ મહાદેવની પાસેની ભૂમિમાં પહાડમાં શિહોરમાં સં૦ ૧૯૧૨ના કા૦ સુ૦ ૬ ને ગુરુવારે જિનેંદ્રટૂક બનાવી હતી.

(– પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨, 'પુરવણી' પૃ૦ ૨૬૧, જૈ. સ. પ્ર૦ ૬૦ ૯૨)

તપાગચ્છમાં આણંદસૂરિશાખાના કવિ બહાદુર પં૦ દીપવિજયજી ગણીએ સં૦ ૧૮૭૭ના વૈ૦ વ૦ ૩ ને રવિવારે સુરતમાં 'સોહમ-કુલપટ્ટાવલી રાસ' (ઉલ્લાસ ૪) રચ્યો હતો.

તેમાં તેમણે ભ૦ વિજયજિનેંદ્રસૂરિ સુધીનો ઇતિહાસ આપ્યો છે. તેમાં તેમણે આ ગ્રંથને પ્રામાણિક બનાવવા માટે સુબુદ્ધિવિજય ગણી[1], સંવેગી ખુશાલવિજય ગણી, પં૦ રૂપવિજય ગણી, પં૦ વીર-વિજય ગણી, ભ૦ શાંતિસાગરસૂરિ અને પં૦ વિનયવિજય ગણી વગેરેના હસ્તાક્ષરો કરાવ્યા હતા, એટલે આ બધા વિદ્વાનો સમ-કાલીન હતા એમ જાણવા મળે છે.

તપાગચ્છની વિજયદેવસૂરિશાખાના મહો૦ યશોવિજય ગણીની પરંપરાના સંવેગી પં૦ દેવવિજય ગણીના ઉપદેશથી જગતશેઠ ખુશાલ-ચંદ તથા શેઠ સુગાલચંદે સં૦ ૧૮૦૫ના મહા સુદિ ૫ના રોજ સમ્મેતશિખર મહાતીર્થનો મોટો ૨૧મો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

તેમના શિષ્ય ઇતિહાસપ્રેમી ખુશાલવિજય ગણીએ સં૦ ૧૮૭૯ના

---

૧. સંભવતઃ આ સુબુદ્ધિવિજય ગણી મોટા વિદ્વાન હતા, તેમનું બીજું નામ પં૦ સુવિધિવિજય ગણી હોય, જેમણે પં૦ ઉત્તમવિજય ગણી અને પં૦ પદ્મવિજયગણીને સં૦ ૧૮૦૫ થી સં૦ ૧૮૧૦ સુધીમાં સુરતમાં અભ્યાસ કરાવ્યો હતો.

(– પ્રક૦ ૬૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેઠ વ૦ ૧૩ ને ગુરુવારે સિરોહીમાં તપાગચ્છની ગદ્ય ગુજરાતી પટ્ટાવલીઓ રચી છે.

## પ્રભાવક મહાજનો —

આ સમયે જૈનોમાં ઘણા નરવીરો થયા છે. તેમાં સૂરતની મહાસતી સુભદ્રાનું નામ સૌથી મોખરે આવે છે. તે વિ૦ સં૦ ૧૯૧૦માં વિદ્યમાન હતી.

(— પ્રક૦ ૫૭)

## શેઠ મોતીશાહ —

ખંભાતના નાહટા ગોત્રના વીશા ઓશવાલ જૈન શેઠ સાંકળચંદના પુત્ર શેઠ અમીચંદની ભાર્યા રૂપબાઈના પુત્ર શેઠ મોતીચંદ થયા.

શેઠ અમીચંદ વિ૦ સં૦ ૧૮૧૪માં ખંભાતથી મુંબઈ આવ્યા. તેની પત્ની રૂપાબાઈને મુંબઈમાં પાંચ સંતાનો થયાં હતાં. તેઓમાં સં૦ ૧૮૩૪માં નેમચંદ, (૨) સં૦ ૧૮૩૮માં મોતીચંદ અને (૩) સં૦ ૧૮૪૦માં દેવચંદ નામના પુત્રો હતા અને બે પુત્રીઓ હતી.

(— શેઠ રતનજી ફરામજી વાંછા; 'મુંબઈનો બહાર' શે. મોતીચંદની ઉત્પત્તિ પ્રકરણ : ૬ )

શેઠ અમીચંદ કોટમાં રહેતા હતા. તેમણે પોતાને ત્યાં ઘર દેરાસર કરાવ્યું હતું.

શેઠ મોતીશાહ પણ મુંબઈમાં રહ્યા. તે શાહ સોદાગર હતા. તેમને દિવાળીબાઈ નામે પત્ની હતી અને ખીમચંદ નામે પુત્ર હતો. તેઓ વહાણવટાનો ધંધો કરતા હતા. તેમની પાસે ૮ વહાણો હતાં. તેઓ વારંવાર દરિયાઈ ખેડ કરતા હતા.

શેઠ મોતીશાહે મુંબઈ વગેરે સ્થાનોમાં ધર્મશાળા, પાંજરાપોળ, દવાખાનાં બનાવ્યાં હતાં. સં૦ ૧૮૮૫ના મહા સુદિ ૬ ને રોજ મુંબઈ—ભાયખલામાં આદીશ્વર જિનપ્રાસાદ બંધાવીને તેની પ્રતિષ્ઠા કરાવી હતી. તેમજ મુંબઈમાં પાયધુની ઉપર ગોડી પાર્શ્વનાથનો વિશાળ જિનપ્રાસાદ તેમણે તૈયાર કરાવ્યો હતો,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમ જાણવા મળે છે કે, મુંબઈમાં કોટમાં વિ૦ સં૦ ૧૬૩૧ થી ૧૬૩૫માં ગોડી પાર્શ્વનાથનું જિનાલય બન્યું હતું, પરંતુ સં૦ ૧૮૫૯માં કોટમાં આગ લાગતાં ત્રણ દિવસ સુધી તે આગ રહી હતી. તેમાં ઘણાં મકાનો ભસ્મીભૂત થયાં, તેમાં ચાલીશેકનું નુકસાન થયું હતું.

ત્યાં વસતા ઘણા જૈનો, ઘરો બળી જવાથી કાલબાદેવી, ભૂલેશ્વર, પાયધુની વિભાગમાં આવીને વસ્યા.

એ જૈનોએ પાયધુની ઉપર ગોડીજીનું જિનાલય બંધાવવાનો નિશ્ચય કર્યો. શેઠ નેમચંદે સં૦ ૧૮૬૨માં ૪૨૦૦ રૂપિયામાં પાયધુની ઉપર મકાન ખરીદ્યું અને સં૦ ૧૮૬૮ના બીજા વૈ૦ સુ૦ ૧૦ ને બુધવારના રોજ સ્ટે૦ ટા૦ ક૦ ૮ ને ૩૦ મિનિટે શ્રી ગોડી પાર્શ્વનાથને ગાદીએ બેસાડ્યા. ઘોઘાવાળા શેઠ કલ્યાણજી કાનજીએ રૂા. ૧૦૦૧, ની બોલી બોલીને પ્રભુજીને ગાદીએ બેસાડ્યા. શેઠ નેમચંદ, મોતીચંદ, દેવચંદે ઉત્સવમાં જુદી જુદી બોલી બોલીને લાભ લીધો.

સં૦ ૧૮૬૨ થી ૧૮૭૨ સુધીમાં જિનાલય તૈયાર થયું અને તેનો વહીવટ શરૂઆતમાં શેઠ અમીચંદ સકરચંદની પેઢી કરતી હતી.

સંભવતઃ આ પ્રતિષ્ઠા તપાગચ્છના ભ૦ વિજયદેવેન્દ્રસૂરિના હાથે થઈ હશે, કેમકે ગવર્નર ઈન કાઉન્સીલ ડબલ્યુ હારે તેમને ગુજરાત, કાઠિયાવાડમાં ફરવા માટે પરવાનગી પત્ર આપ્યો હતો.

સં૦ ૧૮૬૯માં શેઠ નેમચંદભાઈ તથા તેમનાં માતુશ્રી રૂપાબાઈ મરણ પામ્યાં. હવે કુટુંબનો ભાર શેઠ મોતીચંદ ઉપર આવી પડ્યો. શેઠ મોતીચંદ દેવચંદ સૂરતની પેઢીના ટ્રસ્ટી નિમાયા. સંઘે સં૦ ૧૮૯૧ના જે૦ સુ૦ ૫ના રોજ ગોડીજીના દેરાસરના નીચેના ભાગમાં મણિભદ્ર વીરની સ્થાપના કરી.

શેઠ મોતીશાહનાં મરણ બાદ સં૦ ૧૮૯૨માં તેમના ૩૨ વર્ષની ઉંમરના પુત્ર ખીમચંદભાઈ ટ્રસ્ટી નિમાયા.

શેઠ મોતીશાહની ટૂંક બંધાવવા વગેરેમાં શેઠ અમરચંદ દમણી, શેઠ કલ્યાણજી કાનજી ઘોઘાવાળા, તેના પુત્ર બાલાભાઈ ઘોઘાવાળા,

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દીપચંદ, કલ્યાણજી, શેઠ મોતીશાહના મિત્ર શેઠ ફૂલચંદ કપૂરચંદ ઘોઘાવાળા વગેરેએ અંજનશલાકા, સંઘવ્યવસ્થા, પ્રતિષ્ઠા મહોત્સવમાં મોટો ભાગ લીધો. મોતીશાહની ટૂંકની પ્રતિષ્ઠા વખતે જ બાલાવસી ટૂંકની પણ પ્રતિષ્ઠા થઈ.

( – 'ગોડીજી ગ્રંથ', પૃ૦ ૧૩૩ થી ૧૩૯ )

વિ. સં૦ ૧૯૧૩ના પો૦ સુ૦ ૨ને સોમવારે વિજયદેવસૂરિ-સંઘનું ટ્રસ્ટ બંધારણ તૈયાર થયું.

કોટમાં સં૦ ૧૮૯૫ના મહા વદિ ૫ના રોજ શ્રી શાંતિનાથ જિનાલય બન્યું.

એકદા શેઠ મોતીશાહે ૮ વહાણ માલથી ભરી ચીનમાં મોકલ્યાં. તેમાં તેમને ૧૨–૧૩ લાખ રૂપિયાનો નફો થયો. તેમણે તે રકમ શ્રી શત્રુંજયતીર્થમાં ખરચવાનું નક્કી કર્યું અને તે રકમ જુદી રાખી મૂકી. તેમણે અમદાવાદના નગરશેઠ હેમાભાઈ વખતચંદ પાસે શ્રી શત્રુંજય પહાડ ઉપર મંદિરો બંધાવવા જમીન માગી પણ કોઈ જગ્યા ખાલી નહોતી એટલે શેઠ મોતીશાહ જાતે તપાસ કરવા સંઘ લઈ પાલિતાણા ગયા.

તેમણે જોયું કે શ્રી શત્રુંજય ઉપર પહેલી ટૂંક અને આઠમી ટૂંક વચ્ચે મોટો ખાડો હતો, જે કુંતાસરની ખાઈ નામે પ્રસિદ્ધ હતો. શેઠ મોતીશાહે આ જગ્યા પૂરાવીને ત્યાં જિનાલયો બંધાવવાનું નક્કી કર્યું. તેમણે શેઠ હેમાભાઈની રજા મેળવી તેને પુરાવવાની શરૂઆત કરી. આમાં રૂા. ૮૦૦૦૦ એંશી હજાર રૂપિયાનાં દોરડાં વપરાયાં. અહીં શેત્રુંજી નદીથી મજૂરો પાસે એક હાંડી પાણી ભરાવી લાવવાના ચાર આના લેખે રકમ આપતા હતા.

એ સમયે અંચલગચ્છના (૬૫) ભટ્ટા૦ મુક્તિસાગરસૂરિ ( સં૦ ૧૮૯૨ થી ૧૯૧૪ ) થયા. તેમણે સં૦ ૧૮૯૩માં મોતીશાહની ટૂંક વગેરેની પ્રતિષ્ઠા કરી.

શેઠે આ ખાડો પુરાવી જમીનને સપાટ બનાવી. એ જમીન ઉપર ટૂંક બંધાવવાનું કામ શરૂ કર્યું. બીજી તરફ પાલિતાણા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શહેરમાં મોતીશાહની ધર્મશાળા તૈયાર થઈ ગઈ. શેઠ મોતીશાહ સં૰ ૧૮૯૨ના ભાદરવા સુદિ ૧ના રોજ મરણ પામ્યા. સર્વત્ર શોક છવાઈ ગયો. પછી તો શેઠાણી દિવાળીબાઈ, પુત્ર ખીમચંદ, શેઠના મિત્રો અમરચંદ દમણી, ફૂલચંદ અને કસળચંદે મળીને ટૂંકનું કામ આગળ વધાર્યું. ટૂંક બની ગઈ, બધાં જિનાલયો તૈયાર થઈ ગયાં એટલે શેઠાણી દિવાળીબાઈએ આમંત્રણ પત્રિકા કાઢી બધા સંઘોને પાલિતાણે બોલાવ્યા અને પોતે મુંબઈથી શત્રુંજયનો મોટો સંઘ કાઢી ભાવનગર થઈ સં૰ ૧૮૯૩ના પો૰ વ૰ ૧ના રોજ પાલિતાણે પહોંચ્યા. તેમની વિનંતીથી અમદાવાદથી શેઠ વખતચંદ, શેઠ હઠીભાઈ વગેરે શ્રેષ્ઠીઓ અને બીજા લાખ જૈનો ત્યાં એકઠા થયા.

શેઠ ખીમચંદે પોષ વદિ ૧ થી ૧૮ દિવસ સુધી બધા યાત્રિકો અને શહેરના બધા માણસોના ઝાંપે ચોખા મૂકી નૌકારસી કરી જમાડયાં. એ સમયે એક નૌકારસીએ રૂ. ૪૦૦૦૦. ચાલીસ હજાર રૂપિયાનો ખર્ચ થતો હતો.

આ પ્રસંગે એક મારવાડી વૃદ્ધ ડોસીમાએ એક નૌકારસી કરવાની રજા માગી, ત્યારે તેને રૂપિયા કયાં છે? એમ પૂછયું. ડોસીમાએ ગોદડીમાંથી સોનામહોરો કાઢીને ઢગલો કર્યો. સંઘે તેને નૌકારસીનો આદેશ આપ્યો.

આ ઉત્સવમાં ખૂબ શાંતિ હતી. શેઠ ખીમચંદે સં૰ ૧૮૯૩ના માહ મહિનામાં શ્રી શત્રુંજય ઉપર મોતીશાહની ટૂંકની તથા ૭૦૦ જિનપ્રતિમાઓની ભટ્ટા૰ મુક્તિસાગરસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી. તેમાં રૂ. એક લાખનો ખર્ચ થયો.

શેઠ મોતીશાહના શેઠ વખતચંદ, શેઠ હેમાભાઈ અને શેઠ હઠીભાઈ ત્રણે મિત્રો હતા. તેથી તેઓ ત્યાં આવ્યા હતા. પછી શેઠ ખીમચંદે ગમે તે કારણે તેમનું માન જાળવ્યું નહીં હોય તેથી તેઓ પાલિતાણાથી નારાજ થઈ અમદાવાદ પરત આવ્યા. શેઠાણી દિવાળીબાઈ તે પછી મુંબઈમાં મરણ પામ્યાં. શેઠ ખીમચંદ પણ સં૰ ૧૯૨૫માં મૃત્યુ પામ્યા.

(—પ્રક૰ ૪૦, પૃ૰ ૫૩૭, પ્ર૰ સ૰ 'પુરવણી' પૃ૰ ૭૭૪, ૭૭૫,'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શેઠ કલ્યાણજી કાનજી—

તેઓ ઘોઘાના વતની હતા. શેઠ અમીચંદ સાકરચંદ મુંબઈ આવ્યા. તે પછી તેઓ પણ વેપાર માટે મુંબઈ આવ્યા. તેઓ લોકપ્રિય અને ધર્મનિષ્ઠ હતા. તેમના પુત્ર ત્રિકમજીએ કોટમાં સં૦ ૧૮૬૫માં ભ૦ શાંતિનાથનું જિનાલય બંધાવ્યું, તેમાં વિશેષ ભાગ લીધો. શરૂઆતમાં ત્યાંના તે વહીવટદાર હતા. કલ્યાણજીભાઈને કુંવરબાઈ નામે પત્ની હતી, જેનાં બીજાં નામ રામકુંવર રામકોર પણ હતાં. તેને બે પુત્રો હતા. ૧ ત્રિકમભાઈ તે કાર્યદક્ષ, સાહસી, વ્યાપાર નિષ્ણાત, ધર્મી અને દાની હતો. ૨. દીપચંદ ઉર્ફે બાલાભાઈ તે સં૦ ૧૯૦૩માં મૃત્યુ પામ્યો.

શેઠ ત્રિકમભાઈ શેઠ મોતીશાહના વિશ્વાસપાત્ર મિત્ર હતા. સં૦ ૧૮૮૮ સુધી તેઓ વિદ્યમાન હતા. શેઠ કલ્યાણભાઈ પછી ત્રિકમભાઈ અને તે પછી બાલાભાઈ મૃત્યુ પામ્યા. કુંવરબાઈએ જિનાલયનો વહીવટ ચલાવ્યો.

JAINSITE.com जैनम् जयति शासनम्

પ્રેમચંદ રંગજી પટણી, તારાચંદ મોતીચંદ માંગરોલી પણ કોટવિસ્તારના જૈનોના આગેવાન હતા.

નગરશેઠ વખતચંદ ( તેમના માટે જુઓ પ્રક૦ ૫૮ )

સં૦ ૧૮૩૮માં ગુજરાતમાં અને મારવાડમાં અતિવૃષ્ટિના કારણે ધાન્ય કોહવાઈ ગયું. તીડો ઊતરી આવ્યાં. સં૦ ૧૮૬૯માં ગુજરાત અને મારવાડમાં અગણોત્તરો દુકાળ પડ્યો, સાથોસાથ ગુજરાતમાં ઝેરી તાવ ફેલાયો. પરિણામે જાનમાલની મોટી નુકસાની થઈ. આ બધા મુશ્કેલીના સમયમાં અમદાવાદના નગરશેઠોએ જનતા પ્રત્યે પ્રેમ દાખવી સહાયતા પહોંચાડી હતી. એ જ રીતે નગરશેઠ વખતચંદ તથા સુબા રવચંદ, શેઠ કરસન વગેરે જૈનોએ કાળજી રાખી જનતાને બધા પ્રકારની મદદ આપી હતી.

( — ગુજરાતનો ઇતિહાસ )

નગરશેઠ વખતચંદ સં૦ ૧૮૭૦માં સ્વર્ગવાસી થયા.

( — પ્ર૦ સ૦ ભા. ૨, પૃ૦ ૨૧૭ )

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

## શેઠ હઠીસિંહ કેશરીસિંહ—

વીશા ઓશવાલ જ્ઞાતિમાં જૈન વંશમાં અનુક્રમે ૧. શેઠ નિહાલચંદ, ૨. શેઠ ખુશાલચંદ, ૩. શેઠ કેશરીસિંહ અને ૪ શેઠ હઠીસિંહ થયા હતા.

શેઠ હઠીસિંહનો સં૦ ૧૮૫૨માં જન્મ થયો હતો. તેઓ બુદ્ધિશાળી, દિલાવર અને પરગજુ જૈન હતા. શેઠ વખતચંદ સાથે તેમને ગાઢ મૈત્રી હતી. અને શેઠ વખતચંદને મુંબઈના મોતીશાહ શેઠ સાથે મૈત્રી હતી એટલે આ ઓળખાણથી મુંબઈના શેઠ મોતીશાહે શેઠ હઠીસિંહને વેપારમાં મોટી સહાયતા કરી. તેમણે જાતમહેનતથી ખંત રાખીને વેપાર ખેડ્યો. ધીમે ધીમે આગળ વધતાં તે લખપતિ થયા. શેઠ મોતીશાહના પુત્ર શેઠ ખીમચંદે પિતાના મરણ પછી સં૦ ૧૮૯૩ના મહા મહિનામાં શત્રુંજયતીર્થમાં મોતીશાહની ટૂંકની રૂા. ૧ લાખ ખરચીને અંચલગચ્છના ભટ્ટા૦ મુક્તિસાગરસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રતિષ્ઠા ઉત્સવમાં શેઠ હઠીસિંહે મિત્રદાવે ભારે સહકાર આપ્યો હતો.

શેઠ હઠીસિંહે સં૦ ૧૮૯૩ના ફા૦ વ૦ ૧૦ ના રોજ અમદાવાદથી કેશરિયાજી તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. તેમાં તપાગચ્છના ભટ્ટા. વિજયજિનેંદ્રસૂરિ, પં૦ સુબુદ્ધિવિજયગણી તથા પં૦ રૂપવિજયગણી અને તેમના શિષ્ય મુનિ અમીવિજયજી વગેરેને આ યાત્રામાં સાથે લીધા હતા.

મુનિ અમીવિજયે આ 'કેશરિયાજીસંઘનો રાસ' રચ્યો છે.

શેઠ હઠીસિંહે સં૦ ૧૮૯૯માં ગોલવાડની પંચતીર્થીનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. તેમાં તેમણે નગરશેઠ હેમાભાઈ વગેરેને સાથે લીધા હતા. તે સંઘ પાછો વળતાં વચમાં શંખલપુર ગયો હતો, ત્યાં બહુચરાજીના પૂજારીને માગ્યા મુજબ રકમ ન મળતાં ક્રોધે ભરાઈને શેઠના વિરુદ્ધ નિંદા કરવા માંડી હતી. આથી શેઠનું મન ગ્લાનિ પામ્યું હતું. ત્યાંથી શેઠ સંઘ સાથે અમદાવાદ આવ્યા હતા.

શેઠ હઠીસિંહને ત્રણ પત્નીઓ હતી. એક નગરશેઠ હેમાભાઈની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુત્રી રુક્મિણી જે થોડા કાળમાં આંધળી બની હતી. બીજી નગરશેઠ હેમાભાઈની બીજી પુત્રી પ્રસન્નકુમારી જે લગ્ન પછી થોડા જ સમયમાં મરણ પામી હતી અને ત્રીજી ઘોઘાના શેઠની પુત્રી હરકોરબાઈ, જે બુદ્ધિશાળી, ચતુર અને કાર્યદક્ષ હતી. પણ શેઠને કંઈ સંતાન થયું નહીં. આથી શેઠાણી રુક્મિણી અને શેઠાણી હરકોરબાઈએ ૧. શ્રી જેસિંગભાઈ અને ૨. શ્રી. ઉમાભાઈ ને પોત પોતાના ખોળે લીધા હતા.

શેઠ હઠીભાઈએ વિ૦ સં૦ ૧૯૦૧ના મહા કે વૈશાખ મહિનામાં અમદાવાદમાં પોતાની વાડીમાં જે ઘર દેરાસર હતું તેના બદલે ત્યાં મોટો જિન પ્રાસાદ બનાવવા માટે પાયો નાખ્યો અને કામ શરૂ કરાવ્યું. તેમણે ત્રિશિખરી મોટો ૭૨ દેરીઓવાળો મોટો જિનપ્રાસાદ તૈયાર કરાવ્યો. તેમાં બે રંગમંડપો, ઠેર ઠેર કળા—કારીગરી ને પૂતળીઓથી સુશોભિત બનાવ્યો હતો. પરંતુ શેઠ આ મંદિરને પૂરેપૂરું બંધાયેલું જોવા ન રહી શક્યા. સં૦ ૧૯૦૨ના શ્રા૦ સુ૦ ૫ ને શુક્રવારે શેઠ હેમાભાઈ સ્વર્ગવાસ કરી ગયા. તેમની માતા સૂરજબાઈ પણ તે પછી અમદાવાદમાં જ મરણ પામ્યાં.

પછી બંને શેઠાણીઓએ શેઠના આ જિનાલયને બંધાવવાનું કામ પૂરું કરાવ્યું. અને તપાગચ્છની સાગરશાખાના ભટ્ટા૦ શાંતિસૂરિના હાથે સં૦ ૧૯૦૩ના મ૦ વ૦ ૫ને શુક્રવારે સૂર્યોદયથી ઘડી ૧૪ અને ૫ળ પાંચના સમયે વૃષભ લગ્નમાં મૂ૦ના૦ ભ૦ ધર્મનાથ વગેરે સર્વ જિનપ્રતિમાઓની અંજનશલાકા કરાવી તથા સં૦ ૧૯૦૩ના મ૦ વ૦ ૧૧ને ગુરુવારે તે જ ભટ્ટારકના હાથે તે બધી પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. પં૦ વીરવિજયજીગણીએ સં૦ ૧૯૦૩ના મ૦ વ૦ ૧૧ના રોજ ત્યાં જ તે ‘ પ્રતિષ્ઠાનો રાસ ’ બનાવ્યો.

(—જૈ૦ સ૦ પ્ર૦ વર્ષ : ૧૩, અંક : ૯, પૃ૦ ૨૦૮)

આ પ્રતિષ્ઠા ઉત્સવમાં એક લાખથી વધુ સ્ત્રી—પુરુષો હાજર થયાં હતાં, શેઠ—શેઠાણીએ આ જિનપ્રાસાદના નિર્માણમાં તથા પ્રતિષ્ઠા ઉત્સવમાં આશરે ૨૦ લાખ રૂપિયા ખરચ્યા હતા. અને આ જિનપ્રાસાદના નિભાવ માટે વાડીમાં જ હઠીપરું વસાવ્યું હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શેઠાણી હરકોરબાઈ—

શેઠ હઠીસિંહનાં પત્ની હરકોરબાઈ બાહોશ અને કાર્યદક્ષ સ્ત્રી-રત્ન હતાં. તેણે મહાકવિ પં૦ વીરવિજયજીગણીના ઉપદેશથી સં૦ ૧૯૨૦ના કા૦ વ૦ ૨ના રોજ સમ્મેતશિખર તીર્થનો સંઘ કાઢ્યો. આ સંઘ સં૦ ૧૯૨૦ના મહા વદિ ૧૩ના રોજ સમ્મેતશિખર પહોંચ્યો હતો અને જે૦ વ૦ ૪ને શુક્રવારે અમદાવાદ પાછો ફર્યો હતો.

શેઠાણી હરકોરબાઈએ ટંકશાળમાં જિનમંદિર બંધાવ્યું હતું.

( પ્રક૦ ૪૪ પૃ૦– )

પં૦ વીરવિજયજીગણીના શિષ્ય પં૦ રંગવિજયે સં૦ ૧૯૨૭માં 'સમ્મેતશિખર સંઘ રાસ' રચ્યો છે તેમાં તેમણે આ સંઘનું વિસ્તૃત વર્ણન આપ્યું છે. સાથોસાથ એક નવીન વાત ઉપર પ્રકાશ પાડ્યો છે. કે, મુનિ શ્રી લાભાનંદજી, જેઓ આનંદઘનના નામથી ખ્યાત છે તે પં૦ સત્યવિજયગણીના નાના ભાઈ (સહોદર) થતા હતા.

શેઠ હઠીભાઈની પત્નીઓએ શેઠ જેસિંગભાઈ અને શેઠ ઉમાભાઈને ખોળે લીધા હતા.

(—જુઓ જૈ. સ૦ પ્ર૦ વર્ષ : ૧૩, અંક ૯માં પૃ૦ ૧૪૬ થી 'સમ્મેતશિખર તીર્થ ઢાળિયા' : ગુજરાત વર્નાક્યુલર પ્રકાશિત અમદાવાદનો ઇતિહાસ પૃષ્ઠ ૨૫૪ થી ૨૬૫ ; હઠીભાઈની વાડીના જિનાલયનો શિલાલેખ; મુનિ અમીવિજયજી કૃત 'કેશરિયાજી સંઘરાસ' અજંનશલાકા આમંત્રણ પત્રિકા; પં૦ વીરવિજયજી કૃત 'પ્રતિષ્ઠા રાસ.' પં. રંગવિજય કૃત 'સંમેતશિખર તીર્થરાસ' અને પં. વીરવિજયજી રાસ'—જૈ૦ સ૦ પ્ર૦ ક્રમાંક : ૮૦, ૧૩૬, ૧૪૦, ૧૫૦, ૧૫૩ )

## શેઠ જેસિંગભાઈ—

શેઠ હઠીભાઈના વારસ તે ઉદાર દિલના, ગંભીર અને સંગીત શોખીન પુરુષ હતા. દૂર દૂર દેશના ગવૈયાઓ તેમને ત્યાં આવતાં અને અમદાવાદની જનતાને સંગીતનો લાભ અપાવતા.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

તેમની પુત્રી લક્ષ્મીબેન હતી. તેનું નગરશેઠ ચીમનલાલ લાલભાઈ સાથે લગ્ન થયું હતું. તે ઉદાર, ધર્મપ્રેમી, ચતુર, પુણ્યશાલિની અને પ્રભાવક હતી. સં૦ ૧૯૯૦માં અમદાવાદમાં નગરશેઠના વંડામાં શ્રમણ સંમેલન મળ્યું ત્યારે લક્ષ્મીબેને સાધુભક્તિનો મોટો લાભ લીધો હતો. તેને સોયનમા નામે એક પુત્રી હતી. અને તેને પણ હંસા નામે પુત્રી હતી.

શેઠાણી લક્ષ્મીબાઈએ બાબા સાહેબસિંહને ગોદ લીધા હતા. તેમને પ્રભાવતી નામે પત્ની છે.

## શેઠ ઉમાભાઈ

તેમને શેઠ પન્નાલાલ નામે પુત્ર છે. જે પુણ્યવાન અને ભાવિક ધર્મપ્રેમી છે. તે વિવિધ ધર્માચાર્યોના પરિચયમાં આવ્યા છે. તે ભાવિક હોવાથી બધા ફિરકાના ધર્માચાર્યોને ધર્મગુરુ માને છે. શેઠ પન્નાલાલને અરવિંદભાઈ નામે પુત્ર છે.

શ્રી અરવિંદભાઈ પણ ધર્મપ્રેમી—સમાજસેવી, ને રાષ્ટ્રપ્રેમી હોઈ નિખાલસતાભર્યા—સેવાના રંગે રંગાયેલા અને ધર્મનું કોઈ પણ કાર્ય કરવામાં સદાય તત્પર રહે છે. તેઓ ઘણી મોટી સંસ્થાઓમાં જવાબદારીભર્યાં સ્થાનો ધરાવે છે.

## વિક્રમશી ભાવસાર—

વિક્રમશી ટિમાણાનો વતની હતો. તે ભાભીના મહેણાંથી શત્રુંજય ઉપર ઘાટ કરાવવા તીર્થ ઉપર ગયો. તેણે વાઘણને મારી ઘંટ વગાડ્યો ને સૌને યાત્રા કરાવી. તેનો પાળિયો કુમારપાલના મંદિર પાસે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ અગણોતેરમું

## પં૦ કીર્તિવિજયગણી

"તચ્છિષ્ય : કીર્તિમાન કીર્તિવિજયો વિજિતેન્દ્રિય : ॥
શિષ્યસમૂહ યુક્તોऽભૂત્ નિર્ગ્રન્થો મુનિસત્તમ : ॥
(– લક્ષ્મીવિજય, 'પ્રશ્નોત્તરપ્રદીપ પ્રશસ્તિ' શ્લો. ૨)

પં૦ કીર્તિવિજયજીના ગૃહસ્થજીવન વિશેની ઉપયોગી માહિતી મળતી નથી. તેઓ પાલનપુરના વતની હતા. વીશા ઓશવાલ જ્ઞાતિના હતા. તેમનું નામ કપૂરચંદ હતું. તેમણે ૪૫ વર્ષની ઉંમરે દીક્ષા લીધી એટલી જ માહિતી મળે છે.

તેઓ રૂપાળા, તેજસ્વી, ત્યાગી, ધ્યાની અને તપસ્વી પુરુષ હતા. તેઓ અમદાવાદમાં ડહેલાના ઉપાશ્રયથી નીકળી લુહારની પોળનાં ઉપાશ્રયે જઈને રહ્યા હતા. તે સમયથી લુહારની પોળનો ઉપાશ્રય વધુ પ્રસિદ્ધિમાં આવ્યો.

સં૦ ૧૮૮૦માં તેઓ અમદાવાદની લુહારની પોળના ઉપાશ્રયે ચોમાસું રહ્યા. ત્યારે તેમની સાથે બીજા ૧૧ મુનિવરો હતા.

૧. મુનિ કસ્તૂરવિજયજી. ૨. મુનિ ઉદ્દ્યોતવિજય, ૩. મુનિ લક્ષ્મીવિજય, ૪. મુનિ શાંતિ વિજય, ૫. મુનિ ચતુરવિજય, ૬. મુનિ લાભવિજય, ૭. મણિવિજય દાદા ૮. મુનિ મેઘવિજય ૯. મુનિ મનોહરવિજય, ૧૦. મુનિ મોતીવિજય અને ૧૧. મુનિ વૃદ્ધિવિજય નામે હતા.

પં૦ મુનિ કીર્તિવિજયગણી ગુજરાત, મારવાડ, મેવાડમાં વિચર્યા હતા. અને ત્યાંની જૈન પ્રજા ઉપર ઉપદેશથી મોટો ઉપકાર કર્યો હતો.

પં૦ કીર્તિવિજયને ૧૫ શિષ્યો હતા. તેમાંના કેટલાકનાં નામ આ પ્રકારે છે— ૧. તપસ્વી કસ્તૂર વિજયગણી ૨. મુનિ ઉદ્દ્યોતવિજય ગણી–તેમની પરંપરામાં અનુક્રમે (૭૧) મુનિ અમરવિજય; (૭૨) મુનિ ગુમાનવિજય, (૭૩) મુનિ પ્રતાપવિજય (૭૪)......(૭૫) મુનિ બુદ્ધિવિજય.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩. મુનિ જીવવિજય—તેમણે ઘણાં સ્તવનો, સજ્ઝાયો અને પદો રચ્યાં છે, જે લોકપ્રિય બન્યાં છે.

૪. મુનિ માણેકવિજય—તેમણે 'માતા મરુદેવીના નંદ' અને 'શ્રી આદીશ્વર અંતરયામી' વગેરે સ્તવનો, સજ્ઝાયો અને પદો રચ્યાં જે લોકપ્રિય બન્યાં છે.

પં૦ મણિવિજય દાદાના શિષ્ય મુનિ શુભવિજય, તેમના શિષ્ય પં૦ લક્ષ્મીવિજયગણીએ—સંસ્કૃતમાં ગદ્યમાં 'અઠ્ઠાઈ વ્યાખ્યાન' રચ્યું છે તે આજે મોટે ભાગે પર્યુષણના આગળના ત્રણ દિવસોમાં વંચાય છે. તેમણે ભ૦ ઋષભદેવ, ભ૦ શાંતિનાથ, ભ૦ નેમિનાથ, ભ૦ પાર્શ્વનાથ અને ભ૦ મહાવીરસ્વામીની સંસ્કૃતમાં સ્તુતિઓ બનાવી છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ સિત્તેરમું

## પં૦ કસ્તુરવિજયગણી

" विनेयस्तस्य कस्तूरविजयोऽभून्महामुनिः ।
तपः प्रभृतिभिर्युक्तो गुणौघैर्विगतस्पृहः ।

(– પં૦ લક્ષ્મી વિજય, પ્રશ્નોત્તર પ્રદીપ પ્રશસ્તિ શ્લોકઃ ૩)

પં૦ કસ્તૂરવિજય ગણીના જીવન વિશે કોઈ માહિતી મળતી નથી. તેમણે સં૦ ૧૮૭૦માં દીક્ષા લીધી અને વડોદરામાં કાળધર્મ પામી ગયા એટલી જ હકીકત જાણવા મળે છે.

તેઓ ત્યાગી, વૈરાગી, જ્ઞાની અને તપસ્વી મહાત્મા હતા. તેઓ આહારમાં બહુ ઓછાં દ્રવ્યો વાપરતા હતા. તેઓ તપસ્વી અને લોકમાં પ્રભાવક પુરુષ તરીકે નામના નોંધાવી ગયા. તેમની આરસની મૂર્તિઓ ૧. વડોદરાના કોઠારીપોળના ભ૦ પાર્શ્વનાથના જિનાલયમાં છે. આ૦ વિજયપ્રતાપસૂરિના ઉપદેશથી તે મૂર્તિને શ્રીસંઘે નવી દેરી બનાવી ફરીથી પ્રતિષ્ઠા કરાવી છે. ૨. અમદાવાદમાં લુહારની પોળના ઉપાશ્રયમાં છે.

## મુનિ ચિદાનંદજી મહારાજ –

તેમનું મૂળ નામ કપૂરવિજયજી હતું. તેઓ મસ્ત અભ્યાસી હતા. તેમણે અધ્યાત્મ કૃતિઓ પદ્યમાં રચી છે. આ કૃતિઓ હિંદીમાં ઢળતી એવી મિશ્ર ગુજરાતીમાં રચી છે. તેમને જે અનુભવગમ્ય થયું તે તેમણે ઉપર્યુક્ત સાહિત્યમાં આપ્યું છે. તેમણે 'સ્વરોદય' રચ્યો છે. તેઓ સં૦ ૧૯૧૦ સુધી વિદ્યમાન હતા. તેમની ચરણ-પાદુકા જૂનાગઢમાં ધર્મશાળાના પાછળના ભાગમાં છે.

સંભવ છે કે તેઓ તપાગચ્છમાં મહો૦ ભાનુચંદ્રગણીની પરંપરાના પં૦ દેવચંદ્રની સંવેગી પરંપરાના મુનિ રહ્યા હોય.

મુનિ બુટેરાયજી, મૂલચંદજી અને વૃદ્ધિચંદ્રજી પંજાબથી સંવેગી દીક્ષા લેવા ગુજરાત આવ્યા ત્યારે તેઓ કપૂરવિજયજીની કીર્તિ સાંભળી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમને મળવા ભાવનગર આવ્યા હતા. પણ કપૂરવિજયજી તે વખતે ગિરનાર તીર્થમાં હતા, તેથી તેમને મળી શકયા નહીં પછી તેઓએ અમદાવાદ આવી પૂ૦ મણિવિજય દાદા પાસે સંવેગી દીક્ષા લીધી હતી.

નોંધ– વીરમગામ અને માંડલની વચ્ચે ધાકડી ગામ છે. ત્યાં લક્ષ્મીચંદ હઠીચંદ નામે શ્રાવક રહેતો હતો. તે ખૂબ ભક્તિવાળો પુરુષ હતો.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

# પ્રકરણ એકોતેરમું

## પં૦ મણિવિજય દાદા

"तस्यासीद् विनेयो हि मण्यादिर्विजयः सुधीः ।
तपश्चर्यादिसंपन्नो भूरिशिष्य-प्रशिष्यकः ॥ "

(–પ્રશ્નોત્તર પ્રદીપપ્રશસ્તિ, શ્લો૦ ૪)

પં૦ મણિવિજયજી ગૃહસ્થાવસ્થામાં વીરમગામ અને રામપુરા (ભંકોડા) વચ્ચે પાંચ કોશ દૂર આવેલા આધાર ગામના વતની હતા. તેમના પિતાનું નામ જીવણદાસ અને માતાનું નામ ગુલાબદેવી હતું. જ્ઞાતિએ તેઓ વીશા શ્રીમાલી હતા. તેમનો જન્મ સં૦ ૧૮૫૨માં થયો હતો.

તેમને માતર તીર્થમાં પં૦ કીર્તિવિજયગણીના ઉપદેશથી વૈરાગ્ય થયો અને સં૦ ૧૮૭૭માં પાલીમાં પં૦ કીર્તિવિજયજીગણી પાસે તેમણે દીક્ષા લીધી, સં૦ ૧૮૯૨ના જેઠ સુદિ ૧૩ના રોજ અમદાવાદમાં પં૦ સૌભાગ્યવિજયગણીએ તેમને પંન્યાસપદવી આપી.

JAINSITE.com
જૈન શાસન જયતિ શાસનમ્

સં૦ ૧૯૩૫ના આ૦ સુ૦ ૮ના રોજ અમદાવાદમાં ચઉવિહાર ઉપવાસ અને આરાધનાની સાથે તેઓ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

તેમનો શિષ્યપરિવાર મોટો થયો તેથી તેઓ દાદા તરીકે ખ્યાતિ પામ્યા. તેઓ મોટા તપસ્વી હતા. તેમણે દીક્ષાના દિવસથી જિંદગી પર્યંત ચઉવિહારા એકાસણાં જ કર્યાં હતાં. કોઈ દિવસ બે વખત આહાર લીધો નથી. એકાસણાં સિવાય પાણી પણ લીધું નથી. ઉપવાસો કર્યા તે પણ ચઉવિહારા જ કર્યા. તેમણે આ સિવાય માસક્ષમણ વગેરે તપ કર્યાં અને અત્તરવાયણે તથા પારણે ચઉવિહાર એકાસણાં જ કર્યાં હતાં.

### વિહાર-યાત્રા –

તેઓ ઉગ્ર વિહારી હતા. તેઓ કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, મેવાડ, રાજપૂતાના તથા પૂર્વ ભારતના પ્રદેશોમાં વિચર્યા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શત્રુંજય, ગિરનાર, સમ્મેતશિખર વગેરે તીર્થોની તેમણે યાત્રા કરી હતી.

તેમણે કિસનગઢ, પુષ્કરણા, જામનગર, વાંકાનેર, ભાવનગર, વરતેજ, લીંબડી, પાલિતાણા, વીસનગર, અને ભૂજ વગેરે સ્થાનોમાં કુલ ૫૯ ચોમાસાં વીતાવ્યાં હતાં, તથા અમદાવાદમાં ૧૪ ચોમાસાં કર્યાં હતાં તેમણે પં૦ સુમેરુવિજયગણી તથા પં૦ હર્ષવિજયગણીને પંન્યાસ પદવીઓ આપી હતી. પોતાના શિષ્ય-પ્રશિષ્ય મૂલચંદજી (મુક્તિવિજયજી) મહારાજને ગણીપદ આપ્યું હતું.

તેમણે ઘણાં જિનમંદિરોના જીર્ણોદ્ધાર કરાવ્યા અને ઘણી પ્રતિષ્ઠાઓ કરાવી હતી.

## શિષ્યપરિવાર—

પૂ. પં૦ શ્રી મણિવિજયદાદાનો શિષ્ય પરિવાર આ પ્રકારે જાણવા મળે છે. :—

૧. મુનિ અમૃતવિજય. (વિ૦સં૦ ૧૮૯૮માં દીક્ષા)

૨. મુનિ પદ્મવિજય—તેમની પરંપરામાં (૭૩) મુનિ પ્રેમવિજયજી, (૭૪) મુનિ શ્રીજિતવિજયજી દાદા.

૩. પં૦ શ્રી બુદ્ધિવિજયજીગણી. (પૂ. બુટેરાયજી મ.)

૪. પં૦ ગુલાબવિજયગણી—તે મોટા વિદ્વાન હતા. જ્યોતિષ અને આગમના સમર્થ જાણકાર હતા.

૫. મુનિ હીરવિજયજી—તે સૌ ગુરુભાઈઓથી નાના હતા. એવો ઉલ્લેખ મળે છે.

૬. (૭૨) પં૦ શુભવિજયજીગણી, તેમના શિષ્ય (૭૩) મુનિ લક્ષ્મીવિજયજી—તેઓ મોટા વિદ્વાન હતા. તેમણે (૧) સં૦ ૧૯૫૯માં 'પ્રશ્નોત્તર પ્રદીપ' પ્રકાશ ૫—ગુજરાતી, (૨) સંસ્કૃતમાં ગદ્યમાં 'શ્રી પર્યુષણાષ્ટાહ્નિકા વ્યાખ્યાન' ગ્રંથ અને સંસ્કૃતમાં ભ૦ આદિનાથ, ભ૦ શાંતિનાથ, ભ૦ નેમિનાથ, ભ૦ પાર્શ્વનાથ અને ભ૦ મહાવીરસ્વામીની સ્તુતિઓ રચી છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

૭. આ૦ વિજયસિદ્ધિસૂરિ દાદા — અમદાવાદની ખેતરપાળની પોળમાં શેઠ મનસુખલાલ અને તેમનાં પત્ની ઉજમબાઈથી સં૦ ૧૯૧૧માં જન્મ થયો હતો. તેમણે સં૦ ૧૯૩૪ના જે૦ વ૦ ૨ના દિવસે અમદાવાદમાં દીક્ષા લીધી, સં૦ ૧૯૫૭માં સૂરતમાં પંન્યાસ-પદવી મેળવી અને સં૦ ૧૯૫૭માં અમદાવાદમાં આચાર્યપદવી પ્રાપ્ત કરી. સં૦ ૨૦૧૫ના ભા૦ વ૦ ૧૪ ને ગુરુવારે તા. ૧–૧૦–૧૯૫૯ના રોજ બપોરે ક૦ ૧ અને ૨૨ મિનિટે અમદાવાદમાં વિદ્યાશાળામાં કાળધર્મ પામ્યા.

તેમણે સં૦ ૧૯૫૭માં આચાર્યપદવી મળી ત્યારથી તે જિંદગી પર્યંત એકાંતરે ઉપવાસો કર્યા હતા. તેઓ દીર્ઘાયુષી હતા. લગભગ ૧૦૫ વર્ષ જીવ્યા હતા. તેમનાં પત્નીએ પણ દીક્ષા લીધી હતી, જેમનું સાધ્વી અવસ્થાનું નામ ચંદનશ્રી હતું.

जैन साईट
JAINSITE .com
जैनम् जयति शासनम्

[ ભાગ ચોથો સંપૂર્ણ ]

( આગળ વધતો ઇતિહાસ ભાગ પાંચમામાં )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈન પરંપરાનો ઇતિહાસના પ્રકાશન માટે દ્રવ્ય સહાયતા કરનારા. પુજ્ય ગુરુ ભગવંતોના ઉપદેશથી સહાયક બનતા શ્રી સંઘો, ટ્રસ્ટો, તથા સદ્‌ગૃહસ્થોની શુભ નામાવલી.

જ્ઞાન ખાતામાંથી વહેલ સહાયતાની સરિતા

– શ્રી કફપરેડ જૈન સંઘ – મુંબઈ

– શ્રી દેવચંદનગર જૈન સંઘ (ભાયંદર – મુંબઈ)

– શ્રી ચિંતામણી પાર્શ્વનાથ મૂ. પૂ. જૈન સંઘ ભાયંદર-વેસ્ટ

– શ્રી ભાંડુપ શ્વેતામ્બર મૂ. પૂ. તપગચ્છ જૈન સંઘ.

– શ્રી જૈન સોસાયટી જૈન સંઘ–અમદાવાદ

– શ્રી જૈન પ્રાચ્ય વિદ્યા ભુવન–અમદાવાદ.

☐ પ્રેરક : સેવાભાવિ મુનિરાજ શ્રી ભદ્રસેનવિજયજી મ.

– શ્રી નેમીસૂરી જૈન જ્ઞાન મંદિર, પાંજરાપોળ – અમદાવાદ

☐ પ્રેરક : પૂજ્ય આચાર્ય દેવશ્રી વિજયમેરૂપ્રભસૂરિશ્વરજી મ. સા.

– શ્રી ભાવનગર જૈન શ્વે.મૂ.પૂ. તપાસંઘ (શેઠ ડોસાભાઈ અભેચંદની પેઢી)

– શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘ, વાલકેશ્વર મુંબઈ.

☐ પ્રેરક : પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયલબ્ધિસૂરિશ્વરજી મ. સા.

☐ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિક્રમસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ. પં શ્રી રાજયશ-વિજયજી મહારાજના સદ્‌ઉપદેશથી શ્રી વાડજ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ. અમદાવાદ

☐ પરમ પૂજ્ય આચાર્ય દેવ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સાના સદ્‌ઉપદેશથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

☐ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયપ્રિયંકરસૂરીશ્વરજી મ. ના શિષ્ય મુનિરાજ શ્રી નંદિષેણવિજયજી મહારાજના સદ્ઉપદેશથી

☐ શ્રી વાડીલાલ સારાભાઈ ટ્રસ્ટ દેરાસર પ્રાર્થનાસમાજ મુંબઈ. (પ્રેરક: પૂજ્ય આચાર્ય શ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી મ. સા.ના વિનેય શિષ્ય મુનિરાજ શ્રી પ્રેમપ્રભસાગરજી મ.)

☐ પરમ પૂજ્ય ઉપા. શ્રી ધર્મસાગરજી મ. ના શિષ્યરત્ન પૂ. પંન્યાસ શ્રી અભય-સાગરજી. મ. ના સદ્ઉપદેશથી શ્રી હીરસૂરી નૂતન જૈન ઉપાશ્રય – પાલનપુર

☐ પ. પુ. આચાર્ય શ્રી વિજયસુરેન્દ્રસૂરીશ્વરજી મ. સા. ની ૩૩મી સ્વર્ગ-તિથિની નિમિત્તે પ્રવર્તક મુનિ શ્રી યશોભદ્રવિજયજી મ. ની પ્રરણાથી (ગોરેગામ–મુંબઈ)

☐ પુજ્ય પન્યાસ પ્રવર શ્રી પુર્ણાનંદવિજયજી મ. સા. ની પ્રેરણાથી

☐ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયભક્તિસૂરીજી સમુદાયના મુનિરાજ શ્રી જયચન્દ્ર વિજયજી મ. ના ઉપદેશથી શ્રી શુકનરાજ હીંમતમલજી કુરલાવાળા.

☐ પૂજ્ય સાહિત્ય ભૂષણ સ્વ. મુનિરાજ શ્રી જિનેન્દ્રવિજયજી મ.ના શિષ્યરત્ન પૂજ્ય પ્રવર્તક મુનિરાજ શ્રી હરીશભદ્રવિજયજી મ. પ્રેરણાથી

☐ પૂજ્ય પંન્યાસ શ્રી સૂર્યસાગરજી મહારાજના શિષ્ય પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદ સાગરજીની પ્રેરણાથી શ્રી સાંડેરાવ જિનેન્દ્ર ભવન –પાલીતાણાતરફથી

☐ પરમ પુજ્ય મુનિરાજ શ્રી રત્નપ્રભવિજયજી મ. ની શુભ પ્રેરણાથી શ્રી ધર્મજ જૈન સંઘ – ધર્મજ (ગુજરાત).

☐ પ. પૂ. યોગનિષ્ઠ આચાર્ય દેવશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા. ના સમુદાયના સાધ્વીજીશ્રી સૂર્યપ્રભાશ્રીજી મ. ની પ્રેરણાથી.

☐ પૂજ્ય સાધ્વીજી શ્રી પુણ્યદર્શનાશ્રીજી મ. ની પ્રેરણાથી શ્રી સુનીલભાઈ બી. શાહ આદિ પરીવાર

☐ પૂજ્ય સાધ્વી શ્રી પ્રજ્ઞપ્તાશ્રીજી મ. ના તપસ્વી શિષ્યા સાધ્વીશ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ. ના ૪૫ ઉપવાસ નિમિત્તે – કાંદીવલી. મુંબઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## જ્ઞાનભક્તિ માટે સહાયક બનેલા સહભાગીઓ

પરમ પુજ્ય સેવાભાવિ મુનિરાજ શ્રી ભદ્રસેનવિજયજી મ. ની પ્રેરણાથી

☐ શ્રી કફ પરેડ જૈન સંઘના જુદા જુદા ભાઈઓ તરફથી

☐ શ્રી રસીકલાલ અમથાલાલ શાહ–મુંબઈ

☐ શ્રી રતિલાલ જેઠાલાલ સલોત

☐ શ્રી હેલીબેન છોટાલાલ શાહ

☐ શ્રી ચંદનબેન મણિલાલના ૫૦૦ આયંબિલની તપશ્ચર્યા નિમિત્તે

☐ શ્રી હસમુખલાલ નાથાલાલ તેલી ( ભાયંદર – વેસ્ટ )

☐ સ્વ : માણલાલ જેઠાલાલના સુપુત્રો શ્રી સુમતીલાલ તથા શ્રી બાબુભાઈ આદિ.

☐ શ્રીમતિ ભાનુબેન ગુલાબચંદ શાહના સિદ્ધગિરીના ચાતુર્માસ–નવ્વાણું યાત્રા નિમિત્તે,

☐ શ્રી બાબુલાલ નરપતલાલ પારેખ વાવવાળા

☐ શ્રી ચંપકલાલ ગીરધરલાલ અમરેલીવાળા.

☐ શ્રી સ્વ. ફુલીબેન છોટાલાલના સ્મરણાર્થે શ્રી રતિલાલ છોટાલાલ શાહ ( ઉમતા નિવાસી ) ગોરેગામ–મુંબઈ

☐ શ્રી રાજેન્દ્રભાઈ ફુલચંદ શાહના ધર્મપત્ની શ્રીમતિ મંજુલા બેનની ૫૦૦ આયંબિલની તપશ્ચર્યા નિમિત્તે. ભાયંદર.

☐ શ્રી રમણલાલ મુળચંદ શાહ સિનોરવાળાના ધર્મપત્ની શ્રીમતિ શારદાબેનની અઠ્ઠાઈ નિમિત્તે ભાયંદર

☐ શ્રી જયંતિલાલ હરગોવિંદદાસ કેશરીચંદ સોનેથાવાળાના ધર્મપત્ની શ્રી નયનાબેનના સ્મરણાર્થે હ : જીજ્ઞાબેન ( મલાડ – મુંબઈ )

☐ શ્રીમતી રંભાબેન જયંતિલાલ ગાંધી હ : શ્રી રમેશભાઈ – મલાડ

☐ શ્રી ત્ર્યંબકલાલ ફુલચંદ ના ધર્મપત્ની સ્વ : શ્રી કાન્તાલક્ષ્મીબેનના સ્મરણાર્થે

☐ શ્રી દેવરાજ માવજી શાહ કાંદિવલી – મુંબઈ.

☐ એક સદ્‌ગૃહસ્થ. હસ્તે : શ્રી રમેશભાઈ ગાંધી. મલાડ – મુંબઈ.

☐ એક સદ્‌ગૃહસ્થ. ( ભાયંદર )

☐ એક સદ્‌ગૃહસ્થ. ”

☐ એક સદ્‌ગૃહસ્થ. ”

☐ એક સદ્‌ગૃહસ્થ. મુંબઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જ્ઞાનભક્તિમાં અગાઉથી કોપી લખાવી સહાયક બનેલા. ભાગ્યશાળી સદ્દગૃહસ્થોના નામ.

## પરમ પૂજ્ય મુનિ શ્રી ભદ્રસેનવિજયજી મહારાજની મંગળ પ્રેરણાથી કોપી લખાવનાર ભાગ્યશાળીઓ.

– શ્રી કેશવલાલ મગનલાલના સુપુત્રોના ધર્મપત્ની શ્રીમતિ જાસુદબેન રમણુલાલ તથા શ્રીમતિ ઉર્મિલાબેન મનહરલાલની અઠ્ઠાઈની તપશ્ચર્યા નિમિત્તે

– શ્રી ભાગચંદ ભેરાજી બાલીવાળાના સુપુત્રના ધર્મપત્ની શ્રીમતિ પુષ્પાબેન વિમલચંદની વર્ધમાન તપની પાયાની તપશ્ચર્યા નિમિત્તે

– શ્રી જસવંતલાલ શીવલાલ ઉંઠાઇનિવાસીના ધર્મપત્ની શ્રીમતિ મંજુલાબેનના વર્ધમાન તપની તપશ્ચર્યા નિમિત્તે,

– શ્રી શાંતિલાલ જેઠાલાલ શાહ

– શ્રી ધીરજલાલ વીરચંદ વોરા ( જામનગરવાળા ) હસ્તે : શ્રીમતિ હેમાંગીબેન કાંદિવલી – મુંબઈ.

– શ્રી કાંતિલાલ ગંભીરદાસ સોનેથા – ભાયંદર

– શ્રી ચંદુલાલ પુંજાલાલ શાહ–મુંબઈ

– શ્રી જોકમલ પુનમચંદજી ( તખતગઢવાળા ) ગોરેગામ

– શ્રી પોપટલાલ ભીખાભાઇ બાલુસણવાળા

– શ્રી રમણિકલાલ કુંવરજી વોરા પાલીતાણાવાળાના સુપુત્ર અતુલકુમાર તથા સુપુત્રી મીતાબેનની અઠ્ઠાઈ નિમિત્તે

– શ્રી સ્વ. કેશવલાલ ગગલચંદના ધર્મપત્ની શ્રી મંગુબેનના સ્મરણાર્થે તેમના કુટુંબીજનો તરફથી.

– શ્રી રમણલાલ મુલચંદશાહના ધર્મપત્ની શ્રી મંજુબેન

– શ્રીમતિ દલસીબેન મગનલાલ ગાંધી – ભાયંદર

– શ્રી બાબુચંદભાઈ જગજીવનદાસ પારેખના ધર્મપત્ની શ્રીમતિ લીલાવંતીબેનના વર્ષીતપ નિમિત્તે

– શ્રી ફુલચંદ રૂપચંદજી જૈન સેવાડીવાળા–ભાંડુપ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

– શ્રી છનાલાલ છગનલાલ શાહ — ભાયંદર
– શ્રી રમણલાલ ચુનીલાલ શાહ — ભાયંદર
– શ્રી રતિલાલ સકરચંદ શાહ — ભાયંદર
– શ્રી બળવંતરાય કુંદનમલજી શીંગ — ભાયંદર
– શ્રી મહાવીર કૃપા બીલ્ડીંગની બહેનો તરફથી — ભાયંદર
– શ્રી ડાહ્યાભાઈ ફકીરચંદજી રૂપાલ — ભાયંદર
– શ્રી રસીકલાલ સ્વરૂપચંદ મહેતા બેડાવાળા — ભાયંદર
– શ્રી પ્રેમચંદ જાહેરાજજી વારૈયા — ભાયંદર
– શ્રી ભાઈચંદ વિરચંદ શાહ ગઢકા વાળા — ભાયંદર
– શ્રી મફતલાલ કંકુચંદ શાહ — ભાયંદર
– શ્રી દુર્લભજી શામજી શાહ — ભાયંદર
– શ્રી ચુનીલાલ લલ્લુભાઈ શાહ — ભાયંદર
– શ્રી લક્ષ્મીચંદ લલ્લુભાઈ શાહ તલોદવાળા — ભાયંદર
– શ્રી અરવિંદકુમાર સોમચંદ શાહ — ભાયંદર
– શ્રી કેશવલાલ નાથાલાલા વખારીયા — ભાયંદર
– શ્રી કોદરલાલ નાનચંદ શાહ કુંઢરવાળા હ : ધીરજભાઈ — ભાયંદર
– શ્રી મતિ લીલાવંતીબેન બાબુલાલ મહેતાના સ્મરણાર્થે હ : ચિ. નિમેષ, ચિ વિકાસ – મલાડ – મુંબઈ.
– શ્રી મૂળીબેન તિલોકચંદજી જૈનના ૫૦૦ આયંબિલ નિમિત્તે તેમના ભાઈ શ્રી હસ્તિમલ ચૈનાજી પરિવાર
– શ્રી સુભદ્રાબેન કાંતિલાલ શાહ વિસનગરવાળા હ : ભુપતભાઈ — ભાયંદર
– શ્રી રણીકલાલ મંગળદાસ શાહ ઔઢોડ નિવાસી હ : કાંતાબેન
– શ્રી મતિ મણિબેન ચુનીલાલ પારેખની ૫૪ મી ઓળી નિમિત્તે
– શ્રી મતિ જાસુદબેન પ્રેમચંદ શાહ. પાટણવાળા
– શ્રી કાન્તિલાલ અચલજી વોરા ( ખાંડવાળા ) અમદાવાદ
— શ્રી ગુલાબચંદ દેવચંદ શેઠ જૈનવાળા – ભાવનગર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈન પરંપરાનો ઇતિહાસના સર્જક



પૂજ્યમુનિશ્રીજ્ઞાનવિજયજી મ. / પૂજ્યમુનિશ્રીદર્શનવિજયજી મ. / પૂજ્યમુનિશ્રીન્યાયવિજયજી મ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com